श्री

काव्यनिमज्जन.

શ્રી

काव्यनिमज्जन

અથવા

ગુજરાતિ કવિતામાં ઉંડા ઉતરવું.

કવિવરવાણી વિમળજળ, જળનિધિ ભર્યો અથાગ;
કરી નિમજ્જન લો સુખે, રત્ન વિવિધ મહાભાગ.

લોકોપયોગી ને શાલોપયોગી થાય,

એવે ઉદ્દેશે

રચી છપાવનાર

હરિકૃષ્ણ બળદેવ ભટ્ટ,
સુરત મિશન સ્કૂલના સંસ્કૃતશિક્ષક,
હાલ અંકલેશ્વર, ઈંગ્લિશ સ્કૂલના હેડમાસ્તર.

ડિરેક્ટર સાહેબે મંજૂર કર્યું છે.
(મંજૂર થયલી ચોપડીઓનાં લિસ્ટમાં પણ છે.)

આવૃત્તિ છટ્ઠી.

આઇરિશ મિશન પ્રેસમાં એચ. આર. સ્કૉટે છાપ્યું.
આશ્વિન, સંવત ૧૯૬૭—ઑક્ટોબર, સને ૧૯૧૧.

(કિંમત ૧॥ રૂપિયો.)

સને ૧૮૬૭ના આક્ટ ૨૫ મુજબ
આ પુસ્તક રજિસ્ટર થયું છે.

ग्रंथार्पण.

જેનું તે તેનેજ હોય, જેની સ્થિતિનું સાદૃશ્ય તેને તેજ હાંસે જોય; જેની ઉન્નતિમાં જે રાજી તેજ તેના ચડવાના પ્રયાસમાં હરખાય, જેના ગુણદોષની જેને પરીક્ષા તેનાથીજ તેનું પરીક્ષણ યથાર્થ થાય—

માટે અર્પણ થાયછે,

આ કાવ્યનિમજ્જન નામનું ટીકારૂપ ગુજરાતી પુસ્તક,

હરિ—બળ—થી રચાઇ,

વિવેકી વિદ્વાન સૌ ગુજરાતી,
ને ગુજરાતી વાંચનારને.

સંક્ષેપચિન્હ.

સં. = संस्कृत. फा. = फारसी. अ. = अरबी. हिं. = हिंदुस्तानि. सिं. = सिंधी. समा. = समास. अलं० = अलंकार. પ્રા० = પ્રાકૃત. કર્મ० = કર્મધારય. દ્વિ० = દ્વિતીયા-તત્પુરુષ તૃ० = તૃતીયા—. ચ० = ચતુર્થી—. પં० = પંચમી—. ષ० = ષષ્ઠી—. સ० = સપ્તમી—. નય० = નઞ્તત્પુરુષ. બહુ० = બહુવ્રીહિ. અવ્ય० = અવ્યય, અવ્યયીભાવ. મધ્ય० = મધ્યમપદલોપી. અનુ० = અનુપ્રાસ. લાટા० = લાટાનુપ્રાસ. જો० = જોવું. ધા० = ધાતુ. પ્રે० = પ્રેરક. ભૂ० કૃ० = ભૂતકૃદંત. વર્ત० કૃ० = વર્તમાનકૃદંત. વિ० = વિશેષણ. ક્રિ० વિ० = ક્રિયાવિશેષણ. ભા० ના० = ભાવવાચક નામ. સા० કૃ० = સામાન્યકૃદંત. પુ० = પુલ્લિંગ સ્ત્રી० = સ્ત્રીલિંગ. ન० = નપુંસકલિંગ. કે० પ્ર० = કેવળ-પ્રયોગી પ્રથમા વિભક્તિ. nom. abs. = nominative absolute અધ્યા० = અધ્યાય. કડ० = કડવું.

પ્રસ્તાવના.

આવૃત્તિ ત્રીજી.

નવું કેવાનું કશું નથી. એટલુંજ કે શાળાઓમાં ચલાવવા મંજૂર થયલાં પુસ્તકોનું લિસ્ટ ખાતાં તરફથી બ્હાર પડ્યુંછે, તેમાં આ પુસ્તક છેજ. લાએબ્રેરીમાં રાખવા અને ઇનામમાં આપવા પણ મંજૂર થયલુંછે.
(પુસ્તક સુરતના બુકસેલર કરસનદાસ નારણદાસ પાસેથી મળશે).

અંક્લેશ્વર, ઈંગ્લિશ સ્કૂલ,
તા૦ ૨૯ એપ્રિલ, સને ૧૯૦૪. } હ૦ બ૦ ભટ્ટ.

આવૃત્તિ બીજી.

મૂળથીજ પૂરતો શ્રમ લેવાયલો, અને ફેરફાર કે વધઘટ કરવાનું કારણ છ વર્ષમાં મળ્યું નથી, એટલે પુસ્તક તેજ રૂપે બીજી આવૃત્તિમાં બ્હાર પડેછે. મત આપનાર વિદ્વાનો તરફથી તે વખતે થયલી એકએ સૂચના માન્ય છે. પુસ્તકપર મળેલાં મત પ્રસ્તાવનાપછી છપાવ્યાંછે. આ પુસ્તક મેહેરબાન ડિરેક્ટર સાહેબે મંજૂર કર્યુંછે. શિક્ષક અને શિષ્યવર્ગ તથા વાંચકવર્ગ તરફથી વખતે વખતે સંભળાતું કે પુસ્તક સારૂંછે, પણ ખરીદનારને કિમ્મત લગાર ભારે પડેછે, તો મ્હારો લાભ બહુ ન જોતાં કિમ્મત બે હતી તે દોઢ રૂપિયો રાખીછે; કારણ કે પુસ્તકને અંતે આપેલાં મ્હારાં સમાપ્તિપંચકને મ્હારે તો અનુસરવુંજ.

અંક્લેશ્વર, ઈંગ્લિશ સ્કૂલ,
તા૦ ૨ અક્ટોબર, સન ૧૮૯૩. } હ૦ બ૦ ભટ્ટ.

આવૃત્તિ પેલી.

કોઇપણ મૂળગ્રંથને તો પ્રસ્તાવના અવશ્ય જોઈએ. આવાં પુસ્તકને ઘણું અગત્ય નહિ, તથાપિ આ પુસ્તકને બ્હાર પડવાના અને તે આવે રૂપે બ્હાર પડવાના પ્રસંગ ને ઉદ્દેશવિષે, તથા એની અંતર્ગતરચના કેવી રીતની છે તેવિષે અને એવીજ એકએ બીજી બાબતપર કંઇ કેવાય તો તે અનુચિત નથી.

એકવાર નવરાશની વેળા મારા બે મિત્ર ને સહચારીસાથે વિવિધવિષયપર વાતચિત થતાં થતાં અમે કવિતાપર ઉતર્યા તો અમને એકે કાળે ભાસ્યું કે મૂળ આપણાં મન રસાલંકારથી રંગિત ને શોભિત છતાં હાલ કેવળ અર્થબુદ્ધિનાં કારણથી કવિતા તે શું, એની અસર કેવી, એની સત્તા કેટલી, પ્રેમમાં તેમજ નીતિભક્તિ-વિરાગમાં એ કેવે જૂદે જૂદે રૂપે માલેછે ને શૌર્યમાં કેવી ઘુમેછે, પ્રવૃત્તિનિવૃત્તિ બેઉ એણે કેવા પોતાના ખાશ વિષય કરીલીધાછે, ચડતીનો અંકોશ ને પડતીનો આધાર બની જૂદા જૂદા મરોડમાં પણ એકજ નિશાને સ્થાયીઉત્સાહવાળી એ કેવી રાજેછે, બાળ તેમજ વૃદ્ધ, સૌનાંજ મનને એ કેવી રમાડનારી છે, સૃષ્ટિસૌંદર્ય અને સંસારમાં વિધવિધના ફેરફારો જુક્તિથી દાખવી આખર બ્રહ્મની લીલામાં મનને લીન કરવે એ કેવી નિપુણ છે—ટુંકાણમાં સર્વદા સર્વત્ર મનુષ્યનાં સ્વભાવકર્મઉપર એ કેટલી સત્તા ધરાવેછે, અને પ્રથમ નીતિથી આપણાં મનને અંકુશિત કરી એના વિધવિધ રંગતરંગમાં ઝીલવાથી કેવી લેજત ને કેટલો લાભ છે—એવિષે થોડાજ હાલ વિચાર કરતા હશે. અમણા વળી કોઇ કોઇ વિદ્વાનની વાણીસુધારસ સીંચાવાથી એવા વિચારોની મૂએી જડમાંની કેટલીક પાછી અંકુરિત થઇ પાંગરતી કહીં કહીં જોવામાં આવેછે; તોપણ કેવળ અર્થબુદ્ધિથી જડતા પામેલાં મનને પિગળાવી ઉપર દર્શાવેલા વિષય ને વિલાસતરફ તેનું વળણ કરવાને કંઇક વિશેષ પ્રયાસની જરૂર છે. વિવિધવિષયપર કવિતા લોકમાં વંચાયસંભળાયછે ને શાળાઓમાં શિખાયશિખવાયછે ખરી, પણ તે ઘણી લુક્ખી રીતે—તેમાં પણ અર્થતાત્પર્યનેજ પ્રાધાન્ય અપાયછે. માત્ર શબ્દાર્થ શિખ્યા એટલે કવિતા શિખવાનો હેતુ પૂરેપૂરો પારપડ્યો એમ મનાયછે. કવિતા શિખવામાં શબ્દાર્થની સાથે વ્યુત્પત્તિ ને સમાસ, સ્પષ્ટાર્થ ને ગૂઢાર્થ, અર્થની ચમત્કૃતિ ને રચનામાં ચાતુરી, રસ ને અલંકાર—વગેરે ઘણુંઘણું શિખવાશિખવવાનું છે. એવી એવી બીજી ઘણી વાતો એ વિષયને લગતી થઇ તે બધી અહિયાં લખવાથી ફળ થોડું ને વિસ્તાર ઘણો થાય. વાતનું પેવટ એવું આવ્યું કે હાલ તો મારે એક કાવ્યસંગ્રહ કાડવો, એવી ઢબપર કે તે શાળોપયોગી ને લોકોપયોગી થઇપડે, અને તેમાં ઉપલી બાબતોમાંની ઘણીખરી આણીશકાય.

હવે આ પુસ્તકનું નામ **કાવ્યનિમજ્જન** રાખ્યુંછે ને એમાં ગુજરાતી કવનવડે પ્રસિદ્ધિ પામેલા કવિઓમાંથી હાલ માત્ર નવની કૃતિમાંથી થોડું થોડું લઇ આશરે ૨૦૦૦ ઓળી એકત્ર કરીછે. કવિનો ક્રમ તેના કાળપ્રમાણે નહિ પણ

ભાષાની સરળતા ને વિચારની સહજતા એ બેને ધોરણે બહુધા રાખવામાં આવ્યોછે; તેમ આં વિચારને કંઇ ઓછું ગૌરવ આપ્યું નથી કે—પ્રથમ સંસારી બાબતનો નીતિસાથે બોધ, પછી સૃષ્ટિસૌંદર્ય ને ઊંચા ગંભીર શૃંગારે રંગિત સાધારણ ભગવદ્ભક્તિ ને આસ્થા, અને ત્યારપછી તત્ત્વજ્ઞાન—એમ ઉત્તરોત્તર માણુસનાં મનમાં ઠસે તો નીતિનું ઉલ્લંઘન ને ભક્તિભાવની શિથિલતા થઇ શઠજ્ઞાની થવાનું તેને ક્વચિતજ સૂજે. એ નવમાંહેલા છ કવિને વિષે નર્મગદ્યમાં આપેલાં ચરિત્રમાંથી માત્ર તેનાં કવનસંબંધી સંક્ષિપ્તસાર લઇ તે પ્રત્યેકનું કવન શરૂ થતાં પલાં આપ્યાછે. વિષયની ચૂંટણીમાં ઘણુંખરૂં તો હાલ શાળાઓમાં શિખવાતા ભાગમાનું છે, અને તે ઉપરાંત બીજું છે તેમાં કેટલાક વિચારસાથે આ વિચાર મુખ્યત્વે રચ્યોછે કે—આવું પુસ્તક કોમળ વયનાં ને કુમળાં મનનાં બાળકથી આરંભી પ્રાૈઢવૃદ્ધપર્યંત સઘળી કોમનાં ને સર્વ મતનાં માણુસોનાં વાંચવામાં આવે, (અને એમ થયેથીજ કર્ત્તાની ઉમેદ બરઆવવાનો સંભવ), એટલે એમાં ઉઘાડો શૃંગાર અને સુપરિશુદ્ધ નહિ છતાં વિવેકી માણુસોનાં મન દુખાવ એવી ધર્મની બાબત એ નજ આવવાં જોઇએ. એ બે બાબત છેકજ ન આવે અને સારાં સાહિત્યમાંથી ચૂંટણી થાય એ અશક્ય. સ્ત્રીને રુતુવના બાળક અવતરી તેને રમાડિયે, તેનાં કાલાંતોતલાં મીઠાંમધુરાં વચન સાંભળિયે, તેને પરણાવીપટાવી સંસારમાં લાવો લૈયે, અને તેનાથી વંશની વૃદ્ધિ થતી જોઇએ—એવાં કોડ રાખવાં; અથવા નદીને મૂળઆગળજ પ્રયત્ને અટકાવી પછી એવી આશા રાખવી કે એનો પ્રવાહ ચાલી એ કોઇ મહાનદીરૂપે વહી આસપાસના પ્રદેશને ફળદ્રુપ કરતી ને ઘણાંઘણાં કામ સારતી તે અંતે સાગરને મળે, અને એમ જૂદા જૂદા દેશોસાથે વેવાર ચાલી દેશ સગૌરવ આબાદીને પામે. એવો ઘેલછાભર્યો આ વિચાર કે—શૃંગારરસ અને ધર્મના ભાસવનો પણ કોઇ ભાષાનું સાહિત્ય વિસ્તીર્ણ ઊંચી પ્રતિનું મનોહારી હોઇશકે. હરકોઇ ભાષામાં એ બેના અંતર્પટ રહેલાજ.

લેખનશુદ્ધિવિષે—પ્રથમ એવો વિચાર થએલો કે દિનપરદિન સુધરતીજતી પણ હજી જોઇએ તેવી સુસ્થિતો નહિ એવી ગુજરાતી ભાષામાં જોડણી વગેરેનો એક નિયમ રેવો હાલ કઠિણ, માટે જોડણી અને બીજી લેખનરીતી જે કવિની જેવી હોય તેવીજ લે રાખવી; પણ પછી મારાથી એમ બનવું દુર્લભ લાગ્યાથી તથા હાલ પ્રતિષ્ઠિત એકબે વિદ્વાનની સલાહ ને સંમતિથી આખર એમ ઠર્યું કે સઘળા

કવિની કૃતિમાં ભાષા અને ઢબ કાયમ રાખી જોડણી એક ધોરણપર રાખવી; અને એમ ઠરતાં આગળ પ્રસંગે પ્રસંગે મારા મનમાં ઉદ્દ્ભૂત થયલા તથા આ પ્રસંગે વિશેષ મનન કરવાથી દૃઢ થયલા વિચારને હું અનુસર્યો :—મનના વિચાર બ્હાર પાડવાને ભાષા અને ભાષાદ્વારે બ્હાર પડેલા વિચારની પરિણતિ પસાર ને સ્થાયીપણાને અર્થે લિપિ, એટલે વિચાર-ભાષણ-લિપિ, એ સ્વાભાવિક ક્રમ છે, તો ન્યાય એ કે લિપિએ ભાષણને અનુસરવું; તેમ વળી ભાષણ છેક નિરંકુશ રહી અકાળ-અઘટિત વિકારને આધીન થાય એ પણ નીતિ નહિ, માટે—જે શબ્દ સાધારણ રીતે જેમ બોલાય તેમજ તે શબ્દ લખવો—એ નિયમને મુખ્ય લઇ, કેળવણીખાતાએ ઠરાવેલા નિયમો તથા નર્મકોશની મુખમુદ્રામાં સૂચવેલા નિયમો, એ બેઉને યોગ્ય માન આપી જોડણી રાખવાતરફ લક્ષ આપ્યુંછે, અને તેમ કરતાં જરૂર જણાઇ ત્યાં સર્વમાન્ય ગુરુલઘુચિન્હ રાખ્યાંછે. પદ ભજન રાગ જેની રચના માત્રા ને ગણકરતાં તાલમાનપર વિશેષ છે તેમાં એ રીત ઘણી રાખી નથી, એવા વિચારથી કે વાંચનાર પોતપોતાની ઢબપ્રમાણે છૂટ લઇશકે. જ્યાં હકારનું પ્રથક્ ઉચ્ચારણ ન થતાં તે પૂર્વવર્ણમાં ભળેલો હોય ત્યાં તે વર્ણનીચે આવું (.) પૂર્ણવિરામજેવું ચિન્હ રાખ્યુંછે. પણ એમ કરતાં છેક પ્રાકૃત કે ગ્રામ્યસરખું લાગે ત્યાં મૂળનો હ હોય તે રાખ્યોછે. નામયોગી જેને સંબંધે હોય તે શબ્દને છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય ખુલ્લો હોય ત્યાં એ બે શબ્દોને છૂટા લખી પ્રત્યય અધ્યાહાર્ય હોય ત્યાં સાથેજ લખ્યાછે—ઘરની માંહે, ઘરમાંહે; પ્રભુના વિના, પ્રભુવિના. સંસ્કૃત સામાસિક શબ્દો ગુજરાતીમાં પ્રવર્ત્તેછે તેઉપરાંત પણ કોઇ શબ્દો સમાસઅર્થે સેલથી જોડાઇ શોભે ને સરળતાથી બોલાય તો નવા સામાસિક શબ્દો નજ બનવાદેવા એવી હઠ મેં રાખી નથી. સંયુક્તક્રિયાપદ ને મિશ્રકાળને બનતાંસુધી એક શબ્દરૂપે લખ્યાંછે. એ શિવાય પણ એકકરતાં વધારે શબ્દો બ્હાર પડતાંપેલાં તેના અર્થનું પ્રથકપણું આછું પડી તેઓ એકભાવે બ્હાર આવે ત્યાં તેઓને પ્રયાસે છૂટા પાડીલખ્યા નથી. સારાંશ—શિથિલતાવગરનો ભાષાનો પ્રવાહ રહી તેમાં જડતોજ્હાર ઘટ્ટપણું હોવું જોઇએ—એ વિચારને ધોરણે હું વર્ત્યોછું.

આ પુસ્તકમાં કઠિણ અને જાણવાજોગ શબ્દનો અર્થ તથા કઠિણાંશની સમજૂતી એ વિસ્તારથી આપ્યાછે. વ્યુત્પત્તિ સમાસ અલંકાર, શબ્દનું મૂળ ને અપભ્રષ્ટશબ્દનું શુદ્ધરૂપ, કોઇ શબ્દનાં મૂળનાં અને હાલનાં જાતિ પ્રયોગ ઇત્યાદિમાં ફરક હોય તે, કીર્ત્તન અથવા કથાપ્રસંગ, અને એશિવાય બીજી બાબતો

અર્થ સમજવા જરૂરની ને વિશેષજ્ઞાન મેળવવા ઉપયોગી જણાઇ તે આપીછે. એમ કરવામાં કોઇને લાગે કે એ બધું જોઇએ તેકરતાં વધારે છે તેણે આ પુસ્તકના પ્રસંગ અને ઉદ્દેશવિષેનો બીજો વાક્યખંડ ફરી એકવાર વાંચવો, અને તેમ કરવાછતાં તેનો વિચાર કાયમ રહે તો લાચાર. વ્યુત્પત્તિ આપીછે તેમાંહેલી ઘણીખરી મારી જાણેલી છે, કેટલીક સજીવનિર્જીવ આધારે સિદ્ધ કરેલી છે, અને થોડીક સયુક્તિક અટકળથી ધારીકાડેલી છે. બીજી પ્રતિની વ્યુત્પત્તિનેસારૂ આધારમાં રાજેશ્રી મહીપતરામનો વ્યુત્પત્તિપ્રકાશ, રાજેશ્રી નવલરામનો વ્યુત્પત્તિપાઠ અને રાજેશ્રી પ્રભાકરનો અપભ્રષ્ટશબ્દપ્રકાશ-એ મુખ્ય છે. કથાપ્રસંગનેમાટે નર્મકથાકોશનોજ આધાર રાખ્યોછે ને ઘણીવાર તો તેમાંનો સંક્ષેપે ઉતારો છે. અલંકાર આપ્યાછે તે કવિ નર્મદાશંકરના અલંકારપ્રવેશને ધોરણેછે. પણ એ પુસ્તક હાલ મળતું નથી ને હાલતરત છપાવાનો સંભવ નહિ, તેમ વિદ્યાર્થીઓને એ બાબત જરૂરની અને તે જાણવાને એવું પુસ્તક અવશ્ય જોઇએ; માટે એ અલંકાર-પ્રવેશમાંથી હાલમાં જરૂરનું લાગ્યું તેટલું લઇ આ પુસ્તકને અંતે આપ્યુંછે. સમાસ તો ટેલરસાહેબનાં ગુજરાતી વ્યાકરણમાં વિસ્તારે આપેલાછે એટલે ફરી છપાવી પુનરુક્તિસરખું કીધું નથી. પણ તેમાં બહુવ્રીહિસમાસવિષે આપ્યુંછે તે મને કંઇ ગુંચવણભર્યું લાગેછે, અને બીજા સમાસમાં ક્વચિત્ દાખલાઓમાં સુરતભૂલ થયલી જણાયછે. એમ હોય તો તેટલી બાબત શિક્ષકે સમાલીલઇ તેનો યથેચ્છ ઉપયોગ કરવો. સમાસ મૂળ સંસ્કૃતમાં અને સંસ્કૃતમાં બહુવ્રીહિવિષે સાદો વિચાર આવો છેઃ—કોઇ વિશેષણ નામસાથે જોડાઇ તે આખો સમાસ બીજાં નામનો ગુણ બતાવે ત્યારે તે સમાસ બહુવ્રીહિ થાય. આખો સમાસ-એટલે તે આખા સમાસનો ભાવ બીજાં નામને વિશેષણરૂપ થાય—સમાસના એ પક્ષમાંથી કોઇ તે બીજાં નામનો ગુણ બતાવે નહીં; કારણ કે ત્યારે તો સમાસ કર્મધારય થાય. કર્મધારય ને બહુવ્રીહિ એમાં ફેર આવો છે—કર્મધારયમાં એમાંનો એક પક્ષ બીજા પક્ષનો ગુણ બતાવે કે તેને સમાનાધિકરણમાં હોય; વળી એ બે પક્ષમાંનો એક બીજાં કોઇ નામનો ગુણ બતાવેછે, ને આખા સમાસનો ભાવ બીજાં નામનો ગુણ બતાવતો નથી. પણ બહુવ્રીહિમાં તો તે સમાસના પક્ષમાંથી કોઇ બીજાં કોઇ નામનો ગુણ નજ બતાવે-તેઆખા સમાસનો ભાવજ બીજાં નામનો ગુણ બતાવે. **ઘનશ્યામ હરિ**—એમાં શ્યામ એ હરિનો ગુણ બતાવેછે માટે સમાસ **કર્મધારય**, **બહુવ્રીહિ** નહિ. **ભગ્નહસ્ત**-એમાં

ભાંગેલો હાથ એટલોજ અર્થ હોય તો સમાસ કર્મધારય, પણ **ભાંગેલો હાથ** છે જેનો એવો ભાવ હોય તો સમાસ **બહુવ્રીહિ.** કંઇવાર સમાસ કર્મધારય અને બહુવ્રીહિ બન્યો હોઇ શકે ત્યાં વાક્યના ભાવને અનુસરતો સમાસ કેવો. **અ** કે **અન્** અને **સ** કે **સહુ**ની સાથે નામ જોડાઇ કંઇવાર સમાસ બહુવ્રીહિ થાયછે—અપુત્ર, સસુત ઇ૦. બધો વિચાર કરતાં બહુવ્રીહિ સમાસવિષે ગુજરાતીમાં સંક્ષેપે આવી વ્યાખ્યા ઘડિયે તો છેક અજુક્ત કે સબાધ ન કેવાયઃ-કોઇ સમાસ બીજા સાદા કે સામાસિક શબ્દને વિશેષણરૂપે વપરાય, અને તેનો વિગ્રહ થતાં તત્પદાપેક્ષક સર્વનામ જે પ્રથમાશિવાય કોઇ વિભક્તિમાં આવવુંજોઇએ. આ પુસ્તકમાં વ્યાકરણસંબંધી બીજી કેટલીક ઉપયોગી સૂચના કહિં કહિં આપેલી છે; તેમાં ગુજરાતીમાં absolute case નો વિચાર ન જોવાથી તે દાખલકર્યોછે, અને હાલ તરત તેને નામ **કેવળપ્રયોગી વિભક્તિ** આપ્યુંછે. સંસ્કૃત લાટીન ગ્રીક વગેરે ભાષામાં કેટલીક જૂદી જૂદી વિભક્તિ કેવળપ્રયોગી હોઇશકે. હાલની અંગ્રેજીમાં પ્રથમાજ એવે પ્રયોગે છે, અને ગુજરાતીમાં પણ એમજ જોવામાં આવેછે. કેવળપ્રયોગી વિભક્તિ વિષે મારી સમજ આવી છેઃ—કોઇ વિભક્તિ કેવળપ્રયોગી થાય, જ્યારે કોઇ નામ કે સર્વનામ તે વિભક્તિમાં આવી તેની પછી કૃદંત આવે, અને એ રીતે બનેલાં એ (clause) પદને વાક્યના મુખ્ય ભાગસાથે વ્યાકરણવિષયનો નિકટનો સંબંધ ન હોય. કેવળપ્રયોગી રચનામાં કરનાર કે સેનાર મુખ્ય વાક્યમાં ફરી નજ આવે —ક્વચિત્ તેનેમાટે દર્શકસર્વનામ આવેછેઃ—વાક્યનો **ભાવ** મનમાં ઉતરતાં તેનું મો મલકાયું. પ્રથમાશિવાય કોઇવિભક્તિ ગુજરાતીમાં કેવળપ્રયોગી હોય કે કેમ, એનો વિચાર થતાં—એને પીડી તારૂં શું ભલું થનાર છે, કેરીનો સ્વાદ લેતાં તેનું મો ઉતરીગયું—આવાં વાક્યો આવીઉભાં. એમાં કેવળપ્રયોગી પદ તો છેજ, પણ એને કેવળપ્રયોગી દ્વિતીયા કેવાય, કે કર્ત્તા અધ્યાહાર્યસાથે કેવળપ્રયોગી પ્રથમા કેવાય, એ મારેથી નક્કી થઇશક્યું નહિ. અને આ પુસ્તકમાં એવા દાખલા નહિ એટલે વધારે વિચાર કીધો નથી.

આ પુસ્તક શાળાઓમાં શિખવતાં, કયાં ધોરણમાં કયો કવિ કેવી ઢબપર શિખવવો એ શિક્ષક જાણશેજ એટલે વિશેષ કેવું નિરર્થક. તોપણ આટલી સૂચના કરું તો અવિવેક થશે નહિ—ત્રીજા ધોરણમાં શામળ ને દલપત૦; ચોથામાં શામળ, દલપત૦, દયારામ ને નર્મ૦; પાંચમામાં નર્મ૦, નરસિંહ, પ્રેમાનંદ ને ગિરધર; છઠ્ઠામાં પ્રેમાનંદ, ગિરધર ને ધીરો; સાતમામાં ધીરો ને

અખો—એમ શિખવવામાં બાધ નથી—પુસ્તકમાં ક્રમ પણ એજ છે. સાતમા ધોરણમાં નીચે શિખવાતા કોઇપણ કવિમાંથી પ્રૌઢતાવાળો ભાગ મોકળે મને ને લાંબે વિચારે શિખવ્યાથી પણ લાભ છે.

હવે આ પુસ્તકમાં ઉતરવા આતુર ને વિલંબ થવાથી અધીર એવા વાંચનારને બે પળ વધારે ખાળી પ્રસ્તાવનાની સમાપ્તિ આણુંછું.

ઇશ્વર અપાર છે, લીલા એની અગાધ છે. સંસાર એક લીલા છે, સૃષ્ટિ પણ લીલા છે—એક અદૃશ્ય ને બીજું દૃષ્ટિગોચર. સંસાર અનેક રંગે વ્યાપ્ત છે ને જનસ્વભાવ તેમાં મુખ્ય છે; સૃષ્ટિ પણ રંગે ભરપૂર છે ને મુખ્ય તેમાં પર્વત છે. જનસ્વભાવ વિચિત્ર છે, ચેષ્ટા એની ગહન છે, કવિતા તેમાં બધી રીતે અગ્રેસર છે; પર્વત પણ સર્વાંગે સર્વાંશે જનસ્વભાવને તુલ્ય છે ને સરિતા તેનો સાર છે: એટલે કવિતા ને સરિતા–કારણ ઉપયોગ ને પરિણામ જોતાં અંશેઅંશ સમાન છે. સારાંશ–કાવ્યને જળનિધિ લહી આ પુસ્તકને **કાવ્ય–નિમજ્જન** નામ આપ્યું તે સાર્થક છે; જોવાનું માત્ર એ છે કે પુસ્તકનો ઉદ્દેશ કેટલે દરજ્જે સાર્થક થયો. કંઇપણ સાર્થક હોય તો કર્ત્તા કૃતાર્થ છે ને કર્ત્તવ્ય-વિષયે ઉત્સાહી છે.

સુરત, મિશનસ્કૂલ,
તા૦ ૨, મે સન ૧૮૮૭.

હ. બ. ભટ્ટ.

EXTRACTS FROM OPINIONS

ON THE

KAVYANIMAJJANA

OR

"A DIVE INTO GUJARATI POETRY."

આપે રચેલી કાવ્યનિમજ્જન નામની ચોપડી વાંચી તે બહુ સારી રચી છે. નીતિ ભક્તિ જ્ઞાન વૈરાગ્ય ઇત્યાદિ ઉપયોગી વાતો ભરેલી કવિતા તમોએ કવિઓની વાણીમાંથી એકઠી કરી છે તે બહુ વખાણવા લાયક છે. ગુજરાતી ભાષામાં જેવા હ્રસ્વ દીર્ઘ બોલાયછે તેવાજ અમારી મિત્રમંડળી લખેછે, તેવાજ તમે લખ્યા છે, એમાં ભૂલ થયલી જણાતી નથી. તમે સંસ્કૃત શીખેલા છો માટે હ્રસ્વ દીર્ઘનો વરતારો તમને છે. કવિતામાં સંસ્કૃત શબ્દ આવેલા તેમના અર્થ તમે યથાર્થ આપ્યા છે. આ ચોપડી શાલોપયોગી તથા લોકોપયોગી છે એમાં કશો શક નથી. શબ્દાર્થ ઉપર કથાઓ લખેલી છે તે બહુ સારી છે; એથી લોકોને જ્ઞાનમાં બહુ વૃદ્ધિ થાય છે, પુરાતન પુરૂષોનાં ચરિત્ર સમજવામાં આવે. તમારા લેખનની સર્વોત્તમ ગૂર્જર ભાષા છે. अनंगअरि–આ શબ્દમાં તમે બહુવ્રીહિ લખ્યોછે, પણ ષષ્ઠીતત્પુરૂષ લખવો જોઇએ કામદેવને મહાદેવે બાળેલો છે. માટે તેનું શત્રુપણું મહાદેવને છે. ખરો વિચાર કરતાં સંસ્કૃતમાં જ્યાં સંહિતા હોય ત્યાં સમાસ થાય છે, એટલે સમાસ પણ ગણાયઃનહિ. પ્રાકૃત વ્યાકરણરીતિએ સમાસ ગણિએ તો ગણાય—પ્રાકૃત વ્યાકરણમાં વિસંધિ સમાસ ગણાય છે. તમારી લેખનપદ્ધતિ બહુજ સરસ છે. આવી ચોપડી કોઇએ પૂર્વે રચેલી નહોતી.

તા. ૨૩–૫–૮૭. (સહી) શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસ.

આપનું "કાવ્યનિમજ્જન" અને પત્ર ઉભય પોહોંચ્યાં. તેમાં શાલોપયોગી તથા લોકોપયોગી થવાના તેના ઉદ્દેશની સફળતાવિષે અનુમત ઇચ્છયું તેના ઉત્તરમાં લખવાનું કે:—

કાર્યસિદ્ધિનો મુખ્ય આધાર કર્ત્તાની યોગ્યતા ઉપર રહેછે. આપે જે કાર્ય આરંભ્યું છે તે કરવાની યોગ્યતા આપનામાં છે એમ, કાવ્યનિમજ્જનમાં અખાભક્તની વાણીના કેટલાક ભાગનું વિવરણ મેં વાંચ્યું તે ઉપરથી સંતોષસાથે કહેવામાં કંઇ બાધ મને જણાતો નથી; એટલુંજ નહિ પણ તમારા પ્રથમ પ્રયત્નમાં તમે જે સિદ્ધિ સંપાદન કરી છે તે બહુ આશાજનક છે અને તેસારૂ અત્રે પ્રસન્નતાથી આપને અભિનંદન આપું છું.

સર્વ ભાષામાં સારા ગ્રંથોપર વિવરણ અપેક્ષણીય છે. તેમાં ગુર્જર ભાષામાં હાલ યથેચ્છ અભ્યાસક નથી તેથી વિશેષ તેમ છે. × × ×

એથી ઉચ્ચ પ્રકારે યથાર્થ કવિતાસંબંધમાં છે. કવિતાનું સત્યસૌંદર્ય, રસ, ફળ અને તજ્જન્ય વિષયાનંદથી માંડી પુરૂષાર્થપ્રદ જ્ઞાનાનંદને ભોગવવાસારૂ બહુ સાધનની આકાંક્ષા છે. તેમાં પ્રથમ પ્રવેશ થવા આપે જે કાર્યનો આરંભ કર્યો છે તેવા પ્રકારનાં માર્ગદર્શક પુસ્તકો છે.

વિવરણ, વ્યાખ્યાન, ટીકા આદિ છે તે કાવ્યના પ્રત્યેક ખંડમાંના અર્થ, રસ, ફળ આદિ કેવી રીતે નિકળેછે તે સમજાવેછે. એક વેળા તે રીતિ યથાર્થ સમજાઇ તો પછી બીજે પ્રસંગે પોતાની મેળેજ કેટલીકવાર સમજ પડીજાયછે અને રાજમાર્ગે ચડીગયાજેવું લાગેછે.

એ આદિ કારણોથી મને લાગે છે કે આપનો શ્રમ ઉપયોગી અને પ્રશંસનીય છે. તે લોકોપયોગી થઇ લાભપ્રદ થવા પૂર્ણ સંભવ છે. તેનો આરંભ આપનાજેવા સુશિક્ષિત, બહુશ્રુત તથા 'કર્તવ્યવિષયે ઉત્સાહી'થી થાયછે એ અધિક સંતોષજનક છે; તથા પ્રથમ પ્રયત્ન છતાં બહુ અંશે તે સફળ થયોછે એમ મને લાગેછે.

તા. ૧૨–૬–૯૭. (સહી) મન:સુખરામ સૂર્યરામ ત્રિપાઠી.

(અસ્તોદયના કર્ત્તા ૪૦.)

આપનું કાવ્યનિમજ્જન વાંચીને મને ઘણોજ સંતોષ થયો છે. ગુજરાતી ભાષામાં સારા કવિઓના ઉપર થયલી સારી ટીકાઓ જોવામાં ભાગ્યેજ આવેછે, અને એવી ટીકાની જરૂર તો બેશક ઘણીજ છે. આ પુસ્તકથી ગ્રંથકારો માટે એક નવો માર્ગ પ્રગટ થયોછે. જે પ્રમાણે તમે છુટક છુટક કવિઓની કવિતા લઇને તે ઉપર ટીકા કરી છે તેમ કોઇ મોટાં કાવ્યઉપર ટીકા થાય તો ઘણું સારૂં.

તમે ટીકામાં શબ્દના અર્થ, વ્યુત્પત્તિ, કથાપ્રસંગ ઇત્યાદિ દર્શાવ્યું છે તેથી વાંચનારને કવિનું કલ્પેલું સાક્ષાત ચિત્ર પડી રહેછે. અખા ભક્તની કવિતાઉપર જે ટીકાઓ આપી છે તે હું ધારૂંછું કે સૌથી સારામાં સારી છે. એવા ટીકાવિના સાધારણ માણસ તો સમજી શકેજ નહીં એ નિશ્ચયછે. હું આશા રાખુંછું કે તમને યોગ્ય સહાયતા મળ્યાવિના રહેશે નહીં અને તમારો શ્રમ સફળ થશે.

(સહી) મધુવચરામ બળવચરામ,

તા. ૧૨–૬–૮૭. (સબ જજ, વલસાડ.)

આ પુસ્તક મેં આદ્યંત લક્ષપૂર્વક ધ્યાનમાં લીધું છે. તેનું પુઠું સુદૃઢ સંગીન છે અને બાંધણી સ્વચ્છ સુંદર છે, તેજ પ્રમાણે તેના અંદરની સાહિત્યસામગ્રી સુદૃઢ સંગીન અર્થવાળી અને સ્વચ્છ સુંદર પદરચના લાલિત્યવાળી છે. આની સાથે તેને શાળોપયોગી અને બાળોપયોગી કરવાનો હેતુ છે તે બાધિત થયો નથી. જેમ કેટલાંક આપણાં સાહિત્ય પ્રજાસત્તાક મંડળના ભાગમાં શૃંગારરસનો અને કેટલાક સંપ્રદાયગ્રંથ પુરાણાદિકના નાયકના નામનો અનાદર હોવાથી અર્થ ને વસ્તુસંબંધ ઉપર લક્ષ ન આપતાં, એટલુંજ નહીં પણ અતિનિર્દય વધ કરતાં, તેને અસ્ત્રધારથી ખોતરી ખોતરીને જાણે કાડીનાખવામાં આવે છે, તેમ આમાં નથી થયું તે સંતોષજનક છે. અલબત રસિકપણામાં અને માધુર્યમાં આ કાવ્યનિમજ્જન કવીશ્વર દલપતરામના કાવ્યદોહનની યા તેમાંના પદ્યાદિક સંગ્રહમાં હાલના બૃહત્કાવ્યદોહન આદિની તુલના નહીં કરી શકે. પણ વિવેકપૂર્વક કવિ અને કવિતાની જે ચુંટણી થઇ છે તે પ્રયત્ન અપૂર્વ છે; અને આને માટે અત્રે આ કાવ્યનિમજ્જનકર્તાને અભિનંદન આપીએ છૈયે. * * *

(સહી) હરિલાલ હર્ષદરાય ધ્રુવ,

તા. ૧૭–૬–૮૭. (જોઈંટ જજ, હાઇકોર્ટ, વડોદરા.)

"કાવ્યનિમજ્જન" નામનું પુસ્તક રા. હરિકૃષ્ણ બળદેવ ભટ્ટે રચી પ્રસિદ્ધ કર્યું છે. એ પુસ્તકમાં ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ નવ કવિઓની કવિતામાંથી આશરે ૨૦૦૦ લીટીઓ જેટલી કવિતા આપવામાં આવી છે. ત્યાર પછી તેમાં આવેલા શબ્દોના અર્થ, વ્યુત્પત્તિ, સમાસ વગેરે શબ્દશાસ્ત્રને લગતી ઘણીએક અગત્યની માહિતી આપી છે. છેલ્લે અલંકારપ્રકરણ આપવામાં આવ્યું છે. ગુજરાતી કવિતાનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને આ ગ્રંથ ઉપયોગી થઇ પડે તેવો છે. રા. હરિકૃષ્ણે જે શ્રમ કર્યોછે તે પ્રશંસનીય છે. તેમનો આ પ્રથમજ પ્રગટ કરેલો ગ્રંથ હોવાથી પ્રજાજન તરફથી તેમજ સરકારી કેળવણી ખાતાતરફથી યોગ્ય આશ્રય મળવાથી બીજા એવાજ પ્રકારના ઉપયોગી ગ્રંથો બ્હાર પાડવાને ઉત્તેજન મળશે એમ હું ધારૂં છું.

તા. ૧૭–૬–૮૭. (સહી) કવિ સવિતાનારાયણ ગણપતિનારાયણ.

તમારૂં રચેલું "કાવ્યનિમજ્જન" તથા તે સાથેનું પત્ર બંને મને મળ્યાં હતાં ને તેને આધારે મેં "પ્રિયંવદા" માં મારો અભિપ્રાય જણાવ્યો છે. તમે જુદા પત્રદ્વારા તે અભિપ્રાય માગોછો તો હું લખવાને ઘણો પ્રસન્ન છું કે તમારો ગ્રંથ તેની રચનાથી, શૈલીથી અને ટીકામાંની યુક્તિથી મને સર્વથા પસંદ છે. ઘણા કાળથી મારૂં એમ ધારવું છે કે એવાજ પ્રકારની યોજનાથી ગુજરાતી કવિઓના ગ્રંથ પ્રસિદ્ધ થાય તો ગુજરાતને મહા અપ્રતિમ લાભ થઇ આવે. ભાષા શુદ્ધ છે, પણ કોઇ કોઇ સ્થળે તમારા દેશમાંના શિષ્ટ લોક લખેછે તેવી પદ્ધતિ જણાયછે, છતાં તમે એ વિષયમાં ઘણી સંભાળ રાખી છે ને તેમાં ફતેહ પામ્યા છો એમ હું કહી શકું છું. તમારી આપેલી 'નોટ' ઘણી સ્પષ્ટ, તમામ સૂચકશબ્દનો યોગ્ય ખુલાસો કરવાવાળી અને સારી છે.

એકંદર વિચારતાં એમ પણ કહેવામાં હરકત નથી કે એ પુસ્તક કેળવણી ખાતામાં ચલાવવાને યોગ્ય છે, ને તેજ હેતુથી તમે ધર્મ, શૃંગાર વગેરે આવે તેવા શીખેલા કવિઓનાં સરસ કાવ્ય મુકી સાદાં સીધાં જણાય છે. તમે આવોજ સ્તુત્ય પ્રયત્ન જારી રાખી ગુજરાતની સેવા નિરંતર અધિકાધિક કરતા જાઓ એ મારી વાંછના છે.

(સહી) મણિલાલ નભુભાઇ દ્વિવેદી,

તા. ૧૭–૬–૮૭. (પ્રોફેસર, ભાવનગર કાલેજ.)

ગ્રંથાવલોકન—પ્રિયંવદા, જુન, ૧૮૮૭.

અમને જોઇને પરમ આનંદ થાય છે કે ગુજરાતી ભાષાની ખરી સેવા કરવા સંસ્કૃત ભાષાના અભ્યાસથી શુદ્ધ સંસ્કાર પામેલા ભટ્ટ હરિકૃષ્ણ જેવા ગ્રહસ્થોને ઇચ્છા થઇ છે. ઘણા કાળથી અમે એમજ ઇચ્છીએ છીએ કે ગુજરાતી કવિનાં ટુંકાં ચરિતસહિત તેમનાં કાવ્ય શુદ્ધ છપાવી તેપર સૂક્ષ્મ ટીકા થાય તો ગુજરાતી ભાષાનું કલ્યાણ સત્વર થઇ આવે. આ પુસ્તક આવાજ નિયમથી લખાયલું છે, ને તેના ગુણથી સર્વ વિદ્વાનોને માન્યથઇપડવા યોગ્ય છે. શામળ, દલપતરામ, દયારામ, નર્મદાશંકર, નરસિંહમેહેતો, પ્રેમાનંદ, ગિરધર, ધીરો ને અખો-એટલાનાં કાવ્યમાંથી પોતાને ગમ્યા તેવા ભાગ લઇ તેપર કર્ત્તાએ સારૂં વિવેચન આપ્યું છે. વિવેચનમાં પણ શબ્દવ્યુત્પત્તિ, વ્યાકરણ વગેરેપર લક્ષ આપી અર્થના ખુલાસા આપેલા છે, ને તેમાં વારંવાર પુરાણ વગેરેમાંની સૂચનાઓ યથાર્થ સમજાવી છે તથા અલંકાર દર્શાવવા પણ પ્રયત્ન કરયોછે. સૈવટ અલંકાર તથા લક્ષણાસંબંધી કવિ નર્મદાશંકરની ટુંકાં લખાણ પણ વાંચનારની સરળતા માટે ટાંક્યાં છે. એકંદરે ભાષા ઉપર પણ પૂર્ણ લક્ષ આપ્યું જણાય છે, ને જોડણીના ઘણાખરા નિયમ સર્વથા પાળ્યા છે આમ હોવાથી આ પુસ્તક સર્વને માન્ય હોયજ એમાં શક નથી. ગ્રંથ રચનારનો આશય એવો જણાય છે કે સરકારી નિશાળોમાં આ પુસ્તક લેવાય તો ઠીક, અને આટલાંજ કારણથી તેમણે ઉપર કહ્યા તે કવિઓનાં સારાં રસયુક્ત કાવ્ય મુકીદઇ કેવળ સાદાં ચુંટી લીધાં છે. × × ×

આવા કોઇ મતભેદ છતાં પણ આ ઉત્તમ પદ્ધતિનો પ્રથમજ ગ્રંથ મનન કરવા યોગ્ય જોઇ અમને ઘણો આનંદ થયોછે; અને સર્વ વાચક લોકને એ ગ્રંથની પરિપાટીનું પૂર્ણ અવલોકન કરવા ભલામણ કરીએ છીએ.

I have gone through your કાવ્યનિમજ્જન, and am happy to say that the selection you have made from the Gujarati Poets is on the whole quite judicious. The copious notes which accompany your edition are evidently written by a practical teacher well acquainted with the wants and difficulties of his pupils. As far as I have seen, I found the explanations all accurate and just to

the point. The critical notes are not so satisfactory, but fortunately they are too few to affect the usefulness of your work.

3–7–87. (Sd.) NAVALRAM LAXMIRAM,
Principal, Training College, Rajkote.

તમારૂં "કાવ્યનિમજ્જન" નું પુસ્તક હું ઘણા ધ્યાનથી વાંચીગયોછું અને મને કહેવા દેશો કે આ પુસ્તકની ખુબી સમજનારા ગુજરાતી મંડળામાંથી ઘણા થોડા મળીઆવશે, તથાપિ તે એટલું બધું તો અગત્યનું છે કે ગુજરાતી શાળા અને અંગ્રેજી પાઠશાળામાં એની પહેલી જગ્યા થવી જોઇએ. આજકાલ કવિતાની કિમત કોડી કરતાં વધારે હોય એમ મારા જોવામાં આવતું નથી; કેમકે કવિતા એ વસ્તુત: શું છે એ સમજનારા બિલકુલ નહિ—અથવા છે તો ઘણા થોડા છે. કાૅલેજોની અંદર મારા જુવાન મિત્રોને મિલ્ટન, શેક્સપિયર અને કાઉપરટેનિસનનાં કાવ્યો ઉપર વાદવિવાદ કરતાં, તેમાંના અઘરા શબ્દોની સમજુતી લેતા અને ખુબી સમજાવતા હું જોઉંછું; પણ તેઓને જ્યારે પ્રેમાનંદકૃત નળાખ્યાનનાં ૧૫ મા કડવાંની ખુબીઓ પુછવામાં આવેછે, ત્યારે જે અજ્ઞાનપણું બતાવેછે તે જોઇ મને અત્યંત શોક થાયછે. અને તેનું કારણ એટલુંજ કે ગુજરાતી કવિતા સમજવાની તેઓમાં શક્તિજ નથી, અને કાંતો તે સમજવાનો તેઓ પ્રયત્નજ કરતા નથી. કમનસીબે સરકારે પણ દેશી ભાષાની અવગણના કરીછે એટલે વિદ્યાર્થીઓના દોષ પણ હું વધારે શું કહું?

તમારાં પુસ્તકમાં જે ઢબે કવિતા સમજાવવા અને સમજવાની યોજના કરેલી છે, તે ઘણી પ્રશંસનીય છે. એ સંબંધમાં તમારૂં જ્ઞાન મારા જોવામાં અત્યુત્તમ આવેલું છે. (જો કે સમજુતીમાં કેટલાએક દોષો છે તો પણ તે એવા છે કે તેના પર ઝાઝું લક્ષ આપવાની જરૂર જણાતી નથી; ને તે દોષો બીજી આવૃત્તિમાં સુધરે એ હેતુથી હું એના ઉપર વાર્ત્તિક લખતાં દર્શાવિશ.) કવિતામાં ઉંડા ઉતરવાસારૂ તમે જે રીતે સમજુતી આપેલીછે તે ત્રીજા ધોરણનો વિદ્યાર્થી પણ સારી રીતે સમજી શકે એટલો સુલભ છે, અને કવિતાની જે ચુંટણી કરેલીછે તેમાં લેશમાત્ર પણ વાંધો કડાય તેમ નથી:—નીતિ, જ્ઞાન, અને, કુદરત એ ત્રણજ તમે તમારા વિષયો રાખેલાછે. હવે જો તમારાં પુસ્તકને સરકાર આશ્રય ન આપે, શાળા કે પાઠશાળામાં એ ચલાવે પણ નહિ, તો ભાષાનાં અને

ગુજરાતી મંડળનાં કમનસીબ સાથે સાથે સમજવાં. હું ઇચ્છુંછું કે તમારાં આ પ્રકારનાં પ્રયત્નો સઘળાં ઘણાં ફતેહમંદ નિવડો; ને ગુર્જરમંડળ કવિતાનું રહસ્ય, તેના અર્થ અને ચમત્કૃતિઓ સમજવાને શક્તિમંત થાય એજ મારી મોટામાં મોટી ઉમેદ છે.

(સહી) ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ,

તા. ૧૭-૬-૮૭. (ગુજરાતીના અધિપતિ.)

આપનો રચેલો કાવ્યનિમજ્જન નામનો ગ્રંથ તથા તેની સાથેનો પત્ર બંને ઘણા દિવસ થવાં મળેલાંછે. કેટલાંક કારણને લીધે આજસુધી હું ઉત્તર લખી શક્યો નહીં તે માફ કરશો.

એ ગ્રંથની રચના આપે અંગ્રેજી ઢબપર રચીછે. ગુજરાતી પુસ્તકોના સંબંધમાં એ રીતિ પહેલીજ દાખલ થએલી માલમ પડેછે; તે છતાં ટીકા તે ઢબ પ્રમાણે સારી છે, ને ભણનાર તથા ભણાવનારને ઘણી ઉપયોગી થઇપડશે એમ હું ધારૂંછું.

એમાં સમાસ તથા અલંકાર આપે બતાવ્યા છે, એ ઠીક કીધુંછે. પણ પ્રસ્તાવના શિવાય બીજી કોઇ જગોએ રસનું નામ દીધુંહોય, એવું મારા જોવામાં આવ્યું નથી. આપ જાણોછો કે રસજ્ઞાન પર કાવ્યજ્ઞાનની સંપૂર્ણતા ઘણો આધાર રાખેછે. માટે એ વિષય એટલે રસજ્ઞાન ટીકામાં કોઇ કોઇ યોગ્ય સ્થળે દાખલ કીધું હોત તો આપની ટીકાની ખુબી કંઇ ઓર દેખાત. × × ×

હું આપના મતસાથે મળતો છું કે ગુજરાતી જોડણીમાં સુધારો થવાની ઘણી જરૂર છે, અને મહાજનો જે પ્રમાણે બોલતા હોય તે પ્રમાણે લિપિ પણ થવી જોઇએ. હ—કારનો જ્યાં સ્પષ્ટ ઉચ્ચાર નથી થતો ને તે પૂર્વ વર્ણસાથે મળેલો હોય ત્યારે તે વર્ણનો ઉચ્ચાર તેવા બીજા વર્ણથી જૂદો પાડવા જે ઉપાય તમે દાખલ કીધો છે તે ઠીક છે. પણ તેની સાથે એક સ્વરના નીચે બતાવ્યા પ્રમાણે બે ઉચ્ચાર થાયછે તેનું પણ પ્રથક્કરણ કીધું હોય તો સારૂં. જેમકે, ઓ—નો ઉચ્ચાર "કોઇ" ને "તો" માં જૂદો જૂદો થાયછે; તેમજ એ—નો "એક" ને "બે" માં જૂદો જૂદો થાયછે. × × ×

વ્યુત્પત્તિ—આ વિષયમાં આપે શ્રમ લીધોછે તે સારો છે, તોપણ વધારે શ્રમની જરૂર છે એમ મને લાગે છે. × × ×

પ્રેમાનંદને આપ મેવાડો બ્રાહ્મણ કહો છો, પણ સુદામા ચરિત્રમાં ૧૧ મા કડવામાં એણે પોતે ચતુર્વિંશી એટલે ચોવીસો બ્રાહ્મણ એવું પોતાને માટે લખ્યું છે. આ મને મારા સ્નેહી રાજેશ્રી રેવાશંકર અંબારામ, ભરૂચ વિભાગના આ. ડેપ્યુટી ઇન્સ્પેક્ટર, એમણે બતાવ્યું છે ને મેં જોયુંછે. તેમને મેં તમારૂં પુસ્તક પણ બતાવ્યુંછે, અને તેઓ મારા આ પત્રમાં લખેલા અભિપ્રાય સાથે મળતા છે.

મૂળ ગ્રંથ ટીકાની માફક જરા મોટો હોત તો સારૂં.

ટુંકામાં મારો અભિપ્રાય એમ છે કે દોષ કાઢવો એ સેહેલું છે, પણ ગ્રંથ રચવો એ કઠીણ છે, ને બધો વિચાર કરતાં આપનો કાવ્યનિમજ્જન ગ્રંથ હાલના બધા ગ્રંથો કરતાં વિદ્યાર્થીઓને ઘણોજ ઉપયોગનો છે; ને મને ભરોસો છે કે બીજા લોકો પણ એના પ્રવાહમાં નિમજ્જિત થઇ પોતાનાં મન પવિત્ર કરશે.

(સહી) ગણપતરામ ગૌરીશંકર શાસ્ત્રી,

તા. ૧૨-૭-૮૭. (ડિ૰ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, ભરૂચ વિભાગ).

I have gone through your book with special interest. I am glad to find that a member of our Association has succeeded in popularizing the glorious Gujarati literature which unfortunately is accessible to a limited circle of scholars only. "Kavyanimajjana" is a very significant attempt to save the Gujarati literature from decay.

I do not see why the book should not be used as a text book for the University School Final Examination.

28-7-87. (Sd.) J. B. MARZBAN,

President, Undergraduates' Association,

Bombay.

(Review—Advocate of India, 28-7-87).

(Kavyanimajjana—or the Dive into Poetry.)

It is a healthy symptom that educated Gujaratis have become alive to the importance of reviving the study of this

language, which is as old as, if not older than, any European tongue. It has been sufficiently proved in these columns that Gujarati poets and Gujarati poetry can boast much that is beautiful and much that is philosophical. A selection of choice pieces from leading Gujarati poets cannot therefore but be welcome to the public. The "Kavyanimajjana" is a collection of such pieces. This book resembles in many respects Ward's British Poets. Like it, we have in this publication a short account of the life of each poet. The editor also notices their leading characteristics. Most of the different schools of Gujarati poetry have received justice at his hand. In an Appendix we have a copious collection of explanatory notes, skilfully arranged, on the subject matter of the text. While the editor aims at fulness he does not, as many do, verge on redundance. His criticisms on the text show great appreciative power. The chapter on prosody may be studied with advantage. The University Schosl Final Committee will find this a very good book to be prescribed for this new examination, and it might be introduced into all High Schools.

(ગ્રંથાવલોકન—જામેજમશેદ, તા. ૪-૮-૯૭).

સુરત મિશન હાઇસ્કૂલના સંસ્કૃત શિક્ષક મિ. હરિકૃષ્ણ બળદેવ ભટ્ટે લોકોપયોગી ને શાળોપયોગી થાય એવે ઉદ્દેશે કાવ્યનિમજ્જન એ નામે એક નવીજ જાતનું પુસ્તક છપાવ્યું છે. આજકાલ જ્યારે સ્વભાષાપર ઘણું થોડું ધ્યાન અપાય છે, અને તેનું સાધારણ જ્ઞાન મળે નહીં તેટલામાં તો અંગ્રેજી શિખવા શિખવવાનો વા વાય છે, ત્યારે આવાં પુસ્તકની જરૂર ખુલ્લી રીતે માલમ પડી આવે છે. ઘણી દલગીરીની વાત છે કે ગુજરાતીઓએ જાનેજ લગભગ એક હજાર વરસ થયાં કેળવાતી આવેલી પોતાની ગુજરાતી ભાષા વિસારી દેવા માંડી છે. મિ. હરિકૃષ્ણે એવો પ્રયત્ન કીધો છે કે જેથી ગુજરાતી કાવ્યતરફ લોકનું તેમજ વિદ્યાર્થીઓનું

મન ખેંચાય. પોતાનું પુસ્તક ટેકસ્ટબુક તરીકે નિશાળોમાં વપરાય એવા હેતુથી એમણે ચુંટણી કરતાં ઘણો વિચાર કરયોછે. × × × ૮૬ પાનાંની કવિતાપર લગભગ ૨૦૦ પાનાં ટીકા આપી છે. એ પરથી એમણે કેટલો શ્રમ લીધો હશે તેનું અનુમાન થઇશકેછે. કઠિણ શબ્દોના અર્થ આપ્યાછે એટલુંજ નહીં, પણ જ્યાં જ્યાં નવા વાંચનારને સમજ નહી પડે એવું આવે ત્યાં ઘણી સરળ સમજુતી આપી છે. વ્યુત્પત્તિ, સમાસ, અલંકાર વગેરે બાબતો ઉપયોગી જણાઇ તે આપી છે, ને એ વિદ્યાર્થીઓને ઘણું ઉપયોગી થઇપડે એવુંછે. × × ×

બેશક આ ચોપડી નિશાળોમાં ચલાવવા લાયકછે.

I have to thank you very much for a copy of "Kavya-nimajjana" which you were kind enough to send me some time ago. I have looked into certain portions of it, and I have no hesitation in pronouncing it to be a successful performance. The selection of the passages has been generally judicious, and the explanatory notes are to the point and valuable. The biographical sketches you have given are also accurate and well-written. The book evidently bears marks of much labour and care bestowed upon it. I hope it will meet with the support it deserves and will be a means of making popular a literature that I find to my regret, undeservedly neglected.

5-8-87. (Sd.) JAVERILAL U. YAJNIK,
Gujarati Examiner, Matric Examn.,
&c., &c.

તમારૂં પત્ર તા. ૭ મેનું તથા તે સાથે મોકલેલું પુસ્તક "કાવ્યનિમજ્જન" બંને પોંચ્યાં. પ્રત્યુત્તરમાં લખવાનું જે એનો ઘણોખરો ભાગ મેં લક્ષપૂર્વક વાંચ્યો તેથી મને લાગેછે કે તે અભ્યાસીને ઘણો ઉપયોગી છે. એ રચવા પછવાડે તમે ઘણોજ લક્ષ આપ્યો છે. એની ગોઠવણ પસંદ કરવા જોગ છે. આજસુધી એવું ઉપયોગી પુસ્તક ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થયું નથી, અને તમે

એમ લેખ તૈયાર કર્યું તો તેથી આપણી ભાષામાં ઘણો સારો વધારો થયો છે. મારી ઇચ્છા છે કે એવા પ્રકારનાં ઘણાં પુસ્તકો જન્મ પામે ને ચાલતી ખોટ પૂરી પડે.

એ ગ્રંથની ભાષા, રચના તથા છાપો ઘણો સારો ને શુદ્ધ છે. તેમજ જે ઉદ્દેશથી એ રચેલોછે તે પાર પડેલો જણાયછે; એટલે નિશાળના વિદ્યાર્થીઓને જેટલો ઉપયોગી છે તેટલોજ પ્રૌઢવયવાળાને મનોરંજક છે.

તમારા આ સ્તુત્ય ઉદ્યોગથી હું ઘણો આનંદ પામુંછું, ને આશા રાખુંછું કે તમારી મેહેનતનું ફળ ઇશ્વર તમને આપો ને એ ગ્રંથ બોહોળો પ્રસાર પામો.

(સહી) મોહનલાલ રણછોડદાસ,

તા. ૧૦-૮-૮૭. (ડિ૦ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, સુરત વિભાગ).

I am sorry I have not as yet been able to go through the whole of your Kavyanimajjana. But the portion that I have read is, I think, sufficiently large to justify an expression of opinion on the merits of the book. I have found the selections to be judicious and interesting in their own peculiar way. Your attempt at popularizing our Gujarati poets is, no doubt, a success. The arrangement of the book is equally adapted to the requirements of the student as of the general reader. It is just the sort of book which will best answer for the present the wants of our schools.

Your book as a whole is a valuable addition to the limited stock of publications on Gujarati literature, which, I believe, is much neglected. I cordially wish your book the success it undoubtedly merits.

15–8–87. (Sd.) RANCHHODLAL L. KHAMBATI,

Assistant Deputy Educational Inspector,

Surat Division.

(*Review—Bombay Gazette, 20-8-87*).

THOSE of the natives of India who deplore the indifference of the educated portion of their community towards theie own mother tongues, will no doubt be glad to find that the introduction of the vernaculars in the course proposed for the School Final Examination will afford, in some degree, an incentive to their study. Among the books which have already been published in anticipation of the demand, is a publication entitled *Kavyanimajjan*, which contains selections from the works of some of the leading poets of Gujarat. The specimens cover a wide range of thought, and include many varieties of diction and metre. There are the moral pieces of Samalbhat, inculcating pure maxims of life, and making light of the pomps and vanities of the world. Then there are selections from Premanand and Narsingh Mehta, both eminent among bards for their humour and descriptive power; while some metaphysical disquisitions of Akha occupy some of the concluding pages of this book. The publication would not have been complete withont specimens gleaned from the writings of Dalpatram Dahyabhai. But we venture to think that this blind poet, who has been honoured by the Government with a C. I. E. and by the public with a testimonial, has written many pieces far superior to his description of early morning, which along with some queer and perhaps ingenious imagery, contains ideas which scarcely rise above the commonplace. On the whole, Mr. Harikrishna Baldev Bhat, who is the author of the book has judiciously performed the task which he had set before himself. He intends his work as a text-book for students, and has illustrated the poems with very copious notes. In fact, his glossary of difficult words forms by far the largest part of the

book, as well it might, because the poet has yet to be born in Gujarat who, instead of lending a mysterious dignity to his ideas by the free use of "sounding sesquipedalians," will express the genuine emotions of the heart in a language which may be understanded of the common people. Among those poets, Samal Bhat appears to have made the nearest approach to simplicity, and he has his reward in the firm hold which his productions have on the mind of his readers. To this day many a wandering minstrel throughout Gujarat thinks he can best earn a decent livelihood by reciting the moral verses of this popular poet. Mr. Bhat has creditably performed a laborious task. But since he intends his book for schools, he might as well have added some explanatory notes in connection with his learned preface.

श्री

काव्यनिमज्जन.

શામળભટ.

"એ કવિ શ્રીગોડમાળવી બ્રાહ્મણ હતો ને તે શ્રીનગરનું (અમદાવાદનું) વેગણપુર નામનું પરૂં જેને હાલ ગોમતીપુર કેછે ત્યાં રેતો હતો. અટકળ થાય છે કે સંવત ૧૭૪૦ પછી એનો જન્મ થયલો ને ૧૮૦૦ પછી એનું મરણ થયલું. એના રચેલા ગ્રંથો—સિંહાસનબત્રીશી, સૂડાબોતેરી, નંદબત્રીશી, મદનમોહના, બરાસકસ્તૂરી, પદ્માવતી, શનિશ્ચરાખ્યાન, બોઢાણાનું આખ્યાન, ઉદ્યમકર્મસંવાદ, ભક્તમાળા (?), અંગદવિષ્ટિ, મંદોદરીસંવાદ, શિવપુરાણ, રેવાખંડ, રણછોડજીના શ્લોકો વગેરે છે. શામળે વ્રજભાષાનો અને સંસ્કૃતનો સારો અભ્યાસ કરેલો જણાય છે. દોહરા, ચોપાઇ, છપ્પા, કવિત વગેરે વૃત્ત જે મૂળ સંસ્કૃતમાં નહિ (પ્રથમ વ્રજ ભાષામાંજ નિકળેલા) તે શામળે ગુજરાતીમાં વિશેષે પ્રવૃત્ત કીધાં ને તેમાં એ ફતેહ પામ્યો છે. એની કવિતાનો મોટો ભાગ વાર્ત્તાનો છે. એ વાર્ત્તા લખવાનો ઉદ્દેશ ગામડિયાઓને રીઝવવાનો છતાં એણે પોતાની વિદ્વત્તા અને કવિત્વશક્તિ સારી પેઠે બતાવી છે. અજ્ઞાની લોકની કવિતા તરફ રુચી કરાવ્યાનું અને તેમાં નીતિ બતાવ્યાનું માન શામળને છે. ભોજપ્રબંધ આદી લઇ વિક્રમભોજસંબંધી સંસ્કૃત પુસ્તકોમાંથી જોઇ લઇને સારીપેઠે વધારીને એણે વાર્ત્તાઓ બનાવીછે. કેટલીક નવી યોજીછે ને કેટલીક ફારસીમાંથી સાંભળીલઇને કરી હશે. એણે સંસ્કૃત સાહિત્યના શ્લોકના કવિતા છપ્પા બનાવેલા છે. વાર્ત્તામાં ને બીજી કવિતામાં પ્રસંગે પ્રસંગે નવે રસ, અલંકાર તથા સાહિત્યથી દેખાડ્યાછે, પણ એ રસ ઘટ જામેલા નથી—ઉપલકિયા છે એટલે અસર ઘણી વાર રેતી નથી. કવિનો ગ્રંથ લખવાના ઉત્સાહનો ઉભરો એવો તો જોસમાં બાર પડેલો છે કે તેણે હિંદુ ઉરદુ જૈન શબ્દો તાણીતોડી પ્રાસને અનુકૂળ કરી પોતાની વાણીને સરળ તેજમારતી ને છટાવાળી દેખાડી છે. શામળે ઘણું લખ્યું છે, ઘણું સાહિત્ય વાપર્યુંછે, ઘણો બોધ આપ્યોછે, ઘણી ચાતુરી બતાવીછે ને ઘણા રંગ દર્શાવ્યાછે ને સૌ જોતાં એની કવિતા ગુર્જરી સ્થિતિ પ્રદેશમાં એક રંગમંડપ હોયની તેવી શોભેછે કે જેમાં ગુજરાતી સ્રીપુરુષો અનીતિ મૂર્ખાઇ વગેરેનું હાસ્યરસ-નાટક જોઇ અને દષ્ટાંતકથન સાંભળી સુબોધશિક્ષા ગ્રહણ કરે છે. ગુજરાતીઓમાં પ્રવૃત્તિના આનંદનો અને ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બળ, બુદ્ધિ, પરાક્રમ એ સદ્ગુણોનો પ્રથમ બોધ કરનાર શામળભટ છે—"જીવતો નર ભદ્રા પામશે" એ વચન તો કેણીરૂપ થઇરયું છે."

(छप्पा).

विद्याविषे.

સદ્દવિદ્યાજ સુવર્ણ, શરણ સદ્દવિદ્યા સત્યે;
સદ્દવિદ્યાથી સ્વર્ગ, વિખઉતારણ વિત્તે;
સદ્દવિદ્યાથી સિદ્ધિ, ફળે વચનો વર વાણી;
સદ્દવિદ્યાથી રિદ્ધિ, જગતમાં સઘળે જાણી;
સદ્દવિદ્યાને વશ સર્વ છે, સદ્દવિદ્યા ત્યાં શી મણા;
શામળ કહે સદ્દવિદ્યાવિના, ભટકે ગુણહીણા ઘણા. ૧

લક્ષપતિ તો લાખ, દીઠા નિર્માલ્યપ્રમાણે;
જાય રાયનું રાજ્ય, રૂપ પણ રહે ન ટાણે;
કુળ પણ હોય કલંકિ, જોર જોતામાં જાએ;
જોબન પણ વહીજાય, વંશ નિર્વંશી થાએ;
નહિ રાજ ચોર કે અગ્નિ-ભય, માગ મુકાવે બહુથકી;
મોટા પુરુષો મન માનજો, સદ્દવિદ્યા શુભ સહુ થકી. ૨

મુકાવે વિદ્યા' માગ, પૂર્ણ જશ વિદ્યા પામે;
વિદ્યા શોભે વાન, નૃપતિ વિદ્યાને નામે;
વિદ્યામાંહી વિવેક, વિમળ વિદ્યાથી વાણી;
વિદ્યાને વશ વિશ્વ, જગતમાં મોહની જાણી;
સદ્દવિદ્યા રત્ન વિશાળ છે, વિદ્યાથી ચડું નહિ કશું;
સદ્દવિદ્યા આગળ ધન કશું, વિદ્યાહીન જન તે પશુ. ૩

પંડિત આગળ મૂઢ, હંસ આગળ જયમ બગ્ગા;
પંડિત આગળ મૂઢ, કોકિલા આગળ કગ્ગા;
પંડિત આગળ મૂઢ, રાય આગળ જયમ રાંકાં;
પંડિત આગળ મૂઢ, સિંધુ આગળ જયમ ટાંકાં;
છે પંડિતમાં પ્રાક્રમ ઘણાં, પંડિત સઉ-શિરમોર છે;
શામળ કહે પંડિત આગળે, મૂઢ તો ચાકર ચોર છે. ૪

મૂરખને વાહન, પંડિત અણુવાણો ચાલે;
મૂરખને મોતીહાર, પંડિત ફુલમાળા ઘાલે;
મૂરખને બહુ માન, પંડિત કદી ગરીબ કહાવે;
મૂરખને અલખત મોજ, પંડિત ખડધાન્યજ ખાવે;
પણ મૂરખ કાચ કથીર છે, દીસંતાં તો દિલ હરે;
પંડિત રત્ન અમૂલ્ય છે, શામળ જો પરીક્ષા કરે. ૫

મૂરખને નહિ માન, મૂર્ખ ઝાઝામાં ઝૂરે;
દે ન મૂર્ખને દાન, મૂર્ખમાં અકલ અધૂરે;
મૂરખ હલકો હોય, બહુ ગુણવંતો બોલે;
મૂર્ખ ન લેખામાંહી, નહીં પંડિતને તોલે;
જે હંસમધ્ય બગલાં પડ્યાં, કારણ શું જાણે કશું;
શામળ કહે છે સાચું કહું, વિદ્યાવણ નર તે પશુ. ૬

પંડિત જાય વિદેશ, તોય જશથી જાણીતો;
પંડિત પ્રાક્રમ પૂર, મહીપતિનો માનીતો;
પંડિતને પરણામ, કરે જન સૌ કરજોડે;
પંડિતને સનમાન, માન અનમીમાં મોડે;
જે અગમનિગમ છે ગુણ ઘણા, લક્ષકોટિધા તે લહે;
છે વિદ્યા મોટી વિશ્વમાં, શામળભટ સાચું કહે. ૭

વચન પાળવાવિષે.

વચનકાજ હરિચંદ્ર, નીચઘર પરઠ્યું પાણી;
વચન એકને કાજ, કૃષ્ણ કુબજાને આણી;
વચન એકને કાજ, હરે હાળાહળ પીધો;
વચન એકને કાજ, દેવવર દૈત્યે લીધો;
શુભ ધર્મ કર્મ ને શર્મ સૌ, વચન જતાં તે વહીગયું;
કવિ શામળભટ સાચું કહે, વચન ગયું તો શું રહ્યું; ૮

એક વચનને કાજ, રંક રાવણુ થઇબેઠો;
એક વચનને કાજ, બળિ પાતાળે પેઠો;
એક વચનને કાજ, વેચી હરિશ્ચંદ્રે નારી;
એક વચનને કાજ, પાંડવો હાર્યા પ્યારી;
વળી એક વચનને કારણે, ભડ પાંચે વનમાં ભમ્યા;
કહે શામળ વચનજ કારણે, સો કૈચક સાથે શમ્યા. ૯

વચન ન પાળ્યું જેણુ, તેહ સુકૃત વ્રત હાર્યો;
વચન ન પાળ્યું જેણુ. કમોતે તેને માર્યો;
વચન ન પાળ્યું જેણું, તેહ નર દૈવે દંડ્યો;
વચન ન પાળ્યું જેણુ, તેહ શિર અગ્નિ મંડયો;
જો વચન વ્યર્થ જેનું થયું, તો દૈવત તેનું ગયું;
કવિ શામળભટ સાચું કહે, વચન ગયું તો શું રહ્યું. ૧૦

પાળે વાચક શૂર, જેહ રણમાં બહુ ઝૂઝે;
પાળે વાચક સિદ્ધ, જેહને આગમ સૂઝે;
પાળે વાચક ભક્ત, કરે ઈશ્વર વશ આપે;
પાળે દાતા વચન, વૃષ્ટિ જેને પરતાપે;
પાળે જે વાચક પ્રેમથી, વેદે વિવિધ વખાણિયો;
શામળ વાચક સંભાળતાં, જશે જગતમાં જાણિયો. ૧૧

વચન પળે તે રાય, બાકી તો રાંડીરાંડા;
વચન પળે તે સાહ, બાકી ગુણહીણો ગાંડો;
વચન પળે તે વિપ્ર, ધર્મ સૌ ધાર્યા તેણે;
વચન પળે તે વીર, જગત જશ લીધો જેણે;
પાળે સદવાચક પ્રેમદા, પાંચે પૂરણ પક્ષણી;
શામળ કહે વચન ન સાચવે, લલના એજ કુલક્ષણી. ૧૨

મોતવિષે.

કોઇ કહે આવ્યો તાવ, કોઇ કહે થયું કોગળિયું;
કોઇ કહે કરડ્યો નાગ, કોઇ કહે વાસી વળિયું;
કોઇ કહે વાધ્યો રોગ, કોઇ કહે શસ્ત્રજ વાગ્યું;
કોઇ કહે મારી મૂઠ, કોઇ કહે પાપજ લાગ્યું;
ઈશ્વર માથે લેતો નથી, જગતમાંહિ મહિમા જુઓ;
શામળ કહેછે સૌ સાંભળો, મોત આવ્યું તેથી મુઓ. ૧૩

પેસે અરણ્યવનીર, તીર ગંગાને બેસે;
ચડે જો પર્વત મેર, કદી પાતાળે પેસે;
પર્વતમાંહિ પ્રવેશ, કરે આપે એકાંતે;
ઓષડ અમૃતાહાર, ભમે ભૂલ્યા બહુ ભ્રાંતે;
કિંકર રાખે કંઇ કોટિધા, સંચ પ્રપંચ ઘણા કરે;
શામળ કહે છે સૌ સાંભળો, મોત આવ્યે નિશ્ચે મરે. ૧૪

માત તાત ને મિત્ર, પુત્ર પરિવારજ પોઢા;
અલખત અપરમપાર, ઘણા હસ્તી ને ઘોડા;
સેવક સાથે શૂર, પરિપૂરણ પરતાપે;
બળવંતા બહુ બાહુ, છત્રછાંયે છત છાપે;
અધિકારે અચુતલખ ઈંદ્રનો, કોડવાર શું કહું કથી;
પણ મોતથકી મુકાવવા, શામળ કોઇ સમરથ નથી. ૧૫

નાઠે ન મૂકે ભૂખ, દુઃખ નાઠે નવ જાય;
નાઠે ન મૂકે ભોગ, રોગ નાઠે પણ થાય;
નાઠે ન મૂકે તાવ, પાપ નાઠે નવ છૂટે;
નાઠે ન રહે લાજ, ચોર કે હાકમ લૂટે;
કહો નાઠે મોત મૂકે નહિ, પ્રસવ્યો ત્યાંથી પાસ છે;
કવિ શામળભટ સાચું કહે, નામ સર્વનો નાશ છે. ૧૬

જે જાયું તે જાય, જેહ ફૂલ્યું તે ખરશે;
ભર્યું તેહ ઠલવાય, ચડ્યું તે તો ઉતરશે;
લીલું તે સુકાય, નવું તે જૂનું થાશે;
આયુર્દાવશ સર્વ, કાળ સૌકોને ખાશે;
જે કિન્નર જક્ષ ને રાક્ષસો, દેવ ગાંધર્વ ને દાનવી;
મઘવાદિક પણ મોતે મરે, કોણમાત્રમાં માનવી. ૧૭

ગયા ઈંદ્ર કંઈ ક્રોડ, ગયા બ્રહ્મા કંઈ ભૂલ્યા;
ગયા કરોડો કામ, અડગ શૂરા પણ ડૂલ્યા;
ગયા દેવ દિગપાળ, ગયા માંધાતા મહીપત;
ગયા દિલીપ હરિચંદ્ર, ગયા છાકેલ છત્રપત;
વળી ગયા જનક ને જાદવો, જે વળી લાવ્યા જાન્હવી;
થિરથાવર કોઇ રહ્યા નહીં, કોણમાત્રમાં માનવી. ૧૮

માતપિતાનો ભોગ, જોગ વીરજ બંધાયું;
રુધિર માંસ ને હાડ, શરીર તેનું સંધાયું;
નસાજાળ નખ વાળ, સંગ લઇ સાંધ્યા મેળ્યા;
પંચભૂતના ભાગ, લાગ ભમવાને ભેળ્યા;
મમતા માયા અહંકાર અતિ, વાયુરૂપ કોઇક વસ્યો;
શામળ જળપરપોટો જથા, કહો ગરવ તેનો કશો. ૧૯

મારું મારું કહે મૂઢ, કારમી કાયા માયા;
અજ્ઞાને આરૂઢ, અંધ થઇ ધંધે ધાયા;
આ મારું ઘરસૂત્ર, પુત્ર મારો પરણાવું;
ઘડપણ પાળે મને, આજ ભલીભાત ભણાવું;
પણ દીપક વશ છે વાયુને, કાચો કૂપો કાચનો;
શામળ કહે મૂઢ મમતા કરે, એવા શરીર અસાચનો. ૨૦

જાય જોરાવર શરણ, પ્રીતે પાતાળે પેસે;
પેસે અરણવનીર, મેરુમાથે જઇ બેસે;

જાય શેષને શરણ, રવિરથ આગળ ચાલે;
મંત્ર-જંત્રના જાપ, કરી મધવાસંગ મ્હાલે;
કહીં સંચ પ્રપંચ કરે ઘણા, રવિમંડળ આખું અટે;
પણ શામળભટ સાચું કહે, મરવાનું તો નહિ મટે. ૨૧

કોઇ આજ કોઇ કાલ, કોઇ દિવસે કોઇ રાતે;
કોઇ જોબન કોઇ વૃદ્ધ, બાળ જન જુવતી જાતે;
કોઇ તાવે તરફડી, આપઘાતે કોઇ મરતા;
કોઇ ભોગ કોઇ રોગ, કોઇ તો સરપ કરડતાં;
કોઇ વાસીવિકાર કે હડકવા, કોઇ મમતે લડીને મુઓ;
કાળ ન મૂકે કોઇને, શામળ કહે સમજી જુઓ. ૨૨

રાખ લખ રખવાળ, લોહપિંજરમાં પેસે;
અરણુવચ્ચ આસંન, વાળીને જો કોઇ બેસે;
વજ્રગુફા ગંભીર, માંહિ કોરાવી માણે;
ઇંદ્રજાળ વિધાય, જુગતથી જો વળી જાણે;
સંભાળી સાચવી સાંચરે, કોટિજતન કોડે કરે;
જાળવતાં પણ જીવે નહીં, મોત વખતે નિશ્ચે મરે. ૨૩

ચિરંજીવી નહિ કોઇ, ગયા માંધાતા મહીપત;
ચિરંજીવી નહિ કોઇ, ગયા વહી અગણિત અહિપત;
ચિરંજીવી નહિ કોઇ, ગયા અધિકારી ઇંદ્ર;
ચિરંજીવી નહિ કોઇ, ગયા કંઇ સૂરજ ચંદ્ર;
વળી ગયા રામ ને રાવણા, ગયા દેવ ને દાનવી;
સતવાદી સલક્ષણા ગયા, કોણ માત્રમાં માનવી. ૨૪

કોઇ આજ કોઇ કાલ, કોઇ માસે ખટમાસે;
કોઇ વર્ષ દસબાર, કોઇ પચ્ચીસ પચાસે;
કોઇ સાઠ સિત્તેર, કોઇ પોણોસો એંસી;
જે જાયું તે જાય, નથી રહેવાનું બેસી;

જે નામ તેનો નાશ છે, ધર્મેજ એવો ધારવો;
કવિ શામળ કહે મૂરખ કરે, ગંદા દેહનો ગારવો. ૨૫

ઘડી પલક કે પોર, સાંજ સવાર કે વાણું;
એ દીપક ઓલાય, ન આવે સાથે નાણું;
રહે ઘરમાં કે ગામ, દેશ પરદેશે પડશે;
જળપરપોટો જેમ, એક દિન નિશ્ચે મરશે;
રાખ્યા કોઇની રહેશે નહીં, દિવસ નકી નહિ દેહનો;
શામળ કહે કાચો કુંભ છે, તો ભરૂંસો શો એહનો. ૨૬

પિતાના હેતવિષે.

પુત્ર કરે જો પાપ, પિતા તે પુણ્યજ જાણે;
પુત્ર કદી દે દુઃખ, પિતા તે સુખ પ્રમાણે;
પુત્ર કરે જો હાણ, પિતા તે લાભજ લેખે;
પુત્ર વદે જો જૂઠ, પિતા દિલ સત્યજ પેખે;
અવગુણ અસંખ્યધા પુત્રના, પિતાને મન તો લાડ છે.
શા ગુણ ઓશિંકળ કીજિયે, પૂર્ણ પિતાનો પાડ છે. ૨૭

પુત્રતણો વિજોગ, તેથી દાવાનળ રૂડો;
પુત્રતણો વિજોગ, તેથી શુભ જળમાં બૂડયો;
પુત્રતણો વિજોગ, તેથી શુભ ડસવો સાપે;
પુત્રતણો વિજોગ, તેથી શુભ તપવું તાપે;
મહા દુઃખ નહીં મરવાતણું, દુઃખ નહીં તનરોગનું;
પણ કોડ દુઃખ શામળ કહે, મોટું પુત્રવિજોગનું; ૨૮

પ્રીત ભલેરી તાત, મહા પ્રીતિ માતાની;
પ્રીતિ સગાં સમસ્ત, પ્રીત ભારે ભ્રાતાની;
પ્રીત ઘણી મોસાળ, પ્રીત પણ શ્વસુરપખાની;
પ્રીત ઘણી પ્રિય નાર, પ્રીત શુભ સ્નેહી સખાની;

છે પ્રીતિ અધિક પ્રકારની, કહે શામળ કોડે કથી;
પણ અધિક પ્રીત અંતરતણી, સપુતસમાન સરસ નથી. ૨૯

પુત્રવિના નહિ મોક્ષ, પુત્રવિણ મ્હણું મોટું;
પુત્રવિના ઘર શૂન્ય, પુત્રવિણ જીવન ખોટું;
પુત્રવિના પરિવાર, વિશ્વમાંહિ નવ વાધે;
પુત્રવિના સંસાર. કોણ સારે પિતુશ્રાધે;
ઘર ગરથ વ્યર્થ કોણ ભોગવે, ઘણું દ્રવ્ય પણ ગાંજિયો;
અવતાર અળ્યો બાળકવિના, વિશ્વ કહે સૌ વાંજિયો. ૩૦

સદ્ગુણદુર્ગુણાવિષે.

ઇંદ્રવારણાં હોય, કોય ખાંતે નવ ખાએ;
આવળકેરાં ફૂલ, તેથી શિવ નવ પૂજાએ;
ઝાકળકેરાં નીર, તૃષા તેથી નવ ભાગે;
બગલા ઉજ્વળ હોય, હંસને કામ ન લાગે;
દેખાય કરા મોતીસમા, આભણ નવ ઓપે અશાં;
કવિ શામળ કહે સાંખી જુઓ, ગુણવિણ રૂપ કહો કશાં. ૩૧

કામ ક્રોધ ને લોભ, મોહ માયા નવ મંડે;
અહંકાર અભિમાન, છક છળભેદજ છંડે;
પરધન ને પરનાર, તજે પરનિંદા પ્રીતે;
સત્યસાથ સંબંધ, રજોગુણ રાખે રીતે;
દે દાન માન સનમાન શુભ, પરમારથ પ્રીતે કરે;
જો ગ્રહસ્થમાં ગુણ એટલા, તો ઈકોતર ઓધરે. ૩૨

પ્રતિદિન પ્રાતઃકાળ, સ્નાનસંધ્યા શુભ સેવા;
ગંગાજળસમ ગણે, પિતા માતા ગુરુદેવા;
ગાયવિપ્રનાં વૃંદ, તુલસી પીપળને પૂજે;
જીભે આઠે જામ, સત્યની વાણી સૂજે;

ભોજન કરાવી ભોજન કરે, જથાશક્તિ દાતા દયા ;
શામળ સદગુણી ગ્રહસ્થ તે, સહજમાંજ સ્વર્ગે ગયા. ૩૩

લોભીને પ્રિય લાભ, જારને વાલી જારી ;
સુમને વાલું દ્રવ્ય, પુરુષને વાલી પ્યારી ;
શૂરને વાલું શસ્ત્ર મૂરખને મૂર્ખ વખાણે ;
રાગીને પ્રિય રાગ, જોગી જોગીને જાણે ;
ગુણ સાથે ગુણ જેના મળે, તો ત્યાં પૂરણ પ્રીત છે ;
કહે શામળભટ સૌ માનજો, એજ અનાદિ રીત છે. ૩૪

છાનું ન રહે પુણ્ય, રહે નહિ છાની કત્યે ;
છાનું ન રહે ખૂન, છાની ન રે ગુણગત્યે ;
વિદ્યા છાની ન રહે, રહે નહિ છાની પ્રીતિ ;
છાનો ન રહે શૂર, રહે નહિ છાની રીતિ ;
દાતા ઝુઝાર ગ્નાની ગુણી, વ્યસન વાદ વિદ્યા વિધિ ;
વળી દાન માન સનમાન શુભ, છાની ન રે સિદ્ધિરિધિ. ૩૫

છાની ન રહે છેક, રીત રૂડી કે ભૂંડી ;
ઘરમાં કરિયે ગુહ્ય, દેશમાં વાગે ડૂંડી ;
છાનો ન રહે પુરુષ, શૂર કાયર કે દાતા ;
છાનું ન રહે છિદ્ર, ભ્રાત ભગની કે માતા ;
વળી વિદ્યા છાની રહે નહીં, લીલાલેર લક્ષ્મીતણી ;
કહી છાનું પાપ રહે નહીં, ખોદી ઘાલ પ્રથવી ખણી. ૩૬

નમે આપને જેહ, સમઘા તેને નમિયે ;
દમે આપને જેહ, તેહને દશઘા દમિયે ;
પાય આપને નીર, દૂધ તેને તો દઇયે ;
કરે આપને ઘાત, જીવ તેનો તો લઇયે ;
ઘાસે આપણને દામ દશ, જર ઝાઝો દઇયે સહી ;
જે ગુણઅવગુણ નહિ જાણશે, પિત્ર પિંડ લેશે નહિ. ૩૭

રાજાને તે સાલ, ફુટાયો ભાઇ ફૂટે;
એક પ્રજાને સાલ, ભૂપ વણવાંકે લૂટે;
વેપારીને સાલ, પટંતર પટકુળ નાંખે;
પૂરૂં પુરુષને સાલ, ભામની ભૂંડું ભાખે;
શામાને સાલજ શોક્યનું, મૂરખને વિધાતણું;
જે નર નવ માને નારને, ઓને સાલે તે ઘણું. ૩૮

જેમ મચ્છને નીર, જેમ વન્હિને વાયુ;
જેમ ભક્ત ભગવાન, જેમ જીવતને આયુ;
જેમ સતીને નાવ, જેમ જાચકને દાતા;
જેમ લોભીને લચ્છ, જેમ બાળકને માતા;
પ્રીતિ અનેક એવી વિધે, બહુ પ્રકાર બુઝે બહુ;
કવિ શામળ ભટ સાચું કહે, લેણદેણ લેછે સહુ. ૩૯

નાગો નવ લૂટાય, સૂમે નવ દાન અપાએ;
સાચો નવ દંડાય, ક્ષમાધર કદી ન કપાએ;
વૈદ જુએ શું નાડ, નિરોગી જેની કાયા;
ગુણિકાથી ન ઠગાય, મેલી જેણે જગમાયા;
મૃત્યુ પણ મારી નવ શકે, આયુષ છત્તાં આપને;
જમથી પણ નરક નખાય નહિ, શામળ નર નિષ્પાપને. ૪૦

ભલેજ જાયો જંન, જેથી સુખ પ્રાણી પામ્યાં;
ભલેજ જાયો જંન, જેથી દુનિયા દુખ વામ્યાં;
ભલેજ જાયો જંન, દાનદાતા કેવાણો;
ભલેજ જાયો જંન, સદા સદગુણી ગણાણો;
જનનીએ જેન ભલે જણ્યા, શૂર પૂર દાતા ભગત;
શામળ તે ભલે જનમિયા, જેથી સુખ પામ્યું જગત. ૪૧

ધન્ય તેહની માત, પુણ્યઉપર જો પ્રીતિ;
ધન્ય તેહની ભીત, જેહ ધર રૂડી રીતિ;

ધન્ય તેહની માત, જેહ સદાવ્રત આપે;
ધન્ય તેહની માત, પરાયાં કષ્ટજ કાપે;
ધન ધન તો માતા તેહની, દરિદ્રતા કવિની દળે;
કહે શામળ તે સૌથી વડો, બાકી બીજા બહુ મળે. ૪૨

સાસુકેરૂં કલંક, પાપણી વહૂ પ્રકાશે;
કુમિત્ર મિત્રકલંક, વિશ્વ સઘળામાં વાસે;
શેઠતણુંજ કલંક, ખુની વાણોતર ખોલે;
કંથતણુંજ કલંક, બુદ્ધિહીણી સ્ત્રી બોલે;
આપણે ઠામ દેખાડિયે, કલંક બોલે આપણું;
શામળ કહે તેનું પરખિયે, પ્રથમથીજ લુચ્ચાપણું. ૪૩

હાસથકી બહુ હાણ, હાસથી ગરુઆ ગાંજે;
હાસથી હોય કલેશ, હાસથી ભવનજ ભાંજે;
હાસથી રૂઠે રાય, હાસથી હિમ્મત હારે;
હાસથકી જશ જાય, હાસ વણમોતે મારે;
હસવાથી દૂંશ પહોંચે નહીં, હસે ખોડ લાગે ખરી;
શામળ કહે શાણા સમજજો, કરશો નહિ કદી મશકરી. ૪૪

દાતાર.

તરુવર લીલું જોઇ, છાંહ તેની સૌ બેસે;
ભર્યું નવાણે નીર, પાણી પીવા સૌ પેસે;
ફળ્યો દેખી વનરાય, જાય ક્ષુધાતુર ખાવા;
ગંગા જ્યાં ગંભીર, નીર સૌ જાય નહાવા;
જ્યાં દાતા દિલદરિયાવ છે, ત્યાં જાચક જાએ ઘણા;
વેતાળ જાય વિક્રમકને, શામળ શી ખોટમ મણા. ૪૫

પૂજે જેકો દેવ, દેહ દેવાંશી થાએ;
અમર થાય તે આપ, જેહ અમરિતફળ ખાએ;

ભળે ગંગમાં નીર, તેહ પણ થાએ ગંગા;
મળયાગરને પવન, કાષ્ટ ચંદન શુભ અંગા;
સુધરે સજ્જનસંગતથકી, તુંબીસંગ જ્યમ તન તરે;
કવી શામળભટ સાચું કહે, દાતા આપ સમો કરે. ૪૬

જોગી જૂઠો જોગ, વેષ વેરાગી વાયા;
જંગમ-વરતિક વેહ, કાળ મેલાવે કાયા;
જટા જંગોટા જૂઠ, નાયધુવે પણ નરતા;
મમત બાંધીને મુઆ, માહરું તારું કરતા;
શામળ કહે સાધન શ્રેષ્ટ તો, કષ્ટ લોકનું કાપવું;
વળી રામનામ રસના રટે, દાન અહોનિશ આપવું. ૪૭

ઉપર જેહનો હાથ, તેહના તો જશ ઝાઝા;
ઉપર જેહનો હાથ, તેહ વશ રૈયત રાજા;
ઉપર જેહનો હાથ, વશ્યકારી એ વિદ્યા;
ઉપર જેહનો હાથ, ન થાય તેની નિંદા;
જે ઉપર હાથ તે અધિપતિ, દાસ થાય સુરદાનવી;
વશ વરતે શિવસુદ્ધાં સકળ, કોણમાત્રમાં માનવી. ૪૮

લોભ.

લોભ ઘટાડે લાજ, કાજ બગડે જો જાગે;
વળી ઘટે વેવાર, ભાર શોભા પણ ભાગે;
લોભે લક્ષણ જાય, થાય અન્યાય અધર્મે;
લોભે સૌ સંતાપ, છાપ ચોંટે કુળકર્મે;
સનમાન માન મોટમ મટે, શુદ્ધ કુળમાં શૂળ છે;
શામળ કહે શાણા સમજજો, લોભ પાપનું મૂળ છે. ૪૯

લોભ તજાવે લાજ, લોભ તો સત છંડાવે;
લોભ ભગાવે ભાર, લોભ દાડી દંડાવે;

લોભ કરાવે પાપ, શાપ લોભે લે માથે;
લોભે બગડે બહુ, શુદ્ધ નારી કોઇસાથે;
તે લોભ નીચમાં નીચ છે, લોભે બુદ્ધિ પ્રરે ઘણી;
કવી શામળભટ સાચું કહે, લોભ નરકકેરો ધણી. ૫૦

જાય લોભથી જીવ, દૈવ પણ લોભે રૂઠે;
ભવન કરીદે ભસ્મ, લોભનો અગ્નિ ઊઠે;
હોય લોભથી હાણુ, જાણપણું લોભે જાએ;
લોભે હિમ્મતહીન, દીનપણું લોભે થાએ;
લોભે લક્ષણ લાખો ઘટે, લોભે સંકટ શૂળ છે;
કવિ શામળભટ સાચું ભણે, લોભ પાપનું મૂળ છે. ૫૧

લોભે તૂટે પ્રીત, લોભથી હિત ન હોએ;
લોભે ચોરી ચાડી, કરે કુળવંતા કોએ;
લોભે બોલે જૂઠ, લોભથી હત્યા થાએ;
લોભે જાય વિદેશ, લોભથી ગાણું ગાએ;
લોભી સઘળો સંસાર છે, હોય જેથી પણ હીનતા;
શામળ બહુ લોભી બે જણાં, વિપ્ર અને વળી વિનતા. ૫૨

લોભ કરાવે કષ્ટ, લોભ મરજાદ મટાડે;
લોભ કપાવે શીષ, લોભ ગુણજ્ઞાન ઘટાડે;
લોભે જાય તણાઇ, લોભ સુખ સર્વ શમાવે;
ઉત્તમ અધિપતિ આપ, નીચને શીષ નમાવે;
દુખ દાવાનળ તો લોભ છે, કરે ગુણીને ગરકમાં;
કવિ શામળભટ સાચું કહે, લોભી પડશે નરકમાં. ૫૩

અરથી ન ગણે પાપ, અરથી જગને નવ જુએ;
અરથી ન માને શાપ, પાણી પરિયાનું ખુએ;
અરથી કુડાં કામ, કરે બેકે ભવ બીએ;
અરથી બોળે નામ, લાખ લાંછન શિર લીએ;

અરથી તો જીવ આપે ખુએ, અરથી અવગુણ નવ ગણે;
અરથી આંખે દેખે નહીં, શામળભટ સાચું ભણે. ૫૪

આશા ઉંડી ખાડ, પાડથી થાય ન પૂરી;
હેમ મેરુસમ હોય, તોયપણ રહે અધૂરી;
આશા નીર અથાત, બહુ જન તેમાં બૂડ્યા;
કોણ રાય કે રંક, કોણ રૂડા કે ભૂંડા;
શૂરા પૂરા પંડિત સહુ, ભણ્યાગણ્યા ભૂલ્યા ભમ્યા;
આશારૂપી અરણવજળે, શામળ કહે સરવે શમ્યા. ૫૫

ગળે અરાડે અંગ, ગળે નાસા ને નેણાં;
પળે મુંડ ને તુંડ, વદાએ વિપરીત વેણાં;
અસ્થિ રુધિર ને માંસ, સુકાય ચલાય ન ચરણે;
ધાતુ સરવનો ધ્વંસ, કશું સંભળાય ન કરણે;
ઈંદ્રીઓ અધી અડવડે, અહાર નિદ્રા પણ ઘટે.
શામળ કહે તૃષ્ણા શતગુણી, મનમાં વધે નહીં મટે. ૫૬

ભીખ.

ભીખમાંહિ નહિ ભોગ, ભીખથી જોગ ન સાધે;
ભીખમાંહિ નહિ માન, ભીખથી ભાગ્ય ન વાધે;
ભીખ નામ નિર્માલ, ભીખથી ભારજ ખુએ;
ભિક્ષુક ઓછુંપાત્ર, ભીખસામું કો જુએ;
છે વરણ તુચ્છ તે સરવથી, ભીખ હોય હલકી બહુ;
કવિ શામળ કહે શાણા સુણો, ભીખથી ભૂંડું શું કહું. ૫૭

થરથર ધ્રૂજે દેહ, દેહની શુદ્ધ વિસારે;
તનઉપર નહિ તેજ, રામનું નામ ઉચ્ચારે;
ગળું ગળગળું થાય, નેત્રથી નીર ઝરેછે;
બોલે હળવા બોલ, શ્વાસ ઉશ્વાસ ભરેછે;

જેટલાં ચિન્હ મરવાતણાં, દુખદાવાનળ લાગતાં;
શરીરે ઉપજે શામળ કહે, માગણજનને માગતાં. ૫૮

સત્ય.

સત્ય રાખ્યું હરિચંદ્ર, નીચઘર પાણી ભરિયું;
રાખ્યું સત્ય બળિરાય, રાજ્ય પાતાળે કરિયું;
સત્ય સુધન્વા વીર, તેલ તાતે તન ધરિયું;
મીરાં રાખ્યું સત્ય, વિખનું અમૃત ઠરિયું;
સત રાખ્યું જે સતવાદીએ, આગળથી મહાદુખ મળ્યાં;
શામળ કહે અંતે સત તર્યું, ફળ સુખનાં ઉત્તમ ફળ્યાં. ૫૯

સાચું બોલે ચોર, છેક બંધનથી છૂટે;
સાચું બોલે જાર, રાય તેને નવ રૂઠે;
સાચું બોલે શત્રુ, દંડ તેને નહિ દેશે;
સાચું બોલે સાહ, નામ તેનું નહિ લેશે;
છે સાચાને સુખ ઢૂંકડું, સતનો સૂરજ સાખિયો;
શામળ સાચોજ સલક્ષણો, ભૂપ ભલાએ ભાખિયો. ૬૦

પાપી ન કરે પુણ્ય, પ્રભુ પાખંડી ન પૂજે;
સતને ન ગમે જૂઠ, અધર્મી ધર્મ ન બૂઝે;
થાય કપટનું ચપટ, કૂડનું બૂડયું જાણો;
સત્યજ તરે સદૈવ, રાંક કે મોટો રાણો;
સૌ સાચાથી સુખ પામશે, જૂઠે રૂઠે રામજી;
કવિ શામળભટ સાચું કહે, કરો ગમે તે કામજી. ૬૧

સાચીસમજ.

જટા ધરે વડ વૃક્ષ, પતંગ નિજ બાળે કાયા;
જળચર જળમાં નાય, ધ્યાન ધરવા બગ ધાયા;
ગાડર મુડાવે શીષ, અજા મુખ દાઢું રાખે;
ગર્ધવ લોટે છાર, શુક મુખ રામજ ભાખે;
વળી મોર તજેછે માનુની, શ્વાન સકળનું ખાયછે;
કવિ શામળ કહે સાચાવિના, કોણ સ્વર્ગમાં જાયછે. ૬૨

ઊંચું બાળે ઊંટ, વાગોળ નીચું ન્યાળે;
તરુવર સેહેછે તાપ, પાડ આસન દૃઢ વાળે;
ઘર કરી ન રહે નાગ, ઊંદરો રહે છપીને;
નોળીકર્મે ગજરાજ, ભક્ષ ફળપત્ર કપિને;
ઈશ્વર અનુભવવિણુ નવ મળે, સેજ ભાવના ભંગ છે;
શામળ મનસા સિદ્ધ તેહને, કથરોટમાં ગંગ છે. ૬૩

સિદ્ધે મુડાવ્યાં શીષ, કરી ઊઘાડી કાયા;
ફરી માગવી ભીખ, ન મેલી કોઇએ માયા;
વરતી ઘણાએ વેશ, લક્ષણો લેશ ન લેતા;
કાયા-માયા કાજ, ફરે ધર્મલાભ કહેતા;
વિશ્વંભર તેથી વેગળો, જ્યાંલગી મન ભામની ભજી;
શામળ કહે સાચો સિદ્ધ તે, જેણે મમતા ને માયા તજી. ૬૪

दलपतकाव्य

परोडियुं.

(उपजातिवृत्त.)

घंटातणा चार टकोर वाग्या, ઉદ્યોગિલોકો જન સર્વ જાગ્યા;
જાણે શ્રુતિ ચારતણા ઉચારે, મુમુક્ષુ અજ્ઞાનપણું ઉતારે. ૧

પૂર્વ ઉગ્યો શુક્રતણો સિતારો, તેજસ્વી તે શોભિત શ્રેષ્ટ સારો;
શું સૂર્યનો તે સરદાર આવ્યો, સંધિ કરાવા શુભ વિષ્ટિ લાવ્યો. ૨

પરોડિયે શીતળ વાયુ વાય, તેથી પડે ટાડ અને ધ્રુજાય;
કુરાજ્યમાં જેમ જનો ન જંપે, બીકે બધા લોકની કાય કંપે. ૩

પરોડિયે ઝાકળ તો પડેછે, ભીનાં થએલાં તરુ તેવડે છે;
જાણે નિશા સુંદરી છાંડી ધીર, રોઇ ધરાવે નિજનેણ નીર. ૪

કૂ કૂ સ્વરો કુકડ તો કરે-છે, સર્વત્ર જેના સ્વર સંચરે છે;
જાણે રવિરાય પધારનારો, તેના છડીદારતણા ઉચારો. ૫

વાજે રૂડાં ચોઘડિયાં નગારાં, જે લોકને નિત્ય જગાડનારાં;
જાણે નવા રાજ્યનો ફોજ આવે, તેની બડી નોબત આ બજાવે. ૬

ઘંટી-તણા ઘોષ ઘણાક થાય, દાણા પચ્યા બે પડમાં દળાય;
આકાશ પૃથ્વી પડ બે પ્રમાણો, જીવો પચ્યા તેમ દળાય જાણો. ૭

મહી વલોવે મહિયારી નારી, તજી બીજું માખણ લે ઉતારી;
તે જેમ સુજ્ઞો શુણી શાસ્ત્રબોધ, તજે બીજું સંઘરી સાર શોધ. ૮

સીમાભણી શબ્દ કરે શિયાળ, કાને પડે ઘોષ ઘણા કરાળ;
જાણે નિશાની ચમૂને જણાવે, નાસો હવે સૂર્યનું સૈન્ય આવે. ૯

વિદ્યારથી પાઠ ઉઠી કરેછે, જાણે રવિના જશ ઉચરે છે;
પ્રભાતિયાં ગાય સુભક્ત પ્રીતે, જાણે રવિના ગુણ ગાય ગીતે. ૧૦

प्रभात.

(उपजातिवृत्त.)

ઘણો કરેછે નિધિ ઘુઘવાટ, ગાજી-રહ્યોછે બહુ સર્વઘાટ;
જાણે ગયું પુત્રનું રાજપાટ, ક્રોધે કરે ગર્જન એજમાટ. ૧

પંખી મધુરા સ્વર ઉચરેછે, જૂદીજૂદી જાત અનેક જે છે;
જાણે થશે આજ નવીન રાય, ગાંધર્વ તેના ગુણગાન ગાય. ૨

જનો સ્તુતિ ઈશ્વરની કરેછે, માહાત્મ્ય તેનું મનમાં ધરેછે;
જાણે રવિનું શુભ રાજ્ય જાગે, પ્રભુસમીપે મુખ એમ માગે. ૩

ઉઠયા જનો અંચળ અલ્પ દીશે, જામો ન અંગે નહિ પાઘ શીશે;
જાણે થતાં બે નૃપની લડાઇ, લોકોતણી લક્ષ્મી ગૈ લુંટાઇ. ૪

રહે કુભાર્યા પતિસાથ રૂઠી, પ્રભાતમાંથી લડતીજ ઊઠી;
સુરાજ્ય થાતાં પણ બંડખોર, સુખે ન બેસે ઠરીને નઠોર. ૫

પ્રતિવ્રતા કાળ પવિત્ર જાણી, વદે પતિઆગળ પ્રેમવાણી;
સુરાજ્યનો જોગ રૂડો જડેછે, સુજાણ સંપી સુખ ભોગવેછે. ૬

શેહેરમાં માર્ગ જળે સિંચાય, જેથી પુરીમાં ગરદી ન થાય;
જાણે રવિદૂતતણી સવારી, પધારશે જાણી પુરી સુધારી. ૭

રાતે રહેલા ઘેન ચોકીદાર, તેમાં કરે નાયક ફેરફાર;
જાણે જૂના રાયતણા સિપાઇ, વિદાયકીધા નવી ફોજ ધાઇ. ૮

દેવાલયો ને વળી રાજદ્વારે, વાજાતણા ઘોષ થયા અવારે;
જાણે પ્રજાએ સુણીને વધાઇ, સામા જવાની કરીછે સજાઇ. ૯

મૂક્યાં ઉઘાડાં પુરદુર્ગદ્વાર, પ્રવાસિયો પંથ પળે અપાર;
છૂટે જીવોનો જઠરાગ્નિવાસ, હરેફરે જેમ કરે વિલાસ. ૧૦

પ્રવાસિયો જાય અનેક રસ્તે, પ્રવાહની પેર દીસે સમસ્તે;
જાણે રવિથી હિમ પિગળીને, વહી નદીઓ બહુ નીકળીને. ૧૧

ઉતાવળો કોઇ વહે અગાડી, અગાડી જાનાર રહે પછાડી;
પૃથ્વી શનિઆગળ ચાલીજાય, તો જેમ તે વક્ર થયો જણાય. १२

ઉતાવળો જે જન પંથ ધાય, થાકી રહે ને મનમાં મુઝાય;
ઉતાવળો થાય હરેક કામે, તે જેમ તેમાં નહિ સિદ્ધિ પામે. १३

शरदऋतुमांथी.

१ (मालिनीवृत्त.)

સરદરુતુસમામાં, સ્વચ્છ આકાશ દીશે,
દરપણ શુભ માજ્યું, જેમ ઓપે અતિશે;
ચળકચળક થાતું, ચંદ્રનું બિંબ ચારુ,
અમળકમળ ઓપે, નીરમાં જેમ સારું. ૧

ચળકચળક થાતું, ચંદ્રનું બિંબ કેવું,
સરસવદન શોભે, રાત્રિરાણીનું જેવું;
વળી ગગનવિષે આ, સ્વચ્છ તારા ઘણા છે,
રજનીતરુણીના શું, હાર હીરા તણા છે. ૨

શશિસનમુખ ભાળે, ચાહીચાહી ચકોરી,
જનમથકીજ બાંધી, પ્રેમની જેમ દોરી;
પ્રભુપદપર પ્રેમી, એ રીતે પ્રેમ આણે,
અવર સકળ મિથ્યા, જીવમાં એમ જાણે. ૩

કુમુદની રજનીમાં, ચંદ્ર દેખી ખિલેછે,
દિવસપતિ નિહાળી, દુઃખ પામી લળેછે;
મૂરખ મનુષ ઢોંગીને સદા સ્નેહી જાણે,
પરમપુનિતને તો, દેખીને દુઃખ આણે. ૪

કુમુદકમળ સાથે, જન્મીને ઉચ્છરેછે,
પણ શશિરવિસાથે, સ્નેહ જૂદા કરેછે;

જનમ જનની એકે, તોય જૂદા સ્વભાવ,
વિબુધજન વિલોકો, ઈશ્વરી એ બનાવ. ૫

અધિક વિમળ ઓપે, આજ આકાશગંગા,
નભ મકરરાશીમધ્યભાગપ્રસંગા ;
લઘુ લઘુ બહુ તારાકેરી તે છે પ્રભાય,
વિગતિ સરવ જોતાં, દુર્બિને તે જણાય. ૬

---

२ (मालिनीवृत्त.)

નદીજળ મળ છાંડી, વેગ ધીમો જણાય,
મનુષ ગતજુવાની, શાંત તે જેમ થાય ;
તટસમીપ તરુઓ, નિર્ભયે છે નિહાળો,
સુજનસમીપવાસી, તે સુખી જેમ ભાળો. ૧

સરિત સર સુશોભે, નિર્મળાં નીરવાળાં,
કમળ સરસ રંગી, ત્યાં દીસેછે રૂપાળાં ;
નિરમળ મનમધ્યે, ધર્મનો ભાવ જેમ,
પ્રગટ સરસ શોભે, સ્વચ્છતાયુક્ત તેમ. ૨

ભ્રમર બહુ ભમે છે, કંજનો ગંધ લેવા,
ગુણ ગ્રહણકરેછે, ગ્રાહકો સુજ્ઞ જેવા ;
ભ્રમર રવ કરેછે, પામી આનંદ અંગે,
કવિજન શુભ કીર્તિ, જેમ બોલે પ્રસંગે. ૩

પવનતણી લહેરે, પદ્મનાં કંદ હાલે,
કરતી સુરસ કેલી, અપ્સરા જેમ ચાલે ;
સરિતસરતરંગો, ચાલતા મંદમંદ,
સ્થિરમન જન ચાલે, જેમ છૂટે સ્વછંદ. ૪

સરસરિતથકી જો, વાણિયા જોડી જાય,
બહુ રવ કરનારાં, દેડકાં ના જણાય;
નિરમળ મનવાળા, ભૂપને જેમ છોડી,
કપટી જન ખસેછે, સ્વારથી સ્નેહ તોડી. ૫

જલદઋતુથી જૂદો, વેશ ધાર્યો નદીએ,
શિશુવયશણગારો, ફેરવ્યા જેમ સ્ત્રીએ;
હરિત તૃણ હતાં ત્યાં, શેરડા થૈગયાછે,
ધરણી શરીર સાડી, ધારી જૂદી શું આ છે. ૬

અવનીઉપર રૂડા, સાફ રસ્તા પડ્યાછે;
કવિજનમનમાં તે, દેખો કેવા ચડ્યા છે;
હતી તનપર સાડી, જે લીલા રંગ ભીની,
બદલીનવિન ધારી, આજ પટ્ટાપટીની. ૭

સરિતસરતટે છે, હંસ ને ચક્રવાક,
મધુર સ્વર ઉચ્ચારી. હર્ષ પામે અથાક;
વિમળ જળ વિલોકી, આવિયા પક્ષી એવા,
સુજન અમલ સારે, જેમ આવે રહેવા. ૮

દયારામ.

"સંવત ૧૫૦૦ થી તે સંવત ૧૯૦૦ લગીમાં જે જે સારા સારા કવિ થઇ ગયાછે તેમાં છેલ્લો ને ઉપલા વર્ગમાં મૂકવા જેવો શૃંગારકવિતાથી પ્રસિદ્ધિ પામેલો એવો દયારામ છે. એ જ્ઞાતે સાઠોદરો નાગર વડોદરેથી બાર ગાઉઉપર ડભોઇ કસ્બો છે ને ત્યાંહી સાત ગાઉઉપર નર્મદાતીરે ચાણોદ (ચંડિપુર) ગામ છે ત્યાં સંવત ૧૮૩૩ ઇ૦ સ૦ ૧૭૭૭માં જન્મ્યો હતો, અને એ સંવત ૧૯૦૮ના માધવદ ૫ વાર સોમે ઇ૦ સ૦ ૧૮૫૨ના ફેવરવારીની ૯ મી તારીખે ૭૫ વર્ષની ઉમ્મરે મરણ પામ્યો. કાશીવિશ્વેશ્વરની લાવણી એ એનું પેહેલુંજ કાવ્ય કેવાય છે. એણે ગુજરાતી, હિંદુસ્તાની, પંજાબી, મરેઠી, સંસ્કૃત અને ફારસીમાં કવિતા કીધી છે, પણ દેવનગરીશિવાય એને બીજી લિપિ લખતાં આવડતી નહિ એમ કેવાયછે. એની કવિતા ગુજરાતીમાં ને હિંદુસ્તાનીમાં ઘણી છે. એના મુખ્ય શિષ્ય જોષી રણછોડના કેવાપ્રમાણે નાનામોટા મળી એણે ૧૩૫ ગ્રંથ બનાવેલાછે, અને એ ગ્રંથોઉપરાંત એની કવિતા છુટકછુટક પદ, ગરબી, લાવણી વગેરેમાં પણ બહુ છે. વળી જોષી રણછોડનું કેવું એવું છે કે જ્યારે જોસ્સો આવતો ત્યારેજ એ કવિતા બનાવતો. એનામાં શીઘ્રકવિતા કરવાની શક્તિ હતી અને એ પ્રાસને માટે ઝાઝી દરકાર રાખતો નહોતો. દયારામ ગવૈયાની પેઠે સારૂં ગાઇજાણતો નહોતો, તોપણ એ રાગ, સૂર, તાલની સમજ સારી ધરાવતો. દયારામનું ગુજરાતી કવન વાંચવા તથા સાંભળવામાં આવ્યુંછે, તેઉપરથી હાલ મારા (નર્મદાશંકરના) વિચાર બંધાયા તે આ પ્રમાણે છે—એના ગ્રંથોમાંના કેટલાએકમાં ઘણી વાતનાં જ્ઞાનસાથે વિદ્વત્તા જણાયછે અને કેટલાએકમાં સાધારણ વાતજ દીસેછે. પણ એની ગ્રંથરૂપ ગુજરાતી કવિતામાં ઉંચી પ્રતિની કવિત્વશક્તિ દેખાતી નથી. એની હિંદુસ્થાનીમાં સતસૈ છે તે એનો ઉંચી પ્રતિનો ગ્રંથ છે ખરો. એની છુટક છુટક કવિતા પદ ગરબીઓ વગેરે જે છે- પછી શૃંગારસંબંધી કે નીતિવૈરાગ્યસંબંધી, તેમાંની અડધોઅડધ ઘણી સારી છે. એ છુટક છુટક કવિતામાંથી સુનીતિવાળીનો સંગ્રહ કરી તેને **દયારત્નમાળા** એવું નામ આપિયે તો તે ખોટું ન કેવાય. દયારામનાં કવનમાં વિશેષે ત્રણ રસ જોવામાં આવેછે—શૃંગાર, શાંત અને હાસ્ય. દયારામનાં કાવ્યની પ્રસિદ્ધિ માત્ર તેનાં છુટક કવન અને તેમાં વિશેષે કરીને શૃંગારસંબંધી કવનથીજ છે."

પદ ૧.

તારો અમૂલખ અવસર જાયરે, ગોવિંદ ગારે—
ગોવિંદ ગા ગોપાળ ગા. ગોપીજનવલ્લભ ગારે,
જેને ક્ષણેક્ષણે હાનિ થાએ, ગિરિવરધારી ગાને- ગો૦ ટેક.

મૂરખ તું સમજે નહીં, આયુષ ઓછું થાય;
જયમ સરોવરની માછલી, સમજે નહીં સલિલ સુકાય રે. ગો૦ ૧

તેનુંતે ભાસે તુને, ભોર બપોર શરીર ;
વહીજાતું જાણે નહીં, જ્યમ નદીઓનું નીર રે- ગો૦ ૨

અમૂલખ લટકું લાભનું, ચેત્યા તે પામ્યા પાર ;
ચાર દિવસની ચાંદની, જાતાં નહિ લાગે વાર રે- ગો૦ ૩

માયાની મધલાળથી, કોણ ધરાયું તું ધરાશ ;
દુગ્ધામાં બન્યો જશે, પાછળથી પસ્તાશ રે- ગો૦ ૪

ઠાલાં ચોથાં કૂટતાં, ખૂટયું દીપકતેલ ;
મનના મનોરથ રૂઇજશે, અચિંતો તૂટીજાશે ખેલ રે- ગો૦ ૫

માયા મેવો મીઠડો, જ્યમ જ્વરમાં ધીજ ;
હરિરસાયણ ગુણ ઘણો, ઔષધ જાણીને પીજ રે- ગો૦ ૬

પ્રભુપાખે હે પ્રાણિયા, કોઇ મા પ્રીત કરીશ ;
તારૂં ઢાંક્યું અંતર ધીકશે, ટટળીને તલસીમરીશ રે- ગો૦ ૭

અંતે આવી પળ નહિ મળે, જો કરે કોટિ ઉપાય ;
વિચાર વિઠ્ઠલ વણજીજે, વૃથા વહ્યું સૌ જાય રે- ગો૦ ૮

તને અનેક વાતની એક કહુંછું, સમખાઇ માબાપ ;
દયા નામ શ્રીકૃષ્ણથકી, શમશે સૌ પરિતાપ રે- ગો૦ ૯

પદ ૧.

હરિ જેવો તેવો હું દાસ તમારો, કરુણાસિંધુ અહો કર મારો-હરિ૦ ટેક.

સાંકડીના સાથી શામળિયા, છો બગડ્યાના બેલી ;
શરણ પડ્યો ખળ અમિતકુકરમી, તદપી ન મૂકો ઠેલી- હરિ૦ ૧

નિજ જન જૂહાની જાતી લજ્જા, રાખોછો શ્રીરણછોડ ;
શૂન્ય ભાગ્યને સફળ કરોછો, પૂરો અરદ-બળ-કોડ- હરિ૦ ૨

અવળનું સવળ કરો સુંદરવર, જ્યારે જન જાએ હારી ;
અયોગ્ય યોગ્ય પતિત કરો પાવન, પ્રભુ દુઃખ-દુકૃત-હારી- હરિ૦ ૩

વિનતિવિના રક્ષક નિજ જનના, દોષતણા ગુણ માનો;
સ્મરણ કરતાં સંકટ ટાળો, ગણો ન મોટાનાનો.- હરિ૦ ૪

વિકળપરાધીનપીડા પ્રજાળો, અંતરનું દુખ જાણો;
આરતબંધુ સહિષ્ણુ અભયકર, અવગુણ ઉર નવ આણો.- હરિ૦ ૫

સર્વેશ્વર સર્વાત્મા સ્વતંત્ર, દયાપ્રીતમ ગિરિધારી;
શરણાગતવત્સલ શ્રીજી મારે, મોટી છે ઓથ તમારી.- હરિ૦ ૬

પદ ૩.

ચિત તું શિદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે--- ટેક.

સ્થાવરજંગમ-જડચૈતનમાં, માયાનું બળ ઠરે;
સમરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું, જન્મમરણ જાય પરે. કૃષ્ણ૦ ૧

નવ માસ પ્રાણી કૃષ્ણચંદ્રનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ થયું ત્યારે, લખચોરાસી ફરે. કૃષ્ણ૦ ૨

તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે;
ધણીનો ધાર્યો મનસૂબો, હરબ્રહ્માથી નવ ફરે. કૃષ્ણ૦ ૩

દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વજાડે જંત્રી, તેવો સ્વર નીસરે. કૃષ્ણ૦ ૪

થનાર વસ્તુ થયાંકરે, જ્યમ શ્રીફળમાં જળ ભરે;
જનાર વસ્તુ એણીપેર જાશે, જ્યમ ગજ-કોઠું-ગરે. કૃષ્ણ૦ ૫

જેવું જેટલું જ્યમ જે કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહિ કોઇથી, શિદ ફૂટાઇમરે. કૃષ્ણ૦ ૬

તારું ધાર્યું થાતુંહોય તો, સુખ સંચી દુખ હરે;
આપપણું અજ્ઞાનકુળ એ, મૂળ વિચારે ખરે. કૃષ્ણ૦ ૭

થાવાનું અણચિંત્યું થાશે, ઉપાનિષદ ઓચરે;
રાખ ભરોસો રાધાવરનો, દયા શિદને ડરે. કૃષ્ણ૦ ૮

પદ ૪.

જે કોઇ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.—ટેક.

સિંહણકેરું દૂધ હોય તે, સિંહણસુતને જરે;
કનકપાત્રપાખે સૌ ધાતુ, ફોડીને નીસરે. પ્રેમ૦ ૧

સકરખોરનું સાકર જીવન, ખરના પ્રાણજ હરે;
ક્ષારસિંધુનું માછલડું જેમ, મીઠા જળમાં મરે. પ્રેમ૦ ૨

સોમવેલીરસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે;
વગળવંશીને વમન કરાવે, વેદ વાણી ઉચ્ચરે. પ્રેમ૦ ૩

ઉત્તમ વસ્તુ અધિકારવિના મળે, તદપિ અર્થ ના સરે;
મત્સ્યભોગી બગલો મુક્તાફળ, દેખી ચંચુ ના ભરે. પ્રેમ૦ ૪

એમ કોટિ સાધને પ્રેમવિના, પુરુષોત્તમ પૂઠ ન ફરે;
દયાપ્રીતમ શ્રીગોવરધનધર, પ્રેમભક્તિએ વરે. પ્રેમ૦ ૫

પદ ૫.

(राग काफी.)

ભટકતાં ભવમાં રે ગયા કાળ કોટિ વહી;
હધ થઇ હાવાં રે રાખો હરિ હાથ ગ્રહી.—ટેક.

આવ્યો શરણ ત્રિતાપનો દાધ્યો, શીતળ કીજે શ્યામ;
કરગરી કહુંછું કૃષ્ણ કૃપાનિધિ, રાખો ચરણ સુખધામ,
કરુણાકટાક્ષે રે, કિલભિષકોશ દહી. ભટ૦ ૧

જો મારાં કૃત્યસામું જોશો, તો ઠરશે બરાબરી;
રત્ન ગુંજા ક્યમ હોય સમતોલ, હું રંક ને તમો હરિ,
માટે મન મોટું રે, કરો મુને રંક લહી. ભટ૦ ૨

આશાભર્યો આવ્યો અવિનાશી, સમર્થ લહી તમપાસ;
ધર્મધુરંધર તમ દ્વારેથી, હું ક્યમ જાઉં નિરાશ,
નિજનો કરીલ્યો રે, ના તો મુને કેશો નહિ. ભટ૦ ૩

અર્જ સાંભળો અનાથ જનની, શ્રવણે શ્રીરણછોડ;
એકવાર સન્મુખ જુઓ શામળિયા, પોંચે મનના કોડ,
હસીને બોલાવો રે, દયા તું મારો કહી. બાટ૦ ૪

રુખમણીવિવાહમાંથી.

વળતા શુકજી પછી એમ બોલીઆ, સાંભળ ભૂપતિ રે;
એવું સાંભળી પ્યારીનું પત્ર, વિકળ થયા પતિ રે. ૧

પ્રભુ કહે શું કહિયેરે ભૂદેવ, અમારી પણ એ ગતિ રે;
એ રાજકુમારી માટ, નિદ્રા નથી આવતી રે. ૨

અમો પણ પત્રવાટ જોતાહતા, વિલંબ નથી કસી રે;
એવું કહીને ઉઠયા તતખેવ, ચિંતા મન વસી રે. ૩

કહ્યું સારથિને રથ લાવ, મારો શીઘ્ર સજ કરી રે;
કેહેતામાં લાવ્યો તતકાળ, આરૂઢ થયા હરિ રે. ૪

માંહે બ્રાહ્મણને પણ બેસાડ્યો, ચતુરશિરોમણિ રે;
તમપાખે ત્રિયાને કોણ, કેશે જઇ વધામણી રે. ૫

એવું કહી રથ ત્યાંથી ખેડાવીઓ, વાયુવેગેકરી રે;
થોડી વારમાં પોંતો તાંહે જાહાં છે કુંદનપુરી રે. ૬

નગ્ર દીઠું ને બ્રાહ્મણ મોકલ્યો, જઇ કો વધામણી રે;
હાવાં ત્યાં પણ થાએ સુકંન, શ્રીઅંગે રુકમણી રે. ૭

વામ ઉર ને બાહુ ફરકી આંખડી, જોઇને વિચારતાં રે;
એવામાં દીઠો આવતો વિપ્ર, વિમાસણ ધારતાં રે. ૮

બોલ્યા ગોરજી બાઇજી વધામણી, છે પ્રભુ આવીઆ રે;
એવું સાંભળી હરખ ન માય, બોલ્યાં પ્રાણ લાવીઆ રે. ૯

મુની કહે પુરસમીપ પધાર્યા, પછી મુને મોકલ્યો રે;
કાવ્યુંછે હાવાં રેજો પ્રસંન, દિવસ આવ્યો ભલો રે. ૧૦

પછે બહુ ધન વિપ્રને આપીજી, તે પણ કહું કથી રે;
પધરાવ્યાછે પ્રાણજીવંન, તેસમ તો કશું નથી રે. ११

પછે પ્રેમસું કીધા પ્રણામ, શ્રીજગદંબા રુકમણી રે;
દીધી આશિષ પ્રસન્ન થઇ, રૂષિ ચાલ્યા મંદિરભણી રે. १२

હાવાં દ્વારિકામાં કેમ નીપન્યું, તે પણ કહું કથી રે;
બળદેવજી કહે પ્રભુ ક્યાંહાં, પધાર્યા દીસતા નથી રે. १३

પછે ખબર થઇ જે પોતે તો, પધાર્યા કુંદનપુરી રે;
શુણી હળધર થયા તૈયાર, સૈન્યા સૌ સજ કરી રે. १४

જાણ્યું બંધવ એકલો કુમકે, પૂઠે પોતે પળ્યા રે;
બહુ શીઘ્રતાએ બળભદ્ર, પ્રભુને આવીમળ્યા રે. १५

પછે ખબર પધાર્યાની, ભીમકરાજાએ સાંભળી રે;
સામા આવી કર્યું સનમાન, પ્રીતેથી હળીમળી રે. १६

પછે પધરાવ્યા પુરમાંહે, ઉતાર્યા તે સ્થળે રે;
જાંહાં ધાર્યાહુતો જાનીવાસો, થયું તે ઇચ્છાબળે રે. १७

કીધું પૂજન બહુવિધિ કૃષ્ણનું, રામનું પણ કર્યું રે;
ઘણાં આપ્યાં આભૂષણવસ્ત્ર, રાજાનું મન ઠર્યું રે. १८

કીધી આગતાસ્વાગતા બહુવિધિ, ને રાયજી વળ્યા રે;
સમાચાર જાણી પુરલોક, સહુ જોવા મળ્યા રે. १९

જોઇ સ્વરૂપ સુઘડતા શ્રીકૃષ્ણની, મોહ પામ્યું સહુ રે;
આ તો વર છે શ્રીરુકમણીજોગ, જોડું શોભે બહુ રે. २०

અમારાં કંઇ સુકૃત હોય તે, આવીને આં ફળો રે;
તે થકી પણ આ વર રુકમણીને નિશ્ચે મળો રે. २१

હાવાં નગરીમાં ઘેરઘેર તોરણ, કદળીસ્તંભ છે રે;
પુર શોભા કહી નવ જાય, વેવાઆરંભ છે રે. २२

હાવાં કન્યાને પીઠી ચોળાય છે, મંગળ ગવાય છે રે;
પેલે શિશુપાળે ચોળીછે રાખ, તે પીઠી કેવાયછે રે. २३

હાવાં અંબિકા પૂજવા કન્યા, ચાલ્યાં ત્યાં શોભા બણી રે;
મધ્ય ચરણુ ચાલછે આપ, વીટીત્રળી સ્ત્રી ઘણી રે. ૨૪

દેશદેશના ભૂપ આવ્યા તે, સરવે સાથે સજ થયા રે;
ઉઘાડાં ધર્યાંછે ખડગ. શસ્ત્ર પાંકારયાં રે. ૨૫

કન્યા પારવતીજી પૂજ્યાં, ગોરાણી પૂજાવીઆં રે;
કર્યું ધૂપદીપનૈવેદ, તંબોળ ધરાવીયાં રે. ૨૬

પુષ્પમાળા ધરી કરી આરતી, ને પાએ લાગીઆં રે;
મુજને મળજો શ્રીકૃષ્ણુ ભરથાર, એ ફળ માગીઆં રે. ૨૭

ગુરુપત્નીને મુખદ્વારે બોલીને, ઉમાએ એમ કહ્યું રે;
તુંને ઇચ્છાવર મળશે તે કારણુ, જાણે સિદ્ધ થયું રે. ૨૮

શુણી એવું વળ્યાં સુકુમારી, સખીકર કર ગ્રહી રે;
તે સમે નથી શોભાનો પાર, તે કેમ શકું કહી રે. ૨૯

લાંબી વાસુકી સરખી વેણુ, સચીકણુ શામળી રે;
અર્ધચંદ્રાકારે છે કપાળ, નાસા જાણે શુક વળી રે. ૩૦

કોટી શશી ને સૂરજ ઝાંખા પડ્યા, મુખ એનું નિરખતાં રે;
દંતપંક્તિ કુંદકળીપુષ્પ, વરખે છે હરખતાં રે. ૩૧

મોટી અણિયાળી ચંચળ આંખડી, ત્રાજૂડી શોભીએ રે;
રદે કર કટિ સિંહસમાન, હરિમન લોભીએ રે. ૩૨

ચાલે મંદગતિ ગજસરીખડી, નૂતન વસ્ત્ર છે રે;
શોભે નખશિખ આભ્રણુ સાર, દુષ્ટઉર શસ્ત્ર છે રે. ૩૩

હાવાં પ્રાણુપતિ દીઠા સનમુખ, નિરખવાકારણે રે;
વામહસ્તે ઊંચા કીધા કેશ, તે લટકાને વારણે રે. ૩૪

એવી શોભા જોઇને મૂર્છિત થયા, સૌ જન ભૂપતિ રે;
પ્રભુ જોતાં સહુ સ્ત્રીજનની પણુ થઇ એ ગતિ રે. ૩૫

પછે તે સમે તારુણી નેત્રવડે નાથ તેડીઆ રે;
પ્રભુજી કહે સમો છે હાંક, ફેતાં અશ્વ ખેડીઆ રે. ૩૬

નિજ રથદંડ ગ્રહી ઊભાં રૂકમણી, રથ ત્યાં આણ્યો સહી રે;
પ્રભુએ પોતાના રથમાંહે, ખેંચીલીધાં કર ગ્રહી રે. ३७

પાસે બેસારીને રથ હાંક્યો, આનંદ અતિ થયો રે;
જે જે શબ્દ કરે સુરજંન, રૂકમણીકર હરિ ગ્રહ્યો રે. ३८

વળણ.

હરિ ગ્રહ્યો કર જાણીને, હરખ્યાં સરવ સ્વજંન રે;
પેલા રાજાઓની મૂરછા વળી, થઈગયાં શ્યામ વદંન રે. ३९

અરે આ શું થયું કૃષ્ણે, કર્યું કન્યાહરણ રે;
શું મોહડું કોઈને દેખાડિયે, આથકી સારું મરણ રે. ४०

नर्मकविता.

वर्षारुतु.

(मालिनीवृत्त.)

ઘડીઘડી તડકો ને, છાંયડો ફેરવાએ,
ગરમીથી ઉકળાટો, પ્રાણીને ભારી થાએ;
અહિં તહિં બહુ દીસે, દોડતાં અભ્ર કાળાં,
સકળ જન કહે એ, વૃષ્ટિના થાય ચાળા. १

ફડફડ ફફડાવે, ધૂળમાં ચલ્લી પાંખ,
પસરીજ બગ બેસે, પાંખ પોતાની સાખ;
અરણવથી કિનારે, આવતાં પંખી ભાળ્યાં— સકળ૦ २

ફર ફર ફર આવે, થંડ વા રાતદાડો,
ખૂરર થરર શબ્દે, હાલતાં થાય ઝાડો;
રસ બહુ ઉતરેછે, યંત્રમાંહે રૂપાળા— સકળ૦ ३

અધિક ભીની હવા તો, નિત્યકર્તાં જણાએ,
પસરી ફુલસુગંધી, આવતી ખૂબ થાએ;
દૂરથકી સંભળાએ, વાગતા ઘંટ ઠાલા— સકળ૦ ४

કમિ ગરમિ હવાએ, ખાર તે પિગળાએ,
ઉધઇ કીડી મકોડી, જોરમાં ઉભરાએ;
તજવીજ કરતાં રે, બાંધવે પંખી માળા— સકળ० ५

રૂડું ધનુષ જણાએ, પીત સૂર્યાસ્તભાસ,
અતિ ઉજળું કુંડાળું, ચંદ્રની આસપાસ;
વિજળી ઘણી ઇશાને, નેરુતા વા શીતાળા— સકળ० ६

ऊनाळामां.

(मालिनी.)

સરસ પવન ટાડો, મંદ વાસિત આવે,
સકળ વસતુ અંગે, હોંસ આનંદ લાવે;
વન ઉપવન સંધાં, દીસતાં રમ્ય રંગી,
નવલજ અનુરાગે, પ્રાણિયો છે ઉમંગી. १

વિધ વિધ વિધ રંગે, ફૂલડાં શોભી મેકે,
ઊંચીનીચી ઘટપત્રે, વેલીઓ ખૂબ લેકે;
મધુરરસફળો તે, સર્વને પાસ તેડે,
વળી મીઠું પચરંગી, પંખિયો ગાય કોડે. २

વિવિધ ફુલલતાએ, ઝૂલતા માંડવાઓ,
તરુણતરુતણા છે, ડોલતા છાંયડાઓ;
હરખથી નરમાદા, પંખી ઝૂલે હિંડોળે,
મધુરસસુખ તે લે, ભાગ્યશાળીજ હોએ. ३

પરવતતણી ટોચે, મોર કોએલ આંબે,
મધુર રવ કરેછે, ધન્ય સાદેજ લાંબે;
હરિત સરસ આંબે, મોરના ગુચ્છમાં તે,
મધુકરજૂથઘૂમે, હર્ષઘેલાપમાં રે. ४

દિવસ સુરખી મારે, ફૂમજો સૂર્યતાપે,
નિરમળશશિયોગે, રાત તો રમ્ય લાગે;
સરસ ફુલપરાગો, ઠામઠામેજ ઊડે,
નિરખોં સકળ તુંમાં, ભાવથી કો ન બૂડે. ૫

અતિશ ગરમ કીર્ણું, મૂર્ય સંધે પ્રકાશે,
મૃગજળ બહુ ભાસે, ક્ષારવાળી જગાએ;
સખત લૂ વરસે ને, ચોદિશા શૂન્ય થાએ,
નદીસરવરકેરાં, પાણી સૂકાઇજાએ. ૬

બહુ ડર ઉપજાવે, ખેતરો તો તપેલાં,
ઘર મૂકી કરવા તે, રે પ્રવાસો ન મેલા;
અતિશય ઉકળાટો, વાદળો તાપ લાવે,
શ્રમ સહજ કરંતાં, લોક થાકીજ જાએ. ૭

ખૂબ લટકતી આંબે, દીસતી કેરિયો ને,
અવર ફળ ઘણાંઓ, દે રસો મિષ્ટ માને;
હરિત ગુરુ તરુઓ, શોભતાં પાતરાંથી,
સુખ સરવ જીવોને, આપતાં છાંયડાથી. ૮

પરવતની તળેટી, તેથી થોડેક દૂરે,
સુણું અટકતી ગાતી, કુંજ ધીમેજ સૂરે;
સરખી મધુર ચૂં ચૂં, રૂપસારંગી વાગે,
ઝરર પડતું પાણી, નિર્મળું રમ્ય લાગે. ૯

ચરીકરી વળતું તે, પાછું ગોનારું જોઉં,
રૂડું કરતુંજ બેં બેં, ટોળું ઘેટાંનું જોઉં;
જળો રમણિય જોઉં, થંડ દીનાંતસીમા,
રસ પિઇ બની કેરી, રે શમું પોકળીમા. ૧૦

ईश्वरप्रार्थना.

(शार्दूळविक्रीडितवृत्त.)

જે જે બ્રહ્મ અનંતગોળકરતા, દેવાધિદેવા હરે,
તારી આંખવિના શું વિઘ્નહરતા, થાતે અમોથી અરે;
જે જે સર્વ ભર્યાંછ યોગ્ય પગલાં, તે તે કૃપા તાહરી,
કર્ત્તવ્યો બહુ છે હજી તું હમને, દેજે મતિ ઓ હરી. ૧

સંપે રાખી પરસ્પરે કરવ તું, કામો સુધારાતણાં,
દેશીઓતણી થાય મુંજ ચડતી, કાંઇં ન રેહે મણા,
જાતિબંધનકોટ તે તૂટીપડે, રસ્તા બીજા મોકળા,
તે તું તોડવ બુદ્ધિ-સાહસબળે, વેમોની જાએ બલા. ૨

મોટાં સંકટમાં બહુ ધીર ધરી, સામે ઊભું રેહતાં,
લાગે આગળ સાહસે વધી જતાં, સાથી રૂડા જોઇતા;
સન્મિત્રો ઘરવેર તે વિસરીને, પ્રેમે કરે સાહ્યતા,
તેવી તું કર પ્રેરણા ઝટ થશે, દેશીની ઉત્કર્ષતા. ૩

ઝાઝું શું પ્રભુ તુજને વિનવિયે, થોડા અમે તો છિયે,
શત્રુ તો બળવાન છે રણવિષે, કેમેકરી જીતિયે;
દેશાનું હિત જાણીને હું હું કરી, ઝુંડો કર્યો મોખરે,
હાવાં તો સરદાર તું જશતણો, ડંકો કરાવે ખરે. ૪

कबीरवड.

(शिखरिणीवृत्त.)

ભૂરો ભાસ્યો ઝાંખો, દૂરથી ધુમસે પાડસરખો,
નદીવચ્ચે ઊભો, નિરભયપણે એકસરખો;
દીસ્યો હાર્યો જોદ્ધો, હરિતરંગું હદે ધ્યાન ધરતો,
સવારે એકાંતે, કબીરવડ એ શોક કરતો. ૧

કદે દેખાવે એ, અચરતી જણાએ જગતમાં,
ખરે એ મોરાંને, મગરુબ રહું દેશ નવ કાં?
મનાએ સત્સંગે, પવિતર કબીરાભગતમાં,
પ્રજાની વૃદ્ધિએ, નિત અમર કેવાય નવ કાં? ૨

ફૂટી ડાળોમાંથી, પ્રથમ તરુકેરી નિકળતા,
ખુંચે તેવા તંતુ, વધીજઇ નીચે તે લટકતા;
જટાની શોભાથી, અતિશ શરમાઇ શિવ ઉઠ્યા,
જટાને સંકેલી, વડ તજી ગિરિએ જઇ રહ્યા. ૫

ઉનાળાનો ભાનુ, અતિશ મથો ભેદી નવ શકે,
ઘટા ઊંચે એવી, જન શીતળછાયાસુખ લિયે;
ખુલી બાજુઓથી, બહુ પવન આવી જમીનને,
કરે ચોકખી રૂડી, પછી મિત થઇને ખુશિ કરે. ૧૦

ઘણા જંતુ પંખી, અમળસુખ પામે અહિં રહી,
ઘણા જાત્રાળુઓ, અહિં ઉતરતા પુણ્ય સમજી;
ઘણા શિકારીઓ, ગમત કરતા રે બહુ અહીં,
હજારો લોકોને, અડચણ સમાતાં અહિં નહીં. ૧૧

અહાંઆંથી જોવી, ચકચકતી વેતી નદી દૂરે,
પશુ કો જેવાં જે, અહિં તહિં ચરે બેટઉપરે;
ઘટા ભારે જેવી, શબદ શુણવા કોઇ ખગના,
ઢીલે વાયુ લેવો, સુખ નવ હીણા લે કરમના. ૧૨

ઘટા-થાળાં-લીધે ઘણીક ફરવાની ગલી થઇ,
ભુખોલો બંધાઇ, રમણિય બહુ બેઠક બની;
નિરાંતે જેમાં તો, ખુશીથકી રમે લાલલલના,
નિરાંતે જેમાં તો, ખુશીથકી રહે જોગી જપમાં. ૧૩

દીપે છાયી ઝાડાં, હરિત કુમળાં પત્ર કુમસાં,
વળી રાતા ટેટા, ચુગી બહુ જીવો પેટ ભરતા;

પડે બાજુએથી, બહુ ખુશનુમા રંગકિરણો,
નીચે ચળકે તડકે, બરફસરખાં ઠારથી પડો. ૧૪

ઠરી મારી આંખો, ગભીરવડ તુને નિરખીને,
ખરી પાપી બુદ્ધિ, ખરીજ રૂડી જાત્રા થઇ મને;
વિશેષે શોભેછે, ગભીરવડ તુંથી નરમદા,
કૃતાર્થી મોટો હું, દરશનવડે છું નરમદા. ૧૫

नरसिंहमेतो.

"એ જૂનાગઢનો વડનગરો નાગર. એ સંવત ૧૫૦૦ માં હતો. એની કવિતાવાણી કુમળી, સાદી–અલંકારવિનાની, સરળ ને ઠાવકી છે. કાઠિયાવાડનો છતાં એની ભાષામાં સુરતીભાષાની કોમળતા છે. એણે ઘણુંકરીને પ્રભાતના રાગોમાં લખ્યું છે. કવિતાનો જીવ જે રસ તે નરસિંહની કવિતામાં સાહજિક, આછો, સાદો, નિર્મળો ને સ્થાયી છે—તુળસી-વૃંદના સુવાસજેવો. એની કવિતાનો વિષય ભક્તિભાવજ છે, પણ વર્ણનઉપરથી વત્સરસ, શૃંગારરસ, હાસ્યરસ, શાંતરસ અને સંસારી નીતિબોધ એના ચળકારા થોડા અથવા ઘણા બાર સ્પષ્ટ જણાઇઆવેછે. એણે પ્રભાતકાળની શોભાનાં વર્ણન સુંદર અને આનંદ પમાડે તેવાં કર્યાંછે—પ્રભાતિયાં તે નરસિંહમેતાનાંજ. એની કૃતિમાં પદજ મુખ્ય છે. એણે તત્વ-જ્ઞાનબોધનાં થોડાંએક પદ કર્યાંછે તેમાં પણ ભક્તિભાવ ખરો. નરસિંહમેતો પહેલા વર્ગના નહિ પણ બીજા વર્ગના કવિઓની પંક્તિમાં માનસાથે શોભેછે. ભરતીઓટને આધીન નહિ એવી રેતાળતળની નાની નદી શરદ્ ઋતુમાં સવારે, બપોરે, સાંજે, રાતે ચાંદરણામાં પવનથી લહરી કરતી હોય તેવી નરસિંહની કવિતા છે.

પદ ૧.

(झुलणाछंद—प्रभात.)

રાત રહે જાહરે પાછલી ખટ ઘડી, સાધુપુરૂષને સુઇ ન રેવું;
નિદ્રાને પરહરી સમરવા શ્રીહરિ, એક તું એક તું એમ કેવું. રાત० ૧

જોગિયા હોય તેને જોગ સંભાળવા, ભોગિયા હોય તેને ભોગ તજવા;
વેદિયા હોય તેને વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેને કૃષ્ણ ભજવા. રાત० ૨

સુકવિ હોય તેને સદગ્રંથ બાંધવા, દાતાર હોય તેને દાન કરવું;
પતિવ્રતાનારને કંથને પૂછવું, કંથ કહે તે તો ચિત્ત ધરવું. રાત० ૩

આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈંના સ્વામીને સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નર ને નારી. રાત० ૪

પદ ૨.

શા સુખે સૂતો સંભાર શ્રીનાથને, હાથ તે હરિવિના કોણ સાએ;
તાત ને માત સુત ભ્રાંત ટોળે મળ્યાં, દોહલી વેળા સૌ દૂર જાએ. શા० ૧

ऊंधे मस्तक हतो उग्रतप आचरी, भक्ति कीधी भगवानकेरी;
अवतरी पाश बंधायो आशातणे, लंपटी लालचे लीधो घेरी. शा० २

दिवसे चोदश भम्यो रात निद्राविषे, स्वप्नमां सांभरे मोटी माया;
पलक परवार नहि हरिने भजवातणो, ज्यांलगी जीवसंजोग काया. शा० ३

धंनधामेकरी मोहीरह्यो लोभियो, वेदना विसरी गर्भकेरी;
नाथत्रिलोकना हरि न संभारिया, ज्यारे राख्योतो जठरामां घेरी. शा० ४

जागरे जीवडा वाजआव्यो घणुं, केटलोएक प्रतिबोध दीजे;
नरसैंना स्वामीने नित्य संभारतां, देहनां दुकृत दूर कीजे. शा० ५

पद ३.

(राग-पंचम.)

जुवानीने दाडेरे हरिने जाण्या नहीं रे, मोह्युं परदारासाथे मंन;
कांइकने मोलारे कामनीना कल्पमांरे, कांइएक जोडवा धायो धंन. जु० १

पच्चिस ने पचासेरे परपंचमां गयांरे, दोहेला आव्या साठवर्षना दंन;
सितेरने सुधीरे कांइ समज्यो नहींरे, पछे चाल्यो साधन करवा वंन. जु० २

आंखडिये न सूझेरे गळे बहु नासिकारे, बोले ते तो संभळाए नहि कर्ण;
माया तो न मूकेरे तूटे नहीं तृषणारे, ओळखाया नहि अशरणशर्ण. जु० ३

हाथमां लाकडीरे चरण चाले नहींरे, तूटीने शिथिळ थयुंछे तंन;
मुखमांथी दंतरे एके दीसे नहीरे, तोय पापी उदर मागे अंन. जु० ४

भाग्य जेनुं भलुंरे आ अवसरने ओळख्योरे, ते तो प्राणी केवाए हरिना जंन;
नरसैंना स्वामीनेरे सुखमां संभारजोरे, जो होय पेला भवनुं पुण्य. जु० ५

पद ४.

(राग-वेरावळ.)

सुखदुःख मनमां न आणीए, घटसाथे रे घडियां;
टाळ्यां ते कोइनां नव टळे, रघुनाथनां जडियां. सुख० १

નળરાજાસરખો નર નહીં, જેની દમયંતી રાણી;
અરધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળે અન્ન ને પાણી. સુખ૦ ૨

પાંચ પાંડવસરખા બંધવા, જેને દ્રુપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી. સુખ૦ ૩

સીતાસરખી સતી નહીં, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરીગયો, સતી મહા દુખ પામી. સુખ૦ ૪

રાવણસરખો રાજીઓ, મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઇગયાં, બધી લંકા લૂટાણી. સુખ૦ ૫

હરિચંદ્ર રાય સતવાદીઓ, તારાલોચની રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નીચઘેર પાણી. સુખ૦ ૬

શિવજીસરખા સતા નહીં, જેની પાર્વતી રાણી;
ભોળવાયા ભીલડીથકી, તપમાં ખામી ગણાણી. સુખ૦ ૭

સર્વ દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાગી ભૂધરે, ભૂતા નરસૈંને સ્વામી. સુખ૦ ૮

पद ५.

(राग अशावरी.)

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઇ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોએ, મન અભિમાન ન આણે રે. ૧

સકળ લોકમાં સૌને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચળ રાખે તો, ધનધન જનની તેની રે. ૨

સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માતરે;
જિવ્હાથકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે. ૩

મોહમાયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ જેનાં મનમાં રે;
રામનામસું તાળી લાગી. સકળ તીરથ તેના તનમાં રે. ૪

વણુલોભી ને કપટરહિત છે, કામક્રોધને નિવારયા રે;
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ એકોતર તાર્યાં રે. ૫

પદ ૬.

(झुलणाछंद—प्रभात.)

શરીર શોધ્યાવિના સાર નહિ સાંપડે, પંડિતા પાર નહિ પામો પોથે;
તાંદુલા મેલીને તુષને વળગી રહ્યા, ભૂખ નહિ ભાગે એમ હાલે થોથે. ૧

રસના સ્વાદમાં સર્વે રૂંધાઇરહ્યા, વિગતિ ગુરૂજ્ઞાનવિનારે ગુંથે;
વાણીવિલાસમાં વિવિધ વાણીવડે, પરહરી વસ્તુને વળગે ચૂંથે. ૨

શબ્દ શીખે ખરો સકળ વિદ્યા ભણે, અધ્યાત્મ ઊચરે આવી ઓથે;
પ્રપંચ પિંડમાં રહ્યો અહંકાર નવ ગયો, આથડ્યા એમ અનંત કોડે. ૩

શાસ્ત્રકથા કહે રજનીમાં આથડે, એમ અજ્ઞાનમાં શીશ ગોઠે;
ભણે નરસૈંયો જે ભેદ જાણી જુઓ, મેં તો રચી કહ્યું પદ ચોથે. ૪

પદ ૭.

જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચેતન્યવિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મપાસે. ૧

પંચમહાભૂત પરિબ્રહ્મવિષે ઊપન્યાં, અણુઅણુમાંહી રહ્યાંરે વળગી;
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં, થડથકી ડાળ તે નહિરે અળગી. ૨

વેદ તો એમ વદે શ્રુતિસ્મૃતિ સાખ દે, કનકકુંડળવિષે ભેદ નોએ;
ઘાટ ઘડિયા પછી નામ રૂપ જુજવાં, અંતે તો હેમનુંહેમ હોએ. ૩

જીવ ને શિવ તો આપઇચ્છાએ થયા, રચી પરપંચ ચૌદલોક કીધા;
ભણે નરસૈંયો એ તેજ તું તેજ તું, એને સમર્યાથી કંઇ સંત સીધ્યા. ૪

પદ ૮.

જે ગમે જગતગુરુ દેવ જગદીશને, તેતણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કાંઇ નવ સરે, ઊગરે એક ઉદ્વેગ ધરવો. ૧

હું કરું હું કરું એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિમંડાણ છે સર્વ એણીપેરે, જોગી જોગેશ્વરા કોઇક જાણે. ૨

નીપજે નરથી તો કોઇ ના રહે દુખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઇ દૃષ્ટ આવે નહીં, ભવનપર ભવનપર છત્ર દાખે. ૩

રુતુ લતા પત્ર ફળફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તેજ પોંચે. ૪

સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણવિના બીજું સર્વ કાચું;
જુગલ કરજોડીકરી નરસૈંયો એમ કહે, જન્મપ્રતિજન્મ હરિનેજ જાચું. ૫

पद ९.

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું તેજમાં તત્વ તું, શૂન્યમાં શબ્દ થઇ વેદ વાસે. ૧

પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થૈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને, શિવથકી જીવ થયો એજ આશે. ૨

વેદ તો એમ વદે શ્રુતિસ્મૃતિ સાખ દે, કનકકુંડળવિષે ભેદ નોએ;
ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોએ. ૩

ગ્રંથ ગડબડ કરી વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન કર્મ વચનથી આપ માની લહે, સત્ય છે એજ મન એમ સૂજે. ૪

વૃક્ષમાં બીજ તું બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એજ પાસે;
ભણે નરસૈંયો એ મનતણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે. ૫

पद १०.

જ્યાંલગી આતમા તત્વ ચીન્યો નહીં, ત્યાંલગી સાધના સર્વ જૂઠી;
માનુષ્યદેહ તારો એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી. ૧

શું થયું સ્નાન સેવા ને પૂજાથકી, શું થયું ઘેર રહીં દાન દીધે;
શું થયું ધરી જટા ભસ્મલેપન કરે, શું થયું વાળલોચંન કીધે. ૨

શું થયું તપ ને તીર્થ કીધાથકી, શું થયું માળ ગ્રહીં નામ લીધે;
શું થયું તિલક ને તુળસી ધાર્યાથકી, શું થયું ગંગજળપાન કીધે. ૩

શું થયું વેદવ્યાકરણવાણી વદે, શું થયું રાગ ને રંગ જાણે;
શું થયું ખટદર્શન સેવાથકી, શું થયું વરણના ભેદ આણે. ૪

એ છે પરપંચ સૌ પેટ ભરવાતણા, આતમારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈંયો કે તત્ત્વદર્શનવિના, રત્નચિંતામણિ જન્મ ખોયો. ૫

પદ ૧૧.

અલ્યા નામ પામ્યો પણ રામને નવ લહ્યો, વૈષ્ણવપદકેરું બિરદ ઝાલે;
ઘરવચે પુત્રવિના જેવું પારણું, વરવિના જેહવી જાન માલે. ૧

વ્યાધિની વેદના વિશ્વની ના ટળે, ઠાલો ગગનમાં મેઘ ગાજે;
હરિને જાણ્યાવિના હરિકેરો જન થયો, વાતપકવાનથી ભૂખ ન ભાગે. ૨

તું એમ જાણે જે હરિજન હું થયો, વિષ્ણુપદ ગાઇ થયો ભક્ત ભવમાં;
કરણી તો કાગની હોડ કરે હંસની, હંસને તો હસીકાડે લવમાં. ૩

પંડમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહીં, ફોગટ બ્રહ્મને દૂર ભાળે;
અગણિત બ્રહ્મનું ગણિત લેખું કરે, દુષ્ટભાવેકરી માળ ઝાલે. ૪

જો નિરાકારમાં જેહનું મન ગળે, ભિન્નસંસારની ભ્રાંતિ ભાગે;
દાસ નરસૈંયો તે તેને ચરણે નમે, જ્ઞાનવિજ્ઞાનની જોત જાગે. ૫

પ્રેમાનંદ.

"એ વડોદરાનો ચોવીસો બ્રાહ્મણ. એ દિલ્લીના ઔરંગઝેબ ને મહમદશાહ એ બાદશાહોના વખતમાં હતો. પિલાજી ગાયકવાડે વડોદરામાં સંવત ૧૭૮૭ માં ગાદી સ્થાપી તે વેળા પ્રેમાનંદ હૈયાત હતો એમ અનુમાન થઇશકેછે. સંવત ૧૭૭૬ થી તે ૧૭૯૬ સુધીમાં પ્રેમાનંદનું મરણ થયલું. એની વખતમાં ઇંગ્લંડમાં મિલ્ટન, ડ્રૈડન, ને પોપ એ કવિઓ હતા. સંવત ૧૭૦૦ થી તે ૧૭૯૯ સુધી એટલે અરાડમા સૈકામાં જે સારા સારા કવિઓ થયા તેમાં અને ગુજરાતી ભાષાના સર્વ કવિઓમાં પ્રેમાનંદ મુખ્ય છે. એના રચેલા ગ્રંથો.—ઓખાહરણ (૧૭૨૩), અભિમન્યુ આખ્યાન (૧૭૨૭), મૃદાલશાઆખ્યાન (૧૭૨૮), હુંડી (૧૭૩૦), હારમાળા (૧૭૩૪), સુદામાચરિત્ર (૧૭૩૮), મોસાળું (૧૭૩૯), રણયજ્ઞ (૧૭૪૧), નળાખ્યાન (૧૭૭૬), અને ભાગવત દશમસ્કંધના બાવન અધ્યાય, રૂખમણીહરણ, વિવેકવણજારો, દાણલીલા, શ્રાધ વગેરે. (ઉપર આપેલાં વર્ષો અનેક પ્રતોની સમ્મતિ મળેથીજ ખરાં ઠરે). કવિતાનો આત્મા જે રસ તે પ્રેમાનંદની કવિતામાં ઘણુંકરીને એકસરખો સાધારણ ઉજળો ને ધાડો હોય તેવો દીપેછે. એની કવિતા કરુણા ને હાસ્ય એ બે રસથી વિશેષ વ્યાપ્ત છે ને બીજા રસ શૃંગાર, વીર, અદ્ભુત એ પ્રસંગોપાત સારા દેખાય છે. પ્રેમાનંદે સ્વભાવ-સ્થિતિ-રીતભાતનું અનુકૂળ ગૌરવવાળી શુદ્ધવાણીમાં રસભર્યું વર્ણન કર્યુંછે. અલંકાર પણ ઘટતા અને સારા છે. એણે એની પેલાં થઇગયલાઓના દેશી રાગ-ઢાળમાં અથવા તેમાં વધારોઘટાડો કરી નવા કરી એ રીતની વાણીમાં ગ્રંથ રચ્યાછે. હુંડી, શ્રાધ, હારમાળા ને મોસાળું એ ચારમાં નાયક નરસિંહ મેતો છે, ને એ ચારમાં ઉત્તમ મોસાળું છે. એમાં ને સુદામામાં હાસ્ય ને કરુણા એ બે રસ છે. ગુજરાતીમાં જૂદા જૂદા ત્રણ પ્રકારના હાસ્ય લખનાર અખો, પ્રેમાનંદ ને શામળ એ થયાછે તેના જેવો બીજો કોઇ થયો નથી. ઓખાહરણમાં શૃંગાર પ્રધાન છે ને તેથી ઓછો વીર છે. મૃદાલશામાં શૃંગાર કરુણા ને થોડોએક અદ્ભુત છે. અભિમન્યુમાં વીરનું પ્રાધાન્ય અને બીજા કરુણા ને શૃંગાર છે. નળાખ્યાનમાં કરુણાનું પ્રાધાન્ય ને શૃંગાર હાસ્ય એ છે. વિવેકવણજારામાં શાંત છે અને દશમમાં સઘળા રસ છે પણ વિશેષે વત્સરસ છે.

વિષયનું રૂપ અને દર્શાવવાની શક્તિ અને વાંચનારાના ઉપર થતી અસર એ ત્રણ ઉપરથી કવિતા ઉત્તમ મધ્યમ કે કનિષ્ટ કેવાય છે. વળી સર્વકાળના સર્વ સ્થિતિના લોક જેટલી પસંદ કરે તેટલા ગૌરવની ને તેટલી શક્તિથી લખાયલી કવિતા તે ઉત્તમ. વાલ્મિક, વ્યાસ, કાળિદાસાદિ એઓએ જે પ્રતિની કવિતા કરી છે તે પ્રતિની કવિતા પ્રેમાનંદની નથી. પ્રેમાનંદે વિશેષે ગુજરાતીઓને પસંદ પડે તેવી કવિતા કરીછે. એની કવિતામાં ઉત્તમ વર્ગના જનની સ્થિતિનું ચિત્ર નથી પણ મધ્યમ વર્ગના જનની સ્થિતિનું વિશેષે છે. એણે પોતાના ગ્રંથોમાં સંસ્કૃતમાંના ને દંતકથાના વિષયો લીધાછે અને તેને પોતાના સંસારજ્ઞાન તથા તર્કશક્તિ એ બેથી શણગારયા છે. એની કવિતામાં પાત્રજનોની મૂર્તિ યથાસ્થિત પડેલી જોવામાં આવતી નથી. વળી એક માણસ જૂદે જૂદે

પ્રસંગે જૂદા જૂદા રંગમાં દેખાય પણ તે તેનોતેજ છે એમ તો હોવુંજ જોઇએ—એ વિષયમાં પણ અપૂર્ણપણું દેખાય છે. કારણ કે કવિ, સ્થિતિવર્ણન કરવાના પોતાના મુખ્ય રસમાં અને પોતાની વખતના લોકને પ્રસન્ન કરવાનાં કોડમાં નિત્ય મગ્ન હતો. એનો સૌથી શ્રેષ્ટ ગ્રંથ પોતાની ઠરેલી સ્થિતિમાં ઠરેલી કલમથી લખાયલો નળાખ્યાનનો છે. ભાગવત પછી લખ્યુંછે પણ તે વૃદ્ધાવસ્થામાં ને ઉતાવળથી લખેલુંહોય એમ ભાષા તથા વર્ણનશૈલી-ઉપરથી જણાય છે.

વર્ણનરસ અને વર્ણનશૈલી એ પ્રેમાનંદની કવિતાની મોટી ખૂબી છે અને એઉપરથી ગુજરાતીઓ હુંડી, સુદામાચરિત્ર, મોસાળું, ઓખાહરણ એ ગ્રંથો અમુક અમુક ટાણે ઉમંગથી ગાયછે અને નળાખ્યાન ને ભાગવત ચોમાસામાં વાંચેછે અથવા સાંભળેછે. પ્રેમાનંદની કવિતા એ ગુર્જરી સ્થિતિપ્રદેશમાં એક સુંદર સરોવર છે કે જેની લહરીમાં સર્વ ગુજરાતીઓ પોતાનાં રોવાહસવાં દુઃખસુખનાં પ્રતિબિંબ જોઇજોઇને નિવૃત્તિઆનંદમાં રેછે.”

भागवत-दशमस्कंध.

अध्याय २०.

वर्षाशरदवर्णन.

(राग मलार.)

ગોવિંદચરિત્ર કહે ગર્ભજોગી, સાંભળીએ ભૂપાળ જી;
અદ્ભુત લીલા વૃંદાવનની, વરણવું વર્ષાકાળ જી. ૧

શ્રીગોકુળમાં ગાજી ગાજી, વરસેછે વરસાદ જી;
તેવામાં ગોધેન ચરાવે, રામકૃષ્ણ બે ભ્રાત જી. ૨

ગાજે ઘન વીજળી બહુ ચમકે, થાય અંધારું ઘોર જી;
હંસ ચાતક બોલે બપૈયા, નાચે કળા કરી મોર જી. ૩

અમૃતસ્વરે કોકિલા બોલે, ભ્રમર કરે ગુંજાર જી;
અભ્રઘટાને દેખી નાસે, વચ્છ કરે હીંસાર જી. ૪

આદિત ઉડગણ ઈંદુ આચ્છાદ્યા, વાદળી ગઇ સર્વે વ્યાપી જી;
અનંત જંતુ ઉદ્દ્યા અવનીમાં, સૃષ્ટિ વિધિએ થાપી જી. ૫

કીટ પતંગ પ્રાણી પંચવરણાં, મંડૂક કરે મુખ સોર જી;
લીલાં તૃણ થયાં અવનીમાં, ઉદયા દ્રુમઅંકોર જી. ૬

નવિન પત્ર કુસુમ નાનાવિધ, નદીએ આવ્યાં પૂર જી;
નદીતટ ઊભા ગોવાળા તે, વાય વેણુ મધુર જી. ૭

કાદવે મારગ પૂરાણા, વેપારીએ મૂક્યા વેપારજી;
આશ્રમ કીધા સંન્યાસીએ, એક સ્થળ રેવું માસ ચાર જી. ૮

નાના વ્રત કરે સઉ નારી, તાપસ બેઠા માળે જી;
શ્રવણ કીર્તન પૂજન પ્રતિમા, વર્ણાશ્રમધર્મ પાળે જી. ૯

દુગણાં દૂધ કરેછે સુરભી, ચરે લીલાં તૃણ જી;
કર જેષ્ટિકા વાળે લંગોટી, વન જાય અશરણશર્ણ જી. ૧૦

ઝડી કરી વરસે મેવલીઓ, નયણે સૂરજ ન સૂજે જી;
વૃક્ષતળે ઊભા અવિનાશી, ટાઢે થરથર ધ્રુજે જી. ૧૧

ઉપર જળ તળે જળ વહેછે, નથી બેસવાનો ઠામ જી;
પલાશપત્રના ટોપ કરી ધરે, મસ્તક કેશવરામ જી. ૧૨

સાંજસમે આવે શ્રીગોકુળ, પૂરભર્યાં વહે નાળાં જી;
કો તરે તુમડાં કટિએ બાંધી, ગોપુચ્છ વળગે ગોવાળા જી. ૧૩

શામળીયાને સામા આવે, તારા લેઇ નંદરાય જી;
સંસારતારણ બીએ નદીમાં, જોઇને મૂકે પાય જી. ૧૪

કોટિ કૌતક કરે કમળાવર, શુણ પરિક્ષત રાજંન જી;
એમ વર્ષાકાળની કહી લીલા, કહું શીતકાળવરણંન જી. ૧૫

વર્ણવું શોભા શારદકાળની, આવ્યો આશ્વિન માસ જી;
તિમિર નિવર્ત્યું અભ્રઘટાનું, થયું નિર્મળ આકાશ જી. ૧૬

પ્રગટ ઉડગણ ઇંદુ ભાસે, મહાજ્યોતિ કરે માર્તંડ જી;
રવિકિરણે પંક સૂકવ્યા, નિર્મળ કીધા નવખંડ જી. ૧૭

નિર્મળ જળ થયાં સર્વસરિતાનાં, પોયણ પંકજ ઉઘડીઆં જી;
ઉત્પત્તિ થઇ મુક્તાફળની, સ્વાતિબિંદુ બહુ પડીઆં જી. ૧૮

પશુપંખિણી થઇ સગર્ભા, નવિન જીવ અવતરીઆ જી;
નિજ નાથથી પતિવ્રતાએ, ગર્ભ ઉદરે ધરીઆ જી. ૧૯

પર્ણકુટિ તજી ઉઠીને ચાલ્યા, તીર્થ કરવા સંન્યાસી જી;
આગીઆ ઉધજ્યા કાદવ સૂક્યા, ઘર લીપે પુરવાસી જી. ૨૦

નૌકા મૂકી સમુદ્રમાંહે, વેપાર કરે વેપારી જી;
વિવાહકર્મ કરે વર્ણ ચ્યારે, ગીત ગાય શુભ નારી જી. ૨૧

જગન હોમ થાએ વેદાધ્યન, દાન આપે દાતાર જી;
ભક્ત મૂકાએ માયાથી જેમ, અભ્રથી મૂકાયો સૂર જી. ૨૨

વૈષ્ણવે મહોચ્છવ કીધો, શૃંગાર્યાં દેવસ્થળ જી;
નવાં અન્ન આવ્યાં નાનાવિધ, નવાં કુસુમ ને ફળ જી. ૨૩

વેપારીએ ગ્રામાંતર કીધાં, પરવરીઆ પરદેશ જી;
એ શીતકાળતણું છે વરણન, લીલા શ્રીહૃષીકેશજી. ૨૪

अध्याय १६.

નાગદમનમાંથી.

(राग वेराडी.)

(શુકવચન.)

નાગસનમુખ શામળીયા થયા, એવે ગોવાળા શ્રીગોકુળ ગયા;
ત્રાહે ત્રાહે કરી જિહ્વા ડસે, મસ્તક ધુણે ને કર ઘસે. ૧

શોકસંયુક્ત શ્વાસે ભર્યા, શું બેઠા નંદ બાળક વિચરયા;
વરત્યું વિપરીત વિસ્મયવાત, કૃષ્ણે કીધો જમુનામાં ઝંપાપાત. ૨

વારતાં ચડયો વૃક્ષની ડાળ, પુત્ર તમારો ગયો પાતાળ;
દારુણ વાત શ્રવણે સાંભળી, પડ્યા નંદજી મુરછા વળી. ૩

જેમ કુહાડે કાપે કંદળી, તેમ જસોમતી ધરણે ઢળી;
ટોળે મળ્યાં ગોપીનાં વૃંદ, પછાડે અંગ કરે આક્રંદ. ૪

રૂએ દંપતી વેદના ઘણી, ધાયા નંદજી જમુનાભણી;
શકે સર્વસ લૂટીલીધું નથી, એવે રૂપે ધાયાં જસોમતી. ૫

જેમ વચ્છવિના વિહીલી ગાવડી, શ્રીકૃષ્ણવિના તેવી માવડી;
ત્રાહે ત્રાહે પુત્ર કેતી જાય, પડે ધર્ણે વળી બેઠી થાય. ૬

દ્રહઉપકંઠ આવ્યું સૌકોય, ઝંપાવાનું સ્થળ ફરીફરી જોય;
દેખાડે ગોપ અંગુળીએકરી, આ ડાળે ચડી ઝંપાવ્યું શ્રીહરી. ૭

ઝંપાપાત કરવા જસોદા ધાઇ, અંબા બળિભદ્રે રાખી સાઇ;
ઉપનંદે નંદ ગ્રહ્યા બળકરી, રૂએ જસોદા ગુણ ઓચરી. ૮

(જસોદાવચન.)

મારું માણકડું રીસાયું રે શામળીયા,
તારા મનમાં એ શું આવ્યું રે પાતળીયા;
હું અપરાધણ માતાને મૂકી, શામાટે ઝંપાવ્યું રે શામળીયા—મારું૦—ટેક.

કાલિંદીનું કાળું પાણી, માંહે વસે કાળો કાળી;
હવે આશયા તે શી મળવાની, કેમ આવે વનમાળી રે—શા૦ મારું૦ ૧

સંતાનરૂપી મોટું ધન તે, કરમે લીધું લૂટી;
મેં નવ જાણ્યું જતન કરીને, રતન પડયું કેમ છૂટી રે—શા૦ મારું૦ ૨

પુત્ર પામી હું છેલ્લે આશ્રમે, ઉછેરયો પ્રતિપાળી;
નીપનો રસ ઢળી ગયો હું, વિજોગ આગે બાળી રે—શા૦ મારું૦ ૩

નાકે મોતી પાય ઘૂઘરી, મોરમુગટ શિર ધારી;
ફરી રૂપ હું ક્યાંથી દેખું, હરિ આવે ગૌ ચારી રે—શા૦ મારું૦ ૪

કાને કુંડળ મુખમાં મોરલી, સાંજે ગોકુળ આવે;
ભૂખ્યો છું કહી પેટ દેખાડે, મા કહી મુને બોલાવે રે—શા૦ મારું૦ ૫

પીતપિછોડી કાછ કછે, મુજકને નેતરું માગે;
હું ઘરડી માને થાકી જાણી, કોણ વળોવવા લાગે રે—શા૦ મારું૦ ૬

તું પ્રાણેશ્વર તું ગોપેશ્વર, ગોપી દેહ કેમ ધરશે;
બાળસખાની કોણ વલે, આ ગાયો હીસી હીસી મરશે રે—શા૦ મારું૦ ૭

ઉંડા જળમાં વાસો કીધો, પાણીમાં કેમ ગમશે;
મોર પોપટ ને પુતળી, તારે રમકડે કોણ રમશે રે—શા૦ મારું૦ ૮

કાંઇ તું ગયો ને હું જીવુંછું, ઓછા સગપણમાટે;
સાચું વાલ તો તાંહાં જાણીએ, સાંભળતાં હૈડું ફાટે રે—શા૦ મારું૦ ૯

કાષ્ઠથેં પાષાણ કઠિણ છે, તેથેં કઠિણ છે લોહું;
વજ્રતુલ્ય છે કાળજ મારું, લોકને શું દેખાડું મોહું રે—શા૦ મારું૦ ૧૦

તેં મખાંતર દહાડાનું કીધું, મનમાં દુખ કાંઇ આવ્યું;
ઊખળનું બંધન આજ સંભાર્યું, તેમાટે ઝંપાવ્યું રે—શા૦ મારું૦ ૧૧

નંદજસોદા ગાયગોવાળા, વ્યાકુળ વ્રજની નારી;
ચાર ઘડીપુઠે સર્વ પડજો, હળધર રાખે વારી રે—શા૦ મારું૦ ૧૨

ઉખલાબંધન.

(છંદ ભુજંગીની ચાલ.)

વાસી સ્વર્ગ સુરવર્ગ આશ્ચર્ય પામે,
આ શું કર્મ પરિબ્રહ્મને નંદધામે;
અખંડાવિનાશી વપુવેષધારી,
બાંધે ઊખળે બ્રહ્મને નંદનારી. ૧

પ્રભુ અચ્યુતાનંદ અવ્યક્ત કહિયે,
નવ ભારતીવેદથી ભેદ લહિયે;
નિરાકાર સાકાર આનંદકારી— બાંધે૦ ૨

ગુણાતીત ગોવિંદ ગરુડગામી,
વ્યાપમાન સર્વત્ર અંતરજામી;
પરાત્પર પ્રાણેશ સ્વઇચ્છાચારી— બાંધે૦ ૩

સહસ્ત્રશીર્ષા બ્રહ્મ શ્રીશેષશાયી,
સર્વસામર્થ્ય શૂર મહા સુખદાયી;
અસુરાંત અઘનાશ અવિગત મુરારિ— બાંધે૦ ૪

ચતુર્ભુજ ચિદ્રૂપ અક્ષયવાણી,
ગદાશંખસારંગધર ચક્રપાણિ;
મુક્તાનંદ મહારાજ સંસારતારી— બાંધે૦ ૫

સર્વેંદ્રમુખચંદ્ર શ્વેતત્વ પામ્યું,
સંપુટ હાથથી માતને શીષ નામ્યું;
ભક્તાધીન થઇ દીન ભરે નેત્ર વારિ— બાંધે૦ ૬

દક્ષિણપાણિ નવનીત દૃઢ મુષ્ટિ વાળી,
તત્સમે કરે ભક્ષ ગુએ વનમાળી;
કરે વ્રજવધૂ માતને મનુહારી— બાંધે૦ ૭

સુકિત જસોમતીનું કોણ જાણે,
નાવે પાર શતવર્ષ નિગમ વખાણે;
કહે પ્રેમાનંદ કોણ બુદ્ધિમારી— બાંધે૦ ૮

(ओखाहरणमांथी.)

कडवुं २६.

ઓખા કહે કંથ એમ ન કીજે, બળિયાસાથે વઢતાં બીજે;
એ ઘણા ને તમો એક જાતે, સૈન્ય મોકલ્યું મારે તાતે. ૧

દૈત્યને વાહન ને તમો પાળા, નાથજી તમો ઢાલામાલા;
એને ટોપ કવચ બખતર, તમારે અંગે પીતાંબર. ૨

દૈત્યને સાંગ બાણ ને ભાલા, એ કઠણ તમે રે સુંહાળા;
એ મદોન્મત બહુ બળિયા, તમે સકોમળ પાતળિયા. ૩

સ્વામી પછે અસુરને ભેદો, પેલાં મસ્તક મારું છેદો;
દેહડી નિરખા નિરખી મોહું, તેને જુધ કરતાં કેમ જોઊં. ૪

ઇચ્છા ગઇ અંતરની શીટી, દૈત્યે માળિયો લીધો વીટી;
પ્રભુ પ્રાણ કાંપેછે મારા, મુઆ દૈત્ય કરેછે હોકારા. ૫

ઘણો ક્રોધી વિરોધી બાણ, હાકે ઇંદ્રનું જાય ઓસાન;
જગત કાંપે બાપજીને ધાકે, બાણે પૃથ્વી ચડાવી ચાકે. ૬

જેને નાદે મેરુ હાલે, ચક્રધરસાથે નહીં ચાલે;
ક્ષત્રીસાથ રહે સૌ બીતા, તેને તમો કઇ પેર જીતો. ૭

મંત્રી રહ્યાછે દંત કરડી, શું જાઓછો મરડીમરડી;
મારે પેલાં મુજને મારો, સ્વામી પછે રણમાં પધારો. ૮

શશિસૂર્યવંશી નૃપ જેહ, તેની થરથર ધ્રુજે દેહ;
પ્રધાન ક્રોધી પાવકજ્વાળ, તેથી વિશેષ બાણભૂપાળ. ૯

એમ કહી ભરતી લોચંન, દેખી વારે છે સ્વામિન;
કંથ કહે ન કરું સંગ્રામ, તો નાસી જવાનો કુણ ઠામ. ૧૦

અંતે જીવતાં છૂટવું નહીં, કાં ન મરવું સામા થઇ;
નથી ઉગર્યાનો ઉપાએ, તો ભય પામે શું થાએ. ૧૧

નાઠે લાંછન લાગે કુળમાં, પ્રતિષ્ઠા જાએ એક પળમાં;
મૌવર બોલે મણિધર ડોલે, ન ડોલે તો સર્પને તોલે. ૧૨

ઘન ગાજે કેસરી દે ફાળ, ન ઉછળે તો તે શિઆળ;
ક્ષત્રી ન સાંડે દેખી દળ, નોય પુરુષ તે જાણો વ્યંઢળ. ૧૩

હાક્યો વાઘ ન માંડે કાન, નોય શાર્દૂલ જાણવો શ્વાન;
ઘરમાં ગોઝારો રહે પેસી, જુદ્ધે ચરણવાણો રહે બેસી. ૧૪

એમ કહીં ઓખા અળગી કીધી, ભડ ગાજ્યો ને ભોગળ લીધી;
અસુર સેનાપર કાપીઓ, છજેથકી ઠેકીને પડીઓ. ૧૫

જેમ ગ્રાહ પેસે બહુ જળમાં, તેમ અનિરુધ પેઠો દળમાં;
જેમ ઈંદ્ર ધસે વાદળમાં, તેમ વાર્ષ્ણિક ધાયો બળમાં. ૧૬

દૈત્યને આવ્યો મૃત્યુનો દહાડો, અનિરુધ ગાજે ધન આખાડો;
પડતામાં બહુ પડતાળ્યા, ભોગળપ્રહારે ધરણી ઢાળ્યા. ૧૭

કોભાંડે સૈના સરવે પ્રેરી, જાદવજોદ્ધા લીધો ઘેરી;
જેમ રત્ન પડ્યું બહુ જળમાં, જેમ ચંદ્ર પેઠો વાદળમાં. ૧૮

ગજજૂથમાં લઘુકેસરી, અધર્મી ફરતા મધ્યે વેરી;
ચંદનને બાવળીએ ઝીટી, અસુરે વાર્ષ્ણિક લીધો વીટી. ૧૯

દાનવ કહે માનવ શુંય, અમો સિંહમાં મૃગશિશુ તુંય;
જો તું મુગટ મંત્રીચરણે ધરે, તો તું મૃત્યુથકી ઊગરે. ૨૦

મંત્રીવાયક એવાં સાંભળી, ધાયો અનિરુધ હૂં હૂં કરી;
નાખે દૈત્ય ભારી મુદગળ, તેમ વાર્ષ્ણિકભુજ ભોગળ. ૨૧

વીશસહસ્ર અસુર ત્યાં તૂટ્યા, એકીવારે શર બહુ છૂટ્યા;
આયુધધારા રહી છે વરસી, પડે પરિધ પટી ને ફરસી. ૨૨

ધાયા દાનવ ટોળેટોળા, વરસે ભિંડીમાળ ને ગોળા;
બોલે દુંદુભી ગડગડાટ, થાય ખાંડાંતણા ખણખણાટ. ૨૩

હાંક્યા હસ્તી દે હલકાર, થાય ખડગતણા ચળકારે;
અસ્ત્રઅગ્નિના ધુધવાટ, બોલે બાણતણા સુસવાટ. ૨૪

રથચક્ર ગાજે ગડગડાટ, થાય ગગને ધજા ફડફડાટ;
હોય હયતણા હણહણાટ, છૂટે બાણતણા સણસણાટ. ૨૫

દેખી દોહેલો નાથનો ઘાટ, ઓખાને થાય મન ઉચ્ચાટ;
દાનવનો વાળી ડાટ, અનિરુધ મુકાવે વાટ. ૨૬

કો ઝીક્યા ઝાલીને કેશ, કો ઉરાડ્યા પગની ઠેશ;
કો હણ્યા ભોગળને ભડાકે, કોનાં મુખ ભાંજ્યાં લપડાકે. ૨૭

કો અધસરતા કો પૂરા, એમ સૈન્ય કીધું ચકચૂરા;
તે રણ ભયાનક ભાસે, બળ દેખીને ઓખા ઉલ્લાસે. ૨૮

મેં તો આવડું નોતું જાણ્યું, ચિત્રલેહાએ રતનજ આણ્યું;
શોણિતસ્પર્શ થયોછે ડીલે, નાથ રણરુધિરમાં ઝીલે. ૨૯

ભડ ગાજ્યો પડયું ભંગાણ, નાઠો કોભાંડ લૈને પ્રાણ;
હવું બાણુરાયને જાણ, એક પુરુષે વાળ્યો ઘાણ. ૩૦

અસુરેશને ચડીઓ કોપ, સજ્યાં કવચ આયુધ ને ટોપ;
સર્વ સૈન્ય તે તતપર કીધું, રાએ ચડ્યો દદામું દીધું. ૩૧

પ્રલયાગ્નિ જેવો જાજ્વલ્ય, બાણનું રૂપ થયું મદતુલ્ય;
ચડ્યો રાય ક્રોધે ગડગડિયો, ઓખાએ જાણ્યું રણ તાત ચડિયો. ૩૨

સૈન્યના લોક આગળ ચાલ્યા, કરમાં બહુ ભાલા ઝાલ્યા;
વાગી હાક ને ચડિયો બાણ, તે થયું ઓખાને જાણ. ૩૩

(વળણ.)

જાણ થયું જે રણ તાત ચડિયો, કોણ જીતશે સહસ્રહાથ રે;
આંશુ ભરતી શોક ધરતી, સાદ કરતી નાથ રે. ૩૪

નળાખ્યાન.

કડવું ૨૨ મું.

(રાગરામગ્રી.)

નળને નિંદ્યો પ્રેમદા દાધીજી, દૂતત્વ ન સીધ્યું વિષ્ટિ ન વાધીજી;
બે-દુ:ખદાધી ગુણવંત ગોરીજી, વન્હિ વિજોગનો મૂક્યો સંકોરીજી. ૧

ઢાળ.

નિંદા કીધી નળતણી, છે વિજોગવન્હિ પ્રથમ;
કોમળ કદળી કુહાડાના, ઘા સહેવાએ કેમ. ૧

વિરહિણી ઘણી વિગ્રે થઇને, પડી પૃથ્વીમાંહે;
સાહેલી ચાંપે ને મુખે, વદે ત્રાહે ત્રાહે. ૨

આશ્વાસના કરતી કિંકરી, વળી શ્યામાને સાન;
દૂતપ્રત્યે કહે કન્યા, શું કરું સુરરાજાન. ૩

અપ્રાપ્તિ અમને અમરની, અલ્પ માનવકાય;
જઇ કહો તમો દેવને જે, એ કારજ નવ થાય. ૪

ઉત્કૃષ્ટ અમર નિકૃષ્ટ નળ મેં, તમથી જાણ્યું આજ;
પણ નૈષધપતિને પિંડ સોંપ્યો, અન્યતણું નવ કાજ. ૫

અકળ અજ ને અનંગઅરિ જે, વરવા આવે ત્રણ;
તોહે પણ મૂકું નહીં, ચિત ચોંટું નળને ચર્ણ. ૬

વીરસેનસુતનો દૂત હંસ મેં, દીધી તેને આશ;
ના કહું તો લાજે જનુની, જનમાં હોએ હાસ. ૭

તમો પધાર્યા દૂત થઇને, દેવનું કરવા હેત;
શકે તો નળ વિષ્ટિને આવ્યા, સુરસું કરી સંકેત. ૮

જથારથ બોલોં રે જોગી, ભોગી છો ભૂપાળ;
મનમાં છો તેવા દેખું છોં, હંસે નાખી મોહજાળ. ૯

સંન્યાસી કેહે સુંદરી, કોણમાત્ર નૈષધપત્ય;
દેવવિના નોહે મનુષ્યને, અગોપ આર્યાની ગત્ય. ૧૦

બુદ્ધિહીણ બાળા દીસેછે, માનવઉપર મોહ;
સ્વર્ગસદન મૂકીને કાં, ઇચ્છે નળઘરખોહ. ૧૧

તું નેહિ વરે તો દેવ ચારે, કરશે બળાત્કાર;
કલ્પવૃક્ષ તુને તાણીલેશે, જે જાચશે સુર લગાર. ૧૨

દમયંતી કેહે દેહ પાડું, જળમાં કરું જળશાઇ;
વરુણ વસેછે નીરમાં, તુને સઘ જાશે સાઇ. ૧૩

પાવક પ્રગટી કાષ્ટ સાંચી, માંહે કરું ઝંપાપાત;
વન્હિ વરવા રહ્યા બેસી, વારુ વેવાની વાત. ૧૪

કંઠ પાશ કરું કે વિષ પીઊં, જેમતેમ પાડું કાય;
તો અવગતે જમલોક પામે, સધ વરે જમરાય. ૧૫

અનશનવ્રતે તપ કરું, મરું ગુફામાં પેસી;
તે પુણ્યે તું સ્વર્ગ પામશે, ઈંદ્ર રહ્યા છે બેસી. ૧૬

(ઉથલો.)

બેસી રહ્યા છે સુરપતિ, તું મુએ ન છૂટે ઘેલી રે;
અંતે અમર વરે ખરા માટે, પરણુ પ્રેમદા પેલી રે. ૧૭

कडवुं २५ मुं.

(रागरामग्री.)

મંડપમાંહિ મહિપતિ મળિયાજી, અભિમાનભર્યા-રૂપ-બુદ્ધિ-બળિયાજી;
તેડો કન્યાને ભીમક ઉચરિયાજી, વૈદરભીએ શણુગાર ધરિયાજી. ૧

(ઢાળ.)

શણુગાર સજતી સુંદરી, તે શોભતી શ્રીકાર;
નળ નથી આવ્યા મંડપમાંહે, માટે લગાડે વાર. ૧

કૃષ્ણુગિરમર્દન વાસવર્ધન, મહિલા કરે મંજન;
બહુ નારી આવી વધાવવા, વરસે મુક્તાપરજન્ય. ૨

શુભવચન સુશકુન વદે, ઉદયો હર્ષ અનંત;
ભેરીનાદ થાએ ગીત ગાએ, બહુ કિંકરી નાચંત. ૩

માનપૂરણુ માનુની, મહીપત મોવાકાજ;
સ્વયંવરના સુભટ જીતવા, ધરે શ્યામા સાજ. ૪

પ્રેમપાશ લીધો પ્રેમદા, નાખવા મંડપક્ષેત્ર;
ભ્રુકુટિધનુષ આકરષિયું, ને બાણુ બન્યો નેત્ર. ૫

તારુણીને તેડાં મોકલે, રાય ભીમક વારંવાર;
કુંવરી બાહેર નીસરો, કરમાં ગ્રહીને હાર. ૬

વાજિત્ર વાજે ઘોષ ગાજે, થાય કુસુમની વૃષ્ટ;
રાજા માત્ર જુએ બારણે, કેમ મળે દષ્ટેદષ્ટ. ૭

ઓ કન્યા આવી ઓ કન્યા આવી, ઘોષ એવો થાએ;
શરશબ્દ વાજે ગાન થાએ, વાંકા વળી જુએ રાએ. ૮

(ઉથલો.)

જુએ રાજા ફરીફરી, કેવું હશે કન્યાનું રૂપરે;
એવે સમે દેવ ચારસાથે, આવિયો નળભૂપરે. ૯

कडवुं ४५ मुं.

(रागमारुनी देशी.)

હો હરિ સત્યતણારે સંઘાતી, હરિ હું કહિયે નથીરે સમાતી;
હરિ મારે કોણ કરમનાં કરતુ, પ્રભુ ચોરીથકી શું નરતું.
હરિ હું શામાટે દુખ પામું, પ્રભુ જુઓ હું રાંકડીસામું. ૧

હરિ હું નથી દુખની ધીર, તમો છો વિપતસમેના વીર;
હરિ તમે મન અપરાધ ન લાવો, હરિ તમે અનાથબંધુ કહાવો. ૨

હરિ હું હરખથકીરે હણાઇ, હરિ હું ચોરટીમાંરે ગણાઇ;
હરિ હું કેની ને કોણતણી, હરિ જુઓ હું રાંકડીભણી. ૩

હરિ દોહેલે ઉદર ભરવું, હરિ મુજને ઘટેછે મરવું;
હરિ હું ભરતારે છાંડી, હવે દુઃખ કહું કેને માડી. ૪

હરિ મેં કોણ પાતક કીધાં, હરિ મેં સાધુને મેણાં દીધાં;
હરિ મેં રાખ્યું હોએ સત્ય, જો વાલા હોય નળપત્ય. ૫

એવું મનમાં ધરિયું ધ્યાન, સતની વારે ધાયા ભગવાન;
અંતરજામીએ બુદ્ધ દીધી, સતીએ આંખ રાતડી કીધી. ૬

કહે માસીને કરી ક્રોધ, ફરી કરો હારની શોધ;
સાખી સૂરજ વિષ્ણુ ને વાય, જો મેં કીધોહોય અન્યાય. ૭
બાઇ હાર તમારો જડજો, લેનારું તે ફાટીને મરજો;
એવું કેતામાં કળિજુગ નાઠો, ત્યારે તડાક ટોલડો ફાટો. ૮
માંહુથકો પડ્યો નિસરી હાર, સતીને ત્રુઠા વિશ્વાધાર;
અંત્રિક્ષથી આકસમાત, વરસ્યો હારતણો વરસાત. ૯
એકએકપેં અદકાં મોતી, રાજમાતા ટકટક જોતી;
પછે દમયંતીને પાગે, રાજમાતા ફરીફરી લાગે. ૧૦
બાઇ તું છે મોટી સાધ, મારો ક્ષમા કરો અપરાધ;
ઈંદુમતી થઇ ઓશિયાળી, મુખડું ન દેખાડે વાળી. ૧૧

(ઉથલો.)

વાળી મુખ દેખાડે નહીં, સત સતીનું રહ્યું રે;
વૃહદશ્વ કેહે યુધિષ્ઠિરને, વૈદર્ભદેશમાં શું થયું રે. ૧૨

कडवुं ५८ मुं.

(रागरामग्री-देशी गळगळी.)

બાહુકે દીઠાં બાકુવાં, ઉલટયું અંતઃકર્ણ;
દયામણાં મારાં દીકરાંને, દેખીને આવે મર્ણ. બાહુકે૦ ૧
કળિજુગે કલ્પાંતજ કીધું, બાળક વરત્યાં મોસાળ;
કોણ કૃત્ય મેં આચર્યું, તજી અબળા અંતરિયાળ. બાહુકે૦ ૨
સંજોગસાગર ઉલટયો, નયણાં શ્રાવણ સમાન;
આલિંગન દેવાકારણે, સુતને કીધી સાન. બાહુકે૦ ૩
મળવાને તેણાં મીટડાં, કર લાંબા કીધા ધીશ;
છળ્યાં બીનાં બાળકાં તે, પાડે ચીસેચીસ. બાહુકે૦ ૪

દાસીએ ચાંપ્યાં હ્રદેસાથે, કીધો બાહુકને તિરસ્કાર;
રૈવાદે તારું રમાડવું ભાઇ, રુએછે રાજકુમાર. બાહુકે૦ ૫

બાહુક કહે બાળકને મુને, સાંઇ દેવાનો સ્નેહ;
નારે ભાઇડા ભેટતાં થાય, કાળી કુંવરની દેહ. બાહુકે૦ ૬

છે છત્રપતિનાં છોકરાં, તુને મળવાનું કેમ મંન;
શે દુઃખે થાયછે ગળગળો, રોતાં ફૂટશે લોચંન. બાહુકે૦ ૭

બાહુક વળતો બોલિયો મારે, એવાં બાળકની જોડ;
આ દેખીને તે સાંભર્યાં, થયું રમાડવાનું કોડ. બાહુકે૦ ૮

દાસીએ કહ્યું દમયંતીને, બોલી બાહુકની વાત;
બાઇ આશ્ચર્જ દીઠું અતિઘણું, કાળો કરે આંશુપાત. બાહુકે૦ ૯

દમયંતીએ પૂછ્યું ભીમકને, નળની પડેછે ભ્રાંત;
આજ્ઞા હોય તો બાહુકને, પૂછું તેડી એકાંત. બાહુકે૦ ૧૦

ભીમક કહે સતી સુતા, તુને શી દેઊં શિક્ષા;
સુખે બોલાવી બાહુકિયાને, કરો નળની પરીક્ષા. બાહુકે૦ ૧૧

વંદરભી આવ્યાં અંતઃપુરમાં, જાંહાં પોતાની મેડી;
આજ્ઞા આપી દાસીને, લાવો બાહુકને તેડી. બાહુકે૦ ૧૨

गिरधर.

रामायण.

अध्याय ३३.

(राग काफी.)

નગ્રપાસે છે ઉપવંન, તેમાં ઉતર્યા કૌશિકમુન્ય;
રામલક્ષ્મણ બન્યો વીર, મુનિપાસે રહ્યા મતિધીર. ૧

સ્થળ સુંદર શોભામાન, તરુછાયા ઘણી સુખવાન;
ત્યાં દિનકર પામ્યો અસ્ત, કરી સંધ્યા વિપ્ર સમસ્ત. ૨

સૌમિત્રીની સાથે રામ, નિત્યકર્મ કર્યું અભિરામ;
કર્યાં આસન આચ્છાદંન, પછે પોઢ્યા સૌ મુનિજંન. ૩

મુનિ કૌશિકકેરા ચર્ણ, ચાંપે વીર બે અશરણશર્ણ;
કરે ધર્મનીતિની વાત, એમ કરતાં ગઇ મધરાત. ૪

મુની કહે છે વારંવાર, હવે પોઢોને પ્રાણઆધાર;
આજ્ઞા માગી ઊઠ્યા મતિધીર, પોઢ્યા આસન બન્યો વીર. ૫

વીતી રજની ઊગ્યો સૂર, ઊઠ્યા વિપ્ર તપસ્વી પૂર;
રામલક્ષ્મણ બે ગુણવાન, મુનિસાથે કર્યાં છે સ્નાન. ૬

પ્રાતઃકર્મ કર્યું પાવંન, થઇ સ્વસ્થ બેઠા મુનિજંન;
માગી કૌશિકની આજ્ઞાય, રામ ઉપવન જોવા જાય. ૭

તરુ સફળ શોભે અંકોર, બોલે હંસ કારંડવ મોર;
સરોવરમાં સુગંધી કંજ, ત્યાં ખટપદ કરતા ગુંજ. ૮

કરે લક્ષ્મણસાથે વાત, વન જોતા ફરે બે ભ્રાત;
તે સમે પૂજવાને અંબા, આવ્યાં જનકસુતા જગદંબા. ૯

તે સુખાસન બેઠી બાળી, સંગે સુંદરી બહુ રખવાળી;
દેવીદેવલમાંહે સધારી, વિનવ્યાં ઘણું વાલ વધારી. ૧૦

પૂજ્યાં પારવતીને પ્રીતે, આરતિ વારતી શુભ રીતે;
કર જોડી કહે શિર નામી, હુંસમોવડ આપજો સ્વામી. ૧૧

પૂજ્યું પાતે પોતાનું રૂપ, કરે બાનુની લીલા અનુપ;
સંગે સહિલી લઇ સરખી, ફૂલ વીણે સીતા મન હરખી. ૧૨

સાત વરસતણી કન્યાય, પામે રૂપે રતિ લજાય;
પદ કુમકુમવરણા રાજે, નેપુર અણવટ ઘુઘરી ગાજે. ૧૩

નખ મણિગણ ચળકે અનુપ, વિધુ સેવે જાણે ધરી રૂપ;
કરિશુંઢસકોમળ હસ્ત, ધરયાં અંગદ—આદિ સમસ્ત. ૧૪

કર હાથેલી રાતીચોળ, ઓઢી ચુંદડી રંગઝબોળ;
મુખચંદ્ર કલંકરહિત, આંખ અણિયાળી અંજનસહિત. ૧૫

નાકે સોઇએ મોતીનો મોર, કાને ઝાલ ઝબૂકે જોર ;
ચારુ ચિબુકે છુંદણું લીલું, ઘણું શોભે અખંડ રસીલું. ૧૬

રક્ત અધર હીરાકણી દંત, રંગે રાતા ઘણા દ્યુતિવંત ;
કરી કેશરઆડ કપોળ, મધ્યે ટીલડી રાતીચોળ. ૧૭

ગલુબંધ મુક્તાની માળ, અંગોઅંગની શોભા રસાળ ;
ચાલે હંસગતિ જાણે કરણી, પ્રતિબિંબ પડેછે ધરણી. ૧૮

સખીસાથે કરે મંદહાસ, થાએ ચંદ્રના જેવો પ્રકાશ ;
ઈંદિરા જક્તજનુની જેહ, આદિશક્તિ ઈશ્વરની એહ. ૧૯

કવિ ક્યમકરી વરણવે રૂપ, કેતાં હારે ગિરા નાગભૂપ ;
એવી જનકસુતા શુભઅંગ, જુવે વાડીમાં સાહેલીસંગ. ૨૦

એવે સીતાએ દૂરથી રામ, દીઠા શ્યામસુંદર કોટિકામ ;
તરુસઘન સરોવરપાળ, ત્યાં ઊભા દશરથબાળ. ૨૧

એક હસ્તે ગ્રહી તરુડાળ, બીજે બાહુ કટીએ વિશાળ ;
જોઇ ચકિત થઇછે કુમારી, જાણે તનમન નાખું વારી. ૨૨

રામે દીઠું સીતાનું રૂપ, મોહ પામ્યા ત્રિભોવનભૂપ ;
ઉપની ત્યાં પરસ્પર પ્રીત, જેવી ચંદ્રચકોરની રીત. ૨૩

સામાસામી બંધાયો તાર, ચારે નેત્ર થયાં તદાકાર ;
એકએકની મૂરતિ જેહ, રુદેમાંહે ઠરી છે તેહ. ૨૪

નિજ ધર્મ વિચારી રામ, ચિત્ત રાખ્યું પોતાનું ઠામ ;
દૃષ્ટિ આડી કરી તેણીવાર, કેશે લક્ષ્મણ આ શો વિચાર. ૨૫

પછી સાહેલી પ્રત્યે સીતા, બોલી વચન મધુર પૂનીતાં ;
સખી પેલા બે રાજકિશોર, ગૌર—શ્યામછબી ચિતચોર. ૨૬

પૂછ કોના હશે એ બાળ, આવ સત્વર કાડી ભાળ ;
શુણી આવી સાહેલી ત્યાંહે, રામલક્ષ્મણ ઉભા જ્યાંહે. ૨૭

સખી બોલી મસ્તક નામી, કોના પુત્ર તમે છો સ્વામી ;
કોણ નગરતણાં છો નિવાસી, કેમ આવ્યા આંહાં સુખરાશી. ૨૮

ત્યારે બોલ્યા હસી રઘુરાય, નગ્ર અવધપુરી કેહેવાય;
રાય દશરથના સુત ધીર, હું રામ આ લક્ષ્મણ વીર. ૨૯

વિશ્વામિત્રની સાથે આવ્યા, અમને મુનિવર તેડીલાવ્યા;
જોવા સીતાસ્વયંવર કાજ, અમો આવ્યા જનકપુર આજ. ૩૦

એવાં વચન શુણીને સાહેલી, સીતાપાસે ગઇ વેલીવેલી;
કહ્યા સીતાને સમાચાર, રામલક્ષ્મણ રાજકુમાર. ૩૧

બાઇ સુંદર શ્યામસ્વરૂપ, વર એ તમજોગ અનુપ;
સખીવચન શુણી સકુમારી, મનમાં રહી વાત વિચારી. ૩૨

પિતાનું પણ સંભારી સીતા, ચિતમાંહે થઇ ભયભીતા;
વિનવે વિધિ ને ત્રિપુરાર, ઉમયા કરજો મુજ સાર. ૩૩

કંઇ પૂરવપુણ્યપ્રતાપ, ચડાવે રામ એ શિવચાપ;
તમો ધર્મધોરિંધર ધીર, મુજને વરજો શ્રીરઘુવીર. ૩૪

એમ જાનકી કરતાં વિચાર, નેત્રે જોતા રાજકુમાર;
પૂછે લક્ષ્મણ જોડી હાથ, કોની કન્યા હશે રઘુનાથ. ૩૫

જેના રૂપથકી રતિ લાજે, ઉપમા નથી એને કાજે;
ત્યારે બોલ્યા શ્રીરઘુવીર, શુણ બંધવ લક્ષ્મણ ધીર. ૩૬

એ તો જાનકી જનકકુમારી, આવી પૂજવા શૈલકુમારી;
અબળાનું છે એવું રૂપ, જેથી મોહ પામે સુરભૂપ. ૩૭

આપણે રઘુકુળના તંન, રાખીએ દ્રઢ નિરમળ મંન;
પરનારીથી રહિયે વિરક્ત, જોઇ નવ થઇએ આસક્ત. ૩૮

કુદ્દષ્ટિએ ના કરીએ પ્રીત, ધર્મશાસ્ત્રની એવી રીત;
પરનારી ને પરવિત્ત, સ્વપને નવ દીજે ચિત્ત. ૩૯

એમ કહી શુભ ધર્મ પ્રકાશ, પછી આવ્યા મુનિવરપાસ;
રાખી ધ્યાનમાં મૂરતિ રામ, ગયાં જનકસુતા નિજ ઠામ. ૪૦

જાણી જનકરાજાએ વાત, આવ્યા કૌશિકમુનિ સાક્ષાત;
ઊઠયા સભાસહિત રાજંન, ચાલ્યા તેડવાને મુનિજંન. ૪૧

વાજે વાજિત્ર નાનાપ્રકાર, સર્વે આવ્યા વાડીમોઝાર;
રુષિ સૂરજસરખા આન્હિક, શોભે એકકકરતાં અધિક. ૪૨

આવી લાગ્યા નરપતિ પાય, વદે આશિષ સૌ મુનિરાય;
ગાધીસુતને કર્યા સાષ્ટાંગ, બેઠા ભૂપતિ મંડળસંગ. ૪૩

રામલક્ષમણ મુનિવરપાસ, બેઠા અદ્‌ભુત-રૂપપ્રકાશ;
ગૌરશ્યામ કિશોર કુમાર, દીઠા જનકે તેણીવાર. ૪૪

જોઇ રૂપ સુંદરતા વેશ, થયા નરપતિ રહિતનિમેશ;
કાવે નામ વિદેહજ એહ, થયા જોઇ વિશેષ વિદેહ. ૪૫

પછી શુણતાં સર્વસભાય, પૂછે વિશ્વામિત્રને રાય;
કહો મુનિ આ કોના તંન, ગૌરશ્યામ બે રૂપરતંન. ૪૬

શું રવિ શશી બે ધરી રૂપ, કે બૃહસ્પતિ ને સુરભૂપ;
ઉમાપતિ રમાપતિ એહ, ધરી કામવસંતે શું દેહ. ૪૭

વારું કોટિક મીનકેતંન, જેથી મોહ પામ્યું મુજ મંન;
જાણે વિશ્વના પ્રાણઆધાર, એવા કોના છે સકુમાર ૪૮

શુણી ભૂપનાં સ્નેહવચંન, ત્યારે બોલ્યા કૌશિકમુન્ય;
રાય દશરથના એ કુમાર, બળ પ્રાક્રમ રૂપ અપાર. ૪૯

ઘનશ્યામતનુ શ્રીરામ, ગૌરસુંદર લક્ષમણ નામ;
યજ્ઞરક્ષા કરી ધનુ ધારી, તાડિકાસુબાહુને મારી. ૫૦

બળ પ્રાક્રમ ગુણ ચરિત્ર, કહ્યાં ભૂપને વિશ્વામિત્ર;
શુણી હરખ પામ્યા રાજંન, વળી શોકાતુર થયું મંન. ૫૧

રામરૂપ જોઇ થયું સુખ, પણ સંભારી પામ્યા દુ:ખ;
મુનિ સર્વને તેડી રાય, નિજ નગ્રમાં નરપતિ જાય. ૫૨

વલણ.

નરપતિ જાએ નગ્રમાં, તેડી સરવ મુનિજંન;
રામલક્ષમણ સાથે ચાલ્યા, હરખ્યા જનકરાજંન રે. ૫૩

अध्याय ३६.

(राग सोरठ.)

મુનિપાસે બેઠા શ્રીરામ, કોટિકંદર્પસુંદર-શ્યામ;
દીઠા સીતાએ પૂરણકામ, જોઇ મોહ પામિયાં રે. ૧

શુણ વિજયા સહીયર મારી, પેલા બેઠા અવધબિહારી;
રૂપઉપર જાઉં બલિહારી, થાઉં એની કિંકરી રે. ૨

મારૂં માન્યું એસું મંન, એની સાથે કરે જો લગંન;
થાઉં ત્રિભુવનમાં હું ધન્ય, સદન સૌભાગ્યનું રે. ૩

ત્યારે પોંચે મારા કોડ, પામું એ વર કામકરોડ;
નથી ચૌદભુવનમાં જોડ, રઘુવરરૂપની રે. ૪

છે શરાસન શિવનું કઠોર, એ કુવરનું કેટલું જોર;
ઘણું કોમળ રાજકિશોર, એ કેમ ચડાવશે રે. ૫

જો નહિ વરે શામળગાત, તો હું તુરત કરું દેહપાત;
પણ કઠણ કર્યું કેમ તાત, ધનુષ વેરી થયું રે. ૬

ઘણો નિરદે થયો મુજ બાપ, લાવી મૂક્યું સભામાં ચાપ;
મુને થાય ઘણો પરિતાપ, હવે હું શું કરૂં રે. ૭

કોઇ જનકને જઇ કહો આજ, પણ મૂકી કરો શુભકાજ;
તમ પુત્રીએ રઘુરાજ, તે મનસાથે વર્યા રે. ૮

એમ સીતા આરતવાન, જોઇ વિજયા બોલી વચંન;
બાઇ ધીરજ રાખો મંન, ચિંતા સાને કરો રે. ૯

નિશ્ચે વરશે તમને રામ, ચિત રાખો તમારું ઠામ;
છે ભક્તના પૂરણ કામ, તે કેમ ભૂલીજશે રે. ૧૦

તમો રામને જાણો બાળ, પણ કાળતણા છે કાળ;
વળી બાહુ નેત્ર વિશાળ, જુઓ એની આકૃતિ રે. ૧૧

મારી તાડિકાને એક બાણ, સુબાહુના લીધા પ્રાણ;
તે થયું છે મુજને જાણ, મુનિ વાતો કરે રે. ૧૨

માટે ત્ર્યંબક તોડશે એહ, તમો ટાળો મનસંદેહ;
જેમ પ્રીત બપૈયામેહ, એ નેહ વધારશેરે. ૧૩

કરે વાત સકળ પુરજંન, વરશે સીતાને દશરથતંન;
પંચ કહે તે સાચું વચંન, થાએ નિશ્ચે ખરૂં રે. ૧૪

લઘુ ના ગણીએ તેજવંત, સિંહબાળક સૂક્ષમજંત;
આણે મદગળકેરો અંત, એવા રઘુવીર છે રે. ૧૫

સખીવચન શુણી તેણીવાર, સીતા કરતાં મન વિચાર;
મનાવે વિધિ ને ત્રિપુરાર, ત્ર્યંબક હળવું થજો રે ૧૬

જોઇ ધનુષ પ્રચંડ અઘાત, સીતા કરતાં આંશુપાત;
તમો હરજો ઉમયામાત, ગૌરવતા એતણીરે. ૧૭

સચ્ચિદાનંદ છો સુખરાશી, મારી અરજ સુણો અવિનાશી;
પ્રભુ હું છું તમારી દાસી, રખે ભૂલીજતા રે. ૧૮

તમ અરથે ધર્યુંછે શરીર. છો ધર્મધોરિંધર ધીર;
તમને મૂકીને રઘુવીર, બીજાને નહિ વરૂં રે. ૧૯

એમ જાનકી શોચે મંન, સ્તુતિ કરતાં દીનવચંન;
અંતરજામી જુગજીવંન, તે સરવે જાણિયું રે. ૨૦

(વળણ.)

જુગજીવને સૌ જાણિયું, શોચે જનકતનયાયરે;
શ્રોતાજન સૌ સાંભળો, હવે સ્વયંવરમાં શું થાય રે. ૨૧

અધ્યાય ૨૧.

अहल्यास्तुति.

(हरिगीत छंद—रामकळी.)

જય રામ કરુણાધામ પૂરણકામ દશરથનંદનં;
તવ નામ મનઅભિરામ સુંદરશ્યામ સુરમુનિવંદનં. ૧

જય જક્તગુરુ જગતાતમાત વિશ્વંભર જગનાયકં ;
સ્મરારિમિત્ર ચરિત્રચિત્રવિચિત્ર જનસુખદાયકં. ૨

જય પરાત્પર પરિબ્રહ્મ પૂરણ સગુણ નિર્ગુણ અવ્યયં ;
ચરઅચર જીવનો કાયવ્યાપક એક અજિત અનામયં. ૩

જય નિગમઅગમ અપાર કારણરહિત કૌશલ્યાતનં ;
સચ્ચિદાનંદ અખંડ અજ ચૈતન્યસાક્ષી ચિદ્ઘનં. ૪

જય શાપમોચન કમળલોચન દીનજનપ્રતિપાલયં ;
નિજ ભક્તવત્સલ શરણજનભવરોગવૈદ્ય કૃપાલયં. ૫

જય મિત્રકુળકાનન-કમળરવિ ચતુરવિધ-વપુધારયં ;
અવતારકારણ-ધર્મસ્થાપન દુષ્ટદનુજવિદારયં. ૬

જય યજ્ઞપાળ દયાળ કૃતવધ તાડિકા-ખર-દૂષણં ;
કર શર અમોઘ નિખંગ ધનુષ નમામિ રવિકુળભૂષણં. ૭

બ્રહ્માંડનાયક ભુવન સુંદર દાન કૃત મમ સદગતિ ;
જય શિવહૃદયમાનસમરાળ નમામિ રામ રમાપ્રતિ. ૮

મુનિપત્નીકૃત એ સ્તોત્ર પાવન જપે નરનારી સદા ;
તે ધન્ય ભૂતળ દાસ ગિરિધર મોક્ષ પામે સર્વદા. ૯

धीरोभक्त.

"એ ભાટ વડોદરા જીલ્લામાં સાવલી ગામનો રેનાર ૧૮૮૦-૯૦માં હતો એમ કેવાયછે. એણે ઘણુંકરીને કાફીરાગમાંજ વેરાગ્ય અને જ્ઞાનસંબંધી છૂટક પદો ઘણાં કર્યાંછે. એની ભાષા શુદ્ધ અને જોસ્સાવાળી છે."

पद १.

(राग काफी.)

તરણાઓથે ડુંગર રે, ડુંગર કોઇ દેખે નહીં;
અજાજૂથમાંહે રે, સમરથ ગાજે સહી. – ટેક.

સિંહ અજામાં કરે ગરજના, કસ્તૂરી મૃગરાજંન;
તલને ઓથે જેમ તેલ રહ્યુંછે, કાષ્ટમાં હુતાશંન,
દધિઓથે ઘૃતજ રે, વસ્તુ એમ છુપીરહી—તરણા૦ ૧

કોને કહું ને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર;
અગમકેરી ગમ નહીં રે, વાણી ન પોંચે વિસ્તાર,
એક દેશ એવો રે, બુદ્ધિ થાકી રહે તહીં—તરણા૦ ૨

મનપવનની ગતિ ન પોંચે, અવિનાશી રે અખંડ;
રહ્યા સચરાચરે ભર્યા બ્રહ્મ પૂરણ, જેણે રચ્યાં બ્રહ્માંડ,
ઠામ નહીં ઠાલો રે, એક અણુમાત્ર કંહીં—તરણા૦ ૩

સદગુરુજીએ કૃપા કરી ત્યારે, આપે થયારે પ્રકાશ;
શાં શાં દોડી સાધન સાધે, પોતે પોતાની પાસ,
દાસ ધીરો કેછે રે, જ્યાં જોઉં ત્યાં તુંહી તુંહી -- તરણા૦ ૪

पद २.

મન તુંહી તુંહી બોલે રે, આ સુપનાજેવું તન તારું;
અચાનક ઉડીજાશે રે, જેમ દેવતામાં દારુ—ટેક.

ઝાકળજળ પળમાં વળીજાશે, જેમ કાગળ ને પાણી;
કાયાવાડી તારી એમ કરમાશે, થઇજાશે ધૂળધાણી,
પાછળથી પસ્તાશે રે, મિથ્યા કહી મારું મારું—મન૦ ૧

કાચનો કુપ્પો કાયા તારી, વણસતાં નહીં વાર;
જીવકાયાને સગાઇ કેટલી, મૂકી ચાલે વનમોઝાર,
ફોગટ ફૂલ્યા ફરવું રે, ઓચિંતું થાશે અંધારું—મન૦ ૨

જાયું તે તો સર્વે જાવાનું, ઊગરવાનો ઉધારો;
દેવ ગાંધર્વ રાક્ષસ ને માણસ, સૌને મરણનો મારો,
આશાનો મેલ ઊંચોરે, નીચું આ કાચું કારભારું—મન૦ ૩

ચંચળ ચિત ચેતીને ચાલો, ઝાલો હરિનું નામ;
પરમારથ જે હાથે તે સાથે, કરો રેવાનો વિશ્રામ,
ધીરા ધરાધરથી રે, નથી કોઇ રેહેનારું—મન૦ ૪

પદ ૨.

અંતે સંતને તેડાવે રે, હરિનું ભજન કરવા;
કરમાં માળા ઝાલી રે, મૂરખ જારે સૂતો મરવા—ટેક.

નાનપણે ઘરધંધે ધાયો, વૃદ્ધપણે હરિગુણ ગાય;
ઘર લાગ્યું ત્યારે કૂવો ખોદાવે, અગ્નિ એ કેમ હોલાય,
જીતી બાજી હાર્યો રે, પત્થરની નાવે બેઠો તરવા—અંતે૦ ૧

અંતસમે છાપતિલક બનાવે, ભૂલીગયો જ્યારે ભાન;
એરણની ચોરી સોયનું દાન એમ, કેમ આવે વૈમાન,
ગુરુજ્ઞાન નાવ્યું રે, બુદ્ધિ તારી ગઇ ચરવા—અંતે૦ ૨

જુવતિનારીને જેવી પુરુષની આશા, એમ હરિ ભજે ફળ થાય;
વૃદ્ધનારીને નહીં પુત્રની આશા એનો, એળે જનમ વહીજાય,
હરિને બેઠો ઠગવા રે, એંસી વર્ષે વર વરવા—અંતે૦ ૩

વીસ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કરે ભય જાય;
હરિશું ધાયા તે બહુ કમાયા, તેને મળિયા નિરંજન રાય,
દાસ ધીરો કેહે રે, મટ્યા ચોર્યાસી ફરવા—અંતે૦ ૪

પદ ૪.

ખબરદાર મનસૂબાજી, ખાંડાની ધારે ચડવુંછે;
હિમ્મતહથિયાર બાંધી રે, સત્ય લડાઇએ લડવું છે—ટેક.

એક ઉમરાવને બાર પટાવત, એકએકનીચે ત્રીસત્રીસ;
એક ધણીને એક એક ધણિયાણી, એમ વિગતે સાતસેં ને વીસ,
સો સરદારે ગઢ ઘેર્યો રે, તેને જીતી પાર પડવુંછે—ખબર૦ ૧

પાંચ પ્યાદલ તારી પૂઠે ફરેછે, ને વળી કામ ને ક્રોધ;
લોભ મોહ ને માયા મમતા એવા, જુલમી જોરાવર જોધ,
અતિ બળિષ્ટ સ્વારી રે, તેસાથે આથડવુંછે—ખબર૦ ૨

પ્રેમપલાણ ધરી, જ્ઞાનઘોડે ચડી, સદ્ગુરુશબ્દ લગામ;
શીલ સંતોષ ને ક્ષમા ખડગ ધરી, ભજનભડાકે રામ,
ધર્મઢાલ ઝાલી રે, નિર્ભે નિશાને ચડવુંછે—ખબર૦ ૩

સુરત નુરત ને ઇડા પિંગળા, સુષુમણાગંગસ્નાન કીજે;
મનપવનથી ગગનમંડળ ચડી, ધીરા સુધારસ પીજે,
રાજ ઘણું રીઝે રે, ભજનવડે ભડવુંછે—ખબર૦ ૪

પદ ૫.

સંત મળે સાચા રે, અગમની તે ખબર કરે;
ભાવે ભેટું તેને રે, સરવે મારું કારજ સરે—ટેક.

ઉલટી સરિતા પડે ગગનપર, વિના વાદળ વરસાય;
વિના આભ વિજળી ચમકે, ગેબી ગરજના થાય,
ધીરે ધીરે વરસે રે, વરસીને અમર ભરે— સંત૦ ૧

તેતરડે સિંચાણો પકડ્યો, શશે સપડાવ્યો સિંહ;
કાયર ખડ્ગ કાઢીને દોડ્યો, ત્યારે શૂરે પાડી ચિંહ,
મંઝારી ચૂવે મારી રે, રૈયતથું રાજા ડરે— સંત૦ ૨

વિના વાજિંત્રી વાજાં વાજે, વિના કંઠ હોય ગાન;
દો કરવિના તાળી વાજેછે, તોલવિના જડે માન,
વિના વાડી પુષ્પજ રે, પરવિના ભ્રમર ફરે— સંત૦ ૩

વિદેહની વારતા મરજીવા, માની માની હરખાય;
ગુરુગમવાળા સંત મળે તો, તેને લળીલળી લાગું પાય,
દાસ ધીરો કેછે રે, ત્યારે તો મારું મનડું ઠરે— સંત૦ ૪

પદ ૬.

મુનિજન મોહ્યા રે, મહામસ્તાની માયા;
બંધને બંધાયા રે, રંક ને રાણીજાયા—ટેક.

મોટામોટા નર વિંધાણા, ધીર વીર સમરથ શૂર;
જોગી જંગમ જતિ સેવડા, ચોળી કર્યા ચકચૂર,
સંન્યાસી ને સ્વામી રે, લાલચમાં લપટાયા— મુનિ૦ ૧

ખેપ કરીને ક્ષત્રીરે ખાધા, બ્રાહ્મણ શૂદ્રને વૈશ્ય;
નાદી ભેદી પંડિત પુરાણી, પછાડ્યા પરમહંસ,
વિવેકના સાગર રે, વિષયમાં બહુ વિંટાયા— મુનિ૦ ૨

પારાશર સૌભરિ પુરંદર, નારદને વશ કીધ;
ચંદરમા ચિતમાં લલચાયા, લક્ષણવંતા લૂટીલીધ,
એકલશૃંગી રુષિ રે, ઓળમાં અટવાયા— મુનિ૦ ૩

વિશ્વ બધું છે એના વશમાં, મોહ્યા ચૌદે લોક;
બ્રહ્માશિવસનકાદિક મોહ્યા, એની આગળ ડાપણ ફોક,
દાસ ધીરો કેછે રે, કોણ માનવકાયા— મુનિ૦ ૪

પદ ૭.

થાણદાર થયા રે, થાણાને રાખો ઠેકાણે;
દુર્લભ દેહનગરીરે, માંહિ બેઠા માણે—ટેક.

કુડા પાંચપચીશ ઠગારા, રૈયતને રંજાડે;
ચંચળ ચોર કરે માંહિ ચોરી, ભવન બહુ ભંગાડે,
ધરપત ન ધારે રે, ધરાયો નહિ ભરે ભાણે—થાણ૦ ૧

સત્યધરમરૂપી પટાવાળા, હુકમ કરો તો બાંધી આણે;
તસ્કર સઘળાને વશ કરીને, નાંખોને બંદીખાણે,
દંડ દેઇ તેને રે, ઘાલો અવળે ઘાણે— થાણ૦ ૨

છૂપીરહ્યાછે દોતિયા એ રૂડા, તેને તું નવ જાણે;
જે જે કર્મ કરોછો પ્રતિદિન, તે લખાસેશે તે ટાણે.
દફતર દેશે ધણીને રે, હિસાબ લેશે દાણેદાણે—થાણ૦ ૩

પાંચ પ્રકૃતિના કર શુભ બાંધી, વૃત્તિ રાખો થિર થાણે;
ધિંગો ધણી છે દાસ ધીરાનો, એને ઓળખાસેજો એધાણે,
અવિચળ ગાદી આપે રે, આપરૂપપરમાણે— થાણ૦ ૪

अखो

"એ શ્રીમાળી સોની અમદાવાદમાં ખાડિયામાં દેશાઇની પોળમાં રે'તો હતો. એનાં પુસ્તકના બે ભાગ થઇશકે -પાખંડીમત તથા આચારઘેલાઇ એવિષે છપ્પા ને વેદાંતના ગ્રંથો. છપ્પામાં મહાની રીતે લોકોમાં ચાલતા દાખલાઓથી ઠગબાજીને અને ધરમઘેલાઇને હસીનાખી—હસવામાં નિંદા કરી લોકને શિખામણ દીધીછે. એણે જે દાખલાઓ મૂકયાછે તે ખરેખર અસર કરે તેવા છે. કદાપિ એમ લાગે કે એક વાતના બોધનેમાટે જૂદાં જૂદાં ઠેકાણાંના પ્રસંગોને પ્રમાણરૂપ સાથે મૂકવામાં એને ઘણી મેનત પડીહશે, તોપણ એની લખવાની છટાઉપરથી સાફ જણાયછે કે એણે બહુ જોયલું, બહુ સાંભળેલું અને બહુ વેઠેલું તેથી એનાથી સહજ લખાયછે ને એજ એની કવિદાખલ ખૂબી છે. એના છપ્પા પિંગળ-રીતના નથી પણ છ ચરણની ચોપાઇઓ છે. મૂર્ખાઇનું હાસ્ય કરી શિખામણ આપવામાં અને ગુજરાતી ભાષામાં વેદાંતના શાસ્ત્રીય ગ્રંથ લખવામાં અખાજેવો હજી કોઇ થયો નથી. અખાએ જે વેદાંત લખ્યોછે તે વેદાંત કવિને લખવાના વિષયને યોગ્ય નથી; તેમાં કવિતા-રસ થોડોજ છે, ને અખો પોતે પણ કે'છે કે 'જ્ઞાનીને કવિમાં ન ગણીશ, કિરણ સૂરજનાં કેમ વરણીશ'? ૯૦ (જો૦ કવિઅંગ.) ગંભીર વિષયને અનુકૂળ ભાષા ઘડાયલી નહિ તેથી અખાની ભાષા સ્વચ્છ નથી પણ ક્લિષ્ટજેવી લાગેછે. અખાને જ્ઞાનીદાખલ ઘણું માન છે પણ કવિદાખલ તો એ બીજા વર્ગમાં આવેછે. એની કવિતા બોધક છે ને તેમાં હાસ્યરસ-શિવાય બીજો મોટો રસ નથી. અખાએ જાતે અભ્યાસ કર્યો નહોતો પણ એ બહુશ્રુત હતો. એના વિચાર સાધારણ નથી પણ પ્રૌઢ છે -પંડિત માન્ય કરે તેવા. એણે કવિતા-ઉપર કે ઢાળઉપર નજર રાખી નથી પણ અર્થને દૃષ્ટાંતોથી ભભકમાં બતાવવાઉપર સારી-પેઠે નજર રાખીછે. એના બનાવેલા વેદાંતના ગ્રંથોમાંનો એક અક્ષયગીતા—અખેગીતા છે. એ ગીતાની શેવટે સંવત ૧૭૦૫ ને ચૈત્ર શુદ્ધ ૯ ને સોમવારની તિથિ લખીછે. એણે કેટલી-એક સાખી ગરબીઓ પણ કરીછે."

(छप्पा.)

वेषानिंदाअंग.

સુતર આવે ત્યમ તું રહે, જ્યમત્યમકરીને હરિને લહે;
વેશટેક છે આડી ગલી, માંહિ પેઠો ન શકે નીકળી;
અખા કૃતનો ચડે કખાય, રખે તું કાંઇ કરવાજાય. ૧

રંગ ચડે તે જાણો મેલ, પોત રહે તો સામું સેલ;
આપે આત્મા સ્વયંપ્રકાશ, કર્મધર્મનો કાડો પાશ;
અખા એ સદગુરુની કળા, સમજે નહિ તો વાધે બલા. ૨

ખટદર્શનના જુજવા મતા, માંહોમાંહી ખાધી ખતા;
એકનું થાપ્યું બીજો હણે, અન્યથી આપને અધિકો ગણે;
અખા એ અંધારો કુવો, ઝગડો ભાગી કોઇ ન મુવો. ૩

સમજી રે તો સઘળો લાભ, કાયક્લેશે વાધે ગાભ;
હુંમાનિનતા હોય સંતાન, આતમતાનું ઉપજે જ્ઞાન;
અખા હરિ જાણી હું ટાળ, જન્મ અનંતની ઉતરે ગાળ. ૪

માનિનતા માયાનો ભાગ, માને મમતા પામી લાગ;
કેવળમાં જે બીજું ભળે, કલ્પિત ભ્રમ ટાળ્યો નવ ટળે;
અખા નિજ આત્માને સાધ્ય, ઔષધવેણી જાએ વ્યાધ્ય. ૫

હું ટાળી અછતો થૈ રહે, હરિપ્રભામાંહેયો વહે;
પોતાપણાથી જે નર ટળે, અનાયાસ હરિમાં જૈભળે;
અખા વાત સમજીલે વિધે, જ્યાં છે ત્યાં આકાશજ મધે. ૬

પડે નહીં જે પૃથ્વી સુએ, કને નહીં તે કો શું ખુએ;
ટાઢું ઊનું નોય આકાશ, પાણીમાં નહિ માખણ છાશ;
બ્રહ્મજ્ઞાન એવું છે અખા, જ્યાં નહિ સ્વામી સેવક સખા. ૭

એક નહીં ત્યાં બીજું કહ્યું, જાણુંજ નહિ શું વાસો વસું;
પંચ નહીં ત્યાં કેની સાખ, વણુરસના અચવ્યો રસ ચાખ;
અખા સમજે તો સમજીજુએ, બાપના બાપને ઘેલાં રુએ ૮

ગુરૂઅંગ.

ગુરુ થૈબેઠો હુંશેકરી, કંઠે પાણ શકે ક્યમ તરી;
નાની નારી હવું પ્રસુત, વળતી વાધે નહિ અદભુત;
શિષ્યને ભારે ભારે રયો, અખા તે મુળગેથી ગયો. ૯

પોતે હરિને ન જાણે લેશ, કાઢીબેઠો ગુરુનો વેષ;
સાપને ઘેર પરુણો સાપ, ચાટી મુખ વળે ઘર આપ;
એવા ગુરુ ઘણા સંસાર, તે શું અખા ઉતારે પાર. ૧૦

તું તારું સમજીને બેસ, કાં ચોળે ડીલ પ્યારી મેસ;
જો તુંબડું માંહીથું મરે, તો જે લૈ પેસે તે તરે;
તરુવર ફળ આપવા ન જાય, અખા આવીચુડે તે ખાય. ૧૧

પેહેલો તું પરમારથ પ્રીછ, પછે ગુરુ થવાને ઇછ;
પારો મુઓ તે રોગ નિર્ગમે, ભોજન પછે બહોળું જમે;
તેમ નિરાશે મળે નારાણ, અખા એમ ખરેખર જાણ. ૧૨

તું તારું મન નાનું પ્રીછ, શાને મોટપ લેછે શીશ;
ઝીણું મળીને મોટું થાય, મોટું કણકા થૈને જાય;
અખા વાત વિચારો વિધ્યે, રિદ્ધિ ઘણી રહેછે નિધ્યે. ૧૩

આપે આપ પૂરણબ્રહ્મ હરિ, પોત પસાર્યું રચના કરી;
ચૈતનબ્રહ્મ શિલાનું ચિત્ર, દાનવ માનવ પશુ ને પિત્ર;
થાય જાય એ માયાભેદ, અખા ચૈતનનો નહિ ઉચ્છેદ. ૧૪

कविअंग.

કવિતા ઘણા કવિ કવીગયા, અદ્યાપિ કવે પ્રત્યક્ષ રૂયા;
વળી આગળ કવશે બહુ કવિ, સૌ જોડે મનવૃત્તિ અનુભવી;
અખા મનાતીત ત્યમનુંત્યમ, મનની વૃત્તિમાં મનની ગમ. ૧૫

જ્ઞાનીને કવિમાં ન ગણીશ, કિરણ સૂરજનાં કેમ વરણીશ;
શબ્દતણો છેડો ક્યમ થાય, કદી આકાશ ન તોળ્યુંજાય;
એવું વચન અણલિંગીતણું, અખા નહીં કો પરઆપણું. ૧૬

સ્થિતિ નહીં આપાપરતણી, પિંડબ્રહ્માંડનો થાય ન ધણી;
અચવ્યુંસરખું દીસે આપ, ભૂતભવિષ્યનો ન હોય થાપ;
અખા જોતાં ચિદઆકાશ, આવિર્ભાવવિના શો નાશ. ૧૭

वैराग्यअंग.

જો ઉપજે તો ભલો વૈરાગ, બાજાં કૃત્યનો ન છએ પાગ;
હેલામાં હરિ પામે વેદ, જો ઉપજે સાચો નિર્વેદ;
જ્યમ ફૂલપાછળ ફળ નિદાન, અખા વૈરાગ્ય તે પરમનિધાન. ૧૮

વૈરાગ્યવિના ઉપજે ખેદ, મારૂં તારૂં ભેદાભેદ;
સત્ય વૈરાગ્ય તે ગોળીચોટ, જો લાગે તો થાય લોટપોટ;
જો લાગે અખા પર કે પાગ, તોય ટળે તે ઉડવા લાગ. ૧૯

સત્ય વૈરાગ્ય સ્વામીનું રુદે, મહાપુરુષ વાણી એમ વદે;
જે વૈરાગ્ય દેખાડે કરી, એ તો મનકેરી મશકરી;
પલકપલક પલટાએ ઢંગ, એતો અખા માયાના રંગ. ૨૦

સૂરજસમ સાચો વૈરાગ, તપતાં ન ગુએ જાગકુજાગ;
સૌને તેજ કરે તે સહી, પડછાયો પોતામાં નહીં;
જ્યાં ઉપજે સાચો નિરવેદ, તોય અખા ત્યાં ભેદાભેદ. ૨૧

સત્ય વૈરાગ્ય સ્વે જાણો હરિ, ત્યાં માયાને શું ગ્રહિયે આદરી;
જ્યમ નવગ્રહરત્નો મુલવાય, પણ પારસનું મૂલ ન થાય;
અખા એ વૈરાગ્યવિચાર, વેષ તુને નહિ મૂકે પાર. ૨૨

જતિ કાંવે તો મનને જીત, બાકી જે કરશે તે રીત;
ચાર વરણ ને આશ્રમ ચાર, જ્યાં જનમે ત્યાં વેષવેવાર;
એમાં વાત અખા શી નવી, લાગ્યું તે છૂટો ભોગવી. ૨૩

એમ સમજે તે પામે પાર, જે મુજપેલો હતો કરતાર;
મુજ જાતાંય રહેછે હરિ, વચે હું રહ્યો માથે કરી;
અખા એમ વિચારીલિયે, શિશથી પોટલો નાખીદિયે. ૨૪

ગોળે મરે કાં શોધે વ્યખ, તપી ભમી કાં પામે દુખ;
ફરતાકરતા દીસે ઘણા, જ્યમ તાતી વેળુમાં ચણા;
અખા ઉડી જે અળગો પડે, વસ્તુવિચાર સદ્દગુરુથી જડે. ૨૫

હેતુવિના પ્રવૃત્તિ બહુ વધે, કુબુદ્ધિ હુંશે એસે ગધે;
ત્યમ દેખાદેખી સૌ કરે, પણ કો ન જુએ શું છે સરે;
અખા જો વિચારી જુએ, રોતાં દેખી સૌકો રૂએ. ૨૬

ઘરમાં ધાયક મનકામના, મોહ્યા કર્મ કરે દામના;
કુશળે કેમ હોએ નિર્વાણ, જો નહિ ઉપજે આતમજાણ;
સમણામાં સૌ ઉપજે મરે, અખા સમજ તે મોટી સરે. ૨૭

ભામ્ય બાંડ એક જોતાં સરે, લાગ્યો અગ્નિ ફાવ્યું ઠાકરે;
ત્યમ જીવ શિવ વસ્તુગત એક, અહંતાકેરી લાગી ટેક;
અખા જીવ અહંતાનો ભાગ, ઉજ્વળમાં જ્યમ કાળો ડાઘ. ૨૮

અગમપંથમાં મોટા ભલ્લ, ચાલીશકે કો એકલમલ્લ;
સામો મળે ન વાંકો જાય, નિજબળ બળિયો ત્યાં ઠેરાય;
બાકી અખા હોકારા કરે, ભૂમિવિના પગ કોઇક ધરે. ૨૯

વણખાંડે તું જગમાં જીત, જો સમજે આ આતમરીત;
જાઇશ મા ખોવા પામવા, ઇચ્છિશ મા ટળવા ને થવા;
પ્રવૃત્તિ નિવૃત્તિ દાસી બેય, જો અખા તું એ ઘર રેહ. ૩૦

मायाअंग.

માયાના ગુણ કર્મ રૂપ નામ, માયાના ગુણ શ્વેત ને શામ;
માયાને મારા પારકા, દેવ દનુજ સૌ માયાથકા;
માયાના ગુણ જ્યાં નવ છબે, તેને અખા તે કોણ આલંબે. ૩૧

વસ્તુ નથી ઇંદ્રિને ગ્રાહ્ય, શાથી શું અંતર કે બાહ્ય;
બાહ્ય મધ્ય અંતરપટવડે, અંતરપટ માયા રહી ઘડે;
માયાનાં કૃત્ય માયાલગે, અખા વિચારે પડશે વગે. ૩૨

પિંડ ક્ષર અક્ષર આતમા, જે સમજ્યો સહુજ્યો વાતમાં;
ચોવિશ તત્વતણો સમુદાય, મુજવડે સૌ આવેજાય;
હું પૂરણ ચૈતનઘન એક, નામ રૂપ ગુણ કર્મ અનેક;
અખા સમજ્યો તે અણુચળ્યો, જેણે એ મારગ અનુભવ્યો. ૩૩

મનસું વાત વિચારી અખે, જ્ઞાની તે જે માયા ભખે;
નાઠો છૂટે નહિ એહથી, અળગી નહિ છાયા દેહથી;
જે આશ્રમદર્શનને ગ્રહે, રસબસ માયામાં થઇરહે. ૩૪

ભેદુ સમુળગી માયા ગળે, સામું ટાળે પોતે ટળે;
આપાપર ટળીને ઊગરે, સહજ લક્ષ તેમાં સ્થિતિ કરે;
અખા જીત્યાનું ન ધરે માન, જીત્યો હાર્યો ઝાલે કાન. ૩૫

આ માયા ઠગણી પાપણી, જ્યમ સેવતાં ડસે સાપણી;
સિદ્ધિને કાજે જોગીજંન, થવા અજરામર કરે જતંન;
મંત્ર અઘોર ખવરાવે નર્ક, દેખાડે નહિ આતમઅર્ક. ૩૬

દેહઈંદ્રીગુણનાં સૌ કૃત્ય, દીસે માયા કરતી તર્ત;
તે કાં ઇશ્વર તાણીએ અખા, માનિનતાનો રેશે કખા;
એ સૌ જાણે ભૂતવિકાર, સેંજે સેંજે પામે પાર. ૩૭

અખા જીવતણી એ કજા, અજને ઠામે પૂજે અજા;
ઈંદ્રીગ્રાહ્ય નહીં હરિલિંગ, જીવને જોઇએ નાનારંગ;
રંગઢંગ માયામાં ઘણા, સૌકો સેવક માયાતણા. ૩૮

સૌકોની માયા છે માત, તે કોઇ મળવા નવ દે તાત;
પિતાતણુંજ વદન જે જુએ, માતાને ખોળે નવ સુએ;
તાત ભજંતાં આડી થાય, અખા સહુ માયાગુણ ગાય. ૩૯

મુક્તિ છછવી એ બંધન નામ, જ્યમ ઘડી માપતાં પ્રગટ્યે જામ;
વસ્તુ અમોઘ ઈંદ્રીગુણવૃત્ય, માયાની એ તો સંસૃત્ય;
અખા વિચારે ત્યમનું ત્યમ, એ સમજે જો હોય ગુરુગમ્ય. ૪૦

સર્પે નર સમણામાં ડસ્યો, દીશે વેષે મરતકજસો;
મણિ મંત્ર મેલી ઔષધિ, મૃત્યુ પામ્યો કરતાં વિધિ;
સર્પમંત્ર-ઔષધઉપચાર, જાગ્યે અખા ટળ્યો સંસાર. ૪૧

અખા સર્વ માનિનતાભેદ, માનિનતાને વિધિનિષેધ;
બંધ મોક્ષ ચૈતનને કશા, જોતાં જડની જડશે દશા;
એ તો વિચારવિણ અંધેર, દેખે ફરતું ફરતાં ફેર. ૪૨

માનનાર શોધ્યે નવ જડે, વણુશોધ્યે ભવ ભમવુંપડે ;
પડછંદો નર માન્યો નરે, જ્યમ બોલે ત્યમ ઉત્તર કરે ;
મૂળ તપાસીજોયું અખે, મારો ભ્રમ પૂરચો મુજવિખે. ૪૩

અણુલિંગીકળ જ્ઞાને કથી, માંહિ બાર ચસમાંને નથી ;
તો તે બળ પોખે આંખ્યને, જોજો ભેદ યોગસાંખ્યને ;
કૈતામાં તો સમજીજશે, અખા જેને ગુરુગમ હશે. ૪૪

भक्तिअंग.

કિલ્વિષ કોટિ જનમનાં જાય, જેનાં નામતણો મહિમાય ;
એવા નામતણો જે ધણી, તેની મોટપ જોતાં ઘણી ;
તેની ભક્તિ કરે ઓળખી, તે સમર્યે અખા નર સુખી. ૪૫

જે બોલે ચાલે સાંભળે, કર્તાથકો કોમાં નવ ભળે ;
નર નારી ને નપુંસકલિંગ, જળચર-થળચર-ખેચરઅંગ ;
કર્ત્તા હર્ત્તા ભર્ત્તા જેહ, અખા ભક્ત જે જાણે તેહ. ૪૬

પૂજ્ય તેને સમજી ઓળખી, વચને વચને ટાળે દુખી ;
નરવેષે હરિ પૂરણબ્રહ્મ, જુગત કરી સમજાવે મર્મ ;
ગુણાતીત ગુણ અંગીકરી, આપે આપ સમજાવે હરિ. ૪૭

પૂજંતાં પ્રતિમા ગુણ સેજ, બોલતી મૂરતિમાં હરિ છેજ ;
જડમૂરતિ મુખ બોલે નહીં, ચૈતન કે તુજ સેવા સહી ;
પિંડ ન જોઇશ જોજે વસ્ત, અખા હરિ મળે હસ્તેહસ્ત. ૪૮

અખિલ જગત મૂરતિ રામની, તેમાં જ્ઞાની મૂરતિ કામની ;
જડથી ચૈતન મૂરતિ ભલી, પણ જ્ઞાનીની સૌઉપલી ;
કારણ તેમાં એક વિશેષ, અખા હું ન મળે જ્યાં લેશ. ૪૯

કોટિ વર્ષ પ્રતિમા પૂજિયે, જ્ઞાની મૂરતિ જ્યારે સેવિયે ;
પોતાસરખો હરિજન કરે, મોટું માહાત્મ્ય જ્ઞાતા ધરે ;
જડ ચૈતન્ય ગમે તે પૂજ, અખા સેવકને તેવી સૂજ. ૫૦

પૂજાનો એ ભાળો ભેવ, જે પૂજી નિપના શુકદેવ;
જનકવિદેહી પૂજ્યા દ્વિજે, જે જ્ઞાનીની બેઠા ધ્વજે;
અખા જ્ઞાનનો મહિમા ઘણો, ઈશે ઈશ રખે કોઇ ગણો. ૫૧

દીસે સૌ સરખા વરતતા, ખાતા પીતા મરતા જતા;
એક અધિકતા જ્ઞાતા ધરે, હરિસું વૃત્તિ સ્વતંતર કરે;
અખા તે વૃત્તિમાં હરિભાવ, જ્યમ જળભાર તર્યુંજાય નાવ. ૫૨

ભક્તિ એકાશી પૂરી થઇ, બ્યાશીમેં બુદ્ધિ આવીરહી;
તેવો ભક્ત જ્ઞાનીને ભજે, નવની કોસલ્ય નવ રે રજે;
પંચ કરે તે સૌકો કરે, અખા એ વિરલા મન ધરે. ૫૩

સોળે અંશે હરિ જ્ઞાનીરુદે,જેની વાણી બીજું નવ વદે;
જ્યમ અગ્નિથી દીપક થયો, દીપકમાં દાવાનળ રહ્યો;
તેમાટે હરિજન સ્વં હરિ, અખા રખે કો પૂછો ફરી. ૫૪

कृपाअंग.

પૂરણબ્રહ્મ પ્રીછ્યાકાજ, નવધાભક્તિ વૈષ્ણવનો સાજ;
જ્યમ કશી વસ્તુ કનેથી પડી, આદર કરતાં પાછી જડી;
જોતામાં જો આવે હાથ, અખા કામ શું શોધ્યાસાથ. ૫૫

હરિમણિ કંઠ પોતાને અમૂલ્ય, પડ્યો જાણીને ચાળે ધૂળ;
કર્મકાચની કણુકા જડી, તેવશ લાગ્યો મારે હડી;
અલ્પપ્રાપ્તિની વળગ્યો આશ, અખા ન જાણે આત્મા પાસ. ૫૬

હરિની ઇચ્છાએ હરિ મળે, તે અખા અંતરથો ગળે;
જનક ખટ્વાંગે ક્યાં નવધા કરી, વિચાર કરતાં પામ્યા હરિ;
હરિકૃપાહસ્તણીસું કાજ, ઢોળે કળશ તો પામે રાજ. ૫૭

સાતદિને પરિક્ષિત રાજંન, ભર્મ ગયો ભેટ્યા ભગવંન;
બીજા બહુ ત્યાં બેઠાહતા, શુકના મુખથી શુણતા કથા;
તે તેવાનેતેવા રહ્યા, અખા હરિની જોઇએ મયા. ૫૮

અખા કામ છે સમજ્યાસાથ, કૃપારૂપણી જોઇએ આથ;
બીજો સઘળો દેહવ્યાપાર, જન્મમરણ ન ટળે સંસાર;
કૃપાસમજને અર્થે કૃત્ય, જો ઉપજે તો પામે તર્ત. ૫૯

વણસમજે સબળો સંસાર, સમજે જાય સમૂળો ભાર;
જયમ જયમ સાચું માને જંત, તેમ તેમ વાધે દનદંન;
અખા પ્રેત બીકણને ખાય, ધીર્યવાન તે કુશળે જાય. ૬૦

અફીણ અને સંસારી રસ, અધિક કરે ત્યમ આપે કસ;
જયમ જયમ અધિકું ખાતોજાય, અંગે અકલે હીણો થાય;
જો મૂકે તો કારજ સરે, નહિ તો અખા તે ખાતો મરે. ૬૧

ત્યમ એ ભોગ તણો સંસાર, જીર્ણ થયા તે પચ્યા આહાર;
નવા નિપજે ત્યમ લાગે સ્વાદ, તો ક્યમ જાએ ભવની વ્યાધ્ય;
ખસ જયમ અખા પંપાળે થાય, ફોડી ઘસી સમૂળી જાય. ૬૨

જાય સમૂળો ત્યમ સંસાર, કરતાં આતમતત્ત્વવિચાર;
અન્ય ઉપાય નથી એ જવા, સામા બંધ બંધાએ નવા;
કરતાં કર્મ ન આવે છેક, અખા વિચારે ન રહે શેષ. ૬૩

स्वभावअंग.

નભ સ્વભાવે ઉલસે સદા, જામે હિમ પર્વત અદબદા;
ઘનઘટાવિના થાએ વૃષ્ટ, એમ અજ્ઞાને હોએ પુષ્ટ;
મળી પાલવ ગંગા થઇ વહે, ત્યાં અખો સાધન શું કહે. ૬૪

નિરાધાર નાટક અટપટું, સ્વતઃસિદ્ધ દીશે સામટું;
ઉત્પત્તિસ્થિતિલય સહજે થાય, પ્રવાહપેરે ચાલ્યુંજાય;
ત્યાં આચાર્યે કીધી જુક્તિ, કલ્પ્યો બંધ ને માની મુક્તિ. ૬૫

દર્શનભેદ દાવામત ઘણા, બાંધીરહ્યા ગઢ આપાપણા;
એકએકપેં ઢૂંશીરહ્યા, પામ્યા અમે બીજા વહીગયા;
અખા નાટકની એવી રીત, મન લાગેછે દ્વૈતાદ્વૈત. ૬૬

જે જે તે ત્યાં આપેઆપ, બીજે તે આરોપણુથાપ;
સમી સમજ સમજયાવિણુ સહુ, આપાપણા મત તાણે બહુ;
પડદો મધ્યે માયાતણો, દ્વૈત અસાધ્ય સૌને ઘણો. ૬૭

પંડિત ડાહ્યા વિચારે સાત, સાત વાતની એકજ વાત;
જે ઘટ હરિ વસનારા થાય, સાધન ધર્મ જુએ નહિ કાંય;
અખા સાધન બીજા બહુ, કાળકર્મને સોંપ્યાં સહુ. ૬૮

ભણેગણે હરિ નાવે હાથ, દાનતપસ્યા કાળને સાથ;
વ્યાકરણવેદ સમાધિઅસંગ, જોતાં સર્વ માયાનું અંગ;
અણુલિંગીપદ અખા અનુપ, જ્યાં ધ્યે ધ્યાતા ન રહે રૂપ. ૬૯

પૂરવજન્મકરમઅનુસાર, ઉત્તમ મધ્યમ ભોગ સંસાર;
હુંમમતા સત્ય માન્યો દેહ, ત્રિવિધિકર્મ કલ્પેછે તેહ;
પ્રાય અખા જ્યાં દ્વૈતઅભાવ, પૂર્વજન્મનો કશો ઠરાવ. ૭૦

એક વિચાર વિચાર્યો અખે, ગગનચંદ્ર નાવે જળવિખે;
વાયુથી ચળે તરંગબુદ્બુદા, વિકાર ઈંદુને નહિ કદા;
એમ પરમાત્મા જાણે પિંડ, તે મહાંત તારક ભૂમંડ. ૭૧

भाषाअंग.

ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર;
સંસ્કૃત બોલ્યાથી શું થયું, શું પ્રાકૃતથી નાસીગયું;
બાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણે પાર. ૭૨

સંસ્કૃત તે પ્રાકૃતવડે ભણે, કાષ્ઠ જેમ મધ્ય બારાતણે;
છોઝાવેણો નાવે અર્થ, સંસ્કૃત તે પ્રાકૃતવિણુ વ્યર્થ;
બાંધ્યા દામ વેપારી લખે, અખા વ્યાજ નહિ છુટચાપખે. ૭૩

હરખ કરખ અનુભવમાં કશા, આકાશઉદરમાં દશ દિશા;
જ્યારે જેનું રાજ્યજ જાણ, ત્યારે માનવી તેની આણ;
જ્ઞાનગગનમાં નહિ દેશકાળ, એ તો અખા અણુજાણ્યાં આળ. ૭૪

જ્ઞાન અદકું નહિ સિદ્ધિવડે, શું સતી નામ શણગારે પડે;
એકમની કાવે સાધવી, સેજ ન ઇછે સિદ્ધિ વાધવી;
અણુલિંગી નાવે સંસાર, ફોગટ માયા ઉરાડે વાર. ૭૫

અષ્ટમાસિદ્ધિ ઈશ્વરવિષે, તેને વેદ માયા કરી લખે;
તેની કણિકા તે આ જીવ, સિદ્ધિસહિત ક્યમ થાએ શિવ;
લોક પતીજે તે સિદ્ધિવડે, અનુભવને કાંઇ નવ અડે. ૭૬

અહંરોગ મુળગો નથી ટળ્યો, તેમાં સિદ્ધિરૂપી ભ્રમ ભળ્યો;
પેલો ઘેલો હોય બુદ્ધિવિષે, વ્યસને લાગ્યો માદક ભખે;
અખા અહંપદ ટાળી જોય, પછી તું રે તો સિદ્ધિને મોય. ૭૭

પોત ન લેતાં પોતે થયા, ઉત્તમ મધ્યમ વ્યસને વહ્યા;
માયાકૃતનો નાવે અંત, માને નહિ તો જો વેદાંત;
અખા ઉપન્યું તે માને આદ, ક્રયવિક્રયવિણ શી વૃદ્ધિખાદ. ૭૮

પ્રપંચ પ્રીછીજોયો ખરો, નહિ ઉપજે ને નહિ વળી વરો;
જ્યાંથું ઉપન્યું ત્યાં નવ ઘટે, શઠ ન વળે જ્યાં જૈ આવટે;
જાતું મરતું દીશે ખરું, અંતે અખા ભર્યુંનેભર્યું. ૭૯

દૂધે ફીણફિસોટા થાય, તોલ ન વધે આકાશ રૂંધાય;
અગ્નિજોગે જળ ઊભરે, તત્ત્વે તત્ત્વ જગત અવતરે;
વકર્યાં તત્ત્વ ધરે રૂપ નામ, ઉત્પત્તિ લય ઠામનુંઠામ. ૮૦

પંચનાં પંચવિષે છે તત્ત્વ, વાસનાલિંગ તે તેનું સત્ત્વ;
ભૂત ભૂતમાંહી વિચરે, મૃત્યુ નામ પરપોટો મરે;
ભૂત કલ્લોલ સદા સર્વદા, ચિદવિલાસ અખા મનમુદા ૮૧

ચલણી વલણી ચૈતનતણી, પંચરૂપે આપે થયો ધણી;
આપ આપમાંહી વિસ્તર્યું, ન કર્યાસરખું એ તો કર્યું;
જયમ છે ત્યમનુંત્યમ છે જાણ, સમજે સાન અખા નિર્વાણ. ૮૨

આત્મલક્ષઅંગ.

આકાશ આઘેરી જાણો વસ્ત, ત્યાં ન મળે ઉદે ને અસ્ત;
ઉદેઅસ્ત તો જ્યાં આકાર, તે જાણો સઘળો સંસાર;
તે સંસાર સ્થાને છે શૂન્ય, આંહિ અખા રાખી જો મુન્ય. ૮૩

જે આકારને માને સત્ય, શૂન્યવાદી તેમાં નહિ વ્રત્ય;
નિરાકાર આકાર કે નથી, મિથ્યા વાદ કરી મરે મથી;
શૂન્યવાદી એ બેનું નામ, એ બેથી પર હરિનું ધામ. ૮૪

ગુણવાદી ગુણને કહે હરિ, તે માયાકૃત જાય ઊસરી;
તેમાટે ગુણને સ્થળ શૂન્ય, ખટદર્શનમત પાપ ને પુણ્ય;
કુટજ્ઞાની કહે સત્ય આકાશ, અખા એ મિથ્યા અધ્યાસ. ૮૫

વસ્તુને ઉપમા શૂન્યતણી, માટે વસ્તુ તે શૂન્યજ ગણી;
તેમાટે શૂન્યવાદી નામ, તેણે ન લહ્યું મુળગું ધામ;
તેમાટે તે તેવા રહ્યા, અખા પ્રપંચપાર નવ ગયા. ૮૬

અતિઘણો આઘો પરમેશ, મનતણો ત્યાં નોહે પ્રવેશ;
જયમજયમ નર આઘેરો જાય, ત્યમ ત્યાં શબ્દ ન પોંચે કાંય;
સૌ ઉપાસે મનની વ્રત્ય, અખા ન લાધે હરિની ગત્ય. ૮૭

શૂન્યવાદી શૂન્યકૂંચા ભખે, શૂન્ય તત્ત્વને નવ ઓળખે;
આકારી આકારને ગાય, તે તો કાળે પીટીજાય;
તેમાટે તત્ત્વદર્શી ખરો, અખા જે સરવેઊફરો. ૮૮

સાચો અંતરજામી ગોર, બીજો ગુરુ બાજીગરમોર;
તેનો અર્થ ફેરવા શોભવા, સંસારીનું મન લોભવા;
રિદ્ધિ આવે જયમ રૂપાવડે, અખા આતમથી આતમ જડે. ૮૯

શી પેર પ્રપંચ બેસે ઘાટય, જેનું મૂળ મિથ્યા છે નાટય;
જગત ઉપજ્યું તે ગુણવડે, ત્રણ ગુણને તે માયા ઘડે;
તે માયાનું નહીં પ્રમાણ, તો અખા શું થાએ જાણ. ૯૦

ઊંધ્યા બરલે પંડિત કવિ, મનની વૃત્તિ રહ્યા અનુભવી ;
એકેકનું બોલ્યું નવ મળે, ખટદરશન જુજવાં આફળે ;
સૌને હુંમારાનો થાપ, અખા ન સમજે આપે આપ. ૯૧

દૃષ્ટપદારથ થાએ ફોક, સચર અચર ને ચૌદે લોક ;
ગુંથે ગ્રંથ વાંચે સાંભળે, તે તો કાળે સઘળા ટળે ;
અખો શો રાખે નિરધાર, જે બોલું તે થાય સંસાર. ૯૨

મનન કરતાં મનમાં અખે, પ્રપંચ દીઠો ચેતનવિખે ;
નિર્મળ દર્પણ હોય અતિ સાર, તેમાં ભાસે બહુ આકાર ;
જ્યમ તે ત્યમ જાણે આતમા, તે નર કહિયે સર્વાતમા. ૯૩

આતમ સમજ્યો તે નર જતિ, શું થયું ધોળાં-ભગુવાંવતી ;
બોડે તોડે જોડે વાળ, એ તો સૌ ઉપલો જંજાળ ;
પીછીને સંકોડે વ્યાપ, તો અખા રહે આપેઆપ. ૯૪

વણસમજે દાવાગિર ઘણા, વેષ વખાણે આપાપણા ;
ટળવું ઘટે ત્યાં સામો થાય, વણસમજે એમ વાંકું જાય ;
પેસ્યો વેષ ને વાધી ટેક, એમ અખા ક્યમ થાપે એક. ૯૫

અખો કવિપણું શું કરે, વાત કશી નવ પોંચે સરે ;
કહે લેવું કે મૂકવું કહે, તે તો સૌ ઓરેરું રહે ;
એવું કવતાં આવે લાજ, સમજ્યાસરખો છે મારાજ. ૯૬

ઉકેલપડે તે જોડ્યું ખરું, જીવપણું જાએ પરહર્યું ;
બાકી સઘળો મોહ જોડાય, મનનું ગમતું સૌકો ગાય ;
અર્થસહિત કહે જો વાત, નાચે પુત ને લાજે માત. ૯૭

આપ ઇચ્છાએ સગુણજ થયો, કોણ શિખામણ દેવા ગયો ;
પસર્યો પોતે અકરમાત, કાળ-કર્મેશ્વર મૂકી વાત ;
અખા તે ઇચ્છા છે સદા, જગત સત્ય માનીને જદા. ૯૮

જગનો ભાવ નહીં જ્યાં લેશ, સત્ય–મિથ્યાનો શો ઉપદેશ;
કેનાં જન્મ કર્મ રૂપ નામ, સીમ કશી જ્યાં ન મળે ગામ;
અખા નહીં જ્યાં પ્રાયે પિંડ, એ તો જેમનુંતેમ અખંડ. ૯૯

કૈવલ્યને કો ક્યમકરી કવે, પોત પોતાને શું સૂચવે;
દ્વૈતવિના નવ બેસે ઘાટ્ય, એકલો તો નવ બોલે નાટ્ય;
અખા લક્ષસહિત જે દ્વૈત, કે તે કવતે છે અદ્વૈત. ૧૦૦

કોઇક સત્ય થાપે સંસાર, કોઇ સત્ય કહે નિરાકાર;
એના થાપણહારા ટળે, જ્યમ છે ત્યમ તો કો નવ કળે;
અખે મૂળ વિચાર્યું આપ, થાપણહારનો રાખ્યો થાપ. ૧૦૧

સગુણ નિર્ગુણ કથવો રહ્યો, બાંધ્યોરૂંધ્યો સ્વામી લહ્યો;
સદા હરિ બોલતો ચાલતો, ખાતો પીતો ને માલતો;
અખો કહે વેદાંતનું સાર, કૈવલ્યબ્રહ્મ પ્રભાઆકાર. ૧૦૨

જોગ–ધ્યાન તપ–તીરથ ત્યાગ, ભક્તિ કાર્ય ને વૃક્ષ વૈરાગ;
વિષયવૃત્તિ નાનાવિધ ભોગ, ચાલ્યોજાયછે ચૈતનજોગ;
અખા સર્વ સ્વામીના રંગ, સદા સર્વદા આપ અભંગ. ૧૦૩

અખ્રા જોતાં વસ્તુવડે, બીજું આપોપું નવ જડે;
એમ જોતાં કેને કોણ ભજે, પામણહાર ન લાધે રજે;
અદ્દબદ સ્વામી અટળ અનાદ, એ સમજ્યાવિણ સઘળો વાદ. ૧૦૪

હાથપગાળો સુંદરશ્યામ, એવો અટકજ્યો લોકે રામ;
એવા પ્રભુતણા અમો દાસ, જેનો હશે વૈકુંઠમાં વાસ;
ક્યારેકજ તે લે અવતાર, એમ અખા ક્યમ પામે પાર. ૧૦૫

સકળ ચરણ શિર હાથ અવેવ, સકળ શબ્દ બોલે જે દેવ;
તેમાં ઊગીનિકળ્યું સહુ, નિત્ય ક્ષરે નિત્ય વાધે બહુ;
ક્યમ કહું કોઇ કાળે અવતાર, જો તેવડે ચાલે સંસાર. ૧૦૬

ભૂઅપતેજઅનિલઆકાશ, એજ જાણુ પોતે અવિનાશ;
કદળીથંભ ઘણાં પડવડે, તેવચમાંથી લુંબ નિકળે;
જગત કાતરો કેળ મહાભૂત, જેવડે રંભા તે અદ્ભુત;
અખા અરૂપી ઊગ્યો જોય, પૂરવપક્ષ ન કરશો કોય. ૧૦૭

એમ અખાને હરિ ત્યાં જડ્યો, કાંઇ ક્લેશ કરવો નવ પડ્યો;
ત્યાંલગી પૂજા ધૂપ પખાળ, જ્યાંલગી ન જડી હરિની ભાળ;
અજ્ઞાન સહુને મુસલ્ય માંય, અળગા અળગા સૌકો ધાય. ૧૦૮

તરણાઓથે ડુંગર રહે, એવો ઊખાણો સૌ કહે;
તરણું તે જીવનો અહંકાર, તેપાછળ રમેછે કર્ત્તાર;
અખા અહંકાર વધારે ગમે, તેમાટે જીવ ભવમાં ભમે. ૧૦૯

કર્મધીન એવું છે સદા, સુખમાંથી આવે આપદા;
વગડામાં કીજે તાપણું, તેથી સૂજે થોડુંઘણું;
કર્મતણી એવી ચકચૂંધ્ય, અખા ન ભાગે મનની રૂંધ્ય. ૧૧૦

चैतन्यमायाअंग.

વેદ વિચારી જોયો બ્રહ્મ, વિશ્વ તે શું કેનો કયાં મર્મ;
વિચાર કરતાં એહું ઘાટ, ચાલ્યો જાય સત્યમિથ્યા ઠાઠ;
સત્ય ચૈતન્ય ને મિથ્યા માય, અખા એમ દીઠો પરભાય. ૧૧૧

ઠરાવીને એમ લખિયો લેખ, પંચભૂત ને તેનું શેષ;
તત્વેતત્ત્વની ઊપંજ ગણી, માંહે ચૈતનતા ચૈતનઘણી;
લખચોરાશી બીબે ભાત્ય, અખા વેદના મતની વાત. ૧૧૨

પ્રભા વહોજાય એણે મર્મ, જીવપતિ આવાં લખ્યાં કર્મ;
તેર કાંડ ધૂમમારગ લખ્યો, છેલ્લીવારે અરચિ ઓળખ્યો;
ઉપના કેરો કીધો નિષેધ, અખા ઉપનિષદમાંથું વેદ. ૧૧૩

નેતિ-નેતિનો એ છે અર્થ, ઉપનું ગણ્યું તે જાણ્યું વ્યર્થ;
શેષ લહી કહ્યું નેતિનેત્ય, હાથ ખંખેર્યા એણે હેત;
અખા ચૌદમું પ્રીછ્યાપખે, જીવ ગુંથાણો તેરને વિષે. ૧૧૪

તેર કાંડ માયાનું જાળ, ઈશ્વર જીવ કર્મ ફળ કાળ;
એ સૌ ઘાટબેસાર્યું વેદ, ત્રિકાંડ કલ્પી કીધો ભેદ;
અખા ખટકે નહિ જે તેર, ચૌદ બોલી ચાલ્યો સુશેર. ૧૧૫

વેદની જુક્તિ પુરાણે ગ્રહી, તેણે ઈશ્વરપદ રાખ્યું સહી;
મોટાં ચરિત્ર તે ઇશ્વર કહ્યા, સાધારણ તે જીવમાં ગયા;
સામર્થ્ય દેખી બાંધ્યું માન, પુરાણનું એ અખા નિદાન. ૧૧૬

લક્ષ વેદનો કૈવલ્ય રહ્યો, ઈશ્વર લક્ષ પુરાણે ગ્રહ્યો;
ઈશ્વરના ચોવીસ અવતાર, તેમાંહી વળી સાર ઉદ્ધાર;
તેને સ્થળે વળી પ્રતિમા કરી, એમ અખા માયા વિસ્તરી. ૧૧૭

ચારે જુગનું એ વર્તમાન, પરંપરા જોતાં અનુમાન;
જ્ઞાનતણી નિરંતર સૂજ્ય, પ્રભાવડે કર્મ પ્રતિમા પૂજ્ય;
અખા ન ટળે દેહ અધ્યાસ, સ્વર્ગ મૃત્યુ પાતાળે વાસ. ૧૧૮

છે પોતે પરમેશ્વર આપ, રાખ્યો ત્યારે દ્વૈતનો થાપ;
એ આશ્ચર્ય તે કોને કહું, પોતાસરખું સૌને લહું;
અખા વિચાર્યાસરખી વાત, પૂછ્યું ત્યાં પટંતર ઘાત. ૧૧૯

જ્યાં જ્યમ થાય તે સહજે થાય, કર્તવ્યને શિર તે દેવાય;
અટક્યું ન રહે કોઇ કાજ, આગળઆગળથી થાય સાજ;
કરણહાર નવ દીશે કોય, અખા સહુએ કરતા હોય. ૧૨૦

અખા પરમેશ્વર જોતાં અસો, કહ્યો ન જાએ કોણે કશો;
કોણ કળે ને કેને કળે, એકવડે સઘળા ચળવળે;
જેમ મેઘ બહુ બુંદેકરી, ઘનને બુંદ જુએ ક્યમ ફરી. ૧૨૧

માંહે કે બાર ન જાએ કહ્યો. બાંધ્યોરૂંધ્યો પોતે રહ્યો;
સહજ સહજ ફૂલ્યું આકાશ, ઊપજસાથે અખા સમાસ;
આગળ સગુણ નિપજતુંજાય, પાછળ નિર્ગુણ થઇ ભૂંસાય. ૧૨૨

પ્રત્યક્ષ પ્રમાણ ચાલ્યુંજાય સદા, જો કોઇ સંભાળી જુએ જદા;
નિરવયવના સર્વે અવેવ, મહાનિધ્યમાંથો સરવે ભેવ;
રમીરમી પાછો રસ થાય, અખો રામ એવાને ગાય. ૧૨૩

જે ઉપજે તે પાછું વળે, ચૌદલોક લોકપાળે ટળે;
સૂતું ન રહે ફીટ્યામાટ, ત્યમનુંત્યમ એહુંરહે ઘાટ;
દૃષ્ટ પદારથ તે દૃષ્ટમાન, અખા ત્યમનુંત્યમ નિધાન. ૧૨૪

એમ જોતાં અખો તે કશો, બધા મેઘમાં એક બુંદજશો;
ફોરાનું તે કશું પ્રમાણ, સાવ નિરંતર પાણી જાણ;
જ્યમ છે ત્યમ છે એ નિદાન, અળગું જાણવું એહજ જાન. ૧૨૫

અખે રામ એવો ઓળખ્યો, કાગળમેંશે ન જાય લખ્યો;
ફરતાં બેહાં તે નવ મળે, નખશિખલગે તેહ ચળવળે;
સહજે સહજ ધલાણી હામ, અખા નિરંતર ફૂલ્યો રામ. ૧૨૬

વસ્તે અરતપામ્યું મન જદા, દરિદ્ર હો કે હો સંપદા;
દરિદ્ર નૈ વધે ન સુખનું માન, જ્યારે પામ્યું મૂળનિધાન;
અખા વિચારે બેહું ઘાટ, આપેંઆપ ચૈતનનો હાઠ. ૧૨૭

આદ્યે કર્મે ક્રિયે જીવ થયા, કારણ આદ્ય શાનાં પરઠિયાં;
પંડિત જાણ કહો એ મર્મ, અણજાણે શું સાધનધર્મ;
વિક્તિ કરે તે વક્તા ખરો, અખા અજાણે ભૂલા ફરો. ૧૨૮

કરતો રહે તો ખૂટે કર્મ, એ આત્મા જાણ્યાનો મર્મ;
જો તું જીવ તો કર્ત્તા હરિ, જો તું શિવ તો વસ્તુ ખરી;
અખા એમ તે આપોઆપ, ગીતામાં હરિ રાખ્યો થાપ. ૧૨૯

ગીતાને અધ્યા સાતમે, ભક્ત ચાર કહ્યા તે સમે;
ત્રણ્યતણો હરિ કે હું ભૂપ, પણ જ્ઞાતા તે મારું રૂપ;
કારજપ્રત્યે બાહેર રમું, અખા અંતે ત્યાં વિશ્રમું. ૧૩૦

સાને સમજે તે નર ખરો, ભણ્યેગણ્યે માનો આફરો;
ભણ્યાગણ્યા ભટકે ભવમાંય, બાત્યઉબાત્યવચ્ચે ન રેવાય;
રઢથી વાત કરે હરિતણી, અખા અક્ષરમત્ય નહિ આપણી. ૧૩૧

જે વિરલા રસિયા હરિતણા, કેશરિસિંહ દિશે નહિ ઘણા;
સુભટ સૈન્યમધ્યે સુવિચાર, માળા મુદ્રા સારોદ્ધાર;
અન્ય પંખા અતિ ઊંચે ચડે, અખા અનળ દ્રષ્ટે નવ પડે. ૧૩૨

અખા અક્ષરપદ તું ત્યાં રમે, જ્યાં નવ ચવે ત્યાંજ વિશમે;
નિત્ય નિવેદન એહજ જાણ, આતમતત્ત્વ સઘળે પરમાણ;
ત્યારે સર્વ પડે પાધરું, જ્યારે હુંપદનું આવે સરું. ૧૩૩

ઓળખ આપ હવડાં હરિ મળે, જો બાહ્યથી અંતરગત વળે;
અન્વય વ્યતિરેકે હરિ ભાળ, તુજને ત્યાગે રે તે શાળ;
અક્ષર આપ સ્વવસ્થા ફરે, અખા તું આદ્યે મધ્યે સરે. ૧૩૪

टीकारंभ.

काव्यनिमज्जन — टीका.

ઉદયાચળધન દીપે, સ્થાયીભાસુર છતે રવિપ્રસંગ;
ગર્ભિત અર્થરસાદિક, કાવ્યે શોભીરહે ટીકાસંગ.

શામળભટ.

(છપ્પા ૧-૨).

૧. **સુવર્ણ**—સં. (सु સારો, वर्ण રંગ; वर्ण રંગવું.) સુન્નું; ઘણી કીમતી વસ્તુ. સમા० બહુ०

શરણ—સં. = રક્ષણ.

સત્ય—સં. (अस् હોવું.) સાચું; ખરેખર.

વિખ—સં. (विष. विष् પસરીરેવું.) ઝેર. ૨. નબળી અસર.

ઉતારણ—સં. (उत् + तॄ પ્રે० ભેદ) ઉતારનાર, ટાળનાર; અટકાવનાર.

વિત્તે—સં. (विद् મેળવવું-નો ભૂ० કૃ०) પૈસામાં, પૈસો મળે ત્યારે, ચડતીમાં.

સિદ્ધિ—સં. (सिध् પારપાડવું.) ઇશ્વરપ્રસાદી અથવા મંત્રપ્રસાદી. ૨. ધાર્યું થાય એવી શક્તિ.

રિદ્ધિ—સં (ऋ०—ऋध् આબાદ થવું.) પૈસોટકો, આબાદી.

મણા = કસર, ખામી, ખોટ.

ગુણહીણા—સં. (ના. हा તજવું-નો ભૂ० કૃ०) ગુણવનાના, વગરમાલની. સમા० તૃ० (૧) અલં० રૂપક. (૫) વશ—એ નામ છે.

૨. **નિર્માલ્યપ્રમાણે**—સં. (निर्माल्य-ચિમળાયલાં ફૂલ. प्रमाण = માપ, મા ધા०) નજીવાસરખા, રંક, દુર્બળ, કંગાલ.

ટાણે = વખતે, તે જવાનો વખત આવે ત્યારે

કલંકિ—સં. (कलंक-લાંછન.) લાંછન-અપવાદવાળું, ડાઘીલ્લ.

વહીજાય—(સં वह् વેવું.) ઉતાવળું જતુંરહે.

નિર્વંશી—સં.=છોકરાંવનાનું, કુળમાં કોઇ નહિ એવું, નસંતાન. સમા० બહુ०

(છપ્પા ૨-૫).

(૫. ૫) ઘણાની વચમાંથી રસ્તો કાડેછે, બીજાને હઠાવી આગળ પડેછે, સર્વોપરી માન પામેછે. (૪) અલં૦ રૂપક.

૩ જશ—સં. (यश) કીર્તિ, માન, આબરૂ.

વાન—ન૦ સં. (वर्ण. પુ૦) રંગે; શરીરે.

નૃપતિ સં. (नृ માણસ, पति ધણી—પા રક્ષવું.) રાજા. સમા૦ ષ૦.

નામે—(સં. नम् ધા૦) નમે, માન આપે.

વિવેક—સં. (विज् જુદુ પાડવું.) સારુંનરતું પારખવાની શક્તિ, ડાપણુ.

વિમળ—સં. (मल મેલ.) દોષવિનાની, નમ્ર, મીઠી. સમા૦ બહુ૦

મોહની—સં. (૦હિ૦मुह् ધા૦પ્રે૦ભેદે.) મોહ પમાડનારી—વશકરનારી વસ્તુ.

વિશાળ—સં. = મોટું, ઘણું કીમતી. [આ અર્થે પ્રયોગ અસાધારણ છે.]

વડું—સં. (वड्म्.) મોટું, પૂજ્ય, માન આપવાજોગ.

કશું-સર્વનામ છે (૫) માં અનિશ્ચિત અને (૬) માં પ્રશ્નાર્થે.

અલં૦ (૪-૫.) રૂપક.

૪. મૂઢ—સં. (मुह् મોહપામવું-નો ભૂ૦ કૃ૦) મૂરખ.

બગ્ગા—સં. (बक) બગલો.

કોકિલા—સં. (कु ટૌકા કરવા ઉપરથી અનુકરણ ધ્વનિ.) કોયલ.

કગ્ગા—સં. (काक—અનુ. ધ્વ.) = કાગડો.

પ્રાક્રમ—સં.(परा०. परा ઘણું-આગળ, क्रम् જવું-વધવું.)મોટાં કામો; બહાદુરી.

(૫) સઉ શિરમોર=સૌથી ચડિયાતો. [મોરપક્ષીના આકારનું સુનારૂપાનું ઘરેણું ટોપીપાઘડીમુગટમાં ખોસાયછે.]

અલં૦ દૃષ્ટાંતઉપમા ને લાટા૦.

૫. વાહન—સં.(૦हन.वह् લૈજવું.)હાથીઘોડાપાલખી વગેરે જે ઉપર ચડી જવાય.

અણવાણો=ખુલ્લે પગે. [વિશેષણ—ક્રિ૦ વિ૦ ને અધિકારે]

અલખત = દોલત, સમૃદ્ધિ, વૈભવ.

મોજ—આ૦ = મઝા, ખુશીની હાલત, આનંદ.

ખડધાન્ય—સં. (क०. कड નાનું ઘાસ; ધા પોષવું.) વાવ્યાવગર ઉગીનિકળતું અનાજ—સામો નમાર વગેરે. સમા૦ કર્મ૦.

કથીર—સં. (૦स्तीर કલઇ.) મુખ્યત્વે કુલઇ ને સીસાની મેળવણીથી બનેલી ધાતુ. [એ તરત તો બહુ ચળકે, પણ થોડી મુદતમાં છેક કાળી પડીજાયછે.]

દીસંતાં—(સં. दृश् જોવું.) પ્રથમ જોતાંવારને.

હરે—(સં. हृ વશકરવું.) લલચાવે, લોભાવે.

અમૂલ્ય—સં. (मूल्य કિમ્મત, मूल બંડોલ.) ઘણું મોઘું. સમા૦ બહુ૦

અલં૦ (૫-૬) રૂપક.

(છપ્પા ૬ -૮).

૬. **લેખામાંહિ**—(सं. लिख् લખવું.) ગણતીમાં.

તોલે सं. (तुल्य. तुल् તોળવું-બરાબરી કરવી.) બરાબરી કરે એવો, સરખો.

(૧) ઝાઝામાં ઝૂરે=ઘણાં માણસ મળ્યાં હોય ત્યાં બળાપો કરેછે. (૨) અધૂરે-વિ૦ = અધૂરી. (૩) ગુણવાન -પંડિત વધારે બોલે તે છાજે, પણ તે જોઇ મૂરખ તેમ કરવા-જાય તો તે પતરાજી ગણાય. ૨. મૂરખ પંડિતની પડે ડાહ્યું ડાહ્યું બોલે, પણ આખર તે નીચજ. (૫) હંસનાં ટોળામાં બગલાં મળી હંસમાં ખપવા ચાહે તેમ ન બને; તેઓ નથી જાણતાં કે શા કારણથી એ ઉચ ને અમે નીચ. (કવિના મનમાં નીચેનો શ્લોક હશે).

(हंसः श्वेतो बकः श्वेतः को भेदो बकहंसयोः । क्षीरनीरपरीक्षायां हंसो हंसः बको बकः ॥)

૭. **વિદેશ**—सं. (वि પારકા, देश—दिश् બતાવવું, સોંપવું.) પરદેશ.

જાણીતો—सं. (ज्ञात. ज्ञा જાણવું નો ભૂ૦ કૃ૦) પ્રખ્યાત.

મહીપતિ—सं. (मही પૃથ્વી.) રાજા. समा. ष-

સનમાન—सं (संमान.) માનઆબરુ, આવકાર.

અનમી—(सं. नम् ધા૦) કોઇને નમે નહિ એવા અભિમાની.

મોડે—(सं. मुड् ધા૦) તોડે, ખંડે.

અગમનિગમ – सं. (आगमनिर्गम.) આવવું ને જવું; આદિ અને અંત. ૨. આગળપાછળના, ચારો તરફના. समा० ६६.

ગુણ—सं. (गुण् ગણા કરવા.) લાભ, ફાયદા.

લક્ષકોટિધા—सं. = લાખો કરોડો રીતના, અગણિત.

લહે—(सं लक्ष् જોવું.) સમજે, જાણે.

(૩) કરજોડે-ક્રિ૦ વિ૦ = બેઉ હાથે, હાથ જોડીને. (૫) કઇ વાતમાં આગળપાછળના અગણિત લાભ હોય તે વિદ્વાન સમજીશકે.

૮. **વચન**—सं. (वच् બોલવું.) કોલ, દિલની સાચવટઉપર જે કેવું તે, એકવેણ.

હરિચંદ્ર—सं. (हरिचंद्र.) અયોધ્યાનો સૂરજવંશી૰ રાજા—ત્રિશંકુનો પુત્ર.

[નારદે ને વશિષ્ઠે એકવાર ઇંદ્રસભામાં એનાં સત્યની પ્રશંસા કરી ત્યારે વિશ્વામિત્રે ક્રોધમાં વશિષ્ઠને કહ્યું કે વારો શિષ્ય માટે શું વખાણે છે, પણ હું એનું સત્ય મુકાવું ત્યારેજ ખરો. પછી તેને સત્યથી ચુકાવવા વિશ્વામિત્ર ઘણીઘણી જુક્તિ કરવા લાગ્યા. એક દિવસ રાજા પોતાની રાણી તારામતિના ખોળામાં માથું મુકી સૂતો હતો એટલે તેને ઉંઘમાં સ્વપ્ન થયું કે મેં કોઇએક બ્રાહ્મણને મારા સર્વ રાજ્યનું દાન કર્યું. જાગીને જુએછે તો વિશ્વામિત્ર બ્રાહ્મણને વેષે આવેલા. રાજાએ માગવાનું

(છપ્પા ૮—).

[કહ્યાથી રુષિએ તેની પાસ એકભાર સુન્નું માગ્યું રાજાએ પોતાના ભંડારીને બોલાવી એકભાર સુન્નું આપવાનું કહ્યું, એટલે તે બ્રાહ્મણ બોલ્યો કે તારૂં સર્વ રાજ મને સમણામાં તું આપી-ચૂકયો છે એટલે હવે એ ઉપર તારો હક નથી; માટે રાજ છોડી જાઓ ને મને એરભાર સુન્નું પેદા કરી આપો. એમ કહી તેનાં લુગડાં ઘરેણાં કાડી લઇ રાજા-રાણી અને પુત્ર રોહીદાસ એ ત્રણેને વનમાં કાડયાં. પાછળ રુષિ જૂદે જૂદે રૂપે જાય ને તેઓને પીડે, અને એમ કેવા લલચાવે કે મેં સુવર્ણ આપવા કહ્યું નથી. પણ રાજા સત્ય મૂકે નહીં. આખર ત્રણે જણ કાશીમાં આવી ત્યાં બજારમાં વેચાવા ઊભાં. રાણી તથા રોહીદાસને એક કાળકૌશિક નામના બ્રાહ્મણે એકભાર સુવર્ણ આપી વેચાતાં લીધાં, ને રાજાને મુડદાં ઉપર કર લેનાર વીરબાહુ નામે ઘેડાએ એકભાર સુવર્ણ આપી લીધો. એ બેભાર સુવર્ણ પેલા બ્રાહ્મણ (વિશ્વામિત્ર) ને આપી રાજા પગે પડ્યો. એ ઘેડાને ત્યાં તેને ન ઘટે તેવાં નીચાં કામ કરવાં-પડ્યાં. આખર તો સત્યનો જય થયોજ.]

પરઠ્યું પાણી = પાણી ભરવાનું કબૂલ કીધું, નીચુંકામ કીધું. ૨. પોતાનું તેજ વેચ્યું. **પાણી** = મોટાઇ, તેજ; **પરઠવું** = કિમ્મત ઠેરવવી.

કુબજા—સં. (૦બ્જા. कुब्ज વાંકું.) મથુરાના રાજા કંસની દાસી.

[દશરથરાજાની સ્ત્રી કૈકેયીની મંથરા નામે એક દાસી હતી તે રામ ઉપર બહુ દ્વેષ રાખતી. એકવાર રામ ચોકમાં બેઠાબેઠા દાતણ કરતાહતા ને મંથરા બારતીહતી. રામને રજ ઉડવાથી રામના સેવકે મંથરાને વાળતી અટકાવી. મંથરાએ રામને કઠણ વેણ કહ્યાં. રામને ક્રોધ ચડવાથી બોલાઇગયું કે શા માટે લડે-છે કુબજા? એમ કેતામાંજ મંથરાનું અંગ કાળું કુબડું થઇગયું. મંથરાએ ઘણી સ્તુતિ કરયાંથી રામે અનુગ્રહ કીધો કે દ્વાપરમાં તું મથુરાગામમાં જનમશે—આવીજ કુબડી ને નામે કુબજા· હું કૃષ્ણાવતાર ધરી કંસને મારવા મથુરા આવીશ ત્યારે તારું સુંદર રૂપ કરી તને ઘણું સુખ આપીશ. તેપ્રમાણે કૃષ્ણ મથુરા ગયા ત્યારે કુબ્જા કંસનેમાટે ચંદન લઇ જતીહતી. એવે કૃષ્ણ મળ્યા તેને ચંદનથી પૂજી પગે લાગી. કૃષ્ણે તેનું દિવ્ય સ્વરૂપ કરી રામાવતારનું વચન પાળ્યું.]

હર—સં. (हृ હરવું.) શિવ, મહાદેવ.

હાળાહળ—સં. = વિષ, ઝેર. [સમુદ્ર મથતાં તેમાંથી ચૌદ રત્ન નિકળ્યાં તેમાંનું એક એ હતું, એ શિવે પીધું. ચૌદ રત્ન તે આ—લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરા-દારુ, ધન્વંતરી, ચંદ્રમા, કામદુધા, ઐરાવત, રંભા-સુંદર સ્ત્રી, સાત મોડાંનો ઘોડો, સુધા-અમૃત, સારંગધનુષ, શંખ અને હળાહળ.]

વર—સં. (वृ પસંદ કરવું.) આશિષ; ઇશ્વર દેવદેવીએ પ્રસન્ન થઇ ભક્તની ઇચ્છા પૂર્ણ કરવાને કહેલું વચન.

(છપ્પા ૮—૧૦).

શર્મ—સં. = સુભાગ્ય; સુખ. અલં૦ લાટા૦, (૬) પૃચ્છા.

૯. **રંક**—સં. = એક ગરીબ માણસ.

બળિ—સં. = શોણિતપુરના રાજા–પ્રહલાદના પુત્ર વિરોચનનો પુત્ર.

[એ મહા દાનેશ્વર હતો. બળિએ નવ્વાણું યજ્ઞ કર્યાહતા ને સોમો કરતો-હતો, તે સંપૂર્ણ થવા આવ્યો કે વામનજીને વેષે વિષ્ણુએ આવી જાચના કરીને પોતાનાં ત્રણ ડગલાં ભરી પૃથ્વી માગી. તે આપવાને બળિએ વામનના હાથમાં પાણી મૂકયું એટલે તરત વામને વૈરાટરૂપ ધારણ કર્યું ને એક પગલું આકાશમાં ને બીજું પાતાળમાં મૂકી બળિને પૂછયું કે ત્રીજું ક્યાં મૂકું? બળિ સમજીગયો ને કહ્યું કે મારા મસ્તકઉપર મૂકો. વામને તેમ કર્યું ને બળિને પાતાળમાં ચાંપ્યો. પછી વિષ્ણુએ એને સુતળલોકનું રાજ્ય આપ્યું ને પોતે તેના દ્વારપાળ થઇ રહ્યા.]

પાંડવો—સં. = પંડુરાજાના પાંચ પુત્ર-યુધિષ્ઠિર અથવા ધર્મ, ભીમ, અર્જુન, સહદેવ ને નકુળ.

ભડ—સં. (भट. જુઓ.) વીરપુરુષો–પાંડવો.

શમ્યા—(સં. शम् ધા૦.) શાંતથયા, મુઆ.

(૪-૫-૬) શકુનિના વિચારથી દુર્યોધને ધર્મરાજાને ધૂત રમવા હસ્તીનાપુર તેડ્યા. તેમાં શકુનિનાં કપટથી ધર્મ રાજપાટ સૌ હારયા. આખર દ્રૌપદીને હોડમાં મૂક્યાં તે પણ હારયા. ધૃતરાષ્ટ્રે સભામાં આવી દ્રૌપદીને કહ્યું કે કંઇ વર માગ, ત્યારે તેણે માગ્યું કે પાંડવો જીતાયા પણ દાસ ન કેવાય ને શસ્ત્ર રાખે. ધૃતરાષ્ટ્રે પ્રસન્ન થઇ પાંડવોએ હારેલું સઘળું તેને પાછું આપ્યું. પણ બીજીવાર પાછા કપટદ્યૂતે જીતી પાંડવોને તેર વરસ વન કાઢ્યા, તેમાં એક વરસ ગુપ્ત રેવાનું હતું. એ એક વરસ તેઓ વિરાટરાજાને ત્યાં રહ્યા. વિરાટ-રાજાના સાળાઓ સો કીચક ત્યાં હતા તેમાં સૌથી મોટાએ દ્રૌપદીપર કુદષ્ટિ કીધી. ભીમે તેને મારી બીજા નવ્વાણું ભાઇસહિત બાળીદીધો. (૬) સાથે—એ ક્રિ૦ વિ છે. અલં૦ લાટા૦

૧૦. **સુકૃતવ્રત**—સં. વ્રત = પાપ જાય ને ધારેલો હેતુ પારપડે તેનેમાટે શાસ્ત્રમાં કહેલે નિયમે ધર્મ પાળવો તે. સુ૦ વ્રત = સારી રીતે પાળેલાં વ્રતથી મળેલું પુણ્ય. સમા૦ કર્મ૦

હાર્યા—(સં. हृ લેલેવું.) ગુમાવ્યાં, ગયાં.

દૈવ—સં. = ભાગ્ય, નસીબ.

દંડ્યો—(સં. दंड् ધા૦) શિક્ષા કરી. [નસીબમાં વાંકુ થવાનું હોય તોજ વચન તોડવાનું સૂજે.]

(છપ્પા ૧૦—૧૨).

વ્યર્થ—સં. (वि વગર, अर्थ હેતુ.) ફોકટ, જૂઠું, મિથ્યા. સમા૦ બહુ૦
દૈવત—સં. =દેવપણું, સિદ્ધાઇ; ખરું તેજ, પ્રતાપ, મહતા.

(૨) તે અકાળમોતે મુઆ-જીવતા મુઆ જાણવા. (૪) તેનાપર અગ્નિનો કોપથયો-અગ્નિ કોપે ને જીવને ઝંપ નહિ તેવુંજ પરિણામ વચન તોડવાનું.

૧૧. રણુ—સં. (रण् સોર કરવો.) જુદ્ધ, લડાઇ.
ઝૂઝે—(સં. युध्यते, युध धा०) લડે, જોસથી મચ્યારહે. [એવો પુરુષ.
સિદ્ધ—સં. (सिध् હેતુ પારપાડવો-નો ભૂ૦ કૃ૦) જેનું ચિંતવ્યું બોલ્યું ફળે
આગમ—સં =વેદ, ધર્મશાસ્ત્ર, શાસ્ત્રનાં તત્ત્વો. ૨. થવાનું પરિણામ.
વૃષ્ટિ—સં. (वृष छटકાવ કરવો.) વરસાદ.
પરતાપે—સં (प्रताप. प्र ઘણું, तप तेજમારવું.) તેજથી, પુણ્યનેલીધે.
પ્રેમથી—સં. (प्री ખુશકરવું.) ખરા ભાવથી.
વેદ—સં (विद् જાણવું.) તત્ત્વશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર.
વિવિધ—સં. ક્રિ૦ વિ૦ (विधि રીત.) ઘણીઘણી રીતે, બહુબહુ.
વાચક—સં. (वाक्य वच બોલવું.) બોલેલો બોલ. [વર્ણવ્યત્યય-જો૦ હળવા-૫૮.]
સંભાળતાં—(સં. सं+भृ धा०) કાળજીથી સાચવતાં, પાળ્યાથી.

૧૨. રાંડીરાંડ—(સં. रंडा—વિધવા-તિરસ્કારમાં) રંડાયલી બૈરી, બાયાંબાઇ.
સાહુ—સં. (साधु प्रा० साहु.) વેવારમાં પ્રમાણિક ને ઉજળો.
વિપ્ર—સં. (જો૦ ગિર૦ અ૦ ૩૯-૨).
ધર્મ—(धृ ધરવું. માનવું.) શાસ્ત્રમાં કહેલી નીતિપ્રમાણેનાં આચરણ.
ધાર્યા—(જો: ઉપર.) માન્યા, પાળ્યા, તેપ્રમાણે ચાલ્યો.
પ્રેમદા—સં. (प्रमदा) પ્રેમાળ સ્ત્રી, સ્ત્રી.
સાચવે—(સં. सत्य ઉપરથી ?) ખરું કરીબતાવે, પાળે.
લલના—સં. (लल લાડલડાવવું) પ્રેમરસભરી નાજુક સુંદર સ્ત્રી, સ્ત્રી.
કુલક્ષણી—સં. (लक्षण ગુણ, लक्ष् ઓળખવું.) નઠારા ગુણવાળી. સમા૦ બહુ૦

(૧) બાઇ—વિશેષણનામ છે. (૫) પોતે નીતિપ્રમાણે આપેલું વચન તેજ સ્ત્રી પાળે જે પાંચ પક્ષે પૂરી હોય-બધી તરફથી શુદ્ધ હોય.
[એ પાંચ પક્ષ તે કિયા? આ હોય-પોતાનું પિહેર ને મોસાળ, પોતાના વરનું કુળ, સાસુનું પિહેર અને મોસાળ. લડતાં એમ બોલાય કે—હું ત્રિમાતુળશુદ્ધ છે તે જાણ્યો.]

(છપ્પા ૧૩—૧૫).

૧૩ કોગળીયું = અધોક.

વાસી વળિયું = મોરચી થઇ, ઉલટી થઇ. (सं. वस् રેવું-વાસી રેનાર રહેલું આગલા દાડાનું ખાધેલું પાચન થયાવગર.)

શસ્ત્ર—सं. (शस् ઇજા કરવી.) આયુધ, હથિયાર.

મૂઠ = પીડા કરવાનો કે મારીનાખવાનો જે મંત્ર-પ્રયોગ તે. [सं. मुष्टि? મૂઠીમાં પકડેલું છટકીજવું મુશ્કેલ.]

મહિમા —सं. = પ્રતાપ, જશ, મોટાઇ. ૨ ગોઠવણુ, રીત.

માથે લેવું = પોતાપર જુમ્મો-અપવાદ-ઠપકો લેવો. [सं. मस्त—मस्तक—માથું. मस्—તોળવું.]

૧૪. અરણુવનીર— सं. (०र्णव० अर्णस् પાણી.) સાગર-દરિયાનાં પાણીમાં.

મેર—सं. (०रु.) મેરૂપર્વત. [પુરાણમતે પૃથ્વીના સાત મોટા વિભાગ છે. જંબુ, કુશ, પ્લક્ષ, શાલ્મલી, ક્રૌંચ, શાક ને પુષ્કર. આપણે વસિયેછિયે તે જંબુદ્વીપ. એ સાત દ્વીપની મધ્યે મેરુ કમળની વચ્ચેની ચલ્લીને આકારે છે અને સાત દ્વીપ તેની પાતરીઓ છે. એ ૮૪૦૦૦ જોજન ઊંચો છે, તેમાં ૧૯૦૦૦ જોજન પૃથ્વીની સપાટીની નીચે છે.]

પાતાળ—सं. = પૃથ્વીની નીચેનો પ્રદેશ. [એ સાત કેવાયછે—અતળ, વિતળ, સુતળ, મહાતળ, રસાતળ, તળાતળ ને પાતાળ.]

અમૃતાહાર—सं. (मृ મરવું; आ + हृ ખાવું.) અમૃત ખાવું-પીવું તે. અમૃત = દેવતાને ભૂખતરસ મટાડનારો પીવાનો મીઠો પદાર્થ, જેથી મોત ને ઘડપણ ન આવે. समा० ૫૦.

ભ્રાંતે—सं. (०ति. भ्रम् ભટકવું.) વેમમાં, ખોટી આશા રાખીને.

કિંકર—सं. (किंम् હલકાપણું બતાવેછે, कृ કરવું.) સેવક, ચાકર.

કઇ કોટિધા—सं. वि० = કેટલાઓ કરોડ, કરોડો. [યંત્ર.]

સંચ—(सं. सम् + चि એકઠું કરવું.) સંચો, હિકમત. [फा. शिकंजा ડાબવાનું

પ્રપંચ —सं. (प्र આગળ, पच् પસારવું.) ભેદ, દગો.

(૪) દવા ઘણી કરે, અમૃત પીએ, એવી આશાથી કે હું ન મરું, પણ એ ફાંફાં. (૬) મોત આવ્યે = મોત આવવાથી-કેળ પ્ર૦ Nom. abs.

૧૫. પરિવાર—सं. (परि + वृ—વીટાઇવળવું.) છોકરાંછૈયાં, કુટુંબકબીલો.

પોઢા—सं. (प्रौढ-प्र-આગળ, ऊढ વધેલું-वह् વેવું-નો ભૂ૦ કૃ૦) મોટા, ભોળા.

અપરમપાર—सं. (परम—સામેનો, पार છેડો.) બેહદ, અતિશે, ઘણીજ.

પરિપૂરણુ—सं. (र्ण-परि છેક, पूर्ण ભરેલો, पृ નો ભૂ૦ કૃ૦) છેક ભરેલા.

(છપ્પા ૧૫ -૧૭).

પરતાપે—સં. (પ્ર૦ प्र ઘણું, ताप ત્રાસ-तप् તપવું.) તેજથી, મહિમાએ.

બાહુ—સં. (बाहू યત્ન કરવું.) ભુજ, હાથ. ૨. બળવાન મદદગાર (લક્ષણા.)

છત—સં. (सत्ता-હોવું તે, अस धा૦-પરથી.) પૈસોટકો, વૈભવ, પ્રતાપ.

છાપે—(फा॰ चापकर्दन.) બતાવે.

અધિકાર—સં. (अधि + कृ સત્તા આપવી.) સત્તા, અમલ.

અયુતલખ—સં. (૦લક્ષ.) ઘણાજ, અગણિત.

ઇંદ્ર— સં. (इद મોટા અધિકાર ને દૈવી શક્તિ ધરાવવી.) દેવોનો રાજા.

કથી—(સં. कथ ધા૦) વિસ્તાર કરીને.

(૪-ખ.) રાજછત્રની છાયાનીચે રહી પોતાનો પ્રતાપ લોકોમાં બતાવતા—છત્રપતિ રાજા હતા.

અલં૦ અનુ૦ (૫) અતિશયોક્તિ.

૧૬. **ભોગ**—સં. (भुज् ધા૦) સંસારસુખ, વૈભવ. [અહિંયાં ઉપાધિ ગણી દુ:ખરૂપ માનેલો વૈભવ.]

પ્રસવ્યો—(સં. सू જનમ આપવો.) જનમ્યો, પેદાથયો.

(૧) નાઠે—ભૂ૦ કૃ૦, સા૦ કૃ૦ નામને ઠેકાણે. (૬) જેનું નામ ઇ૦

(૫) [કવિના મનમાં આ શ્લોક હોય—

जातमेवान्तकोन्ताय जराचान्वेतिदेहिनम् ।
अनुषक्ता द्वयेनैते भावाः स्थावरजंगमाः ॥

૧૭. **જાયું**—સં. (जात. जन-जा નો ભૂ૦ કૃ૦) પેદાથયું.

જાય—(સં. या જવું.) નાશપામે.

આયુર્દાવશ—સં. = આવરદાને તાબે.

કિન્નર—સં. = સ્વર્ગના ગવૈયા. (किम् હલકાપણું બતાવે છે.)

જક્ષ—સં. (य०) ગણદેવ, કુબેરના ગણ.

રાક્ષસ—સં. = દેવમાણસસાથે શત્રુવટ રાખનાર તામસી પ્રકૃતિનાં પ્રાણી.

ગાંધર્વ—સં. = સ્વર્ગના ગવૈયા.

દાનવી—સં. (૦વ. दनु ના વંશજ માટે.) દૈત્ય.

મઘવાદિક—સં. (मघवा ઇંદ્ર-मघ સ્વર્ગનો અધિકાર.) ઇંદ્ર અને બીજા સૌ

કોણમાત્રમાં—(સં. मात्रा માપ, मा ધા૦) શી ગણતીમાં.

અલં૦ (૧) જાયું તે જાય-યમક.

(છપ્પા ૧૮—).

૧૮. કઈક્રોડ = કેટલાએ કરોડ, અપાર. (सं. कति कोटि.)

બ્રહ્મા—सं. (बृह् वृद्धि કરવી.) વિશ્વની ઉત્પત્તિ કરવા રજોગુણ જેનામાં મુખ્ય એવું બ્રહ્મસ્વરૂપ. ૨. વિશ્વની ઉત્પત્તિ કરનાર.

ભૂલ્યા = માયાની જાળમાં ગોથાં ખાતા, અમે અમર એમ મિથ્યા માનતા.

કામ—सं. (कम् ઇચ્છવું.) પ્રીતિનો દેવ, કામદેવ.

અડગ—((सं. दघ् છોડવું-મીલ.) સ્થિર, દૃઢ, ડગે-પાછા હઠે નહિ એવા.

ડૂલ્યા—(सं. दुल् ડોલવું.) ડગ્યા, ડૂબીગયા, મોતને તાબે થયા.

દિગપાળ—सं. (दिक्पाल. दिक् દિશા, पाल् રક્ષવું.) દિશાઓના દેવ.

[એ દશ છે.—ઈંદ્ર-વજ્ર આયુધ ને પૂર્વદિશા; અગ્નિ—શક્તિ આ૦ ને અગ્નિકોણ; યમ-દંડ આ૦ ને દક્ષિણ દિ૦; નૈૠતિ-ખડ્ગ આ૦ ને નૈૠત કો૦; વરુણ-પાશ આ૦ ને પશ્ચિમ દિ૦; વાયુ-અંકુશ આ૦ ને વાયવ્ય કો૦; કુબેર-ગદા આ૦ ને ઉત્તર દિ૦; શિવ—ત્રિશૂળ આ૦ ને ઇશાન કો૦; બ્રહ્મ—પદ્મ આ૦ ને ઉર્ધ્વ-ઉંચે; અનંત-ચક્ર આ૦ ને પાતાળે.]

માંધાતા—सं. (माम् મને, धाता—ધાવનાર-धे પીવું-ધાવવું.) મુચકુંદના-પિતા-યુવનાશ્વરાજાના પુત્ર. [એ પ્રતાપી ચક્રવર્તી રાજા હતો, એનાથી રાવણ પણ બીતો. એ પોતાના પિતાની કૂખમાંથી ઉત્પન્ન થયલા અને ઈંદ્રની અમૃતભરી આંગળી ધાવી ઉછરેલા-માટેજ આ નામ.]

દિલીપ—सं.-સૂર્યવંશી રાજા-રામના પૂર્વજમાંનો એક ત્રેતાયુગને અંતે થયલો. [એ મોટો પુણ્યશાળ હતો, પણ એની સ્ત્રી સુદક્ષિણાને પુત્ર નહિ તેથી વશિષ્ઠમુનિની આજ્ઞાએ એણે કામધેનુ સેવી, જેથી એને રઘુ-નામનો પ્રતાપી પુત્ર થયો.]

છાકેલ—सं. (शाक्त = શક્તિ-દેવીના ઉપાસક.) મદરૂપી • મદિરા પીને ઉન્મત્ત બનેલા, અતિ અભિમાની.

છત્રપત—सं. (०ति छद् ઢાંકવું.) મોટા ચક્રવર્તી રાજાઓ. [છત્રચમ્મર એ રાજચિન્હ છે.]

જનક—सं.-મિથિલાપુરીના રાજા. [એ વિદેહી-જીવનમુક્ત કેવાયછે. એની સભામાં બ્રાહ્મણો નાનાપ્રકારની વિદ્યાવિષે વાદવિવાદ કરતા.]

જાદવો—सं. (या० યદુ રાજાના વંશજો) ક્ષત્રિયોનું એક મોટું કુળ.

જાન્હવી—सं.-ગંગાનદી. [ભગીરથ રાજાએ પોતાના પૂર્વજોના ઉદ્ધારને અર્થે ગંગાજીને વિનવી સ્વર્ગથી પૃથ્વીપર આણ્યાં. સ્વર્ગથી પ્રથમ એ શિવને મસ્તક પડ્યાં તેણે એને પોતાની જટામાં ગુંચવ્યાં. ભગીરથની સ્તુતિથી શિવે એક લટ છોડી ગંગાનો પ્રવાહ ચલાવ્યો. વળી વાટમાં જન્હુઋષિ તપ કરતાહતા તેની કેટલીક પૂજાસામગ્રી તણાઇ તેથી તે ગંગાનું

(છપ્પા ૧૯--૨૦).

પાન કરી ગયા એને પણ ભગીરથે ઘણા સ્તવ્યા ત્યારે એણે પોતાની જાંઘ ફાડી ગંગાને બ્હાર કાઢી વ્હેતાં કર્યાં. એ રુષિનાં નામ ઉપરથીજ ગંગાને જાન્હવી કેછે. ભગીરથ લાવ્યા માટે ભાગીરથી પણ કેવાયછે.]

થિરથાવર—સં. (સ્થિરસ્થા૦સ્થા ઠરવું.) હમેશાં રેનાર, ચીરંજીવી, અમર

૧૯. **ભોગજોગ**--સં. (૦યોગ. भुज ભોગવવું; युज જોડવું.) રતિની ઇચ્છા કે ખાનપાનવૈભવનેલીધે.

વીરજ---સં. (૦र्य--वीर् બળિયા થવું.) ધાતુ, રેત.

નસાજાળ --સં. = નસનાં જાળાં.

પંચભૂત---સં. (भूत નિપજેલાં-મૂળમાં, भू ધા૦.) પાંચતત્ત્વ---પૃથ્વી, પાણી, તેજ, વાયુ ને આકાશ. [શરીરમાં એ તત્ત્વોના વિભાગ આ રીતે છે--નસ, માંસ, હાડ, નિમાળા ને ચામડા--એ પૃથ્વીના ભાગ; ભૂખ, તરસ, રતિવિકાર, ક્રોધ ને હરખ---એ તેજના ભાગ; શ્વાસોશ્વાસ, નાડ, હેડકી, છીંક ને બગાસું-એ વાયુના ભાગ; શબ્દકરવો (બોલવું), શબ્દનું ગ્રહણ કરવું (સાંભળવું), અવકાશ (પોલાણ), વધવું અને નાશ પામવું-એ આકાશના ભાગ.] (પંચીકરણ પ્રમાણે:---આકાશ—કામ, ક્રોધ, શોક, મોહ, ભય; વાયુ-ચલન, વલન, ધાવન, પ્રસારણ, આકુંચન; તેજ-ભૂખ, તરસ, આળસ, નિદ્રા, કાંતિ; પાણી--શુક્ર, રુધિર, લાળ, મૂત્ર, પરસેવો; પૃથ્વી---હાડ, માંસ, ત્વચા, નાડી, રોમ.)

મમતા--સં. (मम મારું ઉપરથી) મારું છે એમ માનવું તે; પ્યાર.

માયા સં. (मा માપવું; સમાવું.) સ્નેહ, વ્હાલ.

વાયુરૂપ—સં. (वा વાવું; रूप જોવું.) વાયુને આકારે, વાયુસરખો. સમા૦બહુ૦

જથા--સં. (य०) જેમ, જેવો.

(૪) શરીરના અવયવો બરાબર ફરી ને વળીશકે એટલામાટે પંચભૂતના ભાગ પ્રમાણમાં મેળવ્યા છે. (૫) એ શરીર નાશવંત છે, તેમાં કોઇ-ઓળખમા ન આવે એવો પુરૂષ-ઇશ્વર વાયુરૂપે રહ્યલો છે. (૬) અલં૦ ઉપમા

૨૦. **મૂઢ**--સં. (मुह् નો ભૂ૦ કૃ૦.) ભોળવાયલો, ભોળો, મૂરખમાણસ.

કારમી--સં. (कृत्रिम-ખરું નહિ પણ બનાવટનું.) રૂપગુણે ચમત્કારિક-[અદ્ભુત દેખાતું, ખોટું.

કાયા—સ્ત્રી૦ સં. (०य पु०) શરીર.

માયા--(मा માપવું; સમાવું. ૨. मा ભમવું.) જગતનું રૂપદર્શન નાટક, મિથ્યા ભાસ, છે છે ને નહિ એવું.

અજ્ઞાન—સં. (ज्ञा જાણવું.) જગત સત્ય છે એવા નિશ્ચયઉપર.

આરૂઢ—સં. ((आ+रुह् ચલાણવું-નો ભૂ૦ કૃ૦) બેઠેલો, ચડેલો—અજ્ઞાન-ઘોડે. અલં૦ રૂપક.

(છપ્પા ૨૦—૨૩).

અંધ—સં. = આંધળા, માયાએ મોહિત, મિથ્યા છે તે સત્યકરી માનનાર.
ધંધે ધાયા = સંસારી ખટપટમાં મચ્યારયા.
ઘરસૂત્ર—સં. (गृह० सूत्र દોરો.) ઘરસંસાર, કુટુંબકબીલો
ભલીભાત — અવ્ય૦ = રૂડી રીતે, સારીપેઠે.
કૂપો—સં. (कुतुप) તેલઘી ભરવાનું વાસણ—ઘણુંકરીને ચામડા [.
અસાચ—સં. (०सत्य.) ખરૂં—નિત્યનું નહિ તે, ક્ષણભંગુર. અલં૦ દૃષ્ટાંત—રૂપક. [નાશવંત. સમા૦ નપ૦

૨૧. **પ્રીતે**—સં. (प्रीति. प्री ખુશકરવું.) ખુશીથી, બચવાની મોટી આશાથી.
શેષ—સં. (शिष् જુદું પાડવું) એ નામનો નાગ જેણે પોતાની ફેણઉપર પૃથ્વી ધરીરાખીછે એમ કેવાયછે. [નાગનો રાજા છે—અનંતતાનું સ્વરૂપ ને પાતાળનો અધીપ. પ્રલયકાળે વિષ્ણુ નારાયણરૂપે એના ઉપર શયન કરેછે—જો૦ શેષશાયી પ્રેમા૦ ઉખ૦ ૪]

રવિરથ—સં. = સૂરજના રથની.
મંત્ર—સં. (मंत्र् છૂપી મસલત—અસર કરવી.) દેવની સ્તુતિરૂપ કવિતા—વેદમાં.
જંત્ર—સં. (यं ० यंत्र રોકવું.) ધાતુની તખતીપર કે કાગળપર ખાનાં અક્ષર આંકડા મૂર્તિ વગેરે પાડી મંત્ર ભણી પૂજા સાધન થાય તે [જંતરમંતર—એમ સાથે બોલાયછે.]

જાપ—સં. (जप् મનમાં બોલવું.) જપ, નામમંત્ર ઇત્યાદિનું મનમાં કે મુખે વારંવાર ઉચ્ચારણ કરવું તે.
માલે = સુખે રહે, મઝામાં રહે.
રવિમંડળ—સં. સૂરજમંડળ—સૂરજ અને તેની પ્રદક્ષિણા કરનાર ગ્રહ એ સૌ મળીને જે મંડળ તે. (मड्—मंड् વિંટળાઇવળવું.)
અટે—(સં. अट् ધા૦) ભટકીવળે, ભમે.

[સરખાવો (૧-૨ ૫) ને છપ્પા ૧૪ સાથે.]
(૪) ધર્મદાનમંત્રજાપ ઇ૦ થી સ્વર્ગ મેળવે, જ્યાંનો ઇંદ્ર રાજા છે.

૨૨ **સરપ**—સં. (०र्प. सृप् પેટેચાલવું) સાપ. [કે૦ પ્ર૦ nom. abs.]
વાસીવિકાર—સં. (वार्सा—જો. ૧૩; वि + कृ બગડવું.) મોરચી.
હડકવા—સં. (अलर्क ગાંડો કુતરો.) હડકાયું. [અભિમાન
મમત—સં. (०त्व. मम મારૂં—ઉપરથી.) હુંપદ, મારો બોલ ઉપર રહે એવું
(૨) કોઇ જુવાન કોઇ ઘરડા થઇ, કોઇ બાળક અવસ્થામાંજ—કાં પુરુષ કાં સ્ત્રી. (૩) મરતાં—મરે છે. (૪-૬) કોઇ વૈભવ ભોગવતાં કોઇ રોગે રિબાતાં. (૫) વાસીવિકાર કે હડકવા—કારણાર્થે પંચમી.

૨૩. **વિચ—બિચ** = વચ્ચે, અંદર. [ન થાય.
વજ્ર—સં. = ઈંદ્રનું આયુધ—હથિયાર. ૨. ઘણું કઠણ જેમાં કોઇનો પ્રવેશ

(છપ્પા ૨૩ -૨૭).

ગુફા—સં. (૦હા. गुह् છુપાવવું.) પાડમાં પોલાણ.
ગભીર –સં = ઉંડી, બિહામણી. (સં. भी બીવું.)
માણે = (સં. मन् માનની નજરથી જોવું.) મોજ ભોગવે, મોતના પંઝામાંથી ઉગર્યો એમ માની ચેનમાં રહે.
ઇંદ્રજાળવિદ્યાય —સં.(૦ચા. जल ઘેરીલેવું.) નજરબંધીના ખેલ. સમા૦કર્મ૦
જુગતથી—સં. (युक्ति–युज् જોડવું, ગોઠવવું.) સારી રીતે.
સાંચરે—(સં. सम् + चर् ધા૦) ચાલે, વર્ત્તે.
જતન—સં. (यत्न. यत् ધા૦) જુગતિ, ચોકસી; રક્ષણ થવાસારૂ પ્રયત્ન.
કોડે = હોંસથી, ઉમેદથી.
(૩) માંહિ—સ્થળવાચક ક્રિ૦ વિ૦. (૬) જાળવતાં—સંબંધકકૃદંત.

૨૪. **ચિરંજીવી**—સં. (चिरं લાંબા વખત સુધી, जीव् જીવવું.) અમર. સમા૦ અવ્ય૦
અહિપત—સં. (૦તિ. अहि નાગ.) શેષનાગ જે અનંતતાનું સ્વરૂપ છે.
સતવાદી—સં. (૦त्य०) સાચું બોલનાર, પ્રમાણિક. સમા૦ દ્વિ૦
સલક્ષણા—સં. (सल्ल० सत् સારાં, लक्षण નિશાની-વર્તણુક.) સારી ચાલના. અલં૦ લાટા૦ [સમા૦ બહુ૦

૨૫. **ખટમાસ**—સં. (षट्०) છ મહિના. સમા૦ દ્વિગુ.
ધર્મ—સં. (धृ ધારણ કરવું.) પદાર્થમાં રહેલો તેનો ખાસ ગુણ, સ્વભાવ.
ધારવો—સં. (धृ રાખવું.) સમજવો, નક્કી કરી માનવો.
ગારવો—સં. (गर्व–गर्व् ધા૦) અભિમાન, ગુમાન, મગરૂબી.
(૫) વસ્તુમાત્રનો ખાસ ગુણ છે કે નાશ પામવું, એવું ખાતરીથી માનવું. [मरणं प्रकृतिः शरीरिणां विकृतिर्जीवितमुच्यते बुधैः। ડાહ્યા માણસનું મત છે કે મરવું એ પ્રાણીની પ્રકૃતિ, જીવવું એ એક આકસ્મિક બનાવ છે.]

૨૬. **દીપક**—સં. (दीप् પ્રકાશવું.) દીવો-જીવ. અલં૦ રૂપક–પરિણામ ઉપમા.
પડશે—દેહ પડશે = તે માણસ મરશે. (સં. पत् ધા.)
કુંભ—સં. ઘડો. અલં૦ રૂપક.
[(૨) શરીરરૂપી ઘરમાં જીવ એ દીવો છે.]

૨૭. **પુત્ર**—સં. (पुत् એ નામનું નરક, त्र રક્ષણ કરવું.) છોકરો. સમા૦ પં૦.
[પુરાણમતે-જે મરનારની પાછળ પિંડદાન કરવાને દીકરો ન હોય તેને पुत् નામનાં નરકમાં પડવું પડે-છે.]
પિતા—સં. (पा પાળવું.) બાપ.
પ્રમાણે—સં. (प्रमाण આધાર–मा માપવું.) ગણીલે, માને.
હાણ—સં. (૦નિ. हन् હણવું.) નુકશાન.

(છપ્પા ૨૭—૩૦).

લાભ—સં. (लभ् મેળવવું.) ફાયદો.
લેખે—(સં. लिख् લખવું ; लक्ष् જોવું ?) ગણે, માને.
દિલ—फा० = મનમાં.
પેખે—(સં. प्रेक्ष् જોવું.) જોય, ગણે, માને.
અસંખ્યધા—સં. (संख्या ગણત્રી–सम् બરાબર, ख्या કેવું) અગણિત.
લાડ—સં. (लड् લાડવું.) ખેલ, રમત, બાળકોનાં જે ગેલછાં તે.
ગુણ—સં. (गुण વધારવું. ૨. લલચાવવું.) લાભ ; ઉપકાર.
ઓશિંકળ—આભારી, ઉપકારી. ૨. ગુણ વાળવો તે.
પાડ = ઉપકાર, એહશાન.

(૯) બાપનો એટલો આપણા ઉપર ઉપકાર છે કે તે રુણમાંથી છૂટાવાનું નથી–તેનો બદલો વળાય નહિ. [ઓશિંકળ થવું કેવાનો સાધારણ રિવાજ છે.]

૨૮. **વિજોગ**—સં. (ઉપ૦ वि ઉલટું બતાવે છે, युज् જોડવું.) જુદાઇ, જૂદા પડવું તે–મોતથી કે બીજાં કંઇ કારણથી–અહિંયાં મોતથીજ.

દાવાનળ—સં. (दाव વન, अनल અગ્નિ-આગ.) દવ, વનમાં આગ લાગેછે તે.
ડસવો—સં. (दशन-दश धा०) કરડવું તે. [समा० स०
તનરોગનું—સં. = પોતાનું શરીર રોગે પીડાય તેનું [વેછે માટે.]
ક્રોડ—સં. (कोटि.) કરોડગણું–[ક્રિ૦ વિ૦, પોઢું–સાથે નિકટનો સંબંધ ધરા-
પોઢું—સં. (જો૦ ૧૫) મોટું, ભારે, ન સુવાય એવું.
શુભ—સં. (शुभ સારું દેખાવું.) સારું.

૨૯. **તાત**—સં. (तन् પસારવું.) બાપ.
સમસ્ત—સં. (सम् એકઠાં, अस्त લાખેલાં, મૂકેલાં–अस् धा०) સઘળાં.
ભ્રાત—સં. = ભાઇ. [(લક્ષણા.)
શ્વસુરપખો—સં. (૦पक्ष-पक्ष પાંખ-બાજુ.) સાસરાતરફનાંસગાં, સાસરિયાં.
સ્નેહી—સં. (स्निह् धा०) હેતાળ.
સખા—સં. = મિત્ર, દોસ્ત, ભાઇબંધ.
અધિક પ્રકારની—સં. (प्र વધારે, कृ કરવું.) ઘણી જાતની.
અંતરતણી—સં. (૦र्) મનની, ખરાં અંતઃકરણની.
સપુત—(सुपुत्र. જો૦ ૨૭.) સારો–રૂડાં આચરણવાળો છોકરો સમા૦ કર્મ૦
સરસ—સં. (स સાથે, रस પ્રવાહી-લેજત.) લેજતદાર, સુખકારી, સમા૦ બહુ૦

૩૦. **મોક્ષ**—સં. (मुच् છોડવવું.) મુક્તિ, જન્મમરણથી છુટકારો.
મેણું = અપવાદ, તિરસ્કાર, દુર્ભાગ્યઉપર હુમલો.

(છપ્પા ૩૦ -૩૧).

શૂન્ય—સં. = ખાલી, ઉજડ ; ઉદાશી ઉપજાવનાર.

જીવન— સં. (जीव् ધા૦) જિવતર, જિંદગી.

ખોટું = નકામું.

વિશ્વ—સં. (विश પેસવું-વ્યાપવું.) જગત, દુનિયા.

પિતુશ્રાદ્ધ—સં. = બાપનું સરાધ. (पितृ બાપ-ની છઠ્ઠી વિભક્તિ पितुः ; અથવા ऋ નો પણ-ઉ થાય છે.)

સારે—(સં. सृ જવું-પ્રે૦ ભેદે) કરે

ગરથ = પૈસોટકો. (સં. ग्रंथि.)

વ્યર્થ—સં. (वि વિનાનું, अर्थ લાભ.) નકામો.

ગાંજિયો = છેતરાયો, ઠગાયો, હરવાયો-દૈવથી. ૨. અભાગિયો, દુ:ખી. (સં. गंजित—જીતાયલો.)

બળ્યો—સં. (ज्वलित-ज्वल् બળવું-નો ભૂ૦ કૃ૦) ધિક્કારવાજોગ, છેક નકામો.

વાંજિયો—સં. (वंध्य) જેને છોકરાં ન થતાંહોય તે-સ્ત્રીપુરુષ.

અલં૦ ૨૭ --૩૦—લાટા૦.

૩૧. **ઇંદ્રિવારણાં**—સં. (०र्णा.) એકજાતનાં ફળ બારથી સુંદર દેખાતાં પણ સ્વાદમાં અતિ કડવાં. [ઇંદ્ર ને વરુણ એ બેના નામપરથી નામ પડ્યુંહશે.[

ખાંતે = હોંસે, ઉમંગથી.

આવળ—એ નામનું પીળાં ફૂલનું ઝાડ છે.

તૃષા—સં. (तृष् ધા૦) તરસ, પાણી પીવાની હાજત.

ઉજ્જ્વળ—સં. (उत् ઘણું, ज्वल् ઝળકવું.) ઉજળાં, ધોળાં.

કરા સં. (करका.) હવામાંથી છૂટું પડી બંધાઇગયલું અતિ ટાઢું પાણી નાંનામોટા પત્થરના આકારમાં વરસેછે તે.

સમા—સં. = સરખા, જેવા.

આભ્રણ—સં. (आभरण-भृ પુષ્ટિ આપવી. વધારવું.) ઘરેણાં.

ઓપે = ચળકે, સારાં દેખાય.

અશાં—સં. (ईदृश.) એવાં—મોતીનાં ઘરેણાંજેવાં.

સાંખી જુઓ = તોળીજુઓ, બરાબર સરખાવીજુઓ. સાંખવું = ભરત માપ વજનનો સુમાર કાડવો. (સં. सम् + ख्या સુમાર કાડવો.)

(૪ ખ.) હંસ જે કામ કરે તે બગલાંથી ન થાય-તેની તોલે ન આવે. (જો૦ ૬)

અલં૦ દૃષ્ટાંતરૂપક. (૬) પૃચ્છા.

(છપ્પા ૩૨).

૩૨. **કામ**—સ. (क्रम ઇચ્છવું.)) કોઇપણ ઈંદ્રોના ભોગતરફ ઇચ્છા, વિષયવાસના

લોભ —સં. (लुभ ધા૦) કંઇ વાતની તૃષ્ણા-અતિશે ઇચ્છા.

મોહ -સં (मुह् ગોભાવું.) રૂપગુણકર્મની ખૂબીને વશ થઇરેવું તે.

માયા—સં. (मा માપવું.) સ્નેહ, પ્રીતિ; સંસારપર આસક્તિ વળગણ.

મંડે = માં મચ્યારહે, ને વશ થઇરહે. નવ મંડે = હદમાં રાખી યોગ્ય પ્રસગે ને યોગ્ય રીતે વાપરે.

અહંકાર અભિમાન—સં. = હું પદ-[अहं હું; अभि તરફ, मान મોટાઇ-પોતાને વિષે સારું મત. આ બે શબ્દમાં ભેદ બતાવવોજ હોય તો, અહંકાર= પોતાની દેહનો ગર્વ: અભિમાન=દેહના સંબંધની વસ્તુથી મોટાઇ.]

છક્ક = છાક, ગરૂરી. (જો૦ છાકેલ. ૧૮).

છળભેદ—સં. (छल ઠગવું; भिद् જૂદું પાડવું.) ઠગાઇ, કપટ, દગોફટકો

[આ બે શબ્દો ઘણા ખરા સાથે વપરાય છે અને અર્થ એકજ છે.]

છંડે = ત્યાગે, તજે, કાડીનાખે. [સમા૦ ૫૦

પરનિંદા - સં. (निंद् ધા૦) કોઇને વિષે ભૂંડું બોલવું તે, પારકાની બદગોઇ.

પ્રીતે સં. (प्रीति-प्री ખુશ કરવું.) ખરા મનથી–ઉપરથી બતાવવાને નહિ.

તજે—(સં. त्यज् ધા૦) છોડી દે, નહિ કરે. [આ શબ્દ અને (૪) માં શબ્દ એ પૂર્વાપર-આગળ પાછળ સંબંધ રાખે-છે.]

રજોગુણ—સં. (रंज् લલચાવું.) માયાના ત્રણ ગુણમાંનો બીજો જેથી વિષયવાસના લોભ ગર્વ અસત્ય વગેરેના જોસ્સા ઉપજેછે. સમા૦ કર્મ૦.

રીતે—સં. (૦તિ.) હદમાં, જોઇએ તેટલોજ ને તેવીરીતનો.

માન સનમાન—સં. (संमान-मन ધા૦) વિવેકને ખાતર સાધારણ માણસને આબરુ અપાય તે માન, અને ગુણ મહતા ઇત્યાદિ કારણથી મહાપુરુષ રૂષિ ઇત્યાદિને સત્કાર--રૂડી પ્રતિષ્ઠા અપાય તે સન્માન.

પરમારથ—સં. (૦ર્થ-परम શ્રેષ્ઠ, अर्थ હેતુ.) પરોપકારનું કામ. સમા૦ કર્મ.
[અર્થ ત્રણ છે-સ્વાર્થ = પોતાના સંબંધનું કામ: પરાર્થ = પારકાના સંબંધનું કામ; પરમાર્થ=મોક્ષના સંબંધનું કામ. લોકમાં ઘણુંખરું પરાર્થને અર્થે પરમાર્થ શબ્દ વપરાય છે.]

ગ્રહસ્થ—સં. (गृ०गृह ઘર-સંસાર, स्थ રેનાર.) સંસારી માણસ, ઘરસંસાર માંડીને રહેલો પુરુષ. સમા૦ સ૦

ઇકોતર = એકોતેર–પરિયા–વડવા-પૂર્વજ. [એકોતરજ શા માટે હશે !]

(છપ્પા ૩૨--૩૪).

આધરે--(સં. उत् ઊંચે—બાર, हृ લેવું. धृ ધરવું-લેવું.) ચોર્યાશીલાખના ફેરાથી બચે, મોક્ષ પામે. ૨. પાપથી મુકાય.

[(૧) આ ગુણો સૃષ્ટિની સ્થિતિને સારુ જરૂરના છે, પણ હદમાં ન રૈતાં એ વંઠી જાય ત્યારે દુશ્મનથી બૂરા થઇ-પડે-છે. (૯) પુરાણમતે--વંશજનાં સારાંનરતાં કર્મનાં ફળનો એ પૂર્વજોને ભોગવવો પડે-છે.

અલં૦ ઘણાખરા અનુપ્રાસ.

૩૩. પ્રતિદિન—સં. = દરરોજ. સમા૦ અવ્ય.

પ્રાતઃકાળ—સં. (प्र આગળ, अत् વધતા જવું; कल् ગણત્રી કરવી.) સવારને વખતે. સવારે. સમા૦ કર્મ૦.

સંધ્યા—(જો૦ ગિર૦ અધ્યા૦ ૩૩—૨).

શુભ—સં. (शुभ् સારું દેખાવું.) સારી, કલ્યાણકારી.

ગંગાજળસમ—સં. = ગંગાનાં પાણી જેવા-પવિત્ર, પૂજવાજોગ. સમા૦તૃ૦

ગુરુદેવા—સં.(गॄ બોધકરવો; दिव પ્રકાશવું.)દેવનાજેવા-પૂજ્યગુરુને.સમા૦કર્મ૦

વિપ્રનાંવૃંદ—સં. = બ્રાહ્મણનાં મંડળ, બ્રાહ્મણો.

આઠેજામ સં. (अष्टयाम—यम ભાગ કરવા.) આઠેપોર, રાતદાડો.

સૂજે--(સં. सूच् જોવું) દેખાય, સારીલાગે, ગમે.

જથાશક્તિ સં. (યથા૦. शक् બળવાન થવું.) પોતાની શક્તિપ્રમાણે, બને તેટલું. સમા૦ અવ્ય૦.

સહજમાં સં. = ઘણી સુલાઇથી, વગરઅડચણે. [સહજ=સાથે જન્મેલું. જનમથી સાથે તે સેલુંજ -જળચરમાં તરવાનો ગુણ સહજ, ખેચરમાં ઉડવાનો ગુણ સહજ.]

ગયા---સં. = જાયછે. [કોઇવાર વર્તમાનને ઠેકાણે ભૂતકાળ વાપરવાથી ત્વરાની સાથે નિશ્ચયનો અર્થ આવે છે-તમે ચાલવા માંડો, હું પાછળ આવ્યો.] [(૯) ગૃહસ્થ તે-એમાં-તે અકર્તૃક Impersonal છે. જો૦ ૨૮. અને નર્મ૦ ઉના૦ ૯—૧. પરવતની તળેટી તેથી.]

૩૪. લાભ—સં. (लभ् મેળવવું.) પ્રાપ્તિ, નફો, ફાયદો; પૈસો.

પ્રિય--સં. (प्री ખુશ કરવું.) વ્હાલું.

જાર—સં. = યાર, ઉપપતિ, આશક; લંપટ, વ્યભિચારી માણસ.

જારી = છિનાળી. (જો૦ ઉપર.).

સુમ-સુમ્ભ = કૃપણ, કંજુસ. [લોભીનું વધારે વળણ મેળવવા તરફ અને સુમ્ભનું સંઘરી રાખવાતરફ.]

(છપ્પા ૩૪—૩૭).

રાગી—સં. (रंज् રંગવું, ખુશકરવું.) ગવૈયો. ૨. પ્રેમી. [ઉલટો ગુણ.
રાગ—(જો૦ ઉપર.) દેશી, ઢાળ, ચાલ—ગાયનમાં. ૨. પ્રેમ, ત્યાગીપણાથી
જોગી—સં. (યો૦युज् જોડવું-આત્માને પરમાત્માસાથે.) તપસ્વી, વિરાગી,
મળે—સં. (मिल् ધા૦) મળતાઆવે, એક જાતના હોય. [રાગીથી ઉલટો.
અનાદિ—સં. (अन् નહિ, आदि પેલાં.) જેની પેલાં બીજું નહિ તે;
પરાપૂરવથી, મૂળથીજ. સમા૦ બહુ૦ [પૈસોટકો, છત.

૩૫. છત્યે—સં. (सत्ता હોવાપણું, अस् હોવું-ઉપરથી.) પુષ્કળપણું, પેદાશ,
ગુણગત્યે—સં. (૦તિ. गुण् લલચાવવું; गम् જવું.) ગુણની રીત, ગુણ હોય તે.
રીતિ—સં. (री જવું.) વર્તણુક, ચાલચલણ.
ઝૂઝાર—સં. (યોद्ध-युध् લડવું.) જોદ્ધા, લડવૈયો. [નઠારી
વ્યસન—સં. (वि ઉલટે-ખોટે રસ્તે, अस् ફેંકવું-ચડાવવું.) ટેવ, આદત—
વાદ—સં. (वद् બોલવું.) તકરાર. [૩. ચાલચલકત.
વિધિ—સં. (वि+धा નિર્માણ કરવું.) નસીબ, ભાએગ. ૨. ધર્મક્રિયા

૩૬. છેકુ—અવ્ય૦ = આખરસુધી.
ગુહ્ય—ભા૦ ના૦ સં. (गुह् છુપાવવું.) છૂપી-ચોરીની વાત.
ડુંડી—સં. (डिंडिम् નગારું.) ડાંડી, ડમરુના આકારનું દાંડિયે ઠોકી વગાડવાનું વાજિત્ર. ડુંડી વાગે = પ્રસિદ્ધ થાય, બધાંના જાણવામાં આવે.
[જાહેરમાં ખબર આપવાની બાબત ડાંડિયો ફરી ડાંડી વગાડી જણાવે છે.]
કાયર = હિચકારો, બાયલો.
છિદ્ર—સં. (छिद् કાપવું, કાણું પાડવું.) ખોડ, એબની વાત, નબળી વાત.
ભગની—સં. (૦गिनी. प्रा० બહિણી.) બેનનું.
લીલાલેર—સં. (૦लहरी. લીલા ખેલ, लहरी હોડા, મોજાં) સુખ કરતું ભરપૂરપણું, પુષ્કળ પૈસોટકો ઇ૦ સમા૦ ત૦ અથવા મ૦ય૦
[લી૦ લક્ષ્મીતણી=લક્ષ્મીનું મોકળે મને માલવું, જાણે લક્ષ્મી નિ:શંકપણે જળક્રીડા કરે તેથી પાણીમાં હોડા ઉછળતા હોય.]
ખણી—(સં. खन् ધા૦) ખોદીને. [ખોદીખણી-બેઉ એકજ અર્થના, સાથે વપરાઇ અર્થમાં વિશેષતા આણે-છે.]

૩૭ સપ્તધા—અવ્ય૦. સં. = સાતરીતે, ઘણીરીતે, ઘણુંઘણું. [ત્રણ સાત
દમે—(સં. दम् ધા૦). પીડે, દુ:ખ દે. [એ પૂર્ણ સંખ્યા ગણાય છે.]
નીર—સં. = પાણી.
ઘાત—સં. (हन् મારવું.) મોત; સપાટો, ઘા; મોટું નુકસાન.

(છપ્પા ૩૭—૩૯).

ઘાસે આપણને —(સં. घृष् ઘસવું.) આપણી પાછળ ઘસાય, આપણા
દામ—હિં० = પૈસો. [કામમાં વાપરે.
જર = પૈસો, દોલત.
સહી—अ. (सहीह ખરું-પૂરું.) નક્કી, બેશક. [આવેછે.
પિત્રિ —सं. (०तृ બાપ, વડીલ.) વંશમાં મરીગયલાં જેનું શ્રાધ્ધ સારવામાં
પિંડ—सं. (पिंड् એકઠું કરવું.) શ્રાધમાં પિતરને રાંધેલા ચોખાના જે ગોળો આપવામાં આવેછે તે.

(૬) કોઇએ કરેલા ગુણઅવગુણનો બદલો જે વાળતો નથી તેના હાથના પિંડ પિતર લેતા નથી—તેને અધમ ગણીને.

૩૮. સાલ—सं. (शल्य તીર, કાંટો.) નડતર, હરકત, દુઃખ દેતી વસ્તુ. [સાલ= વેમાં કે ખૂણામાં સજ્જડ બેસતો લાકડાનો છોલી તૈયાર કરેલો ભાગ. એ ભાગ પેલાને ખસવા કે ચસવાદે નહિ.]

ફટાયો—(सं. स्फट् ફાટ પડવી.) વારસાનો ભાગ લઇ પોતાના ભાઇથી જૂદો પડેલો-ગરાસિયો-ઠાકોર. ૨. મન જૂદું થઇગયલું એવો-બેદિલ ભાઇ.
ફૂટે—सं. स्फुट् ફૂટવું.) છૂટો પડી સામો થાય; દુશ્મનને મળી જઇ એમ બોલે.
પ્રજા—सं. (जन् પેદાથવું.) રૈયત, લોક.
ભૂપ—सं. (भू પૃથ્વી, पा રક્ષવું.) રાજા. समा० દ્વિ०
પટંતર—અવ્ય૦ सं. (पटांतर. पट લુગડું, अंतर વચમાં.) વચમાં.
પટકુળ—सं. (पट બારીક કપડું, कुल સમુદાય.) કપડું. [આ શબ્દમાં માત્ર પટનો અર્થ રહ્યોછે.]
ભામની—सं. (०मि०भाम ક્રોધ.) ક્રોધી સ્વભાવની સ્ત્રી, સ્ત્રી, બૈરી.
ભાખે—(सं. भाष् ધા०) બોલે.
શામા—सं. (श्या०) સ્ત્રી જેને છોકરાં ન થયાંહોય તેવી આઠથી તે સોળ વરસની વયની અથવા એકવડા નાજુક બાંધાની; કોઇપણ સ્ત્રી.
[પેલો અર્થ અને તેમાં પણ પૂર્વભાગ અહિંયાં ઠીક લાગશે, એવામાં ઇર્ષા વિશેષ રહેછે માટે.]
શોક્ય—એક પુરુષને બે કે વધારે બૈરી હોય તો તે એકબીજીની સોક [કેવાય.

૩૯. મચ્છ—सं. (मत्स्य.) માછલું.
જીવત—सं. (जीवित–जीव् ધા०) જીવતું.
આયુ—सं (०युस्.) જીવવાનો કાળ, આવરદા.
સતી—सं (सत् પવિત્ર.) પતિવ્રતા-સદ્ગુણી સ્ત્રી.
નાવ—(सं. नव નવું.) ધણી-નવો પરણેલો, ધણી.

જાચક—સં. (ગ્રા૦ याच् ધા૦ ભીખારુ, ભીખ માગનાર.
લચ્છ-લાછ—સં. (लक्ष्मी.) પૈસો.
એવી વિધે—સં. = એ રીતે.
બૂઝે—હિં૦ = જાણે, સમજે, ગણે. [સં. बुध् જાણવું ?]

(૫—૬.) એ રીતે ઘણા લોક ધણી જાતની પ્રીતિ ગણે-છે એ ખરું, પણ બધીનો સાર એ કે સૌ પોતપોતાનું લેણુંદેવું લેછે ને આપે-છે.
મચ્છને નીર, વન્હિને વાયુ, ઇ૦ માં ચતુર્થી સંબંધસૂચક છે.

૪૦. **નાગો**—સં. (नग्न. नज् શરમાવું. વસ્ત્ર-માલમતા વગરનો.
ક્ષમાધર—સં. (क्षमा ખામોશ, क्षम् માફ કરવું; धृ રાખવું.) ખામોશ રાખનાર. સહન કરનાર, દરગુજર કરનાર. સમા૦ દ્વિ૦.
નાડ—સં. (र्डा.) હાથનાં કાંડાંઆગળની શિરા જેઉપરથી લોહીની ગતિ અને તે ઉપરથી રોગ સમજાયછે
નિરોગી—સં. (ની૦ निर् વનાનું, रोग માંદગી, रुज पीडवुं. રોગવગરની, આરોગ્ય, તનદુરસ્ત. સમા૦ બહુ૦
ગુણિકા—સં. (ગ૦गण् ગણવું.) વેશ્યા. પાતર, રામજની.
ઠગાય—(સં. स्थग छुपाववुं.) છેતરાય, મોહમાં પડે
જગમાયા—સં. = દુનિયાદારીપર પ્રીતિ, મોહ. સમા૦ સ૦
જમ—સં. (ગ્ર૦ यम હદમાં રાખવું.) મરણપછી પ્રાણીનાં પુણ્યપાપ જોઇ તેને સ્વર્ગે અથવા નરકમાં લઇજઇ રાખનારો દેવ.
નરક—સં. = પાપીપ્રાણીને તેનાં મરણપછી શિક્ષા પામવાને રેવાનું ઠેકાણું.
[નરક મોટાં ૨૧ ને નાનાં ૭, એમ ૨૮; અથવા ૮૪ નરક [illegible].]
નિષ્પાપ—સં. = પાપવનાનો, ધર્મી. સમા૦ બહુ૦

(૨-ખ.) ખામોશ રાખનાર બારે જેમમાં [illegible]. [જ્યાએ શબ્દ સૂચવે-છે કે કવિને કાંઇ વાત કે લોકા [illegible] હોય.].
(૫) આયુષ છતાં—કે૦ પ્ર૦ Nom. abs.

૪૧. **ભલેજ**—અવ્ય૦. સં. (भद्र સારું.) સારું થયું કે, ધંન છે.
ભલેજ જાયો = ધન છે તેના જનમવાને.
વામ્યાં—(સં. वम् કાઢી લાખવું.) નાશ પામ્યાં મટયાં, ગયાં.
ગણાણો—(સં. गण् ધા૦) ગણાયો, કેવાયો. [કેવાણો, ગણાણો, ધવાણો-એમ કવિતામાં વપરાય-છે.]
જનની—સં. (जन् પેદાથવું-પ્રે૦ ભેદે.) માતા, મા.
અલં૦ લાટા૦

(છપ્પા ૪૨—૪૪).

ધન્ય—સં. (धन् શબ્દકરવો-વખાણવું.) નસીબદાર, ભાગ્યશાળી.
સદાવ્રત—સં. (सदा હંમેશનું, व्रत નીમ.) પ્રવાસી લોકોને હંમેશા ધર્માદા સીધું આપવાનો જે નીમ તે. સમા૦ કર્મ.
પરાયાં—સં. (परकीय.) પારકાં. બીજાનાં, લોકનાં.
કષ્ટ—સં. (कष पीडवुं.) પીડા, દુઃખ.
કાપે=ટાળે, મટાડે.
દરિદ્રતા—સં. (दरिद्रा ધા૦) ગરીબાઇ, નિર્ધનપણું, કંગાલિયત.
દળે—(સં. दल ભાંગવું, કાપવું.) તોડે, કાપે, જડમૂળથી કાડે.
વડો—સં. (वड् મોટું.) મોટો, ઉત્તમ.
અલં૦ લાટા૦ (૬) બાકી-વાક્યયોગી!

૪૩. **કલંક**—ન૦ સં. પુ૦ = ખોડ, એબ.
પ્રકાશે—(સં. प्र+काश ઝળકવું.) બાર પાડે, જાહેરમાં આણે.
વાસે—(સં. वास् પોકારવું.) જાહેર કરે, પસારે, ફેલાવે.
ખુની—फा. (खुन લોહી.) ઘાતકી, ખારીલો, કીનાખોર.
વાણોતર—(સં. वाणिज વેપારી-ઉપરથી?) મેતો, ગુમાસ્તો.
કંથ—સં. (कांत-कम् ચાવું-નો ભૂ૦ કૃ૦) પતિ, ધણી.
ઠામ દેખાડીયે= આશ્રય આપિયે, મદદ કરિયે.

૪૪. **હાસ**—સં. (हस् હસવું.) મજાખ, મશ્કરી, ઠઠ્ઠો.
ગરુઆ—સં. (गुरु.) મોટા મોટા બુદ્ધિવાન માણસો.
ગાંજે=છેતરાય; કરતી વેળા ન ધારીશકે કે હાસનું આવું માઠું પરિણામ થશે, થાય ત્યારે જાણે ને પસ્તાય.
કલેશ—સં. (क्लिश પીડવું) કલહ, કજિયો, કંકાશ. [ધૂળમળીજાય.
ભવન—સં. (भू હોવું, રહેવું) ઘર, સંસાર, (લક્ષણા). ભવન ભાંજે = સંસાર
રૂઠે—સં. (रुष्ट-रुष् કોપવું-નો ભૂ૦ કૃ૦) કોપે, ઇતરાજી થાય. [ભૂ૦ કૃ૦ કોઇવાર ગુજરાતીમાં ક્રિયાપદનાં મૂળપ્રમાણે વપરાય છે; તૂઠ-त्रुष्ट; પઠ, પરંઠ पृष्ट; છૂટ-मृष्ट.]
હુંશ—અ. (हवस ઇચ્છા.) ઇચ્છા, કોડ, ઉમેદ.
પહોંચે=પારપડે, બરઆવે.
ખોડ—સં. (खोड લંગડો-खोड् ધા૦) બટ્ટો, નામોશી, નુકસાન.
અલં૦ લાટા૦!

(છપ્પા ૪૫—).

૪૫. **તરુવર**—सं. (तरु ઝાડ, वर ઉત્તમ–वृ પસંદકરવું.) ઉત્તમ ઝાડ, ઝાડ. સમા૦ સ૦ [वर નો અર્થ કંઇવાર નહિંસો થઇજાયછે—सरोवर.]

છાંહ—सं. (छाया. छो કાપવું, અટકાવવું.) છાયડો, શીળો.

નવાણ = જળાશય, પાણીની જગા–વાવ કુવો વગેરે. [सं. स्नान, प्रा० नावण ઉપરથી, કે नव નવું, અને अर्णम् પાણી?]

વનરાય—सं. (०जन.) વનમાં મુખ્ય-ઉત્તમ ઝાડ, આંબો? [य નો ज થાયછે; પણ કવચિત् ज नो य પણ થાય. भुजंग ભોયંગ=સાપ, सर्जू સરૈયો.]

ક્ષુધાતુર—सं. (क्षुधा + आतुर) ભૂખે પીડેલો, ઘણું ભૂખું માણસ. સમા૦તૃ૦

ગંગા—सं. (गम् જવું.) ગંગાનદી, નદી, નવાણ.

ગભીર—सं (भी બીવું.) ઊંડી ઓળાં પાણીવાળી.

દિલદરિયાવ—फा. (दिल મન, दरियाव મોટું, ઉમદા.) ઉમદા મનનો ઉદાર વૃત્તિનો. સમા૦ બહુ૦

વિક્રમ—सं. (वि + क्रम् જીતવું.) ઉજ્જનનો રાજા—સંવત શાકનો સ્થાપનાર. [ભર્તૃહરિ વૈરાગ પામી જતારહ્યા પછી તેની ગાદીએ જે બેસે તેને વૈતાળ (ભૂતની એક જાતિ) ખાઇ જતો. એ વાત વિક્રમે જાણી ત્યારે સાધારણ માણસને વેષે આવી તેણે પ્રધાનને કહ્યુ કે મને ગાદીએ બેસાડો, હું તે ચલાવીશ. પ્રધાને તેમ કર્યું; પછી સાંજસુધી રાજ ચલાવી પોતાના સૂવાના ઓરડામાં અન્નસાહિત્ય ભરાવી નાગી તલવારે રાજા જાગતો બેઠો. મધરાતે વૈતાળ ખાઉં ખાઉં કરતો આવ્યો. તેને રાજાએ કહ્યું કે આ અન્નસાહિત્ય ખાઇ પછી મને ખા. વૈતાળ તે ખાઇ તૃપ્ત થયો એટલે ચાલતો થયો; એમ રોજ થાય. એક દિવસ રાજાએ વૈતાળને કહ્યું કે મારા આવરદામાંથી પાંચ વરસ ઓછાં કર. વૈતાળ બોલ્યો કે એ કોઇના હાથમાં નથી. બીજે દિવસે રાજાએ અનાજ ન રાખ્યું તેથી વૈતાળ ક્રોધે ભરાયો. રાજાએ કહ્યું કે તારાથી આવરદા ઓછુંવત્તું થતું નથી તો તને ફોકટ અનાજ આપવાનું કારણ શું? ગમે તો જુદ્ધ કર. વૈતાળ બોલ્યો કે તારું ધીરજ જોઇ હું પ્રસન્ન થયો, કંઇ વર માગ. વિક્રમે માગ્યું કે યાદ કરુ ત્યારે તારે આવવું. તે કબૂલ કરી વૈતાળ ગયો.

એણે ઘણાં પરમારથ કીધાં છે, એ વિદ્વાને મોટો આશરો આપતો, એની સભામાં નવ મોટા પંડિત હતા—ધન્વંતરિ, ક્ષપણક, અમરસિંહ, શંકુ; વૈતાળભટ્ટ, ઘટકર્પર, કાળિદાસ, વરાહમિહિર અને વરરુચિ. એ નવરત્ન કેવાતાં. જ્યોતિર્વિદાભરણમાં લખેછે કે એ રાજાને ૮૦૦ મંડળિક રાજા, ૧૬ વાચાળ પંડિત, ૧૦ જ્યોતિષી, ૬ ગવૈયા અને ૧૬ વેદિયા હતા,

(છપ્પા ૪૫—૪૭).

એનું સેન અતિશે મોટું હતું. એણે ૬૫ શક-સ્કૂથી સરદારોનો પરાભવ કરી શકારિ નામ ધારણ કરયું. એ મોટો દાનેશ્વર હતો. ઇતિહાસોમાં લખેછે કે એને એના પિતાએ કંઇ મિલકત આપી હતી. અને એ કેટલોક કાળ પોતાના સાવકાભાઇ ભર્તૃહરિસાથ ઉજ્જનમાં રહ્યો હતો. એ ભાઇઓ વચ્ચે કંઇ વાંધો ઉઠવાથી વિક્રમે ઉજ્જન છોડયું. એ ઘણો કાળ સાધારણ સ્થિતિમાં ગુજરાત ને બીજાં રાજ્યોમાં રખડ્યો. જ્યારે ભર્તૃહરિ પોતાની સ્રીથી કંટાળી રાજપાટ છોડી ગયો ત્યારે વિક્રમ રાજા થયો. એનો શક શાલિવાહન આવતાંલગી એટલે ૧૩૫ વરસ સુધી હિંદુસ્થાનના ઘણાક ભાગોમાં ચાલ્યો, ને રજવાડા તથા ગુજરાતમાં તો હજી ચાલે છે --દક્ષિણમાં નથી ચાલતો.]

મોટમ મણા = મોટાઇ અને નવાઇ. ૨. મોટી નવાઇ, આશ્ચર્ય.

(૬) વૈતાળ વિક્રમ પાસે જાય-તેને વશ વર્ત્તે તેમાં શું મોટું આશ્ચર્ય? [મોટમ-નામ છે, અહિંયાં વિશેષણ જેવું લાગે છે; ને મણાનો આ અર્થ અસાધારણ છે.]

અલં૦ દ્દષ્ટાંતસાથે વ્યતિરેક, પૃચ્છા પણ.

૪૬. **દેવાંશી**—સં. (देव—दिव પ્રકાશવું; अंशी ભાગવાળું, अंश ભાગ. अंश ધા૦) દેવસરખું તેજસ્વી, સુંદર. સમા૦ બહુ૦

અમર--સં. (मृ ધા૦) કદી મરે નહિ એવું. સમા૦ નપ૦

અમરિતફળ—સં. (अमृतफल.) દેવોનું એક ફળ જે ખાધાથી મોત કે ઘડપણ ન આવે. સમા૦ મધ્ય૦ અથવા કર્મ૦

મળયાગર—સં. (૦રુ. मलय + अगरु.) મલબારમાં મલયપર્વતઉપર એક જાતનું હલકું સુગંધીવાળું ઝાડ થાયછે તે. સમા૦ સ૦.

કાષ્ટ—સં. (काश પ્રકાશવું.) લાકડું; ઝાડ.

સજ્જનસંગત—સં. (૦તિ. सत् સારૂ, जन માણસ--जन् પેદાથવું; सम સાગે, गम् જવું.) સારાં માણસની સોબત. સમા૦ તૃ૦, ષ૦

તુંબીસંગ—સં. (तुंव् હણવું-પિત્તને.) તુંબડું બાંધ્યાથી.

અલં૦ (૫) ઉપમા. આખો છપ્પો દ્દષ્ટાંતરૂપક હોઇશકે.

૪૭ **જોગી**—(જો૦ નીચે.) જોગ સાધનાર, વિરાગી.

જોગ—સં. (यो० युज् જોડવું.) પ્રાણવાયુનું રૂંધન કરી અંતઃકરણની એકાગ્રતા કરવી અને પછી જીવાત્માનું ને૦ પરમાત્માનું ઐક્ય કરવું તે. ૨. વિરાગીપણું.

વેષ—સં. (विष् વ્યાપવું.) કપડાંલત્તાંથી બહારનો દેખાવ, ભેખ; ઉપલો ઢોંગ.

(છપ્પા ૪૭--૪૯).

વૈરાગી—સં. (વિ૦ વિ વિનાના, રાગ સંસારી ભોગની ઇચ્છા रंज् મોહપામવું.) જેણે સંસારઉપરથી પ્રીતિ ઉઠાડીદીધી હોય તે, ત્યાગી. સમા૦ બહુ૦.

વાયા—(સં. वह् વેવું· પ્રે૦ ભે૦ वाहय् વેતું મૂકવું.) છેતરાયા, આડે રસ્તે ચડ્યા.

જંગમવરતિક—સં. (૦વૃત્તિક. गम् જવું; वृत् વર્તવું.) જંગમ-એક પંથના જોગી. એ શિવલિંગને પૂજેછે ને બ્રાહ્મણને ધિક્કારેછે.

જંગમવરતિક = એ પંથનો ભેખ ધરવો તે.

જટા—સં. (जट् ગુંચવાઇ જવું.) માથાઉપર ગુંથેલી લાંબી લટોનો ચૂડીઉતાર ઉભો આકાર તે, લાંબો ચોટલો. [જટા જંગોટા—એમાં જંગોટાનો કંઇ અર્થ ન હોય, એમ બેવડું બોલવાની એક રૂઢી છે--કપડાંલત્તાં, માલમતા, વાસણકૂસણ ઇ૦] [નકામું.

નરતા—સં. (૦સ. रस સત્વ, તત્વ.) જેમાં કંઇ માલ નહિ એવું, મિથ્યા,

મમતા—સં. (मम મારું ઉપરથી.) અહંભાવ, અભિમાન; સામી હોડ.

સાધન—સં. (साध् ધારેલો હેતુ પારપાડવો.) ઇશ્વરપ્રાપ્તિને અર્થે જપતપ ઇ૦; [ઇશ્વરને પામવાના ઉપાય.

શ્રેષ્ટ—સં. = ઉત્તમ, સૌથી સારું.

કષ્ટ—સં. (कष् પીડવું.) પીડા, દુઃખ.

રસના—સં. (रस स्વાદ લેવો.) જીભ

રટે—(સં. रट् બોલવું.) બોલે, જપે

અહોનિશ—સં. (अहर्निश.) રાતદાડો, નિરંતર, હમેશાં. સમા૦ દ્વ૦.

૪૮. **અધિપતિ**—સં. (आधि ઉપર, पति ધણી, पा રક્ષવું.) રાજા; સર્વોપરી.

સુરદાનવી—સં. (૦व. दनु દૈત્યોનો મૂળપુરુષ.) દેવ ને દૈત સૌજ.

વશવરતે = તાબે થઇરહે.

સકળ—સં. (कल ભાગ.) સઘળા.

(૧--૪) જે દાતાર છે. अलं૦ લાટા૦

૪૯. **જાગે**—(સં. जागृ જાગવું.) ઉત્પન્નથાય-લોભ.

ઘટે = નુકસાન પોંચે, ખલેલ પોંચે.

ભાર—સં. (भृ ભરવું.) વજન, આબરુ, માન.

શોભા—(સં. शुभ् શોભવું.) પ્રતિષ્ઠા, લાજ.

લક્ષણ—સં. (लक्ष् લેવું, ઓળખવું.) ચાલચલણ; સારું નામ.

અન્યાય—સં. (न्याय વાજબીપણું-नी દોરવું.) અનીતિ. સમા૦ નપ૦

અધર્મ—સં. (धृ ધરવું.) ગેરવાજબીપણું, અનીતિ, પાપ. સમા૦ નપ૦

(છપ્પા ૪૯—૫૨).

છાપ—ફા० (ચાપ) ઓળખવાનું ચિન્હ. ૨. કોઇ માણસને વિષે લોકનું મત, અહિંયાં—ખરાબમત, બદનામી.

કુળકર્મે—સં. =વંશને નસીબે-કપાળે-માથે ; કુળના લોકોને.

સનમાન માન—(જો૦ ૩૨.)

શૂળ—સં. (शूल તીવ્રવેદના.) અંદરનું દુઃખ, પીડારૂપ. [અહિંયાં, शल्य = સાલ, અથવા शूला = ફાંસી-નો અપભ્રંશ લેવાથી પણ અર્થ બેસે.]

[(૩) અન્યાય અને અધર્મ-બેઉનો અર્થ એકજ છે; ભેદ કરવો હોય તો, એક માણસના અને બીજો ઇશ્વરના સંબંધમાં વિશેષ વપરાયછે.]

૫૦. તજાવે—(સં. त्यज् છોડવું-પ્રે૦ ભેદે.) છોડાવે, ભાન ટાળે.

શાપ—સં. (शप સોગન લેવા.) તારૂં માઠું થજો—એવી ઇચ્છા, બદદુઆ.

શુદ્ધ—સં. (शुध् ચોકખું થવું નો ભૂ૦ કૃ૦.) પવિત્ર, પતિવ્રતા, સારીચાલની.

(૬) લોભનું આખર પરિણામ નરક.

અલં૦ સજીવારોપણ-વચમાં તૂટક.

૫૧. દૈવ—સં. = પ્રાણીની વર્ત્તણુક અને તેનાં સુખદુઃખ વિષે ઇશ્વરે આગળથી જે નક્કી કરેલું હોય તે, ભાગ્ય, નસીબ.

રૂઠે, ભવન—(જો૦ ૪૪.) [પાયમાલ કરીનાખે.

ભસ્મ—સં. (भस्म બાળવું.) રાખ, રાખોડો. કરીદે ભસ્મ = ધૂળમેળવીદે,

અગ્નિ—સં. (अग् જેતશથી હાલવું. પ્રકાશવું;) આગ, દેવતા.

લોભનો અગ્નિ = લોભ એજ કોઇ અગ્નિ અલં૦ રૂપક.

[ષષ્ઠિનો આ પ્રયાગ જાણવાજોગ છે—એ समानाधिकरण apposition નો અર્થ રાખે-છે ; સરખાવો a friend of him ; fire of anger ; ઇ૦]

જાણપણું—(સં. ज्ञान-ज्ञा જાણવું.) ડાપણ.

દીનપણું—(સં. दीन—दी ઘટીજવું-નો ભૂ૦ કૃ૦.) ગરીબાઇ, કંગાલિયત ; નિર્માલ્યપણું, માનહીન અવસ્થા, હલકા ગણાવું તે.

સંકટ—સં. (सम् ચોતરફથી, कट् ઘેરવું.) વિધ્ન, આફત, દુઃખ.

લોભે સંકટ શૂળછે=લોભથી આફત આવીપડે અને લોભ એક પીડારૂપછે.

હિત—સં. (धा રાખવું-નો ભૂ૦ કૃ૦) લાભ, ફાયદો.

૫૨. કુળવંતા—સં. (कुल ખાનદાની, वत् વાળા.) ખાનદાન, ઊંચકુળનાં માણસ.

હત્યા—સં. (हन् મારવું.) ધાત, પ્રાણીને મારીનાખવું તે. [ખૂન અને હત્યા-ખૂન એ રાજનીતિવિરૂદ્ધ ગુનોહ છે અને હત્યા એ ઇશ્વરની નીતિ-વિરુદ્ધ અપરાધ છે; વળી -ખૂન, એ ફક્ત માણસની ધાતને લાગુ પડેછે.]

(છપ્પા ૫૨—૫૫).

પણ = વળી, એઉપરાંત.
હીનતા--સં. (हीन નીચ-हा તજવું-નો ભૂ૦ કૃ૦) નીચપણું. [સ્ત્રી.
વિનતા—સં. (वि વિશેષે, नत નમેલી-नम् નો ભૂ૦ કૃ૦) નમ્રસ્વભાવની સ્ત્રી,

૫૩. **મરજાદ**—સં. (૦यादा) હદ-બોલવાચાલવામાં કે કામકરવામાં, વિવેક, અદબ.
જાય તણાઇ = હદબાર નિકળીજાય. ૨. ગણતીમાં નહિ રહે.
શમાવે—(સં. शम् શાંત પડવું—પ્રે૦ ભેદે.) મટાડે, ટાળે, નાશકરે.
ગરકમાં—અ૦ (गरक) ડૂબીગએલા, ડૂબેલા. ૨ હલકા. [પ્રત્યય અહિંયાં અમસ્તોજ પ્રાસને અર્થે જણાય-છે. જો૦ ૧. સત્યે, ૪૯. અધર્મે ઇ૦]

૫૪. **અરથી**—સં. (अर्थी. अर्थ હેતુ)હેતુ-ધારણા—મતલબવાળો,સ્વાર્થી,મતલબી.
પાણી—સં. (पानीय.) નામ, માન ને ટેક [જો૦ ૮—૧.]
પરિયા—સં. (पूर्वज) વડાવા, બાપદાદા, કુટુંબ.
કૂડા--સં. (૦ट જૂઠું, કપટભરેલું.) નઠારાં, પાપી, બીજાને દુઃખદાયક.
બેકે = અમર્યાદ-બેમુરજાદ થાય, છાકીજાય ત્યારે.
બોળે નામ=સારી આબરુ ધોઇનાખે-ગુમાવે.
લાંછન—સં. (लांछ-ડાઘવું.) ડાઘ, કલંક, બટ્ટો, બદનામી.
અવગુણ—સં. (अव ઉલટું.) દોષ, પાપ.
(૧) જગને નવ જુએ = દુનિયાને—દુનિયાના તિરસ્કારને ગણકારે નહિ.

૫૫. **ખાડ**—સં. (૦त-खन् ખોદવું-નો ભૂ૦ કૃ૦) ખાડી, ખાઇ, ખાડો.
પૂરી—સં. (૦र्ण—पॄ ભરવું--નો ભૂ૦ કૃ૦) પૂરેલી, ભરેલી.
હેમ—સં. = સુન્નું.
મેરુસમ—સં. = મેરુપર્વતજેવડો ઢગલો ; મેરુપર્વતમાં છે તેટલું ધન.
નીર—સં. = પાણી ; સાગર (લક્ષણા.)
અઘાત—સં. (૦गाध. गाध છેડો, તળિયું, गाह ડુબકી મારવી, गाध् શોધવું ?) અતિ ઊંડો. સમા૦ બહુ૦.
ગણ્યા—સં. (गणित-गण् ગણવું—નો ભૂ૦ કૃ૦) દુનિયાદારીમાં અનુભવી. [ભણ્યાગણ્યા સાથેંજ બોલાયછે.]
ભૂલ્યા—અવ્ય૦ = ભૂલખાઇને, ભોળવાઇને.
ભમ્યા—સં. (भ्रमित. भ्रम् ધા૦) ભટક્યા, આડાઅવળા રખડ્યા, ઠગાયા.
અરણવ—(જો૦ ૧૪.)
શમ્યા—(સં. शम् શાંત પડવું.) ડૂબ્યા,—ને જીતી શક્યા નહિ.
અલં૦ (૧-૩) રૂપક ; (૪-૫) અનુપ્રાસ ; (૬) રૂપક.

(છપ્પા ૫૬—૫૭).

૫૬. ગળે—(સં. गल् ગળવું, ખરીપડવું.) નબળા થૈજાય. ૨. ટપકે, વહે.
અંગ—સં. (अंग् જવું ; નિશાન કરવું) અવયવ, શરીરના ભાગ.
નાસા—સં. (नस् સુંઘવું.) નાક.
નેણાં—સં. (नयन. नी દોરવું.) આંખ.
પળે—(સં. पल धा०) પળિયાં આવે, નિમાળા ધોળા થાય.
મુંડ—સં. (मुड् બોડવું.) ટાલવાળું માથું, માથું-તિરસ્કારમાં, સિક્કોરો.
તુંડ—સં. (तुड् ભાંગવું, ચાવવું.) મોઢું, ચેરો, દાઢી. [મરાઠી- તોંડ.]
વિપરીત—સં. (वि ઘણું, परि ઉલટું, इत ગયલું—इનો ભૂ० કૃ०) ઉલટું, ઊંધું.
વેણાં—સં. (वचन. प्रा० वयण. वच् धा०) બોલ.
અસ્થિ—સં. = હાડકાં.
રુધિર—સં. (रुध् ટકાવવું.) લોહી.
ચરણે—સં. (चर् જવું.) પગે.
ધાતુ—સં. (धा પોષવું.) માણુસનાં શરીરમાં હાડ માંસ લોહી ચરબી વગેરેમાં એક ચીકણો બળ વધારનારો પદાર્થ, રેત, વીર્ય.
દ્વંસ—સં. (ध्वंस् धा०) નાશ.
કરણે—સં. (०र्ण. कर्ण् સાંભળવું.) કાન.
ઇંદ્રિયો—સં. =જે જે શક્તિવડે બારના પદાર્થનું જ્ઞાન થાયછે તે, અવયવ.

[એ બે પ્રકારની છે—જ્ઞાનેંદ્રિય અને કર્મેંદ્રિય. ચામડી, કાન, આંખ, જીભ અને નાક—એ જ્ઞાનેંદ્રિય; મોઢું, હાથ, પગ, ઝાડાની વાટ અને પિશાબની વાટ—એ કર્મેંદ્રિય.)

અડવડે—(સં. अट् રખડવું.) જથરપથર થાય, લથડે, શિથળ થાય, પોતપોતાનું કામ બરાબર ન કરીશકે.
આહાર—સં. (आ+हृ ખાવું.) ક્ષુધા, ભૂખ.
નિંદ્રા—સં. = ઊંઘ.
તૃષ્ણા—સં. (तृष् धा०) અતિશે ઇચ્છા કે આશા.
શતગુણી—સં. (०णित-गुण् ગુણવું નો ભૂ० કૃ०) સોગણી, ઘણીજ. અલં० (૧) યમક.

૫૭. ભોગ—સં. (भुज् લાવો લેવો.) સુખનો લાવો, વૈભવ, મોજ.
સાધે—(साध પૂરું કરવું.) સધાય, પ્રાપ્ત કરાય, મેળવાય, થાય.
ભાગ્ય—સં. (भाज् વેચી આપવું.) સુખપ્રાપ્તિ, ચડતી દશા. ૨. પૈસોટકો.
નિર્માલ્ય, ભારે— (જો० ૨. અને ૪૯.)

(છપ્પા ૫૭—૫૮).

ભિક્ષુક—सं. (भिक्ष ધા૦) ભીખારુ, માગણ.

ઓછું પાત્ર—(सं. पात्र-पा બચાવીરાખવું.) હલકું માણસ, નીચ બુદ્ધિનું માણસ—ઘણુંકરી જેના પેટમાં કંઇ વાત ન રહે એવું. [અધૂરો ઘડો છલકાય.]

વરણ--सं. (૦र्ण. वर्ण् રંગવું.) જાત.

તુચ્છ—सं. (तुच्छ પોલું; ફોતરું.) નિર્માલ્ય, હલકી.

ભૂંડું=નઠારું, નબળું, નીચું.

(૧) ભીખથી એમાંનો એકે હેતુ પાર ન પડે-નહિ સંસારી સુખનો લાવો જોઇએ તેવો લેવાય, નહિ વિરાગ સધાય. (૩) ભીખ શબ્દજ હલકો, તો એ વસ્તુ નીચ હલકી હોય તેમાં શી નવાઇ? [સંસ્કૃતમાં કઇવાર નામ એ શબ્દ અર્થમાં ઝાઝો વધારો ન કરતાં એક રૂઢીપ્રમાણે વપરાયછે, તેવો પ્રયોગ પણ અહિંયાં હોય.) (૪. ક) એવો ગણાય—હોય પણ ખરો. (૬) અલં૦ પૃચ્છા.

૫૮. **શુદ્ધ**—सं. (૦द्‌धि. शुध् સ્વચ્છ કરવું.) ચોકખું ભાન, ભાન, ઇંદ્રિયો ધુમ નહિ પણ જાગરુત હોય તેવી સ્થિતિ.

વિસારે—(सं. वि+स्मृ ભૂલવું-પ્રે૦ ભે૦ विस्मारय्.) વિસરાવે, ભુલાવે.

ગળું--सं. (गल. गल् ખાવું.) કંઠ. ૨. કંઠમાંથી નિકળતો અવાજ—સાદ(લક્ષણા.)

ગગગળું—सं. (૦गलित-गल् ખરવું-નો ભૂ૦ કૃ૦) કફ઼ ઘેરાયાથી ઘઘડો બોલતોહોય તેવું.

હળવા—सं. (लघुक નાનું.) ધીમા, આજીજીના, ખુશામતના. [लघुक પરથી હળવું; એવા ફેરફારને વર્ણવ્યત્યય-Transposition of letters કહેછે-જેમ उरस्—ઓસલો, बिडाल—બિલાડી, बदरी—બોરડી-ઇ૦]

શ્વાસઉશ્વાસ—सं. (૦उच्छ्‌वास-उत्+श्वास्, श्वस् દમલેવો.) દમ લેવો, અને મૂકવો તે. શ્વા૦ ભરેછે=દમ કેટલીક વાર રુંધીરાખી પછી જોરથી જાણે નિસાસો મૂકતોહોય તેમ તે દમને બાર કાડેછે.

[આ છપ્પામાં માગણની માગતી વખતની સ્થિતિને મરતી વખતની હાલત સાથે સરખાવેછે.]

(૨) મરવા પડેલું માણસ ભૂતભવિષનો વિચાર એકકાળે આવ્યાથી ગભરાઇ ઇશ્વરનું સમરણ કરેજ, અને માગણ તેમ કરે ભગવતીમાં ખપવાને. (૪) મરવા પડેલું માણસ દમરુંધાયાથી એમ કરેછે, અને માગણ એમ કરેછે દાતાના મોડામાંથી શું નિકળેછે તે સાંભળવા દમ રુંધીને..

(છપ્પા ૫૯—).

૫૯. **સત્ય**—सं. (अस् હોવું.) સાચવટ, પ્રમાણિકપણું, વચન પાળવુંજ એવો ટેક.

સુધન્વા—सं.-ચંપાવતીના રાજા હંસધ્વજનો પુત્ર. [એ મોટો વિષ્ણુ-ભક્ત હતો. એના પિતાએ પાંડવોનો યજ્ઞનો ઘોડો બાંધી નગરમાં દુવાઇ ફેરવી કે જે જુદ્ધને મોડો આવશે તેને રાજા ઉકળતાં તેલની કડાઇમાં લાખી તળી નાખશે. સુધન્વાની સ્ત્રી પ્રભાવતીએ તેને રોકેલો માટે તેનાથી મોડું જવાયું. રાજાએ સુધન્વાને તેલની કડાઇમાં નંખાવ્યો પણ તેને કંઇ આંચ આવી નહીં. તેલ ગરમ છે એની ખાત્રી કરવા પ્રધાને એક નાળિયર કડાઇમાં નાંખ્યું તે ફાટી તેના કપાળમાં વાગ્યું ને તે કડાઇમાં પડી બળીગયો.

વીર—सं. (वीर् બળવાન થવું.) ધીરજવાન માણસ.

તાતું—सं. (तप्त-तप् ધા૦નો ભૂ૦ કૃ૦) ગરમ, ઊનું, ઉકળતું.

તેલ તાતે તન ધરિયું=ઉકળતા તેલની કડાઇમાં પડ્યો. અલં૦ અનુ૦

મીરાં—એ મારવાડમાં મેડતા ગામના જેમલ રાઠોડની દીકરી ને મેવાડનો કુંભોરાણો જેણે સંવત ૧૪૭૫ થી તે ૧૫૨૫ સુધી રાજ કર્યું તેની સ્ત્રી. [એનો બાપ વિષ્ણુભક્ત હતો તેથી મીરાંનું ચિત્ત કૃષ્ણભક્તિમાં પોવાયું. એનો ધણી શિવભક્ત હતો તેથી તેને રાણીસાથે બન્યું નહીં ને તે જૂદી રહી. એ સાધુવેરાગીઓનો સમાગમ વધારે રાખતી. રાણાએ ક્રોધમાં એક દિવસ ઝેરનું પ્યાલું મીરાંને મોકલ્યું તે કૃષ્ણને બતાવી મીરાં પીગયાં ને એને કંઇજ થયું નહીં. એમ કેવાયછે કે રાણાની ઘણી કતરાજી જોઇ મીરાંએ મેવાડ છોડયું અને ગુજરાતમાં આવી દ્વારકા તથા ગોકુળમથુરાની જાત્રા કરી પાછાં દ્વારકાંમાં આવી રહ્યાં. એની ભક્તદાખલ પ્રસિદ્ધિ આખા હિંદુસ્તાનમાં છે. એની કવિતા હિંદીભાષામાં છે પણ તેમાંની કેટલીક ઘસાઇઘસાઇને ગુજરાતી થયલીછે. એની કવિતામાં ભક્તિભાવનો અંતર્પટ છે અને પ્રેમરસ બારપડતો છે; વળી વચમાં વચમાં વિરાગનો ભાસ પણ પડેછે. વાણી ઠરેલી, કોમળ, મધુર ને સુંદર છે. ગુજરાતીભાષામાં સ્ત્રીકવિમાં પેલી મીરાંબાઇજ છે. આ પુસ્તકમાં એનું કવન નહિ એ ખરે એક ખામી છે,પણ મારે જોઇએ તેવી એની કૃતિ હાલ ન મળી તેથી લાચાર થયો. પણ એ વિચાર વળી બીજે પ્રસંગે ઇશ્વરેચ્છા હશે તો.]

ઠરિયું=થઇગયું. (સં. સ્થિર દ્દઢ-ઉપરથી ?) સમા૦ દ્વિ૦

સતવાદી—सं. (सत्य० वद् બોલવું.) સાચું બોલનાર, એકવચની, ટેકી.

તર્યું—(સં. तॄ ધા૦)-નો જય થયો.

(છપ્પા ૫૯—૬૨).

ફળ્યાં—(सं. फल् ફળવું.) આવ્યાં, લાગ્યાં, નિપજ્યાં.

(૨-૪ ખ) પાતાળે રાજ્ય કીધું અને ઝેર હતું તે અમરત થઇગયું, એ કંઇ દુ:ખ નહીં; દુ:ખ એટલું કે પગે ચંપાઇ પાતાળે ગયો, અને પેલાંથી ઝેર પીવુંપડયું. (૪-૬) વિષનું અમૃત; સુખનાં ફળ—વિષ એજ અમૃત થઇ ગયું; સુખ એજ ફળ સત્યરૂપી ઝાડનાં, જો૦ ૫૧—લોભનો અગ્નિ.

૬૦. જાર—(જો૦ ૩૪.)

દંડ—સં. (दंड् ધા૦) શિક્ષા, સજા.

સાહુ—સં. (साधु. प्रा० साहु.) ધર્મી-ડાહ્યો માણસ. ૨. શેઠિયો.

નામ લેશે = નુકસાન-હેરાન કરશે.

ઢૂંકડું—(સં. ठौक् પાસે જવું.) પાસે, નજીક. [જોઇને ફળ આપનારો.

સાખિયો—સં. (साक्षी. स સાથે, अक्षि આંખ.) શાહેદી, નજરે જોનાર;

(૬-ખ) ભૂપ ભલાએ ભાખિયો=મોટા ડાહ્યા માણસોએ કહ્યો—ગણ્યોછે. અલં૦ લાટા૦

૬૧. પાખંડી—સં. (पाखंड.) દંભી, ઢોંગી, જૂઠો.

ચપટ—ચ્પટ (चप् દળવું.) ડબાઇગયલું હોય તેવું; ભારે નુકસાન.

કૂડ—સં. (૦ટ ફોયડો. कुट् ઠગવું.) આંટી, મેલ, કપટ.

(૧) અલં૦ અનુ૦ (૩) કપટી લાંબોછટ થઇજાય-છેક પાયમાલ થઇજાય, અને કપટી કદી તરે નહિ-કૂડના વેપારમાં આખર હેવાળું. [કૂડકપટ-સાથેજ બોલાયછે].

૬૨. જટા—(જોવું-૪૭.)

ધરે—(धृ ધા૦) રાખેછે.

વડવૃક્ષ—સં. (वट० वृक्ष् ઢાંકવું, આચ્છાદન કરવું.) વડનું ઝાડ, સમા૦ કર્મ૦

પતંગ—સં. (पत् પડવું.) એક જાતનો સુંદર પાંખવાળો કીડો—એ દીવામાં

નિજ—સં. = પોતાની. [ઝંપલાવી જીવ ખોયછે.

જળચર—સં. (चर् ફરવું.) પાણીમાં વસનારાં પ્રાણી. સમા૦ સં૦.

ધાયા—(સં. धाव् દોડવું.) દોડ્યા—દોડેછે, તૈયાર થઇજાયછે, હમેશા

ગાડર = ઘેટાં, મેંઢાં. [તૈયાર હોયછે.

શીશ—સં. (૦र्ष.) માથું.

અજા—સં. = બોકડી.

ગર્ધવ—સં. (૦र्दभ. गर्द् બરાડવું.) ગધેડો.

શુક—સં. = પોપટ.

(છપ્પા ૬૨-૬૩).

માનુની—સં. (मानि० मान પ્રતિષ્ઠા, આબરૂ.) માનવતી સ્ત્રી, સ્ત્રી; માદા; સ્ત્રીસંગ. [માન = પ્રિય-પ્રિયાનું રિસાવવું તે. આ અર્થ મૂળ માનિની શબ્દમાં છે-માન ધરવાવાળી સ્ત્રી. માન બે પ્રકારનું—લઘુમાન= થોડી રીસ, અને ગુરુમાન=ઘણીરીસ. નાયિકાએ માન ધર્યું, એમ કેવાયછે.]

શ્વાન—સં. = કુતરો.

સકળ—સં. (स સાથે, कल ભાગ.) સઘળા.

[(૫) મોરને વિષે કેવાયછે કે ચોમાસામાં મેઘઘટા થઇઆવે ત્યારે એ ટેહુ ટેહુ બોલી કળા કરી નાચેછે, તે વખત એની આંખમાંથી આંશુનાં ટીપાં પડે તે ઢેલ-મોરની માદા ઝીલી કે વણીલઇ ભક્ષણ કરેછે ને તેથી તેને ગર્ભ રેછે. (૫-ખ.) પરમહંસદીક્ષા રાખેછે.]

છપ્પા ૬૨-૩-૪ માં ઇશ્વરપ્રાપ્તિના જૂદા જૂદા માર્ગ બતાવી ખરા ભાવવિના તે મિથ્યા છે એમ કહ્યુંછે.

અલં० દૃષ્ટાંતરૂપક.

૬૩. **વાગોળ**—સં. (वल्गुला. वल्ग् ઠેકડે ચાલવું.) એક પક્ષી છે. [એ પક્ષી વડ પીપળા વગેરે મોટાં ઝાડો પર દિવસે ઉંધે માથે લટકીરેછે, ને દીવાથતે ઉડવામાંડેછે. એ બીજાં પક્ષીની માફક ઇંડા મૂકતું નથી, પણ ઉંદર વગેરેની પેઠે એને બચ્ચાં આવેછે.]

ન્યાળે-નિહાળે—(સં. नि+माल् જોવું.) જુએછે.

આસન—સં. (आस् બેસવું.) ધ્યાન ધરવાને બેસવા કે ઊભુંરેવા

દૃઢ—સં. (दह् નો ભૂ० કૃ०) અચળ, સ્થિર. [સૂવા વગેરેની જે રીત તે.

છપીને = છપીને, સંતાઇને.

નોળીકર્મ—સં. (नकुल નોળિયો-ઉપરથી.) યોગમાર્ગની એક ક્રિયા છે-નાકે પાણી પીવું વગેરે.

ગજરાજ—સં. (गज् ચીસ પાડવી; राज् શોભવું.) મોટો હાથી, હાથી.

ભક્ષ—સં. (भक्ष् ધા०) ખોરાક, ખાવાનું.

ફળપત્ર—સં. = ફળપાંદડાં, ઝાડપાલો. સમા० દ્વંદ્વ.

કપિ—સં. (कप् ધ્રૂજવું.) વાંદરો.

અનુભવ—સં. (अनु+भू ધા०.) જાતે અજમાવી મેળવેલું-ખરું જ્ઞાન.

સેહેજ—સં. (सहज. सह સાથે, ज ઉપજેલું.) સુલભ, સેલું. [જો० ૩૩.]

ભાવના સં. = કલ્પના, ધારણા. ૨. કરેલાં કર્મોનું મનમાં ઊગીઆવવું તે.

ભંગ—સં. (भंज् ભાંગવું.) નાશ, ટળવું તે.

(છપ્પા ૬૩—૬૪).

મનસા—સં. (मनस् મન. मन् ધારવું.) મનવડે, મનથી, મનમાં.
સિદ્ધ—સં. (सिध् પારપાડવું-નો ભૂ૦ કૃ૦) તૈયાર, નક્કી થયલું-ઇશ્વરના સ્વરૂપવિષે, શુદ્ધ જ્ઞાનવાળું.

(૫) ખરાં જ્ઞાનવના પરમેશ્વર મળતો નથી, અને જોઇયે તો ઉપાય સેલ છે, તે એકે મનની વાસના-કલ્પના-ઇચ્છાનો નાશ કરવો.

(૬) મનસા-મન જેનું શુદ્ધજ્ઞાનવાળું છે તેને કોઇ બારની ક્રિયાનું અગત્ય નથી. અથવા, મનસા-મનથી જેણે ઇશ્વરનું ખરું સ્વરૂપ જાણ્યુંછે તેને ઇ૦ [મન ગંગા તો કથરોટમાં ગંગા.]

અલં૦ દૃષ્ટાંતરૂપક.

૬૪. **સિદ્ધ**—સં. (જો૦ ૬૩. અને ૧૧.) સાધુને વેષે ફરનારો માણસ.
માયા—સં. (मा માપવું.) લાલચ, લોભ, લલુતા.
વેશ વરતી—(સં. विश પેસવું; वृत् હોવું) ભેખ રાખીને-ધારણકરીને.
લક્ષણો—સં. (लक्ष् ઓળખવું.) ચિન્હ, નિશાની, આચરણ. ૨. મરમ, ભેદ.
લેશ—સં. (लिश् ઘટવું.) લગાર પણ.
લેતા—(સં. लक्ष જોવું, જાણવું.) સમજતા.
વિશ્વંભર—સં. (विश् વ્યાપવું; भृ પોષવું.) જગતને પાળનાર, ઇશ્વર.

સમા૦ દ્વિ૦ [સમાસમાં સંસ્કૃત વિભક્તિનો પ્રત્યય કોઇ કોઇ વેળા રેછે—ભયંકર, સહસાકૃત, પરસ્મૈપદ, પશ્ચાત્તાપ, દિવસ્પતિ, ખેચર ઇ૦]

ભામની—સં. (જો૦ ૩૮.)
ભજી—(સં. भज् મોવું, ચાકરી કરવી.) ગમી, વાલી લાગી, મોહ રહ્યા.

(પરોઢિયું ૧—૬.)

૧-૨. **ઉદ્યોગી**—सं. (उत्+युज् યત્ન કરવું.) રોજગારી, ધંધાદાર.
શ્રુતિ સં. = વેદ. (श्रु સાંભળવું. જો૦ નર૦ પદ ૭-૩.)
ઉચ્ચારે—सं. (उच्चार બોલવું તે.) ઉપદેશથી, બોધ સાંભળીને.
મુમુક્ષુ—सं. (मुच् છોડવવું-નો ઇચ્છાર્થક.) મોક્ષની ઇચ્છા રાખનાર માણસ.
ઉતારે—(सं. उत् + तॄ પ્રે૦ ભેદે उत्तारय् પાર મોકલવું.) કાઢે, ટાળે, તજે.
સિતારો—फा. = તારો, ગ્રહ. [સરખાવો सं. तारक; इं. स्टार.]
સંધિ—सं. (सम् સાથે धा મૂકવું.) સલાહ-રાત ને દિવસવચ્ચે-ચંદ્ર અને
વિગ્રહ—सं. (विग्रह પાસે જવું.) સલાહનું કેણ. [સૂરજવચ્ચે.
અલં૦ ઉત્પ્રેક્ષારૂપક.

૩. **કુરાજ્ય**—सं. (राज् દીપવું.) નઠારૂં-જુલમી રાજ. समा० કર્મ૦
જંપે = ઠરીને-સુખ ચેનમાં બેસે.
અલં૦ ઉપમા.

૪-૬. **નિશાસુંદરી**—सं. (निश् ધ્યાન ધરવું.) રાત એજ કોઇ રૂપાળી સુઘડ સ્ત્રી. समा० કર્મ૦; અલં૦ રૂપક.
ધરાવે—(सं. धृ ધા૦) રાખેછે, આણેછે. [રાજ ગયું માટે.
ધરાવે નિજ નેણ નીર = પોતાની આંખમાં આંશુ આણેછે-ચંદ્રપતિનું
કુર્કટ—सं. (कुक्कुट) મરઘા. [આ અનુકરણધ્વનિ Imitative Sound છે.]
સર્વત્ર—सं. = સઘળી જગાએ.
સંચરેછે—(सं. चर् જવું.) પ્રવેશ કરેછે, પસરીરેછે; સંભળાયછે.
રવિરાય—सं. (०राज. रु સ્તુતિ કરવી; राज् પ્રકાશવું.) સૂરજરાજા. समा० કર્મ૦. અલં૦ રૂપક. જો૦ શામ૦ ૪૫—વનરાય.]
છડીદાર = અધિકારીની આગળ છડી-દંડ ઝાલી ચાલનાર અને નેકી પોકારનાર, ચોપદાર.
ચોઘડીયાં—सं. (चतुर्घटिक) ચારચાર ઘડીયે મોટાં દેવસ્થાનમાં રાજમંદિર-માં કે લગનપ્રસંગે માંડવામાં કંઇ વાજિત્ર વગાડવામાં આવેછે તે.
નોબત—अ० = મોટું નગારૂં.
અલં૦ ઉત્પ્રેક્ષારૂપક.

(પરો૦ ૭—૧૦; પ્રભાત. ૧ -૩.)

૭-૮. ઘોષ—સં. (घुष પોકારવું.) ઘોર, શોર.
પ્રમાણો—(સં. प्रमाण આધાર ઉપરથી प्रमाणय આધાર ગણવો.) ખરેકરી માનો, જાણો, ગણો.
દળાય—(સં. दल કચરવું.) આટો થાય. ૨. આટોકૂટો થેજાય, અફળાઇ-કુટાઇને નહિશા થઇજાય.
મહી—સં. (मथित. मथ् વલોવવું-નો ભૂ૦ કૃ૦) દહીં. [પાળનારી.
મહિયારીનારી—સં. (मथितकारी० જો૦ ઉપર) દહીં વેચનારી, ગાયભેંસ
સુજ્ઞ—સં. (ज्ञा જાણવું.) સુજાણ, ડાયા, વિવેકી માણસો.
શાસ્ત્રબોધ—સં. (शास् હદમાં રાખવું; बुध् જાણવું-પ્રે૦ ભેદે.) શાસ્ત્રવડે થયલો ઉપદેશ સમા૦ તૃ૦
સારશોધ—સં. (सृ નિકળવું; शुध् ચોકખું કરવું.) શોધેલો-ઘણી ચોકસીથી કાડેલો સાર-ખરી વસ્તુ; શુદ્ધ સાર.
અલં૦ ઉપમા.

૯-૧૦. સીમા—સં. (सि બાંધવું, હદ કરવી.) સીમ, સીમાડો.
કરાળ—સં. = ડરામણા, ભય ઉપજાવે એવા.
નિશાની—સં. (જો૦. ૪.) રાતની.
ચમૂ—સં. (चम् નાશ કરવો.) લશ્કર, ફોજ. [ચિબરી વગેરે.
નિ૦ ચ૦ = રાતનું લશ્કર, નિશાચરો-રાતે ફરનારાં પ્રાણીઓ-ઘુવડ
જશ—સં. (यशस्. शंस् ધા૦) વખાણ, આબરુ, કીર્તિ.
ગુણ—સં. (गुण् તેડવું, લોભાવવું.) સારાં લક્ષણ-આચરણ. ૨. વખાણ.
અલં૦ ઉત્પ્રેક્ષારૂપક.

પ્રભાત.

પ્રભાત—સં. (भा પ્રકાશવું.) સૂરજ ઉગતાં પેલાં ઝળઝળું થવા માંડેછે ત્યારથી તે સૂરજ ઉગતાસુધીનો કાળ.

૧-૪. નિધિ—સં. (नि + धा એકઠું કરવું.) ભંડાર પાણીનો-દરિયો.
સર્વઘાટ—દરિયાપર આવવાજવાના સઘળા ઓવારાપર, ચોંપાસ.
પુત્ર—સં. = છોકરો, દરિયાનો છોકરો ચંદ્ર [જો૦ શામ૦ ૨૭, ૮-હાળાહળ.]
ગાંધર્વ—સં. (गं० गंध અભિમાન.) સ્વર્ગના ગવૈયા.
સ્તુતિ—સં. (स्तु ધા૦) વખાણ, ગુણ ગાવા તે.
માહાત્મ્ય—સં. (महत् મોટું ઉપરથી.) મોટમ; મોટપણ, પ્રતાપ.

(પ્રભાત ૩—૯.)

જાગે—(સં. जागृ જાગવું.) થાય.
સમીપે—સં. = પાસે.
અંચળ—સં (अंचू બોલવું.) છેડો, પદર, વસ્ત્ર. (લક્ષણા.)
નૃપ—સં૦ (नृ માણસો, पा રક્ષવું.) રાજા. બે નૃપ-ચંદ્ર અને સૂરજ.
(૨.) ગુણગાન ગાય = ગુણગાન કરે, ગુણ ગાય. [અધિકપદદોષ Pleonasm. જો૦ પ્રેમા૦ નાગ૦ ૪- ટોળે મળ્યાં ગોપીનાં વૃંદ.]
અલં૦ ઉત્પ્રેક્ષારૂપક.

૫-૬. કુભાર્યા—સં. (भृ પોષવું.) કુભારજા, નઠારી બૈરી. સમા૦ કર્મ૦
રૂઠી—સં. (रुष्ट–रुष् ધા૦ નો ભૂ૦ કૃ૦.) ગુસ્સે થયલી, કોપાયમાન, ચિડવાયલી.
બંડખોર—फा० હુલ્લડી લોક, ફિસાદ-બલવો કરનાર.
નઠોર—સં. (निष्ठुर.) નિર્લજ્જ, નફ્ફટ.
પ્રેમવાણી—સં. (प्री આનંદ પમાડવું; वन् બોલવું.) મીઠા બોલ. સમા૦મધ્ય૦
જોગ—સં. (यो० युज् જોડવું.) જોગવાઇ, બનાવ. ૨. દાખલો.
જડેછે = મળેછે, દીઠામાં આવેછે.
સુજાણ—સં. (०ज्ञान. ज्ञा જાણવું.) બુદ્ધિમાન ડાયાં માણસ.
સંપી = સંપે રહિને. ૨. એકમત—સમાધાનીથી રેનાર માણસો.
અલં૦ દૃષ્ટાંત-ઉપમા.

૭-૯. સિંચાય—સં. (सिच्–सिंच् ધા૦) છંટાવાલાગ્યા.
પુરી—સં. (पृ ભરવું.) શેહેર.
ગરદી—फा० (गर्द.) ધૂળ.
રવિદૂત—સં. (रु વખાણવું; दु જવું-પ્રે૦ ભેદે ભૂ૦ કૃ૦) સૂરજના જાસૂસો.
[કિરણ કે દિવસે ફરતાં પ્રાણીઓ—નિશાચરથી ઉલટાં?]
નાયક—સં. (नी દોરવવું.) દોરવનાર, સિપાઇઓનો ઉપરી.
દેવાલય—સં. (देव–दिव् પ્રકાશવું; आलय ઘર.) દેવસ્થાન, દેરાં. સમા૦ચ૦
રાજ્યદ્વારે—સં. (राज् શોભવું; द्वृ ઢાંકવું.) મેલને દરવાજે, દેવડીપર.
અવારે = આ વખત.
શુણીને—(સં. श्रु ધા૦) સાંભળીને. [જીત થયાની.
વધાઇ—(સં. वृध् વધવું, આબાદ થવું.) આબાદીની ખુશખબર-સૂરજની
સજાઇ—(સં. सज्ज તૈયાર, सस्ज ધા૦) તૈયારી.
અલં૦ ઉત્પ્રેક્ષારૂપક.

(પ્રભાત ૧૦—૧૩ ; શરદ૦ ૧—૧.)

૧૦. **પુરદુર્ગદ્વાર**—સં. (पॄ ભરવું ; दुर् મુશ્કેલીથી, गम् જવું; द्वृ ઢાંકવું.) શેહેરને ફરતા કોટના દરવાજા, ભાગળો. समा० स० ; ५०.
પ્રવાસિયો—સં. (प्र બાર, वासी રેનાર, वस् धा०) મુસાફરો.
પંથ—સં. (पथ ; पथिन्) રસ્તે.
પળે—(સં. पल् જવું.) જાયછે, જવાલાગ્યા. [ते. समा० स०
જઠરાગ્નિવાસ—સં. (जठर પેટ.) પેટમાંહેલા અગ્નિ-ગરમીમાં-ગર્ભમાં રેવું જઠરાગ્નિવાસ છૂટે = ગર્ભસ્થાનથી બાર આવે-જનમે એટલે પછી.
[સતિ સપ્તમી. પણ ગુજરાતીમાં—વાસ એ કે૦ પ્ર૦ Nom. abs.]
વિલાસ—સં. (लस् ખેલવું.) મોજમઝા, મોકળે મને માલવું તે.
અલં૦ ઉપમા.

૧૧. **અનેકરસ્તે**—(अनेक. सं.; रस्ता. फा.—सं. रथ्या.) ઘણે-જૂદે જૂદે રસ્તે થઇ.
પ્રવાહ—સં. (प्र જોરથી, આગળ, वह् વેવું.) વોહ, રેલા.
પેર—સં. (प्रकार) રીતે, પેઠે, માફક.
સમસ્તે—અવ્ય૦. સં. (सम् સાથે, સધળે, अस्त રહેલા.) સઘળે, ચારેતરફ.
હિમ—સં. = બરફ.
અલં૦ ઉત્પ્રેક્ષારૂપક.

૧૨-૩. **વહે**—(સં. वह् धा०) ધસીજાય, ચાલ્યોજાયછે.
શનિ—સં. (शनैः ધીમે ધીમે-ગતિ કરે.) નવગ્રહમાંનો એક.
વક્ર—સં (०क्री. वक्र् વાંકાં થવું.) વાંકો, વાંકી-ઉલટી ગતિએ જનાર.
થાકી રહે = થાકીને બેસવું-મુકામ કરવોપડે. [જોઇને.
મુઝાય = અકળાય, ગભરાય-પોતાની પાછળનાને આગળ વધીજતા
સિદ્ધ—સં.(सिध् હેતુ પારપાડવો.) ફતેહ, કામ પારપાડવું તે.

૧૨-૨ શનિગ્રહ આગળ ચાલતોહોય અને પૃથ્વીની ગતિ શનિકરતાં વધારે હોવાથી તે શનિની આગળ નિકળીજાય, તેથી શનિ પાછો ચાલતોહોય એમ જણાય છે. એવું થાય ત્યારે શનિ વક્રી થયો કેવાયછે.

અલં૦ ઉપમા.

શરદઋતુમાંથી.

૧. **શરદરુતુ**—સં. (જો૦ વર્ષાકાળ-પ્રેમા૦અધ્યા૦ ૨૦—૧.) समा० कर्म० [कर्म०
સ્વચ્છ—સં. (सु ઘણું, अच्छ સાફ.) નિર્મળ, ચોકખું, વાદળાંવનાનું. समा०
દરપણ—સં. (०र्पण. दृप् અભિમાન ધરવું.) આરસી. [માણસને આરસીમાં જોતાં એક તરેહનું અભિમાન થાયછે.]

(શરદ૦ ૧. ૧—૪.)

શુભ—અવ્ય૦ સં (शुभ શોભવું.) સારીપઠે, સાફકરીને.
ઓપે = સાફ ચળકતું દેખાય.
બિંબ—સં. = આકાશમાં સૂરજ ચંદ્ર વગેરેનું ગોળાકાર દેખાવું તે.
ચારુ—સં. = સારું, શોભિતું.
અમળ—સં. (मल મેલ.) સ્વચ્છ, સાફ. સમા૦ બહુ૦
અલં૦ ઉપમા.

૨. સરસવદન—સં. (स સાથે, रस પ્રવાહી-લેજત; वद् બોલવું.) રસીલું—મોહ ઉપજાવતું મોઢું. સમા૦ કર્મ૦. સરસ—સમા૦ બહુ૦.
રજનીતરુણી—સં. (रंज़ મોજમાણવી,ચાવું; तॄ ઓળંગવું.) રાત એજ કોઇ જુવાન સ્ત્રી. સમા૦. કર્મ૦; અલં૦ રૂપક—સજીવારોપણ.
અલં૦ (૨) ઉપમા; રાત્રિરાણી—રૂપક; (૪) ઉત્પ્રેક્ષારૂપક. [તરફ.

૩. શશિસનમુખ—સં. (०सम्मुख. शश સસલું-ચંદ્રમાં એવો આકાર છે.) ચંદ્ર-
ચાહીચાહી—फा. = અતિ આતુર બની, ઉમળકાથી.
ચકોરી—સં. = ચકોર પક્ષીની માદા. [જો૦ ગિર૦ અ૦ ૩૩-૨૩.]
પ્રભુપદપર—સં. (प्र ચડિયાતું भू થવું; पद् જવું.) ઇશ્વરના પગઉપર, ઇશ્વરપર (લક્ષણા.)
પ્રેમી—સં. (प्री ખુશ કરવું.) ઇશ્વરપર પ્રેમ આણનાર, ભક્ત.
અવર—સં. = બીજું.
મિથ્યા—સં. (मिथ् હણવું.) ખોટું, જૂઠું, છેછે ને નહિ એવું.
(૨) પ્રેમની દોરી—પ્રેમ એજ દોરી. જો૦ ગિર૦ અધ્યાય૦ ૩૩-૨૪.
અલં ઉત્પ્રેક્ષારૂપક.

૪. કુમુદની—સં. (०दिनी. कु પૃથ્વી, मुद् આનંદ પામવું.) કમળની એક જાત,
દિવસપતિ—સં. (दिव् પ્રકાશવું; पा રક્ષવું.) સૂરજને. [પોયણાં.
લળેછે— (સં. लल् લાડ લડાવવું.) નીચું વળેછે, નમીજાયછે. [આ શબ્દનો સાધારણ અર્થ—ઉમળકામાં આવીજઇ નીચે ઝુકવું; તેમજ નિહાળવું-એમાંપણ પ્રેમથકી જોવાનો ભાવ હોવોજોઇએ.]
પરમપુનિત—સં. (पू પવિત્ર કરવું.) ઘણું પવિત્ર માણસ, ખરોભક્ત.
૨. અંતઃકરણના પ્રેમવાળો. સમા૦ કર્મ.
અલં૦ દષ્ટાંત—ઉપમા.
[ચંદ્ર ઊગે કુમુદની અને સૂરજ ઊગે કમળ ખિલેછે, એ લોકપ્રસિદ્ધિ.

(શરદ઼૦ ૧ ૪—૬; ૨. ૧—)

અલંકારમાં મુકાબલો એક વાતમાં હોય; ચંદ્ર ઢોંગી અને સૂરજ પરમ-પુનિત-એમ કેવાનો ભાવ નથી; ખિલેછે અને લળેછે એટલું કેવાનો હેતુ.]

૫. કુમુદ—(જો૦ ઉપર-કુમુદની.)
સ્વભાવ—सं. (स्व કુદરતી, भाव મનનું વળણ, भू થવું.) પ્રકૃતિ, સોબતથી આવેલી નહિ પણ મૂળનીજ વૃત્તિ. समा० કર્મ.
વિબુધજન—सं. (वि વિશેષે, बुध् જાણવું; जन् પેદાથવું.) ઘણા બુદ્ધિમાન લોકો. समा० કર્મ૦
વિલોકો—(सं. वि વિશેષે, लोक् જોવું.) તપાસીને-ખંતથી જુઓ
ઈશ્વરી બનાવ - કુદરતનો ધારો.

(૧–૨) કુમુદકમળ-શશિરવિ, એ અનુક્રમે લેવાં. (૪ ક) એકજ માથકી ઉપજેલાં-પૃથ્વીમાંથી ઉગેલાં; જનની=મા. (जन् પેદાથવું.)

૬. **વિમળ**—सं. (वि વિના, मल મેલ) અમળ, સ્વચ્છ, સાફ. समा० બહુ૦
આજ—અવ્ય૦ सं. (अद्य) આજે; હવે આ દિવસોમાં
આકાશગંગા—सं. (आ ચોતરફ, काश् પ્રકાશવું; गम् જવું.) આકાશમાં રાતે જે લાંબો સફેદ ચળકતો લીસોટો પડેલો દેખાયછે તે. समा० સ૦
[દુરબીન મારફતે જોવાથી માલમપડેછે કે એ લીસોટો ઝીણાઝીણા ઘણા તારાઓનાં એકઠાં મળતાં તેજથી થયલો છે. જો૦ (૩–૪).]
નભ—सं. = આકાશે.
મકરરાશીમધ્યભાગપ્રસંગા—सं. (मकर મગર; भाग-भंज् ભાંગવું; संज् અડકવું.) મકરરાશીના મધ્યભાગના સંબંધમાં આવનારી-મધ્યે થઇને જનારી. समा० બહુ૦ [નક્ષત્રનાં બાર ચક્ર ગણાયછે—મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ ને મીન.]
પ્રભાયે—सं. (प्रभा, भा પ્રકાશવું.) તેજ, ચળકાટ.
વિગતિ—सं. (वि વિશેષે, गम् જવું.) બીના, બાબત, ખરી હકીગત.
દુર્બિન—फा. (दूरबीन. दूर આઘે, बीन् જો.) આઘેની ચીજ પાસે દેખાય તેવા કાચનો યંત્ર. [बीन् એ दीदन् ધાતુનું એક અનિયમિત રૂપ છે.]
" પૂર્વાર્ધખગોળ અને ઉત્તરાર્ધખગોળની હદમાં તે બંનેને જુદા પાડનારી આકાશગંગા છે; તે મકરરાશીમાં થઇને મિથુન અને કર્કરાશીની વચ્ચે નિકળેછે."

૧. **વેગ**—सं. (विज् ધ્રુજવું) ચાલ, દોડ, ઝડપ. [समा० બહુ૦
ગતજુવાની—વિ૦ सं. (०यौवन.) જુવાની જેની વીતીગઇ એવો, ઘરડો.

(શાર્દુ૦ ૨. ૧—૪.)

શાંત—સં. (शम् ધા૦ નો ભૂ૦ કૃ૦) જુસ્સા નરમ પડેલા એવો, થંડો, સ્થિર.
તટસમીપ—સં. (तट् ઊંચાં થવું.) કિનારાપાસે—કાંઠાપર આવેલાં.
નિર્ભયે—સં. (૦ય निर् વિનાના, भय-भी બીવું.) બીકવગરનાં. સમા૦ બહુ૦
(૧) નદીજળ—કે૦ પ્ર૦ Nom. abs.
અલં૦ ઉપમા, ૧—૫ સુધી.

૨. **સરિત સર**—સં. (सृ વેવું.) નદી અને સરોવર.
ભાવ—સં. (भू થવું.) વૃત્તિ; આસ્થા; રુચિ, ઇચ્છા.
પ્રગટ—સં. (૦कट. प्र આગળ, कट् જવું, નિકળવું.) ખુલ્લું, ઉઘાડું.
સ્વચ્છતાયુકત—સં. (सु સારીરીતે, अच्छ સાફ; युज् જોડવું-નો ભૂ૦ કૃ૦) નિર્મળતાવાળાં, ચોકખાં પાણીવાળાં. સમા૦ તૃ૦

૩. **ભ્રમર**—સં. (भ्रम् ભટકવું-ફુલસુગંધીપર.) ભમરા.
કંજ—સં. (क સુખ, जन् પ્રે૦ ભેદે-પેદાકરવું, આપવું.) કમળ. સમા૦ દ્વિ૦.
[વિભક્તિનો પ્રત્યય કાયમ છે.] [તજી સાર લેછે.
ગુણ—સં. (गुण લલચાવવું.) ફાયદો, સાર. ગુણ ગ્રહણકરેછે = અસાર
ગ્રાહક—સં. (ग्रह् લેવું.) ઘરાક; કદર જાણનાર, ગુણની પૂજ કરનાર.
સુજ્ઞ—સં (सु સારીરીતે, ज्ञा જાણવું.) સુજાણ, ડાયા, વિવેકી.
જેવા—અવ્ય૦ = જેમ. [જો ૮. એવા = એમ, એવી રીતે.]
રવ—સં. (रु ધા૦) ગણગણવું, ગુંજાર.
અંગે—સં. (अग જવું.) શરીરે, દિલમાં, મનમાં (લક્ષણા.)
કીર્તિ—સં. (कृत् વખાણ કરવાં.) સ્તુતિ, વખાણ.
પ્રસંગે—સં. (संज् અડકવું.) યોગ્ય કાળે, જોગવાઇ આવેથી, ઘટતી જગાએ ઘટતા બનાવપર.

૫. **લહેર**—સં. (लहरी મોજાં.) ધીમેધીમે ધ્રુજતી આવતી પવનની લપટ, પવનનું મંદમંદ વાવું.
પદ્મ—સં. (पद् જવું.) કમળ.
વ્રંદ—સં. (वृंद) સમૂહ, જથો.
સુરસ કેલી—સં. (रस લેજત, रस् ધા૦; क्रिल् ખેલવું.) હૈડું પિગળાવી આનંદ પમાડે એવી રમત-ખેલ-ક્રીડા-લીલા-હાવભાવ વગેરેની શોભા.
અપસરા—સં. (अप्सरस्. अप् પાણી, सृ સરવું, જવું.) દેવાંગના, ઇંદ્રસભામાં ગાયનનૃત્ય કરનારી ઘણીજ રૂપાળી ગુણકા. સમા૦ સ૦ [સમુદ્ર મથતાં નિકળેલી માટે આ નામ; અથવા એ નાવાનો ઘણો શોખ ધરાવેછે માટે.)
તરંગ—સં. (तॄ ઓળંગવું.) મોજાં, દરિયામાં છોળો.

(शरद० २. ४—८.)

मंदमंद—अव्य० सं. (मद् आळसु थवुं.) घणाज धीमे. [समा० कर्म०
स्थिरमन—सं. (स्था ठरवुं; मन् धारवुं.) दृढमनथी, ठरेल स्वभावथी.
छूटे—सं. (सृष्ट-सृज् छोडवुं-नो भू० कृ०) मटयाथी, मटयापछी. [सति सप्तमी; गुजरातीमां स्वछंद-के० प्र० nom. abs.] [उद्धतपणुं.
स्वछंद—सं. (छंद् जोरावर थवुं.) पोतानी कल्पनाप्रमाणे चालवानी टेव,

५. वाणिया=भमरा, वरसादना दाडामां उडता लांबी पुछडीना जीवडा.
[सं. वाण् वणवुं, वणकरना कांठलानीमाफक ऊभी पाटीए सरर सरर उडेछे माटे? के, वण् बोलवुं, उडतां पांख धुंजेछे माटे?]
(४) स्वारथी—ए जन अने स्नेह, बेउनुं विशेषण थाय.

६. जलदरतु—सं. (०ऋतु. जल पाणी, दा आपवुं; ऋ जवुं-प्रे० भेदे-आपवुं.) वर्षारुतु, चोमासुं, समा० कर्म०, जलद-[द० [जो० वर्षा० प्रेमा० अ० २०-१]
शिशुवयशणगारो—सं. (०शृंगार. वय् जवुं; शृंग-मोटाइ, उपरीपणुं.) बाळकअवस्थाने लायक वेश. समा० स०; मध्य०
हरित—सं. (हृ वशकरवुं.) लीलुं.
तृण—सं. (तृण् खावुं, चरवुं.) घास. [उपरथी?
शेरडा—लांबी पडेली पगथी चालीजवानी वाट, पगथी. [सं. सरल सेलुं-
धरणी—सं. (धृ धरी राखवुं.) पृथ्वीए.
धारी—सं. (धृ धा०) पेरी.
अलं (१—४) सजीवारोपण, (१—२) उपमा, (३—४) उत्प्रेक्षारूपक.

७. अवनी—सं. (अव् रक्षवुं.) पृथ्वी.
भीनी—(सं. भिन्न. भिद् नरम थवुं-नो भू० कृ०). रंगेली.
पट्टापटी—(सं. पट वस्त्र, पट् विटाळवुं.) सुतर रेशम के किनारीनो लांबो चीरो ते पटो; एज जातनो आंगळ बेआंगळ पोळो पण घणो लांबो चीरो ते पटी-किनारी.
(२) ते जोइ कविओनां मनपर केवो भास पडे छे०
अलं० सजीवारोपणसाथे उत्प्रेक्षारूपक.

८. चक्रवाक—सं. चकवाचकवीपक्षी. [चक्र अनुकरणध्वनि Imitative Sound. छे, वच् बोलवुं. ए पक्षी-चकचक एवो शब्द करेछे माटे आ नाम.]
अथाक—सं. (अस्थाग.) अमाप, बेहद, अतिघणो. समा० बहु०
अमल—अ०=सत्ता, राज-अमल सारो=सारा राजानो अमल (लक्षणा.)
अलं० उपमा.

दयाराम.

(પદ ૧. ૧—૩.)

૧. **અમૂલખ**— सं. (अमूल्यक. मूल्य કિમ્મત.) જેની કિમ્મત નહિ થૈશકે એવો, ઉત્તમ. समा० બહુ०

અવસર—सं. (अव દૂર, सृ જવું.) કામ–વિચાર–કાળજી–અડચણ–અટકાવનું દૂર થવું, મોકળાપણું ; વખત, ટાણું, તક.

ગા—(सं. गै ધા०) ગુણ ગા, ભજન કર, સમરણ કર.

ગોપીજનવલ્લભ —सं. = ગોપીઓનો વાલો —કૃષ્ણ.

જોને = તું જો તો ખરો, ભૂલમાં કાં રેછે.

હાનિ -सं. (हन મારવું.) ભારે નુકસાન.

ગિરિવરધારી —सं. (वृ પસંદ કરવું ; धृ ઉઠાનીરાખવું.) પર્વતોમાં શ્રેષ્ઠ જે ગોવર્ધન તેને ઉપાડનાર–કૃષ્ણ. समा० દ્વિ०; ગિરિવર-સ० [ગિરિવર-એટલામાટે કેછે કે એ ગોકુળવૃંદાવનની સીમમાં છે જ્યાં કૃષ્ણે લીલા કરી હતી, અને કવિ ગાઢા વૈષ્ણવ છે. ગોવાળનું જીવન ગાય, ગાયનું પોષણ ઘાસવડે અને ઘાસ વરસાદથી ; માટે તેઓ વર્ષોવર્ષ ઈંદ્રનો મહોત્સવ કરતા. કૃષ્ણ સમજણા થયા તેણે સમજાવી ઈંદ્રને પડતો મૂકી ગોવર્ધન પૂજાવ્યો. આથી ઈંદ્રે કોપી ગોકુળ રેલીનાખવા બારે મેઘ મોકલ્યા, ત્યારે કૃષ્ણે ગોવર્ધનપર્વત છેલ્લી આંગળીપર ધરીરાખી તેતળે સૌનું રક્ષણ કર્યું.]

સલિલ—सं. = જળ, પાણી.

अलं० ઉપમા.

૨. **તેંનુંતે** = તે ને તે, જેવુંનુંતેવું, તેજ કંઇ ફેરફારવગરનું.

ભાસે—(सं. भास् ધા०) દેખાય, જણાય.

ભોર = મળસકું, પરોઢિયું, વાણું.

अलं० ઉપમા.

૩. **લટકું**—सं. (लट् બાળક હોવું.) ક્વચિત આવે ને સેજવાર ટકે એવી તક–મનુષ્યદેહરૂપી. [શોભે તેવી રીતે મરોડથી અંગ હલાવવું તે લટકો ; નપુંસકલિંગે વપરાઇ વિશેષ રમૂજ આપેછે. એવો અંગનો મરોડ સેજવાર રહે માટે આ અર્થ.]

(પદ ૧. ૩-૬.)

લાભ—સં. (લભ્ મેળવવું.) ફાયદો, નફો ભજન કરી સંસારસાગર તરી જવાનો.
અલં૦ દૃષ્ટાંત-ઉપમા.

૪. **માયા**—સં. (મા માપવું; માવું.) પ્રીતિ, સ્નેહ; જગત્ સત્ય છે એવી બુદ્ધિથી તેનીસાથે વળગણ રેછે તે. ૨. સંસારની મોજમઝા.

મધલાળ—સં. (મધુલાલસા. મધુ મધ; લાલસા ઇચ્છા, લલ્ ધા૦) મીઠી લેજત. [સમા૦ ચ૦-માત્ર વ્યુત્પત્તિને ધોરણે.]

દુગ્ધા—સં. (दुह् પીલવું.) પીડા-એવી રીતની કે તેમાંથી છૂટવું કે તેમાં પડીરેવું એ સૂઝે નહીં; અધોગતિ-નહિ આમ કે નહિ આમ એવી મનની સ્થિતિ, ઢચુપચુ.

બન્યો = બેઉ વસ્તુ-ઇશ્વરપ્રાપ્તિ અને સંસારનું પૂરું સુખ. [ઇશ્વરપ્રાપ્તિ જાય, કેમકે સંસારસાથે વળગણ છૂટતી નથી; સંસાર સુખ જાય, કારણકે ઇશ્વરતરફ કંઇ લક્ષ રહે એટલે મોકળે મને તે ભોગવાય નહિ.]

૫. **ઠાલાં** = એકલાં, ખાલાં, ચોખાવગરનાં. ૨. માલવનાનાં. [સં. खिल ખાલું, અને ખાલું-ને ઠેકાણે પાછળથી ઠાલું-શબ્દ વપરાવા લાગ્યો હશે.]

થોથાં = છાલાં, કુસકા. ૨. અનાજના સળેલા કણ.

દીપક—સં. (दीप् પ્રકાશવું.) દીવો.

મનોરથ—સં. (मनस्+रथ = મનરૂપી ગાડી, અથવા મનને માટે ગાડી-મનને બેસાડી ફેરવનાર.) ઇચ્છા, ઉમેદ, હોંશ.

આખી રાત કુસકા ખાંડતાં ખાંડતાં કોડિયામાંનું દિવેલ બધું બળીજાય, પણ તેમાંથી ચોખા મળતા નથી-સંસારની મિથ્યા માથાકૂટમાં તારૂં આખું આવરદા પૂરૂં થવાનું, પણ ભગવતભજન થવાનું નથી. આ સંસારમાં તારે મોજ માણવાની એ એક રમત છે, તેમાં એકદમ ભંગ પડશે અને તું જે મોટીમોટી ઉમેદ રાખે-છે તે તારા મનમાંજ રઇજશે-એકે પારપડશે નહીં ને જવુંપડશે. [સરખાવો-દિવેલ તો ખૂટ્યુંરે કુસકા ખાંડતાં રે.]
અલં૦ દૃષ્ટાંતરૂપક.

૬. **જ્વર**—સં. (ज्वर् તપવું.) તાવ.

રસાયણ—સં. (रस પારો ગંધક ઇ૦) પારો ગંધક વગેરેની મેળવણીથી તૈયાર કરેલી ઔષધિ, માત્રા. હરિર૦ = ઇશ્વર-ઇશ્વરની ભક્તિ એજ કોઇ સંસારરૂપી રોગ મટાડનારી માત્રા. સમા૦ કર્મ૦; અલં૦ રૂપક.

ગુણ—સં. (गुण् લોભાવવું.) લાભ, ફાયદો.

સંસારની મોજમઝા એ એક મેવા છે, ભોગવતાં મીઠા પણ પરિણામે

(પદ ૧. ૬—૯. પદ ૨. ૧—૨.)

કડવો ઝેર, જેવું તાવમાં ઘી-ખાતાં સ્વાદિષ્ટ પણ તેનું સેવટ સનેપાત.
અલં० (૧) ઉપમા.

૭. **ઢાંકયું—અવ્ય०** = ઢાંકેલું, બીડેલું, બંધનુંબંધ.

અંતર—સં. = અંતઃકરણ, મન.

ધીકશે—સં. (धक्ष्यति-दह् બળવું-નો ભવિ०) અંદરનુંઅંદર બળશે, પજળ્યાં-કરશે-કાચની ભઠ્ઠીની માફક.

ટટળીને = રિબાઇને, પીડાઇને.

તલસી-તરસી—(સં. तृष् તરસવું.) આતુરતાથી ટમટમીને.

૮. **વિઠ્ઠલ**—સં. = કૃષ્ણ.

વૃથા—અવ્ય० સં. = મિથ્યા, ફોગટ.

વહ્યુંજાય = તણાઇજાય, ધસડાઇજાય, ચાલ્યુંજાય.

૯. **શમશે**—સં. (शम् થંડું પડવું.) મટશે, ટળશે.

પરિતાપ—સં. (परि ચોતરફ, तप् તપવું.) મોટી પીડા, અકળામણ.
(૧) અનેક વાતની એક કહુંછું=ટુંકામાં સમજાવું છું. (૨) નામ શ્રીકૃષ્ણ થકી=શ્રીકૃષ્ણના નામથી. [રચના લગાર ધીટ છે.]

પદ २.

૧. **જેવોતેવો**—સં. (यद्वत् तद्वत्.) ગમેતેવો પણ, સારો નરતો પણ.

કરૂણાસિંધુ—સં. = દયાના સાગર, પૂરણદયાળુ.

ગ્રહો—(સં. ग्रह् ધા०) ઝાલો. કરગ્ર०=સહાય થઇ દુઃખમાંથી કાડો.

સાંકડું—સં. (संकट. सम् પૂરું, कट् ઘેરવું.) સંકોચ; મુશીબતનો વખત.

બગડયું—સં. (विघटित-वि + घट् બગડવું-નો ભૂ० કૃ०) ભ્રષ્ટ, પાપી.

બેલી = સહાય થનાર, ઓથ, જેની ઊંફ રાખીશકાય તે.

શરણ પડયો = રક્ષણતળે આવ્યો, ઠે-ગળે પડ્યો.

ખળ—સં. = ઠગ, દોંગો, હરામી, છળભેદ કરનાર.

અમિતકુકરમી—સં. (ઙ્માં. मित-मा માપવું-નો ભૂ० કૃ०) અપાર જેનાં નઠારાં કર્મ એવો, મહાપાપી, સમા० બહુ०

તદપી—સં. (तत् તે માટે, अपि પણ) તોપણ.

નિજજન—સં. = પોતાનું માણસ, સેવક, ભક્ત.

૨. **શ્રીરણછોડ**—સં. (ऋणछोर. ऋण દેવું, छुर् કાપવું.) ડાકોરમાંની વિષ્ણુની મૂર્ત્તિ; કૃષ્ણ. ममा० દ્વિ० [छुर्-પરથી છુરી-છરી, છર હોય.]

(પદ ૨. ૨ —૪.)

[દ્વારકાનાથનું ડાકોરમાં આવવું એરૂપી જે ધન તેવડે વિજયસિંહ-બોડાણાના ભક્તિરૂપ દેવાને વાળીઆપ્યું, માટે આ નામ. ऋणं विजयसिंहस्य भक्तिरूपं विमोचितुं। स्थितस्तद्गेहमागत्य ऋणछोर स्तत: स्मृत:॥]

શૂન્ય—સં. = ખાલી, અફળ, સારાં ફળ આપનારું નહિ તે.

સફળ—સં. = ફળવાળું, સારાં ફળ આપનારું. समा० બહુ० [પૂરાંપાડોછો.

પૂરો—(સં. पॄ ભરવું.) ખરું કરીઆપોછો. ૨. મૂકોછો, આપોછો, ૩.

બિરદ = ભક્ત છે એવું માન. ૨. ભક્તનાં લાડકોડ-પૂરાં કરવાંજ એવો નિશ્ચય. ૩. હે વરદાનના આપનાર.

[फा० बिरुद ખિતાબ, નામ. सं. वरद વરદાન આપનાર.]

કોડ = હોંસ, ઉમેદ, ઇચ્છાનો મનાવડો, લાડ.

કોઇ માણસ ખોટું ડોળ ઘાલી તારો ભક્ત મનાતોહોય તે પણ જૂઠો ઠરી તેની આબરુ જતીહોય તો તું તે સમાલીલેછે; અથવા તારા ભક્તે તારી ઉફે કંઇ કઠણ કામમાં હામ ભીડીહોય અને તેમાં તે જૂઠો ઠરી —ઇ૦. જેના નસીબમાં કંઇ સુખ ન હોય તેને પણ ધારો તો તમે મોટું સુખ આપીશકો, અને ભક્તને મળેલું માન તમે ખરું કરીઆપોછો; અથવા ભક્તનાં લાડકોડ પૂરવાંજ એવો તમારો નિશ્ચય ખરો કરીબતાવોછો, અને ભક્તમાં બળ મૂકી તેનાં કોડ પૂરોછો.

૩. **અવળ** = અવળું, ઉલટું, પ્રતિકૂળ; નુકસાનકારક.

સવળ = સવળું, સીધું, અનુકૂળ; લાભકારક.

સુંદરવર—સં. (वृ પસંદકરવું.) સુઘડ ધણી; સુઘડ પુરુષોમાં શ્રેષ્ઠ હે શ્રીકૃષ્ણ. समा० કર્મ૦; સ૦

પતિત—સં. (पत् પડવું-નો ભૂ૦ કૃ૦) ભ્રષ્ટ, પાપી.

પાવન—સં. (पू ધા૦) પવિત્ર.

દુખદુકૃતહારી—સં. (दुःखदुष्कृ०) દુઃખ ટાળનાર અને પાપ હરનાર, સુખી પવિત્ર કરનાર. समा० દ્વિ૦

अलं० હારી, હારી-યમક.

૪. **રક્ષક**—સં. (रक्ष् ધા०) હે રક્ષણ કરનાર ઇશ્વર.

દોષ—સં. (दुष् બગાડવું.) અવગુણ, પાપ.

ગુણ—સં. (गुण् શોભાવવું.) સદ્ગુણ, પુણ્ય.

(પદ ૨. ૪—૬. પદ ૩. ૧—.)

દોષતણા ગુણ માનો = અવગુણને ગુણ ગણીલોછો. [છઠ્ઠીના આ પ્રયોગમાટે જો૦ શામ૦ ૫૧-૨. લોભનો અગ્નિ ઊંડે.]

૫. વિકળ—સં. = બેચેન, ગભરાયલાં.

પરાધીન—સં. (पर બીજું, अधीन તાબે.) મોહવશ થયલા, માયામાં પચેલા.

પ્રજાળો—(સં. प्र જોશથી, ज्वल् બળવું.) બાળીનાખો, તદન નાશ કરો.

આરતબંધુ—સં. (आर्त०) દુખિયાના ભાઇ—વ્હારે ધાનાર—બેલી. [જો૦ નળા૦ કડ૦ ૪૫. ૨-૧.] [ન કરે એવા

સહિષ્ણુ—સં. (सह् ધા૦) સહનશીલ, ધૈર્યવાન, બીજામાં દોષ જોઇ કોપ

અભયકર—સં. (भी બીવું.) નિર્ભય કરનાર; શાંતિ આપનાર. સમા૦ દ્વિ૦

અવગુણ—સં. (अव નઠારૂં, ઉલટું; गुण—गुण् લોભાવવું.) દોષ, પાપ. સમા૦

ઉર આણો = મનમાં લાવો, યાદ આણી મનઉતારો કરો. [કર્મ૦

૬. સર્વેશ્વર—સં. (ईश् સત્તા ચલાવવી.) સોને નિયમમાં—હદમાં રાખનાર.

સર્વાત્મા—સં. = સૌનો આત્મા, જેવડે સૌ છે તે.

સ્વતંત્ર—સં. (तंत्र આધારે.) આપઅખ્ત્યાર, પોતાની ઇચ્છાપ્રમાણે વર્તનાર, જેને કશું બંધન નથી એવો.

દયાપ્રીતમ—સં. (०प्रियतम) દયારામને—મને અતિશય વ્હાલો, દયારામનો આશક. [દયારામે કૃષ્ણની ભક્તિ સખીભાવે કરીછે.)

ગિરિધારી—(જો૦ પદ ૧-૧.)

શરણાગતવત્સલ—સં. (आगत આવેલાં; वत्स પ્રિય.) પોતાને આશ્રરે આવનાર જેને બહુ વ્હાલા એવો. સમા૦ સ૦.

શ્રીજી—સં. = કૃષ્ણ. [श्री લક્ષ્મી, સુભાગ્ય; जीव् ઉપરથી આશીર્વાદાર્થ ૦ जीव =જીવો, તમારો આવરદા વધો. ચાકરને બોલાવતાં તે जी કરીને કેછે, તેઉપરથી માનાર્થે વપરાઇ આખર પતિને અર્થે પ્રવર્ત્યોહશે. શ્રીજી-લક્ષ્મીપતિ=કૃષ્ણ; અથવા સુભાગ્યના પતિ=સારૂંભાગ્ય કરનાર]

पद ३.

૧. શિદને = શું કરવા ભાઇ. [આ રીતે ને અને કેટલીકવાર ની ઉમેર્યાથી બોલનારની મમતા જણાયછે. જો૦ પદ ૧. ૧ માં, જોને.]

સ્થાવર—સં. (स्था ઉભારેવું.) એક જગેથી બીજી જગોએ ખસેડાઇ-જઇશકે નહિ તેવું, અચળ.

જંગમ—સં. (गम् જવું.) સ્થાવરથી ઉલટું, ચળ.

(પદ ૩. ૧—૬.)

જડ—સં. = હાલેચાલે નહિ તેવું, જીવચૈતનવગરનું.

ચૈતન—સં. (चित् જાણવું, વિચારવું) ચેતના-લાગણીવાળું, જડથી ઉલટું.

પરે—અવ્ય૦—સં. (पर બીજો, આઘેનો.) આઘે, દૂર.

જગતમાં સઘળી વસ્તુપર માયાનું પ્રબળ છે અને તેથી તેને ઉપજવું રેવું જવું એ હાજર રેછે; શ્રીકૃષ્ણ એક પૂર્ણબ્રહ્મ છે, માટે તેનું સ્મરણ કરે તો માયાને તરી તું મુક્ત થાય. (૨) શ્રીકૃષ્ણચંદ્ર-સમા૦ કર્મ૦

૨. માયા—સં. (मा માવું. માપવું.) ઈશ્વરની આદિશક્તિ જેનેલીધે જીવ ઇશ્વરને ભૂલી જગત સત્ય માની તેમાં મગ્ન થાયછે.

આવ્રણ—સં. (आवरण. वृ ઢાંકવું.) ઢાંકણુ, આચ્છાદન, પડદો. ૨. વચમાં આવી નજર અટકાવવી તે. ૩. ભૂલાવો ખવાડવો તે.

લખચોરાશી—સં. (लक्ष चतुरशीति) ચોરાશીલાખ અવતાર. (લક્ષણા.)

(૨) પણ બાર આવ્યો કે માયા ભૂલાવો ખવાડી ઇશ્વરનું સ્મરણ વિસરાવેછે અને તેથી ચોરાશીલાખ અવતાર પાછા હાજર રેછે.

૩. અંતર—સં. = મનમાં.

ઉદ્વેગ—સં. (उत् ઘણું, विज् ગભરાવું.) સંતાપ, ચિંતા, ફિકર.

સરે—(સં. सृ સરવું, જવું.) સીઝે, સીધે, પારપડે, થાય.

હર—સં. (हृ મટાડવું.) મહાદેવ.

૪. જેવો = જેવી રીતે. [વિશેષણ જંત્રનું, પણ સંબંધ વજાડે—જોડે છે.]

જંત્ર—સં. (યં૦ यम् હદમાં રાખવું.) સંચો. ૨. વાજિત્ર, વાજું.

જંત્રી—(જો૦ ઉપર.) વાદી, બાજીગર, ખેલ કરનાર.

સ્વર—સં. (स्वर् ધા૦) અવાજ, રાગ, સૂર, સુરાવટ.

ઇશ્વરએક હાંકેડુ છે, તે બધાના અછોડા હાથમાં રાખી જેમ ચલાવવા ચાહે તેમ ચલાવેછે; વળી ઇશ્વર એક વાજિત્ર વજાડનાર છે, તે જેવી રીતે વાજિત્ર વજાડે તેવો સુરાવટ ઉઠેછે-જેમ બોલાવવા ચાહે તેમ બોલાવેછે. [ઇશ્વરને પુતળાંનો નાચ કરનાર લઇએ તો રૂપક એક બની બેઉ બાબિનું સમાધાન થાય.]

૫. શ્રીફળ—સં. = નાળિયર.

ભરે—(સં. भृ ધા૦) ભરાયછે, આવેછે.

ગરે = ગળે, ગળીજાયછે; ૨. ગરની બાબતમાં થાયછે. [ગળે—શબ્દનું પ્રાસનાં કારણથી ગરે થયુંહોય, અને એમ થવાથી એક તરેહનો શ્લેષ Pun થયોછે. કેવાયછે કે હાથી કોઠું આખું ગળેછે અને પાછું લીંડાંસાથે કાડે ત્યારે આખુંનુંઆખું, પણ ભાંગીને જોયુંહોય તો અંદર ગર નહિ.]

૬. જેવું—હાળે — [મળવું ઇશ્વરથી નિર્માણ થયલુંહોય તે.]

(પદ ૩. ૭—૮. પદ ૪. ૧—૨.)

૭. **સંચી**—(सं. सम् + चि धा०) એકઠું કરી, રાખી.
હુરે—(सं. हृ ટાળવું.) કાઢીનાખે, ટાળે.
આપપણું = હુંપણું, અહંભાવ, હું પુરુષપ્રયત્ને બધું કરી શકું એવું અભિમાન.
કુળ—सं. (कुल् એકઠું કરવું.) સમુદાય, જથો. ૨. મૂળ, ભંડાર.
મૂળવિચારે = મૂળને ધોરણે, વેદાંતમતે. ૨. મારું મૂળ શું એનો વિચાર
ખરે = ખરેખરું. ૨. નાશ પામે. [કર્યાથી.

(૨) અહંભાવ એજ વેદાંતમતે ખરેખરો અજ્ઞાનનો ભંડારછે—અહંભાવથી અજ્ઞાન પરિપુષ્ટ થાયછે (અજ્ઞાનથી અહંભાવ ઉપજે અને અહંભાવથી અજ્ઞાન વૃદ્ધિ પામેછે.) ૨. અહંભાવ એજ અજ્ઞાનનો ભંડાર—મોટું અજ્ઞાન છે, અને તે હું મૂળ કોણ છું તેનો વિચાર કરવાથી મટેછે.

૮. **ઉપનિષદ**- सं. (ષદ્. उप પાસે, निषद् બેસવું.) વેદાંતશાસ્ત્ર.
ઉપ૦ ઓચરે = વેદાંતશાસ્ત્રમાં કહેલુંછે.
રાધાવર—सं. (वृ પસંદકરવું.) કૃષ્ણ. [રાધા-ધિકા એ વૃષભાનગોપની બેટી ને કૃષ્ણની મુખ્ય પ્રિયા.]

પદ ૪.

૧. **પ્રેમઅંશ**—વિ૦ सं. (प्री ખુશ કરવું; अंश् ભાગ કરવા.) ઇશ્વરના મુખ્ય ગુણમાંનો એક જે પ્રેમ, તેમાંનો કેટલોક પ્રસાદથી—ઇશ્વરકૃપાથી અથવા સંસ્કાર—આગલાં કર્મોના વધારથી જેનામાં હોયછે તે. ૨. ઇશ્વરી પ્રેમના વિભાગસાથે. સમા૦ બહુ૦
પ્રેમરસ—सं. (रस् ચાખવું; ચાવું.) પ્રેમની મિઠાશ—લિજ્જત; ઇશ્વરપર પ્રેમભક્તિની મિઠાશ. સમા૦ કર્મ૦.
ઠરે—हिं (सं. स्थिर-ઉપરથી.) ટકે. ૨. રુચે, ગમે, ભાવ ચોંટે.
કનકપાત્ર—सं. (कन् ઝળકવું.) સુનાનું વાસણ. [નિકળે.
ફોડીને નીસરે—(सं. स्फुट् ભાંગવું; नि: બાર, सृ જવું.) આરપાર ઝરપી-

(૧) પ્રાણીમાત્ર ઇશ્વરના કોઇ કોઇ ગુણસાથે જનમેછે, તેમાં જે પ્રાણી ઇશ્વરના પ્રેમગુણસાથે જન્મ્યો હોય તેનેજ પ્રેમભક્તિ રુચે.
[આ પદમાં અલંકાર ઘણાખરા દૃષ્ટાંતરૂપક છે.]

૨. **સકરખોર**—फा. (सं. शर्करा; हिं. सक्कर.) શાકર ખાનારો જીવડો.
[શાકર અને ખાંડ એ શબ્દો હાલ ઉલટે અર્થે પ્રવર્તેછે. હાલ જેને ખાંડ કહિયેછિયે તે खंड = શાકર છે, અને જેને શાકર કહિયેછિએ તે शर्करा = ખાંડ છે. શાકરિયાચણા—એમાં શાકરનો અર્થ જુઓ.]

(પદ ૪. ૨--૫.)

જીવન-- सं. (जीव् धा०) જીવવાને આધાર.
ક્ષારસિંધુ— सं. (क्षर् પિગળવું.) ખારાં પાણીનો સમુદ્ર. (લક્ષણા.) સમા૦ કર્મ૦
[ગધેડો શાકર ખાધાથી મરીજાય; માછલાંની બાબત તો ઉઘાડીજ છે.]
૩. સોમવેલી—सं. (०वल्ली. वल्ल् ઢાંકીનાખવું.) એક જાતની વેલી છે
સમા૦ કર્મ૦ [એનો રસ બ્રાહ્મણો યજ્ઞમાં પીતા; એમાં બહુ કેફ હોયછે.]

રસપાન—सं. (रस् ચાખવું, લેજત પડવી; पा પીવું.) રસ પીવો તે.
શુદ્ધ— सं. (शुध् પવિત્ર કરવું-નો ભૂ૦ કૃ૦) ચોકખો-ખરેખરાં બ્રાહ્મણ
માબાપથી જન્મેલો, વગળવંશીથી ઉલટો. [તુકમફેર.
વગળવંશી—(सं. वि + गल् પડવું-ભ્રષ્ટ થવું.) વર્ણસંકર, મિશ્ર, ભ્રષ્ટ,
વમન— सं (वम् धा०) ઓકારી, ઉલટી.

(૨—ખ) એ વનસ્પતિમાં એવો ગુણ છે એમ વેદ કહેછે.
[સોમયાગમાં બ્રાહ્મણોને કામમાં આણતા તે શુદ્ધ બ્રાહ્મણ છે કે કેમ એ
જોવાને સોમવેલી છુંદી તેનો રસ તેને પાતા. તે રસ જો પેટમાં ટકે
તો તે શુદ્ધ બ્રાહ્મણ ઠરે ને યજ્ઞના કામમાં આવે, પણ જો ઉલટી થઇગઇ
તો તેને વર્ણસંકર ગણી કાડતા.]

૪. અધિકાર— सं. (अधि + कृ સત્તા આપવી.) યોગ્યતા, લાયકપણું.
અર્થ—सं. (अर्थ् માગવું.) હેતુ, ધારણા, મતલબ, કામ.
સરે—(सं सृ નિકળવું.) થાય, પારપડે.
મત્સ્યભોગી—सं. (मद् ખુશ થવું; भुज् ખાવું, ભોગવવું.) માછલાં ખાનાર,
માછલાં જેનું ભક્ષ છે એવો. સમા૦ દ્વિ૦ ૨. બહુ૦

મુક્તાફળ—सं. = મોતીના દાણા, મોતી.
ચંચુ—सं. (चंच् હાલવું; ખાવું.) ચાંચ. [જરૂરના છે તે.
સાધન—सं. (साध् હેતુ પારપાડવો.) ઇશ્વરકૃપાનેમાટે જે જપતપ ઇ૦
૫. પુરૂષોત્તમ— सं. = પુરુષોમાં ઉત્તમ-વિષ્ણુ, કૃષ્ણ. સમા૦ સ૦
પૂઠ ફરે— = વશ થાય. [કૃષ્ણ ગોપીઓને વશ વરત્યા એવી નાટકલીલા
કૃષ્ણે દાખવી, એ વિચાર કાવના મનમાં હશેજ.]
ગોવરધનધર—सं. (गोवर्धन० गो ગાય, वृध् વધારવું, धृ ઉઠાવવું.) ગોવ-
ર્ધન પર્વતને ઉચકીરાખનાર, કૃષ્ણ. સમા૦ દ્વિ૦ જો૦ પદ ૧—૧.)
પ્રેમભક્તિ—सं. (भज् ભજવું.) ખરે ભાવે ભક્તિ-આશકમાશુકના જેવી.
[વૈષ્ણવમતે કૃષ્ણ એક આશક છે અને તમામ વૈષ્ણવો—સ્ત્રીપુરુષ સર્વે
તેની માશુક.] સમા૦ તૃ૦ અથવા મધ્ય૦

વરે—(सं. वृ પસંદકરવું.) પરણે. ૨. પ્રસન્ન થાય, કૃપા કરે.

(પદ ૫. ૧—૩.)

ભવ—સં. (भू હોવું, થવું.) સંસાર, સંસારી સ્થિતિ.
ભવમાં ભટકતાં = મોક્ષ ન પામી જનમમરણના ફેરા ફરતાં.

કાળ—સં. (कल् ગણવું) વખત; જુગ.

વહીગયા = જતારહ્યા, પાણીના પ્રવાહ—રેલાની માફક.

હદ—અ. (हद.) સીમા, અવધિ, આખર. [કરો.

રાખો—(સં. रक्ष् ધા૦) રક્ષણ કરો, બચાવો, જન્મમરણથી ઉગરું એમ

હાથગ્રહી = હાથ ઝાલી, આશરો આપી, પોતાનો કરી થાપી.

ત્રિતાપ—સં. (तप् તપવું.) ત્રણ તાપ—દુઃખ—આધિ વ્યાધિ ઉપાધિ. સમા૦ દ્વિગુ. [આધ=મનની પીડા, ભય શોક ચિંતા વગેરેથી થતી; વ્યાધિ= શરીરસંબંધી રોગ; ઉપાધિ=ઉપદ્રવ, ઓચિંતું આવીપડેલું સંકટ, સંસારી ખટપટ.]

દાધ્યો—સં. (दग्ध. दह् બળવું-નો ભૂ૦ કૃ૦) દાઝેલો, બળતો, પીડાતો. ત્રિતાપનો દાધ્યો=ત્રિતાપથી—તાપે દાધેલો. [ત્રિજી વિ૦ ને ઠામે ષષ્ઠિ.]

શીતળ—સં. = થંડો, ટાઢો; સુખી. [દયાળુ.

કૃપાનિધિ—સં. (कृप् દયા હોવી; नि + धा મૂકવું.) દયાના ભંડાર, અતિ-

સુખધામ—સં. (धा મૂકવું.) સુખનું ઠામ, ઠરવાનું ઠેકાણું. [ચરણનું વિશેષણ, અથવા કૃષ્ણનું સંબોધન.]

કરુણાકટાક્ષે—સં. (कट ગુંથણીકામ, સંકોચેલું; अक्षि આંખ.) દયાભરી આંખ, રેહેમનજર. સમા૦ મધ્ય૦ [કટાક્ષ-નો ખરો અર્થ તો-કંઇક કરડી વાંકી નજર; કિલમિષકોશ બાળવાનું કેછે એટલે સંભવે.] [અપાર પાપ.

કિલમિષકોશ—સં. (किल्विष० किल् પાડવું.) પાતક—પાપનો ભંડાર,

૨. **બરાબરી**—फा. = સરખા થવું તે, અરસાચરસી, હરોબરી.

ગુંજા—સં. = ચણોઠી. [બરાબર, સરખાં.

સમતોલ—સં. (०तुल्य. सम સાથે, तुल्य તોળીશકાય તેવું, तुल् ધા૦)
(૧-ક) મારી માઠી કરણી-પાપોનો વિચાર કરી આશરો નહિ આપશો તો.
(૨-ક) અલં૦ દૃષ્ટાંતસાથે પૃચ્છા. (૨-ખ) હું પામર પ્રાણી, અને તમે તો મોટા મનના સૌનાં પાપ ટાળનાર-હરિ (हृ હરવું.)

૩. **અવિનાશી**—સં. (नश મરવું.) અમર, પરમાત્મા, ઇશ્વર. સમા૦ બહુ૦;

લહી—(સં. लक्ष् જોવું.) જાણી, ગણી; છો એવી ખાત્રીથી. [નય૦

ધર્મધુરંધર—સં. (धृ ધારણ કરવું.) ન્યાયની જુસરી ધરનાર, ખરા ન્યાયી. અલં૦ રૂપક. સમા૦ દ્વિ૦ (વિભક્તિનો પ્રત્યય રહેલોછે.)

(૫૬ ૫. ૩--૪. રુખમણીવિ૦ ૧--૪.)

દ્વારેથી—સં. (દ્વૃ ઢાંકવું.) બારણેથી; શરણે આવીને પછી.
નિજનો—સં. = પોતાનો. [નો પ્રત્યય અમસ્તો વધારે છે.]
નિજનો કરીલ્યો=પોતાનો સેવક કરીને થાપો. [જો૦ ૧-રાખો હરિ હાથ ગ્રહી.]
અનાથ—સં. (નાથ ધણી. નાથ્ સત્તા હોવી) નિરાધાર, લાચાર. સમા૦બહુ૦
સન્મુખ—અવ્ય૦ સં. (सम्मुख. सम् સાથે मुख મોઢું.) સામે, તરફ.
પાચે = પારપડે.

રુખમણીવિવાહમાંથી.

૧. **વળતા**—અવ્ય૦ (સં. वल વળવું.) પાછા, ફરીથી.
શુકજી—(જો૦ ગર્ભજોગી-પ્રેમા૦ અધ્યા૦ ૨૦—૧.)
ભૂપતિ—સં. (भू પૃથ્વી, पति ધણી—पा રક્ષવું.) રાજા–પરિક્ષિત. (જો૦ ભૂપાળ-પ્રેમા૦ અધ્યા૦ ૨૦—૧.)
પ્યારી = પ્રિયા, જેના ઉપર પ્યાર હોય તે સ્ત્રી–રુખમણી.
પતિ—સં. (पा રક્ષવું.) ધણી–કૃષ્ણ. [હજી પરણ્યાં નથી, તોપણ જન્મોજનમ ધણીધણિયાણીને સંબંધે અવતરેછે માટે.]
[રુખમણી એ વિદર્ભદેશના ભીમકરાજાની પુત્રી. એ વરવાજોગ થઇ ત્યારે એને એના ભાઇ રુકમનો વિચાર શિશુપાળસાથે દેવાનો હતો. પણ એની ઇચ્છા કૃષ્ણને પરણવાની તેથી એણે પોતાના ગોરસાથે કૃષ્ણને એક છાનો કાગળ મોકલાવ્યો; તેમાં લખ્યુંહતું કે હું ગામબાર અંબાની પૂજા કરવા આવું ત્યાંથી હરણ કરજો, અને કૃષ્ણે તેમ કીધું. એપછી દ્વારિકાં જઇ વિધિપૂર્વક એમનાં લગ્ન થયલાં.)

૨. **ભૂદેવ**—સં. (भू પૃથ્વી; दिव् તેજમારવું.) પૃથ્વીના ધણી, બ્રાહ્મણ-
ગતિ—(સં. गम् જવું.) સ્થિતિ, દશા, હાલત. [માનને અર્થે.
રાજકુમારી—સં. (कुमार् ખેલવું.) રાજાની છોકરી–રુખમણી.
નિદ્રા—સં. (नि + द्रा ધા૦) ઊંઘ.

૩. **વિલંબ**—સં. (लंब् લંબાવવું.) વાર, ઢીલ.
તતખેવ—અવ્ય૦ = તુરત, તરતજ. [કવિતામાં વપરાયછે.].
ચિંતા—સં. (चिंत् વિચારવું.) કાળજીસાથે વિચાર, કાળજી.
ચિંતા મન વસી = મનમાં કાળજી થઇ કે હવે જવુંજ.

૪. **સારથી**—સં. = રથહાંકનાર, ગાડીવાન.
રથ—સં. = વેલ, ગાડી.
શીઘ્રે—અવ્ય૦ સં. (શીઘ્ર.) તુરત, જલદીથી.

(રુખમણીવિ૦ ૪—૧૧.)

સજ—સં. (सज्ज. सस्ज्–નો ભૂ૦ કૃ૦) તૈયાર.

આરૂઢ થયા—સં. (आ + रुह् ધા૦ નો ભૂ૦ કૃ૦) ઉપર બેઠા.

૫. **ચતુરશિરોમણી**—સં. = ચતુરપુરુષોમાં શ્રેષ્ઠ. સમા૦ સ૦ ; શિરોમણી = માથાનું મણિ. [આખાં અંગમાં માથું ઉત્તમ, માથાનું ભૂષણ તે પણ ઉત્તમ.]

ત્રિયા—સં. (स्त्री.) તે સ્ત્રી-રુખમણી.

વધામણી = શુભવર્તમાન, ખુશખબર. (સં. वर्द्धमान આબાદથતું, वृध વધવું.)

૬. **ખેડાવીઓ**—(સં. कृष् ખેડવું-પ્રે૦ ભેદે.) હંકાવ્યો-રથનાં પૈડાંથી જમીન-પર ચીલા પડે તે જાણે ચાસ. [સં. खिद् પ્રે૦ ભેદે खेदय् થકવવું—એ વખતે ખદેડવાને અર્થે પ્રવર્તેછે.] [અતિ ઉતાવળો.

વાયુવેગેકરી—અવ્ય૦. સં. (वा વાવું ; विज् હાલવું, ધ્રુજવું.) પવનની ગતિએ,

કુંદનપુરી—સં. રુખમણીના બાપનું શેહેર, વિદર્ભદેશની રાજધાની.

૭. **સુકન**—સં. (शकुन પક્ષી.) સારાંમાઠાં ચિન્હ—અહિંયાં સારાંજ. [મૂળ પક્ષીની ઊડપરથી એ ચિન્હ જોવાતાંહશે. સરખાવો, auspicies—avis પક્ષી, અને specto હું જોઉંછું.]

શ્રીઅંગે—સં. = પોતે. [અમાનુષ્ય માન આપવાને શ્રી શબ્દ વાપર્યોછે ; વળી શ્રી=લક્ષ્મી, અને રુખમણી એ લક્ષ્મીનો અવતાર.]

૮. **વામ**—સં. = ડાબું.

ઉર—સં. (उरस्.) છાતી ; સ્તન.

બાહુ—સં. (बाह् બળવાન થવું.) હાથ.

ફરકી = રઇરઇને એકાએક ધ્રુજી.

વિમાસણ—સં. (विस्मय ?) આશ્ચર્યસાથે મોટા અંદેશામાં પડવું તે ; ઉંડો વિચાર. [વિમાસણ કરવું—એમ બોલવાનો સાધારણ રિવાજ છે.] પોતાનું ડાબું અંગ ફરક્યું એ જોઇ એનું ફળ કેવું હશે એમ રુખમણી વિચારતાંહતાં એટલામાં પોતે કૃષ્ણને તેડવા મોકલેલા બ્રાહ્મણને આશ્ચર્ય પામી વિચાર કરતાં કરતાં આવતો દીઠો ; વિમાસણ એટલામાટે કે આટલીવારમાં શીરીતે આવી પોંચ્યા. [સ્ત્રીનું ડાબું ને પુરુષનું જમણું અંગ ફરકે એ શુભચિન્હ ગણાયછે.] [કૃષ્ણ (લક્ષણા.)

૯. **પ્રાણ**—સં. (अन् શ્વાસલેવો.) જીવ. ૨. જેની આશે પ્રાણ ટકીરહેલો તે-

૧૦. **સમીપ**—સં. = પાસે.

૧૧. **પધરાવ્યા** = આણ્યા, તેડીલાવ્યા. [દેવી માનસાથે બોલાવવાને અર્થે આ શબ્દ વિશેષ વપરાયછે.] [રહ્યોછે તેને-કૃષ્ણને.

પ્રાણજીવન—સં (अन् શ્વાસલેવો ; जीव् જીવવું-પ્રે૦ ભેદે૦.) જેવડે પ્રાણ.

(રુખમણીવિ० ११—२०.)

(११-ખ) રુખમણીનું બોલવું છે-તમે મારા પ્રાણના આધારને તેડીલાવ્યા તેને યોગ્ય ને તેના પ્રમાણમાં હું તમને કંઇજ આપતી નથી.

અલં० સ્વપ્ન.

१२. **જગદંબા**—સં (जगत् + अंबा.) જગત્‌ની માતા, આદિમાયા. [રુખમણી એ આદિમાયાનો અવતાર છે; સીતાજી પણ. જો० ગિર० અ० ३३—९.]

મંદિર—સં. (मद्—मंद् સંતોષ પામવું, ખુશ થવું.) ઘર.

१३. **દ્વારિકા**—સં.—કૃષ્ણનું શેહેર-ગુજરાતની તે સમયની રાજધાની.

કેમ નીપન્યું—સં (किम् શું; निष्पन्न બન્યું.) શું થયું.

કથી—(સં. कथ् ધા०) વિસ્તારથી વર્ણન કરી, અથઇતિ, સઘળું.

બળદેવજી—બળિભદ્ર, રામ (જો० પ્રેમા० અ० २६-२.)

१४. **હળધર**—સં. (हल હોળ, धृ ધરવું.) બળદેવ, બળભદ્ર. સમા० દ્વિ० [એનું આયુધ હળ હતું માટે આ નામ.]

१५ **પળ્યા**—(સં. पलाय् નાસીજવું.) ગયા.

શીઘ્રતા—સં. = ત્વરા, ઝડપ, ઉતાવળ. [રાજા.

१६. **ભીમક**—સં. (भीष्मक. भी બીવું-પ્રે० ભેદે.) રુખમણીનો બાપ વિદર્ભદેશનો

સનમાન—સં. (संमान). આદરસત્કાર; માનથી મળવું તે.

હળીમળા = મળીભેટીને.

१७. **ઉતાર્યા**—(સં. उत् + तॄ ઓળંગવું-પ્રે० ભેદે उत्तीरय्.) મુકામ આપ્યો.

સ્થળે—સં. (स्था રેવું.) ઠેકાણે, ઘરમાં. [સમા० ચ०

જાનીવાસો—સં. (जन्यवास.) વરની સાથેનાં માણસોનેમાટે મુકામ.

ઇચ્છાબળે—સં. (इष्—इच्छ् ધા०) ઇશ્વરઇચ્છાએ, એનીમેળેજ.

१८. **બહુવિધિ**—સં. (विधा નીમવું.) ઘણીઘણી રીતે. સમા० અવ્ય०; બહુ०

આભૂષણવસ્ત્ર—સં. (भूष् શોભાવવું; वस् પેરવું.) ઘરેણાંગાંઠાં અને પોષાક, લુગડાં. સમા० દ્વ૬.

ઠર્યું—હિં. (સં. સ્થિર ૯૮-ઉપરથી.) પ્રસન્ન થયું, સંતોષ પામ્યું.

१९. **આગતાસ્વાગતા**—સં. (आगत આવેલા, सु + आगत ભલે આવ્યા.) આદરમાન, પરોણાચાકરી.

२०. **સુઘડતા**—હિં. = ચતુરવિવેકીપણું. (સં. सु સારીરીતે, घट् ગોઠવવું ?)

મોહ—સં. (मुह् ધા०) રૂપગુણકર્મથી સામાનું મન લોભાવું તે.

જોગ—સ. (योग्य—युज् જોડવું—નો વિધિલિંગકૃદંત.) લાયક.

[મોહ પામ્યું સહુ—આ રીતે નપુંસકલિંગ વાપર્યાથી ઘણી મોટી સંખ્યાનો ભાવ આવેછે-લશ્કરમાં એટલું માણસ કે ગણતાં પાર ન આવે.]

(રુખમણીવિ૦ ૨૧—૨૪.)

૨૧. **સુકૃત**—સં. (सु સારીરીતે, कृत કરેલું.) સારાં કામ, પુણ્ય. સમા૦ કર્મ૦
આં—અવ્ય૦ = અહિયાં, આ બાબતમાં. [આપો.
ફળો—સં. (फल धा०) ફળનો લાભ આપે એવી હાલતમાં આવો, ફળ
તેથકી = અમારાં પુણ્યનેલીધે, અમારાં પુણ્યનાં ફળરૂપે.

[પુણ્ય-પુણ્યનાં ફળ પણ બીજી વસ્તુની માફક અપાયલેવાય, કે માત્ર લોકોની એવી શુભેચ્છા?]

૨૦-૨, અને ૨૧-માં અલં૦ સ્વપ્ન.

૨૨. **તોરણ**--સં. = આંબાનાં કે આસોપાલવનાં પાંદડાંના હાર.
કદળીસ્તંભ—સં. (स्तंभ ટેકો આપવો.) કેળના થાંભલા, કેળ થાંભલીની માફક રોપેલી. સમા૦ કર્મ૦ (ગુજરાતીમાં-બ૦ થાય.)
કહી નવ જાય = વરણી નહિ શકાય. [કવિતામાં વપરાયછે. જાય, એ કંઇ ગતિવાચક ધાતુ ન હોય, પણ जन्-जा થવું-ઉપરથી હશે. "શ્રીગણેશના ગુણગ્રામ તે ગ્રંથે લખ્યા નવ જાય.")

૨૩. **પીઠી**—સં. (पिष्ट-पिष् દળવું-નો ભૂ૦ કૃ૦) સુકી દળેલી સુગંધીસાથે હળદ. [વરકન્યાને શરીરે થોડાક દાડા આગમચજ એ ચોળવાનો રિવાજ છે.]
મંગળ—સં. (मग्-मंग् હાલવું.) આશીર્વાદનાં ગીતો.
શિશુપાળ—સં.-દમઘોષનો વસુદેવની બેનથી થયલો પુત્ર. [એ જન્મ્યો ત્યારે એને ચાર હાથ ને ત્રણ આંખ હતી. એની માએ એને મારીનાખવામાંડ્યો ત્યારે આકાશવાણી થઇ કે જેને હાથે એનું મોત થવાનુંછે તેના જોવાથી એના બે હાથ ને એક આંખ ખરીપડશે. સગાંસંબંધી જોવા આવ્યાં તેમાં કૃષ્ણ પણ હતા. એના જોવાથી તેના બે હાથ ને એક આંખ ખરીપડયાં. શિશુપાળની માએ કૃષ્ણને કહ્યું કે તું એને મારીશ નહિ, ત્યારે કૃષ્ણે કહ્યું કે એના સો અપરાધ સાંખ્યાપછી મારીશ. રુખમણીનાં લગન શિશુપાળસાથે થવાનાંહતાં તેથી તે જાન લઇ આવેલો. કૃષ્ણે રુખમણીનું હરણ કર્યું તેથી કૃષ્ણશિશુપાળને વેર પડયું. પાંડવના રાજસુયજ્ઞમાં શિશુપાળે કૃષ્ણને સો ગાળ દીધી ત્યારે તેણે તેનું માથું પોતાનાં સુદર્શનચક્રવડે ઉડાવીદીધું.

[(૨) આ બોલવું લોકોનું છે, લોકોના ભાવમાં કવિ પણ એમ કહીશકે. પેલો—શબ્દ આવે ઠેકાણે તિરસ્કાર બતાવેછે-પછી હાસ્યમાં કે ખરો.]

૨૪. **મધ્ય**—અવ્ય૦ સં = વચ્ચોવચ.
ચરણ—સં. (चर् ચાલવું.) પગે.

(૨) વચમાં રુખમણી પગે ચાલેછે અને આસપાસ ફરતી ઘણી સ્ત્રિયો ચાલેછે. [પણ ત્યારે ૩૭ માં, નિજરથદંડ ગ્રહી ઉભાં રુખમણી ઇ૦ છે, તે કેમ? દેવાલયની બાર રથ હોય, અને પછી રથમાંથી ઉતરી દેવલમાં જતાંસુધીનું વર્ણન હોય.]

(રુખમણીવિ० ૨૫--૩૦.)

૨૫. **ખડ્ગ**—सं. (खड् ચીરવું.) તલવાર.
શસ્ત્ર—सं. (शस् ઘાયલ કરવું.) હથિયાર.
પાંકીરયાં = ઘા કરવા ટાંપીરહ્યાંછે, તૈયાર ઝળકીરહ્યાંછે.

૨૬. **નૈવેદ**—सं. (व्य. निवेद આપવું તે.) દેવને ધરાવેલું ખાવાનું, પરસાદ
તંબોળ—सं. (तांबूल.) પાન, પાનની બીડી.
ધરાવીઆં—(सं. धृ લેવું-પ્રે० ભેદે.) દેવની આગળ મૂક્યાં, અર્પ્યાં.

૨૭. **ધરી**—(सं. धृ ધરવું.) ધરાવી, ઉપર ચડાવી.
ભરથાર—सं. (भर्तृ. भृ પોષવું.) પતિ, ધણી, વર.
ફળ—सं. (फल् ધા०) લાભ, પોતે પૂજા કરી તેનું પરિણામ.

૨૮. **ગુરૂપત્ની**—सं. = ગુરુની ધણિયાણી, ગોરાણી.
મુખદ્વારે—सं. (द्वृ ઢાકવું.) મોડેથી, મારફતે. [સંસ્કૃતમાં मुख કે द्वारा એકજ હોય, બેઉ નહિ.)
ઉમા—सं. = પાર્વતી. [શિવ પતિ પામવાને એ ઉગ્રતપ કરી દેહ દમતી-હતી ત્યાં આવી એની મા મેનાએ કહ્યું – उ અરે, मा નહિ=અરે પુત્રી, તું આમ દેહ મા દમ. તેપરથી આ નામ.)
ઇચ્છાવર—सं. (इष्–इच्छ् ધા०; वृ પસંદકરવું.) ધારેલો પતિ. સમા० મ૦
કારણ—सं. (कृ કરવું.) મનની મતલબ, ધારણા, હેતુ, ઉમેદ.
સિધ—सं. (सिद्ध–सिध् ધા०નો ભૂ० કૃ०) પારપડેલી, બરઆવેલી.

(૨) પાર્વતીજી જાતે નહિ બોલતાં ગોરાણીને તેણે પ્રેરણા કરી ને તે બોલ્યાં એટલે જાણે પાર્વતીજી બોલ્યાં કે—તારો ઇચ્છેલો વર મેળવવાની તારી જે ધારણા તે પારપડીચૂકી સમજ-તેવિષે કંઇ ચિંતા ન કર.

૨૯. **સુકુમારી**—सं. (कुमार બોલવું.) સારી–સુઘડ છોકરી-સ્ત્રી. સમા० કર્મ०
સખીકરે કર ગ્રહી = બેનપણીનો હાથ પોતાને હાથે ઝાલીને.

૩૦. **વાસુકી**—सं.—એક મોટો નાગ જેને વિષ્ણુના કૂર્મઅવતારમાં સમુદ્ર મથતીવેળા નેતરાંને ઠેકાણે મંદ્રાચળ પર્વતની આસપાસ વિંટાળ્યોહતો.
વેણ—सं. (वेणी. वेण् હાલવું.) ચોટલો ગુંથેલો.
સચીકણ—सं. (सचिक्कण. चिक्कण ચીકણું, ચળકતું.) તેલફુલેલના ચિકાસ-વાળી, તેજમારતી. સમા० બહુ० [અથવા બહુ०
અર્ધચંદ્રાકારે—सं. = અરધા-સાતમઆઠમના ચંદ્રસરખું. સમા० કર્મ०
નાસા—सं. (नस् અવાજ કરવો, સુંઘવું.) નાક.
શુક—सं. = પોપટ.

(રુખમણીવિ૦ ૩૦—૩૩.)

નાસા જાણે શુક વળી રે=નાક વળેલું પોપટની ચાંચસરખું.
૨. અને નાક પોપટના નાક—ચાંચસરખું.
અલં૦ ઉપમા, ઉત્પ્રેક્ષારૂપક.

૩૧. **શશી**—સં (શશ સસલું-ચંદ્રમાં એવો આકાર દેખાયછે માટે.) ચંદ્ર.
દંતપંક્તિ—સં. (पच् પસારવું.) દાંતની હાર, હારબંધ દાંત.
કુંદકળીપુષ્પ—સં = કુંદનાં પૂરાં ખોલેલાં નહિ એવાં ફૂલ, કુંદફૂલની કળીઓ. समा० ५०.
વરખેછે—(સં. वृष् છંટકાવ કરવો.) પડેછે વરસાદની માફક.
હરખતાં—અવ્ય૦. (સં. हृष् ખુશથવું.) હાસ્ય કરતાં, મંદ મધુરું હસતીવેળા.
(૨) મંદ મધુરું હસતીવેળા એના હારબંધત શ્વેત દાંત તે જાણે કુંદફૂલની કળીઓ વરસતી હોયની! અલં૦ ઉત્પ્રેક્ષારૂપક, અને-ઉપમા ગુપ્ત છે.
(૧) અલં૦ અતિશયોક્તિ.

૩૨. **ત્રાજૂડી** = નાનો કાંટો-તોળવાનો. ત્રાજૂડું લઇએ તો=છુંદણું.]
શોભીએ—(સં. शुभ સારુ દેખાવું.) શોભેછે.
રદે—સં. (हृदय.) છાતીએ.
કટિ—સં. = કેડ.
લોભીએ—(સં. लुभ्-ધા૦ પ્રે૦ ભેદે.) લોભાવે, મોહ પમાડે. [અકર્મક પણ લેવાય. શોભીએ-લોભીએ, એ પ્રથમપુરુષ નથી.]
(૧) ત્રાજૂડી શોભીએરે= નાના લટકલટક થતા કાંટાસરખી શોભતી. અલં૦ ઉત્પ્રેક્ષારૂપક. ત્રાજૂડું૦=આંખ મોટી અણિયાળી ચપળ અમે છુંદણું શોભીરહ્યુંછે—ગાલે કે કપાળે. (૨) છાતીએ એક હાથ, રાખેલોછે, અને કેડ સિંહના સરખી પાતળી છે; અથવા છાતી-બે સ્તન તે કર-હાથીની સુંડ -બે કુંભસ્થળ છે, અને કેડ ઇ૦ ; આ બધા ઠાઠથી કૃષ્ણનું મન લોભાયજ. [હરિ શબ્દ વાપર્યાથી વર્ણન વિશેષ સતેજ થાયછે. હરિ-બીજાનાં મન હરવાવાળાનું પણ મન લોભાય.]

૩૩. **મંદગતિ**—સં. (मद् આળસ કરવું; गम् જવું.) ધીમી કતી ચાલથી.
નૂતન—સં. ='નવાં; કંઇ નવીજ તરેહનાં. [समा० कर्म०
નખશિખ—અવ્ય૦. સં. (शिख् હાલવું.) પગના નખથી તે માથાપરના નિમાળાની અણીસુધી, આખે શરીરે સઘળેજ. समा० अव्य०.
આભ્રણ—સં. (आभरण. भृ પોષવું-વધારવું સુંદરતાને.) ઘરેણાં.
દુષ્ટઉર—સં. (दुष् બગડવું-નો ભૂ૦ કૃ૦ दुष्ट.) પાપીનાં અંતઃકરણને તો.
દુષ્ટઉર શસ્ત્ર છે=પાપી વિચારના માણસોની, અથવા શીશુપાળની સાથે આવનારની છાતીમાં તો તે ઘરેણાં હથિયારની માફક સાલેછે.

(રુખમણીવિ૦ ૩૪—૪૦.)

૩૪. **નિરખવાકારણે**—सं. (निरीक्षण. निर् + ईक्ष धा०) ધારીને જોવાસારુ.
કેશ—सं. (क માથું, ईश सत्ता ધરાવવી.) નિમાળા
લટકો = છટાવાળો ખુબીભર્યો ચાળો. (सं. लट् બાળક થવું-જો૦ પદ. ૧-૩.)
વારણે = ઓવારણાં લેતીહોય તે પ્રમાણે હાથ કરી. [वारण-वार् દૂર કરવું. વારણાં-ઓવારણાં-નો ખરો અર્થ આવો છે-પોતાનાં વાલાંને જોઇ તેને કોઇ દાડો સંકટ ન આવે, આવ્યુંહોય તે જાય ને સદા સુખમાં રહે એવો આશીર્વાદ દેતાં, અથવા ક્ષેમકુશળના હરખમાં તેની તરફ હાથો કરી તે બે હાથની મુઠ્ઠીઓ પોતાનાં લમણાં આગળ રાખી તેના ટાચકા ફોડવા તે.] [આ કડી ઘણી રસભરી મીઠી છે; એમાં બે ભાવ મિશ્રિત છે-બાલ્યાવસ્થાનું નિ:શંક ને નિડરપણું, અને તેની સાથે યુવાવસ્થાના આરંભનું લટકું. નિમાળા મુખપર ઝુમીરેવા એ બાલ્યાવસ્થા સૂચવેછે, અને કૃષ્ણને જોવાના હેતુથી તે ખસેડવા એ પ્રેમનો આવિર્ભાવ.]

૩૫. **મુર્છિત**—सं. (मुर्च्छ्—मूर्च्छ् धा०) અચેત, બેભાન, બેહોશ.

૩૬. **તારૂણી**—सं. (त० तॄ ઓળંગવું-બાળપણ.) જુવાન સ્ત્રી-રુખમણીએ.
નેત્રવડે—(नी દોરવવું.) આંખને અણુસારે, આંખે ઇશારત કરીને.
સમો—सं. (સમય.) વખત, ખરો વખત, તક, લાગ. [ખરું રૂપ-સમે-હોય, समय-समइ-समे.]

૩૭. **નિજ**—सं. = પોતાનો—રુખમણીનો.
દંડ—सं. (दंड् શિક્ષા કરવી.) દાંડો, ડાંગવો.

૩૮. **જે જે**—सं. (जय जय.) જીત થાઓ, કલ્યાણ થાઓ, સઘળાં રૂડાં વાનાં થાઓ—એવા બોલનારના શુભેચ્છાસૂચક શબ્દો. [સમૂહ-લેતાં.
સુરજંન—सं. (०जन. जन् પેદાથવું.) દેવલોક. સમા કર્મ૦; ષ૦—जन =
કર ગ્રહ્યો = હાથ ઝાલ્યો—હાથ પકડી રથમાં ખેંચીલીધાં, અને તેને પરણ્યા.

૩૯. **સ્વજંન**—सं. (जन) સગાંવાલાં; ભગવાનના ભક્ત. સમા૦ કર્મ૦
મુરછા વળી = બેશુદ્ધ અવસ્થામાંથી શુદ્ધિમાં આવ્યા ત્યારે.
શ્યામ વદંન—सं. (०वदन. वद् બોલવું.) કાળાં-ઝંખવાણાં-ઓશિયાળાં મોડાં. [શ્યામ, કારણ કે તેઓ શિશુપાળસાથે આવેલા અને કન્યાનું કોઇ હરણ ન કરીજાય માટેજ તેઓ ધજતલવારે સાથે ગયલા. એ મોટામોટા રાજાઓતરફ તિરસ્કાર અને કંઇક માન એવી બે લાગણી કવિ દાખવેછે-શ્યામવદન, એ તિરસ્કાર બતાવેછે, ને મુરછા આવી તે વખતમાં કૃષ્ણની પાસે રુખમણીનું હરણ કરાવ્યું, એ કંઇક માન સૂચવેછે.)

૪૦. **હરણ**—सं. (हृ લઇલેવું.) બળાત્કારે-જબરજસ્તીથી લઇજવું તે.
अलं० સ્વમ.

नर्मकविता.

ઋતુવર્ણનમાંથી—વર્ષા. (૧—૫.)

૧. ઉકળાટા—સં. (उत्कल ઊંચે ફેંકવું.) ગરમીથી અકળામણ, પરિતાપ, ધામ.

અભ્ર—સં. (अप् પાણી, भृ ભરવું, રાખવું. फा. अब्र.) આભલાં, વાદળાં.

સકળ—સં. (स સાથે, कल વિભાગ.) સઘળા, બધા. [તો નખરાં.]

ચાળા—(સં. चल् હાલવું.) ચિન્હ, નિશાની. [આ શબ્દનો સાધારણ અર્થ ઘડીઘડી, અહિંતહિં. અલં૦ છેકાનુપ્રાસ.

૨. પસરીજ—(સં. प्र+सृ ફેલાવું. પ્રે૦ ભેદે.) પસારીને, પોળી કરીને.

અરણવ—સં. (अर्णव. अर्णस् પાણી.) સાગર, સમુદ્ર, દરિયો.

[કેટલાંક ગુલાબી રંગનાં જીવડાં જેને રેલિયાં કેછે તેવાં જીવડાંઓ પણ કિનારાતરફ આવેછે. વળી સરખાવો-વાદળમાં વાદળ પેસે, સમળી પાંખ પંખાળી બેસે; જો ચરકલાં ધૂળમાં નાય, (તો) ખરે ઉનાળે એલી થાય.]

૩. થંડ—વિ. = ટાડો ધીમે ધીમે વાતો.

રસ—સં. (रस् અવાજકરવો. ૨. પિગળવું.) મીઠા સૂર. ૨. પારો.

યંત્ર—સં. (यम् નિયમમાં રાખવું.) વાજિત્ર—વાંસળી સતાર સારંગી વગેરે. ૨. બેરામીટર—વાયુમાપક યંત્ર.

(૨) ઝાડો હાલવામાંડેછે અને તેના હાલવાથી ખરર થરર એવો અવાજ થાયછે, અથવા એવા અવાજની સાથે ઝાડો હાલવા માંડેછે. [શબ્દે= શબ્દસાથે-સાહિત્ય અથવા સાહચર્ય બતાવેછે.] (૩) મોરલી સતાર વગેરે વાજિત્રોનો સૂર વિશેષ મધુર નિકળેછે. ૨. વરસાદના તોફાનથી હવાનો ડાબ થોડો થાયછે ને તેથી સાધારણ નિયમકરતાં યંત્રમાંનો પારો ઘણો નીચે ઉતરેછે.

૪. પસરી—(સં. प्र+सृ ધા૦) ચારોતરફ ફેલાઇને. [પદ ૧—૫.]

ઠાલા = તક્કર નહિ તે, પોલા. ૨. ખોટા, નહિ હોય તે છતાં. [જો૦ દયા૦

૫. કમ ગરમિ—વિ. फा. (गर्म. સરખાવો—સં. घर्म.) ઓછી ગરમ.

ખાર—સં. (क्षार. क्षर् પિગળવું.) મીઠું ને એ જાત કે ખાસિયતવાળી ચીજો.

પિગળાએ—(સં. वि+गल् પાતળુંથવું.) ઓગળે, પાણી થાય.

ઉધાઇ = કાગળલુગડાંમાં જે ધોળું લીસું જીવડું થાયછે તે.

(રુતુ૦ ૫—૬. ઉનાળો. ૧—૨.)

ઉભરાએ—(સં. उत्+मृ ભરીકાઢવું.) એકદમ સંખ્યાબંધ નિકળી આવે. (૧) ગરમ હવા કમ હોવાથી ખાર પાણી થઇ જાયછે. (૩) વિશેષે કાગડા.

૬. ધનુષ—સં. (ધનુસ્. ધન્ ફેંકવું. ૨ અવાજ કરવો.) મેઘધનુષ—આકાશમાં જે પંચરંગી કામઠું તણાયછે તે, મસ.

પીત—સં. = પીળું. [એ ધનુષનું નહિ પણ ભાસનું વિશેષણ છે.]

સૂર્યાસ્તભાસ—સં. = સૂર્યાસ્તનો ભાસ, આથમતા સૂરજનો દેખાવ. (અસ નાખવું-નો ભૂ૦ કૃ૦ अस्त. अस्त એ પશ્ચિમમાં એક પર્વત છે જેપર સાંજે સૂરજ જાયછે; भास् પ્રકાશવું.) સમા૦ સ૦

નૈરુતા—વિ૦ સં. (नैर्ऋत.) દક્ષિણપશ્ચિમ ખૂણામાંથી વાતા.

શીતાળા—સં. (शीतल.) થંડા.

(૧) આકાશમાં સારૂં મેઘધનુષ જણાય, આથમતો સૂરજ ખૂબ પીળો દેખાય-હસતો ભાણ ને વરસ્યાવના વાણું ન વાય. [(૨) એને જળ-કૂંડું કેછે. વાદળમાંથી પાણી ટપકવાથી અને તેમાં સૂરજનાં કિરણો પડ્યાથી એ થાય-છે. ઉજળું કુંડાળું એ વરસાદનું ચિન્હ કેવાય છે; રાતું કુંડાળું એ મોટી આગ અથવા બીજી મોટી આફતની નિશાની મનાયછે.]

ઉનાળો.

(આમાં પેલા પાંચ શ્લોકમાં વસંતનું વર્ણન છે.)

૧. સરસ—સ. (रस પ્રવાહી; रस લેજત પડવી.) રસવાળો; થંડો જીવને આનંદ પમાડતો. સમા૦ બહુ૦

મંદ—સં. (मद् આળસુ થવું.) ધીમેધીમે વાતો. [થયલો.

વાસિત—સં. (वास् સુગંધ આપવી-નો ભૂ૦ કૃ૦) સુગંધવાળો, ખુશબોદાર

હોંસ—અ૦ (हवस.) ઉમંગ, કંઇ કામનેમાટે ઉત્સાહ, ઉલટ. [બાગ.

ઉપવન—સં. (उप ઉતરતું-બતાવેછે; वन् શબ્દ કરવો. ૨ ચાલવું.) વાડી,

રમ્ય—સં. (रम् ખેલવું-નો વિધિલિંગકૃદંત.) આનંદ પમાડતાં, સુંદર.

રંગી—સં. (रंज् રંગવું; આનંદ પમાડવું.) જૂદે જૂદે રંગે શોભિતાં,

નવલજ—સં. (नव નવું.) નવાજ, કંઇ જૂદીજ તરેહના, લેજત આપતા.

અનુરાગ—સં. (अनु + रंज् આશકપડવું.) પ્રીતિ, પ્રેમનો ઉભરો, હૈયાનો ઉલટ.

ઉમંગી—સં. (उत्+मंग् ઉછળવું.) હોંસીલાં, કોડીલાં, ઉલટવાળાં.

૨. વિધવિધ વિધ—સં. (विध् ગોઠવવું.) ઘણીઘણી તરેહના. અલં૦ અનુપ્રાસ.

શોભી—(સં. शुभ् ધા૦) સુંદર દેખાયછે અને.

(ઉનાળો. ૨--૪).

ઘટપત્રે—सं. (घट् જોડવું; पत् પડવું.) ખિચોખિચ આવીરયલાં પાંદડાંવાળી.
[ત્રીજી વિભક્તિનો આ પ્રયોગ જાણવા જોગ છે.-ઉપલક્ષણતૃતીયા.]

લેકે=હાલેછે, શોભિતી રીતે ભારથી ને પવનનેલીધે ઝુકી-નમીજઇ મન લોભાવે એમ ઝોલાખાયછે. [આ શબ્દજ રસીલો છે, તેમાં વળી અહિંયાં કંઇ વિશેષ રસ ઉપજાવેછે.] [મધુરરસ—બહુ૦

મધુરરસફળો—सं. (मधु મધ.) મીઠા સ્વાદવાળાં ફળો. સમા૦ કર્મ૦;

વળી—અવ્ય૦-(सं. वल् વળવું.) અને, એ બધાંની સાથે. [વર્ણન કરતાં કરતાં કંઇ કેવાનું રહિ જતું હોય તે કવિ જાણે પાછો ફરી સંભાળીલેતો હોયની!]

પચરંગી—सं.=લાલ લીલો પીળો કાળો ને સફેદ—એ પાંચ રંગનાં.સમા૦બહુ૦

કોડે—(सं. कुड् ખેલવું બાળકની પેઠે.) હોંસથી, ઉમંગથી, ઉલટથી.
(૩) અલં૦ સજીવારોપણ.

૩. **વિવિધ**—सं. (જો૦ ૨. વિધ્ર વિધ વિધ.)

ફુલલતાએ—सं. (फुल्ल ખિલેલું; लत् વિંટળાવું.) ફૂલથી ભરેલી વેલીઓને લીધે. समा० મધ્ય૦

ઝૂલતા—શોભતા, બાર આપતા; મન લોભાવતા.

તરુણ તરુ—सं. (तॄ ઓળંગવું, ઉછળીને નિકળવું.) લીલાંછમ-નવાં જોબનના બારવાળાં ઝાડો.

નરમાદા—फा.=પશુપક્ષી ઇત્યાદિમાં જે પુરુષ અને સ્ત્રીજાતિ તે. समा० દ્વંદ્વ. [સરખાવો स. नर અને मातृ.]

હિંડોળે—सं. (हिंदोल. दुल् ઝૂલવું.) હિંચકે.

મધુરસસુખ—सं.=વસંતરુતુમાં મળતા વૈભવથી સુખ. ૨. વનસ્પતિનો મીઠો રસ ચાખવાથી પડતી લેજત. समा० પં૦

ભાગ્યશાળી—सं.=દૈવવાન, નશીબદાર.
(૨-૩-૪) લીલાંછમ ઝાડો પવનનેલીધે હાલવાથી તેના ઓળાઓ ડોલેછે, અને તેથી ડાળીઓપર બેઠેલાં પક્ષોઓ સજોડે આનંદમાં હિંડોળાની લેજત લેતાં હોય એમ લાગેછે, અને એમ સજોડે હિંડોળે વિલાસ કરતાં એ પક્ષીઓ વનસ્પતિના મીઠા રસની લેજત લેછે-ખરે એ દૈવવાન છે; અક્ષા-દૈવવાન હોય તેઓજ વસંતરુતુની આવી લેજત લેછે.

૪. **કોએલ**—सं. (कोकिल. જો૦ શામ૦ ૪.) એક જાતનું કાળું પક્ષી.
[એના ટૌકા ઘણા મધુરા મોહકર છે.]

રવ—सं. (रु ધા૦) શબ્દ, ટૌકા. [તો=વખાણવાજોગ.

ધન્ય—અવ્ય૦-सं. (धन् વખાણવું.)=વાઃવાહ. [સાદ-નું વિશેષણ લૈયે.

(ઉનાળો. ૪—૭).

મોર—આંબા આમલી આસોપાલવ વગેરેનાં ફૂલને મોર કહેછે.

હરિત—सं. (हृ વશકરવું, લલચાવવું.) લીલા, તાજા.

ગુચ્છ—सं. = ગુચ્છો, ઝુમખો; માજર, લટરો.

મધુકરજૂથ —सं. (०यूथ. મધુ મધ, कृ કરવું; यु જોડવું, એકઠું કરવું.) ભમરાઓનાં ઝુંડ. समा० ष०; મધુકર-દ્વિ०

ધૂમે = ચારેગમ ઉડાઉડ કરી ઝીણો ધુંજતો સોર કરે.

હર્ષઘેલાઇમાં—(हर्ष. सं. हृष् હરખાવું.) અતિશે હરખથી ઉપજેલાં ગાંડપણનેલીધે, અતિશે હરખથી દિવાના બનીજઇ. समा० पं०

(૧) ટોચે મોર ને આંબે કોયલ. (૩) આ ઓળીના પૂર્વભાગમાં રજાથી મેં ફેર કર્યોછે—કેટલાંક કારણસર. હરિત ને સરસ એ ગુચ્છનાં વિ० છે.

૫. સુરખી—फा. (सुर्ख શાતું) રતાશ ભભક મારતી.

કૂમળો—सं. (कोमल.) સખત નહિ તે, નરમળો. [હોવાનેલીધે.

નિરમળશશિયોગે—सं. = સ્વચ્છ ચંદ્રનેલીધે, ચંદ્ર સ્વચ્છ—વાદળાંવનાનો

ફુલપરાગો—सं. = ફૂલમાં જે ઝીણી રજકણ હોયછે તે. समा० स०

ભાવ—सं. (भू થવું. ૨ વિચારવું.) આસ્થા, વિશ્વાસ; ભક્તિ.

[(૨) અર્થ ઉઘાડો છે, તેનીસાથે વિશેષાર્થ આવો લેવાનો છે—કોઇ બીજી સ્રીપર ભાવ નહિ એવા પોતાના ચંદ્રપતિના સમાગમથી રાતરૂપી સ્રી આનંદથી ભરપૂર હોઇ રમણીય જણાયછે—સ્વાધીનપતિકા નાયિકાની અવસ્થા ભોગવેછે.] (૪) પ્રભુ, આ બધી લીલા જોઇ તારી પ્રભુતા ને દયાનો વિચાર કરતાં કોણ આસ્થાથી તારા સ્વરૂપમાં લીન ન થાય ?

૬. મૃગજળ—(सं. मृग् શિકાર કરવો.) ઝાંઝવાંનું નીર, રેતીઉપર તરતો બાફ પાણીજેવો દેખાયછે તે, ખારવાળી તપેલી જમીન પાણીરૂપે દેખાઇ પશુઓને ને વિશેષે હરણને લલચાવી તરફડિયાં મરાવે તે—માટેજ આ

ભાસે—(सं. भास् દેખાવું.) નહિ છતાં દેખાય. [નામ. समा० मध्य०

લૂ = ઉનાળાના દાડામાં ગરમ વનસ્પતિની જે લપટ લાગેછે તે.

ચોદીશા—सं. (चतुर्दिशा—दिश् બતાવવું.) ચારે દિશા. समा० द्विगु.

શૂન્ય—(જો० દયા० પદ. ૨-૨). [જો० તરુવર-શામ० ૪૫.]

સરવર—सं. (सरोवर. सरस् તળાવ, वर ઉત્તમ.) ઉત્તમ તળાવ, તળાવ.

૭. પ્રવાસ—सं. (प्र બાર, वास—वस् રેવું.) સ્વદેશ છોડી બીજા દેશમાં ફરવું તે.

વાદળીતાપ—सं. (वार्दल० वार् પાણી, दल સમૂહ; तप् તપવું.) આકાશમાં છવાઇરયલાં વાદળાંમાં થઇને આવતો—સખ્ત તાપ.

શ્રમ—सं. (श्रम् થાકીજવું.) મેનત, મજૂરી.

(ફનાળો. ૭--૧૦).

સહજ--सं (सह સાથે, ज ઉપજેલું.) સાથે ઉપજેલું, કુદરતી. ૨. સેલું;
૮. **અવર**--सं. = બીજાં. [લગારપણ. જો૦ શામ૦ ૩૩.
રસ--सं. (रस ધા૦) સ્વાદ
મિષ્ટ--सं. (मिष પાણી આવવાં-મોમાં.) મીઠા.
ગુરૂ--सं (गुर યત્નકરવો.) મોટાં.

[(૧) લટકતી-આ શબ્દ પોતાનો ભાવ સૂચવેછે એટલુંજ નહિ, પણ જાણે હૂબેહૂબ કરીબતાવેછે-કેરી આંબાની ડાળીએ તેમ એ શબ્દ ઓળીમાં જાણે લટકે; એનું ઉચ્ચારણ કરતાં જીભની અને ભાવ મનમાં ઉતરતાં મનની પણ એવીજ ગતિ.]

૯. **તળેટી**--(सं. तल તળિયું, तल् સ્થિર કરવું.) ડુંગરના નીચલા ભાગની જગા. તળેટી તેથી = તળેટી જે તેથી, તળેટીથી. (જો૦ શામ૦ ૩૩--૬.)
અટકતી ગાતી = વચમાં વચમાં બંદ પડીને-રહઇરહઇને ગાતી.
કુંજ--सं. (कुज् અસ્પષ્ટ મધુર ગાવું.) વેલાઓથી કે કૂમળાં લીલાં ઝાડોથી છવાઇરચલી જગા કે વાટ. કુંજ = કુંજમાંનાં પક્ષી (લક્ષણા.)
સૂરે--सं. (स्वर.) અવાજથી, લેકતા ઢાળથી.
સરખી--અવ્ય૦ सं. (सदृशी-दृश् જોવું.) સામટી, આગળપાછળ નિકળી ન જતાં એકસંગે, તૂટે નહિ એમ.
કૂપસારંગી--सं. = કુવાની સારંગી-કોસ-રેંટ; રેંટનું પાણી હવાડામાં પડે તે-છરર પડતું પાણી ૨. રેંટ ફરતાં ચૂંચૂં થતો અવાજ. ૩. કૂવામાં માળા કરી વસનારાં પક્ષીઓનું ચૂંચૂં કરી બોલવું.

(બીજી લીટી જૂદી લઇ ત્રીજીચોથીનો ભાવ એક લેવાનો કવિનો વિચાર જણાયછે; પણ બીજી, અને ત્રીજીના પૂર્વાર્ધનો ભાવ એકઠો લેતાં રસ બગડતો નથી.]

૧૦. **ચરીકરી** = ચરી પરવારીને, ચરીને
ગોવારૂં--सं. (गोवृंद ?) ગાય-ઢોરનું ટોળું.
રમણિય--सं. (रम् ખેલવું.) જોતાં જીવ ખુશ થાય તેવું.
થંડ--सं. = થંડક પસારે એવું. (લક્ષણા.)
દિનાંતસીમા--सं. = સાંજે ઝળઝળાંની આખર કે સાંજની શોભા.
શાંતું--(सं. शम् શાંત પડવું.) જોસ્સાઓને દબાવી સ્થિરવૃત્તિમાં રહું, લીન થઇરહું, ધુમ થઇજાઉં.
પોકળી = આકાશ, ખાલી જગા, પોલાણ-બ્રહ્માંડનું કે પિંડનું.

(૪) આ બધી રચના ને શોભા જોવાથી મન પિગળી એક જાતનો અલોકિક રસ ઉપજે તે ઘુંટડેઘુંટડા પીને કેરી બની-સંસારની ઉપાધિઓ ભૂલી ઇશ્વરસંબંધી વિચાર કરતાંકરતાં બ્રહ્મમાં લીન થઇરહુંછું-બ્રહ્માનંદમાં મગ્ન થાઉંછું.

ઈશ્વરપ્રાર્થના. (૧—૨).

૧. **અનંતગોળકરતા**—સં. (कर्त्ता.) અગણિત ગોળા-ભૂગોળ ચંદ્રગોળ સૂર્યગોળ ઇત્યાદિના બનાવનાર. સમાં૦ ૫૦.

દેવાધિદેવા—સં. (दिव् પ્રકાશવું; अधि ઉપર.) દેવોના ઉપરી દેવ, પરમેશ્વર.

આંખ—સં. (अक्षि.) દૃષ્ટિ, નજર; કૃપાદૃષ્ટિ, રેમનજર; કૃપા, રેમ. (લક્ષણા.)

વિઘ્નહરતા—સં. (૦ર્ત્તા. वि + हन् અટકાવવું; हृ ટાળવું.) અડચણ મટાડનાર, [સંકટ ટાળનાર.

યોગ્ય—સં. (युज् જોડવું.) ઘટતાં, લાયક.

ભર્યાંછે યોગ્ય પગલાં=લાયક સુધારાના કામમાં કૃતેહથી આગળ વધ્યાછિયે. યોગ્ય પગલાં=યોગ્ય કામમાં પગલાં. (લક્ષણા.)

તે તે = તે સઘળી.

કર્તવ્યો—સં. (कृ ધા૦ નો વિધિલિંગકૃદંત.) કરવાનાં કામો.

મતિ—સં. (मन् ધારવું.) બુદ્ધિ, સમજ; પ્રેરણા.

જે જે-(૧) જયજય; (૩) જે કંઇ. [સૂ ઉમેરાયછે.)

૨. **પરસ્પરે**—સં.=એકબીજાસાથે, માહોમાંહે. સમા૦ કર્મ૦ (પર+ પર; વચમાં

કરવ—(સં. कृ ધા૦ પ્રે૦ ભેદે.) કરાવ, કરિયે એમ કર.

સુધારો—(સં. धृ ધરવું, રાખવું.) સારો ફેરફાર, કોઇ જૂની બાબતમાં ફેરફાર કરી તે વધારે સુગમ લાભદાયક થાય તેમ કરવું તે.

દેશીઓ—સં. (देशीय. दिश् બતાવવું.) દેશ-હિંદુસ્તાનના લોકો.

સેજ—અવ્ય૦ સં. (सहज. सह સાથે, ज ઉપજેલું.) ઉતાવળે અને તે વળી સેલથી-ઝાઝી અડચણ નહિ નડતાં. [જો૦ શામ૦ ૩૩ સહજમાં.]

જાતિબંધનકોટ—સં. (जन् પેદાથવું; बंध् બાંધવું; कोट्ट કિલ્લો-कुट् ટૂંકું થવું.) એક વર્ગના લોકે બીજા વર્ગના લોકોસાથે જમવાખાવા વગેરેનો વેવાર ન રાખવો, કોઇ રાખે તો તે વટલી ભ્રષ્ટ થયો-એવું જક્તિ થઇગયલું મત એજ કોઇ મોટો અટકાવ-હરકત. સમા૦ કર્મ૦; અલં૦ રૂપક.

બુદ્ધિસાહસબળે—સં. (बुध् જાણવું; सहस् શક્તિ; बल् જોરાવર થવું.) બુદ્ધિ ને સાહસનાં બળથકી, અમને બુદ્ધિ આપીને અને અમારામાં સાહસની પ્રેરણા કરીને. સમા૦ ૫૦ સાહસ=જે કામ પ્રારપાંડવામાં ભારે નુકસાનનો સંભવ હોય તેવું મોટું કામ કરવાને છાતી ચલાવવાનો જોસ્સો.

વેમાની બલા—અ૦ = વગરઆધારે ખરા માનીલીધેલા વિચારો એરૂપી પીડા-આફત-નડતર. [જો૦ શામ૦ ૫૧-લોભનો અગ્નિ.]

(૩) કોઇ કિલ્લાનો કોટ તોડ્યાથી અંદર ઘેરાયલાં માણસો છૂટથી બાર

(ઇશ્વરપ્રા૦ ૨--૪. કબીરવડ. ૧—).

નિકળીપડેછે, તેમ જાતિબંધનરૂપી હરકત જે દેશની ચડતી થવામાં આડે આવ્યાકરેછે તે મટે તો પછી બીજી અડચણો આપોઆપ અથવા ઘણે થોડે પ્રયાસે ટળીજાય માટે ઇ૦

૩. સામે—અવ્ય૦-સં. (सम्मुख.) સામી બાજુપર, શત્રુરૂપે; જૂના વેમો-વેમી વિચારનાં માણસોથી ઉલટા પક્ષપર.

ઉભુંરેહતાં=હિમ્મત હારી પાછી પાની ન કરતાં સામી ટક્કર લયાકરવામાં.
લાગે = લાગ આવેથી, દાવ ફાવેથી.
વધીજતાં = ધસીજવામાં; પોતાના સુધારાના મતો થાપવામાં.
જોઇતા = જોઇએ, જરૂરના છે. [समा० कर्म०
સન્મિત્ર—સં. (मिद् પિગળવું.) સારા વિચારના મોટા મનના દોસ્તો.
ઘરવેર—સં. (गृहवैर.) માહોમાંહેનો વિરોધ, ખાનગી અદાવત. समा०कर्म०
પ્રેરણા—સં. (प्र+ईर् આગળ મોકલવું.) અંદરથી ઉસ્કેરવું જગાડવું તે.
ઉત્કર્ષતા—સં. (उत् ઊંચે, कृष् ખેંચવું.) ચડતી. આબાદી.

૪. વિનવિયે = આજીજી કરી મદદ માગિયે.
હિત—સં. (धा આપવું-નો ભૂ૦ કૃ૦) લાભ, ફાયદો, ભલું.
જાણીને—(સં. ज्ञा ધા૦) વિચારીને. [એવા પોકારો ઉઠાવી.)
હુંહું કરી—(સરખાવો શુદ્ધસંસ્કૃત—अहमहमिका.) હાં! હિમ્મત ધરો-
મોખરે—સં (मुखाग्रे मुख મો, अग्र આગલો ભાગ.) લશ્કરની આગળ.
જશતણો = જીતનો, ફતેહનો. [પોકાર.
ડંકો—સં. (ढक्का) નગારું, નગારાં વગેરેથી ઉઠાવેલો જયનો શબ્દ, ફતેહનો

(૩) ઝુંડો કર્યો મોખરે=સુધારાના આગેવાન થઇ બાર પડ્યા.

(૪) જૂના વિચાર દબાવી સુધારો પ્રબળ થાય એવું કરવું એ તો, હે સરદાર, તારે હાથ છે, એમ થાય ત્યારે તો રંગ રહે.

કબીરવડ.

૧. ભૂરો ભાસ્યો ઝાંખો = ભૂરો નહિ છતાં ઝાંખા ભૂરા રંગનો જણાતો
ધુમસે—સં. (धूम.) સવારસાંજ ધુમાડાજેવી જે ઘાડી હવા દેખાયછે
નદી—નર્મદાનદી. [તેનેલીધે.
નિરભયપણે—(સં. निर्भय—भी બીવું.) બીક ન રાખી, નદીની છોળોને ન ગણકારતાં. [ઈંગ્રેજી કવિ કૌપરે પોતાના સોફામાં લીટી ૩૮૦-૪ માં એક પવનના ઝપાટાને બેદરકાર વર્ણ્યોછે, તેજ ભાસ અહિંયાં પડેછે.]

(કબીરવડ. ૧—૧૦).

એકસરખો—सं. (सदृश.) ઢળતો કે લટીજતો નહિ પણ ટટાર સીધો. ૨. જેવોનેતેવો.

દીસ્યો—सं. (दृश्य.) દેખાયછે. ૨. જાણે હોયનિ તેવો. [જગાએ.

એકાંતે—सं. (एक, अंत છેડો.) નિરાંતની જગાનાં કારણથી. ૨. નિરાંતની

(૩-૪) કોઇ હાર પામેલો જોદ્ધો સવારમાં નિરાંતની જગાએ ઇશ્વરનું ધ્યાન ધરતો પોતાનો શોક હરતો હોય, તેવો કબીરવડ છે—સવારમાં પોતાની નીચે નિરાંતની જગાનાં કારણથી જોનારનો શોક હરેછે. સાદે અર્થે--ઉપલી ત્રણ ઓળિમાં વર્ણ્યો એવો શોક હરનારો કબીરવડ છે.

૨. **કદે દેખાવે** = મોટાં કદથી અને ભવ્ય રમણીય દેખાવનાં કારણથી ; કદ અને દેખાવનો વિચાર કરતાં.

અચરતી—सं. (आश्चर्यता.) અજાએબી પેદાકરતી ચીજ.

મોરાંનો—फा. (मोहोरु. સરખાવો-सं. मुखाग्र મોખરું.) મોરું=રૂપગુણ-ચાતુરીમાં બારપડતું-શોભીનિકળતું માણસ. મોરાંનો = આવી શોભિતી આશ્ચર્યતા ઉપજાવનારી વસ્તુના કારણથી. અલં૰ સજીવારોપણ.

સત્સંગે—सं. (सत् પવિત્ર માણસો ; संज અડકવું, મળવું.) પવિત્ર માણસની સોબતનેલીધે, પવિત્ર માણસના સંબંધથી.

કબીરાભગત = કબીરપંથી લોકો.

પ્રજાનીવૃદ્ધિએ—सं. (प्र આગળ, जन् પેદાથવું ; वृध વધવું.) એક વડમાંથી ઘણી વડવાઇઓ થઇછે ને નવીનવી થતીજાયછે માટે.

(૨-૪) અલં૰ પૃચ્છા.

તંતુ—सं. (तन् લંબાવવું.) રેષા, મુળિયાં, કુમળી વડવાઇ. [ચોટલો.

જટા—सं. (जट् ગુંચવાઇજવું.) લાંબાં લટકતાં મુળિયાં. ૨. લાંબો ગુંથેલો

સંકેલી = વિખરાયલી હતી તે એકઠી કરીને. (सं. सम् + कृ એકઠું કરવું-નો ભૂ૰ કૃ૰ संकीर्ण ; અથવા—सम् + कील् ખેંચી બાંધવું.)

ગિરિ—सं. = પર્વત-કૈલાસ.

(૧-૨) પ્રથમ તરુકેરી ડાળોમાંથી ફૂટીનિકળતા ખૂંચે તેવા તંતુ ઇ૰ [રચના ઘણી ધીટ-છૂટભરેલી છે. (૩-૪) અલં૰ ઉત્પ્રેક્ષારૂપક.

૧૦. **ભાનુ**—सं. (भा પ્રકાશવું.) સૂરજ.

મથી—(सं. मथ् વલોવવું.) બળાત્કારે શ્રમ કરે તો પણ.

ભેદી—(सं. भिद् ભાંગવું, ફોડીનિકળવું) ઘટામાંહેથી પેસી.

ઘટા—(सं. घट જોડવું.) ખિચોખિચ આવીરહેલાં પાતરાંનો છાંયડો.

(કબીરવડ. ૧૦--૧૩).

मित—सं. (मा માપવું-નો ભૂ૦ કૃ૦) જોઇએ તેટલોજ, માફકસર.

૧૧. જંતુ—सं. (जन् પેદાથવું.) જીવડાં.

અમળ—सं. (मल મેલ.) નિર્મળ, ચોક્ખું-૧ કોઇ બીજાં પ્રાણીને ઇજા ન થતાં મેળવીશકાય તેવું. ૨. ઊંચી જાતનું. સમા૦બહુ૦અમળસુખ-કર્મ૦

(૪) એવી વિશાળ જગા કે હજારો લોકો મોકળાસે રહિ શકે.

૧૨. બેટ--જે બેટ ઉપર કબીરવડ છે તે. [' એ મોટોછે—પંદર મેલનો આસરે ઘેરાવો કેવાયછે. હોડીવાળાઓ કેછે કે સવારે નિકળ્યાહોઇએ તો સાંજે પ્રદક્ષણા કરીરેવાય. ઝણોર નામના વાંસીઆ ઠાકોરના ગાનઆગળથી નર્મદાના બે ફાંટા જૂદા પડેછે. એવું કેવાયછે કે-કબીર ફરતો ફરતો એ ઠેકાણે આવ્યા અને પછી તેણે વડનાં મુળિયાંનું દાતણ કીધું ને પછી ઓલ ઉતારી ફેંક્યું તે મુળિયાંમાંથી આવડો મોટો વડ થયોછે. કારણ ગમેતે હો તોપણ એટલું ખરું ભાસેછે કે કબીરે થોડા દાડા પોતાની બેઠક અહિં રાખીહશે ને એ ઉપરથી લોકોએ નામ પાડયું-હશે. એક ખૂણે વાડીછે કૂવો છે અને એક ઝુંપડી છે. અહિં કબીરની મૂર્ત્તિ છે--તેની આંખ મોટી કાળી અને ચપળબુદ્ધિ દેખાડનારી છે. નાક લાંબુંછે, મોડું લાંબું પણ પાતળું છે (ભરાવ નથી.), મૂછ આછી ને જરા સફેદ છે. માથે કબીરપંથના લોક ઘાલેછે તેની ટોપી છે, અંગમાં ઝભ્ભો પેરેલોછે અને ગાયિત્રી કોટઉપર આવી રહેલીછે. મૂર્ત્તિ-ઉપરથી તે ઘણો ચપળબુદ્ધિનો માલમ પડેછે.

ખગ --सं. (ख આકાશ, गम् જવું) પક્ષી. સમા૦ સ૦

હીણા કરમના = કરમના હીણા-નસીબે તજેલા ; કમનસીબ-માણસો. [કરમના એ છઠ્ઠીનું રૂપ જણાયછે અને ગણાયછે પણ ગુજરાતીમાં તેમજ; પણ જુઓ સં. कर्मणा हीना-કરમે તજેલા--ત્રીજી વિભક્તિ.] જોવી, જોવાં, શુણવા, લેવો-એ બધાં સામાન્યરૂપ નામ છે ;-એ બધાં સુખ કમનસીબ માણસોથી નજ લેવાય. [સુખ નવ હીણા લે કરમના-એ રચના ધીટ-છૂટભરેલી છે. એમજ જો૦ ૫--૧.]

૧૩. થાગાં—(सं. स्थाली થાળી; કે-स्थला સૂકી જમીન કઇક ઉંચી બાંધેલી.) મુળિયાં એકબીજાંસાથે બાઝીગયલાં હોય તે ભાગ.

બખોલ = ઝાડનાં થડનું પોલાણ.

નિરાંતે—(सं. निवृत्ति ; કે निर्वृति ?) શાંતિમાં, સુખચેનમાં. [સમા૦ દ્વંદ્વ.

લાલલલના—सं. (लल् ખેલવું, વિલાસ કરવો.) વરવહુ; આશકમાશુક.

જપ—सं. (जप् ધા૦) નામ મંત્ર ઇત્યાદિનો વારંવાર મનમાં ઉચ્ચાર કરવો તે.

(૩-૪) એ સ્થાન રાગી ને વિરાગી, ભોગી ને જોગી-સૌનેજ સરખી રીતે અનુકૂળ થઇગાડે એવું છે.

(કબીરવડ. ૧૪—૧૫.)

૧૪. **દીપે**—(સં. दीप् ધા૦) ઝળકે, શોભેછે.
છાયી—(સં. छाया-ઉપરથી.) છાયા કરીને. ૨. સારી છાયા આપતાં.
ઠુમસાં = લંબાઇપોળાઇના પ્રમાણમાં જાડપણ વધારે એવાં.
ચુગી = ચાંચ મારીને ખાઇ. (સિં. चुंगल-ચાંચ; સં. चंचु.)
ખુશનુમા—फा. (खुश्; नमुदन् દેખાવું.) ખુશ કરે એવાં, આનંદ આપતાં.
રંગકિરણો—સં. (रंज् રંગવું; कॄ પસારવું.) રંગ રંગ બતાવતાં કિરણો.
 સમા૦ મધ્ય૦, અથવા કર્મ૦-રંગને વિ૦ લેયે તો.
ઠાર = ઓસ, ઝાકળ.
પડ—સં. (पुट કે पट-ઢાંકણ.) જંતુઓનાં પડો-કરોળિયાનાં જેવાં પણમોટાં.

૧૫. **ઠરી**—(સં. સ્થિર શાંત-ઉપરથી.) પ્રસન્ન થઇ, સંતોષ પામી, ટાઢી થઇ.
ખરી—(સં. क्षर् ધીમેધીમે ગળીને જતાંરેવું.) ટળી, મટી, ગઇ. ૨. ખરેખરી.
બુદ્ધિ—સં. (बुध् જાણવું.) મતિ, મનનું વળણ.
જાત્રા—સં. (या० या જવું.) પવિત્ર ઠેકાણે જવાથી પુણ્ય છે એવા ભાવથી ત્યાં જવું તે, અથવા એમ જવાથી લાભ થાય તે.
વિશેષે—અવ્ય૦ સં. (वि + शिष् જૂદું પાડવું.) કંઇ જૂદીજ રીતે. ૨. વધારે.
ગભીર—સં. = કંઇક ભય ને ઘણું આશ્ચર્ય ઉપજાવે એવો, પ્રૌઢ, દબદબાવાળો.
તુંથી = તારેલીધે, તું વચ્ચોવચ આવીરયલોછે તે કારણથી.
કૃતાર્થી—સં. (कृत કર્યો, अर्थ હેતુ.) કરવાનું કરીચૂકેલો એવો, સુખી; ઇચ્છેલું ફળ પામ્યો એવો. સમા૦ બહુ૦
 અલં૦ (૧) સંબોધન. (૨) ખરી, ખરીજ-યમક (૩-૩) નરમદા-હે નર્મદા નદી, નરમદા-હું નર્મદાશંકર. અલં૦ યમક.

नरसिंहमेतो.

(પદ ૧. ૧—૪.)

૧. ખટ—सं. (षट्.) છ.

સાધુપુરૂષને—सं. (साध् હેતુ પારપાડવો ; पृ ભરવું.) સારાં ધર્મ નીતિવાળાં માણસોએ. સમા૦ કર્મ૦ [આવે ઠેકાણે ત્રીજી વિભક્તિ વાપરવાનો સાધારણ રિવાજ છે ; પણ ખરૂં જોતાં અને બીજી સંસ્કૃત ભાષાસાથે સરખાવતાં ચોથીજ યુક્ત છે ; આ પદમાં ચોથીને અર્થેજ ને છે.]

નિદ્રા—सं. (नि+द्रा ઊંઘવું.) ઊંઘ.

પરહરી —(सं. परि+हृ ધા૦) તજીને, છોડીને.

સમરવા—(सं. स्मृ ધા૦) યાદ કરવા, ધ્યાન ધરવું. [નહિ. એક તું એક તું = તું એકજ છે, કર્ત્તા ભર્ત્તા હર્ત્તા તુંજ છે. બીજો કોઇ

૨. **જોગિયા,** જોગ—(જો૦ શામ૦ ૪૭.)

ભોગિયા—सं. (भोगी. भोग સંસારી મોજમઝા—भुज् ધા૦) સંસારી મોજમઝામાં ગરક થયલા, સંસારી માણસો.

તજવા—(सं. त्यज् ધા૦) છોડવા.

વેદિયા—(सं. विद् જાણવું.) વેદ જાણનાર ને તે પ્રમાણે ચાલનાર. [શિક્ષા છે.

વેદ—(જો૦ ઉપર.) આર્યલોકનો મૂળ ધર્મ જેમાં કર્મ ઉપાસના જ્ઞાનસંબંધી

વિચારવા—(वि વિશેષે, चर् પ્રે૦ ભેદે चार् ચાળવવું.) મનન-ચિંતન કરવું.

વૈષ્ણવ—सं. (विष् વ્યાપવું.) વિષ્ણુભક્ત. વિષ્ણુ = વ્યવસ્થા-સ્થિતિ કરી પાલન કરનારી શક્તિનો અધિકારી ઇશ્વર.

૩. **સદ્ગ્રંથ**—सं. (सद्ग्रंथ. ग्रथ् ગોઠવવું.) સારાં પુસ્તકો. સમા૦ કર્મ૦

બાંધવા—(सं. बंध् ધા૦) રચવા, કરવા, બનાવવા.

કંથ—सं. (कांत-कम् ચાવું-નો ભૂ૦ કૃ૦) ધણી.

ચિત્ત ધરવું—(सं. चित् વિચારવું.) મનમાં રાખવું, સાંભળી તેપ્રમાણે વર્ત્તવું.

૪. **આપણે આપણા** = સૌએ પોતપોતાના.

સંભાળવા = તેપ્રમાણે કરવું, ક્રિયાઓ કરવી. (सं. सम् ચોકસ, भाल् જોવું.)

કર્મ—सं. (कृ કરવું.) ધર્મસંબંધી કામ કરવાં તે—સ્નાન સંધ્યા પૂજા પાઠ જપ હોમ વગેરે. [એ ત્રણ કેવાયછે-નિત્ય નૈમિત્તિક અને કામ્ય. નિત્ય-દરરોજ કરવાનાં-બ્રાહ્મણનાં બ્રાહ્મણને, ક્ષત્રીનાં ક્ષત્રીને ઇ૦ ; નૈમિત્તિક-પ્રસંગે પ્રસંગે કરવાનાં-જનોઇ લગ્ન સીમંત જાતકર્મ ઇ૦ ; કામ્ય-કંઇ લાભની ઇચ્છા રાખી કરવાનાં-પુત્રેષ્ટિ પર્જન્યેષ્ટિ ઇ૦.]

(પદ ૧. ૪; પદ ૨. ૧—૩.)

મર્મ—सं. (मृ મરવું.) છૂપા ભેદ, ખરી સમજ.

અવતરે—(सं. अव + तॄ ધા०) જનમે, જન્મમરણનાં ચક્કરમાં આવે. નવ અ૦ = મુક્ત થાય. [જોઇએ.

(૧-ખ) ધર્મની ક્રિયા કરવી તે શા માટે ને તે કીધાથી શું ફળ, એ જાણવું-

પદ ૨.

૧. **હાથસાએ**—કૃપા કરે, પોતાનો ગણી સંસારમાં સુખ અને અંતે મોક્ષ આપે.
તાત—सं. (तन् પસારવું.) બાપ.
માત—सं. (मातृ—ता. मा માપવું, સમાવવું.) મા.
સુત—सं. (सु જણવું-નો ભૂ૦ કૃ૦) છોકરો.
ભ્રાત—सं. (भ्रातृ—ता. भृ ભરવું, પોષવું.) ભાઇ. [કે છે.
ટોળે મળ્યાં = એકઠાં થયાં, ચડતી-સુખમાં અમે સગાં અમે વાંલાં એમ
દોહલી = મુશ્કેલીની, આફતની.

૨. **મસ્તક**—सं. (मस् તોળવું.) માથે.
ઉગ્રતપ—सं. (तप् તપવું, દુ:ખ વેઠવું.) ઘણું સખત દેહકષ્ટ. તપ=મનની ધારણા પારપડે માટે દેવદેવીને પ્રસન્ન કરવા શરીર દમવું તે. समा० કર્મ०
આચરી—(सं. आ + चर् ધર્મના કોઇ નિયમ પાળવા.) કરી.
ભક્તિ—(सं. भज् ધા०) પ્રીતિ-આસ્થાથી સેવા કરવી તે, બંદગી, સ્તુતિ.
ભગવાન—सं. (भग સર્વસામર્થ્ય, દૈવી શક્તિ; वत् વાળું.) ઇશ્વર.
પાશ—सं. (पश् બાંધવું.) ફાંદામાં, બંધનમાં.
લંપટી—सं. (लंपट) સંસારસુખવિષયમાં મચ્યોરેનાર. ૨. ઠગારી.
લાલચ—सं. (लालसा. लष् ઇચ્છવું.) લોભે મોહમાં પડવું તે; જોરાવર ઇચ્છા.

માના ગર્ભમાં તું ઊંધે માથે લટકતો ને મહા દુ:ખ પામતો હતો તેમાંથી છૂટવા તેં તારાં આગલાં કર્મનેમાટે પસ્તાવો કરી ઇશ્વરપાસે માગ્યું કે આ દુ:ખમાંથી મને છોડવ, હવે તારું ભજન નહિ ચૂકું. પણ તાંથી છૂટયો કે માયાના ફંદામાં તું સપડાયો—પાછો માયામાં પડયો અને દુનિયાદારીની મોજમાં ગિરફતાર થયો. (૨-ખ) તું લંપટ તેથી લાલચે ઇ૦; અથવા સંસાર-સુખવિષયમાં મચ્યારેવાની જોરાવર ઇચ્છા તેણે ઇ૦ અલં૦ સજીવારોપણ.

૩. **ચોદશ**—અવ્ય૦-सं. (चतुर्दिश्.) ચારે દિશામાં, બધે. समा० દ્વિગુ.
સ્વપ્ન—सं. (स्वप् ઊંઘવું.) સમણું.
પલક—ઘડીના સાઠમા ભાગ જેટલો, લગારપણ. (सं. पल; फा. पलक= પાંપણ, આંખનું બંધ થઇ ઉઘડવું, એ જે જરાક વખત તે-લક્ષણાએ.)

(પદ ૨. ૩—૫. પદ ૩. ૧—).

જીવસંજોગ—सं.(०योग. युज् જોડવું.) જીવની સાથે સંબંધમાં. સમા૦ ૫૦
કાયા—सं. (कै પ્રગટ થવું.) શરીર.

(૨-ખ) શરીર જીવની સાથે સંબંધમાં છે ત્યાંલગી, આખી જિંદગીમાં.

૪. ધંનધામેકરી—सं. (धा રાખવું.) પૈસોટકો અને ઘરબાર એનાં કારણ-
વેદના—सं. (विद् જાણવું.) દુઃખ. [થી-એમાં.
ગર્ભ—सं. = માતાનું પેટ-કૂખની અંદરનો ભાગ. ગર્ભકેરી વેદના = તું
બાળકરૂપે માના ઉદરમાં ઊંધે માથે હતો તે વખત થયલું દુઃખ. (જો૦૨.)
નાથ—सं. (नाथ् सत्ता धरावती) ધણી. [સમા૦ દ્વિગુ.
ત્રિલોક—सं. (लोक् જોવું.) ત્રણ ભુવન-દુનિયા-સ્વર્ગ મૃત્યુ ને પાતાળ.
જઠરા—सं. (०र.) માતાનું ગર્ભસ્થાન.

(૨-ખ) જેણે તે વખત માતાના પેટમાં તારી આસપાસ પડદો રાખી
તને જઠરાગ્નિથી બળતો-પીડા પામતો રાખ્યો-તારૂં રક્ષણ કર્યું.
[જ્યારેને ઠેકાણે જેણે ન મૂકતાં એ શબ્દ મૂળનો માનિયે તો એનો
અર્થ ઘણો વિચિત્ર અપાય=જેણે ત્યારે.]

૫. જીવડા—सं. (जीव. जीव् धा०) હે પ્રાણિયા-લાડ કે તુચ્છકારમાં.
વાજ આવ્યો = કાયર-હેરાન થયો. વાજ-સ્ત્રી૦ = પીડા, તોબા.
પ્રતિબોધ—सं. (बुध् જાણવું-પ્રે૦ ભેદે.) શિખામણ.
દુકૃત—सं. (दुष्कृत.) નઠારાં-પાપનાં કામો, પાપો.
કીજે = કરીએ, કરીશકિયે; થાય.

પદ ૩.

૧. જાણ્યા—(सं. ज्ञा धा०) ઓળખ્યા; ભજન કર્યું.
મોહ્યું—सं. (मुह् धा०) આશકપડયું, વશ થઇરહ્યું.
પરદારા—સ્ત્રી૦ सं. (०दार. पु०) પારકાની સ્ત્રી, પારકી બૈરી. સમા૦ ૫૦
કાંઇકને—અવ્ય૦ = કેટલુંક, થોડુંઘણું; કેટલેક દરજ્જે. [-નેનો કંઇ અર્થ
નથી, માત્ર કંઇ ખૂબી બતાવવા એક રૂઢી છે.]

કામની—सं. कामिनी. कम् ચાવું.) ઇશક કરનારી સ્ત્રી, સ્ત્રી.

કલ્પ—सं. (क्लृप् તૈયાર થવું.) લીલા, મોહની, ઠાઠમાઠ, મરદને મોહ
પમાડવાને હાવભાવ વગેરે ચેનાં ને ચતુરાઇ. [આ શબ્દ મૂળથકી ઘણે
જૂદે-સ્વતંત્ર અર્થે-વપરાયો જણાયછે-ખૂબી તો ખરીજ, અને એમ થયા
વના ભાષા પરિણતિને પામતી નથી. कल्प=ધર્મસંબંધી કર્મનાં વર્ણન

(पद ३. १—५. पद ४. १—.)

અને તેનાં ફળવિષે જાણ કરનારું શાસ્ત્ર. ૨. નિશ્ચયથી કરેલું કંઇ કામ. અથવા, कल्पन = કંઇ નવું કરવું તે, ખુટ્ટો ઉઠાવવો તે.]

જોડવા = એકઠું કરવા, કમાવા.

૨. **પચ્ચિસ ને પચાસે**—વરસ; (ત્રીજીનો પ્રત્યય અમસ્તોજ છે.)

પરપંચમાં—सं. (प्र० प्र આગળ, पञ्च् પસારવું.) સંસારની ખટપટમાં.

સાધન—सं. (साध् હેતુ પારપાડવો.) ઇશ્વરને પ્રસન્ન કરવા જપ તપ દાન [ઇ० કરવું તે.

૩. **નાસિકા**—सं. (नस् સુંઘવું.) નાક.

કર્ણ—सं. = કાને.

તૃષણા—सं. (तृष्णा. तृष् તરશવું, આતુરતાથી ઇચ્છવું.) અતિ ઇચ્છા, લોભ.

અશરણશર્ણ—सं. (०शरण.) નિરાધારને આધાર. समा० च०

(૧—ખ) તે બોલે તે કોઇથી કાને સંભળાય નહિ—એવું ધીમે ને અસ્પષ્ટ બોલે. ૨. કોઇ બોલે તે તેથી સંભળાય નહિ—એવા બેર મારીગયા કાન.

૪. **ચરણ**—सं. (चर् જવું.) પગ.

ચાલે નહીં = પોતાનું કામ કરવાની તેમાં શક્તિ રહી નહીં.

તૂટે-તુટીને—(सं. त्रुट् ધા०) છૂટે, મટે; નસ અને સાંધા ઢીલા પડીજવાથી.

શિથિળ—सं. = ઢીલું, જુસ્સાવગરનું.

તંન—सं. (तन. तन् પસારવું.) શરીર.

ઉદર—सं. = પેટ; પાપી ઉદર = આ બળ્યું પેટ. (તિરસ્કારમાં.)

૫. **હરિના જંન** = ઇશ્વરના ભક્ત, ખોદાના બંદા, જે ઇશ્વરને વાલા ને જેને ઇશ્વરપર ભાવ એવાં માણસ.

પેલા = આગલા.

ભવ—सं. (भू થવું.) જનમ, અવતાર.

(१.) આ અવસર=આવી તક-માણસના અવતારરૂપી અને તેમાં પણ જુવાનીના ને સુખના દાડા; આ અવસરને ઓળખ્યો-આવી તક વારંવાર આવતી નથી એમ જાણી ભગવતભજન કીધું તેનું નસીબ સારું સમજવું-નસીબમાં સારું થવાનુંહોય તેનેજ એવું સૂજે.

પદ ૪.

૧. **ઘટસાથે**—सं. (घट् ઘડવું.) શરીરની સાથેજ-શરીર ઘડ્યું ત્યારથીજ. ૨. શરીરના સંબંધમાં.

ઘડિયાં—सं. (घटित—घट् ધા०નો ભૂ० કૃ०) બનાવેલાં, નીમીમૂકેલાં. ૨. જોડેલાં.

રઘુનાથ—सं. = રઘુકુળના પુરુષોમાં મુખ્ય—રામચંદ્ર.

(પદ ૪. ૧—૪.)

રઘુ—એ અયોધ્યાના રાજા-દીલીપનો પુત્ર ને દશરથના પિતામહ. એણે દિગ્વિજય કર્યોહતો ને એ ઘણો પ્રતાપી હતો, તેથી એ કુળ એનાં નામથી ઓળખાવાલાગ્યું; એ કુળમાં ઉત્પન્ન થયલા તે પણ રઘુ.

૨. **નળરાજા**—સં.—દ્વાપરના અંતમાં થયલો સૂર્યવંશી રાજા-નિષધ દેશના વીરસેનનો પુત્ર. [એ સ્વરૂપે સુંદર, શાસ્ત્રજ્ઞાતા, ધનુર્વિદ્યામાં નિપુણ ને પુણ્યશીળ હતો. વિદર્ભદેશના ભીમકરાજાની કન્યા દમયંતીને પરણવાની ઈંદ્રાદિકને લલુતા હતી, પણ તે નળને પરણી તેથી કળિએ ક્રોધે ભરાઇ નળદમયંતીને દુઃખ દેવાનો વિચાર કીધો. એણે નળના પિત્રાઇ ભાઇ પુષ્કરને નળસાથે દ્યૂત-જુગટું રમવાને ભંભેર્યો. નળ તેમાં રાજપાટ હારી દમયંતીને સાથે લઇ વન ગયો-બેઉને એકેકુજ વસ્ત્ર. ભૂખ્યાં-તરસ્યાં વનમાં ભમેછે ત્યાં એક પુષ્ટ બગલો નજરે પડ્યો, તેને પકડવા નળે પોતાનું પેરેલું વસ્ત્ર કાડી તેઉપર નાખ્યું એટલે તે વસ્ત્રસહિત ઊડીગયો. દમયંતીએ પોતાનાં વસ્ત્રનો એક છેડો નળને પેરવા કાડીઆપ્યો. વનમાં પણ નળના મનમાં કળિ વ્યાપેલો તેથી આખર નળે દમયંતીને એકલી છોંડી અને બન્યોને ઘણીઘણી વિપત પડેલી.]

૩. **પાંડવ**—(જો૦ શામ૦ ૯.)

દ્રુપદી—સં. (દ્રૌપદી.) દ્રુપદરાજાની પુત્રી. [એ અગ્નિકુંડમાંથી નિકળેલી. સ્વયંવરમાં અર્જુને મચ્છ વીંધ્યો ત્યારે દ્રૌપદીએ એને વરમાળા ઘાલી. અર્જુને મુકામપર આવી પોતાની માતા કુંતીને કહ્યું કે અમે સારી ભિક્ષા લાવ્યાછિયે, ત્યારે માતાએ કહ્યું કે પાંચે ભાઇઓ વેંચીલો. એઉપરથી એ પાંચેની સ્ત્રી થઇ-એણે પૂર્વે શિવનું તપ કરી મને ભર્ત્તાર આપો, એવું પાંચવાર માગ્યુંહતું માટે. પછી પરસ્પર કલહ ન થાય માટે નારદના કેવાથી પાંચે ભાઇઓએ બબ્બે મહિના ને બારબાર દાડાના વારા બાંધ્યાહતા તે પ્રમાણે દ્રૌપદી અક્કેકસાથે રેતી. એ પાંચ મુખ્ય સતીમાંની એક છે. એ પાંચાળ દેશના રાજાની પુત્રી તેથી એને પાંચાળી પણ કેછે.]

નયને—સં. (ની દોરવવું.) આંખમાં.

નયને નિદ્રા ન આણી = નિરાંતે ઊંઘ્યા પણ નહીં. (અનુપ્રાસ.)

૪. **સતી**—સં. = પતિવ્રત પાળનારી ને સદગુણી સ્ત્રી.

સ્વામી—સં. (સ્વ પોતાનું.) પતિ, ધણી.

રાવણ—સં. (રુ બૂમ પાડવી-પ્રે૦ ભેદે?) લંકાનો રાજા. [બ્રહ્માના પુત્ર પુલસ્ત્ય ને તેના પુત્ર વિશ્વશ્રવાનો એ મોટો પુત્ર. એણે મહાદેવનો તપ કરી તેત્રીસ ક્રોડ દેવપાસે પોતાની આણ મનાવી. એણે દશવાર શિવની પૂજા કરી માટે શિવે એને દશ મસ્તક ને વીશ હાથ આપ્યા. એ ઘણો અહંકારી હતો—એનો અહંકાર ઘણી જગાએ ઉતર્યો પણ ખરો.

(પદ ૪. ૪—૮.)

એકવાર એણે બ્રહ્માને પૂછ્યું કે મારું મોત કોને હાથે છે? બ્રહ્માએ કહ્યું કે સૂર્યવંશી દશરથરાજાના પુત્ર રામને હાથે. રામ વનવાસમાં પંચવટીમાં રહ્યા ત્યારે રાવણે પોતાના મામા મરીચિને સુવર્ણનો મૃગ થઇ રામની મઢુલીપાસે મોકલ્યો. સીતાને તેની ત્વચાની કાંચળી પેરવાનું કોડ થયાથી તેણે રામને એ હરણ મારવા મોકલ્યા ને પાછળથી લક્ષ્મણ પણ ગયા, ત્યારે રાવણે જોગીને વેષે આવી સીતાની જાચના કરી. સીતા. તેને ભિક્ષા આપવા બાર આવ્યાં એટલે રાવણ તેને ઉચકી ચાલતોથયો લંકા આણી એણે સીતાને પોતાની અશોકવાડીમાં રાખ્યાં. રાવણે સીતાને પોતાને વશ થવા બહુબહુ સમજાવી પણ તે વ્યર્થ. આખર રામ ચડીઆવ્યા તેનીસામે લડતાં એ રામના બાણથી મરણપામ્યો.]

૫. **મંદોદરી**—સં. = રાવણુની સ્ત્રી મયરાક્ષસની પુત્રી. [એ પાંચ સતીમાંની એક છે—જો૦ ગિર૦ અ૦ ૨૯.]

૬. **હરિશ્ચંદ્ર, તારાલોચની**—(જો૦ શામ૦ ૯.)

વિપત્તિ—સં. (वि ઉલટું, पद् જવું.) આફત, દુઃખ.

૭. **શિવજી**—સં.-સંહારશક્તિરૂપ ઇશ્વર. [એ કાળ, અગ્નિ, વરુણ, સૂર્ય, યમ, બ્રહ્મા, વિષ્ણુ, નારાયણનેરૂપે મનાયછે. સંહાર કર્યા પછી ફરીથી ઉત્પન્ન કરેછે એ ભાવમાં શિવ લિંગરૂપે પૂજાયછે. એ યોગીરૂપે છે ને ચિરકાળ યોગાભ્યાસ કરેછે, તોપણ પ્રસંગોપાત કેટલાંક સંસારી કર્મ પણ કરેછે. એ ક્રોધી છે તેમ ભોળા ને વર આપવે ઉદાર છે. એને ત્રણ આંખ છે, તેમાં બે ભવાંની વચમાં છે તેમાંનો ડોળો ઉચોનીચો થયાંજ કરેછે. એ ત્રણ આંખ, ભૂત વર્ત્તમાન ને ભવિષ્ય એ ત્રણ કાળ દેખાડેછે.]

ભોળવાયા = ઠગાયા, મોહમાં પડ્યા. [જો૦ સ્મરારિમિત્ર-ગિર૦ અ૦ ૨૯-૨.]

(૨-ખ) તપ જોઇએ તેવું નહિ એમ કેવાયું; તપમાં ભંગ થયો.

૮. **ભીડ** = અડચણ, હરકત, પીડા, આપદા.

અંતરજામી—સં. (अंतर्यामी. अंतर् માંહે-અંતઃકરણ. यामि-यम् હદમાં રાખવું.) સાક્ષીભૂત આત્મા, પરમેશ્વર.

ભાવટ = અડચણ; જંજાળ, આપદા. **ભા૦ ભાગી** = ન્યાલ કીધો.

ભૂધર—સં. (भू પૃથ્વી, धृ ધરવું.) પરમેશ્વર. સમા૦ દ્વિ૦

પૃથ્વીપર અધર્મ વ્યાપીરહ્યો ને દેવોની બહુ હેરાનગતિ થઇ ત્યારે તેઓ ક્ષીરસાગર-સાતસાગરમાંનો છઠ્ઠો ને શકદ્વીપની આસપાસ ફરતો છે, તેની તીરે આવી નારાયણ જેણે શેષઉપર શયન કર્યુંહતું તેને પૃથ્વીપર અવતાર ધારણકરવાને સ્તવ્યા. આકાશવાણી થઇ કે ગભરાશો નહીં, હું અવતાર લઇ ભૂમીનો ભાર ઉતારુંછું.

(પદ ૫. ૨—૫. પદ ૬. ૧—).

પદ ૫.

૨. **વંદે**—(सं. वंद् धा०) નમે; કોઇપર દ્વેષ ન રાખે.

નિંદા—सं. (निंद् धा०) ભુંડું બોલવું તે.

કેની = કોઇની પણ

વાચ—सं. (वाच्. वच् બોલવું.) વાણી; જીભ (લક્ષણા.)

કાછ—सं. (कच्छ.) કાછો, ધોતિયાંની કાછડી; ઈંદ્રી (લક્ષણા.)

[વ્યભિચારી માણસ કાછડીછૂટો કેવાયછે.]

નિશ્ચળ—सं. (चल् હાલવું.) ચળે નહિ તેવું, સ્થિર, પોતાને વશ. સમા૦નપ૦

જનની—सं. (जन् પ્રે૦ ભેદે--જણવું.) માતા, મા.

(૨-૬) જીભથી અસત્ય કે અઘટતું ન બોલે, વ્યભિચારથી દૂર રહે અને મનને માઠે રસ્તે જતું ખાંચે. [સારાં નરતાં કર્મ ત્રણ પ્રકારનાં—વાચિક કાયિક ને માનસિક.]

૩. **સમદૃષ્ટિ**—सं. (दृश् જોવું) એકભાવ, સારુંમાઠું વાલુંઅકારું પોતીકુંપારકું નહિ એવી બુદ્ધિ-રીત. સમા૦ કર્મ૦

ત્યાગી—सं. (त्यज् धा०) તજી, છોડી.

જિવ્હા—सं. (लिह् ચાટવું.) જીભ.

(૧) જેને સમદૃષ્ટિ છે અને જેણે તૃષ્ણા ત્યાગીછે. સમદૃષ્ટિ=એકભાવવાળો; તૃષ્ણાત્યાગી=તૃષ્ણાને તજવાવાળો-એમ પણ લેવાય. સમા૦બહુ૦

૪. **મોહ**—सं. (मुह् ભાન ભૂલવું.) સંસારી વસ્તુ જોઇ તે મેળવવાને લોભ.

માયા—सं. (मा સમાવવું.) સંસારી વસ્તુપર આસક્તિ-અતિશય વળગણ.

વ્યાપે—(सं. वि + आप् धा०) પેસી પસરી રહે, મનપર અસર કરે, વશ કરે.

દૃઢવૈરાગ—सं. (दृह् ઠરવું-નો ભૂ૦ કૃ૦; वि વિના; राग મનોવિકાર.) કદી ચળે નહિ એવી ત્યાગીવૃત્તિ-સંસારપર અભાવ. સમા૦ કર્મ૦

તાળી—सं. (૦લિ. तल આંગળાં લાંબાંસાથે હથેલી.) લગન, લેહ, રંગ.

[આશકમાશુક મિત્રો ખૂબ તાનમાં આવીજાય ત્યારે એકમેકને તાળી આપેછે.]

૫. **નિવાર્યા**—(सं. नि+वार् धा०) અટકાવ્યા, દૂર કાઢ્યા, ટાળ્યા.

(૨) આવી રીતનું માણસ હોય તે એવું પવિત્ર કે તેના દરશન કર્યાંથી આપણી એકોતેર પેઢી ઓધરે-[એકોતેરજ કેમ હશે ?]

પદ ૬.

૧. **શરીરશોધ્યાવિના** = આપણાં શરીરમાંજ બ્રહ્મ છે એવો નિશ્ચય થયાવગર.

સાર—सं. (सृ નિકળવું.) ખરી વસ્તુ, સાચો ભેદ.

સાંપડે—(सं. सं + पद् મેળવવું.) મળે, જડે.

(પદ ૯. ૧—૪).

પંડિતા—સં. (पंड् સંધરવું.) વિદ્વાન, થોડું ઘણું પણ ઘણાંક શાસ્ત્રનું જ્ઞાન ધરાવનારો. [અહિંયાં-કંઇ તિરસ્કાર કે હાસીમાં આ શબ્દ વાપરચોછે.]
પાર પામો = છેડો—આખરનો—ખરો સિદ્ધાંત મળે, મુક્ત થાઓ.
પોથે –(સં. पुस्तक. पुस्त् બાંધવું.) મોટા મોટા ચોપડા—થોથાં ઉથલાવ્યાથી.
તાંદુલા—(સં. तंडुल. तड्—तंड् ઠોકવું.) ચોખા. [જો૦ ઉપર પંડિતા.]
તુષ—(સં. तुष् સંતોષ પામવું.) છાલાં, કુસ્કા.
ઠાલે થોથે—(જો૦ દયા૦ પદ ૧—૫.)
(૨) અલં૦ દૃષ્ટાંત.

૨. રસના સ્વાદમાં—સં. (रस् પ્રવાહી થવું; स्वाद् ચાખવું.) સંસારી વિષયથી મળતી લેજત લેવામાં. ૨. જૂદે જૂદે પણ માયાએ સૂચવેલે રૂપે બ્રહ્મનાં સ્વરૂપનો નિશ્ચય કરી તેને તેરૂપે ભજવામાં.
રૂંધાઇરહ્યા—(સં. रुध અટકાવવું.) ગુંગળાઇ—ગુંચવાઇરહ્યા—અથડાયાકરેછે.
વિગતિ—(સં. वि બારીકીપર, गम् જવું.) હકીકત, જુગતિ, ગોઠવણી
ગુરૂજ્ઞાન—(સં. ज्ञा જાણવું.) ગુરૂથી થયલું જ્ઞાન. સમા૦ પં૦
ગુંથે—(સં. ग्रंथ् ધા૦) ગોઠવે, બેસાડ્યાકરે.
વાણીવિલાસ—(वन् બોલવું; वि + लस् મોજ મારવી.) વૈખરી—મુદ્દાપડતું નહિ પણ નકામું નકામું સામાને રુચે એવું બોલવામાં માનેલો આનંદ કે
પરહરી—(સં. परि + हृ ધા૦) છોડીને. [મોટાઈ. સમા૦ સ૦
વિવિધ વાણીવડે = ઘણીઘણી રીતે રસપડતું બોલી કે લખી (ગુંથે).
(૨) અલં૦ દૃષ્ટાંત.

૩. શબ્દ—સં. = ભાષા; વાંચતાંલખતાં (લક્ષણા.)
અધ્યાત્મ—સં. = દેહનું સાધન. ૨. બ્રહ્મજ્ઞાન.
પ્રપંચ—(સં. प्र આગળ, पच् પસારવું.) હોય કંઇ ને કેવું કંઇ એવું કપટ, પોતાના મનસાથે ખરું ન છતાં આ સિદ્ધ છે એવું કેવું તે.
પિંડ—(સં. पिड-पिंड् ગોળો કરવો.) શરીરમાં, મનમાં.
આથડયો—(સં. आ ચોતરફ, तड्—ताड् ઠોકવું.) બધે અથડાયો, રખડ્યો.
કોઠે—(સં. कोष्ट.) પેટ; ગર્ભસ્થાન—યોની—અવતાર (લક્ષણા.)

૪. રજની—(સં. रंज् ખુશ કરવું, મોજ માણવી.) રાત—અંધારું—અજ્ઞાન (લક્ષણા.)
ગોઠે = અફાળે, ફોડે. શીષ ગોઠે = માથાફોડ કરે. [એવી વાત.
ભેદ—સં. (भिद् ભાંગવું.) મર્મ, છૂપી વાત, કૂંચી; સેલથી ન સમજાય
પદ ચોથે = ચોથા પદમાં. (આ પુસ્તકના સાતમા પદમાં.)

(પદ ૭. ૧—૩.)

૧. **જાગીને જોઉં તો** = જ્ઞાન દૃષ્ટિએ જોતાં, માયાને તજતાં.

ઊંઘમાં = અજ્ઞાન હોય ત્યાંલગી, માયાની સત્તા આપણાપર હોય ત્યાંસુધી.

અટપટા = તરેહતરેહના ન સમજાય તેવા પણ મનને લોભાવે એવા.

ભોગ—(સં. भुज् ધા૦) સુખનો લાવો, સંસારના રંગ.

ભાસે—(સં. भास् ધા૦) નહિ છતાં દેખાય.

ચૈતન્યવિલાસ—(સં. चित् જાણવું; वि + लस् મોજમારવી.) બ્રહ્મના જે જૂદા જૂદા ખેલ-રંગ તેમાં. [મશગૂલ. સમા૦ બહુ૦

તદ્રૂપ--(तत् તે; रूप આકાર-સ્વભાવ.) એકસરખાં રૂપનું; તદાકાર, લીન, (૨) બ્રહ્મ જે જૂદે જૂદે રૂપે દેખાય તેમાં ચિત્ત લીન થઇરહેછે-તે જોઇ ચિત્ત પણ તેવાંજ ચેનાં કરવા મંડીપડેછે, એટલે ખરું જોતાં બ્રહ્મની આગળ બ્રહ્મ કંઇ કંઇ રંગ ઉડાવેછે, કારણ કે ચિત્ત અને બ્રહ્મ એ જૂદાં નથી. ૨. ચિત્ત અને બ્રહ્મના રંગ એ એકજ છે--જૂદા નથી-બ્રહ્મનો ખેલ એજ ચિત્ત છે. અથવા વળી--૩. ચિત્ત અને બ્રહ્મ એ બન્યોની ચેષ્ટા એકસરખીજ છે.

.૨ **પંચમહાભૂત**—(જો૦ શામ૦ ૧૯.) સમા૦ દ્વિગુ.

અણુઅણુમાંહિ--અવ્ય૦ સં. (अण् સંકોચાવું.) એકનાં રજકણ બીજામાં એમ, એકબીજાસાથે નિકટના ને નિત્યના સંબંધમાં.

(૨) અલં૦ દૃષ્ટાંત.

૩. **શ્રુતિ**--(સં. श्रु સાંભળવું.) ચ્યારે વેદ. [religion revealed—heard.]

સ્મૃતિ—(સં. स्मृ યાદકરવું.) મનુઆદિએ ધર્મનીતિસંબંધી શિક્ષાશાસ્ત્ર પોતાના શિષ્યોને સમજાવેલાં, અને જે પાછળથી યાદ કરી લખાયલાં તે. [religion remembered].

કનકકુંડળવિષે—(સં. कन् પ્રકાશવું.) સુન્નું અને તે સુન્નાના બનેલા

ભેદ—(સં. भिद् ભાંગવું.) ફરક, જૂદાપણું. [કાનના વાળા એ બેમાં.

હેમનુંહેમ = સુન્નુંજ, કંઇ બીજી વસ્તુ નહિ.

એક સુન્નાના અનેક ઘાટ બને, પણ તેના જૂદા જૂદા આકારનો વિચાર ન કરતાં મૂળ ધાતુનોજ વિચાર કરિએ તો તે સુન્નુંજ છે; એ ન્યાયે જગતમાં દેખાતી અનેક ચીજ મટી એક બ્રહ્મ સિદ્ધ છે; એવું કેવળ-તત્વજ્ઞાનવિષે મૂળપુસ્તક જે વેદ તેનું મત છે, અને એ મતને પાછળથી ચાર રૂપે થયલો વેદ તથા સ્મૃતિઓ એ સૌ પુષ્ટિ આપેછે.

અલં૦ દૃષ્ટાંતરૂપક.

(પદ ૭ ૪; પદ ૮. ૧—૩.)

૪. જીવ ને શિવ તો = આત્મા ને પરમાત્મા એવાં જૂદાં રૂપ.
રચી—(સં. रच् ગોઠવવું.) પસારીને, ફેલાવીને.
પરપંચ—(સં. પ્ર૦. प्र આગળ, पच् પસારવું.) જગતનો મિથ્યા પસારો, ઇશ્વર એક છતે અનેકરૂપે દેખાવું તે.
ચોદલોક—(જો૦ અંકો. ૯૨.) સમા૦ દ્વિગુ.
સંત—સં. = સાધુ—જ્ઞાની પુરુષો.
સીધ્યા—(સં. सिध् તૈયાર કરવું.) પાર પડ્યા—મુક્ત થયા. [સંત સીધ્યા—એમ કેવાને બદલે સંતનું કામ સીધ્યું કેવાની સાધારણ રીત છે.]

પદ ૮.

૧. ગમે = રુચે, ભાવે,—ની ઇચ્છાએ બને.
જગતગુરુ—સં. (जगद्गुरु. गम् જવું; गॄ બોલવું.) જગતનું કલ્યાણ કરનાર, જગતે પૂજવાજોગ. [રાખનાર—ધણી.
જગદીશ—(સં. जगत् + ईश. ईश् સત્તા ધરાવવી.) દુનિયાને હદમાં
ખરખરો = સંતાપ, દુઃખ, દિલગિરી. (સં. क्षर् ધીમેધીમે નાશ પામવું.)
ચિંતવ્યો—(સં. चिंतित. चिंत् ધા૦ નો ભૂ૦ કૃ૦) ધારેલો.
અર્થ—(સં. अर्थ् માગવું.) હેતુ, ધારણા, મતલબ.
સરે—(સં. सृ નિકળવું.) પારપડે, થાય.
ઊગરે = બચે, નફામાં રહે, ફાયદો થાય.
એક = માત્ર, ફક્ત.
ઉદ્વેગ—(સં. उत् ઘણું, विज् બીકથી ધ્રૂજવું.) પરિતાપ, સંતાપ, સોચના, દુઃખ.

૨. શકટ—(સં. शक् ધીરજથી સેવું.) ગાડું
શ્વાન—(સં. श्वन्.) કુતરું. [બંધારણ—ખેલ.
સૃષ્ટિમંડાણ—(સં. सृज् ઉત્પન્ન કરવું; मंड् શણગારવું.) જગતની રચના—
(૧—ખ) ગાડાંતળે કુતરું ચાલે તે જાણે ભાર હુંજ ખેંચુંછું. અલં૦ ઉપમા.
(૨—ખ) કોઇએક વિરલા સંત એનો ભેદ જાણતાહશે.

૩ નીપજે—(સં. निस्—ष् + पद् થવું.) બને, ધાર્યું થઇશકે.
દૃષ્ટ—(સં દૃષ્ટિ—दृश् જોવું.) નજરે. દૃષ્ટઆવે = નજરે પડે, દીઠામાં આવે.
ભવનપર ભવનપર—સં. (भू હોવું.) ઘેરઘેર
છત્ર—(સં. छद् ઢાંકવું.) છત્તર, છતરી. [છત્ર ચમ્મર કહ્ડ—રાજચિન્હ છે.
દાખે—(સં. दृश् જોવું—પ્રે૦ ભેદે दर्शय्?) દેખાડે; રાખે, ઊભાં કરે.
(૨-ખ) બધાજ છત્રપતિ રાજા થઇબેસે.

(પદ ૮. ૪—૫. પદ ૯—૧.)

૪. રુતુ—સં. (ऋ० ऋ પ્રે० ભેદે-આપવું.) વર્ષાકાળ.
લતા પત્ર—સં. (लत વિંટળાવું ; पत પડવું-કે-पद् જવું.)
વેલી, વનસ્પતિ, લીલોત્રી અને પાંદડાં.

યથા—અવ્ય૦ સં. = જેમ.
માનવી—સં. (मनु એ માણસ જાતનો મૂળપુરુષ.) માણસ.
વ્યર્થ—અવ્ય૦ સં. (वि વિના, अर्थ હેતુ, કારણ.) વિનાકારણ, નકામો.
શોચે—(સં. शुच धा०) શોક કરે, ફિકર કરે, બળાપો કરે.
પોંચે = મળે.

આ વખતે મને આ નહિ મળ્યું એવો સંતાપ માણસ નકામો કરેછે—મૂરખ છે; જેને જ્યારે જે ચીજ મળવાનું બ્રહ્માએ ઠેરવેલુંછે તે ચીજ ત્યારે તેને વગરમાગી મળવાની, જેમ દરેક રુતુ પોતપોતાની વનસ્પતિ વગેરે આપેછે.

૫. મિથ્યાકરી—સં. = જૂઠું છે એમ. [અલં૦ ઉપમા.
કાચું—સં. (क्षण વગરપાકેલું.) નકામું.
જુગલકર—સં. (यु०युज़ જોડવું.) બેઉ હાથ. समा० कर्म.
જોડીકરી = જોડીને. [આ રીતે કરી ઉમેરવાની એક ઢબ છે.]
જન્મપ્રતિજન્મ—અવ્ય૦. સં. (जन् પેદા થવું.) જનમોજનમ.
જાચું—(સં. याच માગવું.) પાસે માગું ; સેવા–ભક્તિ કરું.

પદ ૯.

૧. અખિલ—(સં. खिल ખાલું.) આખું.
બ્રહ્માંડ—સં. = અંડ–ગોળાકારે જે મહા વિશ્વરચના તે, દુનિયા. [બ્રહ્માંડમાં ચૌદ ભુવન કેવાયછે. જો૦ અખો ૯૨. ચૌદે લોક.]
જૂજવે = જૂદે જૂદે.
રૂપે—સં. (रूप् જોવું.) આકારે.
અનંત—સં. (अन् નહિ, अंत છેડો.) અગણિત, અપાર. समा० બહુ૦
દેવ—સં. (दिव् પ્રકાશવું) પરમેશ્વરનો અંશરૂપ ; ઇશ્વર.
તત્ત્વ—સં. (तत् તે.) સારવસ્તુ. ૨. મૂળ ચીજ.
શૂન્ય—સં. = ખાલી જગા, અવકાશ.
વાસે—(સં. वस रेवुं.) રેછે, રહેલોછે.

(૨–ખ) અને અવકાશમાં શબ્દરૂપે તું નક્કી રહેલોછે. शब्दगुणमाकाशम् = જ્યાંથી શબ્દ ઉઠે—જેનાં અસ્તિત્વથી અવાજ સંભળાયછે તે આકાશ. વેદ—આહયાં અવ્યય છે = નિશ્ચે, નક્કી ; વેદ એ સિદ્ધાંતનો ગ્રંથ છે માટે.

(પદ ૯. ૨--૫. પદ ૧૦. ૧—૨.)

૨. ભૂધરા—સં. (भू પૃથ્વી, धृ ધરવું.) હે જગદાધાર પરમેશ્વર.
વૃક્ષ—સં. (वृक्ष् ઢાંકવું.) ઝાડ. [સમા૦ દ્વિ૦
વિવિધ—સં. (वि ઘણી રીતે, विध् ગોઠવવું.) ઘણી ઘણી તરેહની.
રચના—સં. (रच् ધા૦) ગોઠવણી, શોભા, ઠાઠ.
રસ—સં. (रस् ધા૦) સ્વાદ, લેજત.
એજ આશે = અનેક રસ લેવાનીજ આશાથી—કર્મને જોગે નહિ. (જો૦
૩. (જો૦ પદ ૭—૩.) પદ ૭-૪.)
૪. ગ્રંથ—સં. (ग्रंथ ગુંથવું.) પુસ્તકો, પુસ્તકોના લખનાર–ગ્રંથકારો (લક્ષણા.)

શાસ્ત્રોના લખનારાએ તત્વજ્ઞાનનો વિષય ડોળીનાખ્યો-એક સિદ્ધાંતપર ન આવ્યા; જેને ઇશ્વર જે રૂપે સાચો લાગ્યો તે રૂપે તેણે તેને ભજ્યો, અને મનમાં એમ સિદ્ધ કરી રાખ્યું કે એજ રૂપ ખરૂં, મોડેથી ઉપદેશ એવોજ કીધો, અને પોતે વર્ત્યા તે પણ તેજ નિશ્ચયને ધોરણે.

૫. પટંતરો—સં. (पटांतर. पट वस्त्र, अंतर પડદો.) આંતરો, પડદો.

ઝાડ અને બી બે જૂદી વસ્તુ દેખાયછે, પણ બેઉમાં તુંજ રહેલોછે—ઝાડમાં બીરૂપે ને બીમાં ઝાડરૂપે; માયાનો પડદો વચમાં આવ્યાથી એમ ભિન્ન ભાસેછે, પણ એ પડદો મને—કલ્પનાએ ઉઠાવેલો છે, માટે જો હું ખરા ભાવથી ઇશ્વરને શોધું—તત્ત્વની શોધ કરું તો એ પડદો ખસી સર્વત્ર ઇશ્વર એકરૂપ જણાશે.

પદ ૧૦.

૧. આતમા તત્ત્વ—સં. (अत् જવું; तत् તે.) આત્મા એ બ્રહ્મ છે એમ.
૨. આત્મા મૂળ શી વસ્તુ છે તે.

ચીન્યો—સં. (चिंतित–चिंत् ધારવું-નો ભૂ૦ કૃ૦) ઓળખ્યો, જાણ્યો.
સાધના—સં. (साध् હેતુ પારપાડવો.) જપ તપ હોમ ઇત્યાદિથી ઇશ્વર
જૂઠી = નકામી. [પ્રાપ્ત–પ્રસન્ન કરવો—તે.
માનુષ્યદેહ—સં. (मनु મૂળપુરૂષ-ઉપરથી मनुष्य માણસ-ઉપરથી વિશેષણ મા૦) માણસનું શરીર–અવતાર ધર્યો તે. સમા૦ કર્મ૦
એળે = વ્યર્થ, મિથ્યા, ફોકટ, અમથો. (સં. अलम्.) ફવરસાદ થાય તે.
માવઠું—સં. (माघवृष्टि–वृष्टम् = માહા મહિનામાં થનારો વરસાદ.) કરતે
વૃષ્ટિ વૂઠી—સં. (वृष्टि–वृष्ट–वृष् ધા૦ નો ભૂ૦ કૃ૦) વરસાદ વરસ્યો—પડ્યો—
૨. જટા—(જો૦ શામ૦ ૪૭.) [થયો. અલં૦ ઉપમા.
ભસ્મલેપન—સં. (लिप् ચોપડવું.) ભિભૂતિ ચોપડવી તે. સમા૦ ૫૦

(પદ ૧૦. ૨--૫. પદ ૧૧. ૧-૨.)

વાળલોચન—સં. (लुंच् કાડીનાખવું.) માથાના નિમાળા ખેંચીકાડવા તે.
[જતિના નિમાળા ખેંચીકાઢવામાં આવેછે.]

૩. તપ—સં. (तप् તપવું-દુઃખ સેવું.) મનની ઇચ્છા પૂરીપડે માટે દેવદેવીને પ્રસન્ન કરવા જે દેહકષ્ટ કરવું તે. [ઠેકાણે જવું તે.

તીર્થ---સં. (तॄ તરવું.) જ્યાં ગયાથી પુણ્ય થાય એવું ઠેકાણું-એવે

નામ લીધે = મંત્ર જપવાથી. [કીર્ત્તન કરવાં તે.

૪. રાગ ને રંગ—સં. (रंज् રંગવું; ખુશકરવું.) રાગતાન. ૨ ગાયન, ભજન-

ખટદર્શન—(જોઃ અખો-૩.) અથવા-વૈષ્ણવધર્મી ગોસાંઇના લાલ પોતાના સેવકને નિત્ય સાંજસવાર ઠાકોરજીને જે જૂદેજૂદે રૂપે દેખાડેછે તે-ઉથાપન, મંગળા, શણગાર, રાજભોગ, સેન અને આરતી. સમા૦ દ્વિગુ.

વરણ—સં. (वर्ण. वर्ण् રંગવું.) જાત-બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય ને શૂદ્ર.

વરણના ભેદ આણે = જાતિઓ જૂદી જૂદી છે એમ ગણી તે પ્રમાણે વર્ત્યાથી-પરસ્પર ખાવા પીવા પરણવા વગેરે વેવાર ન રાખવાથી.

૫ પરપંચ—સં. (प्रपंच. प्र આગળ, पच् પસારવું.) કપટ, ઢોંગ; ખાલી માથાકૂટ.

ચિંતામણી—સં. (चिंता ધારણા, चिंत् ધા૦) સ્વર્ગનો મણિ. સમા૦ મધ્ય૦

[કેવાયછે કે એ મણિ જેની પાસે હોય તે જે કઇ ઇચ્છે તે તેમાંથી નિકળે] આત્મા કે સર્વવ્યાપક ઇશ્વર છે એવું જેણે નહિ જાણ્યું, એટલે જેને તત્વજ્ઞાન ન થયું તેણે ચિંતામણિ રત્નજેવો આ મનુષ્યદેહ મિથ્યા ગુમાવ્યો. अलं० રૂપક.

પદ ૧૧.

૧. લહ્યા—(સં. लक्ष् તાકીને જેવું.) બરાબર ઓળખ્યા.

વૈષ્ણવપદ—સં. = વિષ્ણુભક્તની પદવી, વૈષ્ણવ છે એવું માન.

બિરદ—સં. (बिरुद.) ખિતાબ, નામ, છાપ.

તું વૈષ્ણવ કેવાયો, વૈષ્ણવની પદવી ધારણ કરી ઉપરનો ઠાઠ પણ તેવો રાખેછે, તોપણ ઇશ્વરનું ખરું સ્વરૂપ જે તેં ન જાણ્યું તો તે શોભરો નહિ અને નકામું છે, જેમ ઇ૦ अलं० ઉપમા.

૨. વ્યાધિ—સં. (वि વિશેષ, आधि મનરોગ.) રોગ, અંગરોગ.

વેદના—સં. (विद् જાણવું.) પીડા, દુઃખ.

વિશ્વ—સં (विश् વ્યાપવું.) સૃષ્ટિ, ઉપાધિરૂપ જગત્, સંસાર.

વાતપકવાન—(સં. वार्तापक्वान्न. पक्व પાકું, अन्न ખોરાક-अद् ખાવું-નો

(પદ ૧૧. ૨—૫).

ભૂ૰ કૃ૦) વાતમાં નામ લયાકીધેલું એવું પકવાન; પકવાનની વાત કર્યાકીધીહોય તે. समा० મધ્ય૦

રોગથી થતી પીડા તો મટે, પણ ઇશ્વરથી જગત્ ભિન્ન એવું માન્યાથી—સંસાર સત્ય માન્યાથી જે ઉપાધિ વળગે તે ટળવી કઠણ, તે તો ખરું જ્ઞાન થયેજ જાય, જ્ઞાનીનું ડોળ ઘાલ્યાથી ન જાય. અથવા-સાદે અર્થે-વરસાદ વરસ્યાવના અમસ્તો આકાશમાં ગાજ્યાકરે તેથી દુનિયાને રોગથી થતી પીડા મટતી નથી, તે તો ખરો વરસાદ પડેથીજ મટે ઇ૦.

અલં૦ દૃષ્ટાંત.

૩. **વિષ્ણુપદ**—सं. = વિષ્ણુનો મહિમા, એ મહિમા જણાવવાને રચેલાં [કીર્તનો.
કરણી—सं. (कृ કરવું.) કામ, રેણી, રીત.
કાગ—सं. (काक.) કાગડો.
હોડ—સ્ત્રી. हिं. = સ્પર્ધા, હરોબરી, હરીફાઇ.
હસીકાડે = મજાક-ઠેકડીમાં ઉડાવે.
લવમાં—અવ્ય૦ सं (लव રજકણ, लू કાપવું.) લગારમાં, સેજમાં.

(૨-૬) રીત કેવળ અજ્ઞાની માણસની અને ખપવા ઇચ્છે પૂર્ણ જ્ઞાનીપુરુષમાં.

૪. **પંડ**—सं. (पिंड. पिंड् એકઠું કરવું.) શરીર.
પ્રગટ—सं. (प्रकट. प्र આગળ, कट् જવું.) પ્રત્યક્ષ, ખુલ્લો; ખુલ્લી રીતે.
પેખે—(सं. प्र + ईक्ष ધા૦) જોય, જાણે.
અગણિત—सं. (गण् ગણત્રી કરવી-નો ભૂ૰ કૃ૦) અમાપ, બેહદ, જેની હદ બંધાય નહિ એવો; જેનું સ્વરૂપ કળી ન શકાય એવો. समा० નય૦
લેખું—सं. (लेखन. लिख् લખવું.) ગણત્રી, પ્રમાણ, માપ.
દુષ્ટભાવેકરી—सं. (दुष् બગડવું-નો ભૂ૰ કૃ૦ दुष्ट; भू થવું; વિચારવું.) પાપીબુદ્ધિથી, ઠગવાના વિચારથી, દંભથી, ઢોંગથી. समा० કર્મ૦

(૨) આખું જગતજ બ્રહ્મ, એટલે નહિ કેવાય કે તે આવો છે, તે છતાં તેનું અમુક સ્વરૂપ લોકોનાં મનમાં ઠસાવવાને ઉપદેશ કરે અને એમ માળી ઝાલી લોકોને ઠગે.

૫. **નિરાકાર**—सं. = આકારવગરનો, જગતમાં દેખાતા કોઇ પણ આકાર-સરખો નહિ તે, શુદ્ધસ્વરૂપ ઇશ્વર, બ્રહ્મ. समा० બહુ૦
ગળે—(सं. गल् ઓગળીજવું.) પ્રવાહી થઇજાય; તલ્લીન-તદાકાર થાય, એકરૂપ થઇ મળી જાય.
ભિન્નસંસારની—सं. (भिद् કાપવું-જુદુંપાડવું-નો ભૂ૰ કૃ૦; सं + सृ નિયમિત રીતે ચાલ્યાકરવું.) ઇશ્વરથી જગત જુદું એવી. समा० કર્મ૦

(પદ ૧૧. ૫.) (વર્ષા-શ૦. ૧—).

ભ્રાંતિ—સં. (भ्रम् ભટકવું.) વેમ, ખોટી કલ્પના.
જ્ઞાનવિજ્ઞાન—સં. (ज्ञा જાણવું.) જાણવું તે જ્ઞાન, અને અનુભવસાથે જાણવું તે વિજ્ઞાન, સમા૦ ૬.૬. [દીવાથી અંધારું મટે એમ જાણવું તે જ્ઞાન, અને દીવો કરી તેના તેજથી અંધારું મટેછે એમ સિદ્ધ કરવું તે વિજ્ઞાન.]
જોત—સં. (ज्योतिस्. द्युत् પ્રકાશવું.) તેજ, પ્રકાશ.

મનનો મેલ ટળી જ્યારે કોઇ બ્રહ્મસાથે એકરૂપ થાય-ઇશ્વર જગતથી અને જગત ઇશ્વરથી ભિન્ન એવી ખોટી કલ્પના મટે ત્યારે એ માયારહિત આત્મા અને સર્વકાળ જ્ઞાનમય જે પરમાત્મા એ બેઉ પ્રકાશ મળીજાય.

(૧) જો ને જેહનું—આ બેનું અગત્ય નથી-જો નિરાકારમાં કોઇનું, અથવા નિરાકારમાં જેનું ઇ૦.

प्रेमानंद.

भागवत – दशमस्कंध.

વર્ષા—શરદ્વર્ણન.

૧. **ગોવિંદ**—સં. = કૃષ્ણ-ગોકુળમાં અવતરી ગાયો ચારતા માટે. (गो ગાય, विद्-विंद् મેળવવું. ૨. गो વાણી-વેદવાણી; વેદવાણીથી જેના સ્વરૂપનું જ્ઞાન થાય તે. ૩. गो ઇંદ્રી, ઇંદ્રીને ઓળખી વશ રાખનાર-ઇંદ્રીજીત. ઇ૦)
ચરિત્ર—સં. (चर् ચાલવું-વર્ત્તવું.) વખાણવાજોગ ગુણકર્મ.
ગર્ભજોગી—સં. (ન્યોગી.) શુકદેવ—વ્યાસના પુત્ર. સમા૦ ૫૦ [એ પેલે જનમ પોપટ હતા. શિવે પાર્વતીને જ્ઞાન સમજાવ્યું તે પોપટે સાંભળ્યું. એ શિવે જાણ્યું ત્યારે તે તેની પાછળ દોડ્યા ને શુકે ગભરાઇ પોતાનું ખોળીયું પાડી વ્યાસની સ્ત્રીનાં ઉદરમાં પ્રવેશ કરચો-શિવ પણ ત્યાંજ બાર વર્ષ બેસી રહ્યા. પછી વિષ્ણુએ શિવનું સમાધાન કર્યું ને શુક અવતરચા. એ જન્મ્યા તેવાજ નાળ સહિત વનમાં નાસીગયા. પછવાડે એના પિતા વ્યાસ દોડ્યા ને એને ઘેર આવવા સમજાવ્યું પણ શુક ન આવ્યા. એ ઋષિઓનાં મંડળમાં ભગવતના ગુણ ગાયાકરતા. એક સમે નારદ મળ્યા તેને શુકે મુક્તિનો ઉપાય પૂછ્યો ત્યારે નારદે કહ્યું કે તે તો તમારા પિતાના જાણ્યામાં છે. પછી શુક પોતાના પિતાપાસે આવ્યા ને એણે ભાગવત ભણાવ્યું. પછી શુકે પરીક્ષિતરાજાને તેના અંતકાળઉપર સઘળા ઋષિશ્રોતાઓની સમક્ષ સાત દિવસમાં શ્રીમદ્ભાગવત સંભળાવ્યું હતું.

(વર્ષા-શ૦ ૧—૩).

સાંભળીએ = સાંભળો. (માનાર્થે દ્વિતીય પુરુષ, કર્ત્તા આપ અધ્યાહાર્ય.)

ભૂપાળ—સં. (भू પૃથ્વી, पाल् રક્ષવું.) રાજા પરીક્ષિત. (જો૦ ઉપર ગર્ભજોગી; અને ૧૫.) સમા૦ દ્વિ૦

લીલા—સં. = ખેલ, રમત, ચરિત્રો.

વૃંદાવન—સં. (वृंदा તુળસી.) ગોકુળની પાસેનું વન–ગામ, જ્યાં કૃષ્ણે લીલા કરીહતી.

વરણવું—(સં. वर्ण् ધા૦) વર્ણન કરું, બ્યાન આપું.

વર્ષાકાળ—સં. (वृष् છંટકાવ કરવો.) ચોમાસાનો રુતુ–દાડા. [વરસના છ રુતુ દર બે મહિનાનો. ૧. વસંત–મીનમેષરાશીમાં જેટલો કાળ સૂરજ રહે તે, આ પ્રાંતમાં ફાગણચૈત્ર; ૨. ગ્રીષ્મ-વૃષભમિથુનરાશીમાં સૂરજ જેટલો કાળ હોય તે–જેઠઅખાડ; પણ આ પ્રાંતમાં મોટી વૃષ્ટિ અખાડમાં થાયછે માટે, વૈશાખજેઠ; ૩. વર્ષા–અખાડશ્રાવણ; ૪. શરદ્–આસો-કાર્તેક. ૫. હેમંત–માગશરપોષ; ૬. શિશિર–પોષમાઘ. વસંતગ્રીષ્મ-ઉનાળો, વર્ષાશરદ–ચોમાસુ, હેમંતશિશિર-શિયાળો.]

૨. શ્રીગોકુળ—સં. (गो ગાય, कुल સમુદાય; નિવાસ.) જમનાનદીપરનું એક ગામ.

ગૌધેન—સં. (गो, धेनु–તરત વિયાયલી ગાય.) ગાયવાછરડાં. સમા૦ દ્વ૦.

રામકૃષ્ણ—સં. (रम् વ્યાપવું; कृष् લઇલેવું.) રામ એ વસુદેવ જાદવનો રોહિણીથી થયલો પુત્ર–શેષનો અવતાર. કૃષ્ણ એ વિષ્ણુનો આઠમો અવતાર–કંસશિશુપાલાદિકનો વધ કરવાને ભૂમિનો ભાર ઉતારવાને અને લીલા દર્શાવવાને. [વસુદેવની સ્ત્રી દેવકીના પુત્રરૂપે મનાયા માટે રામના સાવકા ભાઇ. વસુદેવ અને ગોકુળમાં નંદરાય એ બે મિત્ર થાય માટે કંસના જુલમથી વસુદેવે પોતાની સ્ત્રી રોહિણીને ગોકુળ મોકલીદીધેલી ત્યાં તેને રામ અવતર્યા. અને કૃષ્ણે બંધીખાનામાં ચતુર્ભુજરૂપે દર્શન આપી કહેલું કે હું તમારા પુત્રરૂપે અવતરીશ, પણ મને અહિંયાં રાખશો નહિ, નંદની સ્ત્રી જસોદાએ હમણાજ પુત્રી પ્રસવીછે ત્યાં મને સુવાડી તે પુત્રી લાવજો. હું ત્યાં અગિયાર વરસ રહી પાછો આવીશ ને કંસ મારી તમને મળીશ.]

૩. ઘન—સં. = વાદળાં, વરસાદ.

ચમકે = ઓચિંતો ઝડપથી પ્રકાશ કરે.

ઘોર—સં. (घुर् ડરાવવું.) ભયંકર, ડરામણું; ૨. અતિશય.

હંસ—સં. = લાંબી ગર્દનનો કૂમળાં પીછાંથી સુશોભિત તળાવસરોવરતીરે રેનારો પક્ષી.

ચાતક—સં. (चत् આજીજીથી માગવું-મેઘપાસે જળ.) એક જાતનો પક્ષી-પપૈયો, બપૈયો. [એને વિષે કેવાય છે કે એ વરસાદનાં પડતાં બિંદુશિવાય

(વર્ષા-શ૦ ૩—૫.)

બીજું પાણી પીતો નથી-ચોમાસામાં સ્વાતીનક્ષત્રના વરસાદથીજ એની તરસ મટેછે.]

કળા—સં. (कलाप.) મોરનું પુચ્છ પસારીને ઉપર વાળેલું.

૪. અમૃતસ્વરે—સં. = અતિમધુર ટૌકાથી. સમા૦ કર્મ૦ [અમૃત વિશેષણ યોગ્ય છે-એ ટૌકા કાનને મીઠા લાગે એટલુંજ નહિ પણ શિથિળ મનોવૃત્તિને એ પાછી સતેજ કરેછે.]

કોકિલા = [જો૦ શામ૦ ૪. આ પક્ષી વસંતમાંજ બોલેછે-વર્ષાના આરંભલગી.]

ગુંજાર-વ—(સં. गुञ्‌-गुंज ગણગણવું; रव સોર-रु ધા૦) ભમરા ભીંગારા મધમાખ વગેરેની પાંખોથી થતો અવાજ.

અભ્રઘટા—સં. (अप्‌ પાણી, भृ ભરવું-રાખવું; घट्‌ એકઠું કરવું.) વાદળાંનું છેક પાસપાસે આવી ઝુમીરેવું તે. [फा. अब्र.]

વચ્છ—સં. (वत्स. वस प्रेम બતાવવો.) વાછરડાં.

હીંસાર = હરખાતાં કે પ્રેમ ઉભરાતાં મોમાંથી જે શબ્દધ્વનિ થાય તે.

[આ શબ્દ ઢોરની બાબતમાં વધારે વપરાયછે, તેમાં વિશેષે ગાય, અને તે વળી તરત વિયાયલી. હીંસારો=પ્રેમનું ઉભરાવું.]

[(૨) નાસે એમાં કેવળ ભયનો વિચાર ન લેવો-ઘણા આનંદસાથે કંઇક ભયનાં રોળથી ઢોર પુછડાં ઊંચાં કરી માથાંપર આણી દોડાદોડ કરીમૂકેછે ગામડાંમાં એને મલકાણે ચડવું કેછે.]

૫. આદિત—સં. (०त्य-आदिति દેવોની માતા.) સૂરજ. [તારાઓ.

ઉડગણ—સં. (उडु०उडु નક્ષત્ર, गण સમુદાય-गण्‌ ગણવું.) નક્ષત્રગણ,

ઇંદુ—સં. = ચંદ્ર. [ઈંદુનો અર્થ ઋગવેદમાં-સોમરસ કે સોમરસનું ટીપું; તેપરથી પછી ઈંદુ=કોઇ નાનો ગોળ ચળકતો પદાર્થ-થઇ, પૂર્ણચંદ્રને ઈંદુ કેવામાં આવ્યુંહશે, અને પછી કોઇપણ તિથિના ચંદ્રને.]

આચ્છાદ્યા—(સં. आ બધે, छद्‌-छाद्‌ ઢાંકવું.) ઢાંકીનાખ્યા.

સર્વે—અવ્ય૦ સં. = સર્વત્ર, સઘળે.

વ્યાપી—(સં. वि + आप्‌ ધા૦) પસરી ફેલાઇગઇ.

અનંત—સં. (अन्‌ નહિ, अंत છેડો.) અપાર, અગણિત. સમા૦ બહુ૦

જંતુ—સં. (जन्‌ પેદાથવું.) જીવડાં.

ઉદયા—સં. (उदित. उत्‌ ઊંચે, इ જવું.) ઉપજ્યા, પેદાથયા; ઊગ્યા, ફૂટયા.

અવનીમાં—સં. (अव्‌ રક્ષવું.) પૃથ્વીપર.

સૃષ્ટિ—સં. (सृज्‌ પેદાકરવું.) જગત્, વિશ્વ, દુનિયા.

વિધિ—સં. (वि + धा પેદાકરવું.) બ્રહ્મા.

(વર્ષા-શ૦ ૫—૯.)

થાપી—(સં. स्था પ્રે૦ ભેદે स्थापय् સ્થિરકરવું.) માંડી.

(૨) પૃથ્વીપર અગણિત જીવડાં પેદાથઇઆવ્યાં, અને એરીતે બ્રહ્માએ એ જગત્-જગત્‌ની રચના નવી માંડી.

૬. **કીટ**—સં. (कीट् રંગવું.) કીડા, જીવડાં. [જાત દીવામાં પડેછે.

પતંગ—સં. (पत् પડવું.) એક જાતનો સુંદર પાંખવાળો કીડો-એની એક

પંચવરણાં—સં. (वर्ण् રંગવું.) પાંચ રંગનાં-રાતાં, પીળાં, કાળાં, લીલાં ને

મંડૂક—સં. (मड् ખુશકરવું-થવું.) દેડકાં. [સફેદ. સમા૦ બહુ.

તૃણ—સં. (तृण् ચરવું.) ઘાસ.

દ્રુમઅંકોર—સં. (૦अंकुर. अंक् ચિન્હ કરવું.) ઝાડના ફણગા-પીલા-કુંપળ.

૭. **કુસુમ**—સં. (कुस् પ્રકાશવું.) ફૂલ.

નાનાવિધ—સં. = ઘણી જૂદીજૂદી જાતનાં. સમા૦ બહુ.

પૂર—સં. (पॄ ભરવું.) રેલ.

તટ—સં. (तट् ઊંચાહોવું.) કિનારે.

વાય—(સં. वद् બોલવું-પ્રે૦ભેદે-वादय; કે वा વાવું-પ્રે૦ભેદે-वायय्?) વજાડે.

વેણુ—સં. = વાંસળી, મોરલી.

૮. **પૂરાણા**—સં. (पूर्ण-पॄ ભરવું-નો ભૂ૦ કૃ૦) પૂરાયા.

આશ્રમ—સં. (आ + श्रि આરામલેવો.) ચોક્કસ મુકામ.

સંન્યાસી—સં. (सम् છેક, नि + अस् દૂર કરવું-સંસાર.) ગાયત્રીનો અધિકારી એવો જે પુરુષ સંસાર ત્યાગકરી સાધુદીક્ષા લે તે.

સ્થળ—સં. (स्थल् સ્થિર રેવું.) સ્થાને, જગાએ.

[આખાડ સુદ ૧૧ થઇ એટલે સંન્યાસીએ એકજ ઠેકાણે ચાર મહિના રેવું જોઇએ; એજ કારણથી સંન્યાસીને આષાડી કેછે.]

૯. **નાના**—સં. = ઘણાં જૂદીજૂદી જાતનાં. [જે કર્મ તે.

વ્રત—સં. = પાપ ટળે ને મનનો હેતુ પારપડે તેનેમાટે કહેલા નિયમસાથે

તાપસ—સં. (तप् તપવું, દેહદમવી.) તપસ્વી, જોગી.

માળે—માળો = ઊંચી બનાવેલી કંઇ ખુલ્લી જગા. [તપસીઓ દેહદમવા ઉનાળામાં પંચાગ્નિ સેવેછે, શિયાળે પાણીમાં બેસીરેછે, અને ચોમાસે વરસાદ

શ્રવણ—સં. (श्रु સાંભળવું.) શાસ્ત્રપુરાણની કથા સાંભળવી તે. [સેછે.]

કીર્ત્તન—સં. (कृत् ગુણ ગાવા.) પરમેશ્વરના ગુણનું ગાન-ભજનો ગાવાં તે.

પ્રતિમા—સં. (प्रति સામું, પ્રમાણે; मा માપવું.). મૂર્ત્તિ.

(વર્ષા-શ૦ ૯—૧૫.)

વર્ણાશ્રમ—સં. = પોતપોતાની જાતિ અને આશ્રમના વર્ણ-બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય શૂદ્ર; આશ્રમ—(જો૦ અખો—૨૩.) સમા૦ દ્વ૦.

૧૦. **દુગણાં**—સં. (द्विगुण. गुण् ગણાં કરવાં.) બમણાં.

સુરભી— સં. = ગાય.

જેષ્ટિકા—સં. (ય૦) લાકડી. [સમા૦ ચ૦

અશરણશર્ણ—સં (०शरण.) નોધારાનો આધાર, નિરાધારને આધાર.

૧૧. **ઝડી**—(સં. झट् ગુંચવાવું. झटिति ઝડપથી-ઉપરથી.) ઉપરાઉપરી ઝાપટાં આવે એવો વરસાદ.

મેવલીઓ—સં. (मेघ-ઉપરથી.) વરસાદ. [મેવલો, મેવલીઓ-આ શબ્દ કોડના કોમળ મીઠા બોલ છે-મેવલિયારે ઝાઝેરો વરસ (૨), ભિજેરે ગોરાદેની ચૂંદડી; ચૂંદડિયેરે નવલેરી ભાત (૨) ઇ૦]

નયણે—સં. (नयन. नी દોરવું.) આંખે. [સમા૦ બહુ૦-નપ૦]

અવિનાશી—સં. (नश् નાશ પામવું.) જેને નાશ નથી એવો-કૃષ્ણ. [વર્ણનમાં કૃષ્ણ હોય ત્યાં રામ સમજીલેવા=રામકૃષ્ણ અવિનાશીજ છે.]

૧૨. **પલાશ**—સં. (पल માંસ, अश् ઢગલો થવો; ફૂલના રંગસમૂહપરથી?) ખાખર.

ટોપ = વરસાદમાં ઘાલવાની મોટી ટોપી, ઘુમટી. [તૃ૦; અવ્ય૦.

૧૩. **પૂરભર્યાં**—(સં. पृ, भृ ધા૦) રેલનાં પાણીએ ભરેલાં; ભરપૂર. સમા૦

નાળાં—સં. (नाल નળી, नल् ઘેરવું.) ખાડીનદીનો આડોઅવળો સાંકડો

કટિ—સં. = કેડ. [ઉંડો ફાંટો. સરખાવો ફા૦ નેહેર.]

ગોપુચ્છ—સં. = ગાયને પુંછડે.

૧૪. **શામળીઆને**—સં. (श्यामल કાળો.) કૃષ્ણને માટે, કૃષ્ણની.

તારા—સં. (तॄ ધા૦) હોશિઆર તરનાર.

સંસારતારણ—સં. (०तारक. तॄ પ્રે૦ ભેદે.) સંસારરૂપી સાગરથકી તારનાર, જન્મમરણથી છોડવનાર, મોક્ષઆપનાર. સમા૦ પં૦; અલં૦ રૂપક. (૨) અલં૦ વિરોધાભાસ.

૧૫. **કૌતક**—સં. (कौतुक. कुतस् ક્યાંનું, ક્યાંથી ઇ૦) આશ્ચર્યકારક ખેલ-લીલા.

કમળાવર—સં. (कमला લક્ષ્મી, वर ધણી.) વિષ્ણુ, કૃષ્ણ.

પરિક્ષત—સં.-હસ્તિનાપુરના રાજા-અર્જુનના પૌત્ર ને અભિમન્યુના પુત્ર. [એનો જન્મ કળિજુગના આરંભમાં થયો. એ જારે ગર્ભમાં હતા ત્યારે અશ્વત્થામાએ એનો નાશ કરવા ઉત્તરાનાં પેટમાં બ્રહ્માસ્ત્ર મૂક્યુંહતું, પણ કૃષ્ણે સુદર્શન ચક્રેવતી તેને વાર્યુંહતું ને પોતે ઉત્તરાના ઉદરમાં એને દર્શન

(વર્ષા-શ૦ ૧૫—૧૮.)

આપ્યું હતું. પૂરે માસે જન્મ્યાપછી એ આસપાસ જોવાલાગ્યા કે મને પેટમાં દર્શન આપ્યુંહતું તે ક્યાં છે, માટે એનું નામ પરીક્ષિત પાડયું. (परि ચોતરફ इक्ष् જોવું. परीक्षित् શબ્દ પણ પ્રવર્તેછે. તેપ્રમાણે વ્યુત્પત્તિ—परि ચોતરફ-છેક, क्षि નાશ થવો-એનાં બધાં કુળનો નાશ થઇગયલો માટે.). એક દિવસ રાજા મૃગયાને ગયા ત્યાં વનમાં બહુ તરસ લાગી તેથી શિંડીઋષિના આશ્રમમાં જઇ ઋષિ ધ્યાનમાં હતા તેની પાસે પાણી માગ્યું. ઋષિએ રાજાને કંઇ ઉત્તર ન આપ્યો તેથી એણે ક્રોધમાં એક મોએલો સર્પ તે ઋષિની કોટે ધાલ્યો. એ વાત તે ઋષિના પુત્ર શૃંગીઋષિએ જાણી ત્યારે તેણે શાપ દીધો કે આજથી સાતમે દિવસે એ દુષ્ટકામ કરનારને તક્ષક નાગ કરડશે ને તે મરણ પામશે. રાજા પોતાના પુત્ર જનમેજયને રાજ સોંપી હરદ્વાર જઇ ગંગાતટે બેઠા; ત્યાં શુકદેવે એને સાત દિવસમાં ભાગવત સંભળાવ્યું. જો૦ ૧.].

શીતકાળ—सं. (शीत ટાઢ.) શિયાળો.

१५. **શોભા**—सं. (शुभ् સારું દેખાવું.) સૌંદર્ય, સુંદરતા, ખુબસુરતી; ખુબી.

શરદકાળ—(જો૦ ૧ વર્ષાકાળ.).

તિમિર—सं. = અંધકાર, અંધારું.

નિવર્ત્યું—सं. (निवर्तित. नि + वृत् ધા૦ નો ભૂ૦ કૃ૦) બંધપડ્યું, ટળ્યું, મટયું.

१७. **પ્રગટ**—અવ્ય૦ सं. (०कट. प्र આગળ, कट् નિસરવું.) ખુલ્લી-સાફરીતે.

ભાસે—(सं. भास् પ્રકાશવું.) પ્રકાશવા-દેખાવાલાગ્યા.

મહાજયોતિ કરે—सं. (द्युत् પ્રકાશવું.) ઘણો પ્રકાશ આપવા લાગ્યો.

માર્તંડ—सं. (मृतंड-ઉપરથી.) સૂરજ.

પંક—सं. = કાદવ.

નવખંડ—क्लीं. (खंड् ભાંગવું.) પૃથ્વીના-જંબુદ્વીપના (જો૦ શામ૦ ૧૪. મેર.) નવ મોટા ભાગ. [ઇલાવૃત્ત, ભદ્રાશ્વ, હરિવર્ષ, કિંપુરુષ, કેતુમાલ, રમ્યક, ભરત, હિરણ્મય ને ઉત્તરકુરુ. ઇતરમતે-ભરત, વર્ત, રામ, દ્રામાલા, કેતુમાલ, હિરે, વિધિવસ, મહિ ને સુવર્ણ.] समा० દ્વિગુ.

१८. **સરિતા**—सं. (सृ સરવું-વેહવું.) નદી.

પોયણ—सं. (पद्मिनी.) કુમુદફૂલ-એક જાતનું કમળ. [એ રાતે ખિલી સૂરજ ઊગતે બિડાયછે. પંકજ સૂરજ ઉગતે ખિલેછે. જો૦ દલ૦ શરદ૦ ૪]

પંકજ—सं. (पंक કાદવ, ज નિપજેલું.) કમળફૂલ. समा० સ૦.

ઉત્પત્તિ—सं. (उत् + पद् ધા૦) પેદાએશ.

મુક્તાફળ—सं. (मुक्ता મોતી-मुच् મૂકવું; फल દાણો.) મોતી.

(વર્ષા–શ૦ ૧૮—૨૨.)

સ્વાતિબિંદુ—સં. (सु સારી રીતે, अत् જવું ; बिंद् ભાગ થવા.) સ્વાતિ-પંદરમા નક્ષત્રમાં પડેલા વરસાદના છાંટા. समा० સ૦. [નક્ષત્ર-તારાઓનાં મંડળ ૨૭ છે-અશ્વિની, ભરણી, કૃત્તિકા, રોહિણી ઇ૦. સ્વાતીનક્ષત્રમાં વરસાદના છાંટા સીપમાં પડે તેનાં મોતી બંધાયછે-એ એક મત. ઇતરમતે-સીપમાં રેનારી કાલુ માછલીનાં શરીરમાંથી રસી નિકળે તે ટીપાં સીપમાં પડી મોતી બંધાય છે. આ બે મતોનો વિરોધ આ રીતે ટળે? સ્વાતીનક્ષ-ત્રમાં સીપ સમુદ્રપર તરતીહોય તેમાં વરસાદના છાંટા પડ્યાથી માછલીને કંઇ રોગ થઇ તેનાં શરીરમાંથી રસી નિકળે તેનાં મોતી બંધાય.]

૧૯. **સગર્ભા**—સં. = ગાભણી, દાડાવાળી. समा० બહુ૦ [समा० કર્મે

નિજ નાથથી—સં. (नाथ् સત્તા હોવી.) પોતાના ધણીસાથે સંગથી.

પતિવ્રતા—સં. (पा રક્ષવું; व्रत અમુક નિયમ કે ટેક.) વચનથી માત્ર પોતાના વરની ઉપર ટેકવાળી સ્ત્રી, સાધવી બૈરી, સતી. समा० બહુ૦

ઉદરે—સં.=પેટે, ગર્ભસ્થાનમાં. ગર્ભ ઉ૦ ધરીઆ=ગર્ભવાળીથઇ, દાડા રહ્યા.

૨૦. **પર્ણકુટિ**—સં. (पर्ण् લીલાં થવું; कुट् અટકાવવું.) પાંદડાંની છાએલી ઝુંપડી. समा० મધ્ય૦

તીર્થ કરવા—સં. = ધર્મક્ષેત્ર-પવિત્ર જગાએ ફરી દર્શન કરવાને.

આગીઆ—(सं, अग्नि-આગ-પરથી?) એક જાતનો કીડો. [એ રાતે ઉડે ત્યારે લીલો ચળકતો દેખાયછે. આગીઆ ઉઘડયા-બીજી રુતુમાં એ કીડા તો હોયજ, પણ પાંખો એકઉપર એક ચોંટીગયાથી ચળકારો મારતો નથી; અને તેટલામાટેજ ઉઘડયા.]

પુરવાસી—સં. (पॄ ભરવું; वस् રેવું.) શેરના લોકો. समा० સ૦

૨૧. **નૌકા**—સં. = હોડી, વાણ.

વિવાહકર્મ—સં. (वि+वह् ધા૦) લગનનાં કામો, લગ્ન.

[(૨) શુભ-એ ગીત અને નારી બેઉનું વિશેષણ થઇશકે. આખાડ શુદ ૧૧ થી તે કાર્તિક શુદ ૧૧ સુધી દેવ સૂતા એમ કેવાયછે, અને કમૂર્તાં એટલેં લગન ન થાય.]

૨૨. **જજ્ઞ**—સં. (यज्ञ. यज् પૂજન કરવું.) જગન, અગ્નિને પૂજવાનું ને તેને બળિદાન આપવાનું એક વેદોક્ત-વેદને આધારે કર્મ છે.

હોમ—સં. (हु ધા૦) અગ્નિને બળિદાન આપવું તે.

વેદાધ્યન—સં. (०ध्ययन. वेद + अध्ययन. विद् જાણવું-બ્રહ્મને; अधि + इ અભ્યાસ કરવો.) વેદનું પઠન, વેદ ભણવા તે.

(વર્ષા-શ૦ ૨૨—૨૪. નાગદ૦ શુક૦ ૧—૨.)

સૂર—સં. (सुर. सुर् મોટી સત્તા ધરાવવી.) સૂરજ.
(૨) અલં૦ ઉપમા.

૨૩. **મહોચ્છવ**- સં. (૦त्सव. उत् બાર, सु નિકળવું.) મનના આનંદનું બાર નિકળવું; મોટો સપરમો—આનંદનો દાડો. સમા૦ કર્મ૦

શૃંગારયાં—(સં. शृंगार શોભા, ઘરેણાં-ઉપરથી.) રંગ ઘરેણાં વગેરે સાજથી [શોભિતાં કર્યાં.

દેવસ્થળ—સં. = દેરાં, મંદિર. સમા૦ ષ૦

૨૪. **ગ્રામાંતર**—સં. (ग्राम ગામ, अंतर છેટું-બીજું.) બીજું ગામ. સમા૦ કર્મ૦
ગ્રા૦ કીધાં = પરદેશ નિકળ્યા.

પરવરીઆ = ગયા. [કૃષ્ણની

હૃષીકેશ—સં. (हृषीक ઈંદ્રિયો, ईश ધણી. જો૦ ૧. ગોવિંદ.) વિષ્ણુની,
[(૧) માં અધિકપદદોષ Pleonasm.-સરખું છે.]

નાગદમનમાંથી.

(શુકવચન.)

૧. **નાગસનમુખ**—સં. (૦संमुख. नग પર્વત-મૂળ ઉત્પત્તિ પર્વતમાં માટે.) કાલી-ય-કાળીનાગની સામા. [એ પૂર્વે રમણકદ્વીપમાં રેતોહતો, પણ ગરુડના ધાકથી તે જમનામાં આવીરયોહતો-ગરુડને એક રુષિનો શાપ થયલો તેથી અહિંયાં અવાય નહિ. એનાં વિષની લેરથી જમનાનું જળ પીવાતું નહિં, તેથી કૃષ્ણે દડાનું મખાંતર કરી જમનામાં પડી એને બાર કાઢ્યો, અને પછી કુટુંબસહિત પાછો રમણકદ્વીપ મોકલ્યો—ગરુડ તને ન ભક્ષે એમ [નિર્ભય કરીને.]

એવે—અવ્ય૦ = એટલામાં.

ત્રાહેત્રાહે કરી—સં. (त्राहि. त्रै ધા૦) રક્ષણ કરો, વારે ધાઓ એમ કહીને.

જિહ્વા—સં. (लिह् ચાટવું ?) જીભ.

ડસે—(સં. दंश्. ધા૦) કરડે.

ઘૂણે—(સં. धू ધા૦) ધુણાવે. ડોલાવે, હલાવે.

૨. **શોકસંયુક્ત**—સં. (शुच् ધા૦ युक्त-युज् જોડવું-નો ભૂ૦ કૃ૦) શોકે-ખેદે ભર્યા, અતિશે દુખિયા. સમા૦ તૃ૦ [બાળકનું વિશેષણ.] [હાલતમાં.

શ્વાસે ભર્યા—સં. (श्वस् દમલેવો; भृ ભરવું.] મોડે દમ ન માય એવી

ઊચર્યા—(સં. उच्चर् બોલવું-उत् બાર, चर् જવું-પ્રે૦ ભેદે.) બોલ્યા.

(નાગદ૦ શુક ૨—૮.)

વરત્યું—સં. (वृत्तम्. वृत् ધા૦ નો ભૂ૦ કૃ૦) થયું.
વિપરીત—સં. (वि ઘણું, परि ઉલટું, इत ગયલું, इ ધા૦) ઘણુંજ માઠું.
વિસ્મય—સં. ((वि+स्मि ધા૦) આશ્ચર્યની, નવાઇસરખી, અજબ.
જમુના—સં. (य०.) ગંગા નદીથી કંઇક પશ્ચિમમાં હિમાલયપર્વતમાંથી નિકળનારી નદી [એ ૩૭૮ મૈલ વહી અલ્લાહાબાદ આગળ ગંગાને મળે છે.]
ઝંપાપાત—સં. (झंप કુદકો, आपात પડવું તે.) કુદીને પડવું તે. સમો૦ તૃ૦ ૨–૩ અલં૦ સ્વપ્ન.

૩. વારતાં—(સં. वार् દૂર રાખવું.) અટકાવ્યાછતાં.
દારુણ—સં (दृ ચીરવું.) છાતી ભેદીનાખે એવી, મહાદુઃખદાયક.
શ્રવણે—સં. (श्रु સાંભળવું.) કાને.
મુરછા—સં. (मूर्च्छा. मुर्च्छ् ધા૦) બેહોશી, થોડી વાર બેશુદ્ધ થઇરેવું તે.
[મુરછા થઇ કેવાયછે; મુરછાવળી = બેશુદ્ધિમાંથી પાછા શુદ્ધિમાં આવ્યા.]

૪. કંદળી—સં. (क०) કેળ.
જસોમતી—સં. (यशोमति.) જસોદા, નંદની બૈરી, સમા૦ બહુ૦
ધરણે—સં. (०णी. धृ આધાર આપવો.) પૃથ્વીપર, જમીનપર.
વૃંદ—સં. = ટોળાં.
આક્રંદ—સં. (क्रंद् રડવું.) કલ્પાંત, રડાપીટ, રડારોળ.
(૧) અલં૦ ઉપમા. [(૨) વૃંદ ટોળે મળ્યાં–એ અધિકપદદોષ Pleonasm છે. જો૦ દલ પ્રભા૦ ૨-ગુણગાન ગાય.]

૫. દંપતી—સં. = સ્ત્રીપુરુષનું જોડું. ધણીધણિયાણી–નંદજસોદા. સમા૦ દ્વંદ્વ.
વેદના—સં. (विद् લાગવું.) પીડા, ભારે દુઃખ.
શકે—અવ્ય૦ = જાણેકે. [કર્મ૦
સર્વસ્વ – સં. (सर्वस्व. स्व ધન) સઘળું ધન, જે કંઇ હોય તે સઘળું. સમા૦
રૂપે—સં. (रूप् જોવું.) વેષે, દેખાવે, હાલે.
એવે રૂપે = એવે દુર્બળ વેષે અને બેબાકળાં.
અલં૦ ઉત્પ્રેક્ષારૂપક.

૬–૭. વિહ્વલી—સં. (विह्वल.) બેબાકળી, બાંફલીફાંફલી.
દ્રહઉપકંઠ—સં. = તે જમનાના દ્રારાપર. [ह्रद ઉંડુંસરોવર, પાણી મચ્યા કરે એવા ઉંડો ખાડો. આ શબ્દમાં વર્ણવ્યત્યય થયો છે. જો૦ શામ૦ ૫૮. હળવા.] (૬–૧) અલં૦ ઉપમા.

૮. અંબા—સં. = માતા–જસોદાને.

(નાગદ૦ શુકવ૦—૮. જસોદાવ૦ ૧—૩.)

બળિભદ્ર—સં. = રામ, બળરામ. સમા૦ સ૦ (बालिन् બળવાન પુરુષો, भद्र, ગોધો-ઉત્તમ. भद्र, वृषभ, सिंह, शार्दूल, व्याघ्र ઇ૦ શબ્દો સમાસને અંતે આવી ઉત્તમપણાનો અર્થ આપેછે.)

ઉપનંદ—સં. ((उप—ઉતરતું-બતાવેછે.) ગોવાળામાંનો એ નામનો મુખ્ય.

ગુણ—સં. (गुण् લલચાવવું.) સારાં લક્ષણ; આચરણ, કરેલાં કામો.

ઓચરી—(જો૦ ૨ ઊચરયા.) બોલીને, ગાઇને; સંભારીને.

(જસોદાવચન.)

માણકડું—સં. (माणिक्य.) રાતું મણિ, લાલ; નાજુક--રસિક લાડકોડભર્યો પુત્ર. [એવો ભાવ આણવાને શબ્દને છેડે ક, ડ, લ, ઇ૦ અક્ષર ઉમેરાય છે; બાળ-બાળક-બાળકડું.]

અપરાધણ—સં. (०राधिनी. अपराध ગુનોહ. अप ઉલટું, राध् પ્રસન્ન કરવું.) ગુનેહગાર, અધર્મી, પાપી. [પુત્રનું મરણ જોવું એજ પાપનું ફળ-જસોદા પોતાની જાતપર તિરસ્કાર બતાવેછે.]

૧. **કાલિંદી**—સં. (कलिंद પર્વતમાંથી નિકળેલી માટે.) જમના નદી.

કાળી—સં. = કાળીનાગ.

વનમાળી—સં. (वन અરણ્ય, माला હાર.) કૃષ્ણ-વનનાં ફૂલોની ગુંથેલી માળા ધાલતો માટે ? સમા૦ મ૦ય૦; બહુ૦

[કાળી વસ્તુ અપશુકન ગણાયછે; અહિંયાં ગણાવેલી ચીજો ભયંકર છેજ, તેમાં વનમાળી શબ્દ વાપરી પૂર્ણવિરોધ બતાવ્યોછે.]

૨. **સંતાનરૂપીધન**—સં. (सम् રૂડીરીતે, तन् વિસ્તારવું.) છોકરો એજ કોઇ દોલત. અલં૦ રૂપક.

કરમે—સં. = દૈવે, નસીબે; માઠે નસીબે, દુષ્ટદૈવે. અલં૦ સજીવારોપણ.

જતન—સં. (यत्न. यत् યત્ન કરવું.) સંભાળ, કાળજી.

રતન—સં. (रत्न. रम् પ્રે૦ ભેદે-રમાડવું મનને.) જવાહેર, હીરો-કૃષ્ણ. (૨) 'મે નહિ જાણ્યું કે આમ થશે-મેં તો સંભાળી રાખીમૂકેલું, એવું મારું રતન ખોવાઇગયું ! અલં૦ રૂપક.

૩. **આશ્રમ**—સં. (आ + श्रि આરામ લેવો; આધાર આપવો.) જિંદગીની મજલ. છેલ્લે આશ્રમે = ઉત્તર વયે, ઘડપણમાં.

પ્રતિપાળી--(સં. प्रति + पाल् રક્ષણ કરવું.) પાળીપોષીને. [થયલો.

નીપનો—સં. (निष्पन्न. निस्-ष्-पद् ધા૦-નો ભૂ૦ કૃ૦) નિપજેલો, તૈયાર

(નાગદ૦ જસોદાવ૦ ૩—૧૦.)

વિજોગઆગે--સં. (वियोगअग्नि.) પુત્રવિજોગ એરૂપી અગ્નિએ. સમા૦ કર્મ૦ અલં૦ રૂપક.
(૨) મોડે આવેલો કોળિયો પડીગયો-પુત્ર મોટો થયો ને એનાથી ઠરવાની આશા થઇ એટલામાં વિજોગીરૂપી અગ્નિએ મને બાળી.

૪-૬. **મોરમુગટ**—સં. (मयूरमुकुट.) મોરપીછનો બનાવેલો મુગટ. (લક્ષણા.)

કુંડળ—સં. = કાને ઘાલવાનું એક ઘરેણું, વાળા.

મોરલી—સં. (मु०) વાંસળી.

પીતપિછોડી—સં. (૦प्रच्छादि. प्र + छद् ઢાંકવું.) પીળા દુપટ્ટાએ.સમા૦કર્મ૦ પી૦કાછકછે=પીળો દુપટ્ટો કાછાની માફક ખેંચીબાંધે. અલં૦અનુપ્રાસ.

નેતરું—સં. (नेत्र. ની દોરવું.) દહિં વળોવવાની રવૈએ બાંધેલું દોરડું.

૭-૮. **પ્રાણેશ્વર**—સં. (प्राण જીવ, प्र + अन् જીવવું ; ईश् રાજ કરવું.) આત્માનો ઇશ્વર, જેવડે પ્રાણ છે તે, પ્રાણનો આધાર.

દેહ—સં. (दिह् લેપાવું.) શરીર. દેહ ધરશે = જીવશે.

બાળસખા—સં. = બાળકમિત્રો, ગોઠિયા. સમા૦ કર્મ૦.

કોણ વલે = કેવી દશા, કેવા ભુંડા હાલ. (સં. हेला અપમાન ?)

હીસીહીસી—(જો૦ વર્ષા-શ૦ ૪. હીંસાર.) ઝૂરી ઝૂરીને.
[૮-૧.] મુઆપછી ગમવાનું શું ? વાસો શાનો ? પણ સાધારણ મતે—મુઆપછી જીવ ત્યાં કંઇક કાળ રેછે—એ વિચારસાથે-પુત્ર છેક ગયો એમ માનવાને પ્રેમાળ માતાનું કોમળ હૈયું કબૂલ નજ કરે.]

૯-૧૦. **કાંઇ** = કાંપ, કેમ વારુ, એમ કેમ હશે કે.

ઓછું = હલકી જાતનું ; સાચું નહિ.

તાંહાં = ત્યારે.

કાષ્ઠપે—સં. (काश् પ્રકાશવું.) લાકડાંકરતાં પણ.

પાષાણ—સં. (पष् સામે થવું, ટક્કર લેવી, અટકાવવું.) પત્થર.

વજ્રતુલ્ય—સં. (वज् ભાગ કરવો ; तुल तोળવું, સરખાવવું.) વજ્ર = ઈંદ્રનું ધનુષ. એ ઘણું કઠણ ધારવાળું છે-ડુંગરને પણ ભેદેછે ; તેનીસાથે સરખાવીશકાય એવું-ઘણું કઠણ કઠોર. સમા૦ તૃ૦

કાળજ—સં. (कालेय.) પેટની જમણી બાજુએ માંસનો મોટો કકડો છે, જેમાંના લોહીમાંથી પિત્ત બાર પડેછે તે-જ્યાં પ્રેમ ભય શોક ઇત્યાદિ લાગણી થાયછે તે ઠેકાણું ; હૈયું, અંતઃકરણ.
૧૦-અલં૦ અનુક્રમ.

(નાગદ૦ જસોદાવ૦ ૧૧—૧૨ ઉખળાબં૦ ૧—૨.)

૧૧. મખાંતર—सं. (मिषांतर. मिष બાનું—मिष् લડવું, તકરાર કરવી; अंतर બીજું.) બીજું—ખોટું બાનું. समा० કર્મ૦

ઊખળ—सं. (उलूखल.) ખાંડણી—ખાણણી. ઊખળનું બંધન = ખાંડણી—સાથે મેં તને બાંધેલો તે વાત. [જો૦ નીચે ઉખળાબંધન.]

૧૨. વ્યાકુળ—सं. (वि વિશેષ, आकुल—कुल् સાથે વેવું.) શોક ક્રોધ ઇત્યાદિથી છેક ગાભરાં બાવરાં, એબાકળાં.

હળધર—(જો૦ દયા૦ રુખ૦ ૧૪.)

ઉખળાબંધન.

૧. વાસીસ્વર્ગ—सं. = સ્વર્ગમાં રેનાર. [વસી સ્વર્ગ, એ પાઠ લેતાં અર્થ વધારે સારો થાય—સ્વર્ગમાં રૂઇને, સ્વર્ગ રચારચા.]

સુરવર્ગ—सं. (सुर् દૈવી શક્તિ હોવી.) દેવગણ, દેવલોક, દેવો.

પરિબ્રહ્મ—सं. (बृह् વિસ્તાર પામવું.) જ્ઞાનબ્રહ્મથી પણ પર—અળગો—ન્યારો [ઇશ્વર.

નંદધામે—सं. (धा રાખવું.) નંદને ઘેર—જન્મીને.

અખંડાવિનાશી—सं. (खंड् વિભાગ કરવા; नश् નાશ પામવું.) જેના ભાગ થઇ ન શકે એવો—સર્વદા સર્વત્ર રેનારે અને જેનો નાશ નથી એવો. समा० ૬૬.

વપુવેષધારી—सं. (वप् બીજ વાવવું.) માણુસરૂપે અવતરેલા. समा० ૬૦ [વેદમાં देह—ને क्षेत्र—ખેતર—બી વાવવાની જગા—કહે છે.]

નંદનારી—सं. = નંદની બૈરી—જસોદા.

(૨) પરિબ્રહ્મ જેને કોઇ રીતનું માયાબંધન નથી તેને નંદઘેર જન્મી કેવાં કેવાં કર્મ—લીલા—ખેલ કરવા પડેછે. अलं० વિરોધાભાસ. (૪) કૃષ્ણે એક—વાર દહિંએ ભરેલી ગોળી ફોડી તેમાટે જસોદાએ એને ખાંડણીએ બાંધેલો.

૨. અચ્યુતાનંદ—सं. (च्यु પડવું—નો ભૂ૦ કૃ૦ च्युत; आ + नंद् ખુશથવું.) અવિનાશી—જેનાપર માયાની સત્તા નથી અને જે આનંદરૂપજ છે. ૨. કદી મટે નહિ એવો જેનો આનંદ છે તે. समा० ૬૬. ૨. બહુ૦

અવ્યક્ત—सं. (वि + अंज् પ્રગટ કરવું—નો ભૂ૦ કૃ૦ व्यक्त.) જ્યાં ઈંદ્રી મન બુદ્ધિ ઇત્યાદિની ગતિ નથી એવો. समा० ન૫૦

ભારતી વેદથી—सं. = વેદની વાણીથકી પણ. ૨. સરસ્વતી ને વેદથકી. (भरत એ રુષિ સરસ્વતીને સ્વર્ગેથી પૃથ્વીપર પોતાંની ભક્તિથી લાવ્યા.)

(ઉખળાબં૦ ૨—૪.)

ભેદ—સં. (भिद् ભાંગવું, પ્રથક્કરણ કરવું.) ગુહ્ય, મર્મ, ગુપ્તવાત; પાર; ખરું
લહિયે – (સં. लक्ष् ઓળખવું.) જાણિયે. [સ્વરૂપ.
નિરાકારસાકાર—સં. (आकार-आ હદ બતાવે છે, कृ કરવું.) આકારવિનાનો છતાં આકારવાળો; માયાની ઉપાધિ નહિ છતાં એ ઉપાધિને પોતાની ઇચ્છાએ ગ્રહણકરનાર. समा० બહુ૦; अलं० વિરોધાભાસ.
આનંદકારી—સં. (नंद् ખુશથવું.) આનંદ આપનાર. समा० દ્વિ૦

૩. ગુણાતીત—સં. (गुण् શોભાવવું; अति પાર, इत ગયલો. इ નો ભૂ૦ કૃ૦] માયાના ત્રણ ગુણ જે સત્ત્વ રજ તમ તેથકી પર-એ ત્રણ ગુણોની સત્તા જેનાપર નથી એવો. समा० પં૦. [સત્ત્વ-જેથી શાંતિ, ક્ષમા, દયા, સત્ય, જ્ઞાન, નીતિની વૃદ્ધિ થાય; રજ-જેથી વિષયવાસના, લોભ, ગર્વ, અસત્ય, દુઃખ વગેરેના જોસ્સાઓ થાય; તમ-સંહારશક્તિના ગુણ. એ ત્રણગુણોની ઇશ્વરને વિષે કલ્પના નથી હોતી ત્યારે તે ગુણાતીત કેવાયછે.]
ગરુડગામી—સં. = ગરુડે ચડી જનાર, ગરુડ જેનું વાહન છે તે. समा० તૃ૦
વ્યાપ્તમાન—સં. (व्याप्त–वि + आप् ધા૦ નો ભૂ૦ કૃ૦) અંદરબાર સધળે
સર્વત્ર – સં. = સધળે. [પસરીરહેલો.
અંતરજામી—સં. (अंतर् મન, અંતઃકરણ; यामी હદમાં રાખનાર—यम् ધા૦). માણસનાં અંતઃકરણમાં સાક્ષીભૂત આત્મા. [પં૦–પ્રત્યય કાયમ છે.
પરાત્પર —સં. (पर આઘેનું; મોટું.) છેટામાં છેટો; મોટામાં મોટો. समा०
પ્રાણેશ – (જો૦ નાગદ૦ જસોદાવ૦ ૭. પ્રાણેશ્વર.)
સ્વઇચ્છાચારી—સં. (इष्–इच्छ; चर् જવું.) પોતાની ઇચ્છાપ્રમાણે વરતનાર, મનસ્વી. समा० તૃ૦

૪. સહસ્રશીર્ષા—સં. = હજાર માથાં વાળો–વૈરાટસ્વરૂપમાં. समा० બહુ૦
શેષશાયી—સં. (शिष् જૂદું પાડવું; शी સૂવું.) શેષનાગપર સૂનાર. समा० स० (જો૦ શેષ, શામ૦ ૨૧.)
સર્વસામર્થ્ય—સં. = બધું–બધી વાતનું બળ જેનામાં એવો. समा० બહુ૦
અસુરાંત—સં. (०तक.) દૈત્યોનો અંત આણનાર, દૈત્યોનો ધાણ કાડનાર.
અઘનાશ—સં. (०शक.) પાપનો નાશ કરનાર.
અવિગત—સં. (अ નહિ, वि દૂર, गत ગયલો.) હમેશાં પાસે રેનાર, સાક્ષીરૂપે રેનાર. ૨. જેનું વર્ણન થઇશકતું નથી એવો. समा० નય૦
મુરારિ—સં. = મુર દૈત્યનો મારનાર. [મુરદૈત્ય એ પ્રાગજ્યોતિષપુરના રાજા પૃથ્વીનાં પુત્ર નરકાસુરનો પ્રધાન. એને પાંચ માથાં હતાં, એને કૃષ્ણે મારેલો.]

(ઉખળાબં० ૫—૭.)

૫. ચતુર્ભુજ —सं. (भुज् रक्षण करवुं.) ચાર હાથ છે જેને એવો. समा० બહુ०
ચિદ્રૂપ—सं. (चित् + रूप.) જ્ઞાન એજ જેનું સ્વરૂપ છે એવો. समा० બહુ०
અક્ષયવાણી—सं. (क्षि ધીમેધીમે નાશ પામવું; वन् બોલવું.) હંમેશ રહે એવી વાણી છે જેની તે. समा० બહુ०

ગદાશંખસારંગધર—सं. (गद् ગર્જવું; शार्ङ्ग શિંગડાનું—शृंग શિંગડું.) ગદા શંખ અને સારંગધનુષ ધારણકરનાર. समा० દ્વિ०

ચક્રપાણી—सं. (चक् અટકાવવું, પાછું ફેંકવું.) જેના હાથમાં સુદર્શનચક્ર-પૈંડાના આકારનું એક હથિયાર છે. समा० બહુ०

મુક્તાનંદ—सं. (मुक्त—मुच् છોડવવું—નો ભૂ० કૃ०) સંસાર બંધનથી છૂટેલા-મોક્ષ પામેલા એવા પુરૂષોને આનંદનું ઠેકાણું. समा० ચ० [દ્વંદ્વ સમાસ લેતાં પણ અર્થ બેસે.)

સંસારતારી—सं. (तॄ ધા० પ્રે० ભેદે.) સંસારસાગરથી તારનાર, મોક્ષ આપનાર. समा० પં० अलं० રૂપક.

૬. સર્વેંદ્રમુખચંદ્ર—सं. = કૃષ્ણપરમાત્માનું ચંદ્રસરખું મોઢું. समा० ષ०; કર્મ० સર્વેંદ્ર = સજીવનિર્જીવ સઘળાંનો રાજા; મુખચંદ્ર = ચંદ્રસરખું તેજસ્વી ગોળ નિર્મળ આનંદદાયક મોઢું. समा० કર્મ० अलं० પરિણામ.

શ્વેતત્વ—सं. (श्वित् સફેદ હોવું.) ધોળાસ, ફીકાટ, નૂર ઉડીજવું તે, ઝાંખાટ. શ્વે० પામ્યું=ઝાંખુંનિસ્તેજ થઇગયું—શરમ તથા ગભરાટને લીધે.

સંપુટ હાથથી—सं. (सम् પૂરું, पुट् સંકોચાવું.) જોડેલે હાથે, હાથ જોડીને.
ભક્તાધીન—सं. (भज् ધા०) ભક્તને તાબે રેનાર, ભક્તનાં લાડકોડ પૂરાં કરનાર, અને ભક્તને કે ભક્તે આપેલાં વચન પાળનાર. समा० ચ०

દીન—सं. (दी ઘટવું—નો ભૂ० કૃ०) ગરીબ, ઓશિયાળો, રાંકડો, દયામણો.
ભરે નેત્ર વારિ = આંખમાં આંશુ આણેછે, રડેછે.

૭. દક્ષિણપાણી—सं. (दक्ष ચાલાક, दक्ष् ધા०) જમણે હાથે. समा० કર્મ०.
નવનીત—सं. (नव તાજું, नीत કાડેલું, नी દોરવવું, લૈજવું) માખણ.
દૃઢ—सं (दृह् ધા०) મજબૂત, મક્કમ.
મુષ્ટિ—सं. (मुष् પકડવું.) મુઠ્ઠી.
તત્સમે—सं. (०समय.) તેજ વખત, એકી વખતે, બેઉ કામ સાથેજ.
વ્રજવધુ—सं. = વ્રજમાંની જુવાન સ્ત્રિયો, ગોપીઓ. समा० स०
અનુહારી = કાલાવાલા, આજીજી, ક્રોધ સમાવવાને-શાંતપડવાને વિનંતિ.

(ઉખળાખં૦ ૭ -૮. ઓખા૦—૧—૨.)

(સં. मन्यु ક્રોધ, हृ મટાડવું.)
કરે મનુહારી = તેનાં મનનું સમાધાન કરેછે.

૮. **સુકૃત**—સં. (सुकृत.) પુણ્ય. સમા૦ કર્મ૦
નાવે = ન આવે.
પાર—સં. (पा ઓળંગીજવું.) અંત, છેડો.
શતવર્ષ—સં. = સો વર્ષસુધી, ઘણા લાંબા કાળસુધી.
નિગમ—સં. (नि નિશ્ચયથી, गम् જવું.) વેદ.
વખાણે = વખાણ કરે; ગણાવે.
કોણ બુદ્ધિ મારી = મારી બુદ્ધિનું શું ગજું—કે જસોદાએ આગલે જન્મે કરેલાં પુણ્ય ગણાવી શકે. અલં૦ પૃચ્છા.

ઓખાહરણમાંથી.

કડવું ૨૬.

(ઓખાને માળિયે અનિરુદ્ધ આવ્યો એ વાત ઓખાના બાપે જાણી એટલે તેણે ક્રોધે ભરાઇ પોતાના પ્રધાન કૌભાંડને લશ્કરસાથે મોકલ્યો, તેણે આવી માળિયું વીંટીલીધું. અનિરુદ્ધ એકલો છતાં જુદ્ધને ધસેછે તેને ઓખા વારેછે.)

૧. **ઓખા**—સં. = બાણાસુરની છોકરી. [એ ગાંધર્વવિવાહે અનિરુદ્ધજોડે પરણેલી. જો૦ ૬. બાણ. उषा. उष ખાર-મીઠું; મીઠાંની કોઠીમાં ભરાઇ બેઠેલી માટે?]
કંથ—સં. (कान्त–कम् કામથી ઇચ્છવું-નો ભૂ૦ કૃ૦) ધણી, વર, સ્વામી.
કીજે-બીજે = કરો, બિહો. [વિધ્યર્થે આપ્રમાણે પ્ર૦ પુ૦, એ૦ વ૦ વપરાયછે; એમાં લાડકોડ ને વ્હાલ વિશેષ રેછે.]
સૈન્ય—સં. (स સાથે, इन ધણી.) લશ્કર.
[પેલી ત્રણ કડીમાં ઓખા વિરોધ-Contrast બતાવેછે.]

૨. **દૈત્ય**—સં. (दिति ના છોકરા માટે.) દેવોના ઓરમાન ભાઇ અને શત્રુ. [એને ભયંકર આકૃતિ મલિનતા દુષ્ટતા ઇ૦ કેવાયછે.]
પાળા—ફા. (प्यादो સિપાઇ.) પગે ચાલતા.
ઠાલામાલા = કંઇ હથિયાર કે લડાઇની સામગ્રીવિનાના.
ટોપ = લશ્કરમાં ઘોડેસ્વારને માથે ઘાલવાની ધાતુની એક તરેહની ટોપી.
કવચ બખતર = તીખાં લોડાંની ઝીણીઝીણી કડીઓનો જાળીવાળો અંગરખો જુદ્ધમાં જોદ્ધા પેરેછે તે.

(ઓખા૦ ૨—૬.)

[આ બે શબ્દો એકજ અર્થના છે, માત્ર એક સં. અને બીજો ફા. ઘણીવાર એમ બનેછે કે એકજ અર્થના જૂદીજૂદી ભાષાના બે શબ્દો જૂદાજૂદા અર્થના હોય તેમ વપરાઇજાયછે. અર્થમાં કંઇક તેજી તો આવેજ.]

પીતાંબર—સં. (पीत + अंबर.) પીળું રેશમનું વસ્ત્ર. સમા૦ કર્મ૦ [આ શબ્દ હવે ગમેતે રંગનાં ઉંચી જાતનાં પુરુષને પેરવાનાં અબોટિયાંનેમાટે વપરાયછે. જેમ-તાંબાધડો.] [બરછી.

૩ **સાંગ**—સં. (शक्ति. शक् બળવાન થવું.) તમામ લોડાંનું અણીદાર હથિયાર,
ભાલા—સં. (मल्ल. मल्ल् મારીનાખવું.) વાંસમાં લોડાંનું ફળું-અણીદાર પાનું બેસાડેલું એવું શસ્ત્ર.

મદોન્મત—સં. (०त्त. मद् છાકીજવું.) અભિમાને છાકેલા. સમા૦ તૃ૦
સકોમળ—સં. (सु०.) ઘણા કુમળા, સુંવાળા, નાજુક. સમા૦ કર્મ૦
પાતળિયા—સં.(प्रतनु ઝીણું, થોડું?) પાતળા નાજુક સુઘડ રસિલા જોઇ વાલ આવે એવા. [આ શબ્દ પ્યારના સંબંધમાં વિશેષ વપરાતો છે; એમાં પ્રસંગોપાત જૂદાંજૂદાં ઘણાં વિશેષણનો સમાવેશ થઇશકે.]

૪. **ભેદો**—(સં. भिद् ધા૦) કાપો, મારો.
છેદો—(સં. छिद् ધા૦) કાપીનાખો. [નાગદ૦ જસોદા૦ માણકડું.]
દેહડી—સં. (देह. પુ૦ दिह् લેપાવું.) સુંદર નાજુક શરીર. [જોવું
નિરખી—(સં. निर्+ईक्ष् ધા૦) ધારીધારીને જોઇ, નિહાળીને જોઇ.
મોહું—(સં. मुह् ધા૦) ચિત પરવશ થઇરહે એવી હાલતમાં આવું, તદા-

૫. **ઇચ્છા**—સં. (इष्–इच्छ् ધા૦) ઉમેદ, હોંસ; આશ. [કાર-લીન થઇરહું.
અંતર—સં. = અંતઃકરણ, મન.
ફીટીગઇ = ઉડીગઇ, જતીરહી.
માળિયો—સં. (मालिक મોટું ઘર.) એકાંતમેલ.
પ્રાણ—સં. (अन् દમલેવો.) જેવડે પ્રાણી જીવંત છે તે વાયુ, જીવ; અંતઃકરણ; છાતી. પ્રાણ કાંપેછે = મનમાં ભારે ડર પેદાથયાથી છાતી થરથર ધ્રૂજેછે. (લક્ષણા.)

૬. **ક્રોધી**—સં. (क्रोघ ગુસ્સો. क्रुध् ધા૦) સેજમાં ગુસ્સે થઇજાય એવો, મિજાસી.
વિરોધી—સં. (विरोध–ટંટા–रुध् હરકત નાખવી.) મનમાં અંટશ રાખનારો, ટંટા-લડાઇખોર, વેચાતી લડાઇ લે એવો.

બાણ—સં. = બાણાસુર-બળિરાજાનો સૌથી મોટોપુત્ર-શોણિતપુરનો રાજા. [મહાદેવનું તપ કરી એ હજાર હાથ પામ્યો ને છકચકે રાજ કરવાલાગ્યો.

(ઓખા૦ ૬—.)

એકવાર મદે છાકીજઇ એણે મહાદેવને કહ્યું કે મારા હાથ સળવળેછે, કોઇ વડનાર આપો. કૃષ્ણ તારા ભુજનો ભાર ઉતારશે એવું કહી શિવે એને એક ધજા આપી અને કહ્યું કે એ ભાંગીપડે ત્યારે જાણજે કે શત્રુ કોઇ ઉત્પન્ન થયો. કેટલોક કાળ ગયાકેડે એને ઓખા પુત્રી થઇ. (કોઇમતે પાર્વતીએ ઉત્પન્નકરેલી ઉષા મહાદેવે એને આપી.) ઓખા સાત વરસની થઇ ત્યારે બાણે એને વિદ્યાભ્યાસ કરવા શિવપાર્વતીને સોંપી. એ ઠીક ભણી ને ગાયનકળામાં પણ પ્રવીણ થઇ. એક દિવસ શિવપાર્વતીનો વિનોદ જોઇ એને મનમાં કઇ વિકૃતિ થઇઆવી; તે જોઇ પાર્વતીએ ઓખાને બાણપાસે વિદાયકરીધી. બાણે એને એકાંતમેલમાં રાખી આસપાસ રાક્ષસની ચોકી મૂકી. ઓખાએ એકવાર સ્વપ્નમાં કોઇ પુરુષ જોયો ને પછી તે પતિના ધ્યાનમાં મોડેસુધી ઉઠી નહીં. એને સખીને ઠેકાણે આપેલી કોભાંડપ્રધાનની પુત્રી ચિત્રલેખાએ જઇ જોયું તો તેણે ઓખાને રડતી દીઠી. તેણે રડવાનું કારણ પૂછ્યું ને ઓખાએ તે કહ્યું, તેઉપરથી ચિત્રલેખાએ દેવ ગંધર્વ ઇત્યાદિકનાં ચિત્ર ચિતરી ઓખાને બતાવ્યાં ને પૂછ્યું કે તને સ્વપ્નમાં મળ્યો તે પુરૂષ આમાંથી કિયો? ઓખાએ ઉત્તર વાળ્યો કે એમાંનો કોઇ નહિ. પછી અંતે અનુરુદ્ધ ચિતરી બતાવ્યો કે ઓખા અચેત થઇપડી. કેટલીક વારે સાવધ થઇ બોલી કે એજ પુરુષ. ચિત્રલેખા વિધાત્રીનો અવતાર તેથી પક્ષિણીરૂપે દ્વારકાં ગઇ ને ઉંઘતા અનિરુદ્ધને હિંડોળાસહિત લઇઆવી. ઓખાએ ઘણો આભાર માન્યો ને ચિત્રલેખા વિદાયથઇ. એક દિવસ પેલી ધજા ભાંગીપડી જોઇ બાણ ઘણો હરખાતોહતો એવે એક દૂતે આવી જાણ કરી કે ઓખાને માળિયે આજ કંઇ દિવસ થયાં કોઇ પુરુષનો સાદ સંભળાયછે. બાણની આજ્ઞાથી દૈત્યોએ મેહેલ ઘેરીલીધો. અનિરુદ્ધે સૌનો ઘાણ કાઢ્યો. અંતે શિવે આપેલા નાગપાશે બાંધી બાણે અનિરુદ્ધને કેદનાખ્યો ને ઓખાને અંત:પુરમાં મોકલાવીદીધી. એ સમાચાર નારદે દ્વારકા જઇ કૃષ્ણને કહ્યા એટલે તે જાદવસેના લઇ ચઢ્યા; આણીપાશ બાણની તરફથી શિવ ચઢ્યા. આખર મોહાસ્ત્રવડે શિવને નિદ્રાવશ કરી કૃષ્ણે બાણના ચાર હાથ રાખી બાકીના કાપીનાખ્યા. દેવોએ વચમાં પડી કૃષ્ણ ને શિવની વચમાં સમાધાન કીધું. પછી બાણે ઓખાને અનિરુદ્ધસંગાથે પરણાવી.

હાકે—હિં. = બૂમ સાંભળી. ૨. પ્રતાપથી.

ઓસાન—सं. (अवसान.) છેડો, અંત, મોત; બારીક વખત; કંબખ્તી.

[ઓસાન જાય કેવાકરતાં થાય કે આવે એમ કેવું ઠીક લાગે; = અંત આવે. આંજા ગગડીજાય, ગાત્ર શિથળ થઇજાય. અથવા જાય એ सं. जन्–जा = થવું, એઉપરથી હોય.]

ચાક—सं. (चक्, चक् ટક્કર લઇ પાછું ફેંકવું.) ચક્કર, પૈડું.

(ઓખા૦ ૬—૧૨.)

[પૃથ્વી ચડાવી ચાકે—કુંભાર માટીનો પિંડો ચાકપર મૂકે તેનો આધાર તમામ કુંભારપર-તે જેવો ઘાટ ઘડે તેવો, તેમ પૃથ્વી આખી બાણુનેજ આધીન; અથવા સાદે અર્થે-પૃથ્વી આખી ડામાડોલ થઇરહીછે.

૭. **નાદે**—સં. (नद् ધા૦) ગર્જના—હોકારો સાંભળીને. [બાણુના પ્રતાપથી.]
મેરુ—સં. (જો૦ મેર, શામ૦ ૧૪.)
ચક્રધર—સં. = ચક્રવર્તી રાજા—બાણાસુર. સમા૦ દ્વી૦ચક્ર=એક સમુદ્રથકી તે બીજા સમુદ્રસુધી લાંબોપોળો જે પ્રદેશ તે—ઘણું મોટું રાજ્ય.
ક્ષત્રીસાથ—સં. (क्षत्रियसार्थ. क्षद् કાપવું, त्रै રક્ષવું, सार्थ ટોળું, સમુદાય.) ક્ષત્રીમંડળ—વર્ગ, સઘળા ક્ષત્રી.
કઇ પેર—સં. (प्रकार.) શીરીતે, કેમ. [કૌભાંડ.

૮. **મંત્રી**—સં. (मंत्र છૂપી મસલત—मंत्र् ધા૦) પ્રધાન, વજીર—બાણુનો પ્રધાન
રહ્યા છે દંત કરડી—ક્રોધે પૂરો ટાંપીરહ્યોછે હાણુ કરવા.
રણુ—સં. (रण् સોરબકોર કરવો.) લડાઇ, જુદ્ધ, લડાઇનું મેદાન.
પધારો = સિધાવો, જાઓ. [માનસાથે શુભેચ્છાથી વિદાય કરતાં વપરાયછે.]

૯. **શશિસૂર્યવંશી**—સં. = ચંદ્રવંશી અને સૂર્યવંશી—રાજાઓ. સમા૦ દ્વં૦.
પ્રધાન—સં. (प्र સર્વોપરી, धा હોવી—સત્તા.) વજીર—કૌભાંડ.
પાવકજ્વાળ—સં. (पू પવિત્ર કરવું; ज्वाला—ज्वल् બળવું.) આગનો ભભુકો,
વિશેષ—સં. (वि + शिष् વધારવું.) વધારે—ક્રોધી. [ક્રોધનું સ્વરૂપ.

૧૦. **ભરતી લોચંન**—સં. (०चन. लोच् જોવું.) આંખ ભરતી—આંસુએ, રડતી.
વારેછે—(સં. वार् અટકાવવું.) નહિ રડવાને સમજાવેછે.
સ્વામિન્—સં. (०मिन् स्व પોતાનું.) પતિ, ધણી—અનિરુદ્ધ.
સંગ્રામ—સં. = જુદ્ધ, લડાઇ.
ઠામ = જગા. [અહિંયાં—નાસી ભરાવાની જગા નહિ પણ નાસવાનો રસ્તો.]
[અત્યારસુધી ઓને શોભતો નરમ પ્રેમાળ સ્વભાવ ઓખાએ દર્શાવ્યો; હવે અનિરુદ્ધ પુરુષ, તે ક્ષત્રીકુળના અને તે વળી જગતપ્રસિદ્ધ ક્ષત્રીકુળમાં જન્મેલા પુરુષનું શુરાતનયુદ્ધપ્રીતિ વગેરે ગુણો દાખવેછે-કૃણીમાં ને કરણીમાં.]

૧૧-૨. **ભય**—સં. (भी. ધા૦) બીક. ભય—થાય = બીધાથી શું ફળ, શામાટે બીવું.
લાંછન—સં. (लांछ् ધા૦) નિશાની. ૨. કલંક, એબ, બટ્ટો, નામોશી.
પ્રતિષ્ઠા—સં. (प्रति સામું, स्था ઊભા રેવું.) માન, આબરુ, ઇજ્જત.
મોવર = તુંબડીનું વાજું વાદીલોક સાપ પકડવા અને તેને રમાડવા રાખેછે.

(ઓખા ૧૨-૧૭.)

બોલે ને = વાજતાંની સાથે તરત. [ત્વરા બતાવવાને ને-નો આ પ્રયોગ જુઓ-કાગનું બેસવું ને તાડનું પડવું. જો૦ ૩૩. વાગી હાક.]

મણિધર—સં. = નાગસાપ—એને માથે મણિ હોયછે. સમા૦ દ્વિ૦ .

ડોલે—(સં. दुल् હિચકા ખાવા) આમતેમ ધૂણે ફેણ હલાવીને.

સર્પ—સં. (सृप् સરવું.) સાધારણ સાપ, ડેંડવાં.

[આ વેળા અનિરુદ્ધ બે ઉલટી દિશાનાં આકર્ષણ-પ્રેમ અને શૌર્યવચ્ચે ઝુલેછે, આખર શૌર્યતરફ લટેછે, પણ તેમાં હેતુ તો પ્રેમનું પ્રતિપાલન.]

૧૩. **ઘન ગાજે** = વરસાદ ગાજે ત્યારે.

કેસરી—સં. (केसर કેશવાળી, યાળ.) સિંહ.

સાંડે = બરાડી-ગરજીઉઠે. (સં. शंड આખલો, સાંડ-ઉપરથી.)

દળ—સં. (दल ખૂંદવું, કચરવું.) લશ્કર.

પુરુષ—સં. = મરદ-હિજડાથી ઉલટું.

વ્યંઢળ—સં. (पंडक.) નપુંસક, હિજડો, નામરદ.

૧૪. **હાકયો** = જેને જાગૃત કરવાને હોકારો કરવામાં આવ્યો હોય એવો, છંછેડેલો.

માંડે = ઊંચા-ઊભા કરે. [હાક = બૂમ-પરથી.]

શાર્દૂલ—સં. = વાઘ.

ગોઝારો = ઘાતકી, પાપી. (સં. गोहन्तृ ગાય મારનાર?)

(૨-૫) પગવનાનો હોય તે જુદ્ધ ચાલતુંહોય ત્યારે જુદ્ધે ન જતાં બેસીરહે. અલં૦ ૧૨—૪ માં દૃષ્ટાંત. [રચના ધીટ લાગેછે.]

૧૫. **અળગી કીધા**—સં. (अलग्न નહિ અડકેલી, लग् ધા૦) આઘી ખસેડી.

ભડ—સં. (વ્ટ.) એ જોદ્ધા-અનિરુદ્ધ.

છજું—સં. (छदन. छद ઢાંકવું.) ઘરની બારીઓની આગળ રવેશથી બારપડતાં જે પાટિયાં જડેલાં હોયછે તે.

૧૬. **ગ્રાહ**—સં. (ग्रह પકડવું.) મગર.

અનિરુધ—સં. (વ્રુદ્ધ निरुद्ध રોકાયલો-नि + रुध ધા૦) કૃષ્ણનો પુત્ર પ્રદ્યુમ્ન અને રતિ એ એનો પુત્ર.

વાષ્ર્ણેકુમાર-સં. = અનિરુદ્ધ. (वृष्णि—જાદવ અથવા-કૃષ્ણ.)

અલં૦ ઉપમા.

૧૭. **ઘન આખાડો**—સં. (आषाढ.) આખાડ મહિનાનો મેઘ. [આ માસની પૂનમે ઘણુંકરી પૂર્વાષાડા નક્ષત્ર હોયછે માટે માસનું એ નામ. એમજ कृत्तिका ઉપરથી कार्त्तिक, मृगशीर्ष ઉપરથી मार्गशीर्ष—માગસર ૪૦.]

(ઓખા૦ ૧૭-૨૨.)

પડતાળ્યા = અફાળ્યા, ઝીક્યા; કચરીનાખ્યા.
પ્રહારે—સં. (प्र+हृ ધા૦) માર, ઘા, સપાટા, ભદકા.
ધરણી ઢાળ્યા = પૃથ્વીપર ઢોળીપાડ્યા, ગબડાવ્યા; મારીનાખ્યા. [જુવાર

૧૮. **સેના**—સં. (स સાથે, इन ધણી.) લશ્કર. [ઢાળી.]
સરવે—સં. (सर्व.) આખી. [કહીને શૂર ચડાવ્યું.
પ્રેરી—(સં. प्र+ईर् મોકલવું.) વકારી, ઉશ્કેરી, હાં જુઓછ શું? એમ
જાદવજોદ્ધો—સં. (यादवयोध. यदु એ વંશનો મૂળ પુરુષ.) અનિરુદ્ધ.

૧૯. **ગજજૂથ**—સં. (०यूथ. गज् ચીસ પાડવી.) હાથીનું ટોળું.
લઘુકેસરી—સં. (लघ् ઘટવું.) સિંહબાળક, સિંહનું બચ્ચું. સમા૦ કર્મ૦
અધર્મી—સં. = શાસ્ત્ર-નીતિથી ઉલટે રસ્તે ચાલનાર, પાપી; દૈત્ય.
ફરતા—અવ્ય૦ = ચોતરફ.
વેરી—સં. (वैं० वैर દુશ્મની.) દુશ્મન-પેલા અધર્મીઓનો, અનિરૂદ્ધ.
ચંદન—સં. (चद् આનંદપમાડવું.) સુખડનું ઝાડ.
ઝીટી—(સં. झट् ગુંચવવું.) વળગાડે, ચોડે.
૧૮-૯. અલં૦ દૃષ્ટાંત; અથવા ઉપમા. [૧૮ (૨) અને ૧૯ (૧) સાથે લઇ તેને ઉપમા, અને ૧૯ (૨) ને દૃષ્ટાંત કેવાય.]

૨૦. **દાનવ**—સં. (दनु દક્ષની પુત્રી કશ્યપની સ્ત્રી ને દૈત્યોની મા.) દૈત્યો.
માનવ—સં. (मनु માણસજાતનો મૂળપુરુષ.) માણસ.
શુંય = શી વસ્તુ, કોણ ગણતીમાં, શી વિસાતમાં.
મૃગશિશુ—સં (मृग् શિકાર કરવો; शश कूदतां ચાલવું.) હરણનું બચ્ચું.
મુગટ—સં. (मुकुट.) તાજ. (૧) અલં૦ રૂપક.

૨૧. **વાયક**—સં (वाक्य, वच् બોલવું.) બોલ. [વર્ણવ્યત્યય.]
હુંહુંકરી—સં. (हम् ક્રોધમાં નિકળતો એક ઉદ્ગાર છે.) ક્રોધે ગરજ્યો, [ધડુકીને.
મુદ્‌ગળ—સં. (मुदगर.) મોગરી, મૂસળ.
ભુજ—સં. (भुज् રક્ષવું.) હાથમાં. [છૂટાપડી.

૨૨. **ત્રુટ્યા**—(સં. त्रुट् તૂટવું, છૂટાપડવું.) એકદમ ધસ્યા લશ્કરની રચનામાંથી
એકીવારે—અવ્ય૦ સં (एकेवारे. वार क्षण.) એકી ક્ષણે, એકદમ, સામટા.
શર—સં. (शॄ નાશકરવો.) બાણ. [૪૪, ૩૬].
છુટયાં—(સં. सृष्ट—सृज् છોડવુ-નો ભૂ૦ કૃ૦) ફેંકવામાં આવ્યાં. [જો૦ શામ૦
આયુધધારા—સં (युध् લડવું;) શસ્ત્ર-હથિયારનો વરસાદ.

(ઓખા૦ ૨૨—૨૮.)

પરિઘ—સં. (परि ચોતરફ, हन् મારવું.) લોઢાનું ફળું જડેલું એવો વાંસ—ભાલાજેવું ?

ફરસી—સ્ત્રી૦ સં. (परशु. પુ૦. पर દુશ્મન, शम् પીડવું.) કુહાડીના ઘાટનું લડાઇનું એક હથિયાર છે.

(૨) વરસીરહીછે=અખંડ ચાલીરહીછે.

૨૩. ભિંડીમાળ—સં. (भिंदिपाल.) ગોફણ.
દુંદુભી—સં. (दुंदु ડુમડુમ કરતો અવાજ.) ઢોલ, નોબત.
ખાંડાં—સં. (खड्ग. પુ૦. ચીરવું.) બે ધારવાળી સોધી તલવાર.

૨૪. હસ્તી—સં. (हस्त સૂંઢ-ઉપરથી.) હાથી.
દે હુલકાર = ચીસ પાડી ધસેછે. (અ૦हलक અવાજ-પરથી ?
ખડગ—(જો૦ ઉપર ખાંડાં.)
મંત્રઅગ્નિ—સં. (मंत्र છૂપી રીતે બોલવું; अंज् પ્રકાશવું.) મંત્રવડે ઉપજાવેલો અગ્નિ; અગ્ન્યસ્ત્ર-જે અસ્ત્ર એટલે મંત્રબાણ મૂકવાથી અગ્નિઅગ્નિ વરસીરહે તે. સમા૦ મધ્ય૦ અથવા તૃ૦

૨૫. રથચક્ર—સં. (चक પાછું ફેંકવું.) રથ—ચાર પૈંડાં ને બે ઘુમટવાળી ગાડીનાં પૈંડાં.
હોય=થાયછે.
હય—સં. (हय् ખોંખારવું.) ઘોડા.
હણહણાટ=ઘોડાનું ખોંખારવું.

૨૬. દોહેલો=અંઘરો, કપરો; ભારે મુશ્કેલીમાં. (સં. दुर्लभ ઉપરથી વર્ણવ્યત્યય.)
ઘાટ—(સં. घट् જોડવું૦) આકાર, ડોળ, ચેરો; સ્થિતિ, હાલત.
ઉચ્ચાટ—સં. (૦ટન. उच्च ઊંચે, अटन ભટકવું.) મનનું ઉચાઉચા ફરવું. [તે, દિલગિરી, ફિકર.
વાળી ડાટ=સત્યાનાશ વાળીને, ઘાણ કાઢીને.
મુકાવે વાટ = રસ્તો કરી આગળ ધસ્યો જાયછે. (જો૦ શા૦ ૨-૪.)

૨૭-૮. ભડાકો—=ભડકરતો અવાજ; ધા, સપાટો. (લક્ષણા.)
અધસસ્તા—સં. ((अर्ध૦ सस्त બેશુદ્ધ, सस् ઊંઘવું.) અધમુઆ, મરણતોલ થઇરહેલા. સમા૦ અવ્ય૦; કર્મ૦
પૂરા—સં. (पूर्ण- पॄ ભરવું-નો ભૂ૦ કૃ૦) છેક પારપડીગયલા.
ભયાનક—સં. (भी બીવું.) બિહામણું, જોઇ ડર ઉપજે એવું.
ભાસે—સં. (भा ધા૦) દેખાયછે.
ઉલ્લાસે—(સં. उत् ઘણું, लस् ખેલવું; उल्लस् ખુશ થવું.) હરખાયછે.

(ઓખા૦ ૨૯—૩૩.)

૨૯. **ચિત્રલેહા** સં. (૦લેખા.) ઓખાની સખી કોભાંડની પુત્રી.(જો૦ બાણ-૬.)
શોણિતસ્પર્શ—સં. (शोण લાલ થવું; स्पृश અડકવું.) લોહી લાગવું તે.
રુધિર—સં. = લોહી. [ફરેછે તેમ.]
ઝીલે = રસબસ થઇરહ્યોછે. [વરસાદમાં છોકરાં ઝીલિયો માલિયો કરતાં
(૧) મને આટલીબધી વાતની ખબર નોતી, આવું બળપરાક્રમ છે એ હું નોતી જાણતી. અલં૦ સ્વપ્ન. [આ ઓખાનું બોલવું છે.]

૩૦. **પડયું ભંગાણ** = લશ્કરની ગોઠવણીમાં તૂટ પડી સૌ નાસાનાસ થઇરહી.
લૈને પ્રાણ = જીવ બચાવવાને.
એક પુરુષે—સં = એક માણસે એકલાં.
ઘાણ = કચરી-છૂંદીનાખવું તે, સંહાર. (સં. हन् મારવું-ઉપરથી हानि. વળી घूर्णनी = ઘાંચીની ઘાણી. घूर्ण् ચક્કર ફરવું.)
વાળ્યો ઘાણ—જો૦૨૬-વાળી ડાટ. [ખાંડણિયાપર ભાત નાખી સાંબેલે છૂંદી ઢગલો કરવામાં આવેછે તે ઉપરથી આ પ્રયોગ હોય.]

૩૧. **સજ્યાં**—સં. (सस्ज् धा०) અંગે ધર્યાં, પેર્યાં.
તતપર—સં. (तत्पर. तत् તે, पर મુખ્ય હેતુ) એકલક્ષી; સજ, તૈયાર.
દદામું—સં. (डिंडिम.) મોટો ડંકો, લડાઇની સ્વારીમાં સૌથી આગળ નોબત.
દ૦દીધું = નોબત ઠોકાઇ લશ્કરને ચેતાવવા કે કુચનો વખત થયો.

૩૨. **પ્રલયાગ્નિ**—સં. (प्रलय + अग्नि.) પ્રલય—આખાં જગતનો સામટો નાશ થતીવેળાનો અગ્નિ. સમા૦ સ૦ [હિંદુશાસ્ત્રને મતે-જગત ઉત્પન્ન થયું ત્યારથી ૪૩૨૦૦૦૦૦૦૦ વરસે તેનો નાશ થાયછે-વળી પાછું ઉત્પન્ન થવાનેજ. તે વખતે સૂરજ બારે સામટા તપી સઘળું બાળી ભસ્મ કરીદેછે; પછી મેઘ મૂશળધાર વરસી સઘળું જળમય કરેછે.] [ઉગ્રસ્વરૂપ.
જાજવલ્ય—સં. (૦ल्यमान—ज्वल् બળવું-નું પ્રકર્ષરૂપ-વર્તમાન કૃ૦.) પ્રતાપી,
રૂપ—સં. (रूप् જોવું.) વિશેષે ઘાટ ને કંઇક રંગ એ બેનું એકત્ર મળવું આંખને જણાય તે, બારનો દેખાવ.
મદતુલ્ય—સં. (मद् છાકવું; तुल् તોળવું.) ગર્વ—અહંકારની બરાબર રૂપ. થયું મદ૦ = અંદરના અહંભાવના પ્રમાણમાં તેનો બારનો દેખાવ ઉગ્ર
ગડગડિયો = ઘુઘવ્યો, અહંકારસાથે ક્રોધની ગર્જના કરી. [ભયંકર થયો.

૩૩. **વાગી હાક** = પ્રતાપથી સૌ ભય પામ્યા, સૌ થરરર કાંપ્યા.
(૨. ક) બાણ જુદ્ધને ચડતાંની સાથ હાકવાગી; એમ નહિ કે હાકવાગી ને પછી ચડ્યો. [બે ક્રિયા એકે કાળે બની એમ બતાવવા તે બે ક્રિયાપદની

(ઓખા૦ ૩૩—૩૪. નળા૦ કડવું ૨૨. ૧—૨.)

વચમાં ને મૂકાયછે-કાગનું બેસવું ને તાડનું પડવું, ચોરનું ઘરમાં પેસવું ને માર્‌ું જાગવું. એમાંપણ કિંચિત કાળ બે ક્રિયાના અંતરમાં કોઇ ધારે તે દૂર કરવાને ક્રિયા ઉલટાવીને લખીહશે.]

૩૪. **સહસ્રહાથ**—सं. (०हस्त.) હજાર હાથવાળો–બાણાસુર. સમા૦ બહુ૦
સાદ—सं. (शब्द.) બોલ, બૂમ. સાદ કરવો = બૂમ પાડી બોલાવીલેવું.

નળાખ્યાન.

કડવું ૨૨.

(દેવોનો દૂત થઇ નળ સાધુવેષે જઇ દમયંતીને સમજાવે કે નળને મૂકી ચાર દેવોમાંથી કોઇને વર, એમ કહી નળની નિંદા ને દેવોની પ્રશંસા તેણે કરી.] [નનો પુત્ર.

૧. **નળ**—सं.—દ્વાપરના અંતમાં થયલા સૂર્યવંશી રાજા–નિષધદેશના વીરસે-
નિંદ્યો—(सं. निंद ધા૦) નિંદા–બદગોઇ કરી, નબળું બોલ્યો.
પ્રેમદા—(सं. प्रमदा–મદભરી સ્ત્રી.) દમયંતી.
દાધી—सं. (दग्ध–दह ધા૦ નો ભૂ૦ કૃ૦) બળીઉતરી. મહાદુઃખ લાગ્યું.
દૂતત્વ—सं. = દૂતપણું, જાસૂસનું કામ, સંદેશો પોંચાડવાનું કામ–હેતુ.
સીધ્યું—सं. (सिद्ध–सिध् ધા૦ નો ભૂ૦ કૃ૦) પાર પડ્યું, ફળીભૂત થયું.
વિષ્ટિ—सं. (विश પેસવું-ભાંજઘડમાં.) એકાદા કામને અર્થે મોકલવું-જવું તે, સલાહનું કેણ. અમુક ઠરાવપર ઉતરવાવિષેની ભાંજઘડ.
વાધી—सं. (वृद्ध–वृध् ધા૦ નો ભૂ૦ કૃ૦) આબાદ થઇ, ફળી, હેતુ પારપડ્યો.
બે દુઃખ—નળથી વિજોગ અને નળને નિંદી દેવોસાથ પરણવાનું કહ્યું તે.
ગુણવંત—सं. = સારાં લક્ષણવાળી. [(દાઝ્યાપર ડામ.
ગોરી—सं. (गौ० गौर ગોરું.) સુંદર–ખુબસુરત સ્ત્રી–દમયંતી.
વન્હિ—सं. (वह् લઇજવું-હોમેલું દેવોપાસે.) આગ, અગન.
વન્હિ વિજોગનો–જો૦ ક્રોધનો અગ્નિ. શામ૦ ૫૧.
સંકોરી = જાગતો કરી, ઉશ્કેરી. [सम्+कृ એકઠું કરવું. લાકડાં બળતાં બળતાં છેટાં પડી આંચ ધીમી પડીહોય ત્યારે લાકડાં ખંખેરી ખૂટતુંહોય તો એકાદ નવું ઉમેરી પાસપાસે મૂક્યાથી તે પાછાં જોસમાં બળવાલાગેછે.]
[ઢાળ=ટેકરાનો ઢોળાવો, અહિં વાંચવાની ઢબ કરેછે માટે.]

૧–૨. **પ્રથમ**—सं. = પેલાંથી, મૂળથીજ. [શંકા ઉઠે કે સંજોગવિના વિજોગ કેવો ?

(નળા૦ કડવું ૨૨. ૨—૫.)

પણ હંસે નળના વેવિશાળિયા થઇ વર્ણવેલો નળ દમયંતીનાં મનપર પડવાથી સંજોગ, અને હજી પ્રત્યક્ષ મેળાપ નહિ માટે વિજોગ.]

વિરહિણી—સં. (रह् તજવું.) વિજોગણ, પતિથી વિજોગમાં અકળાતી સંજોગને આતુરતાથી ઇચ્છનારી સ્ત્રી-દમયંતી.

વિગ્રે—સં. (व्यग्र. वि વિનાનું, अग्र મૂળ સ્થિરતા.) મનની સ્થિરતા નહિ એવી સ્થિતિમાં, ગાભરી, બાવરી.

સાહેલી=સખી, બેનપણી. [

ચાંપે—તેને-દમયંતીને પોતાની છાતીસાથે.

ત્રાહે ત્રાહે—(જો૦ નાગદ૦ ૬.) દોડો કોઇ વારે ધાઓ, આ શો ગજબ.

[સરખાવો ૧-૨. નાગદ૦ ૪ સાથે.]

૩. **આશ્વાસના**—સં. (०सन. आ+श्वस् પ્રે૦ ભેદે-દિલાસો આપવો.) આશા દિલાસાથી ધીરજ ધરવા સમજાવવું તે.

કિંકરી—સં.=દાસી. [સાહેલી તેજ કિંકરી. મુખ્યદાસી તે સાહેલી પણ હોય. કિંકરી—કે૦ પ્ર૦ nom. abs.

શ્યામા—(જો૦ શામ૦ ૩૮.)

સાન—સં. (संज्ञा. सम् બરાબર,—ज्ञा જાણવું.) ચેતના, શુદ્ધિ. ૨. વિવેકની સમજ, ડાપણ. સાન વળી=શુદ્ધિમાં આવી પાછું ડાપણ પકડ્યું.

દૂતપ્રત્યે—સં. (दूतं प्रति.) દૂતને.

કન્યા—સં. (कन् ચાવું; ઝળકવું.) આઠનવ વરસની કુંવારી છોકરી.
૨. જેનાં લગ્નની ધામધૂમ ચાલીરહેલીછે એવી છોકરી-દમયંતી.

સુરરાજાન—સં. (०जन्. राज् પ્રતાપી થવું.) દેવોમાં શ્રેષ્ઠ-ઇંદ્ર, યમ, વરુણ અને અગ્નિ.

૪. **અપ્રાપ્તિ**—સં. (प्र+आप् મેળવવું, પામવું.) પ્રાપ્તિ=મેળવવું તે, મેળવવાની જોગવાઇ કે યોગ્યતા. અપ્રાપ્તિ અમને અમરની=દેવને મેળવવાને-દેવસાથે પરણવાને અમારી યોગ્યતા નહિ.

અલ્પ—સં.=થોડું. ૨. નજીવું, તુચ્છ, હલકું. અલ્પ માનવકાય=માણસનાં શરીર તુચ્છ-મળમૂત્રે ભર્યાં ને અલ્પાયુ; અથવા, અમે તુચ્છ માણસ-યોનિમાં અવતરેલાં.

એ કારજ=નળને મૂકી દેવોને વરવાનું કામ.

૫. **ઉત્કૃષ્ટ**—સં. (उत् ઊંચે, कृष्ट-कृष् ખેંચવું-નો ભૂ૦ કૃ૦) શ્રેષ્ઠ, ઉત્તમ.

અમર—સં. (मृ મરવું.) દેવો.

નિકૃષ્ટ—સં. (नि નીચે, कृष्ट—જો૦ ઉપર.) નીચો, હલકો, તુચ્છ.

તમથી=તમારા કેવાથી, તમે કહ્યું ત્યારે. [આ આખું નિંદાગર્ભિત છે.]

(નળા૦ કડવું ૨૨. ૫—૧૦.)

નૈષધપતિ—સં. નિષધદેશના લોક તે નૈષધ, તેનો રાજા-નળ.
પિંડ—સં. (पिंड् ગોળો કરવો.) શરીર.
સોંપ્યો —સં. (समर्पित. सम् પુરેપુરું, अर्पित આપેલું—ऋ જવું-નો પ્રે૦ ભેદે ભૂ૦ કૃ૦; फा. सिपुर्दन સોંપવું.) હવાલામાં આપ્યો, સ્વાધીન કર્યો—મારે
અન્યતણું નવ કાજ = બીજા કોઇની ગરજ નથી. [ગમે ઉગારે.
(૨) હું તો નળને વરીચૂકી, બીજા તરફ મન વળેજ નહિ.

૬. **અકળ** —સં. (कल् સમજવું.) વિષ્ણુ—જેનું સ્વરૂપ સમજવું કઠણ. સમા૦નપ૦
અજ—સં. (जन् જનમવું.) બ્રહ્મા. સમા૦ નપ૦
અનંગઅરિ—સં. (अन् વિનાનો, अंग શરીર-अनंग કામદેવ; अरि શત્રુ.) રુદ્ર, શિવ. અનંગ- સમા૦ બહુ૦ [શિવે કામને બાળીનાખેલો. જો૦ સ્મરારિમિત્ર-ગિર૦ અ૦ ૨૯-૨.]
પણ = નીમ, ટેક, નક્કી ઠરાવ. [યુક્ત નમ્રતા રહેલી છે.]
(૨ ખ) મારું મન તો નળપર લાગીરહેલુંછે. [ચર્ણ—પગ કેવામાં ભક્તિ-

૭. **લાજે જનુની** = મારી માતાને નામોશી આવે, માની કૂખ વગોવાય.
હાસ—સં. (हस्य. हस् હસવું.) મશ્કરી, ફજેતી.
(૧-ખ) તેને વચન આપ્યુંછે કે હું નળને વરીશ.

૮. **હેત**—સં. (हित- हि રાજી કરવું-નો ભૂ૦ કૃ૦.) લાભ, ભલું.
શકે તો = મને તો ભાસે-લાગેછે કે. (સં. शक्यते यत्—એમ બને-હોય કે.)
વિષ્ટિને = વિષ્ટિને માટે, વિષ્ટિ કરવા. (જો૦ ૧.) [સમજૂતી.
સંકેત -સં. (संकेत् વખત જગા નીમવાં.) ગોઠવણી, મસલત, ખાનગી

૯. **જથારથ**—સં (यथार्थ. यथा જેમ, अर्थ ખરીવાત.) હોય તેવું, ખરું હોય તે.
ભોગી—સં. (भुज् સંસારના વૈભવ કરવા.) વૈભવી, સંસારી.
મોહજાળ—સં. (जल् ઘેરીલેવું.) મોહરૂપી જાળ. સમા૦ કર્મ અલં૦ રૂપક
(૧) હંસે કરેલાં વર્ણનથી મારાં મનપર જે ચિતાર પડ્યોછે તેની સાથે તમે બરાબર મળતાઆવોછો, માટે ખરું હોય તે કહીદો, હંસે તમારાં વખાણ કરી મારું મન છેક પરવશ પાડ્યુંછે. (૧) જોગી-નળ જોગીને વેષે.

૧૦. **સંન્યાસી**--(જો૦ વર્ષા-શ૦ ૮.) નળ સંન્યાસીને વેષે. [જોગી ને સંન્યાસી બેના ભેખ જૂદા; અહિંયાં સંસારી નહિ તે-ત્યાગી એ અર્થ છે.]
સુંદરી—સં. = રૂપાળી સુઘડ સ્ત્રી.
કોણમાત્ર—સં. (कामात्रा—मा માપવું.) શી ગણતીમાં-વિસાતમાં.
નોહે = ન હોય.

(નળા૦ કડવું ૨૨. ૧૦—૧૫.)

(૨-ખ) ચોરીથી નહિ પણ ખુલ્લીરીતે-સુરેચોસાન આવે અને તેમછતાં કોઇ દેખે નહિ એવી શક્તિ. (गुप्त—गुप् છુપાવવું-નો ભૂ૦ કૃ૦; गत्य—गति= રીત, સ્થિતિ, શક્તિ—गम् જવું.) [અગોચરની ગત્ય—પાઠ લેતાં—અદૃશ્ય રેવાની શક્તિ. गोचर—ઇંદ્રિયજ્ઞ—ઇંદ્રીવડે જણાય એવું; गो ઇંદ્રી, चर् જવું.]

૧૧. **બુદ્ધિહીન**—सं. (बुध् જાણવું; हीन—हा તજવું-નો ભૂ૦ કૃ૦) વગરઅક્કલની, મૂરખ. સમા૦ તૃ૦

મોહ—सं. (मुह् ધા૦) લલુતા, આસક્તિ, વળગણ.

માનવ—सं. (मनु માણસજાતનો મૂળપુરુષ.) માણસજાત.

સ્વર્ગસદન—सं. (सद् ઠરવું.) સ્વર્ગ એજ ઘર, સ્વર્ગલોક. સમા૦ કર્મ૦

ખોહ—सं. (गुहा. गुह् છુપાવવું.) ગુફા, ખોલી, ઝુંપડું. [સ્વર્ગથી ઉતરતું તો ખરૂંજ, તેમાં વળી બોલનાર નળ જાતે દેવોનાં વખાણ કરવા બંધાયલો.]

૧૨. **બળાત્કાર**—सं. (बलात् જોરથી, कृ કરવું.) જોરજુલમ, જબરદસ્તી.

કલ્પવૃક્ષ—सं. (कल्प હેતુ, ધારણા.) ઇચ્છા થાય તે પૂરીપાડે તેવું સ્વર્ગમાંનું ઝાડ. સમા૦ મધ્ય૦

જાચશે—(सं. याच् ધા૦) માગશે, વિનંતિ કરી કેશે.

૧૩. **જળશાઈ**—सं. (०शार्या સૂનાર, शी સૂવું.) પાણીમાં ડૂબીમરવું તે. સમા૦ સ૦. [શબ્દનો મૂળ અર્થ જોતાં જળશાઇ થાઉં હોય, અથવા દેહને કરું નું કર્મ લેવું.]

વરુણ—सं.—પાણીનો અધિષ્ઠાતા-ઉપરી દેવ.

સદ્ય—અવ્ય૦. सं. = નિશ્ચે. અચૂક, નક્કી.

૧૪. **પ્રગટી**—(सं. प्रकट ખુલ્લું-ઉપરથી.) સળગાવીને.

કાષ્ઠ સીંચી = લાકડાં ગોઠવીને, ચિતા ખડકીને.

વહ્નિ—सं. (वह् લેજવું-હોમેલું દેવપાસે.) અગ્નિ, પ્રકાશ-ઉષ્ણતાનો [અધિષ્ઠાતા-ઉપરી દેવ.

વારુ—અવ્ય૦. सं. (वरम्) સારું, ઠીકજ છે.

૧૫. **પાશ**—सं. (पश् બાંધવું.) ફાંસો.

વિષ—सं. (विष् પસરીજવું.) ઝેર.

જેમતેમ—અવ્ય૦ = ગમેતેમ કરીને, હરકોઇ રીતે.

પાડું કાય = આપઘાત કરી મરું.

અવગતે—सं. (०गति. अव માઠી, गति આખરની હાલત.) મુઆપછી નરકે પડવું તે. ૨. ભૂતવગેરે યોનિ પામવી તે. ૩. અકાળમોતે મુઆથી.

જમલોક—सं. (य०. यम् હદમાં રાખવું.) જમની દુનિયા. સમા૦ કર્મ૦

(નળા૦ કડવું. ૨૨. ૧૬-૧૭. કડવું ૨૫. ૧-૨.)

૧૬. **અનશન**– સં. (अश ખાવું.) ખાધાવગર રેવું તે, ઉપવાસ. સમા૦ નય૦ અ૦ વ્રતે = ખાવુંજ નહિ એવો નીમ રાખીને. સમા૦ કર્મ૦
(૧) એમાં આપઘાત અને તેથી થતી અવગતિ નથી-ધર્મનીતિને અનુસરતું એ વ્રત છે માટે એમાં પુણ્ય છે. [૧૩ થી ૧૬ સુધી એક ઓળિમાં દમયંતીનું ને બીજીમાં નળનું બોલવું છે.]

૧૭. **બેસીરહ્યાછે** = આતુરતાથી વાટજ જોયછે, ટાંપીજ રયલોછે.
સુરપતિ—સં. = દેવોનો રાજા ઈંદ્ર.
મુએ ન છૂટે = મુઆથકી પણ દેવના પંઝામાંથી તું બચે એમ નથી-તેઓ કોઇપણ રીતે તને વરશેજ.
ઘેલી = ગાંડી, ભોળાં મનની ને ઊંડા વિચારવગરની. [આ શબ્દમાં ધિક્કાર કરતાં મમતા વધારે બારપડતી છે-હિતેચ્છુની માફક સલાહ આપેછે માટે.]

કડવું–૨૫.

૧. **મંડપ**—સં. (मंड શણગાર, શોભા, ઠાઠમાઠ; पा રાખવું.) માંડવો, સ્વયંવરનો માંડવો. સમા૦ દ્વિ૦.

મહિપતિ—સં. = પૃથ્વીના ધણી, રાજાઓ. [દમયંતીનો પિતા.
ભીમક—સં (भीष्मक પ્રતાપી, भी બીવું પ્રે૦ ભેદ.) વિદર્ભદેશનો રાજા-
વૈદરભી—સં (૦दर्भी.) દમયંતી-વિદર્ભદેશના રાજાની પુત્રી.
શણગાર—સં (शृंगार. शृंग ઠાઠમાઠ, દમામ.) વસ્ત્ર ને આભૂષણ, ઘરેણાં-લૂગડાં અને બીજે શરીરને શોભાવનારો ઠાઠ.
(૧-ખ) પોતાને વિષે બહુ ઊંચું મત રાખનારા, રૂપાળા, બુદ્ધિમાનઅને બળવાન.

૧-૨. **સજતી**—(સં. सज્ શણગારવું.) ધરતાં, પેરતાં, કરતાં.
શ્રીકાર—સં (श्री સારું ભાગ્ય.) લક્ષ્મીસરખી; તે કલ્યાણી.
કૃષ્ણાગરમર્દન—સં. (૦गुरु०. मृद् ઘસવું, ચોળવું.) મળિયાગરું-એક જાતના ઝાડનું સુગંધવાળું લાકડું ઘસી શરીરે ચોપડવું કે ચોળવું તે.
વાસવર્ધન—સં. (वास् ખુશબોદાર કરવું; वृध् વધારવું.) ખુશબો વધારનારું. સમા૦ દ્વિ૦
મહિલા—સં. (मह् પૂજવું, માન આપવું.) રાજાની સ્ત્રી, સ્ત્રી-દમયંતી.
મંજન—સં. (मज्जन. मस्ज् નાવું.) નાવું તે, સ્નાન, અંગોળ, અંગોરડી.
વધાવવું—(સં. वृध् વધવું-પ્રે૦ ભેદ-આબાદાની ઇચ્છવી?) કલ્યાણ થાઓ એ ભાવમાં કોઇની ઉપર ફૂલ ચોખા ભાતની ધાણી વગેરે નાખવું તે.

(નળા૦ કડવું ૨૫. ૨—૬.)

મુક્તાપરજન્ય—સં. (૦પર્જ૦) મોતીનો વરસાદ. સમા૦ ૫૦ અથવા કર્મ૦. વરસે મુ૦—મોતીએ વધાવી તેથી.

૩. **શુભવચન**—સં. (शुभ् શોભવું; वच् બોલવું.) મંગળ-કલ્યાણ થાઓ એવા—એવા બોલથી. સમા૦ કર્મ૦ અથવા બહુ૦

શકુન—સં. (शकुन પક્ષી.) કોઈ કામને આરંભે દેખાતાં જે ચિન્હઉપરથી રૂડું કે ભૂંડું સેવટ માનીલેવાય તે. સુશ૦—સારાં ચિન્હ-સમા૦ કર્મ૦

[ગ્રીકલોકની માફક પૂર્વે પક્ષીની ઊડપરથી જોવાની રીત હશે-અંગ્રેજીમાં auspicious = શુભચિન્હવાળું; avis પક્ષી, specto હું જોઉછું.]

ઉદયો—સં. (उदित-उत् ઊંચે, इत ગયલો, इ જવું.) ઉપજ્યો, બધે પસરીરહ્યો.

ભેરીનાદ—સં. (भी બીવું; नद ગાજવું.) નોબતનો ઘોર.

૪. **માનપૂરણમાનુની**—સં. (૦પૂર્ણ. मन् માન આપવું; पूर्ण-पृ ભરવું-નો ભૂ૦ કૃ૦) પોતાનેવિષે ઊંચો વિચાર ધરાવનારી-સ્વાભિમાની-માનવંતીસ્ત્રી દમયંતી. માનપૂરણ-સમા૦ તૃ૦

મોવાકાજ—(સં. मुह् ધા૦ પ્રે૦ ભેદે.) મોહ પમાડવામાટે, આશકપાડવાને.

સ્વયંવર—સં. (स्वयं જાતે, वृ પસંદકરવું.) કન્યાએ પોતાની પ્રસન્નતાએ વર શોધી પરણવું તે; પત્રી લખી તેડાવેલા રાજાઓમાંથી રાજકુંવરીએ પોતાની પ્રસન્નતાએ વર પરણવો તે.

સુભટ—સં. = મોટા જોદ્ધાઓ. સમા૦ કર્મ૦

સાજ—(સં. सज्ज તૈયાર; सज्जा પોશાગ; અથવા फा. साज=સામાન વાજું વગેરે.) શણગાર. ૨. હથિયાર, સામાન ઇ૦.

૫. **પ્રેમપાશ**—સં. (प्री ખુશકરવું; पश् બાંધવું.) પ્રેમરૂપી બંધન, મોહજાળ. સમા૦ કર્મ૦ અલં૦ રૂપક. પ્રેમ=મોહ ઉપજાવતું જોવું તે.

મંડપક્ષેત્ર—સં. = સ્વયંવરમંડપ એજ કોઇ રણભૂમી-લડાઇની જગા. સમા૦ કર્મ૦ અલં૦ રૂપક.

ભ્રુકુટિધનુષ—સં. (भ्रू० कुट् વાંકુ કરવું; धन् શબ્દ કરવો; ફેંકવું.) ચડેલાં-વાંકાં આંખનાં ભવાંરૂપી કમાન-કામઠું. સમા૦ કર્મ૦ અલં૦ રૂપક.

આકર્ષિયું—(સં. आ + कृष् ખેંચવું.) ખેંચ્યું.

નેત્ર—સં. (नी દોરવું.) આંખ, નેન, અદા (લક્ષણા.)

૬. **તારુણી**—સં. (त० तॄ ઓળંગવું-બાલ્યાવસ્થા.) જુવાન, સ્ત્રી-દમયંતી.

(નળા૦ કડવું ૨૫. ૬—૯. કડવું ૪૫. ૧—૨.)

ગ્રહીને—(સં. ग्रह् ધા૦) ઝાલીને, લેને.

[સ્વયંવરમાં કન્યા પોતાને બે હાથે ફૂલની માળા ધરી ત્યાં મળેલા રાજાઓની આગળ થઇ ચાલે. બધા રાજાઓની ઇતિહાસકથા જાણવાવાળી એક મૂખ્યદાસી તેની સાથે કંઇક પાછળ રહી દરેક રાજાનાં કુળગુણબળપરાક્રમ વર્ણી સંભળાવે. તે સાંભળી જેપર મન ઠરે તેની કોટે કન્યા પેલી માળા આરોપેછે-પછી તેમનાં લગ્ન યથાવિધિ કરવામાં આવેછે.]

૭-૯. **વાજિત્ર**—સં. (वादित्र.) વાજાં.

ઘોષ—સં. (घुष् ધા૦) અવાજ, સોર.

કુસુમ—સં. (कुस् ચળકવું.) ફૂલ.

વૃષ્ટ—સં. (वृष्टि. वृष् છંટકાવ કરવો.) વરસાદ.

રાજામાત્ર—સં. (मा માપવું, ગણવું.) તમામ રાજાઓ.

દૃષ્ટેદૃષ્ટ—સં. (दृष्टि. दृश् જોવું.) નજરેનજર, આંખેઆંખ-દમયંતીની આંખસાથે પોતાની આંખ.

શરશબ્દ—સં. = બાણોનો અવાજ-વાંકા વળીવળી જુએ તેથી થતો.

એવે સમે = એટલામાં.

કડવું-૪૫.

(દમયંતીને નળે વનમાં તજી તે બહુબહુ દુઃખ સેતી આખર પોતાની માસીને ત્યાં આવી દાસી થઇ રહી છે-તેઓ એને ઓળખતાં નથી. માસીની છોકરી ઇંદુમતીનો હાર ગયો તે ચોરી તેણે દમયંતીપર ચડાવી તે વેળા દમયંતીને અસહ્ય સંતાપ થયાથી તે પરમેશ્વરની સ્તુતિ કરેછે.)

૧. **સંઘાતી**—સં. = સોબતી; બેલી, રક્ષણ કરનાર.

સત્ય—સં. = સાચવટ, સાચવટવાળું માણસ. (લક્ષણા.)

કહીંયે—અવ્ય૦=કયે, કોઇ પણ ઠેકાણે.

કેણ કરમનાં—સં. = કયાં કર્મનાં, કયાં માઠાં કર્મનાં.

કરતુ-તુક = કર્તવ્ય. ૨. પરિણામ, ફળ.

રાંકડી—સં. (रंक.) દુર્બળ, દયામણી હાલતમાં આવીપડેલી, નિરાધાર.

(૨) મારાં કયાં માઠાં કર્મનાં આ માઠાં ફળ હશે કે ચોરીજેવું નીચ વાતનું મારે માથે આળ ચડયું! (૧—ખ) મારો કેયે વગ થતો નથી, હું જ્યાં જાઉં ત્યાં બધાંને નડુંછું-અકારી થાઉંછું ને તેઓ મને હાડછેડ કરેછે.

૨. **ધીર**—સં. = દૃઢ, ધીરજ ધરનાર. [આફતવખતના.

વિપતસમેના—સં.=(विपत्—वि ઉલટું, पद् જવું-બનવું; समय, इ—अय् જવું.)

(નળા૦ કડવું ૪૫. ૨—૭.)

અપરાધ—સં. (अप ઉલટું, राध् પ્રસન્ન કરવું.) દોષ, વાંક, ગુન્હો.
અનાથબંધુ—સં. = નિરાધારના આધાર. સમા૦ ષ૦ અનાથ–બહુ૦

(૧) દુ:ખમાં ધીરજ રહે એવાં ઠરેલ મનની હું નથી–મારે સહાયતાની જરૂર પડેછે, અને તમે આફતમાં આવીપડેલાંને સહાય કરનાર છો.
(૨) હું તો દોષિત હેરાજ, પણ મારા દોષ તમે મનમાંથી કાઢીનાખો અને હું નિરાધારની વારે ધાઓ, કારણકે તમે નિરાધારના આધાર કેવાઓ.

૩. **હણાઇ**—(સં. हन् મારવું.) મારીગઇ; છેતરાઇ, ઠગાઇ.

(૧—ક) હરખે ઠગીને મને પાછળથી છેક નિરાશ કરી—હું હરખાઇ કે બધી મુશિબત વેઠતાં પણ હવે મારી માસીને ત્યાં હું નિરાંતે રહીશ, પણ તેમાંથી તો આ પરિણામ થયો. (૨—ક) હું કોની છોકરી ને કોની ધણિયાણી—ભીમકજેવા મહારાજાની પુત્રી અને નળસરખા પ્રતાપી રાજાની પત્ની, તે હું આજે આ દશાને પોંચી!

૪. **દોહેલે**—અવ્ય૦ = દુ:ખેપાપે, અપમાનસાથે. (સં. दुर्लभ ઉપરથી.)
ઉદર ભરવું = પેટ ભરવું, ગુજરાન કરવું. [પોતાપર ધિક્કારથી એમ બોલેછે.]
ઘટેછે—(સં. घट् જોડવું, લાયક કરવું.) લાયક છે, વાજબી છે [કર્ત્તા મરવું.]
હું ભરતારે છાંડી = હું ધણીથી તજાઇ, મને ધણીએ તજી.—(સં. भर्तृ—भृ પોષણ કરવું. છાંડી—सृष्ट–सृज् ધા૦ નો ભૂ૦ કૃ૦.)
માંડી—(સં. मड्–मंड् છૂટું પાડવું, જૂદાજૂદા ભાગ કરવા.) આરંભી; વિગતવાર,
૫. **પાતક**—સં. (पत् પડવું-પ્રે૦ ભેદે.) પાપ. [પેલેથી છેલ્લેસુધી.
સાધુ—સં. (साध् હેતુ પારપાડવો.) નિર્દોષ–ધર્મી માણસો.
મેણાં = કોઇનું મર્મ–છૂપી વાત ઉઘાડી તેને માઠું લગાડવું તે.
સાધુને મેણાંદીધાં = દોષવગરના માણસોને દોષલાગુપાડી તેને પીડાહરી.
(૨) મેં જો સાચવટ રાખીહોય અને હું જો પતિવ્રતા હોઉં તો—મારી
૬. **ધરિયું ધ્યાન** = સ્મરણ કીધું. (સં. ध्यै વિચાર કરવો.) [વારે જાજો.
વારેધાયા = મદદે ઉતર્યા, રક્ષણ કીધું. (સં. सृ–धाव દોડવું.)
અંતરજામી—(જો૦ ઉખળા ૩૦.)
બુધ—સં. (बुद्धि–बुध् જાણવું.) મતિ; સૂજ, પેર, પ્રેરણા.
બુધ દીધી–આમ બોલ એમ તેનાં મનમાં પ્રેરણા કરી.
આંખ રાતડી કીધી = ક્રોધ કરી આંખ ફેરવી.

૭. **શોધ**—(સં. शुध् ચોકખું કરવું.) તપાસ, ખોળ.
સાખી—(સં. साक्षि. स સાથે, अक्षि આંખ.) નજરે જોનાર, શાહેદ.

(નળા૦ કડવું ૪૫. ૭—૧૨.)

વિષ્ણુ—સં. (विष् વ્યાપીરેલું.) સત્વગુણનું સ્વરૂપ; વ્યવસ્થા કરી પાલણુ કરનારી શક્તિનો અધિકારી ઇશ્વર.

વાય—સં. (वायु. वा વાવું.) પવન, પવનનો અધિષ્ઠાતા–ઉપરી દેવ.

અન્યાય—સં. (नी દોરવું.) ખોટું કામ, અપરાધ, ગુનોહ–ચોરી. સમા૦ન૫૦

(૨) કારણ કે એ ત્રણ સર્વવ્યાપક છે એની બધે ગતિ–દૃષ્ટિ છે.

૮. **કળિજુગ**—સં. (कलियुग.कलि કકાસ, युग લાંબોકાળ.) ચાર જુગમાં છેલ્લો–સત, ત્રેતા, દ્વાપર, કળિ. [એ ૪૩૨૦૦૦ વરસનો ગણાયછે. લખેલું છે કે એ જુગમાં લોક બહુ અધર્મી થશે. પરીક્ષિત રાજાના વખતથી એ જુગ શરુથયો -અંગ્રેજલોક કેછે કે ઇ૦ સ૦ પૂ૦ ૩૦૦૦ વરસપર શરૂથયોહશે.] [કળિને–કળિજુગના ઉપરી દેવને દમયંતી પરણવાનું કોડ હતું તે પાર ન પડવાથી ખોરવાઇ તેણે નળદમયંતીનો કેડો લીધો. બેઉનાં મન જુદાં કરી વિજોગ પાડ્યો. અહિંયાં પણ હાર લઇ કળિજ ટોળામાં ભરાઇબેઠોહતો.]

૯. **ત્રુઠા**—સં. (तुष्ट–तुष् સંતોષપામવું નો ભૂ૦ કૃ૦) રીઝયા, પ્રસન્ન–કુરબાન થયા.

વિશ્વાધાર—સં. (विश् વ્યાપીરેલું; आ + धृ ટેકો આપવો.) જગતને આધાર, જેવડે જગત્ ટકીરહેલું છે તે, પરમેશ્વર.

અંત્રિક્ષ—સં. (अंतरिक्ष.) આકાશ.

આકસમાત—સં. (अकस्मात्. अ નહિ. कस्मात् શા કારણથી.) એકાએક, [ઓચિંતું.

૧૦. **એકએકપે** = એકકરતાં એક.

અદકાં—સં. (अधिक વધારે.) ચડિયાતાં, ભારે મૂલનાં.

રાજમાતા—સં. = ગાદીપતિ રાજાની મા–દમયંતીની માસી.

ટકટક—અવ્ય૦—(સં. टक् બાંધવું, ટાંગવું.) ટગરમગર, આશ્ચર્ય પામી [એકીનજરે.

ફરીફરી = વારંવાર, વારેવારે.

૧૧. **સાધ**—સં. (साध्वी–साध् હેતુ પારપાડવો.) પવિત્ર, સતી.

ઓશિયાળી = શરમિંદગી, ઝંખવાણી.

વાળી—(સં. वल् વળવું-પ્રે૦ ભેદે.) ફેરવી. ૨. ત્યારપછી, ફરીથી.

૧૨. **વૃહદશ્વ**—સં.—એક ઋષિ. [પાંડવો જુગટાંમાં હારી વન નિકળેલા તે અદ્વૈત વનમાં હતા ત્યાં વ્યાસે આવી અર્જુનને કહ્યું કે તું તીર્થાટન કર, તને લાભ થશે. તેપરથી તે નિકળેલોછે, એવે વૃહદશ્વઋષિ યુધિષ્ઠિરપાસે આવ્યા; તેને યુધિષ્ઠિરે કહ્યું કે મહારાજ હું બહુ દુ:ખી છું, મારાસરખો દુ:ખી કોઇ ન હોય! ત્યારે તેનાં મનનું સમાધાન કરવા ઋષિએ તેને નળનું આખ્યાન કહીસંભળાવ્યું.]

યુધિષ્ઠિર—સં. (युधि લડાઇમાં, स्थिर અચળ.) પાંચ પાંડવોમાં સૌથી મોટો. સમા૦ સ૦ [વિભક્તિનો પ્રત્યય કાયમ છે.]

(નળા૦ કડવું-૫૮. ૧—૩.)

૧. બાહુક—સં. (बाहु હાથ.આ શબ્દનો મૂળ અર્થ ચાકર છે.) કાળાં કુબડાં બિહામણાં રૂપમાં નળ. [વનમાં કર્કોટક નાગે કરડી નળનું એવું કુરૂપ કરયું ત્યારથી તે નળદમયંતી પાછાં મળ્યાં અને નળનું રૂપ બદલાયું ત્યાંસુધી નળ એ નામે ઓળખાયછે.]

બાડુવાં = બાપડાં, બિચારાં, દયામણાં-પોતાનાં છોકરાં. (સં. बटुक ?)

ઉલટયું—સં. (उल्लसित-उत् ઊંચે, लस् ખેલવું.) પ્રેમના જોસથી ઉભરાયું-જેમ ચંદ્રને દેખી સાગર ઉભરાયછે.

દીકરાં = છોકરાં. [આ શબ્દનો નપુંસકલિંગે પ્રયોગ જાણવામાં નથી; છોકરો, છોકરી, છોકરું; પણ દીકરો, દીકરી-દીકરું નથી. કારણ આ હોય-દીકરો, દીકરી, એ સં. दारक, दारिका છે; અને છોકરો, છોકરી, છોકરું-એ સં. વિ૦ क्षुद्र નાનું-ઉપરથી હોય. એમ હોય તો ત્રણે લિંગે પ્રયોગ થાયજ. વળી શેમિટિક ઝકર શબ્દપરથી હોય ?]

આવે મર્ણ = મોત થાય, મહાદુઃખ થાયછે.

૨. કલ્પાંત—સં. (જો૦ ઓખા૦ ૩૨-પ્રલયાગ્નિ.) મોટી હાનિ કે નાશ, આફ્ત, અતિશે દુઃખ થાય એવું કામ, કેર.

વરત્યાં—સં. (वृत्त-वृत् હોવું-રેવું-નો ભૂ૦ કૃ૦) રહ્યાં, રેવુંપડ્યું, રેવાનો [દાડો આવ્યો.

કોણ કૃત્ય = કેવું અઘટતું કામ.

આચર્યું—સં. (आचरित. आ + चर् વર્તવું.) કીધું.

અબળા—સં. (बल શક્તિ.) સ્ત્રી, ધણિયાણી. સમા૦ બહુ૦

અંતરિયાળ—અવ્ય૦ સં. (अंतराल વચમાંની જગા.) અધવચ, કોઇની સહાય ન મળીશકે એવે ઠેકાણે; નિરાધાર, આશરાવના એકલી. શ્લ૦ સ્વપ્ન. ૨, ૫—૭ માં.

૩. સંજોગસાગર—સં. (संयो० युज् જોડવું; सागर-સગર રાજાના નામપરથી ?) મેળાપરૂપી સમુદ્ર-દરિયો. સમા૦ કર્મ૦ અલં૦ રૂપક. [છોકરાંને દેખી અંતઃકરણ ઉભરાયું-આનંદની લેહેરથી; સાથે ખેદ મિશ્ર છે, વળી બૈરી-છોકરાંસાથે સુખનો સમય પણ સાંભરીઆવ્યો.]

નયણાં—સં. (नयन. नी દોરવું.) આંખ.

શ્રાવણસમાન—સં. (श्रवण-એ નામનું નક્ષત્ર-જો૦ ઓખા૦ ૧૭.) શ્રાવણ-મહિનામાં વરસાદની માફક-એ આંખોમાંથી આંશુની ધારા ચાલી.

આલિંગન—સં. (आ + लिंग् ધા૦) ભેટવું તે.

સાન—સં. (संज्ञा.) સમશ્યા, ઇશારત-પાસે-આવવાને.

(નળા૦ કડવું ૫૯. ૪—૧૨.)

૪. **મળવાને**—(સં. मिल् મળવું.) ભેટી કરવા, ભેટવાને.
મીઠડાં—સં. (मिष्ट મીઠું.) વ્હાલાં છોકરાંને.
ધીશ—સં. (धी બુદ્ધિ, ईश રાજા. અથવા, अधीश–अधि ઉપરી, ईश રાજા.) મહારાજા. ૨. બુદ્ધિમાન પુરુષ.

છળ્યાં—(સં. छल ઠગવું.) ચોંક્યાં, ચોંકીને.
૫–૬. **હૃદે**—સં. (हृदय.) હૈયે, છાતીસરસાં, છાતીસાથે (લક્ષણા.)
તિરસ્કાર—સં. (तिरस्+कृ ધા૦) અપમાન, તુચ્છકાર.
સાંઇ—ન૦ = ક્ષેમાલિંગન, ભેટવું તે. [આ શબ્દ જૂનાગઢતરફ વપરાયછે. "મારી કન્યા ન જાણે કાંઇ, તેને હેતે તેં દીધું સાંઇ" પ્રે૦ ઓ૦ "સેજલડી સમારીરે, કોમળ કુસુમનીરે, સાંઇડું લેશું રૂડાપેર." નરસંઇ.]
સ્નેહ—સં. (स्निह् વ્હાલ ઉપજવું.) પ્રેમ, વ્હાલ, ઉમળકો.

૭. **છત્રપતિ**—સં. (छद ઢાંકવું.) મહારાજા–નળ. [જો૦ નર૦ ૫૬ ૮–૩.]
ગળગળો—સં. (गलगलित–गल ગરીપડવું–નો ભૂ૦ કૃ૦.) દીન, રંક, હેડું પિગળી છાતી ભરાઇઆવીહોય એમ બોલતો.

લોચન—સં. (लोचन. लुच् જોવું.) આંખ.
[(૨) આ ઓળિમાં નરમ તિરસ્કાર અથવા ઠસ્સાસાથે દયા છે.]
૮–૯. **બાળકનીજોડ** = બે સરખેસરખાં બાળક. [फा. जुफ्त ; सं. युग्म–युज् જોડવું.]
કોડ—ન૦ = હોંસ, ઉમળકો.
આશ્રજ—સં. (आश्चर्य.) અચરતી, અજબ–નવાઇસરખી વાત.
કાળો = પેલો કુબડો માણસ, બાહુકિયો.
આંશુપાત—સં. (अश्रु०) આંશુ પાડવાં તે, રડવું.
[૮. નળ પોતાનાં છોકરાં જાણેછેજ, પણ પ્રગટપડતાની મરજી નહિ તેથી ઉલટાવીનાખેછે–ખરુંનેખરું ને ખોટુંનેખોટું.]

૧૦–૧. **ભ્રાંત**—સં. (भ्रांति. भ्रम् ભટકવું–મને.) શક, વ્હેમ.
નળની પડેછે ભ્રાંત = આ નળ છે એવો શક જાય છે.

સતી સુતા—સં. (सु જણવું–નો ભૂ૦ કૃ૦.) ડાઇ છોકરી. [ઉપદેશ.
શિક્ષા—સં. (शिक्ष् પ્રે૦ ભેદે૦ શિખવવું.) શિખામણ, રૂડી રીતે ચાલવા
તુને શી દેઉં શિક્ષા=તને મારે કંઇ શિખામણ દેવીપડે એમ નથી.
૧૨. **અંત:પુર**—સં. (अंतर् અંદરનું, पुर ઘર.) જનાનખાનું, સ્ત્રિયોને બેસવા–ઉઠવાનો અંદરનો ઓરડો. સમા૦ કર્મ૦
મેડી—સ્ત્રી૦ સં. (माडि. પુ૦.) મેલ. ૨. નાનોસરખો માળ, માળિયો.

રામાયણમાંથી-અધ્યાય ૩૩. (૧—૨.)

૧. **નગ્ર**—સં. (नगर.) શેહેર-જનકપુર-જનકની રાજધાની.

ઉપવન—સં. (०वन. उप ઉતરતું, वन જંગલ-वन् શબ્દકરવો.) વાડી.

કૌશિકમુન્ય—સં. (०मुनि. मन् વિચારવું, ધ્યાન ધરવું.) વિશ્વામિત્રરુષિ-કુશના કુળના માટે કૌશિક [એ મોટા તપસ્વી હતા. એણે યજ્ઞ કરવા-માંડ્યો તેમાં રાક્ષસો આવી ધ્વંસ કરવાલાગ્યા માટે તેનું રક્ષણ કરવા અયોધ્યાના રાજા દશરથપાસે જઇ એણે રામલક્ષ્મણ જાચ્યા. રાજાએ આનાકાની કરી પણ પછી વશિષ્ઠે સમજાવ્યાથી રામલક્ષ્મણને વિશ્વા-મિત્રસાથે મોકલ્યા. એ બે ક્ષત્રીપુત્રે આવી તાડિકાસુબાહુઆદિ ઘણા દૈત્યો મારી યજ્ઞરક્ષા કરી. યજ્ઞની સમાપ્તિ થવી અને જનકરાજાના તરફથી પોતાની પુત્રી સીતાના સ્વયંવરસંબંધી વિશ્વામિત્રઉપર કંકોતરી આવવી. રુષિએ રામલક્ષ્મણને પણ સાથે લીધા. જનકપુર આવવાનું હાલ એ પ્રયોજન. અહિયાં શંકા ઉઠે કે વિશ્વામિત્ર મોટા તપસ્વી છતાં પોતે યજ્ઞનું રક્ષણ ન કરીશક્યા! યજ્ઞની દીક્ષા લે ત્યારે શાંતવૃત્તિ રેવી-જોઇએ-ક્રોધ કરે દીક્ષા ભંગથાય અને ક્રોધ આણ્યાશિવાય રાક્ષસોને શાપ દેવાય નહીં. એજ કારણથી રુષિઓ એવે પ્રસંગે તે સમયના પ્રતાપી રાજાઓની સહાયતા માગતા અને તેઓ ઘણી ખુશીથી તે આપતા.]

વીર = ભાઇઓ. (સં. वीर જુદ્ધો. અહિયાં આવો ભાવ લેવાય-બે ભાઇઓ

મતિધીર—સં. = ઠરેલ મનના. [જે મોટા જુદ્ધા હતા.]

૨. **સ્થળ**—સં. (स्थल् સ્થીર રેવું.) તે જગા-વાડી.

સુંદર—સં. = સારું, સુશોભિત, આનંદ આપનારું, ખુશનુમા.

સુખવાન—સં. = સુખ આપતી-જ્યાં સુખ છે.

દિનકર—સં. (दिन દિવસ, कृ કરવું.) સૂરજ. समा० द्वि०

અસ્ત પામ્યો—સં. (अस्त છેક પશ્ચિમમાં એક પર્વત છે.) અસ્તપર્વતને પામ્યો-ત્યાં પોંચ્યો, આથમ્યો.

સંધ્યા—સં. = સૂરજની પ્રાર્થના ધ્યાન મંત્ર જાપ વગેરે. [सम् રૂડી રીતે, ध्यै ચિંતન કરવું. વળી—संधि = સાંધો-સવાર બપોર ને રાત એ ત્રણમાંથી કોઇ પણ ક્રમે આવતા બે કાળની વચમાંનો વખત; પછી તે પરથી, એ ત્રણ સંધિમાં જે પ્રાર્થના ઇ૦ કરવામાં આવેછે તે.]

(અધ્યાય૦ ૩૩. ૨—૭.)

વિપ્ર—સં. = બ્રાહ્મણ, રુષિઓ. [वि પેલાં, प्रा પૂરું કરવું. વિપ્ર કેવાતાં પેલાં જાતકર્મ ચૂડાકર્મ ઉપનયન ઇત્યાદિ ક્રિયા બ્રાહ્મણને થવીજોઇએ.]
સમસ્ત—સં. (सम् સાથે, अस्त મૂકેલા.) સઘળા.

૩. **સૌમિત્રી**—સં. = સુમિત્રાના પુત્ર લક્ષ્મણ. [દશરથને ત્રણ સ્ત્રી-કૌશલ્યા સુમિત્રા ને કૈકેયી; તેના અનુક્રમે રામ, લક્ષ્મણ ને શત્રુઘ્ન, ભરત.]
સૌમિત્રીની સાથે રામ = રામ અને લક્ષ્મણ બન્યોએ.
નિત્યકર્મ—સં. = રોજની ધર્મક્રિયા–સંધ્યા પૂજા ધ્યાન જપ ઇ૦ સમા૦ કર્મ૦ (જો૦ નરસિંહ૦ પદ ૧—૪.)
અભિરામ—સં. (रम् પ્રસન્ન થવું.) સારું; સારીરીતે.
આસન—સં. (आस् બેસવું.) પથારી, બિછાનાં.
આચ્છાદન—સં. (०दन. आ બધે, छद् ઢાંકવું.) પથારીપર પાથરવાની ચાદર.
કર્યાં આસન આચ્છાદન = બિછાનાં પથારી તૈયાર કર્યાં.
પોઢ્યા—સં. (प्रसुप्त. प्र + स्वप् ધા૦ નો ભૂ૦ કૃ૦) સૂતા.

૪. **ચર્ણ**—સં. (चरण. चर् ચાલવું.) પગ. [અશરણ–બહુ૰
અશરણશર્ણ—સં. (०णशरण.) નિરાધારના આધાર. સમા૦ ૫૦; ચ૦
ધર્મનીતિ—સં. (धृ ઝાલીરાખવું; नी દોરવવું, ચલાવવું.) ઇશ્વરને ઓળખવાનો તેનું પૂજન ધ્યાન ઇ૦ કરવાનો અને તેની આજ્ઞાપ્રમાણે સંસારમાં વર્તવાનો માર્ગ તે ધર્મ; મનુષ્યે પોતાની જાતસાથે–પોતાના સંબંધીસાથે–માણસજાતસાથે વર્તવાની જરૂરની રીતિ તે નીતિ. સમા૦ દ્વ૦.

૫. **પ્રાણઆધાર**—સં. (प्र + अन् જીવવું; आ + धृ ટેકો આપવો.) જેવડે પ્રાણ ટકે તે, ઘણા વાલા. સમા૦ ૫૦; ચ૦. [રામલક્ષ્મણ રુષિના પગ ચાંપેછે ને તે તેઓને પ્રાણઆધાર કેછે; એમ કેવામાં બેવડો ભાવ છે–ગુરુશિષ્યનો સંબંધ પિતાપુત્રવત્ છે, વળી રુષિ જાણેછે કે એ ઇશ્વર છે.]

૬. **વીતી**—સં. (वि છેક, इत–इ જવું–નો ભૂ૦ કૃ૦) ગઇ, પૂરીથઇ.
રજની—સં. (रंज् ખુશ કરવું, મોજ માણવી.) રાત.
સૂર—સં. (सूर्य કે सुर.) સૂરજ.
તપસ્વી—સં. (तप् દેહકષ્ટ કરવું.) ઘણાઘણા ધર્મનિયમો પાળી દેહકષ્ટ કરી ઈંદ્રિયો વશ કરનાર.

૭. **પ્રાતઃકર્મ**—સં. = સવારની ધર્મક્રિયા–સંધ્યા પૂજા ઇ૦ સમા૦ કર્મ૦
પાવન—સં. (पावन. पू ધા૦) પવિત્ર કરનારું.

(અધ્યા૦ ૩૩. ૭—૧૧.)

સ્વસ્થ—સં (स्व સ્વરૂપે, स्थ રહેલું.) પોતાની સ્વાભાવિક-વિકારરહિત સ્થિતિમાં, નિરાંતે. समा० स०

૮. **સફૂળ**—સં. = ફૂળે ભરેલાં. समा० બહુ૦ [પાંદડાં, કૂંપળ.
અંકોર—સં. (अंकुर. अंक् ચિન્હ કરવું.) ફણગો, પીલો; પલ્લવ, કૂમળાં
કારંડવ—સં. (करण्ड—પાણીમાં ઉગનારી એક લિલોતરી છે.) બતક.
સુગંધી—સં. = સારી વાસવાળાં, ખુશબોદાર. समा० બહુ૦
કંજ—સં. = કમળ. [क આનંદ, जन् પેદા કરવું. क = પાણી-લૈયે તો બીજી વિભક્તિ કેમ હોય !]
ખટપદ—સં (षट्पद. षट् છ, पद પગ-पद् જવું.) ભમરા. समा० બહુ૦
ગુંજ—(સં. गुज् ધા૦) ગણગણ એવો મધુર સાદ.

૯. **અંબા**—સં. = પાર્વતીદેવી-મૂળમાયા જેથકી સૃષ્ટિ ઉત્પન્ન થઇ તેને.
જનકસુતા—સં. (सु જણવું-નો ભૂ૦ કૃ૦) જનકની છોકરી-સીતા.
જગદંબા—સં. (जगत् + अंबा.) જગતની માતા-આદિમાયા. [ઉપર જે અંબા-મૂળમાયા કહ્યાં તેનો અવતારજ સીતા. શંકા ઉઠે કે એમ છે ત્યારે કોણે કોની પૂજા કરી, માટે જો૦ ૧૨-૧; દયા૦ રુખ૦ ૧૨-૧ અને ૨૬-૨૭.]

૧૦. **સુખાસન**—સં. (आस બેસવું.) સુખચેનમાં બેસી જવાને વાહન, પાલખી. समा० ચ૦, મધ્ય૦
રખવાળાં—સં. (राक्षिवर्ग કે रक्षपाल ? रक्ष् ધા૦) રક્ષણ કરનારી, ચોકસી રાખનારી, સેવામાં તૈયાર રેનારી.
વિનવ્યાં—(સં. वि ઘણું, नम् નમવું.) સ્તુતિ કાલાવાલાથી પોતાની ઉપર કૃપાળુ કીધાં. વિન૦—વધારી = ખરા પ્રેમજુક્ત ભાવથી સ્તુતિ કરી.

૧૧. **પારવતી**—સં. (पार्वती) હેમાચળ પર્વતની છોકરી-મહાદેવની સ્ત્રી. [એ આદિમાયા પે'લે અવતારે દક્ષપ્રજાપતિને ઘેર અવતરી શિવને પરણેલાં. દક્ષપ્રજાપતિએ એકવાર યજ્ઞ કર્યો તેમાં શિવને આમંત્રણ નહિ ને પાર્વતીને તેડું પણ નહિ, તે છતાં પાર્વતી ત્યાં ગયાં તો કોઇએ એને આવકાર દીધો નહિ, તેમ ત્યાં રુદ્રનું સ્થાપન પણ એણે દીઠું નહિ. આગી ક્રોધે ભરાઇ એ યજ્ઞકુંડમાં ઝંપલાવી બળીમુઆં, અને ફરી હેમાચળને ત્યાં અવતાર લઇ પાછાં મહાદેવજોડે પરણ્યાં.]
આરતિ—સં. (आ ચોતરફ, रम् ફરવું. અથવા. आर्तिक्य.) પૂજાની સમાપ્તિ-વેળા કપૂર વગેરેનો દેવસામા દીવો ફેરવવાનું કર્મ.
વારતી = ઉતારી, ફેરવી, કરી.

(અધ્યા૦ ૩૩. ૧૧—૧૪.)

હુંસમોવડ—સં. (समवर्ण—એકવર્ગનો.) મારે જોગ—લાયક.

૧૨. **માનુષી લીલા**—સં. = માણસને છાજે—માણસ કરે તેવી રમત—ખેલ-ચેષ્ટા—રીત. [માણસ જેમ સારો વર પામવા દેવદેવીને આરાધી પ્રસન્ન કરેછે, તેમ સીતા જાતે અંબાનો અવતાર છતાં માણસરૂપે અવતર્યાં માટે પોતાને અંબાથકી ભિન્ન ગણી તેને વિનવેછે.]

અનુપ—સં. (૦પમ. ઉપમા જેસાથે સરખાવિયે તે—મા માપવું.) જેની બરાબરી કોઇ ન કરીશકે તે, ઉત્તમ. સમા૦ બહુ૦

હરખી—સં. (हृष्ट—हृष धा० નો ભૂ૦ કૃ૦) હરખાઇને, આનંદ પામીને. [હરખી એટલાસારુ કે પોતાનો સ્વયંવરઉત્સવ પાસે આવેલો છે અને દેવીને આરાધી તેની કૃપા મેળવીછે એટલે નિશ્ચે છે કે મારે યોગ્ય વર મને મળશે જુઓ કે કન્યાઓ પોતાનાં લગ્નપેલાં અંબા-પાર્વતીને પૂજીઆરાધી વર માગેછે—જો૦ દયા૦ રૂખ૦ ૨૬-૨૭. કારણ આ હોય-કે શિવપાર્વતી-બ્રહ્મ અને તેની આદિમાયા એ બેઉ નિત્યસંબંધે જોડાયલાંછે, માટે એને આરાધી પોતે તેવું સુખ ભોગવે, એવું કોડ.]

૧૩. **રતિ**—સં. (रम् ખેલવું-પ્રે૦ ભેદે) કામદેવની સ્ત્રી—એ ઘણીજ સુંદર રૂપાળી છે.

લજજાય—સં. (लज्जा—लज्ज् धा०.) શરમ, પોતાથી રૂપગુણે ચડિયાતું જોઇ ઝાંખાપડવું તે.

કુમકુમવરણા—સં. (कुंकुमवर्ण.) કંકુજેવા કોમળ લાલરંગના. સમા૦બહુ૦

રાજે—સં. (राज् धा०) શોભેછે.

નેપુર—સં. (नू०) સ્ત્રીના પગનું ઘરેણું, ઝાંઝર. [રૂપાનું ઘરેણું.

અણવટ—हिं. = બાળકછોકરાંને પગને અંગુઠે ઘાલવાનું ઘુઘરીવાળું

ગાજે—(સં. गर्ज धा०.) ખણખણ થાય. [મેઘગર્જનાની ગંભીરતા અને મિઠાશ બેનોજ ભાવ અહિંયાં લેવો.]

૧૪. **મણિગણ**—સં. (गण् ગણવું.) મણિનો સમુદાય, મણિની હાર. નખમ૦

વિધુ—સં. (विध् પૂજવું.) ચંદ્ર. [અલં૦ રૂપક.

કરીશુંઢસકોમળ—સં. (०सुकोमल.) = હાથીની શુંઢસરખા ઘાટીલા ચૂડાઉતાર અતિકોમળ. સમા૦ કર્મ૦

ધર્યાં—(સં. धृ धा०) પેર્યાંછે. [અંગદ વગેરે બધાં ઘરેણાં.

અંગદ—સં. (अंग શરીર, दै દિપાવવું.) હાથનું ઘરેણું છે. અં૦—સમસ્ત=

(૧) સીતાના નખ મણિના સમુદાયનીપેઠે ઉત્તમપ્રકારે ચળકીરહ્યાછે, અથવા તો જેટલા નખ તેટલાં રૂપ ધરીને ચંદ્ર જાણે એની સેવા નહિ કરતોહોય! અલં૦ ઉત્પ્રેક્ષારૂપક.

(અધ્યાય ૩૩. ૧૫--૧૮.)

૧૫. **રાતીચોળ** = ઘણીજ ભભકમારતી લાલ. [એ રીતે બોલવાથી કંઇક વધારે ખુબી છે-કાળું બલ્લક, ધોળુંફક, પીળુંદમ્મક, લીલુંછમ એમજ બોલવાનું શું કારણ હશે? ચોળ તો દાંત રંગવાના ખપમાં આવતી કંઇ વનસ્પતિ હશે-ચોળમજીઠ કેવાયછે.] [समा० तृ; સ०

રંગઝબોળ = રંગરોળ, રંગે ગરકાવ-એવી કે માંહેથી જાણે રંગ ટપકશે.

કલંકરહિત—सं. (रहित-रह तजवुं-नो ભૂ० કૃ०) લંછન-ડાઘ-ખામી-ખોડવનાનું. समा० तृ० [એવી.

અંજનસહિત—सं. (अंज શોભાવવું, આંજવું) કાજળ સારેલું-આંજેલું (૨) સીતાનું મુખ ચંદ્રસરખું-ગોળ તેજસ્વી રસીલું, પણ ચંદ્રમાં લંછન અને એ તો લંછન-એબ વગરનું. અલં० રૂપકાતિશયોક્તિ-વ્યતિરેક; વળી-આંખ અંજનસહિત છતાં મુખ કલંકરહિત, એ અલં० વિરોધાભાસ.

૧૬. **સોઇએ**— (सं. शुभ् धा०) સોહેછે, શોભેછે, શોભિતો આવીરયલો છે.

ઝાલ = ફૂલઅકોટીજેવું કાનનું ઘરેણું છે. [सं. झला ગોળ વસ્તુ. ૨. ઝળકાટ.]

ઝબૂકે = ચમકે, વિજળીની માફક ચંચળ પ્રકાશ ઓચિંતો ફેંકે.

જોર—અવ્ય० = જોરથી, ઘણીજ.

ચારુ—सं. (चर् જવું-હાલવું-પ્રે० ભેદે?) મનને લોભાવતું, સુંદર, શોભિતું.

ચિબુક = હડપચીની વચમાંનો છાછર ખાડો. [નહિ. समा० બહુ०

અખંડ—सं. (खंड् ભાંગવું.) આખું, ગોળમટોળ, કંહિથી ખાંડું કે વાંકુચૂંકું

રસીલું—सं. (रसाल. रस् મોહ ઉપજવો.) મોહ ઉપજાવતું.

૧૭. **અધર**—सं. = નીચલો ઓઠ.

કણી—सं. (कणिका. कण् સંકોચાવું.) છેક ઝીણી કકડી.

દ્યુતિવંત—सं. (द्युत् ઝળકવું.) કાંતિવાળા, તેજમારતા, ઝળકતા.

કેસર—सं. (के મથાળે-क માથું, सृ જવું.) = દિંડવાવાળા એક જાતના છોડના પીળા સુગંધીવાળા ફૂલમાંના તંતુ-રેષા.

આડ = કપાળે લંબાછો ચાંદલો. [પ્રાસમાટે કપોળ લખ્યું.]

કપોળ—सं. = કપાળે. [આ શબ્દનો અર્થ ગાલ છે, રાતીચોળસાથે અનુ-

ટીલડી = નાનોસરખો ગોળ ચાંદલો, બિનકી. [જો० કૃ॰માં० નાગ० જસોદા० માણકડું.) (૧-૬) અલં० રૂપક.

૧૮. **ગલુબંધ**—सं. (गल० गल् ગળવું; बंध् બાંધવું.) ગળાંસાથે લગોલગ આવે એવું ઘરેણું. समा० च०

(અધ્યાય૦ ૩૩. ૧૮—૬૧.)

મુકતા—સં. = મોતી. (જો૦ પ્રેમા૦ અ૦ ૨૦-૨૮.) [ભાગની.
અંગોઅંગની—સં. (अंग् જવું.) અવયવેઅવયવની, શરીરના દરેક
રસાળ—(જો૦ ૧૬. રસીલું) [સમા૦ ૫૦ ૨. બહુ૦
હંસગતિ—સં. = હંસના જેવી છટાથી. ૨. હંસના સરખી છટાવાળી તે.
કરણી—સં. (करि૦-कर શુદ્ધ.) હાથણી.
પ્રતિબિંબ—સં. (प्रति પાછું, સામું; बिंब આકાર.) તેજનો ઝળકાટ—ઓળો.

(૨-૬.) છટા હંસની છતાં ગૌરવતા-ઠરેલપણું હાથણીનું; હંસની છટા ને હાથણીનું મદભરચું ધ્રુમતું ચાલવું એ બેઉનો સાથે વિચાર કરિયે તેવી ચાલથી ચાલે. અલં૦ ઉત્પ્રેક્ષારૂપક.

૧૯. મંદહાસ—સં. (૦हास्य. मद् આળસુ થવું; हस् ધા૦) ધીમેથી હસવું તે, મો મલકાવવું. સમા૦કર્મ૦; અવ્ય૦ [મનનો ઉમળકો વિનયથી દાબીરાખેછે.]
ઇંદિરા—સં. (इंद् મોટી સત્તા હોવી.) લક્ષ્મીજી, વિષ્ણુની સ્ત્રી.
જકતજનુની—સં. (जगज्जननी. जगत्—गम् જવું-ચાલીજવું; जन् જણવું.) જગતની માતા. (જો૦ ૯. જગદંબા.]
આદિશક્તિ—સં. (शक् બળવાન થવું.) આદિમાયા. સમા૦ કર્મ૦

(૧) મુખ ચંદ્રજેવું ગોળ ગોરું ખામી વગર સ્વચ્છતાવાળું (૧૫); વળી દાંત એવા સ્વચ્છ શ્વેત કે હસતાં તેમાંથી ચંદ્રકિરણજેવો ચળકાટ બાર નિકળી પસરે. અલં૦ ઉપમા—ગર્ભિત. [બીજી ઓળિનો સંબંધ નીચે લેવો.]

૨૦. ગિરા—સં. (गॄ બાર કાઢવું, બોલવું.) વાણી, સરસ્વતી. [શેષનાગ.
નાગભૂપ—સં. (नग પર્વત-પર્વતમાં મૂળ ઉત્પત્તિ માટે.) સાપનો રાજા—
શુભઅંગ—સં. = સુંદર શરીરવાળી, રૂપાળી તે. સમા૦ બહુ૦

[ગિરા નાગભૂપ-ગિરા તો ઠીકજ છે, પણ નાગભૂપ કેવાનું શું કારણ? એ મોટા વક્તા હતા? શેષ નામે કોઇ ગ્રંથકર્ત્તા કે વક્તા થયોહોય તો આવી રમૂજી ગુંચવણ થાય. જેમ-યમુના નામની કૃષ્ણની અષ્ટપટરાણીમાંની એક હતી, અને ગોકુળની પાસે યમુના-જમનાનદી. એ પરથી વૈષ્ણવો યમુનાનદીને કૃષ્ણની મુખ્યપ્રિયા ગણીલેછે. ગમેતેમ હો, અહિંયાં અર્થ તો આવો કરવો ગમેછે-ગિરા જે વાણીની દેવી તે સીતાનું રૂપ વર્ણવતાં થાકે, અને શેષનાગ જેને બે હજાર જીભ છે અને જે અનંતતાનું સ્વરૂપ છે તે પણ હારીબેસે-તેપણ બેહજાર જીભે અનંતકાળ વર્ણવે તોએ સુંદરતા વર્ણી ન જાય, તો-ઇ૦ જો શામ૦ ૨૧—શેષ.]

૨૧. શ્યામસુંદર—સં. = રંગે કાળા રૂપાળા તેજસ્વી-રામચંદ્ર. સમા૦ કર્મ૦
કોટિકામ—સં. (कम् ચાવું, મોહ પામવું-પ્રે૦ ભેદ.) કરોડો કામદેવસરખા.

(અધ્યા૦ ૩૩. ૨૧—૨૭.)

સમા૦ દ્વિગુ. [કામ-એ સ્ત્રીપુરૂષમાં પરસ્પર પ્રેમ ઉપજાવી મેળાવેછે. એ ઇશ્વર અને માયાનો પુત્ર, એનો મિત્ર વસંતરુતુ-એ બેઉ રૂપે ઘણાજ સુંદરછે.
સઘન—સં. (सु० हन् ઠોકવું.) ઘટ્ટ, ઘાડું, ખિચોખિચ. [એ તરુ અને પાળ બેઉનું વિશેષણ થઇશકે.]

૨૨. બાહુ—સં. (बाह् બળવાન થવું.) હાથ. [આ શબ્દનો મૂળ અર્થ-હાથને કોણીથી ઉપરનો ભાગ-ભુજ છે.]
વિશાળ—સં. = મોટો, લાંબો. [આ શબ્દમાં લાંબાકરતાં પોળાનો ભાવ વધારે હોયછે, પણ અહિંયાં = ગોળ ભરાઉ લાંબો. લાંબા હાથ એ ભાગ્ય શાળીપણાનું એક ચિન્હ છે]
ચકિત—સં. (चक् અટકાવવું, પાછું ફેંકવું.) છક્ક, આશ્ચર્ય પામેલી [આ શબ્દમાં આશ્ચર્યતાસાથે કંઇક બીક—ગભરાટનો ભાવ રેછે, અહિંયાં પણ ગભરાટનો સંભવ છેજ.] [જો૦ દયા૦ રુખ૦ ૩૪.)
નાખુ વારી = વાલમાં ભોગ આપું, અલાબલા લેઉં, ઓવારણા લેઉં.
[(૧) ચિતાર સુંદર રસિક ફાંકડો છે.] (૨) મનમાં એવું વાલ ઉપજ્યું કે જાણે એનાઉપર મારું તનમન ઓવારીનાખું-તનમનનો ભોગ આપી એના ઉપરના દુષ્ટગ્રહ-એની અલાબલા મારે શિર ખેંચીલઉં.

૨૩. ત્રિભોવનભૂપ— સં. (त्रिभु०. भू થવું; પૃથ્વી.) ત્રણલોક-સ્વર્ગમૃત્યુ-પાતાળના રાજા-રામચંદ્ર. ત્રિભુવન-સમા૦ દ્વિગુ.
ઉપની—સં. (उत्पन्न. उत् + पद् ધા૦ નો ભૂ૦ કૃ૦) થઇ.
પરસ્પર—સં. (पर + पर—વચમાં स् ઉમેરાયછે.) એકબીજાને, માહોમાંહે.
ચંદ્રચકોર—(જો૦ દલ૦ શરદ૦ ૩.) અલં૦ ઉપમા.

૨૪. તદાકાર—સં. (तत् તે, એકજ, आकार ભાવ-હૃદયની લાગણી.) એક ભાવ
મુરતિ—સં. (मूर्ति.) છબી, ચિતાર. [વાળાં, એકરૂપ. સમા૦ બહુ૦
ઠરી—(સં. स्थिर ઉપરથી.) સ્થાઇ થઇરહી, જડાઇગઇ.
રામસીતાનાં નેનેનેન મળ્યાં કે તેમાંથી પ્રેમકિરણ નિકળી એકમેકમાં ગુંથાઇજઇ એક સલંગ તાર-દોર બનીરહ્યો, અને એમ ચારે આંખ એકરૂપ બની. એ તારે ચડી નેત્રદ્વારે ઉતરી રામસીતાની છબી એકમેકનાં અંતઃકરણમાં જડાઇગઇ.

૨૫. ધર્મ—સં. (धृ રાખવું.) નીતિશાસ્ત્રને અનુસરતું આચરણ, નીતિ, ફરજ.
દૃષ્ટિ—સં. (दृश् જોવું.) નજર, આંખ.
(૨—ખ) લક્ષ્મણનાં મનમાં આવશે કે આ કેવી રીત.

૨૬-૨૭. સાહેલીપ્રત્યે—સં. (सखीप्रति.) બેનપણીને.

(અધ્યા૦ ૩૩. ૨૭—૩૩.)

પુનીતાં—સં. (पू પવિત્ર કરવું.) પવિત્ર, વિકારરહિત, પોતાના સ્ત્રીધર્મને લંછન ન લાગે કે અપવાદ ન આવે એવાં. [અવસ્થા.]

કિશોર—સં. = છોકરા. [જન્મથી આરંભી પંદર વરસની ઉમ્મરસુધી કિશોર-

સત્વર—સં. (स સાથે, त्वरा ઉતાવળ.) ઉતાવળી, ઝડપથી. સમા૦ અવ્યં૦

(૨૬—૨. ખ) એક ગોરા-લક્ષ્મણ ને બીજા કાળા-રામજી, પણ બેઉ એવા રૂપાળા કે જોઇ માણસનું-મારું મન મોહ પામે.

અલં૦ સ્વપ્ન.

૨૮-૩૦. **મસ્તક નામી** = માથું નમાવી. [સં. मस् વિકાર પામવો,-કે તોળવું ?

નિવાસી—સં. (वस ધા૦) રેવાસી, રેનાર. [नम् પ્રે૦ ભેદ.)

સુખરાશી—સં. (૦राशि.) સુખના પુંજ-ઓઘ-ભંડાર-સાગર, જેના આશ્રયથી અત્યંત સુખ ઉપજે એવા.

રઘુરાય—સં. (रघु–रघ्–लघ् જવું વિઘ્નેને અને દુશ્મનને પાર) રામચંદ્ર.

અવધપુરી—સં.-અયોધ્યા. [જો૦ નર૦ પદ ૪-૧. રઘુનાથ.]

મુનીવર—સં. (वृ પસંદકરવું.) ઋષિઓમાં શ્રેષ્ઠ-વિશ્વામિત્ર. સમા૦ સ૦

સ્વયંવર—સં. (જો૦ પ્રેમા૦ નળા૦ કડવું ૨૫-૪.)

જોવા સીતાસ્વયંવર કાજ=સી૦ જોવાકાજ-જોવાને. [રચના ધીટ છે.]

અલં૦ સ્વપ્ન.

૩૧-૨. **રાજકુમાર**—સં. (राज् પ્રતાપ હોવો; कुमार् ખેલવું.) રાજાના છોકરા-ઓ. [કુમારઅવસ્થા પાંચ વરસલગી, પણ પ્રયોગ પુત્રને અર્થે થાયછે.]

તમજોગ—સં. = તુમારે લાયક. (સં. युज् જોડવું, योग्य જોડીશકાય એવું.)

સકુમારી—સં. (सु૦) તે નાજુક કન્યા-સીતા. સમા૦ કર્મ૦

(૩૨-૨, ખ.) સાંભળી મનમાંજ વિચાર કરતી ચુપરહી-પોતાના મનનો ભેદ કંઇ સખીને આપ્યો નહિ.

૩૩. **પણ**—ન. =નીમ, ટેક, નક્કી ઠરાવ. [જનકે એવું પણ લીધેલું કે જેકોઇ શિવનું ત્ર્યંબકધનુષ ઉપાડી ચડાવે તેનીસંગાથે સીતા પરણાવવી. એવું પણ રાખવાનું કારણ-વિષ્ણુના દશ અવતારમાંના છઠ્ઠા અવતાર પરશુરામને શિવે પોતાનું ત્ર્યંબકધનુષ આપી કહેલું કે એ ભાંગશે ત્યારે તારું તેજ જશે મે રામાવતાર થશે. એકવાર પરશુરામ ફરતાફરતા જનકને ઘેર આવ્યા, જનકે આગતાસ્વાગતા કરી. ધનુષ ચોકમાં મૂકી ઘરમાં બન્યો વાત કરતા બેઠાછે એવે સીતા નાનાં રમતાંરમતાં આવી ચોકમાંથી પેલું ધનુષ લઇ ઘોડોપલંગી રમવાલાગ્યાં, તે જોઇ પરશુરામે ધાર્યું કે સાક્ષાત ઇશ્વર રામજીસંગાથે આદિમાયા સ્ત્રીરૂપે અવતરી લગ્નસંબંધથી

(અધ્યાય ૩૩. ૩૩—૩૮.)

જોડાનાર તે આજ. તેપરથી તેણે જનકને કહ્યું કે આ ધનુષ રાખ અને સીતા વરવાજોગ થાય ત્યારે એ ધનુષ જે ભાંગે તેનેજ સીતા પરણાવવાં; એવો નીમ લેવરાવી ત્ર્યંબકધનુષ ત્યાં મૂકી પરશુરામ વિદાયથયા.]

ભયભીતા—સં. (भी બીવું, भीत એ ભૂ૦ કૃ૦) ઘણાં બીધેલાં. સમા૦ તૃ૦

વિધિ—સં (वि + धा નિર્માણ કરવું.) બ્રહ્મા.

ત્રિપુરાર—સં (०रारि.) શિવજી. [ત્રિપુર નામના દૈત્યને કાર્તકશુદ ૧૫ એ શિવે માર્યો અને તેનું નગર બાળીનાખ્યું.]

ઉમયા—(उमा—જો૦ દયા૦ રુખ૦ ૨૮.)

સાર—સં. (सृ સરવું-નિકળવું.) સારું, રૂડું. કલ્યાણ, ભલું-ઇચ્છેલા વરરૂપી.

૩૪. **કંઈ પૂરવપુણ્યપ્રતાપ**—સં. (पूर्व०) મારાં આગલે જન્મે કરેલાં પુણ્યને જોરે-લીધે એવું બનીઆવે કે. [કંઇ આવે અર્થે વાપરવાની રૂઢી.)

ચડાવે—(સં. चट् પ્રે૦ ભેદે.) ઉઠાવી હાથમાં લઇ તેપર બાણ સંધાનકરે.

શિવચાપ—સં. (चप् ફંકવું.) શિવનું ધનુષ્ય, ત્ર્યંબકધનુષ્ય. (જો૦ ૩૩. પણ.)

ધર્મધોરંધર—સં. (धर्मधुरंधर—धृ ઝાલવું.) ધર્મની જૂસરી ધરનાર, ધર્મને ચલાવનાર, ધર્મના મૂળ આધાર. સમા૦ દ્વિ૦ અલં૦ રૂપક.

શ્રીરઘુવીર સં. (જો૦ ૨૯. રઘુરાય) રઘુકુળના રાજાઓમાં શૂરા ઉત્તમ પુરુષ. સમા૦ સ૦. [બ્રહ્મા ઉત્પન્નકર્ત્તા અને ભાગ્ય નિર્માણકર્ત્તા, શિવ કલ્યાણ કરનાર ઇશ્વરજ અને ઉમયા તેની આદિશક્તિ-માયા છે, માટે સીતાએ તેને વિનવ્યાં; પછે રામની સ્તુતિ કરેછે.-શ્રી=લક્ષ્મી, સુભાગ્ય, કલ્યાણ; નામની પૂર્વે જોડ્યાથી બોલનારની શુભેચ્છા ને સામાની યોગ્યતા જણાયછે-એમ કરવું એ હવે તો એક વિવેક થઇપડ્યો છે.]

૩૫-૭. **જાનકી**—સં. = જનકરાજાની પુત્રી સીતા.

ઉપમા—સં. (मा માપવું.) જેની સાથે સરખાવિયે તે.

શૈલકુમારી—સં. (શિલા—પત્થર; कुमार् ખેલવું. હિમાચળપર્વતની છોકરી—પાર્વતીને. (જો૦ ૧૧. પારવતી.)

અબળા—સં. (बल જોર—बल् धा०) એ સ્ત્રી, સીતા. સમા૦ બહુ૦ [અબળા એટલાસારુ કે એ સ્વભાવે પુરુષકરતાં નબળી; વળી એને પોતાનું બળ નથી-રક્ષણનેમાટે બીજા ઉપર આધાર રેહે-બાળપણમાં માબાપપર, જુવાનીમાં ધણીપર, અને ઘડપણમાં પુત્રપર.]

સુરભૂપ—સં. (सुर् અમાનુષ્યશક્તિ હોવી.) દેવોનો રાજા—ઈંદ્ર. અલં૦ ૩૬-૧. ઉપમા—પ્રતીપ.

૩૮-૯. **તંન**—સં. (तनय. तन શરીર, या જવું, ઉપજવું.) છોકરા. સમા૦ પં૦.

(અધ્યાય ૩૩. ૩૮--૪૪.)

દૃઢ—સં. (દૃહ્-નો ભૂ૦ કૃ૦) સ્થિર, અચળ. [બહુ૦
નિરમળ—સં. (નિર્મલ. મલ મેલ, વિકાર) ચોક્ખું, કામવિકારરહિત. સમા૦
વિરક્ત—સં. (વિ ઉલટું, રક્ત-રઞ્જ્ મોહ પામવું-નો ભૂ૦ કૃ૦) ત્યાગી, નિસ્પૃહ, તનમનથી લોભાયલા નહિ.

આસક્ત—સં. (આ ચોતરફથી-પુરા, સક્ત-સઞ્જ્ મચવું-નો ભૂ૦ કૃ૦) ગરક, લુબ્ધ, લોભાયલા, પ્રીતથી કોઇપાછળ લાગેલા, મોહિત. [કર્મ૦

કુદૃષ્ટિ—સં. (દૃશ જોવું.) કરડી નજર, નઠારો વિચાર, વ્યભિચારભાવ. સમા૦
રીત—સં. (રીતિ. રી જવું, ચાલવું.) નીતિ; આજ્ઞા, ઉપદેશ.
પરાવત્ત—સં. (વિદ્ મેળવવું-નો ભૂ૦ કૃ૦) પારકાનો પૈસો-માલ. સમા૦ ષ૦
સ્વપને—સં. (સ્વપ્ન. સ્વપ્ ઊંઘ.) સમણામાં-વિચારમાં પણ, કદીએ.
દીજે ચિત્ત = મન લગાડીએ, લોભ-ઇચ્છા કરિયે.

૪૦-૧. પ્રકાશ—સં. (કાશ્ અળકવું.) પ્રકટીકરણ, ખુલાસો, ઉપદેશ; ખુલ્લી રીતે.
ધ્યાન—સં. (ધ્યૈ ઉંડા વિચાર કરવો) વિચાર; મન.
સાક્ષાત—સં. (૦ક્ષાત્. સ સાથે સામે, અક્ષિ આંખ.) પોતે, જાતે.

૪૨. વાજિત્ર—સં. (વાદિત્ર-વદ્ બોલવું.) વાજાં. [કર્મ૦; બહુ૦
નાનાપ્રકાર—સં. (પ્ર જૂદું, કૃ કરવું) જૂદીજૂદી-ઘણીઘણી જાતનાં. સમા૦
વાડીમોઝાર = વાડીમાં-જ્યાં વિશ્વામિત્ર ઉતર્યાહતા.
આન્હિક—સં. (અહન્ દિવસ-ઉપરથી) નિત્યકર્મ અચૂકપણે કરવાવાળા; તેજસ્વી, તેજવાળા. [બ્રાહ્મણે નિત્ય સંધ્યાવંદનાદિક ધર્મક્રિયા કરવીજ જોઇએ, અને તેમ કર્યાથી તેનામાં કંઇ દૈવી તેજ વધેછે.]

૪૩. આશિષ—સં. = આશીર્વાદ, કલ્યાણવચન, દુઆ.
ગાધીસુત—સં. (ગાધિ૦) જન્હુરાજાના વંશજ ગાધિ તેનો છોકરો-વિશ્વામિત્ર. [એ રાજર્ષિ છે.]

સાષ્ટાંગ—સં. (સ + અષ્ટ + અંગ.) ભોંયપર લાંબાછટ પડીને પ્રણામ-એવી રીતે કે શરીરનાં આઠ અંગ ભોંયે અડકે. [એ આઠ અંગ તે-હાથની હથેલીઓ, પગના બે પંજા ને બે ઘૂંટણ, છાતી અને કપાળ.] સમા૦ મૂળે અવ્યય, પણ ગુજરાતીમાં-બહુ૦ લઇશકાય.

મંડળસંગ—સં. = પોતાની સભાસાથે.

૪૪. અદ્ભુત-રૂપ-પ્રકાશ—સં. = અલૌકિક-દિવ્ય રૂપની પ્રત્યક્ષ મૂર્ત્તિઓ.
૨. જોઇ અજાએબ થઇએ એવા રૂપાળા. સમા૦ ષ૦; કર્મ૦

(અધ્યાય ૩૩. ૪૪—૫૨.)

કિશોર કુમાર—સં. = કિશોર અવસ્થામાં રાજપુત્રો. [જો૦ ૨૯-, ૩૧.]

૪૫. અહતનિમેશ—સં. (०मेष. मिष પલક મારવી.) આંખની પલક નહિ એવી સ્થિતિમાં, એકી નજરે જોતા.

વિદેહ—સં. (विदेही.) વિદેહદેશના રાજા. ૨. દેહ-દેહનાં ભાનવિનાના. (૨) નામે તો વિદેહી—વિદેહદેશના રાજા હતાજ—। સંસારી છતાં જ્ઞાનવડે જીવન્મુક્ત પણ હતા.) અને રામલક્ષ્મણને જોઇ ખરેખરા વિદેહી-દેહનાં ભાનવિનાના થયા-એવા રૂપમાં લીન થઇરહ્યા. શબ્દવક્તૃત્વ છે.]

૪૬-૮. રૂપરતંન—સં. (०रत्न. रम प्रे० भेदे-રમાડવું, ખુશ કરવું.) રૂપના ભંડાર, અતિશે રૂપાળા. સમા० स०

રૂપ—સં. (रूप् જોવું.) આકાર, માણસના દેહ-અવતાર.

બૃહસ્પતિ—સં. =દેવોના ગુરુ-અંગિરાના પુત્ર. [એ અસ્ત્રશસ્ત્રાદિ સર્વ વિદ્યામાં એક્કા ને સભામાં વાચાળ હતા. बृहत् મોટા-દેવો; અથવા

ઉમાપતિ રમાપતિ—સં. = શિવ ને વિષ્ણુ. [વાણી સરસ્વતી.]

કામવસંત—સં. (જો૦ ૨૧. કોટિકામ.)

મીનકેતંન—સં. (०केतन. मीन માછલું—मी નાશ કરવું ; केतन ધજા, વાવટો-कित ધ્યાનમાં રાખવું; જાણવું.) કામદેવ. સમા० બહુ० [એની ધજાપર મચ્છનો આકાર છે માટે આ નામ.]

(૪૮- ૧ ક) એની ઉપર કરોડો કામદેવ ઓવારીનાખું-કરોડો કામનું રૂપ એકત્ર ધારીએ તોએ એની તોલે ન આવે (૪૯ ૧) સર્વ સભાય-કે૦ પ્ર૦ nom. abs. ૪૭--૮. અલં० ઉત્પ્રેક્ષારૂપક.

૪૯-૫૨. સ્નેહવચંન—સં. (स्निह् વાલ ઉપજવું; वच् બોલવું.) પ્રેમભર્યાં વેણ, જેપરથી અંતઃકરણનો પ્રેમ જણાઇઆવે એવું બોલવું. સમા० કર્મ०; મધ્ય०.

ઘનશ્યામતનુ—સં. (तन विस्तारवुं.) વાદળાના રંગજેવું શામળું શરીર છે એવા. સમા० બહુ० [ધનુષબાણ.

ધનુ—સં. (धनुस्. धन અવાજ કરવો; ફેંકવું.) ધનુષ્ય, કમાન, કામઠું,

ચરિત્ર—સં. (चर् ચાલવું, વર્તવું.) વખાણવાજોગ કામ, જશ.

શોકાતુર—સં. (शुच् ધા०) શોકેકરી દુઃખી. સમા० તૃ०

પણ—ત્ર્યંબકધનુષવિષેનો નીમ. (જો૦ ૩૩.)

(૪૯—૧.) શુણી અને 'ત્યારે એની જરૂર નથી, અથવા ત્યારે = પછી. (૫૦ --૨.) જો૦ ૧. કૌશિકમુન્ય. (૫૧-૨.) અલં०. વિરોધાભાસ-એનો ખુલાસો (૫૨—૧) માં મળશે.

અધ્યાય ૩૬. (૧-૬.)

૧. **કોટિકંદર્પસુંદર-શ્યામ**—સં. = કરોડ કામદેવસરખા રૂપાળા અને શ્યામ. (દર્પ આહંકાર ધરવો-અંગમાં કામ જાગે ત્યારે એકરીતનો અહંભાવ ઉપજેછે.) સમા૦ દ્વંદ્વ; કોટિ—સુંદર-કર્મ૦

પૂરણકામ—સં. (પૂર્ણ૦) પોતે ઇચ્છારહિત છતાં ભક્તોનાં કોડ પૂરવાવાળા,-અને વળી ખરેખરા કામદેવજ. [આમાં શ્લેષ-વાક્ચાતુર્ય છે.]

૨. **સહીયર**—સં (સખીવર—વર ઉત્તમ.) સમાણી ડાઇ બેનપણી.

અવધબિહારી—સં. (૦વિ૦ વિ + હૃ ખેલવું.) અયોધ્યાના રાજકુંવર.

બલિહારી = રૂપ પ્રતાપ જોતાં સુણતાં જે મોહ ઉપજે તે, ફિદા થવું તે.

કિંકરી - સં. (કિમ્ શું, કંઇ, કૃ કરવું.) દાસી. [ગમ્યા.

૩. **મારૂં માન્યું એનું મંન** = મારૂં મન એની સાથે રાચ્યું, મને એ મન

ત્રિભુવન—સં. (ભૂ થવું.) ત્રણ લોક-સ્વર્ગ મૃત્યુ ને પાતાળ. સમા૦ દ્વિગુ.

ધન્ય—સં. (ધન્ શબ્દ કરવો-વખાણવું) ભાગ્યશાળી, નસીબદાર, બધાને વખાણવાજોગ.

સદન—સં. (સદ્ જવું, બેસવું.) ઘર; ભંડાર, ખજાનો.

સૌભાગ્ય- સં. = ભાગ્યશાળીપણું, સારૂં ભાગ્ય-દૈવ-નસીબ. સદન સૌભાગ્યનું = ઘણીજ ભાગ્યશાળી-નસીબદાર.

૪. **પોંચે** = પૂરાં પડે, પારપડે, બરઆવે.

કોડ = હોંસ, ઇચ્છાનો મલાવડો, ઉમેદ.

કામ કરોડ—(જો૦ ૧. કોટિકંદર્પ૦)

ચૌદભુવન—સં. (ચતુર્દશભુવન. ભૂ થવું.) ચોદલોક-સાત ઉપલા ને સાત નીચલા. સમા૦ દ્વિગુ. [સાત ઉપલા તે-ભૂ-ભુવર્-સ્વર્-મહર્ જન-તપો-સત્યલોક. સાત નીચલા-પાતાળ, તે-અતળ, વિતળ, સુતળ, મહાતળ, રસાતળ, તળાતળ, ને પાતાળ.]

૫-૬. **શરાસન**- સં. (શર બાણ-શૄ ઘા કરવો, અસન ફેંકવાનું સાધન.) ધનુષ-ત્ર્યંબકધનુષ. (જો૦ અધ્યાય ૩૩-૩૩. પણ.)

કઠોર—સં. (કઠ્ પીડવું.) કઠણ, ભારે. [શરીર-રામ. સમા૦ બહુ૦

શામળગાત—સં. (શ્યામલગાત્ર. ગાત્ર—જવાનું સાધન, ગમ્ ધા૦) શ્યામ-

દેહપાત—સં. (દિહ્ લેપવું; પત્ ધા૦ પ્રે૦ બેઠે) શરીર પાડવું, આપઘાત.

(અધ્યાય૦ ૩૬. ૬—૧૩.)

કઠણ—સં. (कठिन—कट् પીડવું.) દુર્ઘટ, અઘરૂં, કપરું, પળી ન શકે એવું.
તાત—સં. (तन् विस्तारवुं.) મારે બાપે.

(૨-ખ) કારણ કે એનાં કારણથી રામને વરવામાં હરકત આવી પડીછે.

૭-૮. નિરદે—સં. (निर्दय. दय धा०) દયાવગરનો, કઠણહૈયાનો. સમા૦ બહુ૦
પરિતાપ—સં. (परि ચોતરફ, तप તપવું.) અતિશે દુઃખ, ખેદ, બળાપો.
જનકને—સં. (जन् प्रे० ભેદે-ઉત્પન્ન કરવું.) મારા બાપને-પેલા જનકને. [તિરસ્કાર બતાવવાને નામ દઇ બોલવાનો ચાલ છે] [વવાનું.
શુભકાજ—સં. (कार्य.) સારૂં કામ-તમારી પુત્રીને-મને રામજોડે પરણા-
પુત્રી—સં. (पुत् એ નામનું નરક, त्रै રક્ષણ કરવું.) છોકરી. [બાપની પાછળ શ્રાદ્ધ સારી પિંડદાન છોકરો કરે તો બાપ નરકે જતો બચે—માટે પુત્ર, અને પુત્ર શબ્દનું સ્ત્રીલિંગેરૂપ પુત્રી; બાકી છોકરીથી બાપ તરે નહિ. એમ તો ખરુંજ કે છોકરીના છોકરાને પિંડનો અધિકાર અને તેથી માતામહ-માના બાપનો છુટકારો થાય.]

મનસાથે વર્યા = પોતાનાં મનથી તો એ રામને પરણીચૂકીછે-એને મૂકી બીજાને પરણનાર નથી.

૯. આરતવાન—સં. = ઓરિયાવાળાં, કોડીલાં, હોંસીલાં, પણ તે હોંસ પૂરી-પડવામાં ભારે વાંધો આવીપડેલો તેથી દુખિયાં. [आर्ति०—आर्ति પીડા અને वान् વાળાં; વળી મને આપ્રમાણે લાગેછે—आर्ति०—ગુજરાતીમાં આરત થઇ ઓરિયો-કોડ એ અર્થે પ્રયોગ થયો, એટલે બેઉ રૂપનો ભાસ આરતશબ્દમાં રહ્યો. કંઇવાર એમ તો બનેછેજ કે શુદ્ધરૂપકરતાં તે શબ્દનાં સ્વલ્પરૂપાંતરમાં કંઇ વિશેષ અર્થરસ રૈછે: मग्न—મગન; लग्न લગન; स्नान—સ્નાન-હનાન.]
સાને = શાનેમાટે, શું કામ, શું કરવા.

૧૧. વિશાળ—સં. = લાંબાં, મોટાં.
આકૃતિ—સં. = આકાર, શિકલ. [આકૃતિ શબ્દમાં શ્લેષ અલંકાર લઇ એકીવેળા બે અર્થ કરવામાં ઝાઝો બાધ નથી—આકૃિત = શિકલ-બાહુ નેત્ર વિશાળ એવી; અને આ કૃતિ = આ પરાક્રમનાં કામો—મારી તાડિકા ઇ૦, (૧-ખ) મોતનો દેવ જે જમ તેનો પણ નાશકરનાર-તે નાશ પામે ત્યારપછી પણ રૈનાર—એ તો અનાદિ અનંત સાક્ષાત્ પરમેશ્વર છે; એ તો મહા સમર્થ છે. [काल = વખત લઇને પણ આખરનો અર્થ એ થાય.]

૧૩. ત્ર્યંબક—સં. (त्रि ત્રણ, अंबक આંખ.) શિવનું ધનુષ. સમા૦ બહુ૦

(અધ્યાય ૩૬. ૧૩—૧૭.)

[પરશુરામને આપેલું ને તેણે જનકને આપેલું આ પ્રસંગને માટેજ. જો૦ અધ્યાય૦ ૩૩-૩૩. શિવનું એક નામ ત્ર્યંબક છે; અને શિવનું ધનુષ માટે તે પણ ત્ર્યંબક.

તોડશે—(સં. त्रुट् પ્રે૦ ભેદે.) ભાંગશે.

સંદેહ—સં. (सम् + दिह् ધા૦) વેમ, શક, ઢચુપચુ.

બપૈયો = ચાતકપક્ષી. (કેછે કે એને ગળે કાણું છે તેથી તે હમેશાં તરસ્યો રેછે, વરસાદ આવે ત્યારેજ એની તરસ મટે. આ ઉપરથી મેઘ અને ચાતકનો સંબંધ આશકમાશુકનાં વર્ણનમાં ગવાયછે.]

નેહ—સં. (स्नेह. स्निह् ધા૦) પ્રેમ, વાલ.

(૨) अलं૦ ઉપમા.

૧૪. **સકળ પુરજંન**—સં. (૦जन. स સાથે, कल ભાગ; पृ ભરવું; जन् પેદા થવું.) શેહેરના સઘળા લોકો. પુરજન-समा० स०.

દશરથતંન—સં. (૦तन.) રામ.

પંચ—સં. = જેને કોઇનો પક્ષ નહિ એવા ત્રાહિત માણસ. [કોઇ કજિયાના નિવેડાસારુ મૂળ પાંચજણ નીમવાનો રિવાજ હશે.]

(૨) પંચ કહે તે વચન સાચું થાય-તેપ્રમાણે અને, નક્કી બને તેમાં ફેર નહિ.

૧૫. **લઘુ**—સં. (लङ् ધટવું.) નાનું, નજીવું, નબળું, હલકું.

તેજવંત—સં. (तिज् અણી-ધાર કાડવી.) પ્રતાપી, પરાક્રમી.

સૂક્ષમજંત—સં. (सूक्ष्मजंतु.) નાનોસરખો, નાની ઉમ્મરનો.

મદગળ—સં. (मदकल. मद મસ્ત થવું; कल् શબ્દ કરવો.) જેનાં ગંડસ્થળ-માથાંના ઉપલા કાનની પાસેના ભાગમાંથી મદ-ઉન્મત્ત થયેથી છૂટતું પરસેવાનું ઝરણુ વહે એવો હાથી. [મસ્તીમાં ચીસ પાડે માટે આ નામ.] અલં૦ દૃષ્ટાંતરૂપક; પાછલે ભાગે ઉપમાનો ભાસ પડેછે.

૧૬. **હળવું**—સં. (लघुक. જો૦ શામ૦ ૫૮. હળવા.) નાનું, હલકું.

(૨-૬, જો૦ અધ્યા૦ ૩૩—૩૩. વિનવે વિધિ ને ત્રિપુરાર.)

૧૭. **પ્રચંડ**—સં. (प्र ઘણું. चण्ड ઉગ્ર, ગરમ.) મોટું ડરામણું.

અઘાત—સં. (अगाध. गाध તળિયું, गाह् માપવું, ઉંડાઇજોવી.) અતિશે, મોહોટું; જેનું વજન કહી કે ધારી ન શકાય એવું, અતોલ ભારે. [ધનુષનું વિ૦ લેયે તો.]

આંશુપાત—સં. (अश्रु०अश् પસરવું; पत् પડવું.) આંશુ પાડવાં તે, રડવું.

હરજો—(સં. हृ ધા૦) લઇલેજો, કમી કરજો.

ગોરવતા—સં. (गुरु મોટું, ભારે-ઉપરથી.) મોટાપણું; ભાર. [ધનુષને

(અધ્યાય ૩૬. ૧૭--૨૧. અધ્યાય ૨૯. ૧—)

હલકું કરવા પાર્વતીને વિનવેછે, કારણકે ધનુષ શિવનું એટલે બીજા કોઇની શક્તિ નહીં. પાર્વતીને વિનવી પછી સીતા રામની સ્તુતિ કરેછે.]

૧૮. **સચ્ચિદાનંદ**—સં. (सत् નિત્ય-કદિ મટે કે ઘટે નહિ એવું; चित् ચૈતન્ય-પ્રકાશ-જ્ઞાન; આનંદ હરખ, સુખ.) બ્રહ્મ, નિત્યજ્ઞાનસુખમય, હમેશાનાં જ્ઞાનમાં મગ્ન-ડૂબેલો, જ્ઞાનમય ઇશ્વર. સમા૦ બહુ૰ અથવા દ્વંદ્વ.

અવિનાશી—સં. (नश् ધા૦) ઇશ્વર જેને નાશ નથી. સમા૦ બહુ૦; નય૦

રખે—અવ્ય૦ (સં. रक्षय-रक्ष् બચાવવું.) સમાલજો, ધ્યાનમાં રાખજો; કદાપિ, કોણ જાણે. રખે ભૂલી જતા = મને બીક છે કે કદાસ ભૂલી-જાઓ, પણ એમ નહિ કરશો એવી મારી આજીજી છે.

૧૯. **તમ અરથે**—સં. (अर्थ હેતુ, કારણ) તમારે કારણ, તમને મળવા-વરવા.

ધર્મધોરિંધર—સં. (૦ધુરં૦—જો૦ દયા૦ પદ૦ ૫-૩.)

૨૦. **શોચે**—(સં. शुच ધા૦) શોચના-ચિંતા કરેછે.

સ્તુતિ—સ. (स्तु વખાણ કરવાં.) વિનતિ, કાલાવાલા.

દીનવચંન—સં. (૦वचन. दीन હલકું, ગરીબ-दी ઘટવું-નો ભૂ૦ કૃ૦; वच् બોલવું.) ગરીબાઇ-નમનતાના બોલથી. સમા૦ કર્મ૦

અંતરજામી—સં. (જો૦ પ્રેમા૦ ઉખળા૦ ૩.)

જુગજીવંન -સં. (जगज्जीवन.) જગતના પ્રાણ, જેવડે જગત્ છે તે.

૨૧. **જનકતનયાય**—સં. (૦तनया. तन શરીર, या જવું, ઉપજવું.) જનકની છોકરી-સીતા.

શ્રોતાજન—સં. (श्रु ધા૦) સાંભળનાર; વાંચનાર. [

અધ્યાય ૨૯.

[અહલ્યા એ બ્રહ્માની પુત્રી ને ગૌતમ રુષિની સ્ત્રી. એ પાંચ સતીઓમાંની એક છે—અહલ્યા, તારા, દ્રૌપદી, સીતા ને મંદોદરી. એ ઘણી રૂપાળી માટે એનાં લગ્નવખત ઇંદ્રાદિક દેવોને એને પરણવાની લલુતા હતી. કોઇનું નહિ વળતાં ગૌતમ પરણ્યા તે દ્વેષ મનમાં રાખી ઇંદ્રે એક દિવસ એની સાથે છળ કર્યું. રુષિએ અહલ્યાને શાપી કે તું શલ્યા થઇને પડજે, પણ પછી ઘણા કાલાવાલા કરવાથી રુષિએ અનુગ્રહ કર્યો કે—રામચંદ્ર જનકને ત્યાં સ્વયંવરમાં જશે તેવેળા તેના ચરણની રજથી તારો ઉદ્ધાર થશે, અને તેમ થયું માટે તે રામની સ્તુતિ કરેછે.]

૧. **કરુણાધામ**—સં. (धाम ઘર, ઠેકાણું-धा રાખવું.) દયાના ભંડાર, પૂર્ણદયાળુ.

દશરથનંદન—સં. (नंद् આનંદ પામવું-પ્રે૦ ભેદ.) દશરથરાજાના પુત્ર. [એના રથની ગતિ આઠદિશા અને સ્વર્ગ તથા પાતાળમાં હતી માટે દશરથ નામ.]

(અધ્યાય ૨૯. ૧—૩.)

તવ—સં. = તારું.

મન અભિરામ—સં. (अभि સઘળે, रम्–પ્રે० ભેદે.) ભક્તનાં મનને રમવાની અને વિલાસ કરવાની ને વિશ્રામ પામવાની જગા; મનને આનંદ આપનારી વસ્તુ. સમા૦ ચ૦.

સુરમુનિવંદન—સં. (सुर् દૈવી શક્તિ હોવી; मन् ધ્યાન ધરવું; वंद् નમવું.) દેવ રુષિ સૌ જેને નમી આરાધે એવા. [જોગ.

૨. **જગતગુરુ**—સં. (जगद्गुरु.) જગતને પૂજ્ય, જગતે નમવા ને આરાધવા

વિશ્વંભર—સં. (विश् વ્યાપવું; भृ પોષવું.) જગતનું ભરણપોષણ કરનાર. સમા૦ દ્વિ૦. [વિભક્તિનો પ્રત્યય કાયમ છે.] [હદમાં રાખનાર.

જગનાયક—સં. (जगन्नायक. नी દોરવવું) જગતને ચલાવનાર -નિયમમાં-

સ્મરારિમિત્ર—સં (स्मृ યાદ કરવું-યાદ કર્યાથી જાગેછે માટે; अरि–ऋ જવું-સામે; मिद् પોચા થવું-અંતઃકરણનું.) સ્મર–કામદેવના શત્રુ મહાદેવ તેના મિત્ર.

[એકસમે શિવપાર્વતી ચોપટ ખેલતાં ખેલતાં રકઝક થયાથી રિસાઇને ઉડી ગયાં ને પછી બેઉએ ઉગ્રતપ કરવામાંડ્યું. એ તપથી પ્રલયાગ્નિ ઉત્પન્ન થયો ને દેવતાઓ ગભરાયા. દેવોએ શિવને કહ્યું કે તમે પાર્વતીને પાછાં બોલાવો. શિવે કહ્યું હું તો નહિ બોલાવું તેની ઇચ્છા હોય તો આવે. પછી ગંગાએ પાર્વતીને સમજાવ્યાઉપરથી તે ભિલડીને વેષે શિવ હતા ત્યાં આવ્યાં. ઈંદ્રે કામને આગળથી કહીરાખ્યુંહતું કે પાર્વતી ભિલડી થઇ આવે એટલે તારે શિવને તારું બાણ મારવું. કામે તેમ કર્યું ને શિવ મોહિત થયા અને પછી પાર્વતી પોતાને રૂપે પ્રગટ પડ્યાં. પરંતુ શિવે કામના ઉપર ક્રોધ કરી તેને પોતાની ત્રીજી આંખના અગ્નિથી બાળી નાખ્યો. પાછળથી કામની સ્ત્રી રતિએ વિનવ્યા ત્યારે શિવે અનુગ્રહ કરેલો છે.]

ચરિત્ર ચિત્રવિચિત્ર—સં. (चर् વર્તવું, चित् રંગવું.) તરેહ તરેહની ઢબ-છબ રાખનાર, જૂદેજૂદે રૂપે ભાસી જૂદાં જૂદાં કામવેવાર કરનાર.

જનસુખદાયક—સં. (दा આપવું.) માણસોને સુખ આપનાર. સમા૦ચ૦

૩. **પરાત્પર**—સં. (पर બીજું, આઘેનું, મોટું.) આઘેમાં આઘે; મોટામાં મોટો. સમા૦ પં૦-પ્રત્યય કાયમ છે.

પરિબ્રહ્મ—સં. (पर ०बृह् વધવું, વિસ્તાર પામવું, બહુરૂપે થવું.) ઇશ્વર જ્ઞાન-બ્રહ્મથકી પણ અળગો. સમા૦ કર્મ૦.

પૂરણ—સં. ((०र्ण–पृ ધા૦ નો ભૂ૦ કૃ૦.) પૂરેપૂરો. ૨. ભરચો સઘળે ગુણે. ૩. સઘળે ભરેલો-વ્યાપીરહેલો.

(અધ્યા૦ ૨૯. ૩—૫.)

સગુણ-અવ્યય—સં. = આકાર રંગ ઇત્યાદિ ગુણવાળો છતાં એ ગુણે રહિત એટલે અવિકારી-જેમાં કંઇ ફેર પડે નહિ એવો-જેવોનેતેવો. સમા૦ સગુણ, નિર્ગુણ, અવ્યય-બહુ૦. અલં૦ વિરોધાભાસ.

ચર-વ્યાપક—સં. (चर् ખસવું: जीव् જીવવું; वि + आप् બધે હોવું.) જીવો ગતિવાળા-માણસ પશુ પક્ષી ઇ૦, અને ગતિવિનાના-ઝાડ વગેરેનાં શરીરમાં પસરીરહેલો. સમા૦ ચરઅચર-દ્વંદ્વ, કાયવ્યાપક-સ૦

એક—સં. = ઘણા નહિ, અવ્યય, અવિકારી, સર્વત્ર સર્વદા એકસરખો-જેવોનેતેવો. (દેશકાળ વસ્તુ-એ ત્રણ પરિચ્છેદરહિત.)

અજિત—સં. (जि ધા૦ નો ભૂ૦ કૃ૦ जित.) જિતાયલો-ગુણકર્મ ઇ૦ ને વશ થયલો નહિ; ન્યારો, અળગો. સમા૦ નય૦

અનામય—સં. (अन् નહિ, आमय વિકાર.) વિકારરહિત. સમા૦ બહુ૦.

૪. **નિગમઅગમ**—સં. (नि નિશ્ચયપણે, गम् જવું.) નિગમ-ઇશ્વરનું ખરું સ્વરૂપ જાણવાનું સાધન જે વેદ તેને પણ અગમ, એટલે તે પણ જેનું સ્વરૂપ આવું એમ નક્કીપણે કહીશકતા નથી-नेति नेति કહીને વિરામ પામેછે. સમા૦ ષ૦; ચ૦.

કારણ-તન—સં. (रहित-रह् તજવું-નો ભૂ૦કૃ૦.) અનાદિ, સ્વયંભૂ, જેને કોઇએ ઉત્પન્ન કર્યો નથી એવો, અને તેછતાં કૌશલ્યાનો છોકરો.

અલં૦ વિરોધાભાસ. કારણરહિત-સમા૦ તૃ૦ [કારણ-જેમાંથી કે જેથી કંઇ ઉપજે તે કારણ અને જે ઉપજે તે કાર્ય-કુંભારે ઘડો બનાવ્યો-એમાં કુંભાર કારણ અને ઘડો કાર્ય.]

અખંડ—સં. (खंड् ભાંગવું.) જેના દેશકાળેકરી વિભાગ નથી એટલે જે સર્વત્ર સર્વકાળ વ્યાપીરહેલોછે. સમા૦ નય૦ અથવા-બહુ૦ [દેશનો વિચાર કરતાં બહુ૦, અને કાળનો વિચાર કરતાં નય૦ કેવું સારું લાગેછે.]

અજ—સં. (जन् ધા૦) જે પેદાથયો નથી પણ છેજ. સમા૦ નય૦

ચૈતન્યસાક્ષી—સં. (चित् જાણવું; स સાથે, अक्ष ઇંદ્રી.) જ્ઞાનસ્વરૂપે માણસનાં અંતઃકરણમાં વસી તેની સારીનરતી વૃત્તિ જોનાર. સમા૦ કર્મ૦

ચિદ્‌ઘન—સં. (चित् જ્ઞાન; ઘન સ્વરૂપ. ૨. પૂર્ણ.) જ્ઞાન એજ જેનું સ્વરૂપ છે એવો. ૨. જ્ઞાને ભરપૂર-જ્ઞાનમય. સમા૦ બહુ૦. ૨. તૃ૦

૫. **શાપમોચન**—સં. (शप् સમખાવા; मुच् છોડવવું.) શાપથી છોડવનાર. શાપ = માઠું થાઓ એવું કેનું કે ઇચ્છવું, બદદુવા.

(અધ્યા૦ ૨૯. ૫—૭.)

કમળલોચન—सं. (कम् પાણીને, अल् શોભાવવું ; लुच् જોવું.) કમળજેવી આંખ જેની એવા. સમા૦ બહુ૦

ભક્તવત્સલ—सं. (वत्स છોકરું.) ભક્ત જેને વાલા એવા. સમા૦ સ૦

ભવરોગ—सं. (भू થવું ; रुज् માંદા થવું.) સંસાર એજ કોઇ રોગ—ઉપાધિ. સમા૦ કર્મ. અલં૦ રૂપક. શરણ—વૈદ્ય = શરણે આવનાર પ્રાણીને મોક્ષ આપનાર. સમા૦ શરણજન—સ૦,—ભવરોગ—ષ૦,—વૈદ્ય—ચ૦

કૃપાલય—सं. (જો૦ ૧. કરુણાધામ.)

૬. **કાનન**—सं. (कन् ઇચ્છવું.) કુંજ, વેલીઓથી છવાઇરહેલી સુંદર જગા. મિત્ર—રવિ = ભક્તોનાં કુળરૂપી જે કુંજો તેમાં ઉગેલાં કમળને—ભક્તજનોને સૂરજરૂપ. અથવા—ભક્તના સમુદાયરૂપી જે કુંજનાં કમળ તેને સૂરજરૂપ. સૂરજ કમળને ખિલવી તેની સુવાસ ફેલાવે, તેમ તું ભક્તોને સુખઆનંદમાં રાખી તેની કીર્ત્તિ પસારેછે. અલં૦ રૂપક. સમા૦ મિત્રકુળ—ષ૦ ;—કાનન-કર્મ૦ ;—કમળ—સ૦ ;—રવિ—ચ૦ અથવા. ૨. મિત્રકુળ—ષ૦ ; કાનનકમળ—સ૦; મિત્ર—કમળ—કર્મ૦

ચતુર—ધારય—सं. = ચાર પ્રકારનાં શરીર ધારણકરનાર. સમા૦ દ્વિ૦.
[ચતુર્વિધવપુ તે કિયાં ? અંડજ, સ્વેદજ, ઉદ્ભિજ્જ અને જરાયુજ ?]

અવતાર— સ્થાપન—सं. (अव+तॄ નીચે ઉતરવું ; स्थापय् સ્થિર કરવું.) અવતાર એટલે મચ્છકચ્છાદિરૂપે ઇશ્વરનું સૃષ્ટિમાં આવવું તેનું કારણ—એ અવતાર લેનાર, અને ધર્મનું પ્રતિપાદન—પાછો સ્થિર કરીઆપનાર. ૨. પ્રાણીઓને અવતાર આપનાર અને ધર્મનું ઇ૦. અથવા વળી—ધર્મનું સ્થાપન કરવા માટે અવતાર લેનાર.

દુષ્ટદનુજવિદારય—सं. (दुष्ट—दुष् બગડવું-નો ભૂ૦ કૃ૦ ; दनु એ દૈત્યજાતિની મા, દક્ષની પુત્રી ને કશ્યપની સ્ત્રી ; दॄ ચીરવું) પાપી દૈત્યોને રોળીરોળીને [મારનાર. સમા૦ દ્વિ૦.

૭. **યજ્ઞપાળ**—सं. (જો૦ ૧. કૌશિકમુન્ય.)

કૃત—દૂષણ = તાડિકા ખરદૂષણ ઇ૦ દૈત્યોનો નાશ કર્યો તે.

કર—ધનુષ = જેના હાથમાં કદી નિશાન ચૂકે નહિ એવું બાણ, ભાથો—તીર રાખવાની કોથળી અને ધનુષ છે. (अमोघ અચૂક, આબાદ—मुह् મન [ભમવું ; निषंग—संज् ભેટવું.]

નમામિ—सं. (नम् ધા૦) હું નમું છું

રવિકુળભૂષણ—सं. = સૂર્યવંશને અલંકારરૂપ—દીપાવનાર અલં૦ રૂપક.
[ક્ષત્રિયોનાં બે મુખ્ય કુળ—સૂર્યવંશ અને ચંદ્રવંશ.) રઘુકુળ જેમાં રામ અવતર્યા તે, સૂર્યવંશ છે.]

(અધ્યા૦ ૨૯. ૮—૯.) (પદ ૧. ૧—)

૮. **બ્રહ્માંડનાયક**—सं. = આખી સૃષ્ટિને દોરવનાર-હદમાં રાખનાર.

ભુવન—સદગતિ = ભુવન સુંદર દાનકૃત, અને-કૃત મમ સદગતિ = સારી દુનિયા આપી દાનમાં જેણે ભક્તને (જો૦ શામ૦ ૯.), અને મને શલ્યા ટાળી જેણે પાછી અહલ્યા કરી.

શિવ-મરાળ—सं. = શિવનાં અંતઃકરણરૂપી જે માનસરોવર તેમાં વસનારા રાજહંસ-શિવ નિરંતર જેનું ધ્યાન ધરેછે એવા. मानस માન-સરોવર હિમાલયમાં; मराल-રાતા પગ ને રાતી ચાંચનો હંસ-રાજહંસ. समा० શિવહૃદય-૫૦ ;-માનસ-કર્મ૦ ;-મરાળ-સ૦ અલં૦ રૂપક.

રમાપતિ—सं. (रम् પ્રે૦ ભેદે રમાડવું.) લક્ષ્મીના સ્વામી-વિષ્ણુ.

૯. **મુનિપત્નીકૃત**—सं. (मन् ધ્યાન ધરવું; पा રક્ષવું.) ગૌતમઋષિની સ્ત્રી અહલ્યાએ કરેલી. समा० तृ०

સ્તોત્ર—सं. (स्तु વખાણ કરવાં.) સ્તુતિ, પ્રાર્થના, બંદગી.

પાવન—सं. (पू धा०) પવિત્ર કરનાર.

જપે—(सं. जप् બોલવું મનમાં.) ભણે, વાંચે.

ધન્ય—सं. (धन् વખાણવું.) ભાગ્યશાળી, નશીબદાર.

ભૂતળ—सं. = પૃથ્વીની સપાટી-પૃથ્વીપર.

મોક્ષ—सं. (मुच् છોડવવું.) મુક્તિ, જન્મમરણથી છુટકારો.

સર્વદા—सं. = હંમેશ; નિશ્ચે, નક્કી.

(૨) તે સંસારમાં ભાગ્યવાન થઇ-ભાતભાતના વૈભવ ભોગવી અંતે લોકોની વાહવાહસાથે મોક્ષ પામે-નિશ્ચે મોક્ષ પામે.

धीरोभक्त.

પદ ૧.

૧. **તરણું**—सं. (तृण. तृण् ચરવું.) ઘાસનું તંખલું; કંઇ નજીવી ચીજ—**ડુંગર** = પાડ, કોઇ મોટી ચીજ-અહિંયાં-ઇશ્વર. [અહિંયાં-જીવનું હુંપદ. **અજાજુથ**—सं. (०यूथ) બકરાંનું ટોળું. ૨. માયાનું દળ-લશ્કર-ઇંદ્રિયો કામક્રોધાદિક.

કસ્તૂરી—सं. (कस् જવું-પસરવું.) તીક્ષ્ણ સુગંધ આપતી કાળાશપડતી ભૂરી ચીકણી વસ્તુ. [એ કસ્તૂરીમૃગની દૂંટીની પાસેની કોથળીમાંથી નિકળેછે.]

(પદ ૧. ૧--૪.)

મૃગરાજંન—સં. (૦રાજ. મૃગ શિકાર કરવો; राज् તેજ મારવું) કસ્તૂરી-
કાષ્ટ—સં. (काश् દીપવું.) લાકડાં, ઈંધણાં. [મૃગમાં.
હુતાશંન—સં. (૦શન. हुत હોમેલું-બળિ; अशन ખોરાક-अश् ધા૦) અગ્નિ, દેવતા. સમા૦ બહુ૦ [દેવોને પોંચાડવાનું બળિ અગ્નિમાં
દધિ—સં (दध् રાખવું; આપવું.) દહીં. [હોમાયછે માટે આ નામ.]
ઘૃત—સં. (घृ ગાળવું, સત્વ કાઢવું-નો ભૂ૦ કૃ૦.) ઘી.
વસ્તુ—સં. (वस् હોવું.) મૂળપદાર્થ, પરિબ્રહ્મ. [હાલ સાકાર ચીજને વસ્તુ કેછે તે એ શબ્દના મૂળઅર્થથી ઉલટું છે.]

ઘાસનાં તંખલાંપાછળ પર્વત પડ્યોહોય અને તેને કોઇ જોઇશકે નહિ, જેમ બકરાંનાં ટોળાંમાં મોટો સિંહ ભરાઇને ગર્જના કરે ને કોઇ જાણે નહિ કે કાં છે! વળી જેમ-ઇત્યાદિ; એમ પરિબ્રહ્મ માયાના પડદાને લીધે અદ્રશ્ય છે, પણ તે પાસેજ હોયછે. અલં૦ વિરોધાભાસ-દ્રષ્ટાંત. [આપેલાં દ્રષ્ટાંતોમાંનાં પેલાં બે અસંભવિતજેવાં કેવળ દ્રષ્ટાંતરૂપ છે. બાકીનાં વસ્તુતઃ ખરાં પણ ઉપરથી અસંભવિત જણાતાં છે.]

૨. **અગમખેલ**—સં. (अगम्यखेलन-गम् જવું; खेल् હાલવુંચાલવું-રમવું.) જ્યાં મનઈંદ્રિયાદિકની પોંચ નહિ એવી વસ્તુ જે બ્રહ્મ તેની રચના-સંસારનો પસારો. ૨. ન સમજાય એવો અટપટો ખેલ. સમા૦ ૫૦
ગમ—સં. (गम् જવું-મને.) પોંચ, સૂજ, સમજ. [૨. કર્મ૦.
વિસ્તાર—સં. (वि+स्तृ ફેલાવવું.) ફેલાવો, પોંચ.

વાણી-વિ૦ = જેનું વર્ણન કરવાને વાણીના પણ આશરા નથી.

(૧-૩.) આ જગત્ તે બ્રહ્મજ વિસ્તાર પામેલોછે, એટલે બ્રહ્મ ને જીવ-ધ્યેય ને ધ્યાતા-જાણવાનું ને જાણનાર બે જૂદી વસ્તુજ નથી તો કોણે કોને ઉપદેશ કરવો? (૩) એક જગા-વિષય એવો છે કે ત્યાં વાણી તો શું પણ બુદ્ધિનો પ્રવેશ થવો કઠણ-તેપણ હારીબેસેછે.]

૩. **ગતિ**—સં. (गम् જવું.) પ્રવેશ, પોંચ. (૨૯-૪, ૩.)
અવિનાશી, અખંડ, સચરાચર, પૂરણ—(જો૦ ગિર૦ ૩૯-૧૮;)
રચ્યાં—(સં. रच् ધા૦) ગોઠવ્યાં, વિસ્તાર્યાં, બનાવ્યાં.
અણુમાત્ર—સં. (अण સંકોચાવું; मा માપવું.) લગારપણ, તલભાર.

(૧) મનપવન -મન અને પવન, અથવા મનરૂપી પવન. જો૦ પદ ૪-૪.
(૨) સચરાચર-સજીવ ને નિર્જીવ વસ્તુમાં-સઘળેજ. અવ્ય૦

૪. **કૃપા કરી** = દયાળુ થઇ તત્ત્વબોધ કીધો.
આપે = જાતેજ, પોતાનીમેળે, વગરસાધને.

(પદ ૧—૪. પદ ૨. ૧—૩.)

પ્રકાશ—વિ૦—સં. (काश દીપવું.) પ્રત્યક્ષ, પ્રગટ, ખુલ્લા.
શાં શાં = કેવાં કેવાં-સાધન.
દાડી = પ્રયાસ-દેહદમન કરી.
તુંહી તુંહી = તુંજ હે પરબ્રહ્મ ઇશ્વર તુંજ.

પદ ૨.

૧. **તુંહી તુંહી બોલે** = હું હું એવું શરીરનું અભિમાન ધરે.
સુપના જેવું = સમણાસરખું, ખોટું ને ક્ષણિક, છેછે ને નથી એવું. (સં. स्वप्न-स्वप् ઉંઘવું.)
અચાનક—અવ્ય૦ हिं = અકસ્માત, એકાએક, ઓચિંતું.
વળીજશે = બળી જશે. ૨. ઉડીજશે.
જેમ-પાણી = કાગળને પાણી અડક્યું કે તે નાશ પામેછે, અથવા કાગળમાં ભરેલું પાણી ટકે નહિ તેમ.
કાયાવાડી—સં. (०वाटि-टिका. वट् ચોતરફથી ઘેરવું.) શરીર એજ કોઇ વાડી. સમા૦ કર્મ૦. અલં૦ રૂપક. કા૦ કરમાશે = અવયવો શિથળ થઇ શરીર નાશ પામશે. (લક્ષણા.)
ધૂળધાણી = ખરાબખાસ્તા, ખેદાનમેદાન, ફ્લેમુકામ, છેક પાયમાલ. [ધૂલિ, અને ધાના = સેકેલું અનાજ-ધૂળમાં ધાણી બળે તેવું.] સમા૦ મધ્ય૦
મિથ્યા—અવ્ય૦ સં. = અમથું, નકામું.
अलं० (૧-૨) ઉપમા. (૩-૪.) દષ્ટાંત.

૨. **કુપ્પો**—સં. (कुतुप.) તેલ વગેરે ભરવાનું ચામડાનું ઠામ; વાસણ.
વણસતાં—(સં. वि + नश् ધા૦) નાશ પામતાં.
ફૂલ્યા ફરવું = અભિમાન ધરવું, તોર રાખવો. [શા૦ ૨૬-૨.]
अलं० (૧) રૂપક. (૩) રૂપક—શરીરરૂપી ઘરમાં જીવ એ દીવો છે. [?]લો૦

૩. **જાયું**—સં. (जात-जन् ધા૦ નો ભૂ૦ કૃ૦) ઉપજ્યું, પેદાથયું.
જાવાનું=જવાનું, જનાર છે, જશે-નાશ પામશે. [ભવિષ્યકૃદંત-નિશ્ચયાર્થે.]
ઉધારો—સં. (उद्धार-વ્યાજ વગરનું દેણું. उत् ઉંચે, એકમેર, धृ મૂકવું) વાયદો, ફાંફાં. ઊગરવાનો ઉધારો = બચવાનાં ફાંફાં-બચનાર નથીજ.
મારો—(સં. मृ મરવું.) માર, ભય, બીક, આફત.
મેલ—સં. (महालय-आलय ઘર.) ઘણું મોટું ભભકાદાર મકાન.
આશાનો મેલ-આશા એજ કોઇ મેલ. अलं० રૂપક.

(પદ ૨. ૩—૪. પદ ૩. ૧—૩.)

કાચું—સં. (कषण વગરપાકેલું.) થોડી વારનું; નબળું; નામોશીભરેલું.
કારભારું=મોટું આબરુનુંકામ.(फा.कारोबार; सं. कार्यभारजोखम-જવાબદારી.)

(૩) તારે ઉમેદ તો મોટી મોક્ષ પામવાની અને તારી કરણી તો આવી નીચી અઘટતી—માયાનું દાસપણું કરવાની-તે કેમ સંધ કાશી જવાનો ! [કારભારું-વક્રોક્તિમાં વાપર્યો જણાયછે.] (૧) જાયું-જાવાનું અલં० યમક.

૪. **પરમારથ** --(જો० શા० ૩૨.)
વિશ્રામ—સં. (वि + श्रम् ધા०) આરામ; આરામ મળવાની જગા. (લક્ષણા.)
ધરાધરથી કોઈ = શેષનાગથી આરંભીને કોઇપણ, શેષનાગ નહિ તો બીજું કોણ. (ધરા પૃથ્વી, ધૃ ઉંચકી રાખવું.) ધરાધર. સમા० દ્વિ० અલં० (૧—૩) અનુપ્રાસ.

પદ ૩.

૧. **સંત**—સં. = પવિત્ર—સાધુ પુરુષ; જ્ઞાની માણસ.
ઘરધંધે--(गृह-सं. धंधा-हिं.) ઘરકામમાં, સંસારી ખટપટમાં.
ધાયો—(सं. सृ-धाव ધા०) દોડ્યો, ગુંથાયો, મચ્યોરહ્યો.
બાજી—फा. = ખેલ, રમત
નાવે—सं. (नौ.) હોડીવડે.
તરવા બેઠો = પાર જવા તૈયાર થયો—ચાહેછે—મથેછે.

(૫) લક્ષચોરાશી ફરતાં ફરતાં માણસનો અવતાર પામ્યો ત્યારે ખાતરીસરખું લાગ્યું કે હવે ભજન કરી મુક્ત થશે, પણ તેમ ન કર્યું, એટલે જન્મમરણ હાજર રહ્યાં; સંસારસાગર તરવાસારુ ઇશ્વરનાં નામરૂપી હોડી તે છોડી માયાનું સેવન કીધું, એ તો ડૂબવાની નિશાની. અલં० (૩—૪) નિદર્શના; (૫) રૂપક.

૨. **એરણ** = સોની લુહાર વગેરે લોક જે ઉપર હથોડો મારી ઘાટ ઘડેછે તે.
વૈમાન—સં. (वि० वि આકાશ, मा માપવું.) આકાશમાં ઊડે એવું એક વાહન, બલૂન. આવે વૈમાન-સ્વર્ગે જવાય. [ધર્મી મરે તેને સ્વર્ગે લઇજવા દેવો વિમાન મોકલેછે, એ વિચાર.]

(૨) આખો અવતાર પાપમાં પચી આખર કિંચિત પુણ્યસરખું કરે તેણે કેમ પરમેશ્વર મળે? અલં० પૃચ્છા—દૃષ્ટાંતરૂપક. (૩) બુદ્ધિ ગૈ ચરવા= ચતુરાઇ ચૂલે પડી, ડાપણમાં આગ ઊઠી, ઇ० [તિરસ્કાર હાસી વગેરે દર્શાવતાં વપરાયછે.]

૩. **જુવતિનારી**—સં. (યુ० यु મળવું; नृ દોરવવું.)જુવાન બૈરી. [પ્રચ્છા.
પુરુષની હમાશા—સં. (पृ ભરવું; आ આગળ, अश् પસરવું.) સંભોગની

(પદ ૩. ૩—૪. પદ ૪. ૧—)

એમ-થાય = તે પ્રમાણે આગળથી ચેતી ભજન કરે તોજ ઇશ્વર મળે.
એળે—અવ્ય૦ = મિથ્યા, ફોકટ, નકામો.
વર વરવા—(सं. वृ પસંદ કરવું.) ઇશ્વરની કૃપા મેળવવાને-જેમ સ્ત્રી ધડપણે ધણી કરવા તૈયાર થાય તેમ.
અલં૦ ઉપમા; (૩) શ્લેષ.

૪. **વિશ્વંભર**—सं. (विश् વ્યાપવું; भृ ભરણપોષણ કરવું.) જગતને પાળનાર, ઇશ્વર. समा० દ્વિ૦. [વિભક્તિનો પ્રત્યય કાયમ છે.]
ભય—सं. (भी બીવું.) બીક, ડર-લક્ષચોરાશી ફરવાનો.
હરિસું ધાયા = ઇશ્વરસાથે સ્નેહ લગાડી, ભક્તિમાં મચ્યા.
નિરંજનરાય—सं. (अंजन પાપ, વિકાર, અજ્ઞાન—अंज् ચોપડવું, લેપન કરવું.) જ્ઞાનરૂપ ઇશ્વર. समा० કર્મ૦. નિરંજન-બહુ૦.
ચોર્યાસી—सं (चतुरशीति.) ચોરાશીલાખ અવતાર. (લક્ષણા.)
(૧) સદીસાં ચેતી ભગવાનનું ભજન કરે તોજ તેને ઇશ્વર પ્રસન્ન થાય અને તેની જન્મમરણની ચિંતા ટળે. જો૦ ૩.)

પદ ૪.

(આ પદમાં અથઇતિ અલંકાર દૃષ્ટાંતરૂપક-અન્યોક્તિ છે.)

૧. **ખબરદાર**—અવ્ય૦. (अ. खबर, फा. दार વાળો.) સમાલ, સાવધ રહે, હોશિયાર થા.
મનસૂબા = હે મુલકના હાકમ મન. (सं. मनस्—मन् વિચારવું; अ. सुबा—પ્રગણું, મુલક. સૂબાને ઠેકાણે ખરુંજોતાં સૂબેદાર જોઇએ.)
ખાંડાની ધારે ચડવુંછે = તલવારની ઝપાઝપીમાં સામે ટકવાનું છે.
હિમ્મતહથિયાર = સ્થિરમનરૂપી હથિયાર. समा० કર્મ૦ અલં૦ રૂપક.
ઉમરાવ—अ. = અમીર
પટાવત—सं. = હાથનીચેના અમલદાર. [पट्ट રાજાના હુકમનો લેખ, સનદ. पट्टवत्—સનદી નોકર. ૨. રજપૂતોના વખતમાં શૂરાલોકોને મુલકના થોડા-થોડા વિભાગ આપી તેની સનદ કરી આપવામાં આવતી તે લોક.]
વિગતે = (सं. वि જુદા, गम् જવું, ઉતરવું.) બરાબર ગણતાં.
સરદાર—फा० = આગેવાન, લશ્કરના ઉપરી.
ગઢ = પાડપર બાંધેલો કિલ્લો.
[આ પદમાં સંસારી વિષયની લાલચમાં ન ફસવું એને એક યુદ્ધરૂપે વર્ણવેલું છે. ખાંડાની ધાર—ઘણી અઘરી કસોટી, ઉમરાવ-વરસ, પટાવત-મહિના,

(પદ ૪. ૧—૪.)

ત્રીસ-દહાડા, ધણિયાણી-રાત, સો સરદાર-સો વરસ-માણસના આવરદાનું પ્રમાણ એટલું છે માટે, ગઢ-શરીર. (૫-ખ) આખી જિંદગી માયા સતાવશે પણ તેના ફંદામાં ન પડતાં ઇશ્વરને ઓળખી મોક્ષ મેળવવાનો છે.]

૨. **પ્યાદલ** —फा० (पियादा.) પગે ચાલી લડનાર સિપાઇઓ. પાંચ પ્યાદલ-પાંચ જ્ઞાનેંદ્રીવડે જે કંઇ જાણવામાં આવે તે-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ—પંચવિષય.

કામ—सं. (कम् ચાહવું.) વિષયવાસના, ભોગેચ્છા. ૨. કોઇપણ દ્રઢઇચ્છા.
મોહ —सं. (मुह् ધા૦) ગુણ કર્મ વગેરેથી આસક્ત-આશક થૈરેવું તે.
માયા —सं. (मा અવળે રસ્તે જવું.) પ્રીતિ, સ્નેહ. વ્હાલ
મમતા—सं. (मम મારૂં.) મારૂં છે એમ માનવું તે, પ્યાર, વ્હાલ, વળગણ.
બળિષ્ટ —सं (बल જોર, बलिन् જોરાવર.) ઘણીજ જબરી.
બળિષ્ઠ સ્વારી—સ્વારી જેમાં અતિ બળિયા જોદ્ધાઓ છે. (લક્ષણા)

સ્વારી—फा. (सुवारी. सं. अश्ववार સવાર.) ચડાઇ.
આથડવું—(सं. आ ચોતરફ, तड् અફાળવું.) ઝૂઝવું, ઘુમવું, ટક્કર લેવી.

૩. **પ્રેમ**—सं. (प्री ખુશકરવું.) ઇશ્વરભાવ, ભક્તિ.
પલાણ —सं. (पल्ययन. फा. पालान.) આસન, જીન, ખોગીર.
શબ્દ—सं. = ઉપદેશ, બોધ.
શીલ—सं. (शील् ધ્યાન ધરવું.) સારી વૃત્તિ કે સ્વભાવ.
ક્ષમા —सं. (क्षम् માફકરવું.) કોઇએ અપરાધ કે અપમાન કર્યું તે સહનકરીજવું તે, ખામોશ; ધીરજ, શાંતિ.

ભજન—રામ=ઇશ્વરનાં ભજનરૂપી તોપના અવાજ સાથે. [રચના ધીટ છે]
નિર્ભે—सं. (निर्भय. भी બીવું.) નિડરપણું, ડર નહિ હોવો તે. [આ શબ્દ મૂળે વિશેષણ છે.]
ચડવુંછે = ચડાઇ કરવાની છે, સામે થવાનું છે.
અલં૦ ૩૫ક.

૪. **સુરત** = બ્રહ્મસાથે મનની લે-બ્રહ્મનીસાથે તાળી લાગવી તે. [બ્રહ્મસાથે મનને એકરૂપ કરાવનારી એક બ્રહ્મરંધ્રથી નિકળતી નાડી-કલ્પેલીછે.]
નુરત = બ્રહ્મસાથે લે લાગે તે વખતની સાક્ષીભૂત એક વૃત્તિ; એક જાતનું તેજ પ્રગટેછે. [સમાધિજ્ઞાનવાળાનેજ આનો અનુભવ થાયછે.]

ઇડા પિંગળા સુષુમણા—सं.—સરોદાની ત્રણ નાડી છે. [ડૂંટી-આગળથી ઉત્પન્ન થતો શ્વાસ નાકની વાટે બાર પડેછે, તે જો જમણા નસકોરાતરફથી વધારે જોરમાં નિકળતોહોય તો ઇડાનાડી

(પદ ૪-૪. પદ ૫-૧.)

ચાલતી કેવાયછે, ડાબાતરફથી વધારે જોરમાં ચાલતોહોય તો પિંગળા, અને બન્યો નસકોરામાંથી સરખી રીતે નિકળતોહોય તો સુષુમણા કેવાયછે. આ ત્રણ સરોદાની નાડી કેવાયછે. સરોદો-સ્વરોદય એટલે નાકનો શ્વાસ ડાબો જમણો સમાન રાખવાની સાધના છે. એથી યોગક્રિયા સાધ્ય થાયછે અને તેથી આખર મુક્તિ મળે.]

મનપવન—સં. (मन् ધારવું; पव् વાવું.) મન એજ કોઇ પવન. સમા૦ કર્મ૦; अलं० રૂપક.

ગગનમંડળ—સં. = આકાશનો વિસ્તાર. ૨. બ્રહ્મરંધ્ર-ખોપરીમાંનું પોલાણ.

સુધારસ—સં. (धे પીવું.) અમૃત.

ભડવું = લડવું, આથડવું. [સં. भट લડવૈયો.]

[ઇશ્વર એક રાજા છે તેણે મનહાકેમને શરીરરૂપી કિલ્લો સોંપેલોછે. હવે સંસારની વિવિધલાલચો અને જોસ્સાઓનું મોટું લશ્કર ચડેછે અને એ અમીરને જીતી કિલ્લો પોતાને હસ્તગત કરવા મથેછે, તેની સામે પેલા અમીરને ચેતવણીદાખલ આ પદ છે. ચોથી કડી યુદ્ધની સજાઇ છે? નાવાનું શું? ગગનમંડળ ચડવું તે શું? અને સુધારસ પીવાનું શું? કદાચ એમ હોય કે—યુદ્ધ ચડતાંપેલાં નાઇને શુદ્ધ થવું, પછે ચડાઇ કરવી, અને વીરરસ વ્યાપે તેનેસારુ નીશાની જરૂર છે. આખરનો ભાવ આ છે-સુરત ઇ૦ નાડીઓને સાધી મનને આકર્ષી આત્માને બ્રહ્મરંધ્ર ચડાવીને ત્યાં ચિદ્રૂપ-કેવળજ્ઞાનરૂપ બ્રહ્મના દર્શનરૂપી અમૃત પી, એટલે તું અમર-મુક્ત થશો. એમ કરવાથી ઇશ્વર જોગે તને દેહકિલ્લો સોંપેલો તે રાજી થશેજ.]

પદ ૫.

૧. **સાચા**—સં. (सत्य.) ખરા જ્ઞાની ને મનના નિખાલસ.

અગમની ખબર કરે = ઉપદેશ આપી બ્રહ્મજ્ઞાન કરે.

ભાવે ભેટું = ખરા મનથી મળી સમાગમ કરું.

ઉલટી—અવ્ય૦ = અવળી-નીચેથી ઊંચાણભાગપર વહીને.

વરસાય—(સં. वृष् ધા૦) વરસાદ પડે

આભ—સં. (अभ्र. अप् પાણી, भृ રાખવું.) વાદળાં.

ગેબી—અ. = ન દેખાય તેવી-છૂપી-ક્યાં કોણ કરેછે તે ન સમજાય એવી.

અમર ભરે = કદી મટે કે ઘટે નહિ એમ ભરે. (સં. मृ મરવું; भृ ભરવું.)

[બ્રહ્મજ્ઞાન કઇવાર વિરોધાભાસ અલંકારે વર્ણાયછે. એ વિષયજ એવો છે-બ્રહ્મ આવો એમ કેવાય નહિ. વેદે પણ નેતિ નેતિ—આવો નથી, આવો નથી-કહી ગાયોછે. અનુભવીને એ વિરોધ સ્થાનેજછે.]

(પદ ૫. ૨—૪.)

૨. **તેતરડે**—सं. (तित्तिर.) તિત્તિ તિત્તિ બોલતું એક પક્ષી, તીતર.

[ક, ડ, લ, વગેરે અક્ષર વાલ કોમળતા મધુરતા બતાવતાં વપરાયછે, તેમ કંઇવાર તુચ્છકારમાં વપરાયછે, કંઇવાર પ્રશંસાગર્ભિત નિંદા કરતાં.]

સિંચાણો—सं. (श्येन.) એક જાતનો શિકારી પક્ષી, બાજ.

શશ—सं. (शश् ઠેકતા ચાલવું.) સસલું ; લાંબા કાન ટૂંકી પુછડી ને નરમ વાળનું એક પશુ. [એ બીકણું ને કુદકા મારી દોડવામાં બહુ ચપળ હોયછે-એનો શિકાર કરવામાં આવેછે.]

ચિહુ = ચીસ, ભયનેલીધે કારમી ચીસ.

મંઝારી—सं. (मार्जारी. मृज સાફ કરવું.) બિલાડીને.

ચૂવે—सं. (चिक्. चिक् એક ધ્વનિ છે.) ઊંદરે.

રૈયતસું = રૈયતથી.

૩. **વાજિત્રી**—सं. (वादित्री-અથવા वादयितृ—वद् બોલવું-પ્રે૦ભેદે.) વજાડનાર.

દ્વા—सं. (द्वि.) બે.

તોલ— (सं. तुल् ધા૦) જેવડે કંઇ તોળાય તે, કાટલાં.

માન—सं. (मा માપવું.) તોલ, માપ ; વજન કે તોલ નક્કી કરવું તે.

પુષ્પ—सं. (पुष्प् ફૂલ આવવાં,અથવા-पुष् વધારવું-શોભા.) ફૂલ.

પર—फा. = પીછ, પીછું ; પાંખ.

ભ્રમર—सं. (भ्रम् ભટકવું.) ભમરો.

[(૨-ખ) તોલને બદલે તાલ હોય તો અર્થ ઠીક બેસે. તાલ=રાગ ગાવામાં સૂરની સરખી માત્રાને અંતરે સ્વરને જે જોર આપવામાં આવેછે તે-અવાજનું માપ; આદિતાલ, એક્કો, બિલંદી, સુરફાંગ, ત્રિતાલ, ચોતાલ વગેરે તાલનાં નામ પ્રસિદ્ધ છે. અને, માન=ગાયનમાં જે છેલ્લા તાલઉપર થાપ પડેછે અથવા ડોકું ધૂણેછે તે.] [માયારહિત આત્મા-બ્રહ્મ.

૪. **વિદેહુ**—सं. (वि વિના, દૂર; देह्—दिह् લેપવું.) દેહથી જૂદો આત્મા,

મરજીવા—(सं. मृ મરવું, जीव् જીવવું.) મારેમરૂ ; વિરલા ; જીવન્મુક્ત.

ગુરુગમ = ગુરુથકી મળેલું ચોકસ બ્રહ્મજ્ઞાન. [શ૨૬૦ ૪. લળેછે.]

લળીલળી—(सं. लल् ખેલવું.) ઉમળકાથી નીચાં વળીને. [જો૦ ૬૯૦

(૧) જીવતાંજ પોતાના જ્ઞાનવડે મુક્ત થયલા એવા વિરલા પુરુષો બ્રહ્મજ્ઞાનમાં અતિ આદરથી મગ્ન રેછે, અને તેઓજ ઉપર બતાવેલા ભેદ જાણીશકે. એવા કોઇ જ્ઞાની મળે તો ઇ૦.

પદ ૬. (૧--૩.)

૧. **મુનિજન**—સં. (मन् ધ્યાન ધરવું.) હંમેશ ધ્યાનમાં રેનાર ને જપતપ કરી ઈંદ્રિયો વશ કરેલી એવા જ્ઞાનીઓ પણ.

મહામસ્તાની = ઘણી મદમાતી, ઘણી જોરાવર, જીતવી કઠણ એવી.

બંધને બંધાયા—સં. (बंध् ધા૦) માયાજાળે ફસી સંસારના ફેરામાં પડ્યા.

રંક-જાયા—સં. (राज्ञी રાણી, जात-જાયો=છોકરો.) નાના મોટા બધાજ.

વિંધાણા—સં (विद्ध-व्यध् ધા૦નો ભૂ૦ કૃ૦) ભોંકાયા, ઘાયલ થયા, દિલમાં ભારે અસર થઇ-માયાની. [આ શબ્દ વાપરતી વખત કામનાં બાણનો વિચાર કવિને હશે.]

જંગમ—(જો૦ શામ૦ ૪૭.)

જતિ—સં. (य०यम् હદમાં રાખવું-ઈંદ્રીઓને.) જૈનમાર્ગનો શ્રાવક લોકનો ત્યાગી ધર્મોપદેશક-સાધુ.

સેવડો = એક જાતનો ગોસાંઇ. ૨. જૈનધરમનો એક સાધુ.

ચોળી કર્યા ચકચૂર = સપાટામાં લઇ મોહરૂપી મદિરાથી મસ્ત કીધા-વિષયરસે લેલૂટ-તનમનનું ભાન નહિ એવા બનાવીદીધા-માયાએ.

[સન્યાસીનેજ સ્વામી કેછે-એવડું બોલવાની એક રૂઢી છે.]

૨. **ખેપ કરીને** = આક્ષેપ-ખંત લેને, કેડો-પૂઠ પકડીને.

નાદી ભેદી—સં. (नाद અભિમાન-नद् ધા૦; भेद છૂપી વાત, મરમ, કુચી-भिद् ભાંગવું.) માયાનું સ્વરૂપ અને તેની સત્તા જાણવાવાળા અને તેથી મનમાં એવો ફાંકો રાખનારા કે અમને માયા શું કરનાર છે, એવા-પંડિત પુરાણી વગેરે. [એવા કંઇ જોગીસાધુના પંથ તો નથી?]

પરમહંસ—સં. (परम ઉત્તમ, हंस જોગી, મુનિ.) એક જાતનો સાધુ જેણે જ્ઞાનથી ઈંદ્રિયો વશ કરીહોય ને જે જ્ઞાતિભેદનો વિચાર ન રાખતાં હરકોઇ જ્ઞાતિનું રાંધેલું ખાય તે. સમા૦ કર્મ૦

વિવેકના સાગર—સં. (वि + विज् જૂદું જૂદું કરવું.) જ્ઞાન-સમજ-ડાપણના ભંડાર, ઘણાજ જ્ઞાની સમજનાર અને સારુંનરસું ઓળખનાર.

વિષય—સં. (विष् વ્યાપવું.) સંસારનો રસ-લેજત-મોહ.

૩. **પારાશર**—સં. (ष०) વશિષ્ઠના પુત્ર શક્તિ અને તેના પુત્ર પરાશર.

[એ શ્રીશૈલપર્વતઉપર રેતા ને એને પંદરહજાર શિષ્ય હતા. એણે એક મોટી સ્મૃતિ કરીછે. એ મોટા જ્યોતિષી પણ હતા. માછીની પાળેલી કન્યા મત્સ્યગંધાપર એકવાર એ મોહિત થયલા તેથી વ્યાસ થયા.]

(૫૬ ૬. ૩—).

શાભરી—એક ઋષિ હતા. [જમનાતટે એ હુંમેશ સ્નાનસંધ્યા કરતા ત્યાં જળમાં નાનાંમોટાં મચ્છના ખેલ જોઇ મગન થતાં. તેમાંના એક મોટા મચ્છપર એની મમતા ચોંટેલી, તેને એકવાર ગરુડે આવી ભક્ષ્યો તેથી ક્રોધે ભરાઇ એણે ગરુડને શાપ દીધેલો.]

પુરંદર—સં (पुर શેહેર, दॄ ફાડવું, ભાંગવું.) ઈંદ્ર. [એ દેવતાઓમાં મુખ્ય ને સ્વર્ગનો રાજા છે. યજ્ઞમાં ને કેટલાંક શ્રાદ્ધમાં એની આરાધના થાયછે ને બળિ અપાયછે. એ પરાક્રમી તેમજ વૈભવી ને વિલાસી છે. એણે કશ્યપની સ્ત્રી દિતિ અને પુલોમની કન્યાઉપર બળાત્કાર કરેલો. વળી જો० ગિર० અહલ્યા०.]

નારદ—સં.—બ્રહ્માના પુત્ર. [જમણા હાથના અંગુઠામાંથી ઉત્પન્ન થયલા. એ દેવર્ષિમાં મુખ્ય છે. એણે ધર્મશાસ્ત્રઉપર એક (સ્મૃતિ), તીર્થસ્થળ-ઉપર એક અને ગાયનઉપર એક એમ ગ્રંથો કર્યાછે. એ બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરવામાં સમર્થ વક્તા છે, તેમ ગાયનમાં પણ એક્કા કેવાયછે. એ ત્રિલોકમાં સદૈવ અહિંતહિં ફરયાકરેછે અને પોતાના ધ્યાન તથા ગાયનના આનંદમાં મગ્ન રેછે. એ ભગવાનનું મન છે ને તેને ઘણા વાલા છે. એ બ્રહ્મચારીછતાં કૃષ્ણનો વૈભવ જોઇ એકવાર એને સંસારની ઇચ્છા થયલી પણ પછી કૃષ્ણે એના મનનું સમાધાન કરેલું.]

ચંદરમા—સં. '(चंद्रमस्—मा.) ચંદ્ર. [અત્રિરુષિની આંખમાંથી તેજનો ઝળકારો નિકળ્યો તેથી અવકાશને ગર્ભ રહ્યો ને ચંદ્ર ઉત્પન્ન થયો. ઇતર મતે સૂર્યના સુષુમણા નામના કિરણથી ચંદ્ર થયોછે. એણે રાજસુયજ્ઞ કર્યોહતો તે વેળા એણે પોતાના ગોર બૃહસ્પતિની સ્ત્રી તારાને છળથી છિનવીલીધીહતી. દક્ષપ્રજાપતિને સાઠ દિકરી તેમાં સત્તાવીશ તેણે ચંદ્રને પરણાવી-(સત્તાવીશ નક્ષત્રો.) રોહિણી ચંદ્રને ઘણી વાલી તેથી તેની બેનોએ દક્ષઆગળ રાવ કરી ને એણે ચંદ્રને ક્ષયરોગ થશે એવો શાપ દીધો, પણ પછી ચંદ્રના કાલાવાલાથી તેણે કહ્યુ કે ૧૫ દિવસ તારી કળા વધશે ને ૧૫ દિવસ ઘટતીજશે. કેટલીક ઔષધિને ચંદ્રની સ્ત્રી કેછે ને તેમાં સોમવલ્લી ચંદ્રની માનીતી છે.]

લક્ષણવંતા—સં. (लक्ष् જોવું-તાકીને.) સારી નીતિવાળા ને સારાં [આચરણવાળા.

એકલશૃંગી—સં. (एकशृंगी—અથવા માત્ર શૃंगी. शृंग શિંગડું-એને કપાળે એક શિંગડું હતું.) ભિંડીરુષિના પુત્ર. [એનો જન્મ હરણીથી થયોહતો. એ ઘણા વિદ્વાન ને જ્ઞાની હતા. એણે પરીક્ષિત રાજાને સાત દિવસમાં મરણ પામવાનો શાપ દીધોહતો. (જો० પરિક્ષત, પ્રેમા० અ०૨૦. ૧૫). દશરથરાજાને કંઇ સંતાન નહિ તેથી ઈંદ્રે એકવાર એ રાજાને કહ્યુ કે એક-શૃંગી રુષિ જો જાગ કરાવે તો તને સંતાન થાય. પણ તે માયામાં પડે

(પદ ૬. ૩—૪. પદ ૭. ૧—)

એવા નથી માટે હું અત્રેથી મેનકા તિલોત્તમાદિ અપ્સરાઓને મોકલું તેઓ તેને છળભેદથી લઇ આવશે. એમ કહી ઇંદ્રે અપ્સરાઓ મોકલી તે તેને મોહ પમાડી દશરથરાજા પાસે લાવી ને તેણે રાજાને યાગ કરાવ્યો. યાગ પૂરો થયાપછી દશરથે તેને સ્ત્રી પરણાવી અયોધ્યામાંજ રાખ્યા.]

(૩–ખ) ઓળમાં અટવાયા-મોટા જ્ઞાનીઓ છતાં માતાને પેટે જનમ લેતા થયા, માયામાં પડી જનમ મરણના ફેરામાં આવીપડ્યા. (લક્ષણા). ઓળ-ઓર=ગર્ભને પોષણ કરનારો તેની એક બાજુએ રહેલો લોહી વગેરેનો જે ગઠ્ઠો ગર્ભ બાર નિકળ્યાપછી નકામો થઇપડેથી બાર આવેછે તે.

૪. **વશમાં**—સં. (वश—અવ્ય.) તાબે; જીતેલું હોય તેવું; મોહિત.

ચૌદ લોક—(જો૦ અખો-૯૨.)

સનક—સં. [સનક, સનત્કુમાર, સનંદ, સનાતન—આ ચારને બ્રહ્માએ સૃષ્ટિ વધારવાને સારૂ ઉત્પન્ન કરીને તેઓને વર માગવાનું કહ્યું. તેઓએ કહ્યું કે, પાંચ વરસલગી માણસને કામક્રોધાદિક હોતા નથી માટે સદા પાંચ વરસનાજ રહિયે એવો વર આપો. બ્રહ્માએ એ ચારોને માગ્યાપ્રમાણે વર આપ્યો. એકવાર એ ચારે વિષ્ણુને મંદિરે ગયા ત્યાં એઓને જયવિજયનામના પોળિયાઓએ અટકાવ્યા તેથી એ ૠષિઓએ તેમને પૃથ્વી પર પડવાનો શાપ દીધો હતો. એ ચાર મહાજ્ઞાની હતા.]

કોણ માનવકાયા = માણસ જાત શી ગણતીમાં, સાધારણ માણસો મોહ પામે તેમાં શી નવાઇ. અલં૦ પૃચ્છા.

પદ ૭.

(સરખાવો આ પદને પદ ૪ જોડે. એમાં શરીરને એક શેહેર લઇ જીવને તેનો અધિકારી બનાવી રૂપકે વર્ણન કરેલુંછે.)

૧. **થાણદાર**—(સં. स्थान—स्था રેવું; ફા. दार—વાળો.) કોઇએક જગાનો-દેહરૂપી શેહેરનો અધિકારી. [પ્ર૮. હળવા.]

ઠેકાણે—સં. (स्थानक.) વશમાં, ચોકસીમાં. [વર્ણવ્યત્યય થયોછે, જો૦ શામ૦

દુર્લભ—સં. (दु: દુઃખે, लभ् મેળવવું.) દુઃખે મળે તેવી, મોંઘી.

માણે = મોજ મારેછે, સુખચેનમાં વિલાસ કરેછે-તું, હે જીવ.

કુડા—સં. (कूट.) કપટી, દગલબાજ, નઠારા લુચ્ચા.

પાંચપચીશ ઠગારા—સં. (स्थग—स्थग् છુપાવવું.) કેટલાએક ધૂતારાઓ—કામ ક્રોધ લોભાદિક છ શત્રુઓ અને બીજા ઘણા.

ચંચળ ચોર—સં. (चल् જવું, હાલવું; चुर् ધા૦) ચપળ-એકપળ સ્થિર નહિ એવી આપણી મરજીઉપરાંત ગમેત્યાં ભટકનારી વૃત્તિ-મન.

(પદ ૭. ૧—૪.)

ભવન ભંજાડે = નીતિ દયા દાન વગેરે સારૂં વળણુ થાય તેને તોડીપાડે.

ધરપત = ધાસ્તી, ડર. ૨. દાબ, કુરબ. [મૂળ અર્થ ખોટી ધાસ્તી–ધામધૂમ.] ધરપત ન ધારે = તારો કંઇજ ડર રાખતા નથી, નિડરપણે પોતાનું ધાર્યું કરયાજાયછે. અથવા = ૨. તું તેઓના ઉપર કંઇ કુરબ બેસાડતો નથી.

(૧ ખ) પાંચ જ્ઞાનેંદ્રી પાંચ કર્મેંદ્રી અને એવિના બીજી મનની શુભવૃત્તિઓને ફસાવી અવળે રસ્તે ચડાવેછે. જ્ઞાનેંદ્રી કર્મેંદ્રી–જો૦ શામ૦ ૫૧, ઈંદ્રિયો. (૩–ખ) તું આટલી મુદ્દત થયાં વૈભવમાં મચ્યોરેછે તોપણ તને સંતોષ થતો નથી, અને એમ નથી થતું કે હવે મારૂં રાજ સમાલું.

૨. **તસ્કર**—सं. = ચોર લુચ્ચાઓને.

ઘાલો અવળે ઘાણે = અવળી ઘાણીએ પિલાવીનાંખો, એનું જડમૂળ કાડો. (ઘાણી. सं. घूर्णनी. घूर्ण् चक्रजेवुं ફરવું–લાટ ફરેછે માટે.)

૩. **દોતિયા**—(દોત–अ. दवात ખડિયો.) નામું–હિસાબ લખનાર, મેળ રાખનાર, મેતા. [મેતાદોતિયા સાથે બોલાયછે.] દોતિયા બે–સાક્ષીભૂત આત્મા–અંતઃકરણ, અને શુદ્ધ ધરમનો ભાવ.

પ્રતિદિન—અવ્ય૦ सं. = રોજરોજ, હંમેશ. સમા૦ અવ્ય૦.

તે ટાણે = તેનુંતેજ વખત, તરતજ.

ધણી—सं. (धनिक ૧ર, માલીક.) શેઠ, ઉપરી–ઇશ્વર.

દાણેદાણે–દાણો—અવ્ય૦ = લગારેલગારનો, તમામ. (फा. दाना. सं. धान्य–અનાજનો કણ.)

૪. **પાંચ પ્રકૃતિ**—सं. = જ્ઞાનેંદ્રી ને પાંચ કર્મેંદ્રી મનના ભમાવ્યાથી વંઠીગયલી. [જો૦ ૧–૩માં રૈયતને રંજાડે. प्रकृति નો એક અર્થ રૈયત પણ છે, એટલે એ શબ્દપર શ્લેષ pun કહિયે તો ચાલે.]

શુધ—અવ્ય૦ सं. (शुभ् શોભવું.) સારી રીતે, મજબૂતીથી, મક્કમ.

ધિંગો = જબરદસ્ત, સમર્થ, સત્તા–ઐશ્વર્યથી ભરેલો.

એધાણે = નિશાની, ઓળખ. ૨. દાખલો, દૃષ્ટાંત.

અવિચળ—सं. (चल् ચળવું.) કદી ટળે કે ફરે નહિ એવી. સમા૦ નપ૦

(૧ ખ) તારું મન ચળવા ન દેતાં–સંસારી વિષયતરફ નહિ જવાદેતાં તેને ઠેકાણે રાખ; અથવા, થાણું–દેહરૂપી શહેર તારે હવાલે છે તેની સારી વ્યવસ્થા કરવાતરફ મન લગાવ. (૩) પોતાસરખો કરી અંતે મોક્ષ આપે એટલેફરી સંસારમાં ભટકવું નહિ પડે.

अखो.

(છપ્પા ૧—૨.)

૧. સુતર—સં. (सु સેલથી, तॄ ઓળંગવું.) સુગમ, સરળ, સેલું, અનુકૂળ, ફાવતું.

લહે—સં. (लक्ष् તાકવું.) સમજ, ઓળખ. [लक्षय—લખય—લહઇ—લહે.]

વેશટેક—(વેશ. સં. विश् પેસવું, દાખલ થવું.) કોઇ પંથનો નીમ કે મમત. વેશ = પોશાક, સોંગ, ભેખ; ટેક = પણ, નીમ, મમત.

આડી—સં. (अट् ભટકવું-પ્રે૦ ભેદે.) વાંકી, ઉલટે રસ્તે ચડાવનાર.

કૃત—સં. (कृ કરવું-નો ભૂ૦ કૃ૦, અથવા कृत्य—વિધિલિંગરૂપ.) કર્મ, કામ—અમુક પંથના મમતથી કરેલું.

કખાય—સં. (कषाय. कष् કસોટીપર ઘસવું.) લેપ, પડ. [ખબરદાર.

રખે—(સં. रक्ष् ધા૦-નું આજ્ઞાર્થક रक्षय. જો૦ ૧ માં लक्षय.) બચાવ; સમાલ, તારી સ્થિતિપ્રકૃતિને અનુકૂળ આવે તેમ રહી કોઇપણ રીતે ઇશ્વરનું ખરું સ્વરૂપ જાણ, કોઇ અમુક પંથનું મમત ન ધર; એવું મમત તો ઇશ્વરનું ખરું સ્વરૂપ જાણવાને સરળ રસ્તેથી ફંટાતી ઉલટે માર્ગે ચડાવનાર ગલી છે. એમાં પેઠેલો ફરી ખરે રસ્તે આવતો નથી-એવા પંથ કે ભેખની ખટપટમાં પડ્યો એટલે બ્રહ્મજ્ઞાન થવું મુશ્કેલ. તારા સહજ સ્વભાવથી જે નીમ પળાય તે પાળ, પાળવાને મમત કે હઠ ન કર-નિવૃત્તિમાર્ગે રહે; પ્રવૃત્તિની બુદ્ધિએ કર્મ કરશે તે તને લેપન થઇ તારાં મૂળસ્વરૂપપર અજ્ઞાનનાં પડ ચડ્યાકરશે, અને જેટલાં પડ ચડશે તેટલી વાર તારું મૂળસ્વરૂપ પાછું જાણતાં થશે. અલં૦ ૨—૩. રૂપક.

૨. પોત = વણતર, કુમાસ; મૂળજાત.

સામું—સં. (संमुख.) ઉલટું, વધારે.

આપે = જાતે.

આત્મા—સં. (अत् જવું-હંમેશ વધતાં.) શરીરમાં રહેલું સમજતું ચેતન. દેહમાત્રમાં દેહથકી જૂદો રેતો છતે પણ દેહાભિમાની અને બ્રહ્મના અંશરૂપે છઉં એમ જાણનાર જે અમર હું તે. [The immortal ego.]

સ્વયંપ્રકાશ—સં. (स्वयं. પોતે, प्र + काश् ઝળકી રેવું.) કોઇની સહાયતાવિના પોતાનીમેળે તેજસ્વી. સમા૦ કર્મ૦

કર્મ—સં. (कृ ધા૦) સ્નાન સંધ્યા પૂજા ઇ૦ ધર્મસંબંધીનાં કામ.

(છપ્પા ૨—૩.)

ધર્મ—(સં. ધૃ ધારણકરવું.) ઇશ્વરને ઓળખવાને જે માર્ગ તેના જૂદાજૂદા સંપ્રદાય, પંથ.

પાશ—સં. (પશ્ બાંધવું.) જાળ, બંધન; ગોથાં ખવાડનારી ખટપટ.

કળા—સં. (कल् ગણવું.) જુક્તિ, કોટી, કૂંચી, હિકમત.

બલા—अ. = પીડા, આફત, ઉપાધિ.

કપડાંપર રંગ ચડે તેકરતાં તે એમનુંએમ રહે તો તેનો ખરો કુમાસ સેલથી પરખાય, તેમ આત્મા જૂદા જૂદા પંથમાં પડી મમત ધરે તેકરતાં પોતાને મૂળસ્વભાવે રહે તો તેને પાછો ઇશ્વર થતાં સુગમ પડે. આત્મા પોતેજ પોતાનાં તેજ-જ્ઞાનથી પ્રકાશિત છે, એને મુક્ત થવાને કર્મધર્મની ખટપટમાં પડવાની જરૂર નથી માટે તે તજો. સદ્ગુરુએ બતાવેલી આ કૂંચી છે મોક્ષમાર્ગની. એ સમજે તો મુક્ત થાય, નહિ તો ઉલટો પીડામાં પડે.

અલં૦ દૃષ્ટાંતરૂપક. રંગ તે જૂદાજૂદા ભેખ, મેલ તે માયા, પોત તે આત્માનું મૂળસ્વરૂપ.

૩. **ખટદર્શન**—સં. (षट्—इ૦. दृश् જોવું.) મુખ્ય જે છ શાસ્ત્ર તે. સમા૦ દ્વિગુ. [ગૌતમકૃત ન્યાય. એમાં કાર્યરૂપ જગતઉપરથી કારણરૂપ ઇશ્વરનો શોધ છે. ૨. કણાદકૃત ન્યાય-વૈશેષિક. એમાં પંચમહાભૂત-તત્ત્વો ઇ૦ કહેલું અમસ્તું છે, પરમાણુવિના બીજું કંઇ નથી-અતિસૂક્ષ્મ તેજ ઇશ્વર, તેજ નિત્ય વ્યાપક છે. ૩. કપિલકૃત સાંખ્ય. એમાં અનેક તત્ત્વોની સંખ્યા કરીને તેઓ પ્રકૃતિથકી ઉત્પન્ન થાયછે-તે તત્ત્વો તથા તે પ્રકૃતિ આત્માથકી ભિન્નછે અને જેવો આત્મા નિત્ય તેવીજ પ્રકૃતિ નિત્ય; સારાંશ પ્રકૃતિપુરુષ અનાદિ છે-જેવારથી પુરુષ તેવારથી તેની છાયા પ્રકૃતિ. એઓથી જગતમાં ઉત્પત્તિ-સ્થિતિલયાદિ થાયછે, માટે વળી ઇશ્વરની અવશ્યક્તા શુંકરવા? ૪. પતંજલિકૃત યોગ. એમાં સર્વશક્તિમાન સર્વજ્ઞ જે ઇશ્વર તેનીજોડે યોગ એટલે એકપણું કરવું. ઉપાસના યોગાદિક સાધને કરીને જીવનું એકપણું થયું એટલે જીવનો શિવ થાયછે. એ મતમાં સાંખ્યનો અનીશ્વરવાદ ખંડીને ઇશ્વરવાદ સિદ્ધ કર્યોછે. ૫. જૈમિનિકૃત પૂર્વમીમાંસા. એમાં વેદના આધારથી કર્મજ સત્ય છે. ૬. વેદવ્યાસકૃત ઉત્તરમીમાંસા અથવા વેદાંતશાસ્ત્ર. એમાં

જુજવા = જૂદાજૂદા [એકબ્રહ્મ સત્ય છે ને જગત્ મિથ્યા છે.

મતા—સં. (मत—मन् ધારવું-નો ભૂ૦ કૃ૦) મત, સિદ્ધાંત; ધારણા, વિચાર.

ખતા = अ. = ચૂક, ભૂલ, ઠોકર. [કરીઆપેલું.

થાપ્યું—સં. (स्थापित—स्था ઊભારેવું-નો પ્રે૦ ભે૦-ભૂ૦ કૃ૦.) સાબીત-ખરું

હણે—(સં. हन् નાશ કરવો.) તોડે, ખંડે, ખોટું કરીબતાવે.

અધિકો—સં. = વધારે, ચડિયાતો, ખરો. (૩) અલં૦ રૂપક.

(છપ્પા ૪—૫.)

૪. **કાયકલેશે**—सं. (०क्लेश. क બ્રહ્મા, अय् નિકળવું; कै શબ્દ કરવો? क्लिश् પીડવું.) જપતપાદિ કરી મિથ્યા દેહ દમ્યાથી.

ગાભ—सं (गर्भ.) દાડા, હમેલ. ૨. ઉપાધિ, પીડા, નડતર.

હુંમાનિનતા—(सं. अहम् હું-ઉપરથી.) અહંકાર, ઇશ્વરથકી હું જૂદો ને હુંજ સઘળું કરૂંછું એવી સમજ.

સંતાન—सं. (तन् ફેલાવવું.) વિસ્તાર, છોકરાંછૈયાં, કુટુંબકબીલો.

આતમતા—सं. (आत्म०) મૂળસ્વરૂપનું જ્ઞાન.

જાન—फा. (जआन, जियान.) નુકશાન, હાનિ, નાશ.

હું—सं. (જો૦ હુંમાનિનતા.)

ગાળ—सं. (गालि.) રીસ ચડે એવું ભૂંડું ભાષણ; અપવાદ, ઠપકો.

ઇશ્વરને ઓળખી કંઇ કર્મ કીધાનના બેસી રહે તો મુક્તથવાય, જપતપાદિની માથાકૂટમાં પડ્યો કે તારું મન ડોળાઇ તેમાંથી અહંકારઉપજશે, અને અહંકાર ઉપજ્યો કે તેનો પરિવાર ચાલવાનો અને તેથી તારાં મૂળસ્વરૂપનું-હું બ્રહ્મ છું એ જ્ઞાન નાશ પામશે; માટે હું બ્રહ્મ છું એવું જાણી અહંકાર એટલે ઇશ્વરથી હું જૂદો એવી સમજણ દૂર કર, એટલે કંઇ જનમથી તારે શિર આવેલો અપવાદ દૂર થશે-કંઇ કાળથી જનમમરણનાં ચક્રમાં અટવાયાકરતો રહે ને મુક્ત થાય.

(૨) અલં૦ રૂપક.

૫. **માયા**—सं. (मा ભમાવવું) ખોટો ભાસ, મિથ્યાપણું.

માને—(सं. मन् ધારવું; માનઆપવું.) માનવાથી, ખરૂં છે એમ ધારવાથી.

લાગ—(सं. लग् જોડાવું.) ધારયું થાય એવી જોગવાઇ, દાવ, તક.

કેવળ—सं. (कैवल्य-केवल.) બ્રહ્મસ્વરૂપ; ઇશ્વર એકજ છે એવું જ્ઞાન.

કલ્પિત—सं. (क्लृप् ધારવું-નો ભૂ૦કૃ૦.) નહિ છતે છે એમ માનેલો, ખોટો.

ભ્રમ—सं. (भ्रम् ભટકવું.) ખોટો તર્ક, વ્હેમ.

સાધ્ય—(सं. साध् મેળવવું.) વશ કર, ખરેખરો ઓળખ.

ઔષધવોણી-सं. (औषधि, विना.) ઓસડ–દવાવિના.

વ્યાધ્ય—સ્ત્રી૦ सं. पु० (व्याधि. वि વિશેષ, आधि.મનનું દુઃખ.) રોગ.

મૂળ માયામાંથી હુંપદ ઊભુંથાય-હું બ્રહ્મથી ન્યારો એમ લાગે, અને એકવાર એમ માન્યું એટલે પછી માયાનું ચડીવાગ્યું; સર્વ બ્રહ્મ છે એવા નિશ્ચયપરથી ડગી કંઇ બીજાું છે એવો ખોટો તર્ક મને ચલાવ્યો કે પછી તે નિકળનાર નથી, માટે તારા આત્માને ખરેખરો ઓળખ-આત્મા એજ

(છપ્પા ૫--૯.]

બ્રહ્મ એવો નિશ્ચય રાખ એટલે કંઇ ક્રિયા કીધાશિવાય આપોઆપ બધી ઉપાધિઓ ટળી તું મુક્ત થયો. (૩) અલં૦ રૂપક.

૬. **અછતો**—સં. (असत्. सत्—अस् હોવું-નો વર્ત૦ કૃ૦.) ઉઘડો નહિ, નહિ-સરખો. समा० ન૫૦

પ્રભામાંહેથી—સં. (૦મધ્યત: ભા ધા૦) પ્રકાશ-તેજમાં થઇને, તેજરૂપ [થઇને.

પોતાપણું=હુંપદ.

અનાયાસ—સં. (अन् નહિ, आयास શ્રમ. यस યત્નકરવું.) વગરમેનતે, સેલથી, એનીમેળે. समा० ન૫૦; અવ્ય૦

વિધે—સં. (विधि. वि + धा આજ્ઞા કરવી.) રીતે, પ્રમાણે.

(૩) જ્યાં જોઇએ ત્યાં આકાશ ભરપૂર રહેલુંછે, એ રીતે તું બ્રહ્મનું સમજી-લે-સર્વત્ર બ્રહ્મ વ્યાપીરહેલોછે, હું તું એવી ભિન્નતા છેજ નહિ.

અલં૦ દૃષ્ટાંતરૂપક. [પોકળી, પોલાણ.

૭. **આકાશ**—સં. (आ સઘળે, काश् જણાવું.) જ્યાં કંઇજ નહિ એવી જગા,

સ્વામી—સં. (स्व પોતાનું.) ધણી, શેઠ. ઉપરી.

સેવક—સં. (सेव् ધા૦) નોકર, ચાકર.

સખા—સં. (सखि—सखा.) મિત્ર, દોસ્ત.

અલં૦ દૃષ્ટાંતરૂપક ચાલી આખર ઉપમા.

૮. **કશું**=શું, સાનું-નહિજ.

પંચ—સં.=પાંચતત્ત્વો-આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી. ૨. કોઇ તકરારનો નિવેડો આણનાર પાંચ કે વધારે શખ્સની મંડળી અથવા [એમાંનો એક.

વણરસના—સં. (रस् સ્વાદલેવો.) જીભવગર.

અચવ્યો—સં. (अचर्वित. चर्व् ચાવવું-નો ભૂ૦ કૃ૦) નહિ ચાખેલો એવો.

રસ—સં. (रस् સ્વાદલેવો.) સ્વાદ. [समा० ન૫૦

એક હોય તેપરથી બીજું નિકળીશકે-એકજ નહિ તો બીજું ક્યાંથી? તેમ બ્રહ્મ કંઇ ઇંદ્રીગ્રાહ્ય વસ્તુજ નથી તો તેમાં જગતનો આરોપ કેમજ થાય? કોઇ સ્થાન જાણમાંજ ન હોય તો ક્યાં મુકામ કરવો? તેમ બ્રહ્મ જે મન-થકી પર-વેગળો છે એટલે ધારણામાં આવીશકે એવી વસ્તુ નથી તો તેને કેવો કહેવો? જે તકરારી વાતમાં પંચ નિમાયા નથી તેના નિવેડાને માટે કોની શાહેદી આપવી? તેમ જ્યાં પાંચ તત્ત્વો એજ વાસ્તવિક છે નહિ તો કોની મદદથી બ્રહ્મની ઓળખ આપીશકાય? જીભવગર કંઇ નવાજ સ્વાદવાળો પદાર્થ પેલી વારજ ખાઇ તેનો સ્વાદ પોતે જાણી બીજાને કહેવાસરખું બ્રહ્મજ્ઞાન છે—કેવાયજ નહિ કે તે આવો છે; અને એવો છે

(છપ્પા ૯--૧૨.)

ત્યારે તેનાં સ્વરૂપની સિદ્ધતાવિષે વાદવિવાદ મિથ્યા છે; એમ કરવું તે તો જેને આપણે જોયોજ નથી એવા કોઇ વડીલને સંભારીને રડવાસરખું ઘેલાપણું છે.

અલં૦ દ્દષ્ટાંતરૂપક.

૯. **હુશેકરી** = હોંસથી, ઉમંગથી, કોડમાં.

પાણ—सं. (पाषाण–पष अटकावलुं.) પત્થર.

હવું = થયું.

પ્રસૂત—सं. (प्र+सू જણવું-નો ભૂ૦ કૃ૦) બાળક, છોકરું.

વળતી--(सं. वल् વળવું, પાછા ફરવું.) પછી, ત્યારપછી.

અદ્દભુત—सं. (अद्०. भू થવું.) ઝાઝી વધારે.

ભારે—सं. (भृ ભરવું.) ભાર–બોજાનેલીધે. ૨. દબાયલો. (શ્લેષ.)

મુળગેથી—અવ્ય૦ (सं. मूल મૂળ-જડ, मूल् ટટાર ઊભારેવું.) સમૂળો, છેકજ, તદ્દન.

કોડમાં ગુરુ થૈબેઠો પણ નથી જાણતો કે શિષ્ય એ નકામો બોજો છે, કોટે પત્થર બાંધી પાણીમાં તરવું અને શિષ્યની ખટપટમાં પડી સંસારસાગરને પાર જવું એ બરાબર; કદાસ તરીશકે, પોતે જબર તારો-પૂર્ણજ્ઞાની થયલો-હોય તો; પણ પોતે અધૂરો અને શિષ્ય કરીને બેઠો એટલે સંપૂર્ણતાને કેમ પામે? બેરીને નાની વયમાં છોકરું થયું એટલે પછી તે ઝાઝી વધીશકે નહિ. એ ઉપાધિનું પરિણામ એ કે પોતેજ મુક્ત થતો અટકે.

અલં૦ દ્દષ્ટાંતરૂપક. (૧) પૃચ્છા.

૧૦. **લેશ**—सं. (लिश् ઘટવું.) લગારે, કંઇપણ.

(૨) ગુરુપાસેજ જ્ઞાન નહિ તો શિષ્યને તે શું જ્ઞાન આપે? [સાપ વાયુ ભક્ષી રેછે એવું મત.]

અલં૦ (૨) દ્દષ્ટાંતરૂપક. (૩) પૃચ્છા.

૧૧. **ડીલ**—फा. (दिल મન.) શરીરે.

ખ્યારી મેંસ—(सं. मसी = કાજળ.) પ્રથમ વાલી લાગી આખરે કલંક આણે એવી વસ્તુ.

માહીથું = માંહેથી, અંદરથી.

તરુવર—(જો૦ શામ૦ ૪૫.)

(૧-ખ) નકામી ઉપાધિ-પીડા કાં વોરીલેછે ગુરુ થવાની ખટપટમાં પડીને? (૨) તુંબડું અંદરથી સૂકાય તોજ તે પાણીમાં પોતે તરી બીજાને તારે, તેમ જેની વાસના-ઇચ્છા જ્ઞાનવડે બળીગયલીહોય તેજ પોતે મુક્ત થઇ બીજાને મોક્ષ આપીશકે.

અલં૦ દ્દષ્ટાંતરૂપક.

૧૨. **પેલો**—અવ્ય૦ = પેલાં તો, પ્રથમ તો. [તત્ત્વજ્ઞાન. સમા૦ કર્મ૦.

પરમારથ—सं. (०मार्थ. परम श्रेष्ठ, अर्थ હેતુ, ધારણા.) મોક્ષનું સાધન,

(છપ્પા ૧૨ -૧૪.)

પ્રીછ—(सं. परि+चि धा०) અનુભવ, સમજ, જાણ.
નિર્ગમે—(सं. निर् ।२, गम જવું-પ્રે० ભેદે ગમય.) કાડે, મટાડે, ટાળે.
ભોજન—सं. (भुज् धा०) ભક્ષણ, ખાવું તે.
બહોળું—सं. (बहुल.) ઘણું.
નિરાશે—सं. (०शा. निर् નહિ, आशा—आ ચોતરફ, अश પસરવું.) સંસાર-ઉપરની આસક્તિ તોડવી તે, વાસના મરવી તે, કંઇપણ ફળની ઇચ્છા-વગર કર્મ કરવાની મનની સ્થિતિ. समा० नप०.
નારાણ—सं. (नारायण. नर ઇશ્વરનું તેજ; नारा જળપ્રલય વખતનું પાણી, अयन ફરનાર.) સગુણ બ્રહ્મ—આદિદેવ જેના ત્રણ ગુણ બ્રહ્મા વિષ્ણુ ને શિવ એ ત્રણ દેવસ્વરૂપે પ્રસિદ્ધ છે. [સૃષ્ટિ જળમય થૈરહેછે ત્યારે નારાયણ શેષનાગઉપર શયન કરેછે ને લક્ષ્મી પગ ચાંપેછે. જગત ઉત્પન્ન કરવાની એની ઇચ્છા થાય ત્યારે એના નાભિકમળમાંથી બ્રહ્મા નિકળેછે. પૃથ્વીપર અધર્મ વધેછે ત્યારે દેવતાઓ ક્ષીરસમુદ્રને તીરે ઊભારહી એની સ્તુતિ કરેછે એટલે આકાશવાણીથી તેઓને ઉત્તર મળેછે.]

(૨-૩) પારો પેલાં જાતે મરે ત્યારે તે રોગ ટાળીશકે અને ત્યારપછી પેલો દરદી પુષ્કળ ખાઇશકે, એમ તારી વાસના મટે ને તું મુક્ત થાય તોજ તું બીજાની વાસના ટાળી તેને મુક્ત કરીશકે. અલં० દૃષ્ટાંતરૂપક, અને—ઉપમા.

૧૩. **કણકા**—सं. (कणिका. कण् સંકોચાવું.) પરમાણુ, રજ, છેક નાની કરચ.
રિદ્ધિ—सं. (ऋद्धि. ऋध વધવું.) પૈસોટકો.
નિધ્યે—सं. (निधि. नि+धा મૂકવું.) ભંડાર, ખજાનો.

સૃષ્ટિનો નિયમ છે કે નાનાં નાનાં પરમાણુ પડ્યાંહોય તે મળી એક મોટો પદાર્થ થાય અને મોટો પદાર્થ હોય તે ભાંગીજઇ પરમાણુરૂપે થઇજાય. મોટાપર ઝપાટા પડવાનો સંભવ વધારે, માટે તું નાહો છે એવું મનમાં જાણ, મોટપ તાણીલીધે ઉપાધિ ઘણી નડશે; હું જ્ઞાની હું ગુરુ હું બ્રહ્મ એમ અહંભાવ ધરવાથી કંઇ વિશેષ લાભ નથી; સૃષ્ટિમાં સઘળીજ વસ્તુ બ્રહ્મમાં બ્રહ્મ છે, બ્રહ્મ કંઇ અમુક વસ્તુ નથી, જેમ પૈસોટકો ઘણો એકત્ર હોય એનું નામજ ભંડાર. અલં० દૃષ્ટાંતરૂપક.

૧૪. **પસાર્યું**—सं. (प्रसारित. प्र+सृ પ્રે० ભેદે० ભૂ० કૃ०) ફેલાવ્યું, વિસ્તાર્યું, બધે પાથર્યું.
રચના—सं. (रच धा०) નિયમસર ગોઠવણી.
ચૈતન બ્રહ્મ—सं. (०तन्य. चित् વિચારવું; बृह् પસારવું.) જ્ઞાનમય અવિ-નાશી પરમાત્મા. समा० कर्म० [બ્રહ્મ બે છે—જડ અને ચૈતન્ય.]
શિલા—सं. =પથ્થર.

(છપ્પા ૧૪--૧૭.)

ચિત્ર—सं. (चित्र् धा०) છબી, તસ્વીર. [આવેછે તે.
પિત્ર—सं. (पितृ. पा પોષવું.) વડીલો મરીગયલા જેનું શ્રાદ્ધ કરવામાં
માયાભેદ—सं. (मी ભમાવવું ; भिद् ભાંગવું, જૂદું કરવું.) માયાના ખેલ.
ઉચ્છેદ—सं. (उत પૂરું-છેક, छिद् કાપવું.) સમૂળો નાશ.

સૃષ્ટિની પૂર્વે પૂર્ણબ્રહ્મ એક જાતે તેજોજ્ઞાનમય વ્યાપીરહેલો હોયછે. પછી જેમ કોઇ વણકર દોરાને તાણાવાણારૂપે ગોઠવી મોટું વસ્ત્ર બનાવેછે તેમ તેણે પોતાનાં પોત એટલે મૂળ એકરૂપની રચના કરીને સૃષ્ટિનો વિસ્તાર કીધો. જડબ્રહ્મથી ન્યારો જે ચૈતન્યબ્રહ્મ તે તો પત્થરમાં કોતરીકાડેલાં ચિત્રની માફક નિત્ય છે-નાશવંત નથી. પ્રાણી-માણસ પશુ પક્ષી, દેવ દૈત્ય પિતર-એ જડબ્રહ્મ સઘળા થઇ પાછા મટીજાયછે એ માયાનો ખેલ છે, ચૈતન્યબ્રહ્મનો સમૂળો નાશ છેજ નહિ.

૧૫. કવવું—(सं. कु બોલવું.) કવિતામાં વર્ણન કરવું, રચવું, બનાવવું, જોડવું.
અદ્યાપિ—અવ્ય૦-सं. (अद्य+अपि.) આજેપણ, હાલમાં પણ.
પ્રત્યક્ષ—सं. (प्रति પાસે, आक्षि આંખ.) નજરઆગળ, હાજર, મોજૂદ
આગળ—અવ્ય૦. सं. (अग्र) હવેપછી, આવતા કાળમાં.
મનવૃત્તિ—सं. (मनोवृ० ; मनस्+वृत्ति, वृत् વળવું.) ઇચ્છા, વલણ. ૨. જ્યાં મન પોંચીશકે એવા વિષય-બાબત, માયિક વસ્તુ.
અનુભવી—(सं. अनु પાછળ, भू થવું.) આવરામાં આણીને, તેઉપરથી થયલા નિશ્ચયને ધોરણે.
મનાતીત—सं. (अतीत વેગળું-अति+इ દૂર જવું-નો ભૂ૦ કૃ૦.) જ્યાં મન નહિ પોંચીશકે એવો-પરમાર્થ વિષય, તત્ત્વજ્ઞાન. સમા૦ પં૦; સંસ્કૃતને
ગમ—सं. (गम् જવું.) પ્રવેશ, સૂજ ; સમજવાની શક્તિ. [ધોરણે. દ્વિ૦

૧૫. જ્ઞાની—सं. (ज्ञा જાણવું.) તત્ત્વશાસ્ત્ર-મોક્ષવિષયને અનુભવસાથે જાણનારા.
અણલિંગી—सं. (लिंग ચિન્હ-लिग् રંગવું.) વેદેહી, જીવન્મુક્ત. સમા૦ બહુ૦

(૨) તોળ્યુંજાય=તોળીશકાય, તોળાય. [શકયભેદ દર્શાવવાને આવું રૂપ વપરાયછે-વિશેષે કવિતામાં.] (૩) ઉપર કહેલી વાત બને તો જ્ઞાનીનું બોલવું સમજીશકાય, માટે જ્ઞાની તે કવિ નહિ, જ્ઞાની તો જે બોલવાનો તે નિસ્પૃહ થઇ બોલવાનો, તેને કોઇ પારકુંપોતીકું નથી.

અલં૦ દૃષ્ટાંતરૂપક અને પૃચ્છા થઇ આખર-ઉપમા.

૧૭. સ્થિતિ—सं. (स्था રેવું.) હાલત ; હોવાપણું, અસ્તિત્વ.
આપાપર— (अपर-सं.) પોતીકુંપારકું, મારુંતારું, દ્વૈતભાવ. સમા૦ દ્વંદ્વ.

(છપ્પા ૧૭—૧૯.)

પિંડ—સં. (पिंड् એકત્ર કરવું.) શરીર.
આપ = હુંપણું, હુંમાનિનતા, અહંભાવ.
થાપ = ભૂલચૂક, ભૂલવણી. [समा० कर्म०
ચિદઆકાશ—સં. (चिदा०—चित् જ્ઞાન.) જ્ઞાનમય પોકળી, શૂન્યરૂપઇશ્વર.
આવિર્ભાવ—સં. (आविस्+भू પ્રગટ થવું.) પ્રગટ થવું તે.

જેનામાં મારુંતારું વગેરે દ્વૈતભાવ નથી-પિંડથી બ્રહ્માંડ ભિન્ન અને હું પિંડબ્રહ્માંડનો ધણી એવા વિચાર જેનામાં રૈતા નથી; બીજું તો શું, હુંપણું એજ જ્યાં નહિંસરખું થઇપડેછે, કાળના વિભાગની પણ ભૂલવણી જેનામાં રૈતી નથી-સર્વત્ર સર્વદા એક તેજોમય બ્રહ્મજ જેને દીશેછે, શૂન્યરૂપ ઇશ્વરનો વિચાર કરતાં પોતે ઉત્પન્ન થયો એમજ જેને લાગતું નથી, તેનો નાશ કયાંથી? [૧-ખ. પિંડબ્રહ્માંડનો થાએ ધણી-એ પાઠ લેતાં પણ અર્થ આખર એજ થશે=જેને દ્વૈતભાવ નથી તે પિંડબ્રહ્માંડને એકજ ગણી પોતે બ્રહ્મરૂપે સર્વત્ર વ્યાપીરયલોછે એમજ માને.]

૧૮. વૈરાગ—સ. (वि વિના, राग સંસારપર આસકિત. रंज् ધા०) વિષયવાસના ટળવી તે, ત્યાગીપણું, નિઃસ્પૃહીપણું.

છબે = અડકે, ઠરે. [સં. छवि સુંદરતા, ઝળકાટ-ઉપરથી છબી=તસવીર. फा० चापकर्दन = છાપવું, चापा = છાપો.) [हिल् ધા०)
હેલામાં—અવ્ય૦ = જોતજોતામાં, સેજમાં. (સં. हेला = સ્વચ્છંદી વિલાસ,
વેદ—અવ્ય૦ = નિશ્ચે, નક્કી, અચૂકપણે. (સં. वेद બ્રહ્મનાં સ્વરૂપવિષે સિદ્ધાંતનું પુસ્તક-विद् જાણવું.)
નિર્વેદ—સં. = વૈરાગ, ફળની સ્પૃહા ન રાખતાં કર્મ થાય એવી વૃત્તિ.
નિદાન—સં. (नि અચૂકપણે, दा આપવું) આખરે, સેવટે-પણ નક્કીજ. ૨. સેવટ, પરિણામ. [समा० कर्म०
પરમનિધાન—સં (नि+धा અંદર મૂકવું.) ઉત્તમ ઠામ-આરામનું.

સહજસ્થિતિ બદલાઇ કઇ નવું થાય તો વૈરાગ ઉપજજો કે જ્યાં બીજા કર્મનો પગ ઠરે નહિ-બીજાં કર્મ આપોઆપ ટળીરહે. સાચો વૈરાગ ઉપજે તો સેજમાં તત્વજ્ઞાન થાય-જેમ ફૂલનું સેવટ ફળ તેમ વૈરાગ ઉપજ્યો કે તેનો આખર પરિણામ મોક્ષજ. (૩) અલં० ઉપમા.

૧૯. ખેદ—સં. (खिद् દુઃખ દેવું.) વાલી વસ્તુના વિજોગથી અથવા અણગમતી વસ્તુના મળવાથી થતું મનનું દુઃખ, શોક. [ભેદ = જાત. समा० द्वंद्व.
ભેદાભેદ—સં. (भिद् જૂદું પાડવું.) એકપણું ને જૂદાપણું એવી ખટપટ;
ચોટ = નિશાન, આબાદ લાગવું તે.

(છપ્પા ૧૯—૨૩.)

લોટ પોટ—(સં. લુંઠનં ગબડવું?) થાક કે અશક્તિનાં કારણથી ઢગલો થઇપડેલો. ૨. ભિન્નાભિન્નતા ટળી એક બ્રહ્મરૂપ થયલો.

(૩) જેમ પક્ષીને પાંખમાં કે પગમાં ગમેત્યાં બંદુકની ગોળી લાગી તો તેનું ઉડવાનું બંધ થાય, તેમ વૈરાગ ઉપજ્યો કે પછી મન વિષયપર ધસ્યુંજતું-હોય તે ત્યાંથી ખંચાયજ. અલં૦ રૂપક.

૨૦ પલટાએ = બદલાય, ફેરવાય, ફરે.

ઢંગ = રીત, ડોળ. [મજાકમાં કે અપ્રસન્નતા બતાવતાં વિશેષ વપરાયછે.]

રંગ—સં. (रंज् રંગવું.) તરેહ; ખેલ; ફેરફાર.

૨૧. જાગકુજાગ = સારી જગા કે નબળી જગા. ૨. નીચ કે ઊંચ જાતિ.

સમા૦ કુજાગ-કર્મ૦ [ज्या પૃથ્વી-સં., गा જમીન-फा. આ બે એકાર્થી શબ્દો મળી થયુંહશે-જાગા-જગા.]

સહી—अ. (सहीह ખરું.) ખચિત, નક્કી. [ગણુવાની વૃત્તિ.

પડછાંયો—સં. (प्रतिच्छाय.) સામો છાયો, ઓળો; અજ્ઞાન. ૨. ભેદ-

૨૨. સ્વેં—સં. (स्वयं) પોતેજ, જાતેજ. અલં૦ ઉપમા-પરિણામ.

ગ્રહિયે આદરી—(સં. ग्रह् લેવું, आ + दृ માન આપવું.) માનસાથે લૈયે, સારી-ખરી વસ્તુ ગણિયે.

નવ ગ્રહરત્નો—(સં. ग्रह् અસર કરવી; रम् ખુશથવું.) ગ્રહ=આકાશમાં સૂરજની આસપાસ ફરતા તારાજેવા પણ વધારે ને સ્થિરચળકતા દેખાતા ગોળા. એ નવ છે-રવિ, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ. એ નવગ્રહનાં નવ રત્ન કેવાયછે-હીરો, માણક, મોતી, પાનું, પોખરાજ, ગોમેદ, લસણિયો, પરવાળું અને લીલમ. [ગ્રહમાં અને આ રત્નોમાં રંગનાં સાદ્દશ્યપરથી આ વિચાર હશે.]

મુલવાય—(સં. मूल्य કિમ્મત ઉપરથી.) ભાવ પડે, કિમ્મત ઠરે.

પારસ—સં. (स्पर्श-मणि. स्पृश् અડકવું.) એકજાતનો પત્થરનો મણિ. [એનેવિષે કેવાયછે કે એ લોઢાને અડકે તો તે સુન્નું થઇજાય.]

પાર—સં. (पार् ઓળંગવું.) છેડો-ભવસાગરનો, મોક્ષ. પાર મૂકે=મોક્ષ આપે.

(૧) માયા, (૩) વેશ=જૂદા જૂદા પંથોની ખટપટ. (૧-ખં) ત્યારે પંથોને ખરા માની તે ખટપટમા શુંકામ પડવું? એથી કંઇ આખર મોક્ષ ન મળે. અલં૦ પૃચ્છા. [ત્યાં એ ઉભયાન્વયી અવ્ય૦.]

૨૩. જતિ—સં. (य० यम् વશમાં રાખવી-ઇંદ્રિયોને.) મનના-જોસ્સા માર્યાહોય, એવો પુરુષ, ત્યાગી.

(છપ્પા ૨૩—૨૫.)

ક઼ાવે = ક઼ેવાડ, ગણાવાની ઇચ્છા હોય.

રીત—સં. (रीति. री જવું, વર્ત્તવું.) બાર દેખાઇતા નીમ, ઉપરના ઠાઠ, ઢોંગ.

વરણ—સં. (वर्ण. वर्ण् રંગવું, બયાન આપવું.) જાત–બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય શૂદ્ર.

આશ્રમ —સં. (आ હદ બતાવેછે, श्रम् પ્રયાસ–મેનત કરવી; आश्रम् સંસારી શ્રમની હદ આવવી.) જિંદગીની મજલ–ઉમ્મરપ્રમાણે. [૧. બ્રહ્મચર્ય–જનોઇ દે ત્યારથી તે લગ્ન થતાંલગી રૈવાની વિદ્યાર્થીઅવસ્થા. ૨. ગૃહસ્થાશ્રમ-લગ્ન થયાપછી એક પુત્ર થઇ તેને માથે કુટુંબભાર નાખી વનમાં જતાંસુધીની અવસ્થા. ૩. વાનપ્રસ્થ–ગૃહસ્થાશ્રમપછી સંસારઉપરથી ભાવ ઉઠાડી વનમાં કે એવે કોઇ એકાંતસ્થળે તત્ત્વશોધને અર્થે રૈવાની અવસ્થા. ૪. સન્યસ્ત–તત્ત્વજ્ઞાન થયું એટલે ભેદાભેદ ટાળી સર્વપર સમદૃષ્ટિ રાખી કેવળ ભિક્ષુરૂપે રૈવાની અવસ્થા.]

વેષવેવાર—સં. (विष् પેસવું કે પસરીરૈવું; व्यवहार–वि + अव + हृ ધા૦) વેવાર = સંસારમાં એકબીજાસાથે કામ પડેછે તે. વેષવેવાર = ઉપરના ઠાઠની–ભેખની ખટપટ. ૨. ભેખ અને તેના નિયમો પાળવાની કડાકૂટ. સમા૦ પ૦ ૨. ૬૬.

(૨–૩) માણસ જ્યાં જનમે ત્યાં ચાર વરણ અને ચાર આશ્રમ, એમાંથી કોઇ એકનાં ચિન્હ રાખી તેના નિયમ પાળવાના એ તો કર્મે લાગેલુંજ છે, એમાં નવી કઇ કમાઇ કમાયો?

૨૪. **કરતાર**—સં. (कर्तृ. कृ ધા૦) ઇશ્વર.

માથે કરી = માથાપર નકામો બોજો ખેંચીલઇ, હુંપદ ધરીને. [ગુજરાતીમાં નવુંજેવું લાગે, પણ સં. मस्तके कृत्वा.]

પોટલો—સં. (पोटलिका. पुट् એકઠું બાંધવું.) એ નકામો બોજો–હુંપદ. અલં૦ રૂપક.

મૂળ હું બ્રહ્મ હતો અને આખર બ્રહ્મજ છું, હુંપદ મેં ધર્યું માટે જીવ થયો–એવી સમજથી જે માણસ હુંપદ ટાળે તો તે મુક્તજ છે.

૨૫. **વ્યખ**—સં. (विष विष् વ્યાપવું.) ઝેર.

તાતી—સં. (तप्त. तप् ધા૦ નો ભૂ૦ કૃ૦.) તપેલી, ઊની.

વેળુ—સં. (वालुका.) રેતી.

વસ્તુવિચાર—સં. (वस् રૈવું; वि + चर् આગળ જવું.) તત્ત્વજ્ઞાન.

(૧) માયા ટળી તત્ત્વજ્ઞાન સેજમાં થાય તેનેમાટે દેહ દમવાની ને જાત્રા–પુખાત્રા કરતાંફરવાની શી જરૂર! (૨–૩) અળગો–માયાની જાળમાંથી આઘો, જેમ ચગો ભાડિયામાંની રેતીથી.

(૨.) અલં૦ ઉપમા.

(છપ્પા ૨૬--૨૮.)

૨૬. હેતુ—(સં. हिं ઉશ્કેરવું.) ખરું કારણ, વાજબી સબબ.
પ્રવૃત્તિ—સં. (प्र આગળ, वृत् થવું.) સંસારગમ મનનું વળણ, સંસારસાથે વળગણ-નિવૃત્તિથી ઉલટું. [(લક્ષણા.)
કુબુદ્ધિ—સં. (बुध् જાણવું.) નઠારી બુદ્ધિ; નઠારી બુદ્ધિનું માણસ-મૂર્ખ.
સરે = આખરે ખરું, વાસ્તવિક. ૨. આખર, પરિણામ, સેવટ.
અલં૦ દૃષ્ટાંતસાથે ઉપમા.

૨૭. ઘર—સં. (गृह. गृह् રાખવું.) અહિંયાં-શરીર.
ઘાયક—સં (घातक. हन् મારવું.) ઘા-મોટું નુકસાન કરનાર; મોક્ષ થવામાં હરકત કરનાર-આડે આવનાર. [ઉપર પ્રીતિ.
મનકામના—સં (कम् ઇચ્છવું.) મનની ઇચ્છા, ઉમેદ, મુરાદ; સંસાર-
મોહ્યા—સં. (मोहित. मुह् ધા૦) મોહ પામેલા, પરવશ પડેલા. દામના મોહ્યા = પૈસો-સંસારી ઉપભોગનું સાધન મેળવવામાં ગુંથાયલા; સંસારી વિષય જેને ઘણા વાલા એવા, વિષયમાં લીન.
કુશળે—સં. = ક્ષેમ, સુખરૂપ, બિનહરકત.
નિર્વાણ—સં. = મોક્ષ, મુક્તિ. [જ્ઞાન, તત્ત્વજ્ઞાન.
આતમજાણ—સં. (आत्मज्ञान. ज्ञा જાણવું.) પોતે મૂળ કોણ તેસંબંધી
સમણું—સં. (स्वप्न. स्वप् સુવું.) અજ્ઞાન.
સરે = ખરી વસ્તુ. ૨. ખરો સિદ્ધાંત.

(૧) મોક્ષમાં હરકત કરનાર શત્રુ તો તારાં શરીરમાંજ વસેલો છે. મનની ઇચ્છા એજ મોટી આડ, અને તું જપતપાદિ સાધન કરે તેમાં શું વળ્યું? એવી ખટપટ તો બધી સંસારભોગને આપવાવાળી છે. (૩) આત્મા તો મુક્તજ છે પણ અજ્ઞાનને લીધે તેને જન્મમરણ છે, જ્ઞાન એજ ખરી વસ્તુ છે-અથવા-અજ્ઞાનથી જન્મમરણ અને જ્ઞાનથકી મોક્ષ, એ ખરો સિદ્ધાંત [તું સમજ.

૨૮. ભૌમ્ય—સં. (भूमि.) માટી, મટોડી.
ભાંડ—સં. = વાસણ-માટીનાં.
સરું = શરૂ, શરુઆત, મૂળ.
કાવ્યું = કેવાયું, નામ પડ્યું.
શિવ—સં. = ઇશ્વર, બ્રહ્મ.
વસ્તુગત—સં. (गति. गम् જવું.) વાસ્તવિક જોતાં, મૂળનો વિચાર કરતાં.
ગતિ = આખરની હાલત.
અહંતા—સં. (अहं હું.) હુંપદ, અભિમાન.

(છપ્પા ૨૮--૩૨.)

ટેક—(सं. टिक् હાલવું, જવું.) પણ, વટ; હઠ, મમત; ઉપાધિ.
ઉજ્જવળ—सं. (उत् ઘણું, ज्वल् પ્રકાશવું.) ધોળું, ઉજળું.
અલં૰ દૃષ્ટાંતસાથે ઉપમા; ઉપમા. [સરખાવો-નર૦ પદ ૯—૩.]

૨૯. અગમપંથ—सं. (पथ् જવું.) જ્ઞાનમાર્ગ. સમા૰ કર્મ૰.
ભલ્લ—सं. (भल्ल् મારીનાખવું.) રીંછ.
એકલમલ્લ—सं. (मल्ल् પકડવું.) મનસ્વીપુરુષ, વિરલા પુરુષ. એકલ = પોતે પોતાનીમેળે મગન, મલ્લ = પેલવાન. સમા૰ કર્મ૰.
ઠેરાય—(सं. स्थिर–ઉપરથી.) ઠરે, ઊભોરહે, ટક્કર લે.

જ્ઞાનમાર્ગમાં એક મોટું રીંછ (માયા) છે તે બધાને નડેછે, તેથી કોઇકજ વિરલો પુરુષ એ રસ્તે ચાલીશકેછે; તે તો માયાથી ડરી આડો ફંટાતે નથી--સંસાર છોડી જોગી સન્યાસી થઇ મુક્ત થવા ઇચ્છતો નથી, પણ સંસારમાંજ રહી પોતાનાં જ્ઞાનબળે એની સામે ટક્કર લયાંકરેછે—ફળને નિસ્પૃહ રહી દુનિયાદારીનાં કામો કરયો ચાલ્યોજાયછે. એમ કરે તેજ ખરો જ્ઞાની, બાકી બધા ખોટા પતરાજી. વગરઆધારની-ઈંદ્રીગ્રાહ્ય નહિ એવી વસ્તુ બ્રહ્મ તેને પામવું કંઇ હાસીખેલ નથી-એ તો જમીનવના અવકાશમાં ડગલાં ભરવાજેવું છે. અલં૰ દૃષ્ટાંતરૂપક.

૩૦. વણખાંડે—सं. (खड्ग–खड् ચીરવું.) વગરતલવારે. ૨. જપતપાદિ
જીત = જીતે. [સાધનવગર.

આતમરીત -सं. (आत्मरीति.) આત્માનું સ્વરૂપ; આત્મ-તત્ત્વજ્ઞાન.
નિવૃત્તિ—सं. (नि + वृत् દૂર રેવું, પાછા હઠવું.) ઉપાધિથી દૂર હોવું તે, જોસ્સાઓ દાબેલા એવી હાલતમાં હોવું તે–પ્રવૃત્તિથી ઉલટું.

(૨-૩) માયા કાઢી બ્રહ્મને મેળવવાની-જીવ મટી શિવ થવાની પણ ઇચ્છા ન કર-સહજ થાય તેમ થવાદેવું. એ ધોરણપર રેહે તો તું મુક્તજ છે, અને પ્રવૃત્તિ નિવૃત્તિ કોઇની સત્તા તુંપર રેશે નહિ. [પ્રવૃત્તિની માફક નિવૃત્તિ પણ એક જોસ્સો છે-પ્રવૃત્તિ ટાળી શાંત થઇરેવું એનું નામ નિવૃત્તિ.]

૩૧. ગુણ—सं. (गुण् લલચાવવું; ગણવું.) ધર્મ, ખાશિયત.
રૂપ—सं. (रूप् જોવું.) આકાર.
શ્વેત—सं. (श्वित् ધા૰) સફેદ, ધોળું.
શામ—सं. (श्या०) કાળું.
દનુજ—सं. (दनु દૈત્યની મા.) દૈત્ય. [સમજીશકે.
આલંબે—(सं. आ + लंब् આધાર આપવો. अव + लंब् પકડવું?) પકડે,

૩૨. વસ્તુ—सं. (वस् રેવું) ચીજ, ખરી ચીજ–બ્રહ્મ.

(છપ્પા ૩૨—૩૩.)

ઈંદ્રીને ગ્રાહ્ય—સં. = ઈંદ્રીવડે પકડી–સમજી શકાય એવું. [જો૦ શામ૦ ૫૯
અંતર—સં. = માંહે. [ઈંદ્રીને–ચતુર્થી છે.]
બાહ્ય—સં. = બાર.
મધ્ય—સં. = માંહે, અંદર.
અંતરપટ—સં. = વચ્ચે ધરવાનું વસ્ત્ર, પડદો.
ઘડે—(સં. घट् ધા૦) બનાવે, ઊભું કરે.
પડશે વગે = ઠેકાણે પડશે–મટીજશે.

બ્રહ્મ ઈંદ્રીઓવડે જાણીશકાય એવું નથી, કારણ કે ઈંદ્રીયો ગુણનું ગ્રહણ કરીશકે અને બ્રહ્મ તો ગુણાતીત–ગુણથકી પર. કેવાય નહિ કે બ્રહ્મ અંદર કે બાર, કેમકે એમ કેવાને બે વસ્તુ અને તેની વચમાં પડદો હોવો-જોઇએ, અને એ પડદો–ભેદ તો માયાનાં કારણથી ભાસેછે; તો તત્ત્વજ્ઞાન થયું અને માયા ટળી એટલે તેથકી ઉપજેલો પડદો આપોઆપ મટીજશે, અને એમ થયું કે બધી ભિન્ન ભિન્ન ભાસતી વસ્તુ એકરૂપ થઇરહી.
(૨) અલં૦ સજીવારોપણ.

૩૩. **ક્ષર**—સં. (क्षर् ધા૦) નાશવંત; વિકારી.
અક્ષર—સં. = અવિનાશી; અવિકારી. समा० નં૫૦. [બન્યો?
સલુજ્યો? = ભીંજીગયો, લીન–એકરૂપ થેરહ્યો, ભેદાભેદ ટળી બ્રહ્મરૂપ
ચોવિશ તત્ત્વ—સં. (तत् તે.) ચોવીશ મૂળવસ્તુ. [પંચમહાભૂત–આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી; પંચકર્મેંદ્રિય–મોહું, હાથ, પગ, ઝાડાની વાટ અને પિશાબની વાટ; પંચજ્ઞાનેંદ્રિય–ચામડી, આંખ, કાન, જીભ ને નાક; પંચતન્માત્રા એટલે પંચમહાભૂતનું (અક્રેકું) સૂક્ષ્મરૂપ–શબ્દ, સ્પર્શ રૂપ, રસ, ને ગંધ; અંતઃકરણચતુષ્ટય–મન, બુદ્ધિ ચિત્ત, ને અહંકાર. એ ચોવિશની સાથે માયા લઇ પચ્ચીશતત્ત્વ ગણવાનો રિવાજ છે. અખો માયાને જૂદી વર્ણેછે માટે ચોવીશ કહેછે.]
સમુદાય—સં. (सम् + उत् + इ એકઠાંહોવું.) સંગ્રહ, જથો.
ચૈતનઘન—સં. ((चैतन्य० चित् વિચારવું; हन् ઠોકવું.) જ્ઞાને ભર્યો, જ્ઞાનમય; જ્ઞાનરૂપ. समा० तृ०
અણુચર્યો = બ્રહ્મ. (જો૦ ૮.)
અનુભવ્યો—(સં. अनु + भू ધા૦) અનુભવ લીધો, જાણી સિદ્ધ કીધું.

ચોવીશ તત્ત્વની સઘળી રચના છે; છે ચોવીસ તથાપિ બધાંની ઉત્પતિ એકબ્રહ્મથી–બ્રહ્મ એકજ જ્ઞાનરૂપ વસ્તુ છે, પણ તેમાં હું એવો ભાવ ઊઠે ત્યારે તેમાંથી સઘળું જૂદે જૂદે ગુણરૂપનામે નિકળીઆવી જૂદાંજૂદાં કર્મ કરેછે.

(છપ્પા ૩૩—૩૬.)

સંસારની રચના આ પ્રકારની જે ખરેખરી સમજ્યો તેણેજ બ્રહ્મ ઓળખ્યો. [આ છપ્પો નથી-અષ્ટપદી છે. એમાં મુજ અને હું બે શબ્દ એકજ વસ્તુ-બ્રહ્મને સૂચવેછે, તોપણ અંતર્ભેદ આવો જણાયછે-હું તે કેવળ બ્રહ્મ જ્ઞાન-રૂપ સર્વત્ર વ્યાપીરહેલું, અને મુજમાંહેલો હું તે જ્ઞાનરૂપ બ્રહ્મમાં હુંપદ ઉપજ્યાપછીની અને તે છેક જીવરૂપે થતાંપેલાંની સ્થિતિ.]

૩૪. **ભખે**—(સં. भक्ष् ધા૦) ખાઇજાય, ગળીજાય; પોતામાં શમાવીદે.

આશ્રમદર્શન—(જો૦ ૨૩, ૩.) समा० દ્વ૰.

ગ્રહે—(સં. ग्रह् ધા૦) પકડે, તેના નિયમપ્રમાણે ચાલે. [ભરપૂર.

રસબસ—(સં. रसवश? રસને આધીન-માં ડૂબેલો.) ઝકઝોળ, રંગરોળ, જ્ઞાની તેજ જેને એવો નિશ્ચય થયોછે કે હું બ્રહ્મ છું અને માયા બ્રહ્મથી જૂદી વસ્તુ નથી-માયાને કંઇ વસ્તુ ગણી તેને ટાળવા ઇચ્છે એ મિથ્યા; શરીરની છાયા શરીરથી અળગી પડીશકતી નથી, એ તો શરીરમાં સમાય નોજ જૂદી ન જણાય. આશ્રમ અને દર્શનના ભેદ પાળે માયા નહિ ટળે, એમ તો માણસ ઉલટો માયાથી ભરપૂર થઇરહે-કારણ કે ભેદાભેદ એજ માયા.

(૨) अलं० દષ્ટાંત.

૩૫. **ભેદુ**—સં. (भिद् ભાંગવું.) ભેદ-છૂપી કળ જાણનારો.

સમુળગી—સં. (समूल.) સઘળી, તમામ. समा० બહુ૦.

ગળે—(જો૦ ઉપર-ભખે.)

આપાપર = પોતીકુંપારકું, મારુંતારું; ભેદાભેદ. समा० દ્વ૰.

ટળીને ઊગરે = ટળતાં જે બચે-બાકી રહે.

સહજ—સં. (सह સાથે, ज ઉપજેલું.) શ્રમે કે અભ્યાસે નહિ પણ પોતીકી-મેળે થયલું, આપોઆપ ઉપજેલું. [જો૦ શામ૦ ૩૩-સહજમાં.]

લક્ષ—સં. (लक्ष् ધા૦) એકાગ્રવૃત્તિ, ધ્યાન.

સ્થિતિ—સં. (स्था રેવું.) મુકામ.

મોક્ષમાર્ગની આ કળ સમજ્યો તે માયાને પોતામાંજ શમાવીદે, અને એમ શમાવી તેનું પ્રથક રૂપ ટાળ્યું એટલે બ્રહ્મથી નિરાળો જે હું તે પણ ટળ્યો. હું તું ટળ્યાપછી જે શેષ રહ્યું તેમાં એકાગ્રવૃત્તિ આપોઆપ આવી વસવાની. મેં માયા જીતી એ અભિમાન, પણ ન રહે-જીત્યો એ વિચારજ ટળીજાય, જીતનાર કોણ ને શું જીતવાનું? [૩-ખ. જીત્યો હારે ઝાલે કાન-એ પાઠપ્રમાણે આ અર્થ થાય-મેં માયા જીતી એવું અભિમાન થયું તો તે માયામાંજ રહ્યો અને પાછળથી તે પસ્તાય.]

૩૬. **સેવતાં**—(સં. सेव् ધા૦) પાળતાં, રક્ષણ કરતાં.

(છપ્પા ૩૬--૩૮.)

ડસે—(સં. दंश् ધા૦) કરડે.

સિદ્ધિ—સં. (सिध् પારપાડવું.) ઇશ્વરપ્રસાદિ અથવા મંન્ત્રપ્રસાદી. ૨. કેટ-લાંક દુર્ઘટ મંત્રતન્ત્રાદિક સાધનથકી પ્રાપ્ત થનારૂં જે અલૌકિક અદ્ભુત સામર્થ્ય તે. [એ સામર્થ્ય આઠ છે-૧. અણિમા=ઝીણામાં ઝીણી વસ્તુનું રૂપ ધારણકરવાની શક્તિ. ૨. મહિમા-મોટું-વૈરાટરૂપ ધારણ-કરવાની શક્તિ. ૩. ગરિમા-વજનમાં ભારે અથવા દેખાવમાં ભારેખમ થઇજવાની શક્તિ. ૪. લઘિમા વજનમાં છેક હલકું થઇજવાની શક્તિ. ૫. પ્રાપ્તિ-કોઇપણ ચિન્તેલી વસ્તુ પ્રાપ્ત કરવાની શક્તિ. ૬. પ્રાકામ્ય-ઇચ્છા થઇ કે કામ બન્યુંજ છે એવી જે ઇચ્છાશક્તિ તે. ૭. ઇશત્વ-મોટાઇ-પ્રભુત્વ ધારણકરવાની શક્તિ. ૮. વશિત્વ-વશીકરણ કરવાની શક્તિ.]

અજરામર—સં. (जॄ અને मृ ધા૦) ઘડપણ અને મોતરહિત. સમા૦ દ્વંદ્વ.

જતન—સં. (यत्न. यत् ધા૦) પ્રયાસ, શ્રમ, મેનત, મથન.

મંત્ર—સં. (मंत्र् છાનો વિચાર કરવો.) કંઇ કામ સિદ્ધ થાય એવું ગુપ્ત વચન.

અઘોર—સં. (घुर् બીવાડવું; अ-જેવું) ભયંકરજેવું, ભયંકર.

અઘોર મંત્ર = જોઇને ભયલાગે, ચિતળી ચડે એવી ક્રિયા કરવાથી ફળીભૂત થાય એવા મંત્ર. [અઘોરીઓ એક હાથમાં માણસની ખોપરી મળમૂતરે ભરેલી અને બીજા હાથમાં ધગધગતી સગડી રાખેછે ને નાગા રેછે.] [કર્મ૦ અલં રૂપક.

આતમઅર્ક—સં. (आत्म०अर्क् તપાવવું.) આત્મા-બ્રહ્મરૂપી સૂરજ. સમા૦

[મંત્રતંત્રાદિકવડે સિદ્ધિ મેળવ્યાથી કંઇ મોક્ષ ધારેછે તેમ નથી, એ તો ઉલટું માયામાં ફસવાનું છે.]

(૧) અલં૦ ઉપમા. [રજ, તમ.

૩૭. ગુણ—સં. (गुण् લલચાવવું.) માણસની પ્રકૃતિ ત્રણ પ્રકારની છે તે-સત્ત્વ,

ભૂતવિકાર—સં. (भू થવું; वि+कृ બગાડવું.) પંચમહાભૂતના ફેરફાર-અસર-ખટપટ.

દેહ-સ્થૂળ ને સૂક્ષ્મ, ઈંદ્રિયો-જ્ઞાનેંદ્રી ને કર્મેંદ્રી, અને ત્રણ ગુણ-એ સઘળાંવડે જેકંઇ કર્મ થાય તે માયાનીજ સત્તા; એ કર્મ હું કરૂંછું એવું અભિમાન ધરચું તો તે તને લેપનથશે—તેનાં ફળ તારે ભોગવવાં પડશે; માટે એવું માની પીડા શુંકરવા વોરીલેછે; એ બધી પંચમહાભૂતની ખટપટ છે, એમાં મારે કંઇ સંબંધ નથી-એવો નિશ્ચય થાય તો સેજમાં મુક્ત થાય.

૩૮. કજા—અ. = આફત, હાણ, કંબખ્તી.

(છપ્પા ૩૮–-૪૦.)

અજ—सं. (जन् પેદાથવું.) અનાદિ ઇશ્વર.

અજા—सं. (जन् ધા૦) માયા. [જેવો બ્રહ્મ અનાદિ તેવીજ માયા અનાદિ.]

ઇંદ્રીગ્રાહ્ય—(જો૦ ૩૧, ઈંદ્રીને ગ્રાહ્ય.)

હરિલિંગ—(लिंग રંગવું.) ઇશ્વરનું અરૂપ દેહત્વ–વગરઆકારનું દેહપણું.

નાનારંગ—सं. (रंज् રંગવું; ખુશ કરવું.) તરેહ તરેહની મોજમઝા.
समा० કર્મ૦

ઢંગ = આકાર, ડોળ, ઠાઠમાઠ. [ઘણુંકરી મજાક કરતાં વપરાયછે.]

(૩-ખ) અને એજ કારણથી સૌ જૂદાજૂદા પંથમાં પડી જૂદાજૂદા ભેખ ધારી જૂદેજૂદે રૂપે બ્રહ્મને કલ્પી જૂદાજૂદા વિધિએ સેવેછે; પણ એ તો [બધી માયાની જાળ.

૩૯. **વદન**—सं. (वद् બોલવું.) મોઢું.

મૂળ સર્વનું બ્રહ્મ, પણ ઉપજ્યા માયાવડે, માટે માયા તે મા અને બ્રહ્મ તે બાપ. હવે જીવ પાછો બ્રહ્મ થતાં માયા અંતરાય થઇપડેછે; એ અંતરાય છતાં જેને બ્રહ્મનું પિછાન એકવાર થયું તે ફરી માયાના પાશમાં ફસતો નથી.
અલં૦ રૂપક અને સજીવારોપણ.

૪૦. **મુક્તિ**—सं. (मुच् છોડવું.) જનમમરણના ફેરામાંથી છુટકારો થવો તે; જીવ મટી શીવ થવું તે; હું બ્રહ્મથી જૂદો એવું જે માયા મનાવેછે તે માયાનું ટળવું તે.

પ્રગટ્યો—(सं. प्र + कट् ખુલ્લા થવું.) ઊભો થયો, ઉત્પન્ન થયો.

જામ—सं. (या० यम् હદમાં રાખવું.) ત્રણ કલાક, પોર.

અમોઘ—सं. (मुह् ચુકવું.) કદાપિ ફોકટ ન થાય તેવું; સદા જેવુંનું–તેવું. समा० नय०.

વૃત્ય—सं. (वृत्ति. वृत् વળવું.) વળણુ, ઇચ્છા; વેવાર.

સંસૃત્ય—सं. (०ति. सम् બરાબર રીતે, सृ વેવું.) વેવું તે, પ્રવાહ.

મોક્ષની ઇચ્છા કરવી એનું નામજ બંધન, કેમકે એમ ઇચ્છવામાંજ માણસે પોતાનું બંધન માનીલીધું, અને મનથી એમ માન્યું એટલે તે બંધનમાં છેજ—[मन एव मनुष्याणां कारणं बंधमोक्षयो: = માણસને બંધન અને મોક્ષનું કારણ પોતાનું મનજ.] બંધન અને મોક્ષ એ વસ્તુત: કઇ છેજ નહિ, મનથી માનીલીધેલી વસ્તુ છે. સમણામાં કોઇ જાણે કે મને કોઇએ કેદકીધો તો તે ખરેખરો કેદ થયોહોય તેવુંજ કષ્ટ તે વેળા તેને થવાનું, પણ જાગીને જોશે કે હું તો છૂટોજ છું ત્યારે તેનું બંધન અને તેથકી થતા સઘળાં દુ:ખ આપોઆપ ટળીજવાનાં (જો૦ નીચેનો છપ્પો.) "આત્માં અનાદિ નિરંતર જ્ઞાનમય બ્રહ્મ છે, તેને બંધન છેજ નહિ; એ તો સર્વત્ર

(છપ્પા ૪૦--૪૩.)

સર્વદા જેવોનેતેવોજ છે. ઈંદ્રિયો અને ગુણના સઘળા વેવાર એ તો માયાનો પ્રવાહ છે-સંસારમાં બનતા બનાવોના સંબંધમાં વિચાર કરિયે તોજ પળ, ઘડી, પોર, દિવસ, રાત, માસ, વરસ-એવાં એવાં નામ અપાય; પણ કાળ મૂળે કંઇ વિભજ્ય વસ્તુ નથી. એ ન્યાયે આત્માને બંધન મોક્ષ વસ્તુત: નથીજ, મને માનીલેવાથી એવું ભાસે, પણ વિચાર કરતાં આત્મા જેવોનેતેવોજ રહેલો છે.

૪૧. **વેષે**—સં. = દેખાવમાં.

મરતકજસો—સં. = મરવાજેવો.

મણિ---સં. = સંજીવન મણિ—એ મરેલાંને જીવાડે એવું મનાયછે.

ઔષધિ—સં. = દવા. મણિ--ઔ૦ [મેલી ઔષધિ કે મેલા મંત્ર?]

વિધિ—સં. (वि+धा કરવું.) ઉપાયો—મણિ મંત્ર ઔષધિ ૪૦

(૩-૪) જાગેથી એ બધું ટળીજાયછે, તેમજ સંસારવિષે સમજીલેવું-અજ્ઞાનથી ખરું ભાસે, જ્ઞાન થતાં સઘળું મિથ્યા થઇજાયછે.

અલં૦ દૃષ્ટાંતરૂપક, પાછળથી ઉપમા. [અટપટી ગરબડ.

૪૨. **માનિનતાભેદ**—સં. (જો૦ ૪.) હુંપદથકી ઉપજેલી નહિ સમજાય તેવી—

વિધિનિષેધ—સં. (वि+धा ફરમાવવું; नि+सिध्—षिध् અટકાવવું.) આ કરવું આ ન કરવું એવા વિચાર; ભેદાભેદ. समा० ૬૬.

દશા—સં. = સ્થિતિ, હાલત; મૂળ.

અંધેર—સં. (अंधकार.) ગેરબંદોબસ્ત, બરબડ.

(૨-૩) અખંડચૈતનશિવાયનું કંઇ દેખાયછે તે વિષે વિચાર કરશો તો સમજાશે કે શું છે--એ તો આપાણું મન ભ્રમિત થવાથી મિથ્યા ભાસ છે, જેમ કોઇ માણસ ચકરી ખાતાં સ્થિર વસ્તુપણ તેને ફરતી દીશેછે.

અલં૦ પૃચ્છા, દૃષ્ટાંત.

૪૩. **ભવ**—સં. (भू થવું.) સંસાર.

પડછંદો—સં. (प्रतिशब्द. કે प्रतिच्छंद = સરખું, અવેજી?) પડઘામાં બોલતો.

ભ્રમ—સં. (भ्रम् ભટકવું.) ખોટી કલ્પના-ધારણા.

પૂર્યો—(સં. पॄ ભરવું.) બધે પસરીરહ્યોછે.

સંસાર મિથ્યા ભાસ છે, ત્યારે કલ્પના ઉઠશે કે એને સત્ય કરી માનનાર કોણ? શોધ કર્યાથી એ માનનાર કોઇ જૂદા પુરુષરૂપે જડનાર નથી, તેમ એ માનનાર ન જડે-એ વેમનો ખુલાસો થઇ મનસાથે નિશ્ચય ન થાય ત્યાં સુધી જન્મમરણનો ફેરો હાજર રહ્યો. એનો ખુલાસો આ રીતે-કોઇ માણસ સાદ કરે તેનો પડઘો પડે, એ પડઘાને કોઇ બીજા માણસનો અવાજ ધારી તેની સામે પેલો માણસ જેમ બોલે તેવીજ રીતે પડઘો

(છપ્પા ૪૩--૪૬.)

અવાજ પાછો વાળવાનો; તેમજ માણસની ખોટી કલ્પના માણુસનેજ સંસારના આકારમાં બતાવેછે-અર્થાત્ સંસાર વાસ્તવિક છેજ નહિ, જેમ પડધામાં બોલનાર કોઇ જુદો પુરુષ નથી. અલં૦ દૃષ્ટાંત. [વણુશોધ્યે નવ ભમવુંપડે-એવો પાઠ લેતાં પેલી ઓળિનો આવો અર્થ થાય-સંસાર અસત્ય છતે સત્ય છે એમ માનનાર જપતપ જોગધ્યાન ઇત્યાદિ સાધનથી જડવાનો નથી; ન જડે તો ચિંતા નહિ, મનથકી એવો નિશ્ચય થાય કે સંસાર મિથ્યાભાસ છે ને હું તો કેવળ બ્રહ્મ છું તો હું મુક્તજ છે.]

૪૪. **અણુલિંગી**—સં. (लिंग ચિન્હ.) જ્ઞાની, જીવન્મુક્ત. સમા૦ બહુ૦

કળ—સં. (कला. कल् સમજવું.) જુગતિ, કોંટી, કૂંચી.

પોખે—(સં. पुष् ધા૦) પોષે, મદદ આપે. બળ પોખે = વધારે તેજ આપે.

યોગ—સં. (युज् જોડવું. જો૦ ૩-ખટદર્શનમાં ૪.) પ્રાણવાયુનું રુંધન કરી અંતઃકરણની એકાગ્રતા કરવી અને પછી જીવાત્માનું ને પરમાત્માનું એકપણું કરવું તે; એમ કરવાનું જે શાસ્ત્ર તે.

સાંખ્ય—સં. (संख्या-ઉપરથી જો૦ ૩. ખટદર્શનમાં—૩.)

વિદેહી-જ્ઞાનવડે જીવન્મુક્ત એવા પુરુષો જે જુગતિથી મુક્ત થયા તે મેં અનુભવથી કહીબતાવી; એ કોંટી ગ્રંથમાં ન જડે. એ વિષયપર બે મોટા ગ્રંથ જે યોગ અને સાંખ્ય તેજ એકબીજાને ખંડેછે. એ જુગતિ તો અનુભવી ગુરુપાસથીજ જડે-મુક્ત હોય તેજ મુક્ત કરીશકે; ચશ્મામાં અંદરબાર નથી-જાતે પારદર્શક છે માટેજ તે આંખનું તેજ વધારીશકે.

અલં૦ દૃષ્ટાંત.

૪૫. **કિલ્વિષ**—સં. = પાતક, દોષ, પાપ.

મહિમાય—સં. (૦મા. महत् મોટું-ઉપરથી.) જશ, પ્રતાપ.

મોટપ—(સં. महत् મોટું-ઉપરથી.) મોટાપણું, મહિમા.

સમર્યે—(સં. स्मृ ધા૦) યાદ કરવાથી, સંભાર્યાથી.

[ભક્તિ-ચૈતન્યબ્રહ્મ સચરાચર રહેલો કે તેની ભક્તિ-તે ઉત્પત્તિસ્થિતિલયાદિકનો કરનાર છે એવું જ્ઞાન રાખવાનું. એવા ઇશ્વરને કહી ઢૂંઢવાનો નથી, જ્ઞાની-મુક્ત માણસમાં જે ચૈતન્ય રહેલુંછે તેજ ઇશ્વર-તેના સ્થૂળ દેહનો વિચાર ન કરવો; એનેજ અખો ખરી ભક્તિ કહેછે.]

૪૬. **કર્ત્તાથકો**—સં. (થકો-सत् ?-अस् હોવું-નો વ૦૦ કૃ૦.) કર્ત્તા છતાં, કર્ત્તા છે તોપણ. [થકો, માંહેથો-આવા શબ્દોનો પ્રયોગ ઠીક કરેછે-વિભક્તિનું કે એવું બીજું પોતાનું કામ કરવાની સાથે વિશેષણનો ગુણ કંઇ રાખેછે.]

લિંગ—સં. (लिग् રંગવું, ચિન્હ કરવું.) જાતિભેદદર્શક સંજ્ઞા, જાતિ.

જળચર-ખેચર—સં. (થળ—स्थल; खे આકાશમાં—ख આકશ; चर् ફરવું.)

(છપ્પા ૪૬—૪૯.)

પાણીમાં રેનાર પ્રાણી, ભોંયપર વસનાર પ્રાણી અને આકાશમાં ગમન કરનાર પ્રાણી—એ બધાંનાં શરીરમાં—રહેલો. સમા० ૫०: જળચર,

હર્ત્તા—સં. (हृ લઇલેવું.) નાશ કરનાર. [થળચર, ખેચર—સ०.

ભર્ત્તા—સં. (भृ ધા०) પોષણ—પાલણ કરનાર. [ઇશ્વર ત્રણશક્તિએ જગતમાં વ્યાપીરહેલોછે-ઉત્પન્ન કરનાર, પાલણ કરનાર અને નાશ કરનાર.] (૩-ખ.) ઇશ્વરને આવો જાણ્યો તેજ ખરો ભક્ત.

૪૭. પૂજ્ય—સં. (पूज् ધા०) પૂજવા—માન આપવા જોગ.

વચનેવચને—સં. (वच् ધા०) બોધ-ઉપદેશ આપીઆપીને.

ટાળે દુખી = દુખ ટાળી સુખી કરે. [રચના જાણવાજોગ છે.]

નરવેષે—સં. = માણસના આકારમાં.

જુગત—સં. (युक्ति. युज જોડવું) હિકમત, કરામત, તદબીર.

મર્મ—સં. (मृ મરવું.) કળ, કૂંચી, છૂપાભેદ-બ્રહ્મજ્ઞાનના.

ગુણા-કરી—સત્ત્વ રજ તમ એ ગુણો થકી ન્યારો છતાં એ ગુણો ધારણ-કરીને. (સં. अंगी+कृ કબૂલકરવું.) (૩) અલં० વિરોધાભાસ.

૪૮. પ્રતિમા સં. (प्रति સામે, मा માપવું.) છબી, મૂર્તિ.

ગુણ—સં. (गुण् ગુણવું, વધારવું.) લાભ, ફાયદો.

સેજ—સં. (सहज.) કંઇક, થોડો, થોડોજ, નહીં, નહીંજ.

પિંડ—સં. (पिंड् એકઠું કરવું.) શરીર, સ્થૂળદેહ.

વસ્ત—સં. (वस्तु. वस् રેવું.) ખરી ચીજ, સત્ય; તેમાં રહેલું ચૈતન્ય—જ્ઞાન.

હસ્તેહસ્ત—અવ્ય-સં. = હાથોહાથ, જાતોજાત, હાજરાહજૂર.

(૧) બોલતી મૂરતી = જ્ઞાની ગુરુ. (૨-ખ) જ્ઞાની ગુરુને સેવ્યોહોય તો તે તારી સેવા કઇઆપે-તું તેને સેવેછે એનાં ચિન્હ પ્રત્યક્ષ જણાઇ આવે; અથવા તારે કેવી ભક્તિ કરવી તે તે કઇશકે.

૪૯. અખિલ જગત—સં. (०गत्. खिल જુદુંપડેલું.). આખી સૃષ્ટિ—દુનિયા.

સૌ ઉપલી—સં. (सर्वोपरि.) સૌથી ચડિયાતી, શ્રેષ્ટ.

કારણ—અવ્ય०—સં. = કેમકે. ૨. બાબત

વિશેષ—સં. (वि+शिष् જુદું પાડી બતાવવું.) એકાદા ગુણનેલીધે તે જાતની બીજી વસ્તુથી જૂદાપડવું તે, ખાશગુણ; અધિકપણું. ૨. વધારે.

હું—સં. (अहम्) હુંપદ, અહંભાવ.

લેશ—સં. (लिश् ઘટવું) બિલકુલ, લગારપણ.

અલં० અનુક્રમ.

(છપ્પા ૫૦—૫૨.)

૫૦. **માહાત્મ્ય**—सं. (महत् મોટું-ઉપરથી.) મોટાઇ, મોટી પદવી-શક્તિ.
જ્ઞાતા—सं. (ज्ञा જાણવું.) જ્ઞાની પુરુષ.
ધરે—(सं. धृ ધા૦) રાખેછે,-માં હોયછે.
સેવક—सं. (सेव् ધા૦) સેવા કરનાર, ભજનાર.
સૂજ—सं. (सूचन. सूच् બતાવવું.) સમજ, જ્ઞાન.

(૩) જડ ચેતન બેઉ ઇશ્વર, એમાંથી જેને ભજિયે તેવો લાભ-જડ ભજવાથી જડ વૈભવ એટલે સંસારસુખ અને સ્વર્ગાદિકની પ્રાપ્તિ પણ થાય, મોક્ષ તો નજ થાય-તે તો ચેતનમૂરતી-જ્ઞાનીગુરુનો બોધ લીધાથીજ થાય.

૫૧. **ભેવ**—सं. (भेद. भिद ભાંગવું.) મર્મ; ગુપ્તલાભ, લાભ.
નિપના—सं. (निष्पन्न. निः + पद् થવું નો ભૂ૦ કૃ૦) થયા-જગતને જણાય તેવા, ઊંચ પદ પામ્યા, મુક્ત થયા.
શુકદેવ—सं. (જો૦ ગર્ભજોગી.—પ્રેમા૦ અ૦ ૨૦-૧.)
જનકવિદેહી—सं.—મિથિલાનગરીના રાજા-સીતાના બાપ. [એ પૂર્ણજ્ઞાની હતા. જો૦ ગિર૦ અ૦ ૩૩-૪૫. વિદેહ.]
દ્વિજે—सं. (द्वि બે, ज જન્મેલો-જનોઇનો સંસ્કાર એ બીજો જનમ ગણાયછે.] બ્રાહ્મણ-શુકદેવ. [દ્વિજ સંજ્ઞામાં તો બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય ત્રણે આવે, પણ વિશેષાર્થે બ્રાહ્મણ.]
ધ્વજે—सं. (ध्वज् હાલવું, ફરકવું, ઉઠવું.) ધજા. જ્ઞાનીની બેઠા ધ્વજે=જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ થયા. [ધ્વજ લશ્કરમાં મોખરે થાયછે અને સૌથી ઊંચે ફરકેછે.]

(૨-ક) વ્યાસે શુકને સમજાવ્યા છતાં તે સંસારમાં ન આવ્યા ત્યારે વ્યાસે કહ્યું કે એક આજ્ઞા મારી તારે પાળવી, તે એ કે તારે ગમેત્યારે એકવાર જનકનાં દર્શન કરવાં. તેથી શુકદેવ એકવાર જનકપાસ ગયા તો જનકને તેણે પૂર વૈભવમાં જોયો, તેથી તેનાં જ્ઞાનવિષે શુકને શંકા પડેલી, પણ પછી તેનાથી એના મનનું સમાધાન થયલું. (૩-ખ) મોટાઇ-મોટો વૈભવ કે ઠાઠ હોય તેપરથી મોટાઇ-જ્ઞાનીપણું જોવાનું નથી, જ્ઞાન કંઇ જૂદીજ ચીજ છે-બારથી ન સમજાય.

૫૨. **વરતતા**—(सं. वृत् વર્તવું.) રેતા, આચરતા, સંસારમાં ચાલતા.
અધિકતા—सं. (अधिक વધારે.) વધારે વાત, વિશેષ-બીજામાં નહિ એવો એક ગુણ.
જ્ઞાતા—सं. (ज्ञा જાણવું.) જ્ઞાની, તત્ત્વજ્ઞાની.
વૃત્તિ—सं. (वृत् વળવું.) મનનું વલણ, ઇચ્છા, મનની સ્થિતિ.
સ્વતંતર—सं. (૦તંત્ર. स्व પોતાપર, तंत्र् આધાર રાખવો.) સંસારી ભોગસાથે વળગણુશિવાયની, ફળની ઈચ્છારહિત, નિસ્પૃહ, નિષ્કામ. સ્વતંતર વૃત્તિ = નિષ્કામભક્તિ.

(છપ્પા ૫૨--૫૫.)

હરિભાવ—સં. (ભૂ હોવું: માનવું) ઇશ્વરપર પ્રીતિ. ૨. બ્રહ્મની મૂળ પ્રકૃતિ;
નાવ—ન.-સં. સ્રી. (नौ) હોડી, વાણ. [ઇશ્વરનું શુદ્ધસ્વરૂપ.

સંસારપર આસક્તિ ન રાખી કોઇ નિષ્કામભક્તિ કરે-ફળની ઇચ્છા ન રાખી ધ્યાન ધરે તેને ઇશ્વરનાં શુદ્ધસ્વરૂપનું જ્ઞાન થાય.

અલં૦ (૩) ઉપમા.

૫૩. **નવની** = નવધા-નવપ્રકારની ભક્તિ કરવાની. [નવધા ભક્તિ તે આ. -

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनं।
अर्चनं वंदनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥]

કાસલ્ય—ળ = અડચણ, નડતર; પીડા, માથાકૂટ.

રજે—સ્રી-સં. ન. (रजस्) લેશમાત્ર, લગારપણ.

પંચ—સં. = પાંચ માણસ; દુનિયાના લોકો, સઘળા સાધારણ લોક.

વિરલા—સં. = ઘણામાં કોઇકજ, કોઇજ અસાધારણ પુરુષ.

એકાદશી ભક્તિ-બધી રીતનું જપતપાદિ ધર્મપાલણ કરી થાકે ત્યારે માણસ આત્મબુદ્ધિથી વિચાર કરેછે, અને કોઇ જ્ઞાની ગુરુથી ઉપદેશ પામી નવધાભક્તિની માથાકૂટમાંથી છૂટે. દુનિયાના બીજા લોકનો દાખલો લઇ બધાજ જડની ભક્તિમાં અવટાયાં કરે, કોઇકજ વિરલા એ ભક્તિ કોરે મૂકી જ્ઞાનથી મુક્ત થાય. [એકાદશી ભક્તિ તે કઇ?]

૫૪ **અંશ**—સં. (अंश् ભાગ કરવા.) ભાગ, વિભાગ; કળા.

સોળેઅંશે = પૂર્ણરૂપે, પૂરેપૂરાં શુદ્ધસ્વરૂપે [ચંદ્રની સોળ કળાપરથી હશે.]

દાવાનળ—સં. (दाव જંગલ, अनल અગ્નિ.) વનમાં લાગેલો અગ્નિ, દવ; અગ્નિ. સમા૦ સ૦ [દાવ અહિંયાં વગરપ્રયોજનનું છે, જો૦ શામ૦

સ્વે—સં. (स्वयम्) જાતે. [૪૫-તરુવર.]

જ્ઞાનીપુરુષનાં અંતઃકરણમાં ઇશ્વર પોતાને શુદ્ધસ્વરૂપે પ્રકાશિરહેલોછે, કારણ કે જ્ઞાની જે ઉપદેશ આપે તે ઇશ્વરવિના બીજા કોઇના બોલનજ હોય. અગ્નિથકી દીવો અને દીવો તે અગ્નિજ, એ ન્યાયે ઇશ્વરમાંથી ઉપજેલાં માણસ--વિશેષે જ્ઞાનીપુરુષ તે જાતે ઇશ્વરજ, એમાં કોઇને શક

અલં૦ ઉપમા. [પડવાજેવું છેજ નહિ.

૫૫. **પ્રીછવાકાજ**---સં. (परिचयन-कार्य. परि+चि ધા૦) જાણવાને, સમજ-
નવધાભક્તિ—(જો૦ ૫૩-નવની) વાને, ઓળખવાને.

સાજ = સાધન; ઠાઠ; ઢોંગ. (સં. सज्जा શણગાર. फा. साज સામાન વાજું વગેરે.) [આ શબ્દ વાપરી બેઠી મનાખ ઝીણી છે.]

(છપ્પા ૫૫—૫૮.)

આદર—સં. (आ + दृ માન આપવું.) સન્માન. આદર કરતાં = ખંત રાખી **જોતામાં**—અવ્ય૦ = સેજ જોવાથી, સેજમાં, થોડી મેનતે. [ખોળતાં. **શોધ્યાસાથ** = શોધવાનું. (સં. शोधन–शुध् ચોકખું કરવું.)

અલં૦ ઉપમા. [અલં૦ રૂપક.

૫૬. **હરિમણિ**—સં. = ઇશ્વર એજ કોઇ મણિ–મહા મોંઘી વસ્તુ. समा० કર્મ૦

અમૂલ્ય—સં. = જેની કિમ્મત થઇ ન શકે એવો. समा० બહુ૦.

કર્મ—સં. = ધર્મસંબંધી કામ કરવાં તે. [જો૦ ગિર૦ અ૦ ૩૩-૩. નિત્ય કર્મ.]

કણુકા—સં. = (कणिका. कण् સંકોચાવું.) રજ, કકડી.

તેવશ લાગ્યો = તેની ખંતમાં પડીને.

અલ્પપ્રાપ્તિ—સં. (प्र + आप् મેળવવું.) સેજ લાભ, જૂજ ફાયદો. समा० કર્મ૦

મહા મોંઘી વસ્તુ ઇશ્વર પોતાની પાસે છતાં દૂર જાણી તેને પામવાની ઇચ્છાથી મિથ્યા શ્રમમાં પડેછે અને જપતપાદિ સાધનથી ઇશ્વર મળે એમ જાણી તેમાં મચેછે, અને એમ જૂજ–નજીવા ફાયદાના લોભમાં પડી ઇશ્વર પાસેજ છે તેને ઓળખતો નથી.

અલં૦ રૂપક.

[(૩—૬) અલ્પ પ્રાપ્તિ ને અતિ આયાસ–એ પાઠપ્રમાણે—પણ તેમ કરવામાં ફાયદો જૂજ અને શ્રમ ઘણો.]

૫૭. **અંતરથો**—અવ્ય. સં. (अंतरतः) અંદરથી, અંતઃકરણમાં.

ગળે—(સં. गल् ધા૦) પિગળે, ઓગળે, એકરસ થાય; હુંપદ–માયાથી મૂકાઇ બ્રહ્મરૂપ થાય

જનક ખટ્વાંગ—સં. = સૂર્યવંશી રાજા જનક. (જો૦ ૫૧.)

હરિકૃપાહસ્તણીસું—સં. (०हस्तिनी.–સું–सह ?) ઇશ્વરકૃપારૂપી હાથણી-સાથે. समा०. કર્મ૦ અલં૦ રૂપક.

ઢાળે = રેડે–માથાપર.

કળશ—સં. (कल् રાખવું.) ધાતુનું ગોળ વાસણ, ઘડો.

*(૩) ઇશ્વરકૃપારૂપી હાથણીની સાથે કામ છે–તેની જરૂર છે, તે હોય તો અચળપદ–મોક્ષ મળે. [પૂર્વે એવો રિવાજ હશે કે કોઇ ગાદીનેમાટે હકદાર રાજા ન હોય તો ઢંઢેરો પીટાવી લોકોને એકઠા કરે, પછી એક હાથણીની શુંડમાં પાણીએ ભરેલો ઘડો આપે. મળેલા લોકોમાંથી જેનીઉપર પેલી હાથણી ઘડો ઢાળે તેને અભિષેક કરી ગાદીપર બેસાડે.]

૫૮. **પરિક્ષિત રાજાન**—(જો૦ પ્રેમા૦ અ૦ ૨૦-૧૫, ૧.)

(છપ્પા૦ ૫૮—૬૨.)

ભર્મ—સં. (भ्रम. भ्रम् ભટકવું.) ખોટો તર્ક, અજ્ઞાન.
શુક—(જો૦ ગર્ભજોગી-પ્રેમા૦ અ૦ ૨૦-૧, ૧૫.)
મયા—સં. (माया.) કૃપા.

૫૮. સમજયાસાથ = સમજવાનું, સમજણનું.
આથ—સ્ત્રી. સં. (अर्थ. પુ.) પૈસો, પૂંજી, સંગ્રહ.
કૃપારૂપણી આથ = ઇશ્વરની કૃપારૂપી પૂંજી. અલં૦ રૂપક.
દેહવ્યાપાર—સં. (वि + आ + पृ ગુંથાવું.) શરીરસંબંધીવેવાર–કામ–ખટપટ.
[(૨—ખ) ન ટળે--એ પૂર્વાપર સંબંધ રાખેછે-જેમ ઉબર ઘરની અંદર ફેવાય અને ઘરથી બાર પણ. ઉબરપર મૂકેલો દીવો અંદરબહાર પ્રકાશ આપેછે--देहलीदीपक न्याय.]

૬૦. વણસમજે—સં. = સંસાર એક મિથ્યા ભાસ છે એવો નિશ્ચય નથી થયો ત્યાંલગી. [समा० બહુ૦
સબળો—સં. (बल જોર.) જોરાવર; દુઃખનો દેણ, બંધનમાં નાખનાર.
સમૂળો—સં. = મૂળસહિત, તદન, બિલકુલ. समा० બહુ૦
વાધે—(સં. वृध् ધા૦) વધે, સબળ થતોજાય, સાચો છે એમ ભાસતુંજાય.
પ્રેત—સં. (प्र આગળ, બાર; इत–इ જવું-નો ભૂ૦ કૃ૦) મુડદું; ભૂતપિશાચ [વગેરે.
કુશળે—સં. = સુખે, સુખરૂપ, બિનહરકત.
(૩) અલં૦ દૃષ્ટાંત.

૬૧. સંસારી રસ—સં. (रस લેજત પડવી.) સંસારી વૈભવથી મળતી લેજત, [માયાની મધલાળ.
કસ = જોર, બળ; મઝા.
અંગે અકલે હીણો = શરીરે દુર્બળ અને બુદ્ધિનો ઠોઠ. (સં. हीन-हा [તજવું-નો ભૂ૦ કૃ૦)
કારજ સરે = કામ થાય; ઉગરે, બચે.

૬૨. ભોગ—સં. (भुज् લેજત લેવી.) સુખનો લાવો. ભોગ તણા સંસાર=સંસારી વૈભવની લેજત. [રચના ધીટ છે. ૨. વિષયના સમુદાય?]
જીર્ણ—સં. (जॄ ધા૦ નો ભૂ૦ કૃ૦) જૂના, કેટલીક મુદ્દત ભોગવેલી.
આહાર.-સં. (आ + हृ ખાવું.) ખોરાક. પજ્યા આ૦=પચપડીગયા, બંધારણ થઇગયું-આવરાજેટલું હોય તો લેજત નહિ આપે-વધારે જોઇએ.
ભવની વ્યાધ્ય--સં. (व्याधि પુ.) સંસાર એજ કોઇ રોગ. અલં૦ રૂપક.
[જો૦ શામ૦ ૫૧. લોભનો અગ્નિ.]
ખસ—સ્ત્રી. સં. પુ.–(खष हेरान करवुं.) ખરજ, ધવડો.
અલં૦ ઉપમા.

(છપ્પા ૬૩--૬૫.)

૬૩. **આતમતત્ત્વવિચાર**—सं. (आत्म०) આત્મા મૂળ શી વસ્તુ છે એનો વિચાર.

છેક—પુ૦ = છેહ, અંત, છેડો, પાર.

વિચાર—सं. = તત્ત્વવિચાર, જ્ઞાન.

[(૨-૩) સારાંનરસાં કર્મની બાદબાકી થતી નથી-બન્નેનાં ફળ અક્કેકથી નિરાળાં રહી કર્ત્તાને તે ભોગવવાં પડેછે; મોક્ષ તો જ્ઞાનરૂપી અગ્નિવડે સઘળાં કર્મ બળીજાય ત્યારેજ.]

અલં૦ ઉપમા–છપ્પા ૬૨ સાથે.

૬૪. **નભ**—सं. = આકાશ, જેમાં કંઇ નહિ તે, પોલાણ, પોકળી.

સ્વભાવે— सं. (स्व પોતાનો, भाव પ્રકૃતિ-भू હોવું.) તેમાં એવો ગુણજ રહેલોછે તેથી. સમા૦ કર્મ૦ [ઊભું થાય.

ઉલસે—(सं. उत्-ल + लस् ફૂટીનિકળવું.) ઉભરાય, સ્ફુરી આવે, એકાએક

જામે—(अ.) = વિસ્તાર પામી-ચોતરફ ફેલાઇ શોભીરેછે.

હિમ—सं. = બરફ.

અદબદા—सं. (अद्भुत.) અચરતી પમાડે-નહિ સમજાય એવીરીતે.

અજ્ઞાન—सं. (ज्ञा જાણવું.) મૂર્ખાઇ, જગત સત્ય છે એમ માનવું તે.

પુષ્ટ—सं. (पुष् પોષવું-નો ભૂ૦ કૃ૦) જાડું, ઘાડું, સ્થિર.

પાલવ--सं. (पल्लव.) છૂટી છૂટી-વિખરાતી ચીજો-ઝરણો?

ગંગા—सं. (गम् જવું, વેવું.) નદી

સાધન---सं. (साध् હેતુપારપાડવો.) ઉપાય-સંસારઉપાધિ ટાળવાને.

પોતાની મૂળ પ્રકૃતિયકીજ આકાશ એકાએક ઉત્પન્ન થઇઆવેછે અને અદ્ભુતરીતે ફેલાઇ શોભીરેછે—જેમ પર્વતપર બરફ. પછી તે આકાશ અજ્ઞાનનાં કારણથી ઘાડું થઇજાયછે-તેમાં કંઇકંઇ આકારો ભાસીઆવેછે, જેમ ચોમાસાવના વખતે વરસાદ પડેછે; પછી એ ભાસ એકબીજાસાથે મળી સંસારરૂપી પ્રવાહ ચાલવામાંડેછે, જેમ ઝરણો સઘળાં મળી મોટી નદીરૂપે વહેછે. પણ એ બધો મિથ્યા ભાસ છે, એને ટાળવાને ઉપાય તે હું શું બતાવું? વિચારીને જોશો તો એ ટળીજ રહેલું છે. અલં૦ ઉપમા અને દૃષ્ટાંત. [૧-ખ. જેમ હેમપર્વત અદબદા=જેમ મેરુપર્વત અદ્ભુત ઝળકીઉઠેછે,-અથવા-આકાશમાં સંધ્યાકાળે સૂરજનાં તેજથી જેમ સુંન્નેરી રંગનો પાડ થઇઆવેછે. (૩-ક) ગળી પાલો ગંગા થઇ વહે-ગળી પાલો=પર્વતપરનું બરફ પિગળીને? પાલો?)

૬૫. **નિરાધાર**—सं. (आ + धृ ટેકો આપવો) કારણરૂપ સહાયતાવિનાનું, જેનું કારણ નહિ એવું, એનીમેળે ઊભુંથયલું. સમા૦ બહુ૦

(છપ્પા ૬૫—૬૭.)

નાટક—સં. (નટ્ ખેલ કરવો.) વેષ ધરીને ખેલ કરવો તે; ખેલ.
અટપટું = ગુંચવણભરેલું, ન સમજાય એવું, વિચિત્ર.
સ્વતઃસિદ્ધ—સં. (स्वतः પોતાથી, सिद्ध તૈયાર થયલું–સિધ્ પારપાડવું–નો ભૂ૦ કૃ૦) પોતાનીમેળેજ–સહજ ઉભું થયલું સમા૦ પં૦ ; કર્મ૦
સામટું—સં. (समष्टि એકઠું) એકદમ–એકીવેળા સઘળું.
ઉત્પત્તિસ્થિતિલય—સં. (उत्+पद् ધા૦ स्था રેવું; लय પીગળીજવું.) પેદાથવું, ઘણીવાર નિયમસહિત રેવું અને આખરે સમૂળું સમાઇજવું તે. સમા૦ દ્વંદ્વ.
સહુજે—અવ્ય૦ સં. (सह સાથે, ज પેદા થયલું.) એનીમેળેજ.
ચાલ્યુંજાય = અખંડ–નિરંતર ચાલ્યાકરેછે. [ઉપદેશક.
આચાર્ય—સં. (आ+चर् નીમ પાળવો, હદમાં રેવું–પ્રે૦ ભેદે.) ગુરુ,
કલ્પ્યો—(સં. क्लृप् ધારણા કરવી.) અટકળ–અનુમાન કરી કાઢ્યો, ધાર્યો.
માની—(સં. मन् ધારવું.) સાચી ગણીલીધી.
(૧) અલં૦ રૂપક.

૬૬. દર્શનભેદ—સં. (જો૦ ૩) જૂદાં જૂદાં–એકકથી વિરુદ્ધ દર્શનો–શાસ્ત્રો.
દાવામત = ખરાકરી માનીલીધેલા એકકથી વિરુદ્ધ ધર્મમાર્ગો. (दावा–अ. = હક, मत–સં.–मन् ધારવું–નો ભૂ૦ કૃ૦.)
ગઢ = પાડપર કિલ્લો, રક્ષણની જગા. ૨. પંથ, વાડો.
હૂંફીરયા=ધુરકીરહ્યા; બડાશ–ફૂલાશ મારતા ફરેછે. (સં. उष्मा ગરમી?)
પામ્યા—(સં. प्र+आप् ધા૦) મેળવ્યું–ખરું તત્ત્વજ્ઞાન, ઇશ્વરને મળ્યા.
વહીગયા = રખડીમુઆ, અવળે રસ્તે ચઢ્યા.
દ્વૈતાદ્વૈત—સં. (द्वि બે.) દ્વૈત=ઇશ્વર અને જગત્ જૂદાં એવું મત; અદ્વૈત= આત્મા ને બ્રહ્મ–પરમાત્મા, જીવ ને ઇશ્વર એ બે જૂદા નથી પણ એકજ છે એવું મત. દ્વૈતાદ્વૈત=આ દ્વૈત ને આ અદ્વૈત એવું; અથવા અદ્વૈતનું [દ્વૈતરૂપે ભાસવું તે.

૬૭. આપેઆપ = પોતેજ, એક ઇશ્વર જાતે.
આરોપણ—સં. (आ+रुह् પ્રે૦ ભેદે आरोपय ચડાવવું, ઉપર મૂકવું.) કંઇ ગુણ કે વસ્તુ નહિ છતાં છે એવી–ખોટી કલ્પના કરવી તે.
થાપ—સં. (स्थापन. स्था પ્રે૦ ભેદે स्थापय् ગોઠવવું.) ગોઠવવું તે, મૂકવું તે, લાગુપાડવું તે. ૨. ભૂલાવો, ગફલત. આરોપણથાપ=અસત્ય કલ્પના કરવી તે. ૨. અસત્ય કલ્પનારૂપી ભુલાવો. સમા૦ કર્મ૦

(છપ્પા ૬૭–૭૦.)

સમી—સં. (सम.) સીધી, પાધરી, ખરી.

અસાધ્ય—સં. (साध् વશકરવું.) ટળવું કઠણ. સમા૦ નપ૦

(૧) જે કંઇ ભાસેછે તે એક ઇશ્વરજ જાતે, તેશિવાય બીજું કંઇ છે એવું ધારવું એ ખોટી કલ્પના છે–એ તો ઇશ્વર જે નિર્ગુણ છે તેને વિષે ગુણની કલ્પના કરવાસરખું છે. [(૩) અખા ચાલ્યો મત માયાતણો, દ્વૈત અધ્યાસ સૌને છે ઘણો–એ પાઠ લેતાં–દ્વૈતનો ખોટો ભાસ બધાને છે; [અધ્યાસ=ખોટો ભાસ.]

૬૮. **ઘટ**—સં. (घट् ઘડવું.) શરીર; અંતઃકરણ.

કાળ—સં. (कल् ગણત્રી કરવી.) જેથી મોત–નાશ થાય–આત્મસ્વરૂપ ભુલાય એવું કંઇ; માયા.

જૂદાં જૂદાં મત પડવાં એ મૂર્ખાઇ–વિદ્વાન માણસો નિષ્પક્ષપાતપણે અને વિવેકબુદ્ધિને અનુસરીને વિચાર કરે તો બધા એકજ રસ્તે ઉતરે. [સાત એ પૂર્ણસંખ્યા છે.] (૨–૩) જેના ઉપર ઇશ્વરની કૃપા થાય તેને કોઇ સાધન કે ધર્મની જરૂર નથી, ઇશ્વરપ્રાપ્તિને અર્થે ખરૂં સાધન તત્વજ્ઞાન, તે શિવાયનાં બીજાં સાધન તો માયા છે—જંજાળ વધે પણ મટે કે ઘટે [નહીં.

૬૯. **તપસ્યા**—સં. (तपश्चर्या.) ઇશ્વરપ્રાપ્તિને અર્થે દેહકષ્ટ કરવાં તે.

કાળને સાથ = માયાનાં કામ, માયાનું અંગ.

વ્યાકરણ—સં. (वि વિશેષે, आ હદ બતાવેછે, कृ કરવું.) શાસ્ત્રનું અધ્યયન.

સમાધિ—સં. (सम् સાથે, आ + धा મૂકવું.) યોગનું આઠમું અંગ–પ્રાણ વાયુને ચડાવી બ્રહ્માંડમાં સ્થિર રાખવો તે. (જો૦ ૪૪. યોગ.)

અસંગ—સં. (संज् વળગીરેવું.) વિજોગ; સંસારથકી વિરક્તિ, ત્યાગીપણું.

માયાનું અંગ—સં. = માયાનું સ્વરૂપ–કામો. [સમા૦ નપ૦

અણલિંગીપદ—સં (लिंग ચિન્હ, पद् જવું) જ્ઞાનીની પદવી–સ્થિતિ–રીત.

અનુપ—સં. (ऌपम. उपमा બરાબરી, उप પાસપાસે, मा માપવું.) જેની બરાબરી કોઇ નહિ કરીશકે એવું, ઉત્તમ. સમા૦ બહુ૦

ધ્યેય—સં. (ध्येय ध्यै ધ્યાન ધરવું.) જેનું ધ્યાન ધરવાનું તે, ઇશ્વર.

ધ્યાતા—સં. (ध्यै ધા૦) ધ્યાન કરનાર.

રૂપ—સં (रूप् જોવું.) આકાર, જૂદા જૂદા આકાર, ભેદાભેદ, દ્વૈતભાવ.

૭૦. **પૂરવ—અનુસાર**—સં. (पूर्वजन्मकर्म० अनु પાછળ, सृ જવું.) આગલે જન્મે કરેલાં કર્મોપ્રમાણે–કર્મનાં ફળરૂપે. સમા૦ પૂર્વજન્મ–કર્મ૦;–કર્મ–સ૦;–અનુસાર–દ્વિ૦ કે ષ૦

ઉત્તમમધ્યમ—સં. = ઊંચાનીચા, સારામાઠા.

ભોગ સંસાર—સં. = સંસારના વૈભવ—સુખ. ૨. વિષયના સમૂહ ?

(छप्पा ७० - ७२.)

હુંમમતા—સં. (अहंममता-त्व) હું ને મારું એણે; અથવા-હુંપણાના અભિમાને. સમા૦ દ્વંદ્વ. અથવા કર્મ૦.

ત્રિવિધકર્મ—સં. (ત્રિ઼ધિ રીત; त्रि + धा કરવું. ૨. वि જુદાં, धा મૂકવું.) ત્રણ જાતનાં કર્મ-કાયિક = શરીરસંબંધી, વાચિક = વાણીસંબંધી, માનસિક = મનસંબંધી. સમા૦ કર્મ૦, ત્રિવિધ-બહુ૦.

પ્રાય—અવ્ય૦-સં. (प्रायः) મુખ્યત્વે કરીને, મૂળે.

અભાવ—સં. (भू હોવું.) નાસ્તિત્વ, ન હોવું તે. સમા૦ નપ૦

(૩) પણ જ્યાં દ્વૈતજ છે નહિ તો પૂર્વજન્મ શાનો, અને તે કર્મપ્રમાણે સુખદુઃખ મળે એ વિચાર ક્યાંથી? અલં૦ પૃચ્છા.

૭૧. **તરંગબુદ્બુદા**- સં. (तॄ ઓળંગવું.) મોજાં અને પરપોટા. સમા૦ દ્વંદ્વ.

ચળે—(સં. चल જવું.) થાય, ઉડે. [અથવા તૃ૦

વિકાર—સં. (वि ઉલટું, જૂદી રીતનું, कृ કરવું.) ફેરફાર, બદલાવું તે.

મહાંત—સં. (महत्.) મોટા.

તારક—સં. (तॄ ઓળંગવું.) તારનાર; જ્ઞાની.

ભૂમંડ—સં. (૦ડલ.) પૃથ્વીપર, સંસારમાં, જગતમાં.

આકાશે ચંદ્ર છે તે જળમાં આવતો નથી-જળમાં ભાસે તે તેનાં પ્રતિબિંબ; પવનથી પાણીમાં મોજાં ચાલે ને પરપોટા થાય, પણ મૂળ વસ્તુ પાણી કંઇ બદલાતું નથી, અને એમ પાણી હાલવાથી ચંદ્ર હાલતો અને ઘણે પ્રતિબિંબે જણાયછે, પણ મૂળ ચંદ્ર તો આકાશમાં જેમનોતેમ સ્થિર છે; એ રીતે પરમાત્મા શરીરમાં રહેલોછે એવું જેને જ્ઞાન થયું તે જગતમાં મોટા જ્ઞાની માયાથકી મુક્ત છે-પોતે મુક્ત બીજાને ઉપદેશ કરી તારનાર.

અલં૦ દૃષ્ટાંતસાથે ઉપમા.

૭૨. **ભૂર** = હે શૂરા-ડાહ્યા-જ્ઞાની પુરુષ. [હાસી અને તિરસ્કારમાં.]

પ્રાકૃત—સં. (प्रकृति મૂળ-સંસ્કૃત.) સંસ્કૃત નહિ તે. [ગુજરાતી, મરેઠી, બંગાળી, હિંદી-એ હાલની પ્રાકૃત ભાષા છે. સૌરસેની, માગધી, પૈશાચી, અને વળી એક અપભ્રંશ એ નામની જૂની પ્રાકૃત ભાષા હતી.]

બાવન = બાવન અક્ષર. (લક્ષણા.)

વિસ્તાર—સં. (वि + स्तृ ધા૦) પસારો, ફેલાવો, રચના.

ત્રેપનમો = બાવન અક્ષરશિવાયનો-બાવન અક્ષરથી-ભાષાથી જે વર્ણી-શકાતો નથી તે, પરમાત્મા; ખરો જ્ઞાની.

(છપ્પા ૭૨—૭૪.)

(૧) ભાષાની શી પંચાત? જેમાં જ્ઞાન કથેલું તે ભાષા—અને જેને જ્ઞાન થયું તે જ્ઞાની; હું શૂરો હું શૂરો એમ કોઇ બકયાકરે તેમાં શું વળ્યું? યુદ્ધે [ચડી જીતે તે શૂરો.

૭૩. કાષ્ઠ—સં. (काश પ્રકાશવું.) લાકડું.

વોણ્યુ—સં. (विहीन.) વિનાનો; વના, વગર.

નાવે = ન આવે.

અર્થે—સં. = કામમાં.

દામ—हिं = ગરથ, પૈસો, રૂપિયા.

લાકડાંનો ભારો બાંધેલોહોય તે છોડેથી લાકડાં ખપ આવે; કોઇ વેપારી પોતાનો પૈસો પેટીમાં મૂકીરાખી આપટ ચડાવ્યાકરે તેમાં શું વળ્યું? તે બાર કાઢી લોકોને ધીરે તોજ વ્યાજ પામે; એમ સંસ્કૃતમાં જ્ઞાન કથેલું હોય તે પ્રાકૃતની સહાયતાથી સમજાય.

અલં૦ ઉપમા—દૃષ્ટાંત.

૭૪. કરખ? = શોક. દુ:ખ. [હરખથી ઉલટું બતાવવા કરખ લખ્યુંહશે-ઉલટું કે નઠારું બતાવવાને ક, કુ વગેરે આગળ ઉમેરાયછે એવા વિચારથી.]

અનુભવ—સં. (अनु પાછળ, भू થવું.) અભ્યાસ—અવલોકન—કાર્યથી જે જ્ઞાન મેળવેલું તે અથવા જે નક્કી કર્યુંહોય તે. ૨. ખરું તત્ત્વજ્ઞાન.

આકાશઉદર—સં. - આકાશનું પોલાણ.

દશદિશા—સં. = ચાર મુખ્ય દિશા ચાર ખુણા અને આકાશપાતાળ.

આણ—સં. (आज्ञा.) હુકમ.

જ્ઞાનગગન—સં. = બ્રહ્મજ્ઞાનરૂપી ગગન-પોકળી. સમા૦ કર્મ૦ અલં૦ રૂપક.

દેશકાળ—સં. (दिश બતાવવું; कल ગણવું.) જગા તથા વખતના વિભાગ.

અણજાણ્યાં—સં. (अज्ञात.) અજ્ઞાનથકી—ખરી વાત નહિ જાણવાને-લીધે ઉત્પન્ન થયલાં. સમા૦ નય૦ [કલ્પના.

આળ = તોહોમત, આરોપ; નહિ હતાનું હતું કરીબેસાડવું તે, ખોટી

અનુભવથી જોતાં-અથવા ખરાં તત્ત્વજ્ઞાનની બાબતમાં હરખશોક, સુખદુ:ખ, હાનિવૃદ્ધિ, કંઇ વસ્તુત: છે નહિ, માત્ર પરસ્પર સંબંધે એમ કેવાય. આકાશનાં પોલાણમાં કંઇ મર્યાદા કે ભાગ નથી, પણ પરસ્પર સંબંધે ઉત્તર દક્ષિણ વગેરે દિશાઓ કેવાયછે. હરખ કે શોક-જે વેળા જે આવે તે અનુભવવું, તેથી મનમાં વિકાર થવાદેવો નહિ; કારણ કે હર્ષ-શોક પ્ર૦ નામો અજ્ઞાનથી ઉત્પન્ન થયલાંછે, જ્ઞાનરૂપી પોલાણમાં તો

(छप्पा ७४—७७.)

એમાંનું કશું નથી-ત્યાં તો સર્વત્ર સર્વદા જ્ઞાનમય બ્રહ્મ ભરપૂર રહેલો, તે કદ્દિયે ક્યારેપણ વિકાર પામતો નથી.

અલં૦ દૃષ્ટાંત. [સ્ત્રી, પતિવ્રતા. સમા૦ બહુ૦

૭૫. **એકમની**—સં. = એકજ પુરુષ-પોતાના પતિપરજ જેનું મન એવી

સાધવી—સં. (साध्वी. साध् હેતુ પારપાડવો.) પતિવ્રતા સ્ત્રી.

વાર—સં. (वारि) પાણી. ઉરાડે વાર = પાણી વરોળે, ફાંફાં મારે, મથે.

સિદ્ધિથકી જ્ઞાનની મહતા છે એમ ન સમજવું. જ્ઞાનીમાં એ સ્વાભાવિક છે કે સિદ્ધિનું ઢંઢાણ તેને ન ગમે; કારણ કે સિદ્ધિ તો ઉલટી મોક્ષમાં અંતરાય થઇપડેછે-એ માયાનો ભાગ છે અને જ્ઞાની પુરુષ માયાથી લોભાયજ નહિ. [સેજ=લગારપણ-આ અર્થ લેતાં ભાવ સરળ છે.]

૭૬. **અષ્ટમાસિદ્ધિ**—(જો૦ ૩૬.) સમા૦ દ્વિગુ.

લખે—(સં. लक्ष् તાકવું. ૨. लिख् લખવું.) ગણેછે. ૨. કહેછે.

લોકપતિ—સં (लोक् જોવું; पा રક્ષવું.) રાજા, મોટી સંસારી માયિક પદવી.

૨. આઠ દિશાના આઠ રક્ષક દેવ-સૂરજ, ચંદ્ર, અગ્નિ, પવન, ઈંદ્ર, યમ, વરુણ અને કુબેર.

અનુભવ—સં. (अनु પાછળ, भू થવું.) જ્ઞાની પુરુષ. (લક્ષણા.)

ઇશ્વરમાં આઠ મહાસિદ્ધિ રહેલીછે તેનેજ વેદ માયા કરીને ગણેછે અને એજ સિદ્ધિનાં કારણથી પૂર્ણબ્રહ્મને સંસારરૂપે અવતરવું પડેછે, તો એ ઇશ્વરનો અતિ ઝીણો અંશ જે જીવ તે એ સિદ્ધિની સહાયતાથીજ પાછો પોતાને મૂળસ્વરૂપે કેમ થાય? એ સિદ્ધિઓવડે લોકપતિની પદવી પ્રાપ્ત થાય, પણ તે કંઇ જ્ઞાનીની તોલે નહિ આવે-લોકપતિ થઇને પણ આખર પુણ્ય ક્ષીણથયેથી પાછાં પડવું, મોક્ષ તો નહીંજ. [(૩--ખ.) લોક પતીજે તે સિધ્ધવડે-આ પાઠ પ્રમાણે=હા, એ સિદ્ધિ પામ્યાથી લોકોમાં તો મહતા મળે-લોકોને તો એવી પતીજ પડે કે એ જ્ઞાની-મુક્ત છે, પણ ઇ૦.

અલં૦ (૨) પૃચ્છા. [પતીજ ક્રિયાપદ પ્રમાણે વપરાય?]

૭૭. **અહુંરોગ**—સં. (रुज् માદા પડવું.) અહંપદ-હુંપદ એજ કોઇ રોગ. સમા૦ કર્મ૦. અલં૦ રૂપક. [સંનિપાત, સનેપાત.

ભ્રમ—સં. (भ्रम् ભટકવું.) મન ભમવું તે; મનને ભમાવનાર ચીજ—સિદ્ધિરૂપી ભ્રમ = અષ્ટમહાસિદ્ધિ એજ ભમાવનાર. અલં૦ રૂપક.

વ્યસને—સં. (वि ખાશ, अस् હોવું.) કેફની આદત-ટેવ. વ્યસને લાગ્યો=કેફ-

માદક—સં. (मद् ગાંડા થવું-પ્રે૦ ભેદે.) કેફી ચીજ. [ની આદતમાં પડી.

ભખે—(સં. भक्ष् ધા૦) ખાય.

(છપ્પા ૭૭ -૭૯.)

મોચ—(सं. मुद् धा०) મોહ પામજે, મોટી ગણીલેજે.

જે હુંપદનાં કારણથી શિવ મટી જીવ થવુંપડ્યું તે તો છેજ, અને વળી તેની સાથે સિદ્ધિરૂપી ભમાવનારી વસ્તુ મળી એટલે પછી પૂછવું શું?—રોગીને સનેપાત થયો એટલે તે સારો થવો દોહેલો. કોઇ માણસની અક્કલ ચળીહોય, તેમાં વળી કેફ કરે એટલે પૂરો ભમે. સિદ્ધિ તને મોટી લાગેછે, કારણ કે તું હુંપદને લીધે ભમેલોછે, માટે હુંપદને ટાળશે તો સિદ્ધિનો મોહ આપોઆપ ટળીરહેશે-હુંપદના કારણથીજ સિદ્ધિ વાલી લાગેછે અને સિદ્ધિ [હુંપદને વધારેછે.
અલં० દૃષ્ટાંત-ઉપમા.

૭૮. **પોત**—(જો० ૨.)

પોતે = હુંપદ ધરનાર.

વહ્યા—(सं. वह् धा०) તણાયા, હદબ્હાર ગયા; બેક્યા, વંઠયા; ખરે રસ્તેથી ભમ્યા, પોતાનું મૂળસ્વરૂપ છેક ભૂલ્યા. [समा० ६६.

ક્રયવિક્રય—सं. (क्री ખરીદવું; वि + क्री વેચવું.) ખરીદી અને વેચાણ.

વૃદ્ધિખાદ—ધ = વધારોઘટાડો, નફોટોટો. समा० ६६.

મૂળસ્વરૂપે ન રેતાં અથવા મૂળસ્વરૂપ ન સમજતાં હુંપદ ધર્યું એટલે માયાના વોમાં પડ્યો, અને સિદ્ધિઆદિક ઊંચી જાતની કે સંસારી વિષયભોગજેવી નીચી જાતની વસ્તુપર આસક્તિનેલીધે બેકયો-પોતાનું મૂળસ્વરૂપ છેક વિસર્યો ને ફરી ઠેકાણે ન આવ્યો; કારણ કે માયા એ ખોટી કલ્પના તેથી એનાં કામનો છેડોજ નહિ. જે મૂળનું નથી પણ ઉત્પન્ન થયું તેને તું મૂળવસ્તુ માનેછે-અથવા જે કંઇ પેદાથાય તેને કારણની જરૂર, અને તેમાં વધઘટ હોય-મૂળવસ્તુમાં તેમ ન થાય; વેપારજ ન કરે તો નફોટોટો ક્યાંથી? અલં० દૃષ્ટાંત. [(૩) અખા ઉપનું ન માને આદ્ય, ક્રયવિક્રયવિના શી વ્રાધ્ય-એ પાઠ લેતાં-ઉપર બતાવેલો એ પદનો પેલો અર્થ થાય.]

૭૯. **પ્રપંચ**—सं. (प्र આગળ, पच् પસારવું.) મિથ્યાનાટક, ખોટો ભાસ, માયાનો [પસારો.

પ્રીછીજોયો = તપાસ કરતાં માલમપડ્યો; ઓળખીલીધો.

વરો = ખરચ;, ઘટાડો.

જયાંથું = જ્યાંથી, જેમાંથી.

જાતું—(सं. जन्—जा. धा०) પેદાથતું.

તપાસ કરતાં નક્કી થયું કે આ તો સઘળો ખોટો ભાસ છે-નથી કંઇ પેદાથતું કે નથી નાશ પામતું. ખરેખરી કંઇ નવી વસ્તુ પેદા થતીહોય તો જેમાંથી તે ઉપજે તેમાં કંઇ ઘટાડો થવોજોઇએ, પણ તેમ નથી—તે બ્રહ્મ તો જેમનુંતેમજ છે. [શઠ ન વળે જ્યાં જઇ આવટે?—વાણના સઢમાં પવન ભરાયાથી તે ફૂલેછે તેથી વચમાં વધતું જણાયછે, પણ તેના મૂળ

(छप्पा ७९—८१.)

વિસ્તારમાં કંઇ ફેર પડતો નથી-અથવા-જે જગાએ તે બાંધેલુંછે ત્યાંથી તે પૂલી વધતું નથી. આવો અર્થ થાય?]

૮૦ **આકાશ**—સં. (आ ચોતરફ, काश જણાવું.) પોલાણ, ખાલી જગા.

રુંધાય—(સં. रुध् રોકવું.) રોકાય, ભરાય.

અગ્નિજોગે—સં. (૦योग. युज् જોડવું.) દેવતાના સંબંધથી, ઉકળવાથી.

વકર્યાં—(સં. विकृत ઉલટું થયલું. જો૦ ૭૧-વિકાર.) વંઠેલાં, આડાં કે [હદબાર ગયલાં.

લય—સં. (ली પિગળવું.) શમીજવું તે, નાશ.

બ્રહ્મમાં સ્ફુરણા થઇઆવ્યાથી તેજ જગતરૂપે વિસ્તાર પામેછે. તેમાંથી કંઇ બીજી વસ્તુ નિકળતી નથી—જેમ ઇ૦ તત્ત્વોનાં પરસ્પર મળવાથી વિકાર થાયછે અને નવાનવા પદાર્થો પેદાથતા જણાયછે, આખર લય પામતાં તત્ત્વરૂપેજ થઇરહેછે. અલં૦ દષ્ટાંત.

૮૧. **પંચ**—સં.—પાંચ તત્ત્વ. (જો૦ ૩૩, ૧૦૭.) ૨. પાંચ જ્ઞાનેંદ્રી. (જો૦ ૩૩.)

તત્ત્વ—સં. (तन् તે.) મૂળ, સાર.

વાસનાલિંગ—સં. (वास् ગુણ ડાખલ કરવો; लिग् ચિન્હ કરવું.) વાસના—ઈંદ્રિયોવડે જેકંઇ અનુભવ્યુંહોય તેની યાદદાસ્ત એજ કોઇ અરૂપદેહતત્વ. સમા૦ કર્મ૦ [વેદાંતમતે આત્માને ચાર દેહ છે-૧ સ્થૂળ-હાડકાંચામડાંનું જડ ખોળિયું. ૨. સૂક્ષ્મ-વાસનાલિંગ. ૩. કારણ-જીવને અજ્ઞાનનું વેષ્ટન તે-હું જીવ સ્થૂળસૂક્ષ્મ દેહથકી જૂદો છું, પણ કેવે રૂપે છું તેનું જે અજ્ઞાન તે. ૪. મહાકારણ.—કેવળબ્રહ્મથી સેજ ઉતરતી સ્થિતિ.

સત્વ—સં. (सत्—अस् હોવું-નો વર્ત્ત૦ કૃ૦) સાર, પરિણામ, સેવટ.

ભૂત—સં. = પંચમહાભૂત. (જો૦ ૩૩, ૧૦૭.)

વિચરે—(સં. वि+चर् જવું.) જાય, મળે, મળીજાય.

કલ્લોલ—સં. (कल्ल् સોરકરવો.) લેર, મોજાં; ખળભળાટ.

ચિદ્દવિલાસ—સ. (वि + लस् ખેલવું.) જ્ઞાનજ જેનો વિલાસ છે એવો—બ્રહ્મ. ૨. જ્ઞાનરૂપ બ્રહ્મના વિલાસ. સમા૦ બહુ૦. ૨. ષ૦

મનમુદા—વિ૦-સં. (मुद् ધા૦) મનમાં મગ્ન—આનંદરૂપ.

પાંચ તત્ત્વોનાં મૂળ એકમેકમાં રહેલાંછે-એને પરસ્પર નિકટનો સંબંધ છે. એ પાંચનાં સંમેલનથી સ્થૂળદેહ, અને એ સ્થૂળદેહે મેળવેલા અનુભવની જે સ્મૃતિ રહીજાયછે તે વાસનાદેહ-અથવા પાંચ જ્ઞાનેંદ્રિયના પાંચ વિષય જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ-એ તત્ત્વોથી નિકળેલો જે સાર તે વાસનાદેહ-[અથવા વળી-પંચતણા પચવીશેં તત્ત્વ, વાસનાલિંગ તે તેનું સત્ત્વ-એ પાઠ પ્રમાણે-મૂળ પાંચ તત્ત્વનાં પચ્ચીશ તત્ત્વ ઇ૦ જો૦ ૩૩ ટીકા.] સ્થૂળ દેહનો નાશ થતાં તેનું પૃથક્કરણ થઇપાંચે તત્ત્વો

(છપ્પા ૮૫—૮૫.)

તત્ત્વમાં મળેછે, ત્યારે મોત શું? મોત કંઇ વસ્તુ નથી-જળમાં ખળભળાટ થવાથી ઉપજેલો પરપોટો જળ શાંત થતે પાછો જળરૂપ થઇ તેમાં સમાયછે. એ પંચમહાભૂતમાં એવો ખળભળાટ હંમેશ થયાંજ કરેછે અને તેથી કંઇકંઇ આકારો દેખાઇ પાછા લયથાયછે, તેમાં બ્રહ્મને કંઇજ ક્ષોભ નથી. તે તો આનંદમાં સદૈવમગન છે; અથવા-પંચમહાભૂતનાં આ મોજાં હંમેશ ઉછળેછે, હું તો જેમનો તેમજ છું-એવું જ્ઞાનજ જેનો વિલાસ છે; અથવા-વળી-પંચમહાભૂતનાં મોજાં હંમેશ ઉછળેછે તે જ્ઞાનરૂપ ઇશ્વરનીજ લહરીઓ છે.

૮૨. **ચલણીવલણી**—સં. (चलन वलन—चल्, वल् ધા૦) હાલવુંચાલવુંઅનેવળવું.

પંચરૂપે = પાંચ તત્ત્વરૂપે.

વિસ્તરયું—(સં. वि+स्तृ ધા૦) ફેલાવ્યું, પસાર્યું.

સાન—સં. (संज्ञा. ज्ञा જાણવું.) ઇસારો; કોટી, કૂંચી, કળ, ભેદ.

નિર્વાણ—સં. = ઉદ્ધાર, મોક્ષ.

[૮૧ માં પાંચ તત્ત્વને મૂળ ગણ્યાં તે પણ એક કેવળબ્રહ્મનોજ વિસ્તાર છે.]

૮૩. **આકાશ**—સં. = નિરાકાર નિર્ગુણ શૂન્ય જ્ઞાનરૂપ બ્રહ્મ.

આઘેરી = આઘી, મનબુદ્ધિની જ્યાં પોચ નહિ—મનાતીત (જો૦ ૧૫.)

સ્થાને—સં. (स्था ઊભારેવું.) મૂળઆગળ; મૂળ તપાસીજોતાં

શૂન્ય—(જો૦ ન૨૦ પદ ૯—૧.) કંઇનહિ તે, કેવળ ભાસ.

મૂન્ય—સં. (मौन. मुनि એ વ્રત પાળેછે માટે.) ચુપકી, મોડે કંઇ ન વદવું તે.

[૩-ખ. બોલે બે થાયજ માટે.]

૮૪. **શૂન્યવાદી**—સં. (જો૦ ઉપર-શૂન્ય.) ઇશ્વર અને સૃષ્ટિ છેજ નહિ એવું મત ધરનાર. ૨. ખરી વાત જાણ્યાવગર વાદ ચલાવનાર.

વ્રત્ય—સં. (वृत्ति. वृत् હોવું.) પોચ, ગમ.

પર—સં = આઘું, દૂર; જૂદુંજ, ન્યારું.

ધામ—સં. (धा રાખવું.) ઠેકાણું. ૨. સ્વરૂપ.

૮૫. [૧]**ગુણવાદી**—સં. = ત્રણગુણ—સત્ત્વ રજ તમ—ઉત્પત્તિ સંરક્ષણ અને લય કરવાની શક્તિ તેજ ઇશ્વર એમ માનનાર.

માયાકૃત—સં. = માયાથી ઉપજેલા તેથી.

ઊસરી—(સં. अव દૂર, सृ જવું.) સંકોડાઇ, ઘટી, ટળી.

કુટજ્ઞાની—સં. (कुट् ઠગવું.) સમજાય નહિ એવું—વગરપાયાનું મત ધરાવનાર.

અધ્યાસ—સં. (अधि ઉપર, आस् બેસવું.) ખોટો ભાસ.

(૧૨) ગુણ માયાથી ઉપજેછે, માયા મિથ્યા ભાસ છે તો ગુણ સત્ય કેમ

(છપ્પા. ૮૫—૯૧.)

હોય? અને ગુણ સત્ય નહિ એટલે ઇશ્વરજ તેઓનો ટળીગયો માટે

૮૬. **વસ્તુ**—સં. (वस् રેવું.) ખરું—મૂળ તત્ત્વ, બ્રહ્મ. [એ પણ શૂન્યવાદી.
ઉપમા—સં. (उप પાસપાસે, मा માપવું.) સરખાવવું તે, મુકાબલે લાખવું તે.

૮૭. **ઉપાસે**—(સં. उप + आस् ધા૦) સેવે, ઇશ્વરકરી માને, ખરી વસ્તુ ગણે.
વૃત્ય—(સં. वृत्ति. वृत् વળવું.) વલણ; વિષય. મનની વૃત્ય = મને કલ્પેલી
લાધે = હાથ આવે, જડે. ((સં. लभ् નો ભૂ૦ કૃ૦ लब्ध ઉપરથી?) [વસ્તુ.
ગત્ય—સં. (गति. गम् જવું.) મૂળ સ્વરૂપ.

(૨) જેમ જેમ માણસ આધે જાણી બ્રહ્મનું વર્ણન કરે તેમ તેમ દ્વૈત વિશેષ થતું જાય—ખરું જ્ઞાન તે વણબોલેજ થાય.

૮૮. **આકારી**—સં. = ઇશ્વરને સાકાર કરી માનનારા.
તત્ત્વદર્શી—સં. (तत् તે, दृश् જોવું.) ઇશ્વરને માયારહિત કેવળ સત્યસ્વરૂપે જોનાર. समा० દ્વિ૦
સરવેઊફરે—સં. = સૌથી ઉલટો—ન્યારો. (सर्वोपरि? કે ઊફરો विपरीत?)

૮૯. **અંતરજામી**—(જો૦ પ્રેમા૦ ઉખળા૦ ૩.) ઇશ્વર, બ્રહ્મ—જ્ઞાનીપુરુષનાં
ગોર—સં. = ગુરુ. [અંતઃકરણમાં રહેલો.
બાજીગરમોર—फा० = ગારુડીએ પોતાના ઇલમના બળથી ખોટો—બતાવવાને ઉપજાવેલો સુનાનો સિક્કો; ખોટી ચીજ. समा० मध्य०
લોભવા—સં. (लुभ् ધા૦ પ્રે૦ ભેદે.) લોભાવવા, મોહ પમાડવાને, મોહ
રિદ્ધિ—(જો૦ ૧૩.) [પામે એટલાસારુ.
રૂપું—સં. (रूप्य. रूप् જોવું.) પૈસો, દોલત.

(૨) તે જે જ્ઞાન બતાવે તે ઉપરઉપરથી સારું દેખાય અને સંસારીનાં મનને અલં૦ (૧) રૂપક. (૩) ઉપમા. [રૂચે એવું હોયછે.

૯૦. **બેસે ઘાટ્ય** = બંધબેસે, વ્યવસ્થા કરીબતાવાય, ખરું કરી દાખવાય.
મૂળ—સં. = જેમાંથી એ ઊભું થયું તે, કારણ.
નાટક—સં. (नट् ખેલ કરવો.) નાટકરૂપ, ભાસમાત્ર.
પ્રમાણ—સં. (मा માપવું.) માપ, આધાર, ધોરણ.
જાણ—સં. = જ્ઞાન. અલં૦ અનુક્રમ.

૯૧. **ઊંધ્યા** = ઉંઘતા, બેભાન થઇને, માયાવશ.
બંરલે = બકે, લવે. [કરી થાપેછે.
અનુભવીરહ્યા = તપાસ કર્યાકરેછે; ઉપરથી ખોટું ગોઠવી તેને સત્ય—

(છપ્પા ૯૧—૯૪.)

આફળે—(सं. आ + स्फालय् પછાડવું.) અફળાયછે. [સ્વરૂપને.
આપે આપ = પોતે પોતાનેજ, પોતાનું બોલવું પોતેજ. ૨. પોતે પોતાનાં

૯૨. દૃષ્ટ—સં. (दृश ધા૦ નો ભૂ૦ કૃ૦) દીઠેલા, જોવામાં આવેછે તે, ઈંદ્રિયોવડે
ફોક = અસત, મિથ્યા, નાશ. [જણાતા—ઈંદ્રિગ્રાહ્ય.
સચર અચર—(જો૦ ગિર૦ અધ્યાય ૨૯-૩. ચર--વ્યાપક.)
ચૌદ લોક—સં. (જો૦ ગિર૦ અધ્યાય ૩૬-૪. ચૌદભુવન.)
ગૂંથે—(સં. ग्रथ ધા૦) રચે, બનાવે, લખે
નિરધાર સં. (निर्धार. नि: નિશ્ચય બતાવેછે, धृ રાખવું.) નિશ્ચય, નક્કી ઠરાવ, ખાતરીનો વિચાર. [આ શબ્દ ઘણુંકરીને અવ્યયપ્રમાણે વપરાયછે.]
સંસાર—સં. = જગત, દ્વૈત, માયાની ઉત્પત્તિ.

૯૩. મનન—સં (मन् ધા૦) વિચાર, ચિંતવન.
દર્પણ—સં. (दृप् ગર્વ કરવો-જો૦ દલ૦ શરદ૦ ૧.) આરસી.

(૩) આરસીમાં પડેલા ભાસ તે ભાસજ-મિથ્યા છે, તેમ આત્મા-ઇશ્વરને વિષે દેખાતો આ પ્રપંચ-સંસાર મિથ્યા છે, આત્માને એ કંઇ લેપતું નથી; એવું આત્માનું સ્વરૂપ જે જાણે તે ઇશ્વરજ છે. [આત્મા=માયાના પડદામાંથી જીવરૂપે ભાસતો ઇશ્વર. સર્વાતમા=શુદ્ધ ચૈતન્ય ઇશ્વર. તે નર કહિયે સર્વાતમા-આ પાઠ પ્રમાણે અર્થ સુલભ છે.]

અલં૦ ઉપમા.

૯૪. જતિ—(જો૦ ૩૩.) [ભેખ ધારણકર્યાથી.
ધોળાંભગુવાંવતી = ધોળાં કે ભગવાં લૂગડાં પેર્યાંથી; જતિસન્યાસીનો
તોડે—(જો૦ નર૦ પદ ૧૦-૨. શું થયું વાળલોચન કીધે.)
જોડે = ગુંથવાથી, જટા રાખ્યાથી.
જંજાળ—(સં. जाल-जल् ઘેરવું.) ઉપાધિ, ખટપટ.
સંકોડે—(સં. संकट સાંકડું-ઉપરથી.) સંકોચે, સમેટે.
વ્યાપ—સં. (व्याप्ति. वि + आप् ધા૦) વિસ્તાર, પસારો, ફેલાવો.

(૩) જગત એ માયાનો પસારો છે એમ જાણી તેને સંકોચતો સંકોચતો કોઇ તેનાં મૂળતરફ જયાંકરે તો અંતે પોતેજ એક ઇશ્વર રહે. દીવામાંથી કે સૂરજમાંથી કિરણો નિકળી ફેલાયછે અને તેમાં કંઇકંઇ રંગ ને ઢંગ ભાસે તે બધાંનો વિચાર ન કરતાં એ કિરણો કયાંથી નિકળેછે એ જોતાં દીવાનું અને સૂરજનું જ્ઞાન થાયછે તેમ. નદીના પ્રવાહવિષે પણ એવીજ સમજ.]

(છપ્પા ૯૫—૯૮.)

૯૫. **દાવાગિર**—ફા૦. = હકદાર, અમારી સમજ ખરી એમ કેનાર. [દાવાગિર ને દાવેદાર તે એકજ ?]

થાપે—(सं. स्था प्रे० ભેદે૦-स्थापय् દૃઢ કરવું.) સિદ્ધ કરીઆપે.

એક—सं. = અદ્વૈત.

(૨-૩) હુંપદ ટાળી બ્રહ્મમાં લીન થવાને બદલે વાદવિવાદ કરી ઉલટો અહંભાવ વધારે; એનું સેવટ એ કે ખરાં તત્ત્વજ્ઞાનથી વેગળો જતોજાયછે.

અલં૦ પૃચ્છા.

૯૬. **સરે** = ઠેઠ.

ઓરેરું—અવ્ય૦ = આણીતરફ. બ્રહ્મથકી આ તરફ.

ઓરું = અહિયાં. (सं. आगत् પાસે, કે अत्र અહિયાં.)
હું સમજુંછું પણ કેવી ઢબમાં સમજાવું ? એકે રીતે કેવું ફાવતું નથી. લે કે મૂક--બ્રહ્મને પકડ કે માયાને છોડ--જે કહું તે બ્રહ્મની બાબતમાં લાગુપડતું નથી. પકડવું છોડવું એ તો માયિક વિષયને લાગુપડીજાય; અને સમજાવીશકાતું નથી ત્યારે એમ કેતાં પણ મને લજ્જા આવેછે કે એમાં કંઇ મુશ્કેલ વાત નથી, એ સમજ તો સેલ છે. અર્થાત્-ચૈતન્યબ્રહ્મનું અદ્વૈતજ્ઞાન તે તો વણબોલેજ થાય-બોલ્યા કે બે થાયજ. [વાંચવું.]

૯૭. **ઉકેલપડે** = ખુલાસો થાય, સમજવામાં આવે. (सं. उत्कलन.—उत् + कल

જાએ પરહરવું = તજીદેવાય, મટે, ટળે. (सं. परिहृत --- परि + हृ નો ભૂ૦ કૃ૦)

મોહ—सं. = માયા, માયિક વિષય; માયિક વિષય-સંસારી વસ્તુસંબંધી.

(૩) ખરું જ્ઞાન કોઇ સમજાવવા બેસે તો તેને લજવાવુંપડે, કારણ કે કેનાર સાંભળનાર અને કેવાનું એ બધું એકજ, ત્યારે કોણ કોને કયા વિષયસંબંધી સમજાવે ? એ તો પોતે પોતાની આગળ પોતાવિષે કેવાસરખું છે-છોકરો નાચે ને મા નાચ જોઇ રાચે, પણ પાછળથી ખબર પડતાં લજવાય તેવું છે. આત્મા પરમાત્માનો અંશ છે અને જ્ઞાની તે જાતે પરમાત્મા.

૯૮. **સગુણ**—सं. = સત્ત્વ રજ તમ એ ગુણસાથે-વાળો ; સાકાર. समा० બહુ૦

પસરચો—सं. (प्रसृत—प्र + सृ નો ભૂ૦ કૃ૦) ફેલાયો, વિસ્તાર પામ્યો, ઘણે ઘણે રૂપે ભાસ્યો. [૨. કારણવિના.

અકસ્માત—અવ્ય૦ सं. (०त्. कस्मात् શાથકી.) એકાએક, ઓચિંતો.

માનીજે = માનિયે.

(૨) કાળકર્મશિર મૂકી વાત = અને પછી કાળ તથા કર્મને માથે અડસેલીમૂક્યું--કાળનેલીધે એમ થાયછે, અથવા પ્રાણીનાં કર્મ તેવી તેની ગતિ, એવું ઠોકીદીધું. [(૩) શંકા ઉઠે કે બ્રહ્મને ઇચ્છા થઇ ત્યારે તો તે

(છપ્પા ૯૯—૧૦૨.)

વિકારી! પણ ઇચ્છા થઇ એમ કેહેવું તે સંસારીને સમજાવવાનેજ. જગત સત્ય માનિયે તાંલગીજ માયા છે, જગત જૂઠું જાણ્યું એટલે માયા આપોઆપ ટળીગઇ.]

૯૯. **ભાવ**—સં. (भू હોવું.) અસ્તિત્વ, હોવાપણું.

લેશ—સં. (लिश ઘટવું) લગારપણ, મૂળેજ.

સીમ—સં. = મરજાદા, હદ.

પ્રાયે—અવ્ય૦ સં. (प्राय:) ઘણુંકરી, મૂળેજ.

અખંડ—સં. (खंड ભાંગવું.) કાળથી ને જગાથી જેના વિભાગ થઇશકતા નથી એવો. સમા૦ બહુ૦

અલં૦ દૃષ્ટાંત.

૧૦૦. **કૈવલ્ય**—સં. (केवल માત્ર, ફક્ત.) અદ્વૈતબ્રહ્મ.

સૂચવે—(સં. सूच ધા૦) બતાવે, સમજાવે. [ઠેકાણે પડે.

ઘાટ્ય બેસે = ચોકઠું બંધ બેસે, બરાબર ગોઠવણી કરીબતાવાય, વાત

નાટ્ય—સં. (नट् ખેલવું.) નાટકમાં; નાટક કરનાર.

લક્ષસહિત—સં. (लक्ष જોવું.) જોવાની-જાણવાની-સમજવાની વસ્તુ-બ્રહ્મની સાથે. સમા૦ બહુ૦

કેવળ બ્રહ્મનું વર્ણન કરી ન શકાય માટેજ માયા ખપમાં અણાયછે. માયાની મારફત જ્ઞાન થયું કે માયા આપોઆપ ખસીજાયછે; એટલામાટે બ્રહ્મના સંબંધમાં રહેલી જે માયા—બ્રહ્મનું સ્વરૂપ સમજાવવાને ખપમાં આણેલી જે માયા તે જૂદી વર્ણાયા છતાં કેવળ બ્રહ્મજ છે, જૂદી વસ્તુ નથી. [અક્ષર અને ભાષાનું દૃષ્ટાંત લઇ સમજવું.]

૧૦૧. **સંસાર**—સં. (सम् નિયમપ્રમાણે, सृ ચાલવું.) સાકાર ઇશ્વર.

થાપણહારા—(સં. स्थापन—स्था ધા૦ પ્રે૦ ભે૦.) સાચું કરીબેસાડનાર-

કુળે—(સં. कल ગણવું.) સમજે, જાણે. [ગણનાર.

થાપ—સં. (स्थापन.) સ્થાપનકરેલું તે, નિશ્ચય. રાખ્યો થાપ=એ બન્યોએ જે સ્થાપનકર્યું તે કાયમ રાખીને એક ત્રીજો રસ્તો કાઢ્યો.

૧૦૨. **સગુણ નિર્ગુણ**—સં. = સાકાર કે નિરાકાર. સમા૦ બહુ૦.

બાંધ્યોરૂંધ્યો—સં. (बद्ध—रुद्ध, बंध् બાંધવું—रुध् રોકવું—ના ભૂ૦ કૃ૦.) ગોળો-પિંડાજો, નહિ સગુણ ને નહિ નિર્ગુણ.

સાર—સં (सृ નિકળવું.) આખરનો નિશ્ચય.

પ્રભાઆકાર—સં. (भा પ્રકાશવું.) તેજરૂપ. સમા૦ બહુ૦.

(છપ્પા ૧૦૩—૧૦૫.)

૧૦૩. ત્યાગ—સં. (त्यज् છોડવું.) દાન. ૨. સંસારથી વિરક્તિ, મોહ ન રેવો તે.

વૈરાગ—સં. (૦ગ્ય. वि વિના, राग મનોવિકાર, આસક્તિ સંસ ૨૫૨.) સંસાર-વિષયવાસના ટળવી તે, ત્યાગીવૃત્તિ.

વિષયવૃત્તિ—સં. (विष् પસરવું; वृत् હોવું.) બારની ઈંદ્રિયોવડે અથવા મનવડે જેકંઇ જાણવામાં આવેછે તે—શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ સુખ-દુઃખ ઇત્યાદિ વિષયો અથવા એનો લાવો જેવડે લેવાય તેવી સંસારી વસ્તુઓતરફ મનનું જે વલણ તે; સંસારી વસ્તુપર મોહ. समा० स०. [વેષવર્ત્યે-પાઠ લૈયે તો-જૂદા જૂદા પંથમાં પડવું અથવા ભેખ લેવા તે.]

નાનાવિધ—સં. (वि + धा કરવું: विध ગોઠવવું?) જૂદી જૂદી-ઘણી ઘણી જાતના, તરેહતરેહના. समा० बहु०

ભોગ—સં. (भुज् धा०) સુખનો લાવો. ૨. ભોગવવાના પદાર્થ.

ચૈતનજોગ—સં. (०योग.) સર્વે પ્રાણીનું મૂળ જે જ્ઞાનમય બ્રહ્મ તેનો સંબંધ.

રંગ—સં. (रंज् રંગવું. ૨. ખુશ કરવું.) ઘણીઘણી જાતના બદલાતા રમૂજ આપતા શોભતા દેખાવો, ઠાઠમાઠ.

અભંગ—સં. (भंज् ભાંગવું.) નિર્વિકારી, નહિ બદલાય એવો.

(૧) ભક્તિ · વૈરાગ?=મૂળવસ્તુ વૈરાગ, અને બીજે દરજ્જે ભક્તિ? ભક્તિની ત્યાગની કે સંસારભોગની-કોઇપણ પ્રકારની વૃત્તિ થાય તેમાં બ્રહ્મનો સંબંધ-એ બધા તેનાજ રંગ છે, તથાપિ પોતે તો હંમેશ નિર્વિકારી.

૧૦૪. જોતાં વસ્તુવડે=જગત્ એક બ્રહ્મની મારફતે જોઇએ તો. (જો० ૧૦૩-૩.)

આપોપું=પોતીકુ, મારું. ૨. બ્રહ્મથી સ્વતંત્ર પોતાનું અસ્તિત્વ ધરાવીશકે એવું. [ઇચ્છા રાખનાર.

પામણહાર—(સં. प्र + आप् મેળવવું.) પામનાર, ઇશ્વરને ઓળખવાની

લાધે=જડે. (સં. लभ् મેળવવું-નો ભૂ० કૃ० लब्ध ઉપરથી? જો० શામળ ૪૪. ૩૬.)

રજે—સં (रजस् ધૂળ-પરમાણુ, रंज् વળગવું.) લગારૂપણ.

અદ્દભદ—સં (अद्भुत.) અલૌકિક, અસાધારણ.

અટળ=નહિ ટળે એવો, સદૈવ રેનાર.

અનાદ—સં. (०नादि. आदि શરુઆત.) જેને આરંભ નહિ એવો, જન્મ-રહિત; આદિઅંતરહિત. समा० बहु०

વાદ—સં. (वद् બોલવું.) તકરાર, વૈખરી; નકામી માથાકૂટ.

૧૦૫. અટકળ્યો=અટકળ કરી શોધીકાઢ્યો, કલ્પ્યો, ધાર્યો.

(છપ્પા ૧૦૫—૧૦૯.)

વૈકુંઠ—સં. (वि વિનાનું, कुंठ આળસ મોહ ઇ૦?) વિષ્ણુલોક, વિષ્ણુનો જ્યાં [વાસ છે તે ધામ.
ક્યારેકજ – અવ્ય૦ = કોઇ કોઇ વાર.

(૩) આવું ઇશ્વરનું સ્વરૂપ ધાર્યાથી ખરી વસ્તુ ક્યાંથી હાથલાગે? ખરો ઇશ્વર તો આવોછે. (જો૦ ૧૦૬).

૧૦૬. **અવેવ**—સં. (अवयव.) હાથ પગ વગેરે શરીરના ભાગો.

ક્ષરે—(સં. क्षर् ધા૦) નાશ પામતુંજાય.

(૧) વૈરાટસ્વરૂપ-આખું જગત્ બ્રહ્મની મૂર્તિ છે. સરખાવો (૨) ને ૧૨૨ સાથે.

૧૦૭. **ભૂ-આકાશ**—સં. (भू થવું; तिज् तीक्ष्ण કરવું; अन् દમ લેવો; काश् પ્રકાશવું.) પૃથ્વી, પાણી, તેજ-પ્રકાશ, પવન અને આકાશ એ પંચમહાભૂત. સમા૦ દ્વ૦.

કદળીથંભ –સં. (कदलीस्तंभ. स्तंभ् ટેકો આપવો.) કેળનું થડ.
લુંબ—સં. (लुंबि.) ફળોનો ગુચ્છો-કાતરો.
રંભા—સં. (रम् ખુશ કરવું.) કેળ. [સમા૦ બહુ૦
અરૂપી સં. (रूप જોવું.) આકારવિનાનો, નિરાકારનિર્ગુણ-બ્રહ્મ.
પૂરવપક્ષ –સં. (पूर्व.० पूर्व પેલું, पक्ष વાદ, તકરાર.) કોઇ વાત સિદ્ધ કરવા-માટે વાદનો જે પેલો પાયો તે, અહિયાં સામી તકરાર.

(૩) એ રીતે ઉપાધિરહિત જે બ્રહ્મ તેજ ઉપાધિ ગ્રહણકરી પોતે વિસ્તાર પામેલોછે.' જો૦ ૪૭-૩.

અલં૦ દૃષ્ટાંત. (૩) રૂપક. [આ અષ્ટપદી છે.]

૧૦૮. **કાંઇ કલેશ**—સં. (क्लिश પીડવું.) લગારપણ પ્રયાસ-મેનત. [કાયકલેશ-પાઠ લૈયે તો, જો૦ ૪.]

પખાલ—સ્ત્રી, સં. (प्रक्षालन. न. क्षल् ધોવું.) સંધ્યાકાળે શિવની નિર્માળ-સવારે ચડાવેલાં ફૂલવગેરે ઉતારી દેવાલયને પાણીથી ધોવું તે. ૨ દેવને નવરાવવા તે. [ત્યાંલગે ધૂપપૂજાપર વાલ-એ પાઠપ્રમાણે અર્થ સુલભ છે.]

મુસલ્ય—સં. (મુસલ. मुस् ભાંગવું.) સાંબેલું; નડતર, સાલ.

(૩) તત્ત્વજ્ઞાનની બાબતમાં અજ્ઞાન-દ્વૈતભાવ એજ મોટું નડતર અને તેનેજ લીધે બધા મતાંતર ખેંચી જૂદે જૂદે પંથે પળેછે, બાકી તો બધાને એકજ નિશ્ચય થઇ એકજ રૂપે થાય.

૧૦૯. **ઊખાણો**—સં. (उपाख्यान. ख्या કેવું, उप् હલકું-ઉતરતું) સમશ્યા, કોયડો-એક વસ્તુ ઓળખીકાડવાને તેને મળતુંઆવતું સમશ્યારૂપ કથન.

વધારે—(સં. वृध् પ્રે૦ ભેદે-वर्धय्.) વધારવાથી.

[સરખાવો (૧-૨) ધીરો પદ ૪; અને (૩) ૬૧-૬૨.]

(છપ્પા ૧૧૦—૧૧૩.)

૧૧૦. **કર્મઘેન** = જપતપાદિ ક્રિયાઓરૂપી ખુમારી–કેફ. સમા० કર્મ० અલં० રૂપક.
ચકચૂંધ્ય—ચંધ = ખાંચખૂંચ; માથાકૂટ.
રૂંધ્ય—સં. (रुंधन ? रुध् રોકવું.) રોકાણુ, ભ્રમ.

કોઇને શાંત નિદ્રા ન આવતીહોય તે આણવાને તે કેફ કરે તો ખુમારી ચડી થોડી વાર સુખસરખું લાગે પણ પરિણામે તેમાંથી દુઃખ; એમજ સંસારનો ઉપાધિ ટળવાસારુ કર્મ કરે તો સુખની પ્રાપ્તિ થાય–સ્વર્ગાદિક લોક પણ પમાય, પણ સેવટ એનું એ કે આત્મસ્વરૂપનું જ્ઞાન હોય તે ટળે. કર્મથકી ઇશ્વરપ્રાપ્તિ ન થાય, થોડીવારનું સુખ મળે, જેમ વગડામાં ૪૦ અલં० (૨–૩) દૃષ્ટાંત.

૧૧૧. **મર્મ**—પુ.–સં. ન. (मृ મરવું.) છૂપો ભેદ; નહિ સમજાય એવો ઠાઠ.
ઠાઠ = દમાક; ઘોંટાળો, શોભિતી પણ મિથ્યા ગરબડાટ.
માય—સં. = માયા.
પરભાય—સં. (प्रभात्र. भा પ્રકાશવું.) પ્રકાશ, શોભા, શોભિતો ઠાઠ.
[પરવાહ–પાઠ લેતાં અર્થ વધારે સુલભ થાય.]

૧૧૨. **ઠરાવીને**—(सं. स्थिर દૃઢ–ઉપરથી.) એક નિશ્ચયપર આવીને.
શેષ—સં. (शिष् જૂદું પાડવું.) બાકી રહે તે.
તેનું શેષ = પંચભૂત ટળતાં જે રહે તે ચૈતન્ય બ્રહ્મ. [છે તે.
ચૈતન્યતા—સં. (चित् જાણવું.) જે શક્તિવડે જ્ઞાન થાયછે ને કર્મ કરાય–
ચૈતનધણી—સં. = બ્રહ્મ.
બીબું—સં. (बिंब આકાર, છબી.) જે ઘાટ કે સાંચાવડે બીજો તેવોજ ઘાટ
ભાત્ય—ત–સં. (भाति.) છાપ, તરેહ. [તૈયાર થાય તે.

પંચભૂત અને ચૈતન્યબ્રહ્મ એનો આ સઘળો વિસ્તાર છે—પાંચ તત્ત્વનું પરસ્પર મળવું થઇ વિવિધ આકાર બંધાઇ તેમાં ચૈતન્ય બ્રહ્મ ચૈતન્યતા–ઉત્સાહશક્તિ (energy) રૂપે રેછે, અને એમ ચોરાશીલાખ અવતારની નિયમિત ગોઠવણી થઇપડી છે. આ રીતે વેદ સંસારનું સ્વરૂપ સમજાવેછે.

૧૧૩. **એણે મર્મ**—સં. = આવી અટપટી રીતે.
કાંડ—સં. (कड् ભાગ કરવા.) ભાગ, પ્રકરણ, બાબ.
ધૂમમારગ—સં. (धूम्रमार्ग.) ધૂમાડાનો–અંધારાનો–કર્મનો માર્ગ.
અરચિ—સં. (अर्चिस्. अर्च् પૂજવું.) જ્વાળા, જ્યોત, તેજ, તેજોમય બ્રહ્મ.
નિષેધ—સં. (नि + सिध्–षिध् મના કરવી.) નાકબૂલ કરવું તે, રદ કરવું તે.
ઉપનિષદ—સં. (०षद्. उप પાસે, नि + सद्–षद् બેસવું.) વેદાંતશાસ્ત્ર, એકેશ્વરજ્ઞાન.

(છપ્પા ૧૧૩—૧૧૬.)

(૧-ખ) જીવશિવ બે વસ્તુ જૂદીપાડી તેનાં જૂદાં જૂદાં કર્મ બતાવ્યાં. [જીવાપત્તિ આળેખ્યાં કર્મ-એ પાઠ લેતાં=શાં શાં કર્મનેલીધે શિવ મટી જીવ થવુંપડ્યું, અને શું કરવાથી પાછો તે શિવ થાય ઇ૦ બાબતો વર્ણીછે. આપત્તિ=પ્રાપ્તિ.]
[(૨) વેદમાં કર્મ ઉપાસના વગેરે માથાકૂટ કરી અંતે ખરાં જ્ઞાનની શિક્ષા છે.]

૧૧૪. **નેતિ નેતિ**—સં. (न इति न इति) એમ નહિ એમ નહિ—આવો નથી આવો નથી—તે બ્રહ્મ; આગળ વર્ણવ્યો તેવો નહિ.

વ્યર્થ—સં. (वि વગરનું, अर्थ હેતુ, સાર) મિથ્યા, નકામું.

હાથ ખંખેર્યા = આગળ કહેલું રદ કરી આઘા ખસીબેઠા

તેર કાંડમાં જીવ ઇશ્વર માયા કર્મ જન્માંતર એવી એવી ગોઠવણી કરયાપછી આખર કેવળ બ્રહ્મનું ઓળખાણ થયું ત્યારે ચૌદમે કાંડે લખ્યું કે, નેતિ નેતિ = એમ નહિ એમ નહિ-ઇશ્વરને આવો વર્ણવ્યો, ને જગત્ ઉત્પન્ન થયું એમ કહ્યું તે ખોટું. એ રીતે બ્રહ્મ એક સત્ય ગણી બીજાું બધું મિથ્યા કરીદીધું અને આગળ કહેલાંનો નકાર કરચો. કોઇ એ તેર કાંડ વાંચે ને ચૌદમે કાંડે કહ્યું છે તેનું મર્મ ન સમજે તો તેને ખરું જ્ઞાન થાય નહિ અને તેથી માયાની જાળમાં ફસાયલો રહે. (જો૦ ૧૧૫.) [(૧-ખ) ઉપનું ગયું તે જાણ્યું વ્યર્થ-એ પાઠ લેતાં ઉત્પત્તિ સ્થિતિ લય એ બધું ખોટું છે--બ્રહ્મ સર્વત્ર સર્વદા ભરપૂર છે.]

૧૧૫. **ત્રિકાંડ**—સં. = ત્રિપુટી?-ત્રણ વાનાં તે--જેમકે, જોનાર જોવાનું ને જોવું તે; જ્ઞાતા જ્ઞેય ને જ્ઞાન; કર્ત્તા કર્મ ને ક્રિયા; રજ તમ ને સત્વ; બ્રહ્મા વિષ્ણુ ને રુદ્ર; જીવ ઇશ્વર ને માયા—ઇ૦ ઇ૦.

ભેદ કીધો = ફેરફાર બતાવીઆપ્યો.

ખટકે = નડે; ગુંથાયલો—વળગેલો રહે; સત્યકરી માને.

સુશેર = સર્વોપરી. (फा. શેર = સિંહ—ઉપરથી?)

(૩) તેર કાંડમાં માથાફોડ કરીછે તે નહિ માનતાં ચૌદમા કાંડમાં જે બ્રહ્મનિરૂપણ કરેલુંછે તે સમજે તો તે સર્વોપરી થઇ બ્રહ્મને ભેટે-અથવા સર્વોપરી જે બ્રહ્મ તેને ભેટે.

૧૧૬. **પુરાણ**—સં. (पुरा આગલો કાળ.) ઇશ્વરલીલાના અને રાજાઓના ઇતિહાસના ગ્રંથ. [પ્રત્યેકમાં સૃષ્ટિની ઉત્પત્તિ, તેની સ્થિતિ, તેનો લય, દેવ અને શૂરવીરોની વંશાવળી, મનુઓના ને તેના વંશજોનાં રાજની કથાઓ ઇ૦ હોયછે. પુરાણ અઢાર છે-બ્રહ્મ, પદ્મ, બ્રહ્માંડ, અગ્નિ, વિષ્ણુ, ગરુડ, બ્રહ્મવૈવર્ત, શિવ, લિંગ, નારદીય, સ્કંદ, માર્કંડેય, ભવિષ્યત્, મત્સ્ય, કૂર્મ, વરાહ, વામન અને ભાગવત-દેવી.]

માન—સં. (मा માપવું.) પ્રમાણ, ગણના.

(છપ્પા ૧૧૬--૧૨૦.)

નિદાન—સં. (નિ અચૂકપણે, દા આપવું.) સેવટ, પરિણામ, આખરનો નિશ્ચય. [આ શબ્દનો મૂળ અર્થ પ્રથમ કારણ છે.]

૧૧૭. લક્ષ—સં. (लक्ष् જોવું.) ખંતાલી ધારણા, ધ્યાન; આખરનો હેતુ.

ઈશ્વર—સં. (ईश् સત્તા ધરાવવી.) જગતકર્તા પ્રભુ.

સાર—સં. (सृ નિકળવું.) મૂળ ઉદ્દેશ, મુખ્ય હેતુ.

ઉદ્ધાર—સં. (उत्–द् + धृ બચાવવું.) મુક્તિ, મોક્ષ, જન્મમરણથી છુટકારો.

તેને સ્થળે = ચોવીશ અવતારને ઠેકાણે.

[(૨) ચોવીશ અવતાર—૧ સનક, સનંદન, સનાતન, સનત્કુમાર; ૨. વરાહ; ૩. યજ્ઞપુરુષ; ૪. હયગ્રીવ; ૫. નારાયણ; ૬. કપિલદેવમુનિ; ૭. દત્તાત્રય; ૮. ઋષભદેવ; ૯. પૃથુરાજ; ૧૦. મચ્છાવતાર; ૧૧. કચ્છ; ૧૨. ધન્વંતરિ; ૧૩. મોહિનીરૂપ; ૧૪. નૃસિંહ; ૧૫. વામન; ૧૬. હંસપક્ષી; ૧૭. નારાયણ; ૧૮. હરિ; ૧૯. પરશુરામ; ૨૦. રામ; ૨૧. વેદવ્યાસ; ૨૨. કૃષ્ણ; ૨૩. બૌદ્ધ; ૨૪. કલ્કિ. મુખ્ય દશ અવતાર છે-મચ્છ, કચ્છ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બૌદ્ધ અને કલ્કિ.]

૧૧૮. જુગ—સં. (युग. युज् જોડવું.) લાંબો કાળ. ચારે જુગ-કૃત-સત્ય, ત્રેતા, દ્વાપર ને કળિ.

વર્ત્તમાન—સં. (वृत् હોવું.) સમાચાર, હકીકત, રીત.

પરંપરા—સં. (પર પાછળનું, બીજું.) અસલ-ઘણા કાળથી ચાલતો આવેલો જે ઉત્તરોત્તર ક્રમ તે; હંમેશનો રિવાજ.

અનુમાન—સં. (अनु ઉપરથી; मान માપ, મા ધા૦) તર્ક, કલ્પના, અટકળ.

નિરંતર—સં. (निर् વિના, अंतर વિરામ.) બંધ પડ્યાશિવાય, ચાલુ, હંમેશા. समा० અવ્ય૦. [તપાસ.

સૂજય—સં. (सूचन. सूच् જોવું.) ગમ, પોંચ, સમજ. ૨. ખંત, ખોજ,

પ્રભાવડે = મહતા-પ્રતાપનાં કારણથી. [પ્રવાહ પડે-એ પાઠપ્રમાણે-એવો રિવાજ ઠર્યો માટે.] [समा० પ૦ અવ્ય૦.

દેહઅધ્યાસ—સં. (अधि ઉપર, आस् બેસવું.) દેહ સત્ય છે એવો ભ્રમ. [સરખાવો. (૩) ૬૭ ટીકાસાથે-અખા ચાલ્યો મત માયાતણો, દ્વૈત અધ્યાસ સૌને ઘણો.]

૧૧૯. થાપ—(જો૦ ૧૭.)

પટંતર ઘાત—સં. (पटांतर.) વચમાં માયા આવીપડે એ થાપ-ભુલાવો. (૩-ખ) મોડે બોલી સ્વરૂપની સિદ્ધતા કરવા લાગ્યા કે દ્વૈત થાય અને થાપ ખવાયજ. પૂછ્યું ત્યાં પરતંતર ભાત-એ પાઠપ્રમાણે પણ આખરે ભાવ એજ આવે.]

૧૨૦. સહુજે—અવ્ય૦ (જો૦ ૬૪-૫.) પોતાનીમેળેજ.

(છપ્પા ૧૨૦—૧૨૩.)

કર્ત્તવ્ય—सं. = કરવા ધારેલું તે, કર્મ.

સાજ—फा. = જરૂરની તૈયારીઓ.

કરણહાર = કરનાર, કરવાવાળો.

કંઇ થયું તો કહે કર્મનેલીધે થયું–અથવા ઇશ્વરે એમ કરવા ધારેલું તેથી થયું, એમ ઇશ્વરને માથે ઢોળીદેવામાં આવે છે, પણ તે કંઇજ કરતો નથી–તત્ત્વોમાં રહેલી ઉત્સાહશક્તિનાં કારણથી ફેરફાર થયાંજ કરેછે, અને એ શક્તિ સર્વમાં રહેલીછે, માટે સૌ કર્ત્તા છે એમ કહીએ તો ચાલે–અર્થાત્ કર્ત્તા કોઇજ નથી, જગત પોતાનીમેળે ચાલ્યુંજ જાયછે.

૧૨૧. **અસો**—सं. (ईदृश्) એવો.

કહ્યો ન જાય. = કહી ન શકાય.

કશો—सं. (कीदृश) કેવો તે.

કળે—(सं. कल् સમજવું.) સમજે, જાણે, ઓળખે. [ચેતનવાળાં છે.

ચળાવળે—(सं. चल् હાલવું. वल् વળવું.) હાલચાલ કરેછે, ગતિમાં છે,

બુંદકરી=ટીપાં—છાંટાવડે, છાંટા મળીને. (सं. विंदु.)

(૩) વાદળું કંઇ વસ્તુ નથી–છાંટાનો સમુદાય એજ વાદળું. હવે કદાપિ છાંટાને વાદળું શું છે એ જાણવાની ઇચ્છા થાય તો તે કેમ જાણીશકે? વાદળાંરૂપે તો નજ જણાય–પોતાના સરખા ઘણા છાંટાઓનો એકત્ર વિચાર કરે તોજ વાદળાંરૂપ સ્વરૂપ જાણીશકે; એવુંજ બ્રહ્મનું સમજવું.

અલં૦ ઉપમા; પૃચ્છા.

૧૨૨. **સમાસ**—सं. (सम् સાથે, अस् હોવું; आस् બેસવું.) સમાવું તે, શાંત થવું, મટવું, લય થવો. ઉપજ–સમાસ=આગળ–ભૂંસાય.

[સરખાવો (૧) ને ૩૨ અને ૧૦૨ સાથે; (૨) ને ૬૪ સાથે; (૩) ને ૧૦૬ સાથે].

[જોઇશકાય એવું.

૧૨૩. **પ્રત્યક્ષ**—सं. (प्रति આગળ, अक्षि આંખ. अक्ष ઇંદ્રી. (ખુલ્લું, ઉઘાડું, નજરે

પ્રમાણ—सं. (मा માપવું.) આધાર, સાબીતી, પુરાવો. [પ્રમાણ ચાર છે–પ્રત્યક્ષ; અનુમાન–પ્રતિજ્ઞા એટલે વાદવાકયપરથી સિદ્ધ કરવું તે; ઉપમાન–કોઇનો દાખલો બતાવવો તે; શબ્દ–સાક્ષી.]

જદા—सं. (य०) જ્યારે. [જો અને જદા બેની જરૂર નથી.]

નિરવયવ—सं. (निर् વિનાનું, अवयव અંગ.) નિરાકાર બ્રહ્મ. સમા૦ બહુ૦

મહાનિધ્ય—सं. (०धि. नि + धा મૂકવું.) મોટો ભંડાર–સાગર–બ્રહ્મ.

ભેવ—(જો૦ ૫૧.)

(૩) સાકારરૂપે દેખાઇ કેટલોક કાળ સાકારના વેવાર કરી અંતે નિરાકાર

(છપ્પા ૧૨૩ ૧૨૭.)

બની બ્રહ્મમાં સમાયછે. [(૨-૬) નિર્વેદવિના સર્વ અવિવેક-એ પાઠ લેતાં= બધું સાકાર ભાસેછે પણ તે સઘળું નિરાકારમાંથી નિપજી આખરે તેમાં લીન થશે. એવાં જ્ઞાનશિવાય જે ગોઠવણી ગોઠવવી તે અજુગતી ને

૧૨૪. **પાછું વળે** = ધીમેધીમે ક્ષય પામી અંતે લયથાયછે. [ખોટી છે.]

લોકપાળ— (જો૦ ૭૬-લોકપતિ.)

ફીટ્યામાટ = ફીટયું માટે, લય પામ્યું જાણીને.

નિધાન—સં. (નિ + ધા મૂકવું.) નિધિ, ભંડાર, ખજાનો-બ્રહ્મ. [નિદાન-પાઠ લેયે તો--અંતે, આખરે; અગલા જો૦ ૧૧૬.]

(૨-૩) પણ એ સઘળું લય પામ્યું જાણી એમ ન સમજશો કે ખાલી જગા રહે, એ તો લય પામી જૂદે આકારે દેખાય, અને તે ફરી લય પામવાનેજ; એકવાર દેખાઇગયું તે પાછું દેખાયછે, અને એમ ચક્રના આરાની પેરે આવજા કર્યાંજકરે, તે છતાં બ્રહ્મમાં કંઇ વધઘટ થતું નથી--તે તો સચરાચર ભર્યોજ રહેલોછે.

૧૨૫. **કશો** = શી વસ્તુ, શી ગણતીમાં, શી જૂદી વસ્તુ.

ફોરાં = વરસાદના ઝીણા છાંટા, બુંદ.

પ્રમાણ—સં. (મા માપવું.) માપ, ગણત્રી.

સાવ—સં. (सर्व) સંધું, બધું. [જગાએ.

નિરંતર—સં. (निर् વના, અંતર છેટું.) જારી, હંમેશ, સદાકાળ. ૨. તમામ

નિદાન—સં. (नि નક્કીપણું, दा આપવું.) છેલ્લે, સેવટે, આખરે. ૨. મૂળ જોતાં.

અળગુ—સં. (अलग्न. लग અટકવું નો ભૂ૦ કૃ૦) છેટે, દૂર, આઘે.

૧૨૬. **મેંસે**—સં. (मर्षा.) સાહીથી. [હાલ આ શબ્દનો પ્રયોગ કાજળને અર્થ થાયછે.]

ફરતાં બેઠાં = જાત્રાપુખાત્રા કરતા ફરવાથી કે જપતપ કરવાથી.

નખશિખલગે— અવ્ય૦ સં. = પગના નખથી તે માથાના નિમાળા સુધી, આખે શરીરે. [નખશિખ-એ સામાસિક શબ્દ વાપરી ફરી લગે કેવાનું

ચળવળે = વ્યાપી-પસરીરહેલોછે. [અગત્ય નહિ.

સહજે સ્હજ— અવ્ય૦ સં. = આપોઆપ, કોઇ આગળના ઠરાવ શિવાય.

ધલાણી હામ = હિમ્મત ધરાઇ, હુંપદ ઉપજ્યું, માયા વ્યાપી. [હામ ભીડવી-બોલવાનો સાધારણ રિવાજ છે.]

(૩) વિનાકારણ હુંપદ ઉપજેછે અને તેથી હંમેશ બ્રહ્મ ખીલીને વિસ્તાર પામેછે. [(૨-ખ.) નખશિખલગે તે નવ ચળે-એ પાઠ પ્રમાણે= આખાં શરીરમાં તે રહેલોજ છે, કહીં નથી એમ નહિ.]

૧૨૭. **વસ્તે**—સ્ત્રી. સં. ન. (वस्तु. वस રેવું.) મૂળ વસ્તુમાં; બ્રહ્મમાં.

(છપ્પા ૧૨૭--૧૨૯.)

અસ્ત પામ્યું—सं. = લય પામ્યું, એકરૂપ થઇ મળીગયું.

સંપદા—सं. (संपद) દોલત, ધન; વૈભવ, સુખ.

મૂળનિધાન—सं. (नि+धा મૂકવું) મૂળઠેકાણું, બ્રહ્મ.

૧૨૮. **આદ્યે**—सं. (आदि.) શરૂઆતમાં, સૃષ્ટિને છેક આરંભે.

કર્મ કિયે = કયાં કર્મ કર્યાં કે તેથી.

કારણ—सं. = જે મૂળથી કાર્ય થાય તે. [જેથી થાય તે કારણ અને જે થાય તે કાર્ય. કારણ ત્રણ કેવાયછે-સમવાયી, અસમવાયી, ને નિમિત્ત.]

શાનાં = શાને, કયાં.

પરઠિયાં = ધાર્યાં, ઠેરવ્યાં, નક્કી કર્યાં. (सं. प्रष्ठ—નેં૦ શામ૦ ૪૪. રૂ૬.)

જાણ—વિ૦ सं. (ज्ञाना. ज्ञा જાણવું.) વિદ્વાન, જાણકાર. [હાસીમાં.]

વિક્તિ—सं. (उक्ति. वच બોલવું.) ભાષણ, કથા, ખરુંજ્ઞાન કથવું તે, [વ્યક્ત-પાઠપ્રમાણે=સ્પષ્ટ, ઉઘાડું, ખુલ્લું, સમજાય તેવું.]

વક્તા—सं. (वच् ધા૦) બોલનાર, ભાષણ-કથા કરનાર, ઉપદેશક.

(૧) કહોછો કે પોતાને કર્મકરી શિવના જીવ થયા અને પાછા કર્મ--સાધન જપતપથી શિવ થવાય, તો શરૂઆતમાં કયાં કર્મ? અને એવાં કર્મ થવાને કયાં કારણે તમે બતાવોછો? कर्मानुसारिणी बुद्धिः = કર્મપ્રમાણે બુદ્ધિ-બીજાં કર્મ કરવાને મનનું વલણ. [કારણ આદ્ય શાનાપર રહ્યાં-એ પાઠ-પ્રમાણે પણ આખરનો ભાવ એજ થાય=શરુઆતમાં શિવનો જીવ થવાને કયાં કર્મો કારણરૂપ થયાં, અને તે કારણો-કર્મો કિયે કારણે થયલાં?]

૧૨૯. **ગીતા**—सं. (गीत—ગાયલું गै ધા૦ નો ભૂ૦ કૃ૦) જેમાં જ્ઞાનબોધ હોય તેવું સંવાદરૂપ કવિતાનું પુસ્તક. [ભગવદ્‌ગીતા, શિવગીતા, અખેગીતા, અર્જુનગીતા ઇ૦; અહિયાં--ભગવદ્‌ગીતા. એમાં ભગવાને અર્જુનને જ્ઞાનબોધ કરેલોછે.]

મનસાથે એવો નિશ્ચય થાય કે હું તો પૂર્ણ બ્રહ્મ છું, કંઇ કર્મ કરતોજ નથી, જે થાય તે સહજ થાયછે-તો તું કર્મ કરે તેનું ફળ તને નથી અને તેં આગળ કરેલાં કર્મ ઘટવામાંડે. મુક્ત થવાની આ કળ છે. પણ દેહનો અહંભાવ ધરી કર્મ કરશે તો તું જીવ થયો અને તારો કર્તા ઇશ્વર, એટલે તેની નીતિપ્રમાણે તારે તારાં કર્મનું ભોગપ્રાતન રહ્યું. ગીતામાં જ્ઞાન આજ રીતે જાતે ભગવાને સમજાવેલુંછે-બરાબર સમજે ત્યારે, નહિ તો પડે વમળમાં. [કર્ત્તા રહે તો ખૂટે કર્મ-એ પાઠ લૈયે તો-કર્ત્તા=ઇશ્વર બ્રહ્મ-એજ અર્થ લેવો. અલં૦ વિરોધાભાસ. (૩) અખા એમ જાણે તે આપોઆપ-એ પાઠપ્રમાણે પણ ભાવ સુગમ છે.]

(છપ્પા ૧૩૦--૧૩૩.)

૧૩૦. **જ્ઞાતા**—સં. (ज्ञा ધા૦) મને જાણનાર, જ્ઞાની.
કારજપ્રત્યે--સં. (कार्यपरत्वे.) કામનેલીધે, કાર્ય કરવાના સંબંધમાં.
વિશમું—(સં. वि+शम ધા૦) લીન થાઉંછું, લય પામુંછું.

(૧) ભગવાને અર્જુનને કહ્યુંછે કે ચાર પ્રકારના પુણ્યવાન માણસ મને ભજેછે-૧ આર્ત્ત=દુખિયો-દુઃખનિવૃત્તિ ઇચ્છનારો. ૨. જિજ્ઞાસુ=આત્મજ્ઞાનને ઇચ્છનારો. ૩. અર્થાર્થી=આ લોક-પરલોકસંબંધી ભોગને લક્ષ્મી, સત્તા, કીર્તિને ઇચ્છનારો. ૪. જ્ઞાની=તત્ત્વવેત્તા.

૧૩૧. **સાન**—સં. (संज्ञा. ज्ञा જાણવું.) ઇસારો, સેન ચેતવણી-ઉપદેશ.
ભાત્યઉભાત્ય?=એમાંનો એક પાર—છેડો.
રઢ=આગ્રહ.
અક્ષરમત્ય—સં. (०मति. क्षर् નાશ પામવો; मन् ધારવું.) ક્ષીણ ન થાય એવી બુદ્ધિ, મોક્ષબુદ્ધિ. ૨. બ્રહ્મતરફ નિશ્ચય; ઇશ્વર અવિનાશી અવિકારી છે એવો નિશ્ચય. સમા૦ કર્મ૦.

(૧-૨) ખરાં જ્ઞાનવિના એકલી વિદ્યાથી તો અપચો થાય-અહંભાવ વધી વધારે પૂછ્યોપૂછ્યો ફરે. છેક મૂરખ સારો કે પુરો જ્ઞાની સારો, અધવચલો નકામો-ચોખા પુરા ચડેલા સારા કે છેક કાચા સારા. જ્ઞાની તો સારોજ, અજ્ઞાની સારો કે કોઇનો ઉપદેશ સાંભળે, પણ જ્ઞાનદગ્ધ નકામો.

अज्ञ: सुखमाराध्य: सुखतरमाराध्यते विशेषज्ञ: ॥

ज्ञानलवदुर्विदग्धं ब्रह्मापि तं नरं न रंजयति ॥

૧૩૨. **વિરલા**—સં.=ઘણામાં કોઇકજ.
રસિયા હરિતણા—સં=ઇશ્વરનાં સ્વરૂપની લેજત જાણનાર, જ્ઞાની. (रसिक-रस-સ્વાદ, લેજત.)
કેશરી—સં. (केशर યાળ, કેશવાળી.) સિંહની એક જાતિ છે. [એને ગર્દનપર કેશવાળી હોયછે.]
સુભટ=મોટા જોદ્ધા. સમા૦ કર્મ૦ [પર આવતું નથી.]
અનળ--.સં. (अ નહિ. नल् બાંધવું, રોકવું.) એક પક્ષી છે. [એ પૃથ્વી-
(૨-ખ) માળા મુદ્રા સારોધાર?=માળામાં મેરનો મણકો તે એકજ હોય?
અલં૦ દ્દષ્ટાંત. [સમા૦ કર્મ૦

૧૩૩. **અક્ષરપદ**—સં. (क्षर् નાશ પામવું; पद પામવું.) અવિનાશી પદવી, બ્રહ્મપદ.
ચવે=બોલે, કહે, વર્ણન કરે. ૨. સમજે; અનુભવમાં અણાય. [રટણ.
નિવેદન—સં. (नि+विद् પ્રે૦ ભેદે-નમ્રતાથી જણાવવું.) સમજાવવું તે;

(છપ્પા ૧૩૩—૧૩૪.)

પરમાણ—સં. (प्रमाणय.) ગણ, સમજ.

સરું = અંત, છેડો.

૧૩૪. **આપ** = તારું પોતાનું મૂળસ્વરૂપ.

બાહ્ય—સં. = બારનું. ૨. બાર દેખાઇતો માયાનો પસારો.

અંતરગત—સં. (अंतर्गत. અંતર અંદર, ગત ગયલું.) અંદરનું. ૨. મૂળ સ્વરૂપે નિર્વિકાર ઇશ્વર અંતઃકરણમાં બિરાજેછે તેતરફ.

અન્વય—સં. (अनु પાછળ, अय જવું.) સંબંધ; એકપણું.

વ્યતિરેક—સં. (वि + अति + रिच् જૂદું પાડવું.) જૂદાપણું, નિરાળાપણું.

તુષ—સં. = ભાતનાં છાલાં, કુસકા.

શાળ—સં. (शालि.) ડાંગર, ચોખા

અવસ્થા—સં. = સ્થિતિ, હાલત, રૂપાંતર.

(૨) ઇશ્વર માયામાં લપટાઇ રૂપાંતર પામતો જણાયછે તે છતાં તે અવિકારી-માયાથી નિરાળો છે એમ જાણી તેને ઓળખ-છાલાંમાં ચોખા ઢંકાયલા છતાં છાલાં જૂદાં કાઢીલાખ્યાથી ચોખા મળે છે. અલં૦ દૃષ્ટાંત.

મલયજગંધે વાસિત, વાસ પસારે દશે દિશા પવન;
સંસ્કૃત કાવ્યરસે મુજ, વાણી રસગુણ મલાવજો ભુવન.

અલંકારપ્રકરણ.

અલંકાર એટલે શોભા અથવા શોભા આપનારી વસ્તુ. જેમ ઘરેણાં શરીરને શોભિતાં કરેછે તેમ બોલવાલખવાની કેટલીક ચમત્કારિક રીતિ-છટા ભાષણ-લખાણને શોભિતાં-ખુશી અને અસર ઉપજાવનારાં કરેછે.

એ ભાષાલંકારના બે ભાગ કર્યા છે—**અર્થાલંકાર** ને **શબ્દાલંકાર.** વિશેષે કરીને વાક્યના અર્થની અથવા વાક્યમાંહેલા વિચારની ચમત્કૃતિ જ્યાં જોવામાં આવે ત્યાં **અર્થાલંકાર** જાણવો. એમાં શબ્દોનો ફેરફાર કરિયે અથવા વાક્યનો એક ભાષામાંથી બીજી ભાષામાં તરજૂમો કરિયે તોએ અલંકારની ખુબી જતીરેતી નથી. વિશેષેકરીને જ્યાં શબ્દની ચમત્કૃતિ જોવામાં આવે ત્યાં **શબ્દાલંકાર** જાણવો. એમાં શબ્દોનો ફેરફાર કર્યાથી અલંકારની ખુબી જતી-રેછે.

અર્થાલંકાર.

૧. ઉપમા. (Simile.)

જ્યાં બે વસ્તુનું અથવા બે વિચારનું સરખાપણું મનને આનંદ પમાડતું હોય ત્યાં ઉપમા અલંકાર જાણવો.

(૧) આ સરોવરનું પાણી અમરતસરખું મીઠું છે.

(૨) મોટાં વનોમાં ધુળકોટ થાએ, પક્ષી પશુઓ ઘસડાઇજાએ,
સમુદ્ર મોજાં ગગને ચડાવે, થઇ ઘણો મસ્તજ ઝાઝ ડાબે ;
રે તેપ્રમાણે સ્મૃતિવાયુ વાએ, ડાળાઇજાએ દિલ ના સમાએ;
સંકલ્પ સંતાય વિકલ્પ હાકે, મારી ઉછાળા જીવ ચાંપીનાખે.

[ઉપમા અલંકારમાં ચાર વસ્તુ જોઇએ—જે વસ્તુને સરખાવવીહોય તે (ઉપમેય), જેની સાથે સરખાવવીહોય તે (ઉપમાન), જે વાત—ધરમમાં તે બે વસ્તુ સરખી આવતીહોય તે (સાધારણધર્મ), અને સરખાપણાનું જે શબ્દથી જ્ઞાન થાયછે તે શબ્દ (વાચક)—જેવા કે—જેમ, તેમ, જેવું, તેવું, પ્રમાણે, પેઠે, પેરે, ગોડે, કાણી, સમ, સરખું, તુલ્ય, જે રીતે, જે માફક-વગેરે.]

(ક) અનન્વય.

જ્યારે કોઇ વસ્તુને તેની પોતાનીજ સાથે સરખાવવામાં આવેછે ત્યારે અનન્ અલંકાર થાયછે. [એમાં ઉપમેય તેજ ઉપમાન.]

(૧) વિક્રમસરખો પરદુઃખભંજન તે એક વિક્રમજ.

(ખ) ઉપમેયોપમા.

જ્યારે બે વસ્તુઓ એકબીજાસાથે અરસપરસ સરખાવવામાં આવેછે ત ઉપમેયોપમા અલંકાર થાયછે.

(૧) બીજ તેવું ફળ ને ફળ તેવું બીજ.

(ગ) પ્રતીપ.

જ્યાં લોકમાં પ્રસિદ્ધ એવાં ઉપમાનને ઉપમેયજેવું ગણ્યુંહોય ત્યાં પ્રતીપ.

(૧) પ્રિયે, તારાં મુખસરખો જે ચંદ્ર તે વાદળથી ઢંકાઇ ગયો.

૨. જ્યાં ઉપમેયથી ઉપમાનનું કે ઉપમાનથી ઉપમેયનું માન ઘટતુંહોય પણ પ્રતીપ.

(૧) દમયંતીનો ચોટલો દેખી, અતિ છે સોભાગ ;
અભિમાન મૂકી લાજ આણી, પાતાળે પેઠા નાગ.

(૨) અરે ઓ કામિની, તું તારાં મુખની કાંતિનો ગર્વ મૂકીદે, ચંદ્ર પ તારાસરખો છે.

(ઘ) દૃષ્ટાંત.

જ્યાં બે વાક્યોના જૂદા જૂદા અર્થનું સાદૃશ્ય–સરખાપણું હોય ત્યાં દૃષ્ટાંત

(૧) મેઘવીજવાયુથકી, ડોલે નહિ ગિરિરાય ;
આધિવ્યાધિઉપાધિથી, વ્રતાળો ચલિત ન થાય.

(૨) પ્રીત થવી તો સેલ છે, નિભાવવી નહિ સેલ,
પીતાં કેફ પડે મઝા, જીરવતાં મુશ્કેલ.

(ચ) નિદર્શના.

જ્યાં સરખા વાક્યાર્થનું ઐક્ય—એકપણું વર્ણાયછે ત્યાં નિદર્શના.

(૧) તલવારની ધારઉપર સૂવું અને સ્ત્રીની પ્રીતિમાં નિભવું એ બે બરાબ

(૨) મૂરખને ઉપદેશ કરવો એ પત્થરઉપર પાણી રેડવું છે.

(છ) વ્યતિરેક.

જ્યાં ઉપમાનથી ઉપમેય વત્તુંઓછું વર્ણાતુંહોય ત્યાં વ્યતિરેક.

(૧

(૧) સાધુ સંત ઊંચા ઘણા, મોટા પર્વત જેમ;
પણ પ્રકૃતિના કમળા, હોય કુંપળિયાં તેમ.

(૪) પરિણામ.

જ્યાં ઉપમેય જે છે તે ઉપમાન થઇને ઉપમાનની ક્રિયા કરેછે ત્યાં પરિણામ અલંકાર. [સરખાવો રૂપક સાથે.]

(૧) વક્ત્રારવિંદ કરમાઇ ગયું જળે છે.
આ જીવ હંસ વણઓથ રડીમરેછે;
આ દેહ હોડી નબળી પવને ડૂબેછે,
ઓ એની વાલી પિયુને ઘણી ધીર દેજે.

૨ રૂપક. (Metaphor.)

જ્યારે એક વસ્તુનું વર્ણન બીજી વસ્તુનાં નામથી અથવા ધર્મથી અથવા નામધર્મ બંનેથી થાયછે તારે રૂપક અલંકાર

(૧) જિવતરવાણું વહિજશે, ભણવે કંઇ ચિત રાખ;
ખરે બપોરે તલપીને, થૈશ બળીને ખાખ. ૧
સ્વતંત્રતા વેચીકરી, કરવી પરવશ દેહ;
ગર્દભી નફ્ફટ નોકરી, નામ બાળ તું તેહ. ૨

૨. વળી રૂપ, રૂપી અને બીજો-બીજી બીજું એ વાચક શબ્દથી પણ રૂપક ઓળખાયછે.

(૧) રોવાંકર્યાથી ગયું પાણી આલી,
આંખોરૂપી વાવડિયોજ ખાલી.

(૨) આ ગવૈયો તો બીજો તાનસેન છે.

૩. સજીવારોપણ. (Personification.)

જે ચીજમાં જીવ નથી તેમાં જીવ છે એવી કલ્પના કરી તેને સજીવ બનાવી તેની પાસ સ્ત્રીપુરુષનાં કામો કરાવવાં તે સજીવારોપણ.

(૧) આકાશે તો ચકચક થતો શ્વેત વાગો સજ્યોરે,
તારાઓ જે મુઝઇ રડતા, શોક તેણે તજ્યો રે;
પીડાતો તે અતિશ કમળો, ચંદ્ર સારો થયો ને,
પાવામાડી ફરી મીઠી સુધા, ધન્ય તેણે સહુને.

૪. ઉત્પ્રેક્ષારૂપક.

જ્યાં એક વસ્તુનું વર્ણન બીજી વસ્તુને નામે અથવા ધર્મે શંકા કે કલ્પના-

સાથે થાયછે ત્યાં ઉત્પ્રેક્ષા. [ઉપમાનનો ધર્મસંબંધ મનમાં રાખી ઉપમેયઉપર ઉપમાનનાં સરખાપણાંનો તર્ક અથવા સંશય હોયછે ત્યાં ઉત્પ્રેક્ષા.]

(૧) ચપળ નેત્ર ઝીણું અંજન, જાણું જાળે પડયાં ખંજન.

(૨) જટાની શોભાથી અતિશ શરમાઇ શિવ ઉઠયા,
જટાને સંકેલી વડ તજી ગિરિએ જઇરહ્યા.

[શકા છે–કરૂંછું, ધારૂંછ, લાગેછ, જણાયછે, માનુંછ, જાણે, આમ હશે, એમ હોયની શું–વગેરે શબ્દો ઉત્પ્રેક્ષાવાચક છે.]

૫. દૃષ્ટાંતરૂપક. (Allegory.)

જે વર્ણન કરવાની વસ્તુનું, તેનું પોતાનું છતું નામ ન લેતાં હરકોઇ બીજાના દાખલાથી ભેદમાં વર્ણન કરેલુંહોય ત્યાં દૃષ્ટાંતરૂપક. [અપ્રસ્તુતપ્રશંસા. અન્યોક્તિ–એવાં બીજાં નામો પણ છે.]

(૧) મસ્તાની તૂતી રાધે–કૃષ્ણ રામ–કૃષ્ણ બોલ —ટેક.
દાના એ ખાતી તૂતી પાની એ પીતી,
પિંજરેમેં કરતી કલોલ રે મસ્તાની૦

[એમાં અંદરનો અર્થ પામર પ્રાણી–માણસને લાગુ પડેછે. એ દૃષ્ટાંતરૂપક સમાસોક્તિથી ઉલટું—દૃષ્ટાંતરૂપકમાં અવર્ણ્યને ભણતાં વર્ણ્યનું અને સમાસોક્તિમાં વર્ણ્યને ભણતાં અવર્ણ્યનું ભાન થાયછે.]

(૬) અપન્હુતિ.

એકના સરખી બીજી વસ્તુ જોઇને પેલીનો નિષેધ કરી બીજીને નામે વર્ણન કરવું તે અપન્હુતિ.

(૧) [ચંદ્રને જોઈ કોઇ કેછે] એ ચંદ્ર નથી–એ તો આકાશગંગાનું કમળ છે.

૨. જો વસ્તુઓનો એકપછી એક, કારણસાથે નિષેધ કર્યોહોય ત્યાં પણ અપન્હુતિ.

(૨) [કોઇ વિરહિણી સ્ત્રી પોતાની સખીને કેછે] સખી, આકાશમાં જે ગોળ ચળકતો દેખાયછે તેને ચંદ્ર કહિયેછ તો ચદ્રે ચંડક કરવીજોઇએ તે નથી કરતો ને ઉલટું વધારે દુ:ખ કરેછે, માટે તે ચંદ્ર નથી. વારુ, વધારે તપાવેછે એમ કહિયે તો તે સૂર્ય કેવોજોઇએ, પણ રાત છે એટલે સૂર્ય શેનો હોય, માટે એ સૂર્ય પણ નથી—ને ચંદ્ર પણ નથી. એ તો સમુદ્રમાંથી નિકળેલો વડવાગ્નિ (એક જાતનું તેજ) આકાશમાં જઇને રહ્યોછે.

૩. જો સંદેહ ઉપજ્યોહોય અને પછી તેનો નિષેધ કર્યોહોય ત્યાં પણ અપન્હુતિ.

(૧) વિરસ વદન ગાલે આંસુના ઓઘ ચાલે,
થર થર બહુ કાંપી શુષ્ક તું શોક પાળે;
મરણ કંઇ થયું કે એની અન્યાય કીધો,
સજની નહિ પ્રદેશે પિયુએ પંથ લીધો.

[આ ઉદાહરણમાં બેનપણીના સંદેહનું નિવારણ કર્યુંછે.]

૪. કોઇ, પોતાના મિત્રઆગળ પોતાની છાની વાત કરતુંહોય ને તેમાં એવો શક પડે કે એ વાત કોઇ તીજા આદમીએ સાંભળીછે તો, કહેલી વાત બીજી વસ્તુને લાગુપાડી ઉડાવીદેવી ત્યાં પણ અપન્હુતિ.

(૧) શીત રતે તેવગર ન ચાલે,
મુજ અંગે લપટાઇ માલે,
પિઉકરતાં અદકો છે વાલો,
કાં સખી પ્રીતમ ના ચોફાળો.

(ખ) સમાસોક્તિ.

જો વર્ણન કરવાની વસ્તુનું વર્ણન કરતાં તે વર્ણન બીજાને પણ અંદરથીજ લાગુપડતુંહોય ત્યાં સમાસોક્તિ.

(૧) જો નદી નિરમળી નીલ અંબર સજી
ગંભિરાઇ ધરી બાર નેટે,
ચોરીથી દોડતી વાટ ટુંકી શોધતી
સંગ સખી લેઇ સિંધુસું ભેટે.

[એ નદીનું વર્ણન અંદરથી વ્યભિચારિણી સ્ત્રીને પણ લાગુપડીશકે.]

(ગ) ઉલ્લેખ.

જો એક વસ્તુનું ઘણી રીતે વર્ણન થતાં તે ઘણે રૂપે દેખાતીહોય ત્યાં ઉલ્લેખ.

(૧) દેવે દાન ઉદાર, કર્ણ બળિરાજા માણું,
વિદ્યા શ્રમ સમજૂક, ભોજ વિક્રમ તે જાણું;
શૂરવીર બહુ રણે, ઇંદ્રજિત અરજુન આણું,
વચની સતભરપૂર, ગુરુ હરિશ્ચંદ્ર વખાણું;
ધર્મે પ્રેમે પાળે પ્રજા, રામ ધર્મરાજાજ જેમ,
કીર્તિ મુકુટની કાંતિએ નૃપ, શોભેછે રવિચંદ્ર ત્યમ.

(ઘ) સંબોધન. (Apostrophe.)

જ્યાં ગેરહાજર અથવા ગુજરીગયલી અથવા નિર્જીવને સજીવ કલ્પેલી એવી વસ્તુને બોલાવવાનું થાયછે ત્યાં સંબોધન.

(૧) જઇ તું ક્યાં વળી બેઠી છેટી રે,
પ્રીતડી બાપને ના તું ભેટી રે,
સ્વર્ગમાં મળીશે સુતા અરે,
અરર કાળી લે–લે હવે ખરે.

(ચ) સ્વપ્ન. (Vision.)

જ્યાં કોઇનું વર્ણન કરતાં વચમાંથી વર્ણન કરનાર પોતાની તરફનું બોલવું બંધ પાડીદઇ વર્ણન કરવાની વસ્તુના બોલ બોલેછે ત્યાં સ્વપ્ન.

(૧) પછી ધર્મ અર્જુન આકાશ જોએ,
બહુ બ્રહ્મની કીર્તિથી ભારી મોએ,
પ્રભુ ધન્ય તુને કીધી શર્દરાત્રી,
દયા મોટી તારી થઇ પૂરી ખાત્રી.

[છેલ્લા બે ચરણમાં ધર્મઅર્જુનનું બોલવું છે.]

૬. અતિશયોક્તિ. (Hyperbole.)

જ્યાં વસ્તુનું ખરેખરું હોય તેના કરતાં ઘણું વધારીને વર્ણન કરેલું હોય ત્યાં અતિશયોક્તિ.

(૧) ધ્રુજ્યો ધ્રુવ ને મેરુ ડગિયો, ખળભળિયાં પાતાળ,
સાગરે મરજાદ મૂકી, ડોલ્યા દશ દિગપાળ. ૧
અષ્ટ પર્વત ગળ્યા ભૂમીએ, સૂકી વનસ્પતિ સર્વ,
જક્ષ કિન્નર વિદ્યાધર કાંપ્યા, અપ્સરા ને ગંધર્વ. ૨
ત્રૈલોકમાં ભુંભાણ વરત્યું, થાય ગર્ભનો પાત,
વાયુ રુંધાયો વિશ્વનો, થઇ કોટી જીવની ઘાત. ૩

[એમાં શિવ અને કૃષ્ણનાં યુદ્ધનું વર્ણન છે.]

૭. અન્યોક્તિ. (Irony.)

જ્યાં ઉપરથી નિંદા કરીને અંદરથી સ્તુતિ કરીહોય, અથવા ઉપરથી સ્તુતિ કરીને અંદરથી નિંદા કરીહોય ત્યાં અન્યોક્તિ.

(૧) ઓ પ્રભુ, કેવો તારો અવિચાર કે પાપીઓને પણ મોક્ષ આપેછે.

(૧) ડાપણમાં હુંજ નહિ મળ્યો, માણે મોટી મોજ;
વા:વા ભાઇ વા:વા તને, અબળા મારે રોજ.

[જો એકની નિંદાથી બીજાની પણ નિંદા જણાતીહોય તો પણ અન્યોક્તિ—હુંજ ગાંડો કે મેં તને કામ સોંપ્યું.]

(ક) કાકુસ્વર અથવા પૃચ્છા. (Interrogation.)

જો સ્વરના (અવાજના) ભેદથી ઉલટા અર્થની કલ્પનાનું ડોળ દેખાતુંહોય, અથવા જો સામાને પ્રશ્ન કરીને તેમાં પોતાનો નિશ્ચય બતાવ્યોહોય તો કાકુસ્વર અથવા પૃચ્છા.

(૧) સમજાવ્યો સમજે નહિ એહ,
ઉઠ ભઇ ચલ આવેછે મેહ;
થશે મધુર બોલીઓ વળી,
રાખ્યો ભેળો શાકર ગળી ?

૮. વિરોધ. (Antithesis.)

જો બે વસ્તુઓ એકબીજાની સામે (ઉલટી રીતે) મુકાબલે આવ્યાથી ખૂબ ભભકમાં દેખાય તો વિરોધ અલંકાર.

(૧) આકાશ આ સુંદર સ્વચ્છ શોભે,
ધોળાં રૂપેરી લક વાદળાંએ;
અંધારું કોઠે વિરહાગ્નિધૂમે,
ચારે ખૂણે વાઘ કુતર્ક ધુમે.

(ક) વિરોધાભાસ.

જો પ્રથમ તો અર્થનો વિરોધ દેખાયછે પણ પછી કોઇ કારણનેલીધે તે વિરોધ જતોરેછે તો વિરોધાભાસ અલંકાર.

(૧) ટાઢેકી તો થઇ ન મુજને ટાઢિયો તાવ આવ્યો,
અગ્નિ મેઘે અનિશ પવને સ્નેહરૂપે વધાર્યો.

(૨) જે સમદૃષ્ટિ જ્ઞાની છે તેને શત્રુ મિત્ર છે, સાપ તે રજ્જુ છે.

(ખ) કાવ્યાર્થાપત્તિ.

ફલાણું થાયછે પછી ફલાણું કેમ થશે એવી બોલવાની રીત જો હોય તો કાવ્યાર્થાપત્તિ અલંકાર.

(૧) એની આગળ સંહિનું ચાલતું નથી તો પછી કુતરાનું શું ચાલે ? [પૃચ્છાની સાથે સરખાવો.]

૯. અનુક્રમ. (Climax.)

જ્યાં એક વસ્તુ-કર્મને લગતી સઘળી બાબતો એક એકથી ચડિયાતા જોશમાં ગોઠવેલી જોવામાં આવે ત્યાં અનુક્રમ અલંકાર.

(૧) [ઘાશીરામ કોટવાળવિષે કેવાયછે કે] અરે એ શેહેરનો કોટવાલ, એણે તો કોઇને દેહાંત દંડ કરવો નહીં, તેમાં તેણે બ્રાહ્મણોને—રે નિરપરાધી બ્રાહ્મણોને માર્યા, તે વળી ગોંધીને માર્યા, એ તેણે ઘણુંજ નઠારૂં કીધું.

(ક) સમુચ્ચય.

જ્યાં અનેક ક્રિયા—સ્થિતિ એકેજ વખતે બને એવો સંભવ હોય ત્યાં સમુચ્ચય.

(૧) અરે ભાઇ તારૂં મોટું નસીબ કે આવી તને મળી—એક તો પૈસાદાર, વળી ઊંચ કુળની, વળી રૂપે રંભાસરખી, વળી ભણેલી, વળી ડાહી અને વળી રસિક.

(ખ) સાર.

જ્યાં એક એકથી ચડતો સરસ અર્થ હોય ત્યાં સાર.

(૧) મીઠું મધ, વધારે મીઠું અમૃત અને સૌથી મીઠી કવિતા.

(ગ) કારણમાળા.

જ્યાં એકપછી એક એમ વસ્તુઓ કારણ ને ફળરૂપે દેખાય ત્યાં કારણમાળા.

(૧) નીતિથી ધન, ધનથી દાન ને દાનથી યશ.

(૨) દુઃખ પાપથકી, પાપ દળદરથકી અને દળદર આળસથકી.

શબ્દાલંકાર.

૧. અનુપ્રાસ. (Alliteration.)

સરખા સ્વર અથવા સરખા વ્યંજન અથવા સરખા શબ્દનું જે સ્થાપન તે અનુપ્રાસ." [સ્વરનું સરખાપણું તો જોઇએ ; પણ કદાપિ સ્વર જૂદા હોય તોપણ શબ્દનું જે કંઇક સરખાપણું હોય તે પણ અનુપ્રાસ.] એની પાંચ જાતિ છે.

(ક) છેકાનુપ્રાસ.

જ્યાં અનેક વ્યંજનોનું સરખાપણું એકજ વેળા અનુક્રમે અથવા વ્યુત્ક્રમે આવ્યુંહોય ત્યાં છેકાનુપ્રાસ. [તે વ્યંજનોની વચમાં એકજ સ્વરનું અંતર

જોઇએ, વધારે નહિ; અર્થાત્ છેકજ પાસપાસે હોવા જોઇએ. વ્યુત્ક્રમે એટલે **રસ સર** એમ.]

(૧) અનીતિપીડે મેં, નિરખી **નરી નારી** જગજગે,
કરી **જારી જારી** વિખ બહુ પસાર્યું રગરગે.

(૨) સહુ **મંત્રી તંત્રી**, છલ વિવિધ વિશ્વાસથી ભણી,
કલંઠી કંઠીમાં, અતિશ મન ગંઠી ભ્રમતણી.

(ખ) વૃત્યનુપ્રાસ.

જ્યાં અનેક વ્યંજનોનું ક્રમથી અથવા ક્રમભેદથી ઘણી વાર આવવું થાય ત્યાં વૃત્યનુપ્રાસ.

(૧) તજી દુરગુણ ભણીગણીલઇ, કદર ફરજ સહુ જાણ;
ભજી ભગવત સદગુણ સજી, સ્વરગ સરવ સુખ આણ.

(ગ) શ્રુત્યનુપ્રાસ.

વર્ણ જૂદા હોય પણ એકજ સ્થાનના હોય, એટલે જ્યાં સ્થાનનું સરખાપણું આવતુંહોય ત્યાં શ્રુત્યનુપ્રાસ.

(૧) નવલ લલિત લીલા થાપીને તું ઉથાપે,
સતત સત સુનીમો લાભ દેતા બતાવે;
ભુવનપતિ તપાસી પાસ તું પાસ લેને,
પલિત પતિત પાપી દીનને માફી દેને.

(ઘ) અંત્યાનુપ્રાસ. (Rhyme.)

અંત્યસ્વરસાથે વ્યંજનનું એકસરખું જ્યાં મળવું થાય ત્યાં અંત્યાનુપ્રાસ. [એમાં કદાચિત્ સ્વરની આગળના વ્યંજનો અનુસ્વારને લીધે મળતા ન હોય તોપણ ચાલે, જેમકે—સહું—બહુ. ચરણને અંતે અથવા અર્ધને અંતે અથવા યતિઆગળ અનુપ્રાસનો ઉપયોગ કરવો.]

(૧) વિનંતિ દેશીને કરું, હું દાજ દિલમાં ધરું,
કહું વળી ખરેખરું, જૂઠું ન લેશ ધારરે;
કુસંપથી તૂટી સહુ, ગયાં સુરાજ્ય તો બહુ,
કહું શું દેવ વાત હું, નહીંજ દુઃખ આરરે.

(ગ) લાટાનુપ્રાસ.

જ્યાં એક અથવા વધારે શબ્દોની તેજ અથવા જૂદા જૂદા અર્થમાં પુન–

રુક્તિ હોય ત્યાં લાટાનુપ્રાસ. જૂદા જૂદા અર્થમાં પુનરુક્તિ હોય તેવા લાટાનુપ્રાસને યમક પણ કહે છે.

(૧) ધન છે ધન છે ધન છે રે, હોળ દેવી તુને તો ધન છે.

(૨) જો વાવડીઓ સર ને તળાવ,
પાણી ભરાએ ઉભરાઇજાય;
પાણી ભરાવ્યું મુજને અનંગે,
પાણી ભરાયાં નથી લોહી અંગે.

૨. શ્લેષ (Pun.)

અનેક અર્થના પદવડે અનેક અર્થનું વર્ણન કરવું તે શ્લેષ અલંકાર.

[વર્ણ્ય ને અવર્ણ્ય એવા શબ્દમાં ને પછી વાક્યમાં નાના પ્રકારના અર્થ થતા હોય ત્યાં પણ શ્લેષ.]

(૧) ફૂંકે શંખ પણ નવ કંઇ, ઉતરે તેનો નાદ;
કરનાટકમાં કવિ ઘણા, મંત્રજંત્રના વાદ.

પેલો માણસ શંખ ફૂંકેછે પણ તેનાથી તે વાગતો નથી. ૨. તેણે હાથ ધોયા--દેવાળું કાઢ્યું તોપણ તેનો મિજાજ ઉતરતો નથી.

કરનાટક દેશમાં કવિઓ અને મંત્રજંત્રના વાદ ઘણા હોય છે. ૨. હે કવિ, તું નાટકમાં મંત્રજંત્રના વાદ ઘણા કર.]

૩. ચિત્ર.

જે અક્ષરોથી જે પ્રશ્ન થયો હોય તેજ અક્ષરોથી તે પ્રશ્નનો ઉત્તર મળે ત્યાં ચિત્ર.

(૧) કો-ઠારે અન રહે, આ તે મુરતી શિ-કોતરી ભાઇ.

૪. એકાનેકોત્તર.

જ્યાં એક ઉત્તરમાં બીજા ઘણા ઉત્તર આવીજાય ત્યાં એકાનેકોત્તર.

(૧) નર્મ કવિતા પુસ્તક પેલે પાને ૪૮૩ મે અને ૪૮૪ મે શેણે કરી૦ અને અભાગિયો૦ એ કવિતો જોવાં.

(૨) 'પાન સડે, ઘોડા અડે, વિદ્યા બીસરજાય;
ચૂલેપર રોટી જલે, ચેલા કવન ઉપાય?
ઉત્તર.—ગુરુજી, બિનફિરે. [આ દાખલો બારનો છે.]

૫. બાહ્યાંતરલાપિકા.

જ્યાં એક લખેલા વિષયમાં બારના પેલા અક્ષરોની અથવા અંદરના

અમુક અમુક ઠેકાણાનો અક્ષરોની એવી રચના થઇહોય કે જેમાંથી કંઇ નવો અર્થ નિકળે તાં બાહ્યાંતરલાપિકા.

(૧) નર્મકવિતા પુસ્તક પેહેલે પાને ૪૮૧ મે વિદ્યાવિષે છપ્પો જોવો—સુરમાથિઉસાસ એ નામ બહિર્લાપિકાથી, અને નર્મદાશંકર એ નામ અંતર્લાપિકાથી નિકળેછે.

લક્ષણાપ્રકરણ. (Tropes.)

જેહમાં તેના મુખ્ય અર્થનો બાધ આવતોહોય તો, તે મુખ્યઅર્થજોડે સંબંધ રાખતોહોય એવા બીજા અર્થનો બોધ જે શક્તિવડે થાયછે તે લક્ષણા.

(૧) કાશી બહું હુચ્ચું શેહેર છે. (૨) ગાંડી ગુજરાત. (૩) ગંગાઉપર આહીરોનાં ઝૂપડાં છે. (૪) તમે પૂછોછ તે રસ્તો તો પેલા કૂવાપરથી જાયછે.

[લક્ષણાના ભેદ ઘણા છે તેમાંના બે નીચેપ્રમાણે.]

(ક) અજહલ્લક્ષણા.

વાક્યમાં મુખ્ય અર્થ રહે છતે બીજા અર્થનું જે ખેંચવું—આણવું થાય તે.

(૧) ધોળો ઠીક દોડેછે. (ધોળા રંગનો ઘોડો બળદ ४०)

(૨) તે ગામ લૂટાયું ત્યારે પચ્ચીશ કામઠી હતી. (કામઠીવાળા ભીલો.)

(૩) ખેતરમાં આજ કેટલી દાતરડી છે ? (દાંતરડીવાળાં મજૂરો.)

(ખ) જહલ્લક્ષણા.

વાક્યમાં મુખ્ય અર્થનું ગ્રહણ નજ કરવું—તેના બારના સંબંધીનોજ અર્થ લેવો.

(૧) ગાણું તે હિન્દુસ્તાનીજ. [એમાં હિન્દુસ્તાન એ દેશને ગાણું લાગુ-પાડવું નહીં, પણ ભાષાનેજ લાગુપાડવું.]

(૨) ગંગાપરનાં ઝૂપડાં. [એમાં ગંગાના જળરૂપ આકારને અર્થ ન લગાડતાં તટનેજ લગાડવો.]

(ગ) લક્ષણાના બીજા દાખલા.

૧. ક્રિયાનું સાધન–કરણ તે કર્ત્તા થાય છેઃ—હનુમાનની પૂછડીએ આખી લંકા સળગાવીમૂકી.

૨. કારણનું વિશેષણ તે કાર્યનું વિશેષણ થાયછે :—તેણે જબરો ઘા કર્યો.

(૩) કાર્યનું વિશેષણ તે કારણનું વિશેષણ થાયછે:—તેણે પોતાની ખુની આંખ મારીતરફ કીધી.

૪. કર્ત્તાનું વિશેષણ તે કરણનું વિશેષણ થાયછે:—તેણે પોતાની ધ્રૂજતી તલવારે પણ એક છેલ્લો ઘા કીધો.

૫. કર્ત્તાનું વિશેષણ તે કર્મનું વિશેષણ થાયછે:—તેણે ચડતી પદવી મેળવી.

કાર્યને બદલે કારણ મૂકવામાં આવેછે:—ચૈતરવૈશાખમાં સૂરજના કીર્ણ બહુ સખ્ત હોયછે.

૨. કારણને બદલે કાર્ય મૂકવામાં આવેછે:—તેને હવે પળિયાં આવ્યાં.

૩. આધેયને બદલે આધાર મૂકવામાં આવેછે:—મેં આજ ચાર કટોરા પીધા.

૪. ગુણીને બદલે ગુણ મૂકવામાં આવેછે:—ઓ મીઠી ખુબસુરતી તું મારી સામે કેમ જોતી નથી.

[આ ચાર અજહલ્લક્ષણાના પેટામાં આવીજાયછે. અજહલ્લક્ષણાને અંગ્રેજીમાં metonymy કહેછે.]

---

૧. આખાને બદલે તેનો ભાગ—અંશ મૂકવામાં આવે છે:—તેને શ્રી કાડતાં આવડતી નથી. ઓ મારાં કાળજડાં.

૨. અનેકવચનને બદલે એકવચન મૂકવામાં આવે છે:—કાફલો આવ્યો. સંઘ ગયો. ટોળું દોડયું.

૩. એકવચનને બદલે અનેક વચન મૂકવામાં આવેછે:—મોજાં ઘણાં ઉછળેછે.

૪. શખસને માટે તેની જાત મૂકવામાં આવેછે:—[તમે લોભી છો એમ કેવાને બદલે] બ્રાહ્મણ બહુ લોભી હોયછે.

[આ ચારને ઉપલક્ષણ અથવા અંગ્રેજીમાં Synecdoche કરીને કહેછે.]

समाप्तिपंचक.

અક્ષર બેનું નામ પણ, અર્થ વિશાળ વિગૂઢ;
મન-ભાષા-ભૂખેડથી, આર્ય નામ જગરૂઢ. ૧
જાતે ઊંચી પ્રત છતાં, વણખેડી રસહીન;
ભાષા ભૂમી ખેડતાં, થાય સરસ દિનદિન. ૨
ગુર્જરભાષાભૂમિના, સરસ સકળ કૃષિકાર;
સફળયત્ન થઇ મિષ્ટફળ, લાહો વારંવાર. ૩
ચાખી તે ફળ અવરજન, બીજ ધરે એ ખેત;
ફળ નિપજાવી નવનવાં, વેંચે વ્હાલસમેત. ૪
એ રીતે નિત ખેડતાં, હોશે એ ફળવંત;
લીલા નવનવી દાખવે, હરિઇચ્છા બળવંત. ૫